# વ્યાખ્યા પ્રજ્ઞાપ્તિ સૂત્ર

## (ભગવતી સૂત્ર સારાંશ)

### શતક–૧ : ઉદ્દેશક–૧

**આદિ મંગલ નમસ્કાર મંત્ર :–**

6DM VlZCTF64
6DM I;âF64
6DM VFIlZIF64
6DM pJ¾hFIF64
6DM ,M/ ;jJ ;FC6 P
/;M 5R 6DÉSFZM4 ;jJ 5FJ%56F;6M P
DU,F6 R ;jJl;4 5-D CJ. DU, ×

(૧) જૈન સિદ્ધાંત અનુસાર આધ્યાત્મ લોકના સમસ્ત નમસ્કાર કરવા યોગ્યનો પંચપરમેષ્ઠિમાં સમાવેશ થાય છે. અર્થાત્ આત્મ સાધનાના ક્ષેત્રમાં આ પાંચ પરમેષ્ઠિને જ નમસ્કાર યોગ્ય માન્યા છે. તેના સિવાય કોઈ પણ નમસ્કરણીય સાધનાક્ષેત્રોમાં માનવામાં આવ્યા નથી. જે કોઈ પણ નમસ્કરણીય છે તે સર્વનો આ પાંચમાં સમાવેશ થઈ જાય છે.

માતા-પિતા, શિક્ષક, વડીલ, સ્વામી, નેતા, કુલદેવતા આદિ લોક વ્યવહારના ક્ષેત્રમાં નમસ્કાર યોગ્ય છે. તેમને અધ્યાત્મક્ષેત્રથી અલગ સમજવા જોઈએ.

શ્રુત દેવતા, બ્રાહ્મી લિપિ, વેરોટયા દેવી અથવા લક્ષ્મી, સરસ્વતી, હ્રી શ્રી દેવી આદિને નમસ્કાર ઉચ્ચારણ; લૌકિક ભાવનાઓથી ઐહિક ઈચ્છાના લક્ષ્યથી કરાય છે. આધ્યાત્મક્ષેત્રમાં તેમની આવશ્યકતા નથી. સૂત્રોમાં આવા નમન લિપિ–કાલના લેખકોના છે, જે લૌકિક મંગલોની ઢચિથી લખાયેલ છે પરંતુ કોઈએ સૂત્રમાં પ્રક્ષિપ્ત કરેલ કે રચેલ નથી.

ઉક્ત પાંચ નમસ્કરણીઓમાં જે ગુણ છે તે સ્વતંત્ર ગુણ પણ આગમમાં કયાંય નમસ્કાર યોગ્ય કહ્યા નથી. પરંતુ ગુણોથી યુક્ત ગુણવાન જ સિદ્ધાંતની રીતે



નમસ્કારને યોગ્ય છે. આ પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્રથી પણ સ્પષ્ટ થાય છે. કારણ કે તેમાં 6DM 6F6:;4 6DM ;I:; કે 6DM WdD:; એવા કોઈ પદ નથી.

એનાથી અલગ આધ્યાત્મ સાધના ક્ષેત્રમાં જે કોઈ પણ નમસ્કાર પદ્ધતિના રૂપમાં ઉચ્ચારણ કરવામાં આવે છે તે અશુદ્ધ છે. વાસ્તવમાં ગુણો અને ધર્મ આદરણીય, આચરણીય છે. જ્યારે ગુણી કે ગુણવાન આત્મા જ વંદનીય હોય છે.

(૨) R,DF6 RI,/v કોઈપણ કાર્યનો પહેલાં પ્રારંભ કરવામાં આવે છે અને અંતમાં પૂર્ણ કરવામાં આવે છે. તે કાર્ય અપેક્ષાથી પ્રત્યેક ક્ષણે ચાલુ હોય છે અને પૂર્ણની અપેક્ષાએ અંતિમ સમયમાં નિષ્પત્તિ થાય છે. એક મીટર કાપડ બનીને તૈયાર થયું તે, તે રૂપમાં અંતિમક્ષણમાં બન્યું. તેમ છતાં પૂર્વની પ્રત્યેક ક્ષણમાં પણ બન્યું તો છે જ. અન્યથા એક જ ક્ષણમાં એક મીટર કાપડ બનીને તૈયાર થઈ જતું નથી.

આ દષ્ટિએ એમ કહેવું યોગ્ય છે કે કોઈપણ કરાતું કાર્ય તે સમયે કાંઈક થયું અર્થાત્ જેટલું પ્રથમ સમયમાં કરવામાં આવ્યું, તેટલું તો તે સમયમાં થઈ જ ગયું તેથી "કરાતું કાર્ય પોતાની પ્રત્યેક ક્ષણમાં થયું" એમ કહેવું અપેક્ષા અને નયદષ્ટિથી યોગ્ય જ છે.

કાર્યની પૂર્ણતા જ ઉપયોગી હોવાથી, નક્કી કરેલ કાર્ય પૂર્ણ થતાં જ "આ કાર્ય થયું" એવો પ્રયોગ કરી અને સમજવામાં આવે છે; આ સ્થૂલ દષ્ટિ છે, વ્યવહાર દષ્ટિ છે.

સ્થૂલદષ્ટિ અને સૂક્ષ્મ સૈદ્ધાન્તિક દષ્ટિ બન્નેને પોત–પોતાના સ્થાન સુધી, સીમા સુધી જ સમજવાનું ધ્યાન રાખવું જોઈએ. સ્થૂલદષ્ટિને સૂક્ષ્મદષ્ટિથી અને સૂક્ષ્મને સ્થૂલદષ્ટિથી તુલના કરવાની આવશ્યકતા નથી. એવું કરવાથી લોકમાં અનેક વિવાદ સર્જાય છે. એટલા માટે જે દષ્ટિથી જેનું જે કથન હોય તેને તે દષ્ટિથી સમજવાનો અને સમન્વય કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

પ્રસ્તુત પ્રકરણમાં જે જ્યારે જેટલા કર્મ આત્મામાં ચલાયમાન થઈ રહ્યા છે, ઉદીરિત થઈ રહ્યા છે, વેદન થઈ રહ્યા છે, ક્ષીણ થઈ રહ્યા છે તેને તેટલા અંશમાં ચલાયમાન થયા, ઉદીર્ણ થયા, વેદાયા અને ક્ષીણ થયા, એવું કહી શકાય છે.

જે કર્મો સ્થિતિથી છિન્ન થઈ રહ્યા છે, રસથી ભિન્ન થઈ રહ્યા છે, પ્રદેશોથી ક્ષય હોવાના કાલમાં જલી રહ્યા છે, નષ્ટ થઈ રહ્યા છે, આયુષ્ય કર્મક્ષય હોવાની

અપેક્ષાએ મરી રહ્યા છે અને સંપૂર્ણ ક્ષયની અપેક્ષાએ નિર્જરિત થઈ રહ્યા છે, તેને છિન્ન થયેલ ***યાવત્*** નિર્જરિત થયેલ, એવું કથન, એક દેશ ક્ષયના સમયે પણ કરી શકાય છે.

**[ નોંધ : *યાવત્*** શબ્દના પ્રયોગનો અર્થ એ છે કે જે બે શબ્દોની વચ્ચે ***યાવત્*** પ્રયોગ છે તે બે શબ્દોની વચ્ચે અનેક શબ્દો છે, તેનું કથન આ પ્રકરણમાં કે આ સૂત્રમાં અથવા અન્ય આગમમાં વિસ્તારથી આવી ગયું છે ત્યાંથી સમજી લેવું.]

કર્મોનું ચલિત થવું ***યાવત્*** ક્ષીણ થવું, આ કથનમાં સમુચ્ચય કર્મની અપેક્ષા રહેલ છે અને છિન્ન-ભિન્ન આદિમાં સ્થિતિઘાત, રસઘાત, પ્રદેશઘાત આદિ અલગ-અલગ વિશેષ અપેક્ષાઓ રહેલ છે. જે ઉપર સ્પષ્ટ કરવામાં આવેલ છે.

(૩) પહેલાં આહાર કરાયેલ અથવા ગ્રહણ કરેલ પુદ્ગલ અને વર્તમાનમાં ગ્રહણ કરાતા પુદ્ગલોનું પરિણમન થાય છે. ભવિષ્યમાં ગ્રહણ થનારાઓનું પહેલાં પરિણમન થતું નથી. આ પ્રકારે પરિણમનની જેમ જ કર્મના ચય, ઉપચય, ઉદીરણ, વેદન અને નિર્જરણ પણ સમજવું જોઈએ. તેજસ શરીર માટે પણ આ જ સિદ્ધાંત છે અને કાર્મણ શરીર માટે પણ આજ છે.

(૪) સૂક્ષ્મ અને બાદર અર્થાત્ નાના—મોટા વિવિધ પ્રકારના કર્મ દ્રવ્ય વર્ગણાના પુદ્ગલોનું અને આહાર દ્રવ્ય વર્ગણાનાં પુદ્ગલોનું ભેદન, ચય આદિ થાય છે. ઉદ્વર્તન, અપવર્તન, સંક્રમણ, નિધત્તિકરણ, નિકાચિત કરણ અણુ અને બાદર કર્મ પુદ્ગલોમાં થાય છે. અર્થાત્ કર્મ વર્ગણામાં અણુ-બાદર વિવિધ પુદ્ગલ હોય છે.

(૫) બંધ, ઉદય, ઉદીરણા અચલિત કર્મની થાય છે; અપવર્તન સંક્રમણ આદિ પણ અચલિત કર્મના થાય છે; ફક્ત નિર્જરા જ ચલિત થયેલ કર્મની થાય છે.

આ પ્રકારે ચોવીસ દંડકની અપેક્ષાએ પણ ઉક્ત સમ્પૂર્ણ વિષય સમજી લેવાનો. આહાર, ઉ✓ાસ, સ્થિતિ આદિનું વર્ણન પ્રજ્ઞાપના સૂત્રના વિભિન્ન પદોથી, અહીં પણ ચોવીસ દંડકમાં સમજી લેવું.

(૬) સ્વયં આરંભ(હિંસાદિ આશ્રવ) કરનાર આત્મારંભી છે, બીજાને આરંભમાં જોડનાર પરારંભી છે અને ત્રીજો ભેદ ઉભયારંભીનો છે. ત્રેવીશ દંડકના જીવોમાં આ ત્રણ ભેદ મળે છે. મનુષ્યમાં આ ત્રણ ઉપરાંત અનારંભીનો એક ભેદ વિશેષ મળે છે. શુભયોગી પ્રમત્ત સંયત અને બધા અપ્રમત્ત સંયત અનારંભી હોય છે. તે



સિવાયના બધા સંયત, અસંયત, અનારંભી હોતા નથી. સલેશી અને ત્રણ શુભ લેશ્યાવાળા સમુચ્ચય જીવ અને મુનષ્યમાં આરંભીના ચારે ભેદ મળી શકે છે. બાકીના બધા દંડકોમાં પોત-પોતાની લેશ્યાની અપેક્ષાએ પણ આરંભી આદિ ત્રણ ભેદ હોય છે; પણ અનારંભી હોતા નથી. તેજો, પદ્મ, શુકલ લેશી વૈમાનિકમાં પણ આરંભી આદિ ત્રણ ભેદો હોય છે, અનારંભી નહિં. એનું રહસ્ય એ છે કે છઠ્ઠા(પ્રમત્ત) ગુણસ્થાન સુધીના જીવોને પ્રમાદ યોગના કારણે સૂક્ષ્મ હિંસા જન્ય ક્રિયા ચાલુ જ રહે છે.

(૭) જ્ઞાન અને દર્શન આ પૂરા ભવ સુધી પણ રહી શકે છે અને પરભવમાં પણ સાથે ચાલી શકે છે. ચારિત્ર અને તપ આ ભવ સુધી જ રહે છે. અર્થાત્ સંયત અવસ્થામાં પણ મરનાર મૃત્યુ પછી તુરત અસંયત બની જાય છે. સંથારા રૂપ આજીવન તપ કરનાર પણ મરણ પામ્યા પછી તુરત તપ રહિત થઈ જાય છે.

(૮) અસંવૃત અણગાર અને અન્ય અસંવૃત આત્માઓ મુક્તિ પ્રાપ્ત કરતા નથી પરન્તુ તે સાત અથવા આઠ કર્મોનો પ્રકૃતિ બંધ આદિ ચારે પ્રકારના બંધની વૃદ્ધિ કરીને સંસાર ભ્રમણની વૃદ્ધિ કરે છે.

સંવૃત અણગાર—આશ્રવને રોકનારા સુસાધુ જ ક્રમશઃ કર્મ પરંપરાને અટકાવીને અને ક્ષય કરીને મુક્તિ પ્રાપ્ત કરે છે. તમામ દુઃખોનો અંત કરે છે.

(૯) અસંયત—અવિરત જીવ પણ દેવગતિમાં જઈ શકે છે. જે અનિચ્છાથી ભૂખ-તરસ, ડાંસ-મચ્છર, ગરમી-શરદી, મેલ, પરસેવા આદિના કષ્ટ સહન કરે છે તે વ્યંતર જાતિનાં દેવ બની શકે છે. તે દેવ દેવઋદ્ધિ સમ્પદા અને દેવીઓના પરિવાર સહિત સુખાનુભવ કરે છે અને ઉત્કૃષ્ટ એક પલ્યોપમ સુધી દેવ ભવમાં રહી શકે છે. ઓછામાં ઓછી તે ત્યાં દસ હજાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરે છે.

## ઉદ્દેશક : ૨

(૧) જીવ પોતેજ કર્મ બાંધે છે અને પોતે જ ભોગવે છે. પરન્તુ તે ત્યાં સુધી જ કર્મોના ફળથી અલગ રહે છે કે જ્યાં સુધી તે કર્મ ઉદયમાં આવતા નથી. આયુષ્ય કર્મ પણ જ્યાં સુધી ઉદયમાં આવતા નથી ત્યાં સુધી જીવ તે બાંધેલા નરક આદિ આયુષ્ય સંબંધી દુઃખોથી દૂર રહે છે. અર્થાત્ કર્મ બાંધ્યા બાદ પણ જીવ કેટલાક સમય સુધી તે કર્મના ઉદયથી બચીને રહે છે.

(૨) પ્રજ્ઞાપના પદ—૧૭, ઉદેશક—૧ અને ૨ અનુસાર લેશ્યા સંબંધી સંપૂર્ણ વર્ણન

છે. અર્થાત્ ચોવીસ દંડકના સલેશી જીવોનો આહાર, કર્મ, વર્ણ, લેશ્યા, વેદના, ક્રિયા, આયુષ્યની સમાનતા–અસમાનતા સંબંધી વર્ણન અને ચોવીશ દંડકના જીવોની લેશ્યા અને તેનું અલ્પ બહુત્વ આદિ વર્ણન ત્યાં પ્રજ્ઞાપના સૂત્રમાં છે.

(૩) જીવનો સંસારમાં રહેવાનો કાળ ચાર પ્રકારનો છે– **૧.** નરકના રૂપમાં રહેવાનો સંસાર કાળ **૨.** તિર્યંચ રૂપમાં રહેવાનો સંસાર કાળ **૩.** મનુષ્ય રૂપમાં રહેવાનો સંસાર કાળ **૪.** દેવરૂપમાં રહેવાનો સંસાર કાળ

**અલ્પબહુત્વ :–** જીવના સંસાર કાળમાં સર્વથી અલ્પકાળ મનુષ્ય અવસ્થાનો છે. નરક અવસ્થાનો સંસાર કાળ તેનાથી અસંખ્ય ગુણો છે. દેવરૂપનો કાળ તેનાથી પણ અસંખ્ય ગુણો છે અને તેનાથી તિર્યંચ રૂપ સંસારકાળ અનંત ગુણો છે.

(૪) આ સંસારકાળની અન્ય ત્રણ પ્રકારે વિચારણા કરવામાં આવી છે.– **૧.** શૂન્યકાળ **૨.** અશૂન્યકાળ **૩.** મિશ્રકાળ

**અશૂન્ય કાળ :–** જેટલા સમય સુધી નિરંતર તે ગતિમાં એક પણ જીવ અન્યગતિથી આવે નહિં અને તે ગતિથી એક પણ જીવ નિકળી(મરી)ને અન્ય ગતિમાં જાય નહિં, જેટલી સંખ્યા હોય તેટલી જ રહે એવા કાળને અશૂન્યકાળ કહેવાય છે.

**શૂન્ય કાલ :–** અપેક્ષિત કોઈ સમયમાં જે જીવ તે ગતિમાં છે. તે તમામ નિકળી જાય અને તેમાંથી એક પણ જીવ જ્યાં સુધી તે ગતિમાં પાછો ન આવે, બધા નવા જીવ જ રહે એવા કાલને શૂન્યકાલ કહે છે.

**મિશ્ર કાલ :–** અપેક્ષિત કોઈ સમયના જીવોમાંથી એક પણ જીવ બાકી રહે અથવા નવા એક પણ જીવ આવી જાય એવી મિશ્ર અવસ્થા જેટલા પણ સમય સુધી રહે, તે મિશ્રકાલ છે અર્થાત્ તે કાળ અશૂન્યકાલની પરિભાષામાં પણ ન આવે અને શૂન્યકાલની પરિભાષામાં પણ ન આવે, પરંતુ તેનું સ્વતંત્ર જ મિશ્ર સ્વરૂપ હોય છે.

શૂન્યકાલ તિર્યંચગતિમાં હોતો નથી. કારણ કે તેમાં રહેલા સર્વ જીવો અનંત છે. તે નીકળીને ત્રણ ગતિમાં સમાય શકતા નથી. બાકીની ત્રણ ગતિમાં– શૂન્યકાળ હોય છે કેમ કે જીવ લાંબાકાલ સુધી તિર્યંચમાં રહે છે તો ત્રણ ગતિઓમાં શૂન્યકાળ બની જાય છે. અશૂન્ય અને મિશ્રકાલ ચારે ગતિમાં હોય છે.

**અલ્પ બહુત્વ :–** (૧) સહુથી અલ્પ અશૂન્યકાલ–જન્મવાનો અને મરવાનો વિરહ અર્થાત્ અન્ય ગતિથી કોઈ પણ જીવનું ન આવવું અલ્પ સમય જ રહી શકે છે.



(૨) તેનાથી મિશ્રકાલ અનંતગણો અર્થાત્ ઉપરોક્ત પરિભાષાવાળા મિશ્રકાલ અનંત કાલસુધી રહી શકે છે. (૩) તેનાથી શૂન્યકાલ અનંતગણો અર્થાત્ અપેક્ષિત સમયના ભવી જીવ તો લગભગ મોક્ષમાં ચાલ્યા જાય અને બાકી રહેલા ભવી અને અભવી નિગોદમાં વનસ્પતિમાં અને તિર્યંચ રૂપમાં અનંતા અનંતકાલ(વનસ્પતિ કાલ) રહી જાય તો તે ઉત્કૃષ્ટ શૂન્યકાળ બની શકે છે.

નારકીમાં– સર્વથી થોડો અશૂન્ય કાળ(વિરહકાલ પ્રમાણે), તેથી મિશ્ર–કાળ અનંતગણો તેથી શૂન્યકાળ અનંતગણો. એ જ પ્રમાણે મનુષ્ય અને દેવમાં અલ્પબહુત્વ સમજી લેવું. તિર્યંચમાં સહુથી થોડો અશૂન્યકાળ, તેથી મિશ્રકાળ અનંતગુણો છે. (શૂન્યકાલ નથી)

ચાર સ્થાવરમાં– સહુથી થોડો શૂન્યકાલ તેનાથી મિશ્રકાલ અનંતગણો. (અશૂન્યકાલ નથી; કારણ કે ઉપજવા મરવાનો વિરહ નથી). ત્રણ વિકલેંદ્રિય અને પંચેન્દ્રિયમાં નરક પ્રમાણે અલ્પબહુત્વ છે.

(૫) અંત ક્રિયાનું વર્ણન, અસંયતી ભવી દ્રવ્ય દેવ આદિ ૧૪ બોલોનો દેવોત્પાત વર્ણન અને અસન્નિ આયુ સંબંધી વર્ણન પ્રજ્ઞાપના પદ ૨૦ અનુસાર છે.

(૬) પ્રશ્નનું સમાધાન મેળવ્યા પછી શિષ્યે ગુરૂ પ્રત્યે શ્રદ્ધા અને વિનમ્રતા પ્રગટ કરતાં એમ કહેવું જોઈએ કે– હે ભગવાન ! જે રીતે આપે ફરમાવ્યું તે સત્ય છે, વાસ્તવિક છે, મને સમજવામાં આવી ગયું છે.

## ઉદ્દેશક : ૩

(૧) જીવ કાંક્ષા મોહનીય એટલે કે મિથ્યાત્વ મોહનીય સર્વથી સર્વ બંધ કરે છે. અન્ય કોઈ વિકલ્પ એક દેશનો નથી. અર્થાત્ જીવ સર્વ આત્મ, પ્રદેશોથી જ કર્મ વર્ગણાના પુદ્‌ગલ ગ્રહણ કરે છે. સર્વ આત્મ પ્રદેશો પર જ તે કર્મોનો બંધ થાય છે અને ગ્રહણ કરેલ સર્વ પુદ્‌ગલોનો બંધ થાય છે. આત્માના કોઈ એક વિભાગમાં કર્મબંધ થતો નથી. અથવા કોઈપણ આત્મ વિભાગ બંધ શૂન્ય રહેતો નથી. પ્રતિપળ બંધનારા સર્વ કર્મ સર્વ આત્મ પ્રદેશો પર બંધાય છે અને તે ગ્રહણ કરેલ કર્મ પુદ્‌ગલ કોઈ એક કિનારાથી બંધાઈ જાય એવું પણ નથી. તે કર્મ પણ પોતાના સંપૂર્ણ રૂપથી આત્માની સાથે બંધાય છે. આ જ રીતે આઠે ય કર્મ અને સર્વ દંડકની અપેક્ષા ત્રૈકાલિક સિદ્ધાંત સમજવો જોઈએ.

(૨) બંધની જેમ ઉદય-ઉદીરણા, ચય-ઉપચય, નિર્જરા ઇત્યાદિ પણ સર્વથી સર્વ

થાય છે. બંધ, ચય, ઉપચય થયેલ પુદ્ગલ દીર્ઘકાળ સુધી સત્તામાં રહી શકે છે. પરંતુ ઉદય ઉદીરણા અને નિર્જરિત થયેલ પુદ્ગલની અલ્પકાલમાં આત્માથી સત્તા નષ્ટ થાય છે.

(૩) વિવિધ કારણો અને નિમિત્તોથી જીવ જિનવાણી પ્રત્યે શંકાશીલ થાય છે. સંદેહશીલ પરિણામોની વૃદ્ધિના કારણે કાંક્ષા મોહનીય રૂપ મિથ્યાત્વ મોહનીયને વેદે છે અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ અથવા શ્રમણ પણ અનેક રીતે શંકાશીલ બની જાય છે. ત્યારે તેમને તે શંકા નિવારણ માટે પ્રયત્ન કરવો જોઈએ અને સંદેહ નિવારણ તત્કાળ ન થઈ શકે તો આ ચિંતન સંસ્કારોથી આત્માને ભાવિત કરવો જોઈએ કે– જે કાંઈ તત્ત્વ જિનેશ્વર ભગવંતોએ ફરમાવ્યું છે તે પૂર્ણ સત્ય છે, નિઃશંક છે, પૂર્ણ શ્રદ્ધા કરવા યોગ્ય છે. આજે મને જે તત્ત્વ સમજવામાં નથી આવ્યું તે મારી અજ્ઞાન કર્મ પ્રભાવિત દશા છે અથવા સમજવાનો કે સમજાવવાનો ખરેખર સંયોગ મળ્યો નથી.

**ભગવત્ ભાષિત જે તત્ત્વ છે તે જ સત્ય છે; શંકા યોગ્ય નથી;** આવા ચિંતનથી આત્માને ભાવિત કરી, આત્મામાં શ્રદ્ધાને નિશ્ચલ કરનારા જિનાજ્ઞાના આરાધક બને છે અને શંકાઓ થવાથી તેનામાં મૂંઝાઈને અશ્રદ્ધાનું શરણ લેનારા જિનાજ્ઞાના વિરાધક થાય છે.

(૪) પદાર્થોનો અસ્તિત્વ સ્વભાવ અસ્તિત્વમાં રહે છે. તેમાં નાસ્તિત્વ સ્વભાવ છે તે પણ પોતાના સ્વભાવમાં રહે છે. તે બન્ને ભાવોને વીતરાગ સર્વજ્ઞ ભગવાન તે તે રૂપમાં જાણે, માને અને સમજે છે અને તેવું જ કથન કરે છે.

વીતરાગ ભગવાન જેવું જ્યાં હમણાં જાણે છે તેવું જ બીજે કયારેય પણ જાણે છે. અર્થાત્ ક્ષેત્રકાળના પરિવર્તનથી તેમના જ્ઞાનમાં કોઈ પણ પરિવર્તન થતું નથી. કેમ કે તેમનું કેવળજ્ઞાન સર્વથા અપરિવર્તનશીલ હોય છે. તેથી તેમનું જ્ઞાન અને પ્રરૂપણ–નિરૂપણ હંમેશા એક સરખું જ રહે છે.

(૫) કાંક્ષા મોહનીય(આદિ કર્મ)પ્રમાદથી ઉત્પન્ન થાય છે, પ્રમાદ યોગોથી (મન, વચન, કાયાથી) ઉત્પન્ન થાય છે, યોગ વીર્યથી અને વીર્ય શરીરથી ઉત્પન્ન થાય છે. શરીરનું નિર્માણ કર્મ સંયુક્ત જીવ જ પોતાના પુરુષાર્થથી કરે છે. તે પ્રમાદના પ્રકારો આ પ્રમાણે છે. **૧.** અજ્ઞાન દશા, **૨.** સંશય **૩.** મિથ્યા જ્ઞાન **૪.** રાગ **૫.** દ્વેષ **૬.** મતિભ્રમ **૭.** ધર્મમાં અનાદર બુદ્ધિ **૮.** અશુભ યોગ.

મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ આ પાંચ કર્મ બંધના નિમિત્ત કારણ



કહેવામાં આવ્યા છે. છતાં અહીં કેવલ પ્રમાદની પ્રમુખતાથી કરવામાં આવેલ કથન અપેક્ષાયુક્ત છે. કારણ કે પ્રમાદ શબ્દ વિશાળ અર્થનો સમાવેશ કરવા–વાળો છે. અર્થાત્ પ્રમાદ શબ્દથી સંસારની તમામ પ્રવૃત્તિઓનું ગ્રહણ પણ થઈ જાય છે.

(૬) જીવ પોતે જ પોતાના ઉત્થાન-કર્મ-બલ-વીર્ય-પુરુષકાર-પરાક્રમથી કર્મોને વેદે, ઉપશમન કરે, સંવરણ(કર્મોનું અટકાવવું) કરે છે અને ગર્હા પણ સ્વયં કરે છે. અર્થાત્ કર્મોની આલોચના અને તેના બંધથી નિવૃત્તિરૂપ સંવર ધારણ કરે છે અને સંચિત કરેલા કર્મોની નિર્જરા પણ સ્વયં પોતાના પુરુષાર્થથી કરે છે.

ઉદય પ્રાપ્ત ન હોય એવા કર્મોની ઉદીરણા કરાય છે. વેદન, ઉદય પ્રાપ્ત કર્મનું થાય છે. ઉપશમન, ઉદય પ્રાપ્તનું નહિં પરંતુ સત્તામાં રહેલા કર્મોનું થાય છે.

નિર્જરા ઉદય પ્રાપ્ત વેદાયેલા કર્મોની હોય છે. આ બધું પ્રવર્તન જીવના પોતાના ઉત્થાન, કર્મ, બલ, વીર્ય પુરુષાકાર પરાક્રમથી જ થાય છે.

(૭) એકેન્દ્રિય પણ કાંક્ષા મોહનીય કર્મનું વેદન ઉદયાનુસાર કરે જ છે. પરંતુ તે અનુભવ કરતો નથી. કેમ કે તેમને તેવી તર્ક શક્તિ, સંજ્ઞા, પ્રજ્ઞા, મન અને વચન હોતા નથી. છતાં પણ સર્વ પ્રકારનાં કર્મોનું વેદન તો તેમને થાય જ છે.

એકેન્દ્રિય સંબંધી એવા અનેક તત્ત્વ શ્રદ્ધા કરવા યોગ્ય હોય છે. તેના વિષયમાં આ વાકય હંમેશાં યાદ રાખવું જોઈએ કે– **ભગવદ-ભાષિત તત્ત્વ સત્ય જ છે; શંકા કરવા યોગ્ય કિંચિત માત્ર નથી.** આગમમાં આ વાક્યનું અનેક સ્થાને પુનર્કથન થયું છે.

(૮) શ્રમણ નિર્ગ્રન્થ પણ કોઈ નિમિત્ત સંયોગ અથવા ઉદયવશ કાંક્ષા મોહનીય (મિથ્યાત્વ)નું વેદન કરે છે અર્થાત્ કોઈ પ્રસંગો અને તત્ત્વોને લઈને તે પણ સંદેહશીલ બની જાય છે. ક્યારેક સંદેહમાં મુંઝાઈ જવાથી કાંક્ષા મોહનીયનું વેદન થાય છે. ફરી સમાધાન પામીને અથવા શ્રદ્ધાના ઉક્ત વાકયનું સ્મરણ કરીને મૂંઝવણથી મુક્ત(સ્વસ્થ) અવસ્થામાં આવી જાય છે.

જે વધુમાં વધુ મૂંઝાતો રહે કે મૂંઝવણમાં જ સ્થિર થઈ જાય છે અથવા ઉક્ત શ્રદ્ધા વાકયનું સ્મરણ ન કરી શકે તો તે કાંક્ષા મોહનીયનું વેદન કરીને સમકિતથી ભ્રષ્ટ બની જાય છે.

તેથી શ્રમણ નિર્ગ્રન્થોને તત્ત્વજ્ઞાન ચિંતવના કરતાં કરતાં પણ શ્રદ્ધામાં

સાવધાન રહેવું જોઈએ અને ઉક્ત અમોઘ શ્રદ્ધા રક્ષક વાકયને માનસપટ પર હંમેશા ઉપસ્થિત રાખવું જોઈએ.

સંદેહ ઉત્પત્તિનાં કેટલાય નિમિત કારણો છે. તે આ પ્રમાણે છે– અનેક પ્રકારે પરંપરાએ પ્રચલિત થતાં (૧) જ્ઞાનની વિભિન્નતાઓ (૨) દર્શનની વિભિન્નતાઓ (૩) આચરણની વિભિન્નતાઓ (૪) લિંગ–વેશભૂષાઓની વિભિન્નતાઓ (૫) સિદ્ધાંતોની વિભિન્નતાઓ (૬) ધર્મ પ્રવર્તકોની વિભિન્નતાઓ. એ જ રીતે (૭) કલ્પોની (૮) માર્ગોની (૯) મત મતાંતરોની (૧૦) ભંગોની (૧૧) નયોની (૧૨) નિયમોની અને (૧૩) પ્રમાણોની વિભિન્નતાઓ.

વ્યવહારમાં વિભિન્ન જીવોની વિભિન્નતાઓને અને ભંગો કે નયોની વિભિન્નતાઓને જોઈને, સમજી નહિ શકવાથી અથવા નિર્ણય નહીં કરી શકવાથી કુતૂહલ, આશ્ચર્ય અને સંદેહશીલ થઈને શ્રમણ નિર્ગ્રન્થ કાંક્ષા મોહનીયના શિકાર બની શકે છે. તેથી ગુઢઓએ પોતાના શિષ્યોને પ્રથમથી જ વિવિધ બોધ દ્વારા સશક્ત–મજબૂત બનાવવા જોઈએ. જેથી તે આવી સ્થિતિઓના શિકાર બની પોતાની સુરક્ષાને જોખમમાં નાંખનારા ન બને. પરંતુ જ્ઞાનના અમોઘ શસ્ત્રથી સદા અજેય બનીને પોતાના સમ્યક્ત્વની સુરક્ષા કરવામાં શક્તિમાન રહે.

પ્રત્યેક શિષ્ય અને સાધકોએ પણ શરૂઆતથી જ સ્વયં આ પ્રકારે અજેય અને સુરક્ષિત બનવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેમજ અશ્રદ્ધા જન્ય પ્રત્યેક પરિસ્થિતિમાં શ્રદ્ધાના અમોઘ શસ્ત્ર રૂપ આ વાકયને મનમાં તૈયાર રાખવું જોઈએ કે– **ભગવદ્ ભાષિત તત્ત્વ સત્ય જ છે, તેમાં શંકા કરવા યોગ્ય કાંઈ જ નથી।।**

## ઉદ્દેશક : ૪

(૧) કર્મ પ્રકૃતિના ભેદ અને તેના વિપાક(ફળ) આદિનું વર્ણન પ્રજ્ઞાપના પદ –૨૩, ઉદ્દેશક–૧ અનુસાર સમજવું.

(૨) મોહનીય કર્મ(મિથ્યાત્વ મોહનીયની અપેક્ષા)ના ઉદયમાં જીવ પરલોક જાય છે, તે સમયે તે પંડિત વીર્યવાળો અને બાલ પંડિતવીર્યવાળો હોતો નથી. પરંતુ બાલ વીર્યવાળો હોય છે અને બાલવીર્યમાં કાળ કરીને પરલોકમાં જાય છે.

(૩) મોહનીય કર્મના ઉદયથી(સંયમી) જીવ પતનને પ્રાપ્ત કરે છે, ત્યારે કોઈ સંયમથી શ્રમણોપાસક અવસ્થામાં જાય છે. તો કોઈ અસંયમ અવસ્થામાં જાય છે.



(૪) મોહનીય કર્મનો ઉપશમ થવાથી જીવ પ્રગતિ–વિકાસ કરે છે. ત્યારે કોઈ શ્રાવક અવસ્થામાં જાય છે, તો કોઈ સંયમ અવસ્થામાં જાય છે.

(૫) આ પતન અને પ્રગતિ જીવ પોતે જ કરે છે. બીજાના કરવાથી થાય નહિં.

(૬) મોહનીયકર્મના ઉદયથી જીવની પરિણતિ બદલાઈ જાય છે. તે જેમ પહેલાં શ્રદ્ધા-ઢચિથી ધર્માચરણ આદિ કરે છે, તેમ પછી શ્રદ્ધા-ઢચિ આચરણ તેના રહેતા નથી. એવો જ આ મોહ કર્મનો ઉદય પ્રભાવ હોય છે.

(૭) કરેલા કર્મ ભોગવ્યા વિના છુટકારો થતો નથી. તેમાં સૈદ્ધાન્તિક વિકલ્પ એ છે કે– બંધાયેલા બધા કર્મ, 'પ્રદેશથી' ભોગવવા આવશ્યક હોય છે અને વિપાકથી ભોગવવામાં વિકલ્પ હોય છે. અર્થાત્ કેટલાક કર્મ વિપાકોદય વિના જ નષ્ટ થઈ જાય છે. તેના ત્રણ કારણ છે.

(૧) તે એવા જ પ્રકારના મંદ રસથી બંધાયેલા હોય (૨) તે કર્મને અનુકૂળ બાહ્ય સંયોગ ન મળે (૩) વિશિષ્ટ તપ–ધ્યાનથી નાશ પામી જાય. જેમ કે–**૧.** ચરમ શરીરી તીર્થંકર, ચક્રવતી આદિના ભવમાં બંધાતા અનેક કર્મ મંદ પરિણામ–વાળા હોવાથી પ્રદેશ ઉદયથી જ નાશ થાય છે. **૨.** નરકમાં તીર્થંકર નામ કર્મ, અણુત્તર વિમાનવાસી દેવમાં સ્ત્રીવેદનો સંયોગ હોતો નથી. **૩. EJ SWO ;IRI SdD TJ;F IG¾HIZ¾H.** કરોડો ભવના સંચિત કરેલા સામાન્ય અને નિકાચિત કર્મ પણ તપથી ક્ષય થઈ જાય છે.

(૮) સર્વજ્ઞ સર્વદર્શી ભગવાન સ્પષ્ટ જાણે છે કે અમુક જીવ પોતાના કર્મ કઈ કઈ રીતે ભોગવશે. જેમ કે– પ્રદેશથી અથવા વિપાકથી, તપ આદિથી, અમ્યુપ–ગમિકી ઉદીરણાથી (લોચ આદિથી) અથવા સ્વાભાવિક ઉદયથી અુમક અમુક કર્મોને ભોગવશ. તે અનુસાર જીવ પોતાના કર્મના ફળને ભોગવીને જ મુક્ત થશે.

(૯) જીવ, પરમાણુ અને સ્કંધ આ ત્રિકાલિક XFxJT પદાર્થ છે. લોકમાં તેનો અભાવ થતો નથી.

(૧૦) જીવ સર્વજ્ઞ સર્વદર્શી બનીને જ સિદ્ધ થાય છે. છદ્મસ્થજીવ કોઈ સિદ્ધ થતા નથી. ભલે અવધિજ્ઞાની હોય, પરમાવધિજ્ઞાની હોય, મનઃપર્યવજ્ઞાની અથવા ચૌદ પૂર્વધર હોય, તાત્પર્ય એ છે કે, છદ્મસ્થાવસ્થાથી(ડાયરેકટ) સીધા કોઈ મુક્ત ન થાય પરન્તુ પરંપરાથી કેવલી બની (સર્વજ્ઞ–સર્વદર્શી બની) મુક્ત થઈ શકે છે; આ ત્રૈકાલિક સિદ્ધાંત છે.

(૧૧) સર્વજ્ઞ સર્વર્શી કેવલી " અલમસ્તુ" કહેવાય છે. અર્થાત્ જેમણે મેળવવા યોગ્ય સર્વ જ્ઞાનાદિગુણ પ્રાપ્ત કરી લીધા છે. જેમને માટે પ્રાપ્ત કરવા યોગ્ય કાંઈ પણ અવશેષ નથી રહ્યું તે પરિપૂર્ણ જ્ઞાની V, D:T સંજ્ઞક છે.

## ઉદ્દેશક : ૫

**(૧) ૨૪ દંડકના આવાસ :–** નરકવાસ – સાત નરકમાં ક્રમથી આ પ્રમાણે નરકવાસ થાય છે– (૧) ત્રીસ લાખ, (૨) પચ્ચીસ લાખ, (૩) પંદર લાખ, (૪) દસ લાખ, (૫) ત્રણ લાખ (૬) એક લાખમાં પાંચ ઓછા (૭) સાતમી નરકમાં પાંચ નરકાવાસ છે.

**ભવનપતિ દેવોના આવાસ :–** દક્ષિણદિશામાં– ૧. અસુરકુમાર– ૩૪ લાત, ૨. નાગકુમાર– ૪૪ લાખ, ૩. સુવર્ણકુમાર– ૩૮ લાખ, ૪. વાયુકુમાર– ૫૦ લાખ, શેષ બધાના ૪૦–૪૦ લાખ ભવનાદાસ છે.

ઉત્તરદિશામાં– ૧. અસુરકુમાર– ૩૦ લાખ, ૨. નાગકુમાર– ૪૦ લાખ, ૩. સુવર્ણકુમાર– ૩૪ લાખ, ૪. વાયુકુમાર– ૪૬ લાખ, શેષ બધાનાં ૩૬––૩૬ લાખ ભવનાવાસ છે.

પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ, મનુષ્યના આવાસ, વ્યંતરના નગરાવાસ, જયોતિષીના વિમાનાવાસ અસંખ્ય–અસંખ્ય છે.

**વૈમાનિક દેવલોકમાં :–** ક્રમથી આ પ્રમાણે વિમાન સંખ્યા છે– (૧) બત્રીસ લાખ, (૨) અઠ્યાવીસ લાખ, (૩) બાર લાખ, (૪) આઠ લાખ, (૫) ચાર લાખ, (૬) પચ્ચાસ હજાર, (૭) ચાલીસ હજાર, (૮) છ હજાર, (૯–૧૦) ચારસો, (૧૧–૧૨) ત્રણસો, ગ્રૈવેયકમાં–૧૧૧,૧૦૭ અને ૧૦૦ વિમાન છે. પાંચ અનુત્તર વિમાનમાં પાંચ વિમાન છે.

**(૨) સ્થિતિ સ્થાન :–** ચોવીસે ય દંડકમાં અસંખ્ય સ્થિતિ સ્થાન છે. અર્થાત્ નરક અને દેવમાં ૧૦૦૦૦ વર્ષ પછી એક સમય અધિક, કે બે સમય અધિક તેમ જ સંખ્યાત–અસંખ્યાત સમય અધિક તેમ સર્વ સ્થિતિઓ હોય છે અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની સ્થિતિ હોય છે. મનુષ્ય તિર્યંચમાં અંતર્મુહૂર્ત પછી સમયાધિક સર્વ સ્થિતિઓ સમજવી અને ઉત્કૃષ્ટ પોત–પોતાની સ્થિતિ અનુસાર જાણવી.

જઘન્ય સ્થિતિના નૈરયિક શા✓ત મળે છે. એક સમયાધિકથી લઈને સંખ્યાત સમયાધિક સુધીના નૈરયિક કયારેક હોય છે કયારેક નથી હોતા અર્થાત્ અશા✓ત



છે. અસંખ્ય સમયાધિકથી લઈને ઉત્કૃષ્ટ સ્થિતિ સુધીના નૈરયિક શા✓ત મળે છે.

સાતે નરક, ૧૦ ભવનપતિ, વ્યંતર, જયોતિષી, વૈમાનિક, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય, મનુષ્ય બધામાં જઘન્ય સ્થિતિ પછીના સંખ્યાત સમયાધિક સુધીના સ્થિતિ સ્થાન અશા✓ત છે. પાંચ સ્થાવરમાં જઘન્યથી ઉત્કૃષ્ટ સુધી બધા સ્થિતિ સ્થાન શા✓ત છે. મનુષ્યમાં સર્વ જઘન્ય સ્થિતિ સ્થાન પણ અશા✓ત છે.

**(૩) અવગાહના સ્થાન :–** બધા દંડકોમાં અસંખ્ય અવગાહના સ્થાન છે. જેમાં જઘન્યથી લઈને સંખ્યાત પ્રદેશાધિક સુધીના અવગાહના સ્થાન અશા✓ત છે. બાકીના બધા અવગાહના સ્થાન શા✓ત છે. પાંચ સ્થાવરમાં સર્વ અવગાહના સ્થાન શા✓ત છે, અશા✓ત નથી.

**(૪) શરીર :–** ૨૪ દંડકમાં જેમના જેટલા શરીર છે તે બધા શા✓ત મળે છે. કેવળ મનુષ્યમાં આહારક શરીર અશા✓ત છે.

**(૫) સંહનન, સંસ્થાન :–** જે દંડકમાં જેટલા–જેટલા સંઘયણ, સંસ્થાન છે તે બધા શા✓ત છે.

**(૬) લેશ્યા :–** જે દંડકમાં જેટલી લેશ્યા છે તેમાં પૃથ્વી, પાણી, વનસ્પતિમાં તેજો લેશ્યા અશા✓ત છે; શેષ બધી લેશ્યાઓ શા✓ત છે.

**(૭) દષ્ટિ :–** જે દંડકોમાં જેટલી દષ્ટિ છે, તેમાં મિશ્ર દષ્ટિ સર્વત્ર(૧૬ દંડકમાં) અશા✓ત છે અને ત્રણ વિકલેન્દ્રિયમાં સમ્યગ્દષ્ટિ અશા✓ત છે.

**(૮) જ્ઞાન અજ્ઞાન :–** જે દંડકમાં જેટલા જ્ઞાન-અજ્ઞાન છે તેમાં વિકલેન્દ્રિયમાં બે જ્ઞાન અશા✓ત છે. બાકીના બધામાં બધા જ્ઞાન અને અજ્ઞાન શા✓ત છે. અર્થાત્ મનુષ્યમાં મનઃપર્યવજ્ઞાની આદિ પાંચે જ્ઞાન શા✓ત છે.

**(૯) યોગ, ઉપયોગ :–** ત્રણ યોગ અને બે ઉપયોગમાંથી જયાં જેટલા છે. તે બધા શા✓ત છે. દંડકોમાં શરીર, અવગાહના, લેશ્યા આદિ કેટલા હોય તેનું વર્ણન જીવાભિગમ સૂત્ર પ્રથમ પ્રતિપતિથી જાણી લેવું.

*[**નોંધ :** આ શા✓ત, અશા✓ત બોલોમાં કષાયના ભંગ સંબંધી તાત્ત્વિક કથન માટે જુઓ – પરિશિષ્ટ નં.–૧]*

## ઉદ્દેશક : ૬

(૧) સૂર્ય જેટલો સૂર્યોદયના સમયે દૂર હોય છે, અસ્તના સમયે પણ એટલો જ દૂર

હોય છે. તે જેટલો તાપ અથવા પ્રકાશ ઉદયના સમયે કરે છે, તેટલો જ તાપ–પ્રકાશ અસ્તના સમયે કરે છે. સૂર્યના કિરણો તે તે ક્ષેત્રને બધી દિશાઓથી સ્પર્શ કરતાં તાપિત અને પ્રકાશિત કરે છે.

(૨) લોક અલોકને અને અલોક લોકને કિનારાઓ પર છએ દિશાઓથી સ્પર્શ કરે છે. તેવી જ રીતે દ્વીપ અને સમુદ્ર; તડકો અને છાયા; વહાણ અને પાણી; વસ્ત્ર અને છિદ્ર આદિ આ બધાંએ એક બીજાનાં કિનારાઓથી છ એ દિશાઓમાં સ્પર્શ કરેલ હોય છે.

(૩) જીવને ૧૮ પાપ કોઈ પણ કરણ અને યોગથી અને પોતાના કરવાથી લાગે છે. પાપ કર્યા વગર અથવા બીજાના કરવાથી પાપ લાગતા નથી. તેમ છતાં અવ્રતની ક્રિયામાં ત્યાગ ન હોવાથી પાપના અનુમોદનની પરંપરા ચાલુ રહે છે.

(૪) લોક-અલોક, જીવ-અજીવ, ભવી-અભવી, નરક-પૃથ્વી આદિ, ધનોદધિ આદિ, દ્વીપ, સમુદ્ર, પર્વત, શરીર, કર્મ, લેશ્યા આદિમાં કોઈ કોઈથી પહેલાં થયા અથવા પાછળ થયા, પહેલાં હતા અથવા પાછળ હતા, એવું કાંઈ પણ હોતું નથી. આ બધા શા✓ત = હંમેશા રહેનારા પદાર્થ છે. જેમ કે કુકડી અને ઈંડા; આમાં કોઈ પહેલા કે પછી કહી શકાય નહિ. બન્ને અનાદિ પરંપરાથી ચાલ્યા આવે છે. ભગવાનના અંતેવાસી શિષ્ય રોહા અણગારના પ્રશ્નોત્તરના સાર રૂપ આ વિષય છે.

**(૫) લોક સંસ્થિતિ :–** આઠ પ્રકારની લોક સંસ્થિતિ છે– ૧. આકાશના આધાર પર વાયુ છે. ૨. વાયુના આધાર પર પાણી છે. ૩. પાણીના આધાર પર પૃથ્વી છે. ૪. પૃથ્વી પર ત્રસ-સ્થાવર જીવો છે. ૫. અજીવ જીવ પ્રતિષ્ઠિત છે. (શરીર આદિ) ૬. જીવ(કર્માધીન) કર્મવશ છે. ૭. અજીવનો જીવોએ સંગ્રહ કરી રાખ્યો છે. ૮. જીવનો કર્મોએ સંગ્રહ કરી રાખ્યો છે, રોકી રાખ્યો છે.

મશકમાં પાણી અને હવા વિશિષ્ટ પ્રકારે ભરવામાં આવે ત્યારે હવા પર પાણી રહી શકે છે. હવા ભરેલી મશકને પીઠમાં બાંધીને પાણી પર તરીને પાર પહોંચી શકાય છે. આ હવાના આધારે લોક સંસ્થિતિને સમજાવવા માટે દૃષ્ટાંત છે.

આપણે જે પૃથ્વીપર છીએ તેની નીચે ધનોદધિ છે, તેની નીચે ધનવાત છે, તેની નીચે તનુવાત છે અને તેની નીચે કેવલ આકાશ છે.

(૬) તળાવમાં બૂડેલ નાવ જે રીતે પાણીમાં એક મેક થઈને રહે છે. તે રીતે જીવ



અને પુદ્ગલ આપસમાં એક-મેક થઈને લોકમાં રહે છે.

**(૭) સ્નેહ કાય :–** સૂક્ષ્મ સ્નેહ કાય. વરસાદના દિવસોમાં જે સીલ–સંધમય હવા હોય છે, તેનાથી પણ અત્યંત સૂક્ષ્મ એક પ્રકારની સ્નેહ કાય હોય છે. જે ૨૪ કલાક બારેમાસ નિરંતર પડતી રહે છે. અર્થાત્ લોકમાં એક પ્રકારના અત્યંત સૂક્ષ્મ સ્નેહિલ શીત પુદ્ગલ જે પાણીના જ સૂક્ષ્મ-સૂક્ષ્મતર કોઈ પર્યાય રૂપ છે; તે પડતાં જ રહે છે. પરંતુ જે પ્રકારે ઓસ(ઝાકળ) આદિ એકત્ર થઈને પાણીના ટીપારૂપ બની જાય છે. તે પ્રકારે આ સૂક્ષ્મ સ્નેહ કાયથી થઈ શકતું નથી; એ તો પોતાની રીતે જ તત્કાલ નાશ થઈ જાય છે.

આ સૂક્ષ્મ સ્નેહકાય અપકાયના જીવ મય હોય છે કે સ્નેહિલ વાયુ મય હોય છે અથવા અચિત્ત હોય છે. ઈત્યાદિ સ્પષ્ટીકરણ અહીં સૂત્રમાં કરવામાં આવેલ નથી. જો સચિત અપકાય મય છે તો પણ અત્યંત સૂક્ષ્મ છે. ચર્મ ચક્ષુથી જોઈ પણ ન શકાય અને પોતાની રીતે શીઘ્રતાથી નીચે પડતાંજ નાશ પામી જાય છે; તેનું અસ્તિત્ત્વ સમાપ્ત થઈ જાય છે.

તેથી સંયમના નિયમોમાં આનો કાંઈ પણ સંબંધ થતો નથી. અચેલ–નિર્વસ્ત્ર અને જિનકલ્પી તેમજ પડિમાધારી સાધુપણ–સૂર્યાસ્ત સુધી વિહાર કરી શકે છે. રાત્રે મલ–મૂત્ર ત્યાગ માટે નિર્વસ્ત્ર અને સવસ્ત્ર બન્ને પ્રકારના સાધકો ગમનાગમન કરી શકે છે. તેમના કાર્યોમાં કે કલ્પમાં વસ્ત્રના અભાવમાં પણ અવરોધ હોવાનો કોઈ પણ આગમમાં ઉલ્લેખ નથી.

દશાશ્રુતસ્કંધ સૂત્રમાં પડિમાધારી શ્રમણના વર્ણનથી એવા પ્રકારનો નિર્ણય થાય છે કે આ સૂક્ષ્મ સ્નેહકાય સૂક્ષ્મપાણી સ્વરૂપ હોય છે.

આ સૂક્ષ્મ સ્નેહકાયને કારણે કોઈ પરંપરાઓમાં શ્રમણોને રાત્રે ખુલ્લા સ્થાનમાં બહાર જવા માટે અને કયારેક કયારેક દિવસે પણ ગૌચરી આદિ જવા માટે કાંબળી ઓઢીને જ જવાનો નિયમ બતાવવામાં આવે છે. તેમજ બીજી પરંપરામાં કાંબળીના સ્થાને વસ્ત્ર ઓઢવાનો નિયમ બતાવવામાં આવે છે. આ બધા પરંપરાના નિયમ છે. વાસ્તવમાં જૈનાગમ વસ્ત્ર રાખવાનો નિયમ એકાંતે કરતા નથી. તે તો સાધકને વસ્ત્ર ત્યાગ કરીને ક્રમશઃ અચેલ રહેવાની પ્રેરણા કરે છે. આ રીતે અચેલ-નિર્વસ્ત્ર રહેવાના પ્રેરક શાસ્ત્રમાંથી વસ્ત્ર કે કાંબળી ઓઢવાના એકાંતિક નિયમો થઈ શકતા નથી. છતાં ય વસ્ત્રના આગ્રહયુક્ત એવા નિયમોની પરંપરા ચાલી રહી છે તે સમીક્ષા કરવા જોગ જરૂર છે. આ વિષયની

વિસ્તૃત જાણકારી ચર્ચા–વિચારણા માટે જુઓ– ગુજરાતી સારાંશ ખંડ–૪ અને ૮. ત્યાં સૂત્ર પ્રમાણોની સાથે વિશ્લેષણ કરવામાં આવેલ છે.

## ઉદ્દેશક : ૭

(૧) જીવ જ્યાં પણ જન્મ લે છે અથવા જ્યાંથી પણ મરે છે તે સર્વ આત્મ પ્રદેશોથી ઉત્પન્ન થાય છે અને મરે છે. તે સ્થાનના પ્રારંભિક ગ્રહણ કરવા યોગ્ય સર્વ અવગાહન સ્થાનને જન્મ સમયે ગ્રહણ કરે છે અને ગ્રહણ કરેલ સ્થાનને મૃત્યુ સમયે છોડે છે.

આહાર પણ જીવ પરિણમન અપેક્ષાએ સર્વ આત્મ પ્રદેશોથી કરે છે. અર્થાત્ ઓજાહાર, રોમાહાર અને કવલાહારનો પરિણમન રૂપ આહાર સર્વાત્મના હોય છે. ગ્રહણ કરેલ આહાર પુદ્ગલોના ઓજાહાર, રોમાહારની અપેક્ષાએ સંપૂર્ણ આહાર પરિણમન થાય છે. કવલાહારની અપેક્ષાએ ગ્રહણ કરેલ આહારનો સંખ્યાતમો ભાગ પરિણમન થાય છે. અનેક સંખ્યાતા ભાગ શરીરમાં પરિણત ન થતાં એમ જ મળ આદિ રૂપોથી નીકળી જાય છે. શરીરના ઉપયોગમાં આવનારને જ આગમમાં વાસ્તવિક આહાર ગણેલ છે. તે સિવાય તો ગ્રહણ નિસ્સરણ રૂપ જ થાય છે.

***[ટિપ્પણ :– કવલાહારની અપેક્ષાએ સંખ્યાતમો ભાગ પરિણમન કહેવાથી જ સંગતિ બેસી શકે છે. પ્રતોમાં અસંખ્યાતમાં ભાગ પરિણમનનો પાઠ મળે છે તે અશુદ્ધ છે. કેમ કે પ્રતિદિન બાળકના શરીરનું વજન આહારના સંખ્યાતમાં ભાગ જેટલું વધે છે. જેથી આહાર પણ સંખ્યાતમા ભાગે જ પરિણમન થાય તે સ્પષ્ટ સમજાય છે. જો કવલાહારનો અસંખ્યાતમો ભાગ પરિણમન થાય એમ માનવામાં આવે તો જીવનભર ૧૦૦૦૦ અથવા ૨૦૦૦૦ દિવસોમાં એક કિલો વજન પણ બાળકનું વધી શકે નહિ, જો કે તે સર્વથા અસંગત છે અને પ્રત્યક્ષથી પણ વિરુદ્ધ થાય છે.]***

જીવ કેટલાક(થોડા) આત્મ પ્રદેશોથી અથવા અડધા આત્મ પ્રદેશોથી જન્મતા-મરતા નથી અને આહાર પણ કરતા નથી.

(૨) ૨૪ દંડકમાં એક-એક જીવ કયારેક વિગ્રહ ગતિવાળો પણ હોય છે અને કયારેક અવિગ્રહ ગતિવાળો પણ હોય છે. અનેક જીવોની અપેક્ષાએ એકેન્દ્રિયમાં બન્ને અવસ્થામાં ઘણાં જીવો હોય છે. શેષ ૧૯ દંડકમાં વિગ્રહ ગતિમાં જીવ હંમેશાં નહી મળવાથી ત્રણ ભાંગા(એક અશા✓તના) હોય છે.



(૩) મહર્દ્ધિક દેવ મૃત્યુ સમય નિકટ જાણીને મનુષ્ય, તિર્યંચનાં અશુચિમય જન્મ, જીવન, આહારને અવધિથી જોઈને એકવાર ઘૃણા, લજ્જા અને દુઃખથી ત્રાસી જાય છે અને આહાર પણ છોડી દે છે. ત્યાર પછી આહાર કરીને મરી જાય છે અને તિર્યંચ અથવા મનુષ્યમાં ઉત્પન્ન થઈ ત્યાંનો આહાર તેમને કરવો જ પડે છે. જેવું આયુષ્ય બાંધ્યું હોય તેવા સ્થાનમાં જઈને જન્મ લેવો જ પડે છે.

(૪) ભાવેન્દ્રિયની અપેક્ષાએ ગર્ભમાં સઈન્દ્રિય જીવ આવીને જન્મે છે અને દ્રવ્યેન્દ્રિયની અપેક્ષાએ અનિન્દ્રિય જીવ જન્મ લે છે.

તૈજસ કાર્મણની અપેક્ષાએ શરીરી આવીને જન્મે છે અને શેષ ત્રણ શરીરની અપેક્ષાએ જીવ અશરીરી આવીને જન્મે છે.

**ગર્ભ સંબંધી વિચાર :–** ગર્ભમાં આવનાર જીવ સર્વ પ્રથમ પ્રારંભમાં માતા પિતાના રજ અને વીર્યથી મિશ્રિત પુદ્ગલનો આહાર કરે છે પછી માતા દ્વારા કરેલ આહારનો એક અંશ સ્નેહના રૂપમાં ગ્રહણ કરી તેના આહાર કરે છે.

માતાના શરીરથી સંબંધિત એક રસહરણી નાડી સંતાનના શરીરને સ્પર્શતી રહે છે અને સંતાનના નાભી સ્થાનમાં એક રસ હરણી નાડી હોય છે, જે માતાના શરીર સાથે સ્પર્શેલી રહે છે. આ બન્ને નાડિઓ દ્વારા સંતાનના શરીરમાં આહારનો પ્રવેશ અને પરિણમન થાય છે તથા ચય ઉપચય થઈને શરીર વૃદ્ધિ થાય છે.

આ રસ હરણીથી પ્રાપ્ત થયેલ આહાર ઓજાહાર રૂપ છે. એનું સંપૂર્ણ પરિણમન થાય છે. મળ આદિ બનતા નથી. એટલા માટે ગર્ભગત જીવને મળ, મૂત્ર, કફ, નાકનો મેલ, વમન, પિત્ત આદિ વિકાર થતા નથી. પરંતુ વધેલ પુદ્ગલ પણ હાડકા, મજ્જા રોમ, કેશ, નખ આદિ શરીરાવયવ રૂપે પરિણત થઈ જાય છે.

શરીરમાં માંસ, લોહી અને મસ્તક માતાના અંગ ગણાયા છે અને હાડકાં, મજ્જા અને દાઢી-મૂછ પિતાના અંગ માનવામાં આવ્યા છે.

માતા પિતાથી તૈયાર થયેલ આ શરીરાવયવ જિંદગીભર રહે છે. સમયે સમયે ક્ષીણ થતાં હોવા છતાં પણ અંત સુધી રહે છે. ગર્ભગત કોઈ જીવને વિશેષ જ્ઞાનનાં નિમિત્તથી યુદ્ધનાં પરિણામો થઈ જાય છે. તે પરિણામોમાં આયુષ્ય પૂર્ણ થઈ જતાં કાળ કરીને તે જીવ પ્રથમ નરકમાં જઈ શકે છે. કોઈક ગર્ભસ્થ જીવ શુભ અધ્યવસાયો અને ધર્મ ભાવનાથી ઓતપ્રોત થઈને મૃત્યુ થતાં બીજા દેવલોક સુધી જઈ શકે છે. માતા દ્વારા ધર્મ શ્રવણ કરી શ્રદ્ધા આચરણ કરવાથી આ ગર્ભગત જીવ

પણ તે ભાવનાથી ભાવિત થાય છે. તેને પણ ધર્મોપદેશ સાંભળવો, શ્રદ્ધા કરવી, તેમ ગણવામાં આવે છે. વ્રત પરિણામ પણ તેના માનવામાં આવ્યા છે.

ગર્ભગત જીવ પગ આગળ કરીને અથવા મસ્તકને આગળ કરીને સીધો ગર્ભથી બહાર આવે છે ત્યારે સુખપૂર્વક આવે છે. પરન્તુ તિરછો(ત્રાંસો) આવવાથી તે મરી જાય અથવા કષ્ટપૂર્વક જન્મે છે. તે જીવ શુભ નામ કર્મ લાવ્યો હોય તો વર્ણાદિ શુભ પ્રાપ્ત કરે છે અને અશુભ નામ કર્મ લાવ્યો હોય તો વર્ણાદિ અને સ્વર આદિ અશુભ અમનોજ્ઞ પ્રાપ્ત કરે છે.

## ઉદ્દેશક : ૮

(૧) એકાંત બાલ(ચાર ગુણસ્થાનવાળા) મનુષ્ય ચારે ગતિના આયુષ્યનો બંધ કરે છે. જે ગતિના આયુષ્યને એકવાર બાંધે છે પછી જ ત્યાં જાય છે. આયુષ્ય બાંધ્યા વિના જીવ કોઈ ગતિમાં જતો નથી અને આયુષ્ય બાંધ્યા બાદ અન્ય કોઈ ગતિમાં જતો નથી.

એકાંત પંડિત મનુષ્ય(છટ્ઠા–સાતમા આદિ ગુણસ્થાનવાળા સાધુ) જે આયુષ્ય બાંધતા નથી તે મોક્ષગતિમાં જાય છે અને જે આયુષ્ય બાંધે છે તે કેવલ (વૈમાનિક) દેવ ગતિનું જ આયુષ્ય બાંધે છે.

બાલ પંડિત મનુષ્ય ( પાંચમાં ગુણ સ્થાનવાળા શ્રાવક) દેવ આયુષ્યનો બંધ કરે છે અર્થાત્ કેવલ વૈમાનિકના ૧૨ દેવલોકનો આયુબંધ કરે છે.

(૨) હરણને ફસાવવા જાળ બિછાવનારને ત્રણ ક્રિયા લાગે છે. મૃગ ફસાઈ જવાથી પરિતાપનિકી ક્રિયા સહિત ચાર ક્રિયા લાગે છે અને હરણ મરી જવાથી અથવા મારી નાંખવાથી પ્રાણાતિપાતિકી ક્રિયા સહિત પાંચ ક્રિયા લાગે છે.

સજીવ ઘાસને બાળવા માટે એકત્ર કરવાથી ત્રણ ક્રિયા, તેમાં ચિનગારી ચાંપવાથી ચાર ક્રિયા અને ઘાસ બાળવાથી પાંચ ક્રિયા લાગે છે.

કોઈ જીવને મારવા માટે બાણ છોડે તો ત્રણ ક્રિયા, બાણ તેને લાગી જાય તો ચાર ક્રિયા અને તે જીવ મરી જાય તો પાંચ ક્રિયા લાગે છે.

કોઈ જીવને મારવાના સંકલ્પથી ધનુષની પણછ(ડોરી) ખેંચી કોઈ વ્યક્તિ ઉભો હોય તે સમયે કોઈ બીજી વ્યક્તિ આવી તલવારનો ઘા કરી તેને મારી નાંખે, જેનાથી ખેંચેલું બાણ નિશાન પર લાગી જાય અને તે જીવ પણ મરી જાય, ત્યારે તલવારથી મનુષ્યને મારનારને પણ તેની પાંચ ક્રિયા લાગે છે અને બાણથી મરનાર



જીવનો નિમિત્તથી ધનુષવાળા મનુષ્યને પણ પાંચ ક્રિયા લાગે છે.

કોઈ પણ પ્રકારના નિમિત્તથી કોઈ જીવ થોડા સમય બાદ મરે છે. અર્થાત્ છ મહિનાની અંદર મરે તો પાંચ ક્રિયા લાગે છે.છ મહિના પછી મરવાથી પાંચમી પ્રાણાતિપાતની ક્રિયા લાગતી નથી... તેનું મરવું પ્રહાર નિમિત્તક ગણવામાં નથી આવતું. આ વ્યવહાર નય અપેક્ષાથી કહેવાયેલ છે.

તલવાર બરછી આદિથી હાથોહાથ મારનાર વ્યક્તિ તીવ્ર વૈરથી સ્પૃષ્ટ થાય છે અને તે કાર્યનું ફળ તેને શીઘ્ર નજીકના ભવિષ્યમાં મળે છે.

(૩) શારીરિક અનેક યોગ્યતાઓથી અને સાધનોથી સમાન બે પુરુષોમાં યુદ્ધ થવાથી એક વ્યક્તિ જીતી જાય છે, એક પરાજિત થાય છે. આમાં વીર્યાન્તરાય કર્મના ઉદય અનુદયનું મુખ્ય કારણ હોય છે. વીર્યવાન વિશેષ પરાક્રમી વ્યક્તિ જીતી જાય છે. ઓછા પરાક્રમવાળા હારી જાય છે.

(૪) વીર્ય બે પ્રકારના છે– ૧. લબ્ધિ વીર્ય ૨. કરણ વીર્ય. આત્માને શરીર વીર્યની ઉપલબ્ધિ થવી લબ્ધિ વીર્ય છે. તે વીર્યને ઉપયોગમાં લેવું પ્રવૃત્ત થવું, એ કરણ વીર્ય છે.

ચોવીસ દંડકના જીવ લબ્ધિ વીર્યથી સવીર્ય હોય છે અને કરણ વીર્યથી સવીર્ય, અવીર્ય બન્ને હોય છે. મનુષ્ય શૈલેશી અવસ્થામાં લબ્ધિ વીર્યથી સવીર્ય અને કરણ વીર્યથી અવીર્ય હોય છે. સિદ્ધ બન્ને અપેક્ષાથી અવીર્ય હોય છે. કેમ કે તેમને શરીર જ નથી અને બંને વીર્ય શરીર સાપેક્ષ છે. આત્મ સામર્થ્યથી તે સંપન્ન હોય છે.

## ઉદ્દેશક : ૯

(૧) અઢાર પાપોનો ત્યાગ કરવાથી જીવ(કર્મોથી) હળવો થાય છે અને સેવન કરવાથી ભારે થાય છે. પાપનો ત્યાગ કરવાથી જીવ સંસારને પરિત્ત કરે છે, ઘટાડે છે અને સંસારને પાર કરી મોક્ષમાં ચાલ્યા જાય છે. તેનાથી વિપરીત પાપના સેવન કરનારા જીવ સંસાર વધારે છે અને સંસારમાં વારંવાર ભ્રમણ કરે છે.

(૨)**અગુરુ લઘુ દ્રવ્ય** = આકાશ, આકાશાંતર, કાર્મણ શરીર, કર્મ, ધર્માસ્તિકાય, જીવ, ભાવ લેશ્યા, દષ્ટિ, દર્શન, જ્ઞાન, અજ્ઞાન, સંજ્ઞા, મનોયોગ, વચન યોગ, બન્ને ઉપયોગ, ત્રણેકાળ, સર્વદ્ધા કાલ.

**ગુરુ લઘુ દ્રવ્ય** = તનુવાત, ઘનવાત, પૃથ્વી, દ્વીપ, સમુદ્ર, ઔદારિક આદિ

ચાર શરીર, દ્રવ્ય લેશ્યા, કાય યોગ.

**ઉભય દ્રવ્ય** = કેટલાક પુદ્‌ગલ દ્રવ્ય અગુઢ લઘુ હોય છે અને કેટલાક ગુઢ લઘુ હોય છે. એટલા માટે પુદ્‌ગલાસ્તિકાય ઉભય સ્વરૂપ છે. ૨૪ દંડકના જીવ પણ કાર્મણ શરીર અને આત્માની અપેક્ષાએ અગુઢ લઘુ છે અને ચાર શરીરોની અપેક્ષાએ ગુઢ લઘુ છે. તેથી તે પણ ઉભય સ્વરૂપ છે. સર્વ દ્રવ્ય, સર્વ પ્રદેશ, સર્વ પર્યાય આદિ આ સમુચ્ચય બોલ હોવાથી ઉભય સ્વરૂપ છે.

(૩) શ્રમણ નિર્ગ્રંથે લઘુતા, અલ્પેચ્છા, અમૂર્ચ્છા ભાવ, અપ્રતિબદ્ધતા આદિ ગુણોને વધારવા જોઈએ અને ક્રોધાદિથી રહિત થવા યત્ન કરવો જોઈએ. રાગ દ્વેષથી મુક્ત જીવ જ કાંક્ષા પ્રદોષ(અન્ય મતનો આગ્રહ અને આસક્તિ)નો નાશ થવાથી મુક્ત થઈ શકે છે. તે જ ચરમ શરીરી થાય છે. એક જ ભવમાં જીવ બહુ મોહ– વાળો હોવા છતાં પછી મોહ મુક્ત, સંવર યુક્ત બની મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

(૪) એક જીવ એક સમયમાં એક જ આયુષ્ય કર્મનો ઉપભોગ કરે છે. અર્થાત્ વર્તમાન ભવનું આયુષ્ય ભોગવે છે, ભૂત અથવા ભવિષ્ય ભવનું આયુષ્ય નથી ભોગવતો. જો કોઈ સિદ્ધાંતવાળા બે આયુષ્ય એક સાથે ભોગવવાનું કહે તો તેનું તે કથન મિથ્યા સમજવું જોઈએ.

અબાધા કાળની અપેક્ષાએ આગળના ભવનું આયુષ્ય વ્યતીત થાય છે. પરંતુ તે અબાધા રૂપ હોવાથી ઉદયમાં ગણવામાં આવતું નથી. અર્થાત્ તે સમય વિપાકોદય અથવા પ્રદેશોદય બન્ને પ્રકારના ઉદયનો અભાવ હોય છે. તેથી અબાધાકાલ રૂપ સમયના પસાર થવાને ઉદય કહી શકાતો નથી. મતાંતરથી પ્રદેશોદય થાય છે, વિપાકોદય થતો નથી.

**(૫) અણગાર અને સ્થવિર સંવાદ :–** એકવાર ત્રેવીસમાં તીર્થંકર ભગવાન પાર્શ્વનાથના પરંપરાના શિષ્ય કાલાસ્યવેષિપુત્ર નામના અણગારે ભગવાન મહાવીર સ્વામીનાં સ્થવિર ભગવંતોની પાસે જઈ આક્ષેપાત્મક પ્રશ્ન કર્યા... ત્યારે સ્થવિરોએ યોગ્ય ઉત્તર આપ્યા તે સંવાદ આ પ્રમાણે છે–

**પ્રશ્ન :** હે સ્થવિરો ! તમે સામાયિક, સામાયિકનો અર્થ જાણતા નથી, એ જ રીતે પચ્ચક્ખાણ, સંયમ, સંવર, વિવેક, વ્યુત્સર્ગ અને તેના અર્થ-પરમાર્થ પણ જાણતા નથી ?

**ઉત્તર :** અમે સામાયિક આદિને તથા તેના પરમાર્થને જાણીએ છીએ.



**પ્રશ્ન :** જો જાણો છો તો કહો સામાયિક આદિ શું છે અને તેનો પરમાર્થ શું છે?

**ઉત્તર:** પ્રશ્ન કર્તાની મુંઝવણ નિશ્ચય નયની અપેક્ષાથી છે, એવું જાણીને સ્થવિરોએ ઉત્તર આપ્યો કે આત્મા જ સામાયિક આદિ છે અને આત્મા જ એનો અર્થ પરમાર્થ છે. ગુણ ગુણીમાં રહે છે. આ બધા ગુણ અને તેનો પરમાર્થ આત્માને જ મળનાર છે. તેથી ગુણ ગુણીના અભેદરૂપ નિશ્ચય નયથી આત્માને જ સામાયિક કહેવામાં આવેલ છે.

**પ્રશ્ન :** જ્યારે આ બધા આત્મા છે તો ક્રોધ માન આદિ પણ આત્મા જ છે. તેની ગર્હા(નિંદા) કેમ કરો છો ? શા માટે કરો છો ?

**ઉત્તર :** સંયમના માટે, સંયમ વૃદ્ધિના માટે, આત્મગુણના વિકાસ માટે અને અવગુણ સમાપ્તિ માટે તેની ગર્હા(નિંદા) કરીએ છીએ.

**પ્રશ્ન :** તો શું ગર્હા સંયમ છે કે અગર્હા સંયમ છે ?

**ઉત્તર :** પાપ કૃત્યોની નિંદા-ગર્હા કરવી સંયમ છે. ગર્હા બધા દોષોનો નાશ કરે છે. તેમાં બાલ ભાવને જાણીને, સમજીને તેનો ત્યાગ થાય છે અને સંયમની પુષ્ટિ થાય છે; આત્મા અધિકાધિક સંયમ ભાવોમાં સ્થિર થાય છે, સ્થાપિત થાય છે.

ત્યાર પછી કાલાસ્યવેષિપુત્ર અણગારની મુંઝવણોનું સમાધાન થઈ જતાં અને શ્રદ્ધા સ્થિર થઈ જતાં તેણે વંદન કરીને સ્થવિર ભગવંતોની સામે કૃતજ્ઞતા પ્રગટ કરી છે. એટલું જ નહિ પરંતુ પોતાનો મત જે ચાર મહાવ્રતવાળો હતો... તેને બદલે પાંચ મહાવ્રતરૂપ ધર્મનો સ્વીકાર કર્યો. અર્થાત્ ભગવાન મહાવીરના શાસનમાં શિષ્યત્વ સ્વીકારી લીધું. તે પછી તેમણે અનેક વર્ષોસુધી સંયમ પાલન કરી અને આરાધના કરીને સંપૂર્ણ કર્મ ક્ષય કરી મોક્ષ પ્રાપ્ત કર્યો.

**નિષ્કર્ષ :–** ભગવાન પાર્શ્વનાથના શિષ્યો ભગવાન મહાવીરના શાસનમાં સંપૂર્ણ રીતે જલ્દી પ્રવેશતા ન હતા. પરન્તુ આ પ્રકારે સમય સમય પર ચર્ચા વાર્તા કરીને કેટલાક શ્રમણો મહાવીરના શાસનમાં પ્રવેશતા હતા(ભળતા હતા). આનું મુખ્ય એક કારણ એ બન્યું હતું કે ગૌશાલક મંખલીપુત્ર પણ ભગવાન મહાવીરના સમકાલમાં જ ધર્મ પ્રણેતા બન્યો હતો અને પોતાને ચોવીસમા તીર્થંકર તરીકે જાહેર કરતો હતો. દેવની મદદથી અને નિમિત્તજ્ઞાન ચમત્કાર પ્રયોગથી અધિકાંશ પ્રજાને પોતાનાં ચક્કરમાં ફસાવતો હતો. આ કારણે દ્વિધામાં પડેલા ભગવાન પાર્શ્વનાથના કેટલાક શ્રમણ શાસનમાં ભળતા ન હતા અને કેટલાક હિંમત કરી

પ્રશ્નો દ્વારા ચકાસણી કરતા હતા. તે પહેલાં તેઓ વંદન પણ કરતા ન હતા. તેઓ ચોક્કસ ચકાસણી પછી જ વીરના શાસનમાં ભળતા. તેમ છતાં સેંકડો સાધુઓ તો ગૌશાલકનાં ચક્કરમાં આવી ગયા હતા અને તેનું શિષ્યત્વ પણ સ્વીકારી લીધું હતું. ચોથા આરા અને સતયુગના સમયમાં પણ આવી ન બનવા જેવી ઘટનાઓ બની જતી.

(૬) અવ્રતની ક્રિયા અર્થાત્ અપ્રત્યાખ્યાન-પ્રત્યયા ક્રિયા બધાં અવિરત જીવોને સમાન જ લાગે છે. પછી ભલેને વર્તમાનમાં કોઈ શેઠ હોય, અથવા રાજા, ભિખારી, નાના-મોટા કોઈ પણ કેમ ન હોય.

જેવું પણ છે તે વર્તમાનમાં છે. તેનું વર્તમાન પ્રવૃત્તિઓથી બંધ તદનુસાર હોઈ શકે છે. પરંતુ પરોક્ષથી સંબંધિત અવ્રત ક્રિયાના આગમનમાં વર્તમાન અવસ્થાનો પ્રભાવ પડતો નથી.

જો તે કોઈ પણ જીવ વ્રતી બની જાય, દેશવિરતિ અથવા સર્વ વિરતિ સ્વીકાર કરે તો તેની અવ્રતની ક્રિયા પર પ્રભાવ પડે છે. અર્થાત્ તેનું અસ્તિત્વ અવરોધાઈ જાય છે. પરન્તુ વર્તમાને જે અવ્રતી જીવ છે તે ભલે હાથી હોય અથવા કીડી તેમને તો અવ્રત ક્રિયા સમાન જ હોય છે.

(૭) જે સાધુ ઈરાદાપૂર્વક જાણી જોઈને આધાકર્મી(પોતાના નિમિત્તે બનેલા) આહારાદિનું સેવન કરે છે તે કર્મોની(પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ બધી અપેક્ષાથી) અભિવૃદ્ધિ કરે છે. તે કર્મોને મજબૂત કરે છે; આયુષ્ય કર્મ તો જીવનમાં એક જ વાર બંધાય છે; તેમાં ઘટ–વધ કાંઈ ન થાય; તેથી ઉપર કહેલ વૃદ્ધિ સાત કર્મોની અપેક્ષાએ જાણવી. તેમાં પણ અશાતાવેદનીયનો વિશેષ વિશેષતર બંધ થાય છે.

આ પ્રકારે આધાકર્મી આહારનું સેવન કરીને શાતા ઈચ્છનારને પણ આશાતા યોગ્ય કર્મોનો જ અધિકાધિક સંગ્રહ વધી જાય છે.

કોઈ સૂત્રમાં આધાકર્મી આહારાદિ સેવનથી કર્મ બંધ થવાના વિકલ્પ પણ બતાવ્યા છે. તે અનાભોગ અથવા સપરિસ્થિતિક(અપવાદ કારણે) આદિની અપેક્ષાએ છે અને સાધુ માટે એકાંત ભાષા પ્રયોગના નિષેધ માટે છે. કેમ કે કોઈપણ જીવ કોઈ પ્રવૃત્તિ કરતાં કેવા કર્મ બંધ કરે એ તેના વ્યક્તિગત પરિણામો પર નિર્ભર છે, જેને છદ્મસ્થ માનવ જાણી શકતો નથી, સમજી શકતો નથી, તેથી "તે જીવે કર્મબંધ કર્યો અથવા કર્મોનો બંધ નથી કર્યો" આવો નિર્ણય(ન્યાય) દેવાનો



અધિકાર વ્યક્તિગત કોઈ છદ્મસ્થને નથી. પરંતુ સિદ્ધાન્ત રૂપ કહી શકાય છે. ઉક્ત પ્રાસંગિક સૂત્રમાં પણ કર્મબંધ સંબંધીનું કથન સિદ્ધાંત રૂપમાં જ કરવામાં આવેલ છે.

એનો આશય એ છે કે જે સાધુ ગાઢ(ખાસ) પરિસ્થિતિ વિના પ્રમાદવશ કે લાપરવાહી વશ સંયમના શિથિલ માનસથી આવી પ્રવૃત્તિ કરે છે, તેની આલોચના પ્રાયશ્ચિત કરતો નથી. તેનો ખેદાનુભવ કરતો નથી, તે એવા પરિણામોવાળા પ્રસ્તુત સૂત્રોક્ત બંધ કરે છે અને સંસારભ્રમણની વૃદ્ધિ કરે છે.

(૮) પ્રાસુક એષણીય અને શાસ્ત્રોક્ત સર્વ પ્રકારના દોષોથી રહિત પૂર્ણ શુદ્ધ આહારાદિ ગ્રહણ કરનાર, ભોગવનાર, શ્રમણ, ઉપરોકત કર્મોનો બંધ કરતો નથી, પરંતુ વિશેષ રૂપથી કર્મ ક્ષય કરે છે અને શીઘ્ર જ સંસાર ભ્રમણને ઘટાડી સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરે છે.

એનું કારણ એ છે કે શુદ્ધ ગવેષણા કરનારા અણગાર આત્મ સાક્ષીથી સંયમ ધર્મનું અતિક્રમણ કરતા નથી. છ કાયના જીવોની પણ પૂર્ણ રૂપથી રક્ષા કરે છે. તે જીવોની પૂર્ણ દયા પાળે છે. પરંતુ આધાકર્મી સેવન કરનારા તો તે જીવોની રક્ષા અથવા અનુકંપા તરફ ઉપેક્ષા સેવે છે.

(૯) અસ્થિર સ્વભાવવાળા આત્મા જ આ પ્રકારે સંયમભાવથી અસંયમ– ભાવમાં બદલાય છે. અર્થાત્ ગવેષણાથી અગવેષણા ભાવમાં બદલાઈ જાય છે. અસ્થિર બનેલ આત્મા જ વ્રતોનો ભંગ કરે છે; સંયમ મર્યાદાનો ભંગ કરે છે. તેથી મોક્ષાર્થી સાધકે પોતાના આત્માને સ્થિર પરિણામી બનાવવો જોઈએ. કેમ કે બાલ અને પંડિત થનારા જીવ તો શા✓ત હોય છે. પરંતુ બાલત્વ અને પંડિતત્વ એ અશા✓ત છે.

અર્થાત્ સ્થિર પરિણામોથી પંડિતપણું સ્થિર રહી શકે છે અને અસ્થિર પરિણામોથી તે બાલત્વમાં પરિવર્તિત થઈ શકે છે. તેથી આત્મસાધકે સંયમના નિયમોનું સ્થિર પરિણામી થઈને પાલન કરવું જોઈએ. આધાકર્મી આદિ દોષોનું સેવન ન કરવું જોઈએ. ત્યારે જ તેનું પંડિતત્વ કાયમ રહી શકે છે.

## ઉદ્દેશક : ૧૦

**(૧) અન્ય તીર્થિક માન્યતાઓ :–**

(૧) થઈ રહેલીને અને થતી ક્રિયાને થઈ, એમ ન કહેવું (૨) બે પરમાણુનો

પરસ્પર સંબંધ થતો નથી, કેમ કે તેમાં સ્નિગ્ધતા હોતી નથી. પરન્તુ ત્રણ પરમાણુમાં સંબંધ થાય છે. (૩) ત્રણ પ્રદેશથી સ્કંધના દોઢ–દોઢ પરમાણુરૂપ બે ટુકડા થઈ જાય છે. (૪) પાંચ પરમાણુ એકત્ર થઈને દુઃખ રૂપ થાય છે. તે દુઃખ શા✓ત રહે છે. (૫) પહેલા અને પછી ભાષા હોય છે; બોલવા સમયે અભાષા હોય છે. (૬) એ જ પ્રકારે ક્રિયા પણ પહેલાં-પછી દુઃખકર હોય છે. કરતા સમયે નહીં. તે પણ કર્યા વિના દુઃખ કર હોય છે, કરવાથી નહીં. (૭) કર્યા વિના, સ્પર્શ્યા વિના જ જીવ દુઃખ વેદના વેદે છે. (૮) સાંપરાયિક અને ઈર્યાપથી બન્ને ક્રિયા એક સાથે લાગે છે.

આ બધી મિથ્યા(ખોટી) માન્યતાઓ છે. સત્યથી વિપરીત છે. સાચી માન્યતા એમ છે કે– (૧) ચાલતું હોય તેને ચાલ્યું કહેવું. (૨) બે પરમાણુમાં સ્નિગ્ધતા હોય છે, બંધ પણ હોય છે. (૩) દોઢ પરમાણુ કયારેય હોતા નથી. (૪) કોઈ પણ દુઃખ શા✓ત નથી, કોઈ પણ સ્કંધના દુઃખ, સુખના સ્વભાવ પરિવર્તિત થતા રહે છે. (૫)બોલવા સમયે જ ભાષા ભાષરૂપ કહેવાય છે. (૬) ક્રિયા કરવા સમયે લાગે છે. કર્યા વિના લાગતી નથી. (૭) કરેલા કર્મનો ફળ સ્પર્શ કરીને જીવ વેદના વેદે છે. (૮) સાંપરાયિક ક્રિયા જ્યારે જ્યાં સુધી લાગે છે, ત્યાં સુધી ઈર્યાપથિકી ક્રિયા લાગતી નથી. દસ ગુણ સ્થાન સુધી સાંપરાયિક ક્રિયા છે. આગળ ૧૧–૧૨–૧૩ માં ગુણ સ્થાનમાં ઈર્યાવહિ ક્રિયા છે. તેથી એકી સાથે બન્ને ક્રિયા લાગતી નથી.

(૨) ચોવીસ દંડકનું ઉત્પત્તિ સંબંધી વિરહકાળ પ્રજ્ઞાપના પદ ૬ માં કહેવામાં આવેલ છે તે પ્રમાણે સારાંશ ખંડ–૬ થી જાણવું.

**॥ શતક ૧/૧૦ સંપૂર્ણ ॥**

## શતક–૨ : ઉદ્દેશક–૧

(૧) જેવી રીતે બેઈન્દ્રિય આદિ ✓ાસો✓ાસ લે છે. તેવી જ રીતે એકેન્દ્રિય પણ અનંત પ્રદેશી વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાન પુદ્ગલોનો ✓ાસો✓ાસ લે છે અને છોડે છે.

વાયુકાય પણ ✓ાસો✓ાસ લે છે. અચિત્ત વાયુ ✓ાસો✓ાસ વર્ગણા રૂપ અલગ હોય છે. તેનો ✓ાસો✓ાસ લઈ શકાય છે. વાયુકાય જીવ વાયુકાયરૂપે લાખો ભવ નિરંતર કરી શકે છે. અર્થાત્ અસંખ્ય ભવ નિરંતર થઈ જાય છે. પરભવમાં



જવા સમયે તેજસ કાર્મણ શરીર સાથે રહે છે, ઔદારિક કે વૈક્રિય શરીર રહેતા નથી.

(૨) અચિત ભોજી બનેલ અણગાર જો ભવ પ્રપંચથી મુક્ત ન થાય તો તે પણ સંસારમાં જન્મ મરણ કરે છે. ત્યાં પ્રાણ ભૂત જીવ અથવા સત્ત્વ કાંઈ પણ હોઈ શકે છે, કહી શકાય છે– **૧. પ્રાણ**– ✓ાસો✓ાસ લેવાથી **૨. ભૂત**– શા✓ત હોવાથી **૩. જીવ**– આયુષ્ય કર્મથી જીવે છે માટે **૪. સત્ત્વ**– અશુભ-શુભ કર્મોની સત્તાથી **૫. |J^6 વિજ્ઞ**– રસાદિને જાણવાથી **૬. વેદક**– સુખ-દુઃખ વેદનાથી.

ભવ પ્રપંચને સમાપ્ત કરનારા અણગાર પ્રાણ ભૂત આદિ કહેવાતા નથી. તે સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પારગત, અંતકૃત કહેવાય છે અને સર્વ દુઃખોથી રહિત કહેવાય છે.

**(૩) સ્કંધક અણગાર :–** શ્રાવસ્તી નગરીમાં ગર્દભાલ નામના પરિવ્રાજકના શિષ્ય સ્કંધક પરિવ્રાજક રહેતા હતા. જે બ્રાહ્મણ પરિવ્રાજક મતમાં નિષ્ણાત હતા. વેદોમાં પારંગત હતા. તે નગરીમાં શ્રમણ ભગવાન મહાવીરના(શ્રાવક) ભક્ત " પિંગલ નિર્ગ્રન્થ " પણ રહેતા હતા.

**(૪) પિંગલ શ્રાવક :–** એકવાર " પિંગલ" શ્રાવકે સ્કંધકની પાસે જઈ નીચેના પ્રશ્નો પૂછ્યા–

**પ્રશ્ન– (૧)** લોક સાંત છે કે અનંત ? **(૨)** જીવ સાંત છે કે અનંત ? **(૩)** સિદ્ધિ સાંત છે કે અનંત ? **(૪)** સિદ્ધ સાંત છે કે અનંત ? **(૫)** કયા પ્રકારનાં મરણથી મૃત્યુ પામતાં જીવ સંસાર વધારે છે કે ઘટાડે છે ?

આ પ્રકારના પ્રશ્નો સાંભળીને સ્કંધક પરિવ્રાજક કોઈ પણ ચોક્કસ જવાબ આપી શકયા નહીં... પિંગલે ફરી ફરી એ પ્રશ્નોનું પુનરાવર્તન કરી ઉત્તર દેવા માટે આગ્રહ કર્યો... પરંતુ સ્કંધક સંદેહશીલ બનીને મૌન રહ્યા. પિંગલ ત્યાંથી ચાલ્યા ગયા.

ભગવાન મહાવીર સ્વામી ગ્રામાનુગ્રામ વિચરતાં કૃતંગલા નગરીમાં પધાર્યા જે નગરી શ્રાવસ્તી નગરીની નજીકમાં જ હતી. સ્કંધકને પણ જાણ થઈ. તેણે આગળ બતાવેલા પ્રશ્નોના સમાધાન ભગવાન પાસેથી પ્રાપ્ત કરવાનો વિચાર કર્યો અને પરિપૂર્ણ વેશભૂષા સાથે પોતાના સ્થાનેથી ચાલી નીકળ્યા.

**સ્કંધક ભગવાનની સેવામાં :–** સ્કંધક સંન્યાસી પહેલા ગૌતમ સ્વામીના મિત્ર–

સહચારી હતા. ભગવાને, ગૌતમ સ્વામીને જણાવતાં કહ્યું– આજે તમને તમારા જૂના મિત્ર મળવાના છે. ગૌતમ સ્વામીનાં પૂછવાથી ભગવાને તેનું નામ અને આગમનનું કારણ જણાવ્યું. ભગવાનને પ્રશ્ન પૂછતાં ગૌતમ સ્વામીએ કહ્યું– પ્રભુ ! તે મિત્ર સ્કંધક આપની પાસે દીક્ષા ગ્રહણ કરશે ? ભગવાને સ્વીકૃતિરૂપ ઉત્તર આપ્યો. એટલામાં જ સ્કંધક પરિવ્રાજકને સામેથી આવતાં ગૌતમ સ્વામીએ જોયા.

ગૌતમ સ્વામી ઉભા થઈ સામે ગયા અને મધુર વચનોથી સ્વાગત કરીને કહ્યું કે તમે અમુક પ્રસંગ માટે ઉપસ્થિત થયા છો ? ત્યાર પછી સ્કંધકની આશ્ચર્ય–મય જિજ્ઞાસાનું સમાધાન કરતાં ગૌતમ સ્વામીએ કહ્યું–મારા ધર્મગુરુ ધર્માચાર્ય જ્ઞાની છે. તેઓશ્રીએ જ આપના મનની વાત મને કહી છે. આ સાંભળી સ્કંધક ભગવાનનાં જ્ઞાન પ્રત્યે શ્રદ્ધાન્વિત થયા.

તે દિવસોમાં ભગવાન નિત્ય ભોજનચર્યામાં હતા. કાંઈ પણ તપશ્ચર્યા ચાલતી ન હતી. તેથી ભગવાનનું શરીર વિશેષ સુંદર અને સુશોભિત દેખાતું હતું. સ્કંધક, ભગવાનની શરીર સંપદા જોઈને પરમ આનંદ પામ્યા. ભગવાનને તેણે ભક્તિપૂર્વક ત્રણ વાર આવર્તનપૂર્વક વંદન નમસ્કાર કરી અને પર્યુપાસના કરવાના હેતુથી ત્યાં બેસી ગયા.

**પ્રશ્નોનાં સમાધાન :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ પોતાની રીતે સ્કંધકને સંબોધન કરીને તેના પ્રશ્નો રજૂ કરી સમાધાન આ પ્રકારે કર્યું–

દ્રવ્યથી અને ક્ષેત્રથી લોક સાંત છે. કાલ અને ભાવથી અનંત છે. એ પ્રકારે જીવ પણ દ્રવ્ય અને ક્ષેત્રથી સાંત છે; કાલ અને ભાવથી અનંત છે. એ જ પ્રકારે સિદ્ધ અને સિદ્ધિનું સમજવું અર્થાત્ દ્રવ્યથી એની સંખ્યા છે, ક્ષેત્રથી અવગાહના ક્ષેત્ર સીમિત છે, કાલથી આ ચારે શા✓ત છે અને ભાવથી એના ગુણો આદિ પણ શા✓ત છે. તેથી ઉત્તર અનેકાંતિક વચનમય આ પ્રકારે થાય છે કે. " આ સાંત પણ છે અને અનંત પણ છે." બાલમરણથી મરતા જીવો સંસારવૃદ્ધિ કરે છે અને પંડિતમરણથી મરતા જીવો સંસાર ઘટાડે છે.

**સ્કંધક પરિવ્રાજક થી સ્કંધક અણગાર :–** સ્કંધક પ્રભાવિત તો પહેલેથી જ હતા. તીર્થંકર ભગવાન દ્વારા સાક્ષાત સમાધાન સાંભળીને તેમના હૃદયનું પરિવર્તન થઈ ગયું અને તેમણે ભગવાનની પાસે શ્રમણ દીક્ષા સ્વીકારી, સંયમ વિધિનું જ્ઞાન પ્રાપ્ત કરી; તપ, સંયમથી આત્માને ભાવિત કરવા લાગ્યા.

સ્કંધક અણગારે અગિયાર અંગોનું અધ્યયન કર્યું. ત્યારબાદ તેમણે



આજ્ઞાપૂર્વક ભિક્ષુની બાર પડિમાની આરાધના કરી; તેમણે ગુણરત્ન સંવત્સર તપવિધિને પૂર્ણ કરી અને અન્ય વિવિધ માસખમણપર્યન્તની તપસ્યાઓની આરાધના કરી; બાર વર્ષનાં સંયમ પર્યાયમાં શરીરને સૂકવીને હાડપિંજર બનાવી નાંખ્યું; જ્યારે શરીરથી પ્રત્યેક કાર્ય કરવામાં તકલીફ થવા લાગી ત્યારે ધર્મ–જાગરણ કરતાં સંલેખના-સંથારો સ્વીકારવાનો નિર્ણય કર્યો અને ભગવાનની આજ્ઞા લઈ સશક્ત શ્રમણોની સહાયતાથી ધીમે-ધીમે વિપુલ પર્વત પર જઈને આજીવન અનશન ગ્રહણ કર્યું. એક માસ સુધી તેમનો પાદપોપગમન સંથારો ચાલ્યો. આયુષ્ય પૂર્ણ થતાં દિવંગત થયા.

સેવામાં રહેલા સશક્ત શ્રમણોએ તેમના પરિનિર્વાણનો કાયોત્સર્ગ કરી તેમના શરીરને ત્યાં જ વોસિરાવી અવશેષ ઉપકરણોને લઈ, ભગવાનની સેવામાં પહોંચી, વંદન નમસ્કાર કરી, સ્કંધક અણગારના સફળ સંથારાના અને કાળધર્મના સમાચાર આપી, તેમના બાકીના ઉપકરણ સમર્પિત કર્યા.

**સ્કંધકની ગતિ :–** ગૌતમસ્વામીએ પ્રશ્ન પૂછતાં ભગવાને ફરમાવ્યું કે મારા અંતેવાસી ગુણ સંપન્ન સ્કંધક અણગાર સંયમની આરાધના કરીને બારમાં દેવલોકમાં ગયા છે. ત્યાંથી બાવીશ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી મહા–વિદેહક્ષેત્રમાં જન્મ લઈને યથા સમય સંયમ ગ્રહણ કરી સંપૂર્ણ કર્મોનો ક્ષય કરશે અને અંતે સિદ્ધ, બુદ્ધ, મુક્ત થશે.

બાલમરણ, પંડિત મરણ, ભિક્ષુ પડિમા, ગુણ રત્ન, સંવત્સર તપ આદિનું વર્ણન જુદા જુદા શાસ્ત્રોમાં છે.

***[ટિપ્પણ : સ્કંધક સન્યાસીને પ્રશ્ન પૂછનાર "પિંગલ" શ્રાવક હતા કે શ્રમણ ? આ પ્રશ્ન ઉભો થાય છે. કેમ કે સૂત્રમાં નિર્ગ્રન્થ અને શ્રાવક બન્ને શબ્દ ઉપલબ્ધ છે. સૂત્રમાં પિંગલ માટે " પરિવસઈ" ક્રિયાનો પ્રયોગ કરેલ છે, જે શ્રમણોપાસક ગૃહસ્થ અને પરિવ્રાજકો માટે પ્રયોગ કરવામાં આવે છે. નિર્ગ્રન્થ શ્રમણ માટે એવી ક્રિયાનો પ્રયોગ યોગ્ય ગણાતો નથી. શ્રમણ માટે UFDF6UFD N.¾HDF6... ;DI;- અથવા YZF6 YZ EID 5¿F64 એવો પ્રયોગ થાય છે. તેથી અહીં IG19 શબ્દ સંદેહાસ્પદ છે, કયારેક લિપિ કાલમાં વધી ગયો હશે, નિર્ગ્રન્થ શબ્દનો અસ્વીકાર કરવાથી કોઈ પ્રશ્ન ઉભો થતો નથી. TtJ T SJ, L UdI ]***

## ઉદ્દેશક : ૨–૪

(૧) સમુદ્ઘાત સંબંધી વર્ણન પ્રજ્ઞાપના પદ ૩૬માં છે તે વર્ણન અહીં લગભગ

સંપૂર્ણ સમજી લેવું.

(૨) નરક પૃથ્વી પિંડ આદિ વર્ણન માટે જીવાભિગમ સૂત્ર ત્રીજી પ્રતિપત્તિનો પ્રથમ ઉદ્દેશક સંપૂર્ણ અહીં સમજી લેવો.

(૩) ઈન્દ્રિયો સંબંધી વર્ણન માટે પ્રજ્ઞાપના પદ ૧૫નો પ્રથમ ઉદ્દેશક અહીં સમ્પૂર્ણ સમજી લેવો.

## ઉદ્દેશક : ૫

(૧) દેવ ગતિમાં દેવોની પરિચારણા વિવિધ પ્રકારની હોય છે. સ્વાભાવિક રૂપથી પોતાની દેવીઓની સાથે પરિચારણા કરે છે. વિશેષ રૂપમાં પોતાની દેવીઓ દ્વારા વૈક્રિય કૃત હજારો દેવીઓની સાથે પરિચારણા કરે છે.

કયારેક વિકૃત બુદ્ધિવાળા દેવ અન્ય દેવોની દેવીઓ સાથે પણ પરિચારણા કરે છે અને નિદાન કૃત કોઈ દેવ સ્વયં જ દેવીઓની વિકુર્વણા કરીને તે રૂપોની સાથે પરિચારણા કરે છે.

આ બધા પ્રકારની પરિચારણા કરનારા દેવ કેવળ એક જ પુઢષવેદનું વેદન કરે છે. એક સમયમાં એક જીવને બે વેદનો ઉદય એક સાથે થતો નથી. તેથી સ્વયં દેવી રૂપ બનવું વિડંબના સંયોગ માત્ર હોય છે. તે દેવ પરિચારણા કરવામાં એક પુઢષ વેદનો જ અનુભવ કરે છે. સ્ત્રીવેદનો અનુભવ કરતા નથી. કેમ કે તે દેવ પુઢષ વેદની ઉપશાંતિને માટે જ દેવીનું રૂપ બનાવે છે.

*[**નોંધ :–** અહીં મૂળ પાઠમાં લિપિ દોષ, કાલદોષ આદિથી પાઠ વિકૃત થયો હોય તેમ જણાય છે. **નો** શબ્દ છૂટી જવાથી સંયમ આરાધના કરીને દેવ બનવાવાળાને પણ અન્ય દેવોની દેવીઓ સાથે પરિચારણા કરવાનો અર્થ થાય છે. તે અયોગ્ય છે. તેથી " નો " શબ્દ સાથે પાઠ સમજવો જોઈએ. ઉક્ત સારાંશ તે જ પાઠની અપેક્ષાએ લખ્યો છે.]*

અન્યતીર્થિક અન્ય તમામ પ્રકારની પરિચારણાનો નિષેધ કરી પોતાનાં દ્વારા વિકુર્વિત દેવીના સાથે વાળી કેવલ એક પ્રકારની પરિચારણાનું કહે છે અને એક સમયમાં બે વેદનું વેદન એક વ્યક્તિને થાય એમ કહે છે. તેમનું આ કહેવું મિથ્યા અને ભ્રમપૂર્ણ છે. વિભંગ જ્ઞાનના નિમિત્તે આવા કેટલાય ભ્રમ પ્રચલિત થઈ જાય છે. જિનાનુમત સત્ય કથન ઉપર બતાવવામાં આવેલ છે. તેનું વિશેષ સ્પષ્ટીકરણ જાણવા માટે બ્યાવરથી પ્રકાશિત કે ગુઢપ્રાણ ફાઉન્ડેશન રાજકોટથી



પ્રકાશિત દશાશ્રુત સ્કંધ સૂત્રમાં દશમી દશામાં ૯ નિદાનનું વિવેચન જોઈ લેવું.

**ગર્ભ વિષય :–** (૨) વાદળાના રૂપમાં અપકાયના જીવોનું રહેવું જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ છ મહિના સુધી હોઈ શકે છે અને તેને ઉદકગર્ભ કાળ કહેવાય છે.

(૩) તિર્યંચનો ગર્ભકાળ જઘન્ય અંત મુહૂર્ત છે, ઉત્કૃષ્ટ આઠ વર્ષનો છે. મનુષ્યનો ગર્ભકાળ જઘન્ય અતંમુહૂર્તનો છે, ઉત્કૃષ્ટ ૧૨ વર્ષનો છે. અર્થાત્ અંતમુહૂર્ત પછી ગર્ભમાં રહેલા જીવનું આયુષ્ય પૂર્ણ થઈ જાય છે અને કોઈ આઠ અથવા ૧૨ વર્ષ સુધી પણ ગર્ભમાં જીવિત રહી શકે છે.

(૪) એક જીવ ગર્ભમાં મરીને ગર્ભમાં જન્મે તો એવા ગર્ભની કાયસ્થિતિની અપેક્ષાએ ઉત્કૃષ્ટ ૨૪ વર્ષ સુધી એક જ ગર્ભ સ્થાનમાં જીવ રહી શકે છે. તે જીવ ગર્ભમાં જ્યારે બીજો જન્મ ધારણ કરે ત્યારે કરનાર ફરી નવું શરીર બનાવે છે. તે મૃત શરીર તો યેન કેન પ્રકારે વિશીર્ણ થઈ જાય છે, ગળી જાય છે. અથવા કાઢી નાંખવામાં આવે છે.

(૫) મનુષ્ય અને તિર્યંચની પરિચારણા પછી યોનિ સ્થાન ઉત્કૃષ્ટ ૧૨ મુહૂર્ત સુધી જીવને ઉત્પન્ન થવા યોગ્ય બની રહે છે. અર્થાત્ યોનિમાં મિશ્રિત બનેલ શુક્ર-લોહી(શોણિત) ઉત્કૃષ્ટ ૧૨ મુહૂર્ત સુધી તે રૂપમાં સુરક્ષિત રહી શકે છે. જઘન્ય મધ્યમની અપેક્ષાએ હીનાધિક કોઈ પણ સમય યથાયોગ્ય હોઈ શકે છે. એકાંતે ૧૨ મુહૂર્ત નહીં સમજવા; તે તો ઉત્કૃષ્ટ કાળ કહેવામાં આવેલ છે.

તાત્પર્ય આ છે કે કોઈ સ્ત્રીને અંતર્મુહૂર્તમાં જ તે પુદ્ગલ શરીર રૂપમાં પરિણત થઈ શકે છે, કોઈને મુહૂર્ત, બે મુહૂર્ત, ત્રણ મુહૂર્ત આદિ પણ રહી શકે છે. વધારે કોઈ સ્ત્રીને રહે તો ૧૨ મુહૂર્ત રહી શકે છે. આ ૧૨ મુહૂર્ત કહેવાનો આશય ઉત્કૃષ્ટની અપેક્ષા છે તેમ સમજવો જોઈએ.

(૬) એક જીવ એક ભવમાં જઘન્ય એક–બે–ત્રણ ઉત્કૃષ્ટ અનેક સો વ્યક્તિ–ઓનો પુત્ર હોઈ શકે છે. અર્થાત્ તેના અનેક સો પિતા હોઈ શકે છે.

(૭) એક જીવને એક ભવમાં ઉત્કૃષ્ટ અનેક લાખ(લાખો) જીવ પુત્ર રૂપમાં જન્મ લઈ શકે છે અર્થાત્ તે લાખો જીવોનો પિતા હોઈ શકે છે.

(૮) મૈથુન સેવન પણ એક પ્રકારનો મહાન અસંયમ છે. જે આત્માના વિકાર ભાવ રૂપ વિડમ્બના માત્ર છે. તેનાથી અનેક પ્રમાદ અને દોષોની ઉત્પત્તિની પરંપરા વધે છે. આ કારણે આ મૈથુન સેવનને પાપો તથા અધર્મનો મૂળ તથા

દોષોનો ભંડાર દશવૈકાલિક સૂત્રમાં કહેવમાં આવેલ છે. યથા–

D,DI-DCdD:;4 DCFNW; ;D:;I

**(૯) તુંગિયાપુરી(નગરી)ના શ્રમણોપાસક :–** તુંગિયા નામની નગરીમાં અનેક આદર્શ શ્રમણોપાસક રહેતા હતા. એક વખત ત્યાં પાર્શ્વનાથ ભગવાનના શાસન–વર્તી સ્થવિરશ્રમણ પાંચસો શ્રમણ પરિવાર સાથે પધાર્યા. તે શ્રાવકો સાથે મળીને પર્યુપાસના કરવા ગયા. દર્શન... વંદન કરી ધર્મોપદેશ સાંભળ્યો, પ્રશ્નો પૂછી, સમાધાન પ્રાપ્ત કરી, વિનયભક્તિ કરીને ચાલ્યા ગયા.

કેટલાક સમય બાદ તે નગરીમાં ભગવાન મહાવીર સ્વામીનું પદાર્પણ થયું. ત્યાં ગૌતમ સ્વામી પારણાર્થે ગોચરી માટે નીકળ્યા. લોકો પાસેથી તે નગરમાં ચર્ચા સાંભળવા મળી કે અહીં પાર્√નાથ ભગવાનના સ્થવિરોને અમુક શ્રાવકોએ એવું પૂછ્યું અને તેનું સમાધાન શ્રમણોએ આપ્યું.

ગૌતમ સ્વામીએ જે કંઈ સાંભળ્યું તે ભગવાનની સેવામાં આવી નિવેદન કરી અને પૂછ્યું કે આવા ઉત્તર સ્થવિર આપી શકે છે? અને એ ઉત્તર તેમના સાચા છે ? ભગવાને તે ઘટનાક્રમ અને ઉત્તરોનું સત્ય હોવાનું કથન કર્યું.

**(૧૦) શ્રમણોપાસકનો પરિચય ગુણ વર્ણન :–** તે શ્રમણોપાસક ઋદ્ધિ સમ્પન્ન, દેદિપ્યમાન(યશસ્વી) હતા. બહુધન અને સ્વર્ણ–રજતથી સમ્પન્ન હતા. સંપત્તિના આદાન-પ્રદાનના વ્યવસાયવાળા હતા. પ્રચુર ભોજન તેમના ઘરમાં અવશેષ રહેતું હતું. દાસ દાસી નોકર પશુ ઘનથી પણ સંયુક્ત હતા.

જીવ અજીવ પદાર્થોના જ્ઞાતા પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, ક્રિયા, અધિકરણ, બંધ, મોક્ષના જ્ઞાનમાં અને તેના વિવેકમાં કુશળ હતા. દેવોની સહાયની ઈચ્છા કરવાવાળા ન હતા. યક્ષ, રાક્ષસ આદિથી પણ ડરવાવાળા ન હતા. અર્થાત્ એ દેવો મહાન ઉપદ્રવ કરીને પણ તેમને ધર્મથી ચલાયમાન કરી શકતા ન હતા. તે નિર્ગ્રન્થ પ્રવચનમાં શંકા, કાંક્ષા, વિતિગિચ્છા આદિથી રહિત હતા.

તે નિર્ગ્રંથ પ્રવચનમાં લબ્ધાર્થ, ગ્રહિતાર્થ, પૃચ્છિતાર્થ, અભિગતાર્થ અને વનિશ્ચાયાર્થ હતા. અર્થાત્ જિનમતના તત્ત્વોને પૂર્ણ રૂપથી સમજયા હતા. તેમના અંતરમાં(રગે રગમાં) હાડ-હાડમાં ધર્મ રંગ ધર્મપ્રેમ-અનુરાગ ભરેલ હતો. તે એવો અનુભવ કરતા હતા કે, 'આ નિર્ગ્રન્થ પ્રવચન જ અર્થભૂત છે, પરમાર્થ રૂપ છે. શેષ તમામ નિરર્થક છે. તેનાથી આત્માનું મનુષ્યભવ પ્રાપ્ત કરવાનું કોઈ



પ્રયોજન સિદ્ધ થનાર નથી.'

તેમના ઘરનાં મુખ્ય પ્રવેશ દ્વાર અંદરથી બંધ રહેતા ન હતા. અથવા તો તેઓ ગોચરીના સમયે દ્વાર ખુલ્લા રાખતા હતા. તે શ્રમણોપાસક પ્રયોજન વિના રાજાના અંતઃપુરમાં યા અન્ય ઘરોમાં પ્રવેશ કરતા ન હતા. અર્થાત્ તે બ્રહ્મચર્ય અને શીલમાં પૂર્ણ મર્યાદિત-ચોક્કસ હતા. અથવા સર્વત્ર જેમનો પૂર્ણ વિ√ાસ જામેલો હતો. તેઓએ ઘણાં વ્રત, નિયમ, ત્યાગ, પ્રત્યાખ્યાન ગ્રહણ કરેલા હતા. આઠમ, ચૌદસ, અમાવાસ્યા, પૂનમના પરિપૂર્ણ(આશ્રવ ત્યાગની પ્રમુખતાથી) પૌષધ કરતા હતા. શ્રમણ નિર્ગ્રન્થોને પ્રાસુક એષણીય કલ્પનીય આહાર પાણી, વસ્ત્ર, પાત્ર, મકાન, શય્યા, ઔષધ, ભેષજ આદિ પ્રતિલાભિત કરતા હતા. પોતે પણ તપસ્યાઓ દ્વારા આત્માને ભાવિત કરતા હતા.

(૧૧) શ્રમણના ગુણોનું વર્ણન અન્ય સૂત્રોમાં કરવામાં આવેલ છે. તે માટે જુઓ– ઔપપાતિક સૂત્ર. ભગવાનના શ્રમણો પણ કુત્રિકાપણ–દેવાધિષ્ઠિત દુકાનના સમાન ગુણોના ભંડાર જેવા હોય છે.

(૧૨) ભગવાનના અથવા શ્રમણોના દર્શન કરવા માટે શ્રાવકો પગે પણ જતા હતા અને વાહનથી પણ જતા હતા. સ્નાન આદિ નિત્ય ક્રિયા કરીને પણ જતા અને વિના કર્યે પણ જતા હતા. એકલા પણ જતાં અને સમૂહમાં એકત્રિત થઈને પણ જતા હતા. અહીના વર્ણનમાં તુંગિયાપુરીના શ્રાવકો પગે ચાલીને ગયા હતા. સ્નાનવિધિ ક્રિયા પૂર્ણ કરીને સમૂહ સાથે ગયા હતા. સ્નાનક્રિયા પૂર્ણ વિધિના સંક્ષિપ્ત પાઠને માટે ભલામણ આપતા સૂત્રમાં "કૃતવલિકર્મા" શબ્દનો પ્રયોગ કરેલ છે.જેનો અર્થ છે– "બીજી પણ સ્નાન સંબંધી બધી કરવા યોગ્ય વિધિઓ પૂર્ણ કરી." પરંતુ પરંપરામાં તેનો અર્થ બીજી જ રીતે કરવામાં આવે છે તે યોગ્ય જણાતો નથી. તે વિષયમાં જિજ્ઞાસુઓએ સંવાદમય વર્ણન માટે ગુજરાતી સારાંશ ખંડ ૮માં જોવું જોઈએ.

(૧૩) મુનિ દર્શનના પ્રસંગ સાથે પાંચ અભિગમ(આવશ્યક વિધિ) નું પાલન કરવું શ્રાવકોનું પ્રમુખ કર્તવ્ય હોય છે. તુંગિયાપુરીનાં શ્રાવકોએ તેનું બરાબર પાલન કર્યું પાંચ અભિગમના બીજા અભિગમમાં અર્થ ભ્રમના કારણે લિપિ દોષ આદિથી V પ્રક્ષિપ્ત થઈ ગયેલ છે. જે અનુપયુક્ત છે. VIR¿F6 NjJF6 lJp:;ZI6IF/ પાઠ ઉચિત છે. તેનો અર્થ છે–મુનિદર્શન સમયે અચિત પગરખા શસ્ત્ર આદિનો ત્યાગ કરવો આવશ્યક છે.

(૧૪) સંયમનું ફળ અનાશ્રવ છે અને તપનું ફળ પૂર્વસંચિત કર્મક્ષય છે.

(૧૫) બાકીનાં (અવશેષ રહેલાં) કર્મોનાં કારણે જ જીવ પૂર્વ તપથી અને સરાગ સંયમથી દેવલોકમાં જાય છે. કર્મ અવશેષ ન રહે તો તપ સંયમથી મુક્તિની પ્રાપ્તિ થાય છે.

(૧૬) ગૌતમ સ્વામીએ પારણા માટે જવાના સમયે મુખવસ્ત્રિકાનું પડિલેહણ કર્યું. અનેક પાત્રોનું, વસ્ત્રોનું પડિલેહણ–પ્રમાર્જન કરી ભગવાનની આજ્ઞા લઈને ગોચરી ગયા. આહાર–પાણી આદિ સમ્પૂર્ણ સામગ્રી એક જ વાર પોતાને માટે લઈ આવ્યા. ભગવાનને બતાવી યોગ્ય સ્થાને બેસી પારણું કર્યું.

**(૧૭) પર્યુપાસનાનું ફળ :–** શ્રમણોની સેવામાં પહોંચી વંદન નમસ્કાર કરી થોડો સમય બેસવાથી ધર્મશ્રવણનો પ્રથમ લાભ મળે છે. જેનાથી ક્રમશઃ **૨.** જ્ઞાન **૩.** વિજ્ઞાન **૪.** પ્રખ્યાખ્યાન **૫.** સંયમ **૬.** અનાશ્રવ **૭.** તપ **૮.** નિર્જરા **૯.** અક્રિયા **૧૦.** સિદ્ધિ–મુક્તિ ફળની પ્રાપ્તિ થાય છે.

(૧૮) રાજગૃહ નગરની બહાર વૈભારગિરિ પર્વતની નજીક **મહાતપોપતીર પ્રભવ** નામનું એક ઝરણું છે. જે ૫૦૦ ધનુષ લાંબુ પહોળું છે. અનેક વૃક્ષ તેની આસપાસ સુશોભિત છે. તેમાં ઉષ્ણ યોનિક જીવ અને પુદ્‌ગલ આવીને ઉત્પન્ન થતા રહે છે અને નીકળતા રહે છે. તેથી ગરમપાણી વહેતું રહે છે.

અન્યતીર્થિક તેને જ હ્રદ(કુંડ) કહે છે અને અનેક યોજન લાંબો પહોળો કહે છે.

## ઉદ્દેશક : ૬–૭

(૧) પ્રજ્ઞાપના સૂત્ર પદ ૧૧ માં વર્ણવેલ સંપૂર્ણ ભાષા વર્ણન અહીં જાણવું.

(૨) પ્રજ્ઞાપના પદ ૨ માં વર્ણવેલ દેવોનાં સ્થાન સંબંધી વર્ણન અહીં જાણી લેવું અને જીવાભિગમ સૂત્રના ત્રીજી પ્રતિપત્તિના વૈમાનિક ઉદ્દેશકનાં વિમાનો સંબંધી વર્ણન અહીં જાણી લેવું.

## ઉદ્દેશક : ૮

**(૧) ચમરેન્દ્રની સુધર્મા સભા :–** મેરુ પર્વતથી દક્ષિણમાં અસંખ્ય દ્વીપ સમુદ્ર પછી અરુણોદય સમુદ્ર છે. તેમાં કિનારાથી ૪૨ લાખ યોજન અંદર પાણીમાં **તિગિચ્છ કૂટ** નામના ચમરેન્દ્રનો ઉત્પાત પર્વત છે. તેનાથી દક્ષિણ દિશામાં ૬,



૫૫, ૩૫, ૫૦,૦૦૦(છ અબજ,પચાવન કરોડ,પાંત્રીસ લાખ, પચ્ચાસ હજાર) યોજન સમુદ્રમાં ગયા પછી ચમરેન્દ્રની ચમરચંચા રાજધાનીમાં જવાનો માર્ગ છે. તે માર્ગથી ૪૦,૦૦૦(ચાલીસ હજાર) યોજન નીચે જવાથી ચમરચંચા રાજધાની આવે છે. તેમાં ચમરેન્દ્રની સુધર્મા સભા છે.

**(૨) રાજધાની :–** એક લાખ યોજન લાંબી-પહોળી જંબુદ્વીપ પ્રમાણ રાજધાની છે. ૧૫૦ યોજન ઊંચા, ૫૦ યોજન પહોળા કોટ છે. બે હજાર દ્વાર છે, જે ૨૫૦ યોજન ઊંચા ૧૨૫ યોજન પહોળા છે.

ઉપકારિકા લયન(રાજ ભવન ક્ષેત્રે) ૧૬ હજાર યોજન લાંબો પહોળો છે. તેનું અંદર–બહારનું વર્ણન વિજય દેવની રાજધાનીના સમાન છે. આ સંપૂર્ણ જન્માભિષેક સુધીનું વર્ણન વિજય દેવ(જીવાભિગમ સૂત્ર) અથવા સૂર્યાભદેવની સમાન pJJF. સૂત્રથી જાણવું.

**(૩) ઉત્પાત પર્વત :–** ઊંચાઈ ૧૭૨૧ યોજન, મૂલમાં પહોળાઈ ૧૦૨૨ યોજન, મધ્યમાં ૪૨૪ યોજન, ઉપર ૭૨૩ યોજન છે. પરિક્ષેપ પરિધિ સર્વત્ર ત્રિગુણી સાધિક છે. સર્વરત્નમય આ પર્વત છે. તે પદ્મવર વેદિકા અને વનખંડથી ઘેરાયેલ છે. શિખર ઉપર મધ્યમાં પ્રાષાદાવતંષક(મહેલ) છે. જે ૨૫૦ યોજન ઊંચો ૧૨૫ યોજન પહોળો છે. તેમાં ચબૂતરા પર સપરિવાર ચમરેન્દ્રને બેસવા માટે સિંહાસન અને ભદ્રાસન છે. નીચા લોકથી તિર્છા લોકમાં આવવા સમયે ચમરેન્દ્ર આદિ આ પર્વત પર વિશ્રાંતિ કરે છે, ભ્રમણ-ચંક્રમણ કરે છે અને વિમાન સંકોચ આદિ કરે છે.

## ઉદ્દેશક : ૯

સમય ક્ષેત્રનું વર્ણન જીવાભિગમ સૂત્રના સમાન છે.

## ઉદ્દેશક : ૧૦

**(૧) પંચાસ્તિકાય :–** ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યથી એક એક દ્રવ્ય છે, ક્ષેત્રથી લોક પ્રમાણ છે, કાલથી અનાદિ અનંત છે, ભાવથી વર્ણાદિથી રહિત અરૂપી અજીવ છે. આકાશાસ્તિકાય પણ આ પ્રકારે છે. પરંતુ ક્ષેત્રથી લોકાલોક પ્રમાણ છે.

જીવાસ્તિકાય દ્રવ્યથી અનંત દ્રવ્ય છે, શેષ ધર્માસ્તિકાયના સમાન છે પરંતુ અજીવ નથી. પુદ્‌ગલાસ્તિકાય જીવનાં સમાન છે પરન્તુ વર્ણાદિ છે, રૂપી અજીવ છે.

**(૧) પંચાસ્તિકાયના ગુણો આ પ્રમાણે છે :–** (૧)ધર્માસ્તિકાય– ચલણ સહાય ગુણ (૨) અધર્માસ્તિકાય– સ્થિર સહાય ગુણ (૩) આકાશાસ્તિકાય– અવગાહ (જગ્યા દેવાનું) ગુણ, (૪) જીવાસ્તિકાય– ઉપયોગ ગુણ (૫) પુદ્‌ગલાસ્તિકાય– ગ્રહણ-ધારણ ગુણ.

(૨) સંપૂર્ણ સ્કંધ ધર્માસ્તિકાય આદિ કહેવાય છે. કાંઈ પણ અલ્પ હોય તેને ધર્માસ્તિકાય આદિનો દેશ કહેવાય છે.

(૩) ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુઢષકાર–પરાક્રમવાળા જીવ પોતાના આત્મ–ભાવને, જીવત્વ ભાવને બતાવે છે, પ્રગટ કરે છે. જીવના મતિજ્ઞાન આદિ ૧૨ ઉપયોગોના અનંત પર્યવ છે; તેનાથી પણ જીવ પોતાના જીવત્વ ભાવને પ્રકટ કરે છે, પ્રકાશિત કરે છે, બતાવે છે.

(૪) આકાશના બે વિભાગ છે– લોકાકાશ અને અલોકાકાશ. લોકાકાશમાં જીવ અજીવ આદિ છ દ્રવ્ય રહે છે. અલોકાકાશમાં આ કાંઈ પણ હોતું નથી. કેવલ અગુઢ લઘુ ગુણ સંયુક્ત આકાશ જ હોય છે.

(૫) નીચા લોકમાં ધર્માસ્તિકાય આદિ લોકના અર્ધા ભાગથી અધિક છે. ઊંચા લોકમાં આ અર્ધા ભાગથી ઓછા છે. તિર્છાલોકમાં અસંખ્યાતમો ભાગ માત્ર છે.

નરકપૃથ્વી, દ્વીપ, સમુદ્ર, દેવલોક, ધનોદધિ આદિ સર્વેયમાં ધર્માસ્તિકાય આદિ અસંખ્યાતમો ભાગ માત્ર છે. સાત નરકના પ્રત્યેક આકાશાંતરમાં સંખ્યાતમો ભાગ છે.

**॥ શતક ૨/૧૦ સંપૂર્ણ ॥**

## શતક–૩ : ઉદ્દેશક–૧

**(૧) દેવોની વૈક્રિય શક્તિ :–** ચમરેન્દ્ર વૈક્રિય દ્વારા જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને કુમાર કુમારિકાઓથી ઠસોઠસ ભરી શકે છે અને સામર્થ્યની અપેક્ષાએ અસંખ્ય દ્વીપ ભરવાની ક્ષમતા હોય છે. પરંતુ તેવું કરવામાં આવતું નથી. આ પ્રકારે બધા ભવનપતિ વ્યંતર જ્યોતિષીના ઇન્દ્રોની વૈક્રિય શક્તિ છે. વિશેષતા એ છે કે પલ્યોપમની સ્થિતિવાળાને સંખ્યાતા દ્વીપ સમુદ્ર ભરવાની ક્ષમતા હોય છે અને સાગરોપમની સ્થિતિવાળાઓને અસંખ્યાતા દ્વીપ સમુદ્ર ભરવાની ક્ષમતા હોય છે. બલીન્દ્ર માટે સાધિક જંબુદ્વીપ કહેવા.



વૈમાનિકમાં પહેલા દેવલોકમાં ઇન્દ્રના બે જંબુદ્વીપ, બીજા દેવલોકમાં સાધિક બે જંબુદ્વીપ, ત્રીજા દેવલોકમાં ચાર જંબૂદ્વીપ, ચોથા દેવલોકમાં સાધિક ચાર જંબૂદ્વીપ, પાંચમામાં આઠ જંબૂદ્વીપ, છઠ્ઠામાં સાધિક આઠ, સાતમામાં ૧૬ જંબૂદ્વીપ અને આઠમામાં સાધિક સોળ જંબૂદ્વીપ, નવમા–દસમા દેવલોકમાં ઇન્દ્રના ૩૨ જંબૂદ્વીપ અને અગિયારમા અને બારમાં દેવલોકમાં ઇન્દ્રના સાધિક ૩૨ જંબૂદ્વીપ ભરી શકવાનું કહેવું જોઈએ.

સામાનિક અને ત્રાયત્રિંશક દેવોની વૈક્રિય શક્તિ ઇન્દ્રના સમાન જ જાણવી અગ્રમહિષી અને લોકપાલનું સામર્થ્ય સંખ્યાતા દ્વીપ સમુદ્રનું જ કહેવું ભરવાની શક્તિ બે જંબુદ્વીપ પ્રમાણ સમજવી.

લોકપાલ બધાં ઇન્દ્રોના ચાર ચાર જ હોય છે. ત્રાયત્રિંસક બધાં ઇન્દ્રોનાં તેત્રીસ તેત્રીસ જ હોય છે.

**સામાનિક દેવ :–** ચમરેન્દ્રના–૬૪૦૦૦, બલીન્દ્રના–૬૦૦૦૦, નવનિ–કાયોના–૬૦૦૦, શકેન્દ્રના–૮૪૦૦૦, ઈશાનેન્દ્રના–૮૦૦૦૦, ત્રીજા દેવ–લોકમાં–૭૨૦૦૦, ચોથામાં–૭૦૦૦૦, પાંચમામાં–૬૦૦૦૦, છઠ્ઠામાં–૫૦૦૦૦, સાતમામાં–૪૦૦૦૦, આઠમામાં–૩૦૦૦૦, નવમા-દસમામાં– ૨૦ હજાર, અગિયારમા-બારમામાં–૧૦૦૦૦.

**અગ્રમહિષી :–** ચમરેન્દ્રની ૫, બલીન્દ્રની ૫, નવનિકાયની ૬–૬, શકેન્દ્રની ૮, ઈશાનેન્દ્રની ૮.

**આત્મરક્ષક :–** સામાનિકથી ચારગણા આત્મરક્ષક હોય છે.

(૨) અગ્રમહિષીઓને પણ ૧૦૦૦ સામાનિક દેવીઓ હોય છે. મહત્તરિકા દેવીઓ અને પરિષદા પણ હોય છે.

(૩) ભગવાન દ્વારા પ્રાપ્ત ઉપરોક્ત વિષયના ઉત્તરને બીજા ગણધર અગ્નિ–ભૂતિથી સાંભળી ત્રીજા ગણધર વાયુભૂતિને શ્રદ્ધા નહીં થવાથી તેઓ ભગવાનને ફરીથી પૂછીને પછી શ્રદ્ધા કરે છે અને બીજા ગણધરના કથનને સ્વીકાર ન કરવા રૂપ આશાતનાની ક્ષમાયાચના કરે છે.

(૪) વ્યંતર અને જ્યોતિષી દેવોમાં લોકપાલ અને ત્રાયત્રિંશક હોતા નથી. તેમના ચાર હજાર સામાનિક દેવ હોય છે. ચાર-ચાર અગ્રમહિષી હોય છે.

(૫) ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી શિષ્ય **તિષ્યક અણગાર** શકેન્દ્રના

સામાનિક દેવ બન્યા. તેની ચાર અગ્રમહિષી, ૪ હજાર સામાનિક દેવ છે. વૈક્રિય શક્તિ ઈન્દ્રના સમાન છે. તિષ્યક અણગારે છઠના પારણે છઠ કરતાં ૮ વર્ષ સંયમ પર્યાયનું પાલન કર્યું. એક માસ સુધી તેનો સંથારો ચાલ્યો.

(૬) ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી શિષ્ય **કુરુદત્ત પુત્ર અણગાર** ઈશાનેન્દ્રના સામાનિક દેવ બન્યા. છ મહિનાની સંયમ પર્યાયમાં અટ્ઠમના પારણે અટ્ઠમની તપસ્યા અને પારણામાં આયંબિલ કર્યા. પંદર દિવસના સંથારામાં કાલ કરી આરાધક થયા.

**(૭) ઈશાનેન્દ્રનું વર્ણન :–** એકવાર રાજગૃહી નગરીમાં ઈશાનેન્દ્ર ભગવાનના દર્શન કરવા આવ્યા અને સૂર્યાભદેવની જેમ પોતાની ઋદ્ધિ અને નાટ્યવિધિ બતાવી ચાલ્યા ગયા. ગૌતમ સ્વામીના પૂછવાથી ભગવાને તેના પૂર્વજન્મનું વર્ણન આ પ્રકારે કર્યું–

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં તામ્રલિપ્તિ નામની નગરીમાં તામલી નામનો મોર્યપુત્ર ગાથાપતિ રહેતો હતા. એકવાર તેને વિચાર આવ્યો કે પૂર્વના પૂણ્યોદયથી બધા સારા સંયોગ પ્રાપ્ત થયા છે. હાલ મારામાં શક્તિ છે ત્યાં સુધી ધર્માચારણ કરી લેવું જોઈએ. તે પ્રમાણે તેણે સ્વજન સંબંધીઓને ભોજન કરાવીને મોટા પુત્રને કુટુંબ ભાર સુપ્રત કરી **પ્રાણામા** નામની તાપસી પ્રવ્રજ્યા અંગીકાર કરી. છઠના પારણે છઠ તપ કરવાનો અભિગ્રહ કર્યો. પારણામાં પ્રાપ્ત થયેલ ભોજનને તે એકવીસ વખત ધોઈને આહાર કરતા હતા. આતાપના લેતા અને રાજા, રંક, પશુ, પક્ષી, દેવ, માનવ જે કોઈ દેખાય તેને પ્રણામ કરતા. અંતમાં શરીર કૃશ-શુષ્ક થઈ જતાં પાદપોપગમન સંથારો કર્યો.

બલીચંચા રાજધાનીમાં તે સમયે ઈન્દ્રનો વિરહ(અભાવ) હતો. તેથી ત્યાંના દેવ-દેવી તેની પાસે પહોંચી પોતાના સ્વામી ઈન્દ્ર બનવા માટે નિયાણુ કરવાનું નિવેદન કરવા લાગ્યા. તામલી તાપસે તેના નિવેદન(આગ્રહ) પર કોઈ ધ્યાન ન આપ્યું. તેઓ પોતાના સંથારા(વ્રત)માં લીન રહ્યા. તે દેવ-દેવીઓ ચાલ્યા ગયા.

આયુષ્ય સમાપ્ત થવાથી ૬૦ હજાર વર્ષની પ્રાણામા પ્રવ્રજ્યા પૂર્ણ કરી બે મહિનાનો સંથારો પૂર્ણ કરી, તે તામલી તાપસ ઈશાનેન્દ્રદેવ બન્યા છે.

બલીચંચા રાજધાનીના દેવોને જ્યારે આ ખબર પડી ત્યારે તેઓ અત્યંત ગુસ્સે થઈ અને ત્યાં મર્ત્યલોકમાં આવીને તેના મૃત શરીરને દોરડાથી બાંધી કરીને મુખમાં થૂંકી કરી નગરમાં ફેરવી અને મહા અપમાન કરીને, નિંદા કરી.



આ ઘટનાની પોતાના દેવો દ્વારા ઈશાનેન્દ્રને જાણ થઈ. પ્રચંડ ક્રોધમાં બલીચંચા રાજધાનીને તેજોલેશ્યાથી પ્રભાવિત કરી. તેથી તે રાજધાની બળવા લાગી ત્યાંના દેવ-દેવી ગભરાઈ ભાગ-દોડ કરતાં પરેશાન થઈ ગયા. અંતે તેઓએ ત્યાં રહી હાથ જોડી ઉપર મુખ કરી અનુનય વિનય કરતાં ઈશાનેન્દ્રની ક્ષમા માંગી. ઈશાનેન્દ્રે પોતાની લેશ્યા ખેંચી લીધી. ત્યારથી તે અસુરકુમાર દેવ–દેવીઓ ઈશાનેન્દ્રનો આદર સત્કાર કરવા લાગ્યા અને આજ્ઞા-નિર્દેશનું પાલન કરવા લાગ્યા. દ્વેષ ભાવનો ત્યાગ કર્યો.

ઈશાનેન્દ્ર સાધિક બે સાગરોપમની સ્થિતિ પૂર્ણ કરીને મહાવિદેહક્ષેત્રથી મુક્તિ પ્રાપ્ત કરશે.

(૮) શક્રેન્દ્રના વિમાનોથી ઈશાનેન્દ્રના વિમાન કાંઈક ઊંચાઈ પર છે. અર્થાત્ બન્નેની સમતલ ભૂમિ એક હોવા છતાં પણ તેમના ભૂમિક્ષેત્ર કાંઈક ઊંચા છે. જેમ સીધી હથેળીમાં પણ ઊંચી અને સમાન બન્ને અવસ્થા દેખાય છે.

(૯) શક્રેન્દ્ર ઈશાનેન્દ્ર આપસ-આપસમાં નાના-મોટા મિત્રની જેમ શિષ્ટાચારમાં રહે છે. શક્રેન્દ્ર નાના અને ઈશાનેન્દ્ર મોટા. તેઓ સામાસામા મળી શકે છે, એક બીજાને જોઈ પણ શકે છે, વાર્તાલાપ પણ કરે છે. કોઈ પ્રયોજનને કારણે એક-બીજા પાસે જઈને સંબોધનપૂર્વક વાતચીત પણ કરે છે.

'દક્ષિણાર્ધ લોકાધિપતિ શક્રેન્દ્ર દેવેન્દ્ર દેવરાજ !' 'ઉત્તર લોકાધિપતિ ઈશાનેન્દ્ર દેવેન્દ્ર દેવરાજ !' આ તેમના સંબોધન નામ હોય છે.

બન્નેનો પરસ્પરમાં કયારેક વિવાદ પણ થઈ જાય છે. ત્યારે શક્રેન્દ્ર ત્રીજા દેવલોકના ઈન્દ્ર સનત્કુમારેન્દ્રને યાદ કરે છે, મનથી જ બોલાવે, ત્યારે શીઘ્રતાથી તે ઈન્દ્ર આવે છે અને તે જે કોઈ પણ નિર્ણય આદેશ આપે છે તેને બન્ને સ્વીકાર કરી લે છે.

(૧૦) સનત્કુમાર દેવેન્દ્ર ભવી, સમ્યગ્દૃષ્ટિ પરિત્ત સંસારી, સુલભબોધિ, એક ભવાવતારી છે. મહાવિદેહક્ષેત્રમાં જન્મ લઈને સંયમ તપ દ્વારા મુક્તિ પ્રાપ્ત કરશે.

હાલ સનત્કુમારેન્દ્રની સ્થિતિ સાત સાગરોપમની છે. તે સાધુ-સાધ્વી શ્રાવક શ્રાવિકાઓના પરમભક્ત, પરમહિતૈષી છે.

## ઉદ્દેશક : ૨

(૧) એકવાર ચમરેન્દ્ર ભગવાન મહાવીર સ્વામીના દર્શન કરવા રાજગૃહીમાં

આવ્યા. ઉપદેશ સાંભળી નાટ્યવિધિનું પ્રદર્શન કરી ચાલ્યા ગયા.

(૨) અસુરકુમાર દેવોનું સામર્થ્ય નીચે સાતમી નરક સુધી જવાનું છે. પરન્તુ ત્રીજી નરક સુધી જાય છે. પૂર્વ મિત્ર અથવા પૂર્વશત્રુ નરકમાં હોય તેને સુખ દુઃખ દેવા માટે જાય છે. આ કથન ઈન્દ્રની અપેક્ષાએ છે.

તિરછા અસંખ્ય દ્વીપ સમુદ્ર સુધી જવાની ક્ષમતા છે. પરંતુ નંદી✓રદ્વીપ પર્યન્ત જાય છે. આ ગમન ત્રણ દિશાઓની અપેક્ષાએ છે. દક્ષિણમાં અસંખ્ય દ્વીપ સમુદ્ર તેમનો માર્ગ ક્ષેત્ર જ છે તે દિશામાં તેઓ તીર્થંકર જન્મ આદિ પર જંબૂદ્વીપ સુધી જાય છે.

ઉપર પ્રથમ દેવલોક સુધી ગયા હતા અને જાય છે. સામર્થ્ય બારમાં દેવલોક સુધી છે. પહેલા દેવલોકની સાથે તેમનું ભવ પ્રત્યયિક જાતિ(જન્મ) વેર હોય છે. તે શક્રેન્દ્રના આત્મ રક્ષક દેવોને ત્રાસ આપતા રહે છે. ત્યાંથી નાના-મોટા સામાન્ય રત્નની ચોરી કરી લઈ જાય છે. જ્યારે શક્રેન્દ્રને ખબર પડે છે ત્યારે તે દેવોને શારીરિક કષ્ટ આપે છે.

પહેલા દેવલોકથી દેવીઓને પણ ત્યાં લાવી શકે છે અને ત્યાં લઈ ગયા બાદ તેમની ઈચ્છા થવાથી તેમની સાથે પરિચારણા પણ કરી શકે છે. પરંતુ બલાત્કાર કરી શકતા નથી. ત્યાં પ્રથમ દેવલોકમાં તેમની સાથે પરિચારણા કરી શકતા નથી.

(૩) અસુર કુમાર દેવ પ્રથમ દેવલોકમાં ઉપદ્રવ કરવા જાય છે તે પણ લોક આશ્ચર્ય ભૂત એટલે લોકમાં એક ન થવા જોગ ઘટના(મોટું આશ્ચર્ય) કહેવાય છે. અસુરેન્દ્ર અરિહંત અથવા અરિહંત ભગવાનના શ્રમણની નિશ્રા આલંબન લઈને જ જઈ શકે છે અને બધા દેવ જતા નથી. કોઈક મહર્દ્ધિક દેવ જ કયારેક જાય છે.

(૪) વર્તમાનમાં જે ચમરેન્દ્ર અસુરેન્દ્ર છે તે ભગવાન મહાવીરની નિશ્રા લઈને એક વખત પહેલા દેવલોકમાં શક્રેન્દ્રની પાસે ગયા છે.

**(૫) ચમરેન્દ્રનો પૂર્વભવ આદિ :–** બેભેલ નામના સન્નિવેશમાં પૂરણ નામના ગાથાપતિ રહેતા હતા. તે ઋદ્ધિ સમ્પન્ન શેઠ હતા.

તામલીની જેમ તેને પણ ધર્મારાધનના વિચાર આવ્યા. તે પ્રમાણે તેણે **દાનામા** નામની તાપસી પ્રવ્રજ્યા પોતાની મેળે અંગીકાર કરી. છઠ-છઠની નિરંતર તપસ્યા અને આતાપના કરવા લાગ્યા. ભિક્ષાના માટે કાષ્ટ પાત્રના ચાર ખંડ



બનાવી રાખ્યા હતા. તેમાંથી ત્રણ ખંડમાં જે ભિક્ષા આવતી તે દાન કરી દેતા અને એક ખંડ પોતાના માટે રાખતા હતા. તેમાં રહેલી ભિક્ષાથી તે પારણા કરતા હતા.

ચાર ખંડવાળા ચૌમુખી કાષ્ટ પાત્રના એક ખંડની ભિક્ષા પથિકોને, બીજા ખંડની ભિક્ષા કૂતરા આદિ પશુ પક્ષીઓને, ત્રીજા ખંડની ભિક્ષા મચ્છ-કચ્છ જલ–જન્તુઓને તે તાપસ આપી દેતા હતા. વર્ષો સુધી આ પ્રકારનું તપ કરતાં તેમનું શરીર કૃશ-શુષ્ક જેવું થઈ ગયું. સન્નિવેષની બહાર આગ્નેયકોણમાં (દક્ષિણપૂર્વમાં) જઈને અર્ધુ નિવર્તન(૧૦ વાંસ પ્રમાણ) ક્ષેત્ર સાફ કરી અને પાદપોપગમન સંથારો સ્વીકાર કર્યો.

આ પ્રકારે ૧૨ વર્ષની તાપસ પર્યાય અને એક માસના સંથારાનું પૂર્ણ પાલન કરીને તે ચમરેન્દ્ર દેવેન્દ્ર થયા. ત્યાં ઉત્પન્ન થતાં જ સ્વાભાવિક અવધિજ્ઞાનનો ઉપયોગ લાગવાથી પોતાના માથા ઉપર ઊંચે પ્રથમ દેવલોકમાં શક્ર સિંહાસન પર શક્રેન્દ્રને દેખતાં તેને ઘણું જ ખરાબ લાગ્યું. પોતાનાં સામાનિક દેવોને બોલાવીને પૂછ્યું– આ કોણ છે ? તેમણે મહર્દ્ધિક શક્રેન્દ્રનો પરિચય આપ્યો.

પરિચય સાંભળી તેના ઈર્ષ્યા દ્વેષથી ક્રોધની પ્રચંડતા વધી ગઈ અને પોતે ત્યાં જઈ, શક્રને અપમાનિત કરી, તેની શોભાને નષ્ટ કરવા માટે તૈયાર થયો. અવધિજ્ઞાનથી કોઈ મહાત્માને શરણ માટે દેખવા લાગ્યો. તેણે ભગવાન મહાવીર સ્વામીને જોયા. તે સમયે ભગવાન છદ્મસ્થ કાળમાં સુંસમારપુર નગરના અશોક વનખંડ નામના બગીચામાં અશોકવૃક્ષની નીચે પૃથ્વી શિલા પટ્ટ પર અટ્ઠમ તપની તપસ્યાથી એક રાત્રિની મહાપ્રતિમા એટલે કે ૧૨મી ભિક્ષુ પડિમા ગ્રહણ કરી ધ્યાનમાં લીન હતા.

ચમરેન્દ્રે ભગવાનનું શરણ લઈને જવાનો નિશ્ચય કર્યો. પોતાના શાસ્ત્રા–ગારમાંથી **પરિઘ** નામનું શસ્ત્ર લઈને એકલો જ પોતાના ઉત્પાત પર્વત પર જઈને, વિકુર્વણા કરીને ભગવાનની સમીપ આવ્યો વંદના, નમસ્કાર કર્યા અને "હે ભગવાન! આપનું શરણ હો" હું ઈન્દ્રની આશાતના કરવા તેની શોભા ભ્રષ્ટ કરવા ઈચ્છું છું. એમ કહીને ત્યાંથી દૂર જઈને વિકરાળ ભયાનક એક લાખ યોજનનો રાક્ષસી રૂપની વિકુર્વણા કરી અને ઉછળતો-કૂદતો, સિંહનાદ કરતો, ગર્જના કરતો, જ્યોતિષી વિમાનોને દૂર હટાવતો... તિર્છાલોકથી બહાર નીકળ્યો. પછી ઊંચા લોકમાં અસંખ્ય યોજન ક્ષેત્ર પાર કરીને પ્રથમ દેવલોકની સુધર્મા સભાની પાસે પહોંચી ગયો. એક પગ પદ્મવર વેદિકામાં (પાળીમાં) અને એક પગ સુધર્મા

સભામાં રાખી પરિઘરત્નથી ઈન્દ્ર કીલને પ્રતાડિત કરતાં (મારતાં) શક્રેન્દ્રને અપ– શબ્દોથી સંબોધિત કરીને કહેવા લાગ્યો કે– આજે હું તને મારીશ અને તમારી અપ્સરાઓને મારા વશમાં કરી લઈશ.

શક્રેન્દ્રને અમનોજ્ઞ ન સાંભળી શકાય એવા કઠોર શબ્દો સાંભળીને ગુસ્સો આવ્યો અને તે બોલ્યો– હે અસુરરાજ ! આજે તારું શુભ નથી, ખેર નથી, સુખ નથી, આમ કહીને સિંહાસન પર બેઠા-બેઠા જ પોતાનું વજ્ર(શસ્ત્ર) ઉઠાવી અને હજારો અગ્નિ જ્વાલાઓને છોડતો... જાજલ્યમાન, અગ્નિથી પણ અતિ અધિક તાપ-તેજવાળા, મહાભયાવહ, ભયંકર એવા તે વજ્રને ચમરેન્દ્રના વધને માટે ફેક્યું.

તે વજ્રને સામે આવતું જોઈને જ ચમરેન્દ્ર ગભરાઈ ગયો અને ઊંધું માથું કરીને(નીચે માથું ઉપર પગ કરીને) તીવ્ર ગતિથી દોડી અને ભગવાનના બે પગની વચ્ચે ભરાઈ ગયો. શક્રેન્દ્રે ઉપયોગ લગાવીને જાણ્યું કે– તે ચમરેન્દ્ર ભગવાન મહાવીરનું શરણ લઈને આવ્યો છે. આ જાણી શક્રેન્દ્રને બહુ અફસોસ થયો કે "અરે અકૃત્ય થઈ ગયું" અને તરત પોતાના શસ્ત્રને પકડવા માટે તેની પાછળ ચાલી નીકળ્યા. ભગવાનના માથાથી ચાર અંગુલી દૂર રહેતાં જ તે શસ્ત્રને શક્રેન્દ્રે પકડી લીધું અને ભગવાનને હકીકત કહીને ક્ષમા માંગી.

ત્યાર બાદ દૂર જઈને ભૂમિ આસ્ફાલન કરી ચમરેન્દ્રને સંબોધન કરીને કહ્યું– હે ચમર ! આજે હું તને છોડું છું. જા, આજથી તું મુક્ત છે.

શ્રમણ મહાવીરના પ્રતાપથી છોડું છું ; મારાથી તું નિર્ભય છે; એમ કહીને શક્રેન્દ્ર પોતાનાં સ્થાને ચાલ્યા ગયા.

ચમરેન્દ્ર પણ ત્યાંથી નિકળી ભગવાનને વંદન કરી પોતાના સ્થાને ગયો. પોતાના દેવોને સંપૂર્ણ હકીકત કહી સંભળાવી અને ફરી મહાન ઋદ્ધિની સાથે ભગવાનના દર્શન કરવા માટે આવ્યો. વંદના નમસ્કાર કરી કૃતજ્ઞતા પ્રગટ કરી ક્ષમા માંગી અને વારંવાર કીર્તન કરતાં નાટક બતાવીને ચાલ્યો ગયો. ચમરેન્દ્ર ત્યાં એક સાગરોપમની સ્થિતિ પૂર્ણ થતાં મહાવિદેહ ક્ષેત્રથી મુક્તિ પ્રાપ્ત કરશે.

**વિશેષ જ્ઞાતવ્ય :–** બધા ઈન્દ્રાદિ મહર્દ્ધિક દેવોનો જન્માભિષેક વિધિ સહિત કરવામાં ઉજવવામાં આવે છે, જે સૂર્યાભ દેવના વર્ણનમાં રાયપ્રશ્રીય સૂત્રમાં કહેવામાં આવેલ છે. પરંતુ ચમરેન્દ્ર અસુરરાજનો જન્માભિષેક યથા સમયે થઈ ન શકયો. દેવ દૂષ્ય વસ્ત્ર ઢાંકેલી શય્યામાં જન્મ લેતાં જ દેવદૂષ્ય વસ્ત્ર હટાવી, ઉઠતાં જ તે પરિઘ શસ્ત્ર લઈને એકલાજ ચાલ્યા ગયા હતા. પછી ક્યારે જન્માભિષેક થયો તે વર્ણન શાસ્ત્રમાં નથી.

(૬) નીચી દિશામાં ચમરેન્દ્રની ગતિ તેજ હોય છે, તેનાથી શક્રેન્દ્રની મંદ હોય છે અને તેનાથી શક્રેન્દ્રના શસ્ત્ર વજ્રની ગતિ મંદ હોય છે. આ કારણે વજ્ર ચમરેન્દ્રને માર્ગમાં ન લાગતાં અને ભગવાનને વજ્ર લાગતાં પહેલાં જ શક્રેન્દ્ર ત્યાં પહોંચી ગયા તેમજ આ કારણે જ શક્રેન્દ્ર ચમરેન્દ્રને માર્ગમાં પકડી ન શક્યો.

ચમરેન્દ્રને જેટલો નીચે આવવામાં એક સમય લાગે, તેટલો આવવામાં શક્રેન્દ્રને બે સમય અને વજ્રને ત્રણ સમય લાગે. ઉપર જવાની અપેક્ષાએ શક્રેન્દ્રને એક સમય, વજ્રને બે સમય અને ચમરેન્દ્રને ત્રણ સમય લાગે છે. પોતાની અપેક્ષાએ ચમરેન્દ્ર અને શક્રેન્દ્રની તિર્છાલોકમાં મધ્યમગતિ હોય છે. ઉપર, નીચે જઘન્ય ઉત્કૃષ્ટ ગતિ હોય છે.

(૭) એક બીજાની શક્તિ સામર્થ્યને જોવા, જાણવા કે અજમાવવા માટે અનંતકાલથી કયારેક ચમરેન્દ્ર ઉપર શક્રેન્દ્રની પાસે જાય છે. છૂપી રીતે (ચોરીથી) જવાવાળા દેવ કયારેક-કયારેક જતા હશે. તેની ગણના અચ્છેરામાં થતી નથી અને અહીં પણ કહેવામાં આવ્યું નથી.

## ઉદ્દેશક : ૩

(૧) ક્રિયા પહેલા હોય છે. તન્નિમિત્તક(તે નિમિત્તની) વેદના પછી હોય છે.

(૨) શ્રમણ નિર્ગ્રન્થોને પણ પ્રમાદ અને યોગ નિમિત્તક ક્રિયાઓ હોય છે.

(૩) જીવ જ્યાં સુધી હરે-ફરે છે, સ્પંદન આદિ ક્રિયા કરે છે, અન્યાન્ય ભાવોમાં પરિણમન કરે છે, ત્યાં સુધી મુક્ત થતો નથી. કેમ કે તે ક્રિયાઓ જ્યાં સુધી છે ત્યાં સુધી આશ્રવ છે, બંધ છે. જ્યારે સમાપ્ત થઈ જાય, ત્યારે અક્રિય બનેલ તે જીવ મુક્ત થઈ શકે છે.

અગ્નિથી બળતાં ઘાસની જેમ અને ગરમ તવા પર નાશ થયેલા પાણીના ટીપાની જેમ તેના સંચિત કર્મ નાશ થઈ જાય છે.

જે પ્રકારે કાણાંવાળી નાવ પાણીમાં ડૂબેલી રહે છે. તે છિદ્રોનેબંધ કરી દેવામાં આવે તો અને પાણી નાવમાંથી બહાર કાઢી નાંખવામાં આવે તેમ-તેમ નાવ ઉપર આવે છે અને સંપૂર્ણ પાણી નીકળી જતાં નાવ પાણીથી પૂર્ણ ઉપર આવી જાય છે. તેવી જ રીતે ક્રિયા અને કર્મથી રહિત બનેલ જીવ પણ ઉર્ધ્વ સિદ્ધ અવસ્થામાં પહોંચી જાય છે. સમિતિ ગુપ્તિવાળા શ્રમણ ઉપયોગપૂર્વક સંયમ

જીવનની આરાધના કરતાં ક્રમશઃ અક્રિય બની જાય છે.

(૪) આ ઉદ્દેશકમાં **મંડિત પુત્ર અણગાર(ગણધર)**નાં પ્રશ્નોનો સંગ્રહ છે.

(૫) પ્રમત્ત સંયત એક જીવનો કાલ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ દેશોન ક્રોડ પૂર્વ હોય છે. અનેક જીવોની અપેક્ષાએ તે જીવ સદાકાલ શા✓ત છે.

અપ્રમત્ત સંયત એક જીવનો કાલ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ દેશોન ક્રોડ પૂર્વ. અનેક જીવની અપેક્ષાએ આઠ ગુણસ્થાનો(૭ થી ૧૪) ની અપેક્ષાએ અને તેરમાં ગુણસ્થાનની મુખ્યતાએ શા✓ત છે. સંયમ પ્રાપ્તિના પ્રારંભમાં અપ્રમત્ત સંયમ જ પ્રાપ્ત હોય છે. તેથી તેનો જઘન્ય કાળ પણ એક સમય ન થતાં અંતર્મુહૂર્ત જ હોય છે.

(૬) લવણ સમુદ્રના પાણીના ઘટવા-વધવા સંબંધી વર્ણન જીવાભિગમ સૂત્ર (સારાંશ ખંડ ૬) માં છે.

## ઉદ્દેશક : ૪-૫

**(૧) ભાવિતાત્મા અણગાર :–** દેવ દ્વારા કરેલ બે અથવા બે થી અધિક રૂપને અથવા વૃક્ષના બીજ ફળ આદિ બે પદાર્થમાંથી એકને અથવા બન્ને ને જોઈ શકે છે અથવા બન્નેને પણ જોઈ શકે, આ રીતે ચાર ભાંગા બની જાય છે. તેઓના અવધિજ્ઞાન, મતિજ્ઞાન, આદિની વિચિત્રતાથી આ પ્રકારે સંભવ હોય છે.

**(૨) વાયુકાય :–** કેવલ એક તરફની પતાકાનું રૂપ જ વૈક્રિયથી બની શકે છે. અન્ય રૂપ બનાવતા નથી. અનેક યોજનો સુધી જઈ શકે છે. તે પોતાની ઋદ્ધિથી જાય છે. બીજાની ઋદ્ધિથી નહિ. તે વૈક્રિયાના રૂપો પડી ગયેલી ધ્વજાની જેમ પણ હોઈ શકે છે અને ઉઠેલી(ઊભી રહેલી) ધ્વજારૂપ પણ હોય શકે છે.

**(૩) બાદલ :–** સ્ત્રી, પુઢષ, વાહન આદિ વિવિધ રૂપોમાં પરિણમન થઈને બીજાના પ્રયોગથી અનેક યોજનો જઈ શકે છે. આડા–અવળા કયાંય પણ જઈ શકે છે.

(૪) ઉત્પન્ન થવા અને મરવા આદિમાં જે લેશ્યાનું કથન છે તે પણ લેશ્યા દ્રવ્યોને લઈને જ કથન છે.

(૫) ભાવિતાત્મા અણગાર પણ વિવિધ રૂપ બનાવી શકે છે–ગૃહસ્થનું, સન્યાસીનું, પશુનું, પક્ષીનું અને અન્ય પણ રૂપ બનાવી શકે છે. તેમજ દૂર પણ જઈ શકે છે.



તેવા અનેક રૂપ બનાવી શકે છે. ક્ષમતા એક જંબુદ્વીપ ભરવાની હોય છે. પરંતુ કરતા નથી.

(૬) પ્રમાદી અણગાર વિકુર્વણા કરે છે. વિકુર્વણા કરવાવાળાને આગમ શબ્દોમાં માયી કહેવાય છે. અમાયી વિકુર્વણા નથી કરતા.

વિકુર્વણા કરીને આલોચના પ્રાયશ્ચિત્ત કરવાવાળા પણ ફરી અમાઈ કહેવાય છે. આલોચના પ્રાયશ્ચિત્ત નહીં કરવાવાળા માઈ જ કહેવાય છે અને વિરાધક હોય છે.

ખૂબ ખાવું, ખૂબ કાઢવું, ખૂબ પરિણમન કરી શરીરને પુષ્ટ કરવું આ બધાં માયી પ્રમાદીના કર્તવ્ય છે. જેથી વિકુર્વણા આદિ પ્રમાદ પ્રવૃત્તિઓ પણ તે માઈ જ કરે છે. અમાઈ અલ્પઢક્ષ ખાઈને કેવલ શરીર નિર્વાહ ત્થા સંયમ પાલન કરે છે. તેનું શરીર પણ અપુષ્ટ હોય છે. વિક્રિયા આદિ તેને નથી હોતી.

(૭) બહારના પુદ્ગલ લઈને જ વિકુર્વણા કરીને રૂપ બનાવી શકાય છે. બહારનાં પુદ્ગલ લીધા વિના વૈક્રિય રૂપ કોઈ પણ બનાવી શકતું નથી; ભલે તે દેવ હોય અથવા શ્રમણ.

(૮) વિકુર્વિત રૂપ "રૂપ" જ કહેવાશે. મૂળ વ્યક્તિ જે છે તે જ કહેવાશે એટલે કે અ✓નું રૂપ કરનાર અણગાર અ✓ નથી, અણગાર છે.

(૯) જે અણગાર વિકુર્વણા કરીને આલોચના પ્રાયશ્ચિત્ત નથી કરતા તે આભિ–યોગિક દેવ થાય છે. જે આલોચના પ્રાયશ્ચિત્ત કરી લે છે તે આભિયોગિક સિવાય દેવ થાય છે. તે આરાધક હોય છે.

## ઉદ્દેશક : ૬

(૧) જે મિથ્યાદષ્ટિ જીવ વૈક્રિય સમ્પન્ન અને અવધિ સમ્પન્ન (વિભંગ જ્ઞાન–વાળા) છે, તે ઈચ્છિત વૈક્રિય કરી શકે છે. અને વિભંગથી જાણી પણ શકે છે. પરંતુ અયથાર્થ જાણે છે; ઉલટું–સુલટું જાણે છે. વૈક્રિય કરેલાને "આ સ્વાભાવિક છે. "એવું જાણે છે, સ્વાભાવિકને વૈક્રિય કરેલ જાણે છે. જે જુએ છે તે ન જાણતાં તેને બીજો જાણી માની લે છે. જેમ કે– " રાજગૃહી જુએ અને વારાણસી છે" એવું માનીને. નૂતન નગર વિકૃર્વિત કરે અને જાણે કે આ પણ કોઈ વાસ્તવિક નગર દેખાઈ રહ્યું છે મારું બનાવેલું દેખાતું નથી. જ્યારે સમ્યગ્દષ્ટિ ઉપર કહેલ બધી સ્થિતિઓને યથાર્થ રૂપમાં જાણે, દેખે અને સમજે છે. તેને એવો ખોટો ભ્રમ થતો નથી.

## ઉદ્દેશક : ૭

**લોકપાલ :–**

શક્રેન્દ્રના ચાર લોકપાલ છે. – ૧. સોમ, ૨. યમ, ૩. વરુણ, ૪. વૈશ્રવણ, ચારેયના ચાર વિમાન છે.– ૧. સંધ્યાપ્રભ, ૨. વરશિષ્ટ, ૩. સ્વયંજવલ, ૪. વલ્ગુ, આ ચારે વિમાન શક્રેન્દ્રના સૌધર્માવતંસક વિમાનથી અસંખ્ય યોજન દૂર ક્રમશઃ ૧. પૂર્વ, ૨. દક્ષિણ, ૩. પશ્ચિમ, ૪. ઉત્તરમાં છે. સાડા બાર લાખ યોજન વિસ્તાર–વાળા આ વિમાન છે. વિમાનનું વર્ણન સૌધર્માવતંસક વિમાનની જેમ છે. તેની રાજધાની તેના વિમાનની સીધમાં(સમાંતરે) નીચે તિર્છાલોકમાં છે. જે જંબુદ્વીપ પ્રમાણ છે. કોટ વગેરે શક્રેન્દ્રની રાજધાનીથી અર્ધા છે. ઉપકારિકાલયન (રાજભવન) સોળ હજાર યોજન વિસ્તારમાં છે. તેમાં ચાર પ્રષાદોની હારમાળા છે. શેષ વર્ણન નથી અર્થાત્ ઉપપાત સભા આદિ ત્યાં નથી. વૈમાનિક દેવ પોતાના દેવલોકમાં જ ઉત્પન્ન થાય છે.

**સોમ લોકપાલ :–** પોતાના વિમાન વાસી દેવ અને વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, વાયુકુમાર જાતિના ભવનપતિ દેવ દેવી, ચન્દ્ર સૂર્ય આદિ સર્વ જ્યોતિષી દેવ-દેવી સોમ લોકપાલને આધીન હોય છે.

મેરુ પર્વતથી દક્ષિણ વિભાગમાં ગ્રહોની અનેક પ્રકારની સ્થિતિઓ અભ્ર વિકાર, ગર્જના, વિજળી, ઉલ્કાપાત, ગંધર્વનગર, સંધ્યા, દિગ્દાહ, યક્ષોદીપ્ત, ધૂંઅર(ધુમ્મસ), મહિકા, રજ ઉદ્‌ઘાત, ચન્દ્રગ્રહણ, સૂર્યગ્રહણ, જલકુંડાદિ, પ્રતિ–ચન્દ્ર-સૂર્ય, ઈન્દ્ર ધનુષ, તમામ પ્રકારની હવા, ગ્રામદાહ, આદિ પ્રાણક્ષય, ધનક્ષય, કુલક્ષય આદિ સોમ લોકપાલની જાણકારીમાં હોય છે.

અંગારક(મંગલ), વિકોલિક, લોહિતાક્ષ, શનિશ્ચર,ચન્દ્ર, સૂર્ય, શુક્ર, બુધ, બૃહસ્પતિ, રાહુ આ દેવ સોમ લોકપાલના પુત્ર સ્થાનીય માનવામાં આવ્યા છે. સોમ લોકપાલની સ્થિતિ ૧–૧/૩ પલ્યોપમની છે. અને પુત્ર સ્થાનીય દેવોની એક પલ્યોપમની સ્થિતિ છે.

**યમ લોકપાલ :–** પોતાના વિમાન વાસી દેવ, પ્રેતકાયિક વ્યંતરદેવ, અસુરકુમાર જાતિના ભવનપતિના દેવ-દેવી, પરમાધામી દેવ, કન્દર્પિક, આભિયોગિક દેવ, યમ લોકપાલની આધીનતામાં હોય છે.

મેરુથી દક્ષિણ વિભાગમાં નાના-મોટા થવાવાળા કંકાસ, યુદ્ધ, સંગ્રામ વિવિધ રોગ, યક્ષ ભૂત આદિના ઉપદ્રવ, મહામારી આદિ અને તેનાથી થનારા કુલક્ષય,



ગ્રામક્ષય, ધનક્ષય આદિ યમ લોકપાલની જાણકારીથી થાય છે.

પંદર પરમાધામી દેવ તેના પુત્ર સ્થાનીય માનવામાં આવ્યા છે અને યમ લોકપાલની સ્થિતિ સોમ લોકપાલની સમાન છે.

**વરુણ લોકપાલ :–**

પોતાના વિમાનવાસી દેવ, નાગકુમાર ઉદધિકુમાર, સ્તનિતકુમાર જાતિના દેવ-દેવી, વરુણ લોકપાલને આધીન હોય છે. મેરુથી દક્ષિણમાં અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, સુવૃષ્ટિ, કુવૃષ્ટિ, ઝરણા, તળાવ આદિ અને તેનાથી થનાર જનક્ષય, ધનક્ષય આદિ વરુણ લોકપાલની જાણકારીમાં હોય છે.

કર્કોટક, કર્દમક, અંજન, શંખ, પાલક, પુન્ડ્ર, પલાશ, મોદ, જય, દધિમુખ-અયંપુલ, કાતરિક આ તેના પુત્ર સ્થાનીય દેવ માનવામાં આવ્યા છે. વરુણ લોકપાલની સ્થિતિ દેશોન(કંઈક ઓછી) બે પલ્યોપમની છે, તેના પુત્ર સ્થાનીય દેવોની એક પલ્યોપમની સ્થિતિ છે.

**વૈશ્રમણ લોકપાલ :–**

પોતાનાં વિમાનવાસી દેવ, સુવર્ણકુમાર, દ્વીપકુમાર, દિશાકુમાર, જાતિના દેવ-દેવી, વાણવ્યંતર દેવ-દેવી આદિ આ વૈશ્રમણ લોકપાલને આધીન હોય છે.

મેરુથી દક્ષિણમાં સોનું ચાંદી આદિ અનેક પ્રકારની ખાણો, દાટેલા-રાખેલા ધન, માલિક રહિત ધન, ધનવૃષ્ટિ સોનૈયા આદિની વૃષ્ટિ પુષ્પાદિની વૃષ્ટિ. ગંધમાલા ચૂર્ણ આદિ સુગંધી પદાર્થની વૃષ્ટિ, વસ્ત્ર, ભોજન(પાત્ર) અને ક્ષીર સુકાળ-દુષ્કાળ, સુભિક્ષ-દુર્ભિક્ષ, સસ્તાઈ(મોંઘવારી) અને નિધાન, સ્મશાન, પર્વત, ગુફા, ભવન આદિમાં રાખેલ ધન, મણિ રત્ન ઈત્યાદિ આ વૈશ્રમણ લોક–પાલની જાણકારીમાં હોય છે.

પૂર્ણભદ્ર, મણિભદ્ર, શાલીભદ્ર, સુમનભદ્ર, ચક્ર, રક્ષ, પૂર્ણરક્ષ, સદ્વાન, સર્વજશ, સર્વકામ, સમૃદ્ધિ, અમોઘ અસંગ, આ તેમનાં પુત્ર સ્થાનીય દેવ માનવામાં આવ્યા છે. વૈશ્રમણ લોકપાલની સ્થિતિ બે પલ્યોપમની હોય છે. તેના પુત્ર સ્થાનીય દેવોની સ્થિતિ એક પલ્યોપમની હોય છે.

## ઉદ્દેશક : ૮

**અધિપતિ દેવ :–**

અસુરકુમાર આદિ ૧૦ ભવનપતિમાં અને વૈમાનિકનાં ૧૦ સ્થાનોમાં

પાંચ-પાંચ અધિપતિ દેવ છે. અર્થાત્ ભવનપતિમાં દક્ષિણ અને ઉત્તરના બે– ઈન્દ્ર અને તેના ચાર–ચાર લોકપાલ એમ ૧૦–૧૦ અધિપતિ દેવ છે. વૈમાનિકમાં દસ ઈન્દ્રોનાં દસ સ્થાન છે. તેમાં એક ઈન્દ્ર અને ચાર લોકપાલ એમ પાંચ-પાંચ અધિપતિ દેવ છે. લોકપાલોના નામ વૈમાનિકમાં એક સરખા છે.– સોમ, યમ, વઢણ અને વૈશ્રમણ, અસુરકુમાર આદિ દસેના લોકપાલોનાં નામ અલગ અલગ છે. પરંતુ ઉત્તર દક્ષિણમાં નામ સરખા છે–

અસુરકુમારના લોકપાલ– સોમ, યમ, વઢણ, વૈશ્રમણ.
નાગકુમારના– કાલપાલ, કોલપાલ, શૈલપાલ, શંખપાલ.
સુવર્ણકુમારના– ચિત્ર, વિચિત્ર, ચિત્રપક્ષ, વિચિત્રપક્ષ.
વિદ્યુતકુમારના– પ્રભ, સુપ્રભ, પ્રભકાંત, સુપ્રભકાંત.
અગ્નિકુમારના– તેજસ, તેજસસિંહ, તેજકાંત, તેજપ્રભ.
દ્વીપકુમારના– રૂપ, રૂપાંશ, રૂપકાંત, અને રૂપપ્રભ.
ઉદધિકુમારના– જલ, જલઢ, જલકાય, જલપ્રભ.
દિશાકુમારના– ત્વરિત ગતિ, ક્ષિપ્રગતિ, સિંહગતિ, સિંહવિક્રમગતિ.
પવનકુમારના– કાલ, મહાકાલ, અંજન, અરિષ્ટ.
સ્તનિતકુમારનાં – આવર્ત, વ્યાવર્ત નંદિકાવર્ત, મહાનંદિકાવર્ત.

પિશાચ ભૂત આદિ વ્યંતર દેવોના ઉત્તર અને દક્ષિણવર્તી બે–બે ઈન્દ્ર જ અધિપતિ દેવ હોય છે. જ્યોતિષીમાં બધા દ્વીપ સમુદ્રોના જ્યોતિષિઓના ચન્દ્ર અને સૂર્ય આ બે–બે અધિપતિ દેવ હોય છે.

દરેક ચન્દ્ર સૂર્યના પોતાના પરિવાર સ્વતંત્ર હોય છે. વ્યંતર જ્યોતિષીમાં લોકપાલ હોતા નથી.

## ઉદ્દેશક : ૯–૧૦

(૧) જીવાભિગમ સૂત્રની ત્રીજી પ્રતિપત્તિના ત્રીજા જ્યોતિષી ઉદ્દેશકનું પૂરું વર્ણન અહીં જાણવું.

(૨) બધા ઈન્દ્રોની બાહ્ય આભ્યંતર પરિષદનું વર્ણન પણ જીવાભિગમ સૂત્રની ત્રીજી પ્રતિપત્તિ અનુસાર અહીં પણ જાણવું.

॥ શતક ૩/૧૦ સંપૂર્ણ ॥



## શતક–૪ : ઉદ્દેશક–૧–૮

શક્રેન્દ્રની જેમ ઈશાનેન્દ્રના ચાર લોકપાલ છે. તેના ત્રીજા ચોથા લોક–પાલના ક્રમમાં ફેરફાર છે. આ લોકપાલોનાં વિમાન ઈશાનાવતંસક વિમાનથી અસંખ્ય યોજન દૂર ક્રમશઃ પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તરમાં છે. વિમાન, રાજધાની, આધીન દેવ, કાર્યક્ષેત્ર, પુત્ર સ્થાનીય દેવ આદિ વર્ણન શક્રેન્દ્રના વર્ણન સમાન છે. શક્રેન્દ્રનું વર્ણન મેઢની દક્ષિણ દિશાની અપેક્ષા રાખે છે. ઈશાનેન્દ્રનું વર્ણન મેઢની ઉત્તરદિશા વર્તી બધા વિષયોની અપેક્ષા રાખે છે. આ વિશેષતા સમજવી– અર્થાત્ ઉત્તર દક્ષિણક્ષેત્રના ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી બધા જ દેવ બરાબર બે ભાગમાં વિભાજિત છે.

અહીં ચાર ઉદ્દેશક ચાર લોકપાલના છે અને ચાર ઉદ્દેશકમાં તેમની રાજધાનીનું વર્ણન છે.

## ઉદ્દેશક : ૯–૧૦

(૧) પ્રજ્ઞાપના સૂત્રનું સતરમું લેશ્યાપદ છે. તેના ત્રીજા અને ચોથા ઉદ્દેશકનું વર્ણન અહીં જાણવું.

॥ શતક ૪/૧૦ સંપૂર્ણ ॥

## શતક–૫ : ઉદ્દેશક–૧

૧. જંબૂદ્વીપમાં સૂર્ય ઈશાન ખુણામાં ઉદય થઈને અગ્નિખુણામાં અસ્ત થાય છે. ૨. અગ્નિખુણામાં ઉદય થઈને નૈઋત્યખુણામાં અસ્ત થાય છે. ૩. નૈઋત્યખુણામાં ઉદય થઈને વાયવ્યખુણામાં અસ્ત થાય છે. ૪. વાયવ્યખુણામાં ઉદય થઈને ઈશાનખુણામાં અસ્ત થાય છે. જયાં સૂર્ય પહેલાનાં ક્ષેત્રની અપેક્ષાએ અસ્ત થાય છે, ત્યાં આગળનાં ક્ષેત્રની અપેક્ષાએ ઉદય થાય છે. ચારે ય ખુણામાં કુલ મળીને એક સૂર્ય પહેલાનાં ક્ષેત્રોની અપેક્ષાએ ચાર વાર અસ્ત થાય છે અને આગળના ક્ષેત્રોની અપેક્ષાએ તે ચારે ખુણામાં કુલ મળીને ચાર વાર ઉદય થાય છે. આ પહેલાં પછીનાં ક્ષેત્રોની અપેક્ષાએ ઉદય અસ્ત કહેવાય છે. પરંતુ હકીકતમાં સૂર્ય તો હમેશાં ઉદય પામેલો જ હોય છે.

(૨) જ્યારે જંબુદ્વીપનાં પૂર્વ-પશ્ચિમ ભાગમાં દિવસ હોય છે, ત્યારે ઉત્તર-દક્ષિણ ભાગમાં રાત્રિ હોય છે અને જ્યારે ઉત્તર–દક્ષિણ દિશામાં દિવસ હોય છે ત્યારે

પૂર્વ-પશ્ચિમ દિશામાં રાત્રિ હોય છે. જ્યારે એક ભાગમાં અઢાર મુહૂર્તનો દિવસ અને ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે. ત્યારે અન્ય ભાગોમાં રાત્રિ દિવસ એટલા જ હોય છે. રાત્રિ અને દિવસનાં પરિમાણનો યોગ ૩૦ મુહૂર્ત હોય છે. જ્યારે-જ્યારે અઢાર મુહૂર્ત દિવસનો સમય ઘટે છે, ત્યારે ત્યારે ૧૨ મુહૂર્ત રાત્રિના સમયમાં વૃદ્ધિ થાય છે. અર્થાત્ જ્યારે ૧૭ મુહૂર્તનો દિવસ હોય ત્યારે ૧૩ મુહૂર્તની રાત્રિ હોય છે. જ્યારે ૧૬ મુહૂર્તનો દિવસ હોય ત્યારે ૧૪ મુહૂર્તની રાત્રિ હોય છે. અંતમાં જ્યારે ૧૨ મુહૂર્તનો દિવસ હોય ત્યારે ૧૮ મુહૂર્તની રાત્રિ હોય છે. ઉત્તર-દક્ષિણ વિભાગમાં દિવસ અથવા રાત સાથે–સાથે હોય છે અને પૂર્વ–પશ્ચિમ વિભાગમાં દિવસ-રાત સાથે હોય છે. બે વિભાગોમાં દિવસ અને બે વિભાગોમાં રાત્રિ એવો ક્રમ ચાલતો રહે છે.

એક સૂર્ય દ્વારા એક મંડલનું ભ્રમણ પૂર્ણ કરવામાં ચારે વિભાગોમાં એક-એક વાર સૂર્યોદય અને સૂર્યાસ્ત થાય છે.

(૩) પૂર્વ-પશ્ચિમ વિભાગમાં જ્યારે વર્ષનો પ્રારંભ(પ્રથમ સમય) થાય છે. તેના અનંતર સમયમાં ઉત્તર-દક્ષિણ વિભાગમાં વર્ષનો પ્રારંભ(પ્રથમ સમય) થાય છે. પૂર્વ-પશ્ચિમમાં સાથે જ થાય છે. અર્થાત્ પૂર્વ-પશ્ચિમ વિભાગનાં અંતિમ કિનારે જ્યારે વર્ષનો પ્રારંભ થાય છે, ત્યારે તેના અનંતર સમયમાં ઉત્તર-દક્ષિણ વિભાગના પ્રાથમિક કિનારે વર્ષનો પ્રારંભ થાય છે એવું સમજવું જોઈએ. વર્ષના પ્રારંભ આદિ સંબંધી વર્ણનની સમાન વર્ષાવાસ, ગ્રીષ્મકાલ, હેમંતકાલના પ્રથમ સમય સમજી લેવો જોઈએ. એવી જ રીતે પ્રથમ સમયની સમાન જ આવલિકા, દિવસ, પક્ષ, માસ, ઋતુ, આદિ સાગરોપમ સુધી સમજવું.

(૪) પૂર્વ-પશ્ચિમ વિભાગમાં ઉત્સર્પિણી હોતી નથી.

(૫) ઉપરોક્ત HAäl5 ની સમાન જ લવણ સમુદ્રના ચાર વિભાગોનું વર્ણન સમજી લેવું જોઈએ. અહીં પણ પૂર્વ-પશ્ચિમ વિભાગમાં ઉત્સર્પિણી અવસર્પિણી હોતા નથી. વિશેષતા એ છે કે અહીં મેઢ પર્વત ન કહેતાં દિશાઓનાં વિભાગનું વર્ણન કરવામાં આવે છે.

(૬) ધાતકી ખંડ દ્વીપનું કથન જંબૂદ્વીપના સમાન અને કાલોદધિ સમુદ્રનું કથન લવણ સમુદ્રના સમાન છે. ધાતકી ખંડના સમાન આભ્યંતર પુષ્કર દ્વીપનું કથન છે.

## ઉદ્દેશક : ૨

(૧) **પુરોવાત** = પરવાયુ, સ્નિગ્ધતા યુક્ત વાયુ. **પથ્ય વાયુ** = વનસ્પતિ વગેરે



માટે પથ્યકારી વાયુ. **મન્દ વાયુ** = ધીરે ધીરે વાતો વાયુ. **મહા વાયુ** = પ્રચંડ તોફાની વાયુ. આવી ચારે ય પ્રકારની હવા બધી દિશામાં, વિદિશામાં દ્વીપમાં સમુદ્રમાં ચાલી શકે છે. પરંતુ એક સાથે એક સમયમાં બે વિરોધી દિશાઓમાં ચાલી શકતી નથી.

આ સર્વે વાયુકાય સ્વાભાવિક પણ હોઈ શકે છે. વાયુકાયના ઉત્તર– વૈક્રિયથી પણ હોઈ શકે છે અને દેવકૃત પણ હોય છે(વાયુકુમાર આદિ કૃત)

લવણ સમુદ્રમાં ચાલતી હવા **વૈલા**થી બાધિત થઈ જાય છે. અને તેનાથી આગળ નહીં વધતાં ત્યાં જ અટકી જાય છે. ભલે પછી તે મંદ વાયુ હોય કે પ્રચંડ વાયુ હોય.

લવણ સમુદ્રની વચ્ચે જે ૧૬ હજાર યોજન ઊંચા પાણી ઉઠેલા છે, તેને "વેલા" કહેવામાં આવે છે.

(૨) કોઈપણ સચિત્ત, સજીવ વસ્તુ સ્વતઃ અચિત થઈ જાય તો તે પૂર્વ કાય જીવનું શરીર કહેવામાં આવે છે. અગ્નિથી પરિતાપિત-પરિણત થઈને અચિત-નિર્જીવ બનવાવાળા પદાર્થ અગ્નિકાયના ત્યક્ત શરીર કહેવામાં આવે છે. પૂર્વભાવની વિવક્ષામાં મૂળ જીવની કાયા(યોનિ) કહી શકાય છે. યથા– કોઈ પણ **"લીલા પાંદડા"** વનસ્પતિકાય છે તે સ્વાભાવિક સુકાઈ જાય અથવા તેને પીસીને ચટણી બનાવી દેવાય તો તે વનસ્પતિકાયનું ત્યક્ત શરીર છે. પરંતુ અગ્નિ ઉપર ઉકાળીને અચિત બનાવી દેવાય તો તે અગ્નિકાયનું ત્યક્ત શરીર છે. પૂર્વ ભાવની અપેક્ષાથી વનસ્પતિ શરીર કહેવાય છે. એવી જ રીતે મીઠું (નમક) વગેરે પદાર્થ સમજી લેવા. ખાણમાંથી નીકળતા પદાર્થો લોખંડ વગેરે તેમજ ત્રસ જીવોનાં અવયવો હાડકાં વગેરે અગ્નિ પરિણત હોય તે અગ્નિ શરીર કહેવામાં આવે છે. રાખ કોલસા વગેરે પણ આવી જ રીતે સમજવા.

## ઉદ્દેશક : ૩–૪

(૧) એક જીવનાં હજારો આયુષ્ય એક સાથે બાંધેલા હોતા નથી. પરભવનો આયુ જીવ આ ભવમાં બાંધે છે. તે આયુબંધ યોગ્ય આચરણ પણ આજ ભવમાં કરે છે. એક સાથે એક સમયમાં બે આયુષ્ય ભોગવી શકાતા નથી.

(૨) છદ્મસ્થ મનુષ્ય સીમામાં રહેલ સ્પૃષ્ટ શબ્દોને સાંભળે; અસ્પૃષ્ટ શબ્દોને સાંભળતા નથી. સર્વજ્ઞાની સર્વદર્શી હોવાથી કેવલી સીમાવર્તી અને સીમા બહાર

રહેતા બધા શબ્દોને જાણે જુએ છે.

(૩) છદ્મસ્થ મનુષ્ય મોહ કર્મના ઉદયથી હસે છે, ઉત્સુક થાય છે. પરંતુ કેવલી ભગવાનને મોહ નહીં હોવાથી હસતા નથી.

હસવાવાળા સાત યા આઠ કર્મોનો બંધ કરે છે. બહુવચનની અપેક્ષા જીવ તેમજ એકેન્દ્રિયમાં એક ભંગ થાય છે અને બાકીમાં ત્રણ ભંગ થાય છે.

(૪) આવી રીતે છદ્મસ્થ નિદ્રા વગેરે કરે છે. કેવલી ભગવાનને દર્શન મોહનીય કર્મ ન હોવાથી નિદ્રા કરતા નથી. નિદ્રામાં પણ ૭ યા ૮ કર્મ નો બંધ ચાલે છે.

(૫) શક્રેન્દ્રના દૂત સ્થાનીય હરિણેગમેષીદેવ સ્ત્રીની યોનિથી ગર્ભનું સંહરણ કરી શકે છે અને અન્ય સ્ત્રીનાં ગર્ભમાં રાખી શકે છે. આ ગર્ભને કાઢવાનું કાર્ય યોનીમાર્ગથી કરે છે. છતાં પણ નખ અથવા રોમકૂંપોથી તે ગર્ભને એવી કુશળતાથી બહાર કાઢી શકે છે કે તે ગર્ભનાં જીવને કષ્ટ વેદન કરવું પડતું નથી.

(૬) અતિમુકતક કુમાર શ્રમણે વરસાદના પાણીમાં પાત્રીને તરાવી હતી અને **મારી નાવ તરે, મારી નાવ તરે** નો અનુભવ બાલસ્વભાવથી કર્યો હતો. નવદીક્ષિતની આવી પરિસ્થિતિ ન થાય એ જવાબદારી પૂર્વ દીક્ષિત તેમજ સ્થવિર શ્રમણોની હોય છે. ભગવાન આ ઘટના પર સ્થવિર શ્રમણોને સૂચન કરે છે કે કુમાર શ્રમણને સાવધાનીપૂર્વક, રુચિપૂર્વક શિક્ષિત કરો અને તેની સાર સંભાળ ગ્લાનિ રહિત ભાવો સાથે કરો પરંતુ અવહેલના નિંદા ન કરો. આ કુમાર શ્રમણ આ ભવમાં જ મોક્ષગામી છે. *[વિશેષ વર્ણન માટે જુઓ–અંતગડ સૂત્ર. ખંડ–૧]*

(૭) એકવાર બે દેવો ભગવાનની સેવામાં આવ્યા. મનથી વંદન નમસ્કાર કર્યા. મનથી જ પ્રશ્ન પૂછયા અને ભગવાને પણ મનથી જ ઉત્તર આપ્યા. દેવો સંતુષ્ટ થયા; વંદન-નમસ્કાર કરી યથાસ્થાને બેસીને પર્યુપાસના કરવા લાગ્ય.

ગૌતમ સ્વામીને જિજ્ઞાસા થઈ કે આ દેવો કયા દેવલોકમાંથી આવ્યા ? ગૌતમ સ્વામી ઊભા થઈને ભગવાનની પાસે જઈને વંદન કરીને પૂછવા માટે ઈચ્છતા હતા. ત્યાં સ્વયં ભગવાને જ સ્પષ્ટીકરણ કર્યું કે હે ગૌતમ ! તમને જે જિજ્ઞાસા થઈ છે, તેનું સમાધાન આ દેવ પોતે જ કરશે. ગૌતમ સ્વામી ફરીથી ભગવાનને વંદન નમસ્કાર કરીને દેવોની નિકટ જવા માટે તત્પર થયા. ત્યારે પોતાની તરફ આવતા ગૌતમ સ્વામીને જોઈને દેવો સ્વયં પ્રસન્ન વદને ગૌતમ સ્વામીની નજીક ગયા અને વંદન-નમસ્કાર કરીને કહ્યું–



''અમે આઠમાં સહસ્ત્રાર નામના દેવલોકના દેવ છીએ. અમે મનથી જ વંદન-નમસ્કાર કરીને પ્રશ્ન પૂછયો અને તેનું સમાધાન પણ મનથી જ પામ્યા અને પર્યુપાસના કરી રહ્યા છીએ. અમારો પ્રશ્ન હતો કે ભગવાનના શાસનમાં ભગવાનના જીવનકાળમાં કેટલા શ્રમણ મોક્ષે જશે ? ઉત્તર મલ્યો કે ૭૦૦ (સાતસો) શ્રમણ આ ભવમાં મોક્ષે જશે.

(૮) બધા દેવો અસંયત જ હોય છે. સંયત કે સંયતાસંયત હોતા નથી. પરંતુ વચન વિવેકની દષ્ટિથી તેઓને વ્યક્તિગત અસંયત નહીં કહેતાં **નોસંયત** કહેવાય છે. અસંયત કહેવું નિષ્ઠુરવચન છે.

(૯) દેવોની ભાષા અર્ધમાગધી છે. આ ભાષામાં જ તેઓ સ્વાભાવિક રીતે વાર્તાલાપ વિગેરે કરે છે. **અર્ધમાગધી** શબ્દએ રૂઢ નામ છે એનો આધા મગધ દેશની ભાષા, એમ અર્થ ન કરાય.

(૧૦) આ જીવ ચરમ શરીરી છે, આ ભવમાં મોક્ષે જશે, એવું તો કેવલી જ જાણી શકે છે, છદ્મસ્થ સ્વતઃ જાણી શકતા નથી. આગમ આદિ પ્રમાણોથી અથવા અનંતર પરંપર સર્વજ્ઞો પાસેથી સાંભળીને જાણી શકે છે.

(૧૧) પ્રમાણ ચાર છે. ૧. પ્રત્યક્ષ ૨. અનુમાન ૩. ઉપમા ૪. આગમ. આના વિશેષ વર્ણન માટે જુઓ અનુયોગ દ્વાર સૂત્ર ખંડ ન. ૭.

(૧૨) ચરમ નિર્જરા પુદ્ગલોને અર્થાત્ કેવલીના મુક્ત થવાના સમયનાં નિર્જરિત કર્મ પુદ્ગલોને કેવલી જાણે છે, જુએ છે. છદ્સ્થ જાણતા નથી.

(૧૩) કેવલીના જે સ્પષ્ટ પ્રગટ મન વચન પ્રયોગ હોય છે, તેને સમ્યગ્દષ્ટિ દેવ ઉપયોગવંત થઈને જાણી શકે છે.

(૧૪) અણુત્તર વિમાનના દેવ પોતાના સ્થાન પરથી જ કેવલી સાથે આલાપ–સંલાપ કરી શકે છે, પ્રશ્ન પૂછીને ઉત્તર મેળવી શકે છે. તેઓને મનોદ્રવ્ય વર્ગણા લબ્ધિ હોય છે, જેનાંથી કેવલી દ્વારા મનથી અપાયેલા ઉત્તરને ત્યાંજ રહીને જાણી શકે છે.

(૧૫) અણુત્તર દેવોનાં મોહકર્મ બહુ જ ઉપશાંત હોય છે. તેથી તેઓ "ઉપશાંત મોહા" કહેવાય છે.

(૧૬) VFIF6IC = સીમાથી અથવા ઈન્દ્રિયથી. કેવલીનું જ્ઞાન ઈન્દ્રિયજન્ય પણ નથી હોતું અને સીમિત પણ નથી હોતું, પરંતુ કેવળીઓને નિરાવરણ, ઈન્દ્રિયાતીત,

સીમાતીત જ્ઞાન હોય છે. તેથી તેઓ સીમિત અને સીમાતીત સર્વને કેવલજ્ઞાનથી જાણે છે.

(૧૭) કેવલીને પણ શરીરની પ્રવૃત્તિ સ્વવશ કે સ્થિરયોગવાળી હોય તેમ જરૂરી નથી. અર્થાત્ જે આકાશ પ્રદેશ ઉપર હાથ રાખ્યો છે, કે શરીરથી બેઠા છે કે ઉભા છે તે ત્યાંથી હટાવીને ફરીથી તે જ સર્વે ય આકાશ પ્રદેશ ઉપર હાથ મૂકવો કે શરીરથી બેસવું કે ઊભા રહેવું એ સંભવ નથી હોતું.

(૧૮) ઉત્કારિકા ભેદ લબ્ધિથી સમ્પન્ન ૧૪ પૂર્વધારી એક ઘટ થી હજાર ઘટ બનાવી શકે છે. એવી જ રીતે એક-એક વસ્ત્રથી, ચટ્ટાઈ થી, રથથી, છત્રથી, દંડથી હજાર-હજાર વસ્ત્ર વગેરે કાઢી શકે છે.

## ઉદ્દેશક : ૫

(૧) જીવોનાં જે કર્મોનો સ્થિતિઘાત, રસઘાત વગેરે થઈ જાય છે તે અનેવંભૂત કર્મ વેદાય છે અને જે કર્મોનો સ્થિતિઘાત વગેરે નથી હોતો તે એવંભૂત(બાંધેલા જેવા જ) વેદાય છે.

(૨) કુલકર, ચક્રવતી વગેરેનું વર્ણન સમવાયાંગ સૂત્રમાં છે જુઓ, સારાંશ ખંડ-૩.

## ઉદ્દેશક : ૬

(૧) હિંસા કરીને, ખોટું બોલીને અર્થાત્ સાધુઓ માટે આરંભ-સમારંભ કરીને અને જૂઠ-કપટ કરીને અકલ્પનીય આહાર-પાણી આપવાથી અલ્પ આયુષ્ય પ્રાપ્ત થાય છે.

(૨) હિંસા કર્યા વગર, ખોટું બોલ્યા વગર, શુદ્ધ નિર્દોષ આહાર-પાણી શ્રમણ નિર્ગ્રન્થને આપવાથી દીર્ઘાયુની પ્રાપ્તિ થાય છે. તેમજ તેઓની વંદના ભક્તિ પર્યુપાસના કરી મનોજ્ઞ પ્રીતિકારક આહાર-પાણી આપવાથી શુભ દીર્ઘાયુની પ્રાપ્તિ થાય છે.

(૩) આનાથી વિપરીત હિંસા, જૂઠનું સેવન કરીને શ્રમણોની અવહેલના, નિંદા, અપમાન વગેરે કરે તેમજ અમનોજ્ઞ, અપ્રીતિકારક આહાર–પાણી આપે તો અશુભ દીર્ઘાયુ ની પ્રાપ્તિ થાય છે.

(૪) ખોવાઈ ગયેલી વસ્તુની શોધ કરનાર વ્યક્તિ(ગૃહસ્થ)ને આરંભિકી વગેરે ચાર ક્રિયાઓ લાગે છે. શેષ મિથ્યાત્વ ક્રિયા વિકલ્પથી(ભજનાથી) લાગે છે.



ખોવાયેલી વસ્તુ મળી જવાથી બધી ક્રિયાઓ સૂક્ષ્મરૂપે લાગે છે.

વેચાણ કરેલી વસ્તુ વેપારી પાસે જ પડી રહે તો તેને ચાર ક્રિયાઓ લાગે છે. મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા વિકલ્પથી લાગે છે. ક્રેતા એટલે ખરીદનારને સૂક્ષ્મરૂપે ક્રિયાઓ લાગે છે.

વેચાણ કરેલી વસ્તુ ખરીદનાર લઈ જાય તો તેને ચાર ક્રિયા લાગે છે. મિથ્યાત્વની ક્રિયામાં વિકલ્પ છે. વેચનારને સૂક્ષ્મરૂપથી ક્રિયાઓ લાગે છે. જો કિંમત ન આપી હોય તો એ ધન થી ખરીદનારને ચાર ક્રિયાઓ લાગે છે. મિથ્યાત્વની ભજના અને વિક્રેતાને સૂક્ષ્મરૂપ ક્રિયાઓ લાગે છે.

કિંમત મળી ગયા પછી વિક્રેતાને તે ધન નિમિત્તે ચાર ક્રિયાઓ લાગે છે. મિથ્યાત્વની ક્રિયા સર્વત્ર વિકલ્પથી લાગે છે. વસ્તુથી હવે તેનો કોઈ સંબંધ નથી રહેતો જો ક્રેતા કે વિક્રેતા સમ્યગ્દૃષ્ટિ હોય તો તેને મિથ્યાત્વની ક્રિયા લાગતી નથી. માટે સર્વત્ર **વિકલ્પથી** એમ કહ્યું છે.

(૫) અગ્નિ બળે છે ત્યારે મહાક્રિયા લાગે છે અને જ્યારે બુઝાય છે ત્યારે અલ્પ-અલ્પ ક્રિયા લાગે છે અને અંતમાં જ્યારે સાવ બુઝાઈ જાય છે ત્યારે ક્રિયા લાગતી નથી.

(૬) ધનુષ, બાણ વગેરે જે જીવોનાં શરીરમાંથી બને છે તેઓને પણ હિંસકના જેટલી જ (સંખ્યાની અપેક્ષા) પાંચ ક્રિયા લાગે છે. જ્યારે બાણ પોતાનાં ભારથી સ્વયં નીચે પડે છે ત્યારે કેવળ બાણના પૂર્વ જીવોને પાંચ ક્રિયા અને બાકીના બધાને અને હિંસકને પણ ચાર ક્રિયા લાગે છે.

(૭) ચાર-પાંચસો યોજન પ્રમાણ મનુષ્યલોક ક્યાં ય પણ ઠસાઠસ ભરેલો નથી. પરંતુ એક સ્થાન પર નરકક્ષેત્ર ૪૦૦–૫૦૦ યોજન સુધી નૈરયિકોથી ઠસોઠસ ભરેલો છે.

(૮) આધાકર્મ આદિ દોષમાં કોઈ પાપ નથી એવું વિચારીને કે બોલીને અથવા તેવા આહારનું સેવન કરીને તેની આલોચના પ્રાયશ્ચિત્ત નહીં કરવાથી તે સાધકનું વિરાધના થાય છે. આલોચના પ્રાયશ્ચિત્ત કરી લેવાથી તેની આરાધના થઈ શકે છે.

(૯) આચાર્ય-ઉપાધ્યાય ગણ પ્રત્યેના પોતાનાં કર્તવ્યોનું પૂર્ણ યથાર્થ પાલન કરવાથી આ ભવમાં કે બીજાભવમાં અથવા ત્રીજા ભવમાં મુક્તિ પ્રાપ્ત કરે છે.

જે બીજા ઉપર જૂઠા આક્ષેપો કરે છે તે તેવા જ કર્મોનું ઉપાર્જન કરે છે.

અર્થાત્ ફરીથી તેના ઉપર પણ જૂઠા આક્ષેપો આવવાની સ્થિતિ બને છે. ભલે પછી કોઈ આચાર્ય હોયકે સાધુ હોય અથવા શ્રાવક હોય, કોઈપણ હોય બધાને તેવું જ ભોગવવું પડે છે.

## ઉદ્દેશક : ૭

(૧) કંપમાન(અસ્થિરસ્વભાવી) અકંપમાન(સ્થિરસ્વભાવી) પુદ્‌ગલના ૬ ભાંગા છે. યથા– ૧. સંપૂર્ણ કંપમાન, ૨. સંપૂર્ણ અકંપમાન, ૩. એક દેશ કંપમાન, એક દેશ અકંપમાન, ૪. એક દેશ કંપમાન, અનેક દેશ અકંપમાન, ૫. અનેક દેશકંપમાન, એક દેશ અકંપમાન, ૬. અનેક દેશ કંપમાન, અનેક દેશ અકંપમાન.

પહેલો, બીજો ભાંગો પરમાણુ આદિ બધામાં હોઈ શકે છે. ત્રીજો ભાંગો દ્વિપ્રદેશી સ્કંધ આદિમાં હોઈ શકે છે. ચોથો, પાંચમો ભાંગો ત્રણ પ્રદેશી આદિમાં હોઈ શકે છે. છટ્ઠો ભાંગો ચાર પ્રદેશી આદિમાં હોય છે. ઓછા પ્રદેશી સ્કંધોમાં પ્રાપ્ત થનારા ભાંગા વધારે પ્રદેશવાળા સ્કંધોમાં થઈ શકે છે. તેથી પાંચ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી કંપમાન સંબંધી છ ભાંગા થાય છે.

કંપમાનનો અર્થ છે અવગાહિત આકાશ પ્રદેશનું પરિવર્તિત થવું. સંપૂર્ણ પુદ્‌ગલ સ્કંધના અવગાહના સ્થાનનું પણ પરિવર્તન થઈ શકે છે અને કયારેક એક દેશ અવગાહના બદલે અને એક દેશ અવગાહના ન બદલે, એવું પણ થઈ શકે છે.

અનંત પ્રદેશી સ્કંધ પણ ફક્ત એક, બે અથવા ત્રણ, ચાર આકાશ પ્રદેશને અવગાહન કરીને રહી શકે છે.

(૨) પરમાણુથી લઈને અસંખ્ય પ્રદેશીને તલવાર આદિ શસ્ત્રથી છેદન ભેદન થઈ શકે નહિં. અનંત પ્રદેશીનું થઈ શકે છે. આ પ્રકારે અગ્નિમાં બળવું, પાણીમાં ભીંજાવું આદિ અસંખ્ય પ્રદેશીનું થતું નથી. અનંત પ્રદેશી સ્કંધ પણ સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારના છે. સૂક્ષ્મ અનંત પ્રદેશી સ્કંધનું વર્ણન અસંખ્ય પ્રદેશીના સમાન છે. તેથી ઉપરોકત અનંત પ્રદેશીમાં બાદર સ્કંધ જ ગ્રહણ કરવામાં આવેલ છે.

(૩) પરમાણુ, ત્રણ પ્રદેશી, પાંચ પ્રદેશી, સાત પ્રદેશી આદિમાં અર્ધો વિભાગ થતો નથી. પરંતુ આમાં મધ્ય હોય છે. બે પ્રદેશી, ચાર પ્રદેશી આદિના અર્ધા વિભાગ થાય છે. પરન્તુ તેમાં મધ્ય હોતો નથી. સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશીમાં સમધ્ય અને સાર્ધ બન્ને પ્રકારના સ્કંધ હોય છે.



**(૪) પુદ્‌ગલ સ્પર્શના :–** એક પરમાણુ બીજા પરમાણુને એ રીતે અનંત પ્રદેશીને પણ સ્પર્શ કરી શકે છે. એજ પ્રકારે દ્વિપ્રદેશી આદિ પણ બધા પુદ્‌ગલોને સ્પર્શ કરી શકે છે. દેશ સ્પર્શ અને સર્વ સ્પર્શની અપેક્ષાએ ૯ ભાંગા થાય છે. ૧. દેશથી દેશ, ૨. દેશથી અનેક દેશ, ૩. દેશથી સર્વ, ૪. અનેક દેશથી દેશ, ૫. અનેક દેશથી અનેક દેશ, ૬. અનેક દેશથી સર્વ, ૭. સર્વથી દેશ, ૮. સર્વથી અનેક દેશ, ૯. સર્વથી સર્વ.

પરમાણુમાં– ૭મો, ૮મો, ૯મો. દ્વિપ્રદેશીમાં– ૭મો, ૮મો, ૯મો, પહેલો, બીજો, ત્રીજો. ત્રણ પ્રદેશી આદિમાં ૯ એટલે સર્વે ય ભાંગા થાય છે. જેમ કે–

| | | | |
|---|---|---|---|
| ૧. | પરમાણુ | પરમાણુથી | ૯મા ભાંગાથી સ્પર્શ કરે છે. |
| ૨. | પરમાણુ | દ્વિપ્રદેશીથી | ૭મા અને ૯મા ભાંગાથી સ્પર્શ કરે છે. |
| ૩. | પરમાણુ | ત્રણ પ્રદેશીથી | ૭મા, ૮મા અને ૯મા ભાંગાથી સ્પર્શ કરે છે. |
| ૪. | દ્વિપ્રદેશી | પરમાણુથી | ત્રીજા અને ૯મા ભાંગાથી સ્પર્શ કરે છે. |
| ૫. | દ્વિપ્રદેશી | દ્વિપ્રદેશીથી | ૧,૩,૭,૯મા ભાંગાથી સ્પર્શ કરે છે. |
| ૬. | દ્વિપ્રદેશી | ત્રણ પ્રદેશીથી | ૧,૨,૩,૭,૮,૯મા ભાંગાથી સ્પર્શ કરે છે. |
| ૭. | ત્રણ પ્રદેશી | પરમાણુથી | ૩,૬,૯મા ભાંગાથી સ્પર્શ કરે છે. |
| ૮. | ત્રણ પ્રદેશી | દ્વિપ્રદેશીથી | ૧,૩,૪,૬,૭,૯મા ભાંગાથી સ્પર્શ કરે છે. |
| ૯. | ત્રણ પ્રદેશી | ત્રણ પ્રદેશીથી | બધા(નવે) ભાંગાથી સ્પર્શ કરે છે. |

ચાર પ્રદેશીથી અનંત પ્રદેશી સુધીનું કથન પણ ત્રણ પ્રદેશના કથનની જેમ જ છે.

પરમાણુ– સર્વ જ હોય છે. દ્વિ પ્રદેશી– દેશ અને સર્વ હોય છે, અનેક દેશ નથી હોતા. ત્રણ પ્રદેશી આદિ દેશ, સર્વ અને અનેક દેશ ત્રણે હોય છે. એટલા માટે પરમાણુમાં ઉત્કૃષ્ટ ત્રણ ભાંગા સર્વના હોય છે. દ્વિપ્રદેશીમાં ઉત્કૃષ્ટ છ ભાંગા હોય છે– ત્રણ દેશના અને ત્રણ સર્વના.

(૫) પરમાણુની કાયસ્થિતિ-જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યકાલ. અંતર– જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યકાલનું હોય છે. દ્વિ પ્રદેશી આદિની કાય– સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યકાલ. અંતર– જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અનંતકાલ.

(૬) એક પ્રદેશાવગાઢ(એક આકાશ પ્રદેશ પર રહેનારા પુદ્‌ગલ) સ્વસ્થાન પર

સકંપમાનની કાયસ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગ. અકંપમાન(સ્થિર)ની કાયસ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્ય કાલ.

એક પ્રદેશાવગઢની સમાન જ અસંખ્ય પ્રદેશાવગાઢ સુધી છે. જે સકંપની કાયસ્થિતિ છે, તે જ અકંપનું અંતર છે અને જે અકંપની કાયસ્થિતિ છે, તે જ સકંપનું અંતર છે.

(૭) એક ગુણ કાળા વર્ણથી અનંતગુણ કાળા વર્ણ સુધીની કાયસ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યકાલ. એ જ રીતે વર્ણાદિ ૨૦ બોલ સમજવા. કાયસ્થિતિની સમાન જ એનું અંતર છે.

(૮) સૂક્ષ્મ પરિણત પુદ્‌ગલ અને બાદર પરિણત પુદ્‌ગલની કાયસ્થિતિ અને અંતર જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યકાલ છે.

(૯) શબ્દ પરિણત પુદ્‌ગલની કાયસ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ આવલિકાનો અસંખ્યાતમો ભાગ. અશબ્દ પરિણતની જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યકાલ. એકની કાયસ્થિતિ જ બીજાનું અંતર છે.

(૧૦) સર્વથી અલ્પ કાયસ્થિતિ ક્ષેત્ર પુદ્‌ગલની, તેથી અવગાહન પ્રદેશ સ્થાનમાં સ્થિત પુદ્‌ગલની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અસંખ્ય ગુણી, તેનાથી પરમાણુ આદિ દ્રવ્યરૂપમાં સ્થિત પુદ્‌ગલની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અસંખ્ય ગુણી, તેનાથી એક ગુણ વર્ણાદિની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અસંખ્યગુણી છે.

### (૧૧) ચોવીશ દંડકોના પરિગ્રહ :–

નારકીનો પરિગ્રહ– શરીર, કર્મ અને સચિત્ત, અચિત્ત મિશ્ર દ્રવ્ય. દેવોનો પરિગ્રહ– શરીર, કર્મ, ભવન, દેવ, દેવી, મનુષ્ય મનુષ્યાણી, તિર્યંચ, તિર્યંચાણી, આસન, શયન, ભંડોપકરણ અને અન્ય સચિત્ત, અચિત અને મિશ્ર દ્રવ્ય. એકેન્દ્રિયનો પરિગ્રહ– શરીર, કર્મ અને સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્ય. વિકલેન્દ્રિયનો પરિગ્રહ– શરીર, કર્મ, સચિત્ત, અચિત્ત, મિશ્ર દ્રવ્ય અને બાહ્ય ભંડોપકરણ, સ્થાન આદિ. તિર્યંચ પંચેન્દ્રિયનો પરિગ્રહ– પાણીના સ્થાન,તળાવ, નદી આદિ સ્થળ સંબંધી સ્થાન, ગ્રામાદિ, પર્વત, આદિ, વન, ઉપવન આદિ, ઘર-મકાન, દુકાન આદિ, ખાડા, ખાઈ, કોટ આદિ, ત્રણ રસ્તા, ચારરસ્તા આદિ, વાહન, વર્તન આદિ, દેવ, દેવી, મનુષ્ય, મુષ્યાણી, તિર્યંચ, તિર્યંચાણી, આસન, શયન ભંડોપકરણ, શરીર, કર્મ, અચિત્ત, સચિત્ત મિશ્ર દ્રવ્ય. તિર્યંચના સમાન જ



મનુષ્યોનો પરિગ્રહ છે. પરન્તુ ધન, સંપતિ, સુવર્ણ ચાંદી આદિ ખાદ્ય, સામગ્રી વ્યાપાર, કારખાના આદિ સર્વે વિશેષ અને સ્પષ્ટ રૂપથી છે.

ચોવીશ દંડકના જીવ છ કાયના આરંભથી યુક્ત છે. કોઈ અવ્રતની અપેક્ષાએ છે. કોઈ સાક્ષાત્ છ કાયની હિંસા કરવાની અપેક્ષાએ આરંભી કહેવાય છે.

(૧૨) કેટલાક(સમ્યગ્દષ્ટિ) છદ્મસ્થ હેતુને અને હેતુ દ્વારા પદાર્થોને સમજે છે અને કેટલાક(મિથ્યાદષ્ટિ) છદ્મસ્થ હેતુને અને હેતુ દ્વારા પદાર્થોને સમજતા નથી.

કેવલી અહેતુ રૂપ કેવલજ્ઞાનને અને કેવલજ્ઞાન દ્વારા પદાર્થોને જાણે છે. અનુમાન આદિ હેતુની તેમને આવશ્યકતા હોતી નથી.

## ઉદ્દેશક : ૮

**(૧) સપ્રદેશ–અપ્રદેશ :–** દ્રવ્યની અપેક્ષાએ પરમાણુ અપ્રદેશ છે, શેષ સપ્રદેશ છે. ક્ષેત્રની અપેક્ષાએ એક પ્રદેશાવગાઢ પુદ્‌ગલ અપ્રદેશ છે. કાલની અપેક્ષાએ એક સમયની સ્થિતિના પુદ્‌ગલ અપ્રદેશ છે. શેષ સપ્રદેશ છે. ભાવની અપેક્ષાએ એક ગુણ કાળા યાવત્ એક ગુણ ૠક્ષ અપ્રદેશ છે, શેષ સપ્રદેશ છે.

**સપ્રદેશ–અપ્રદેશ પરસ્પર નિયમા ભજના :–**

| | | દ્રવ્યથી | ક્ષેત્રથી | કાલથી | ભાવથી |
|---|---|---|---|---|---|
| ૧ | દ્રવ્ય અપ્રદેશ | અપ્રદેશ | અપ્રદેશ | ભજના (સપ્રદેશ યા અપ્રદેશો) | ભજના |
| ૨ | ક્ષેત્ર અપ્રદેશ | ભજના | અપ્રદેશ | ભજના (સપ્રદેશ યા અપ્રદેશો) | ભજના |
| ૩ | કાલ અપ્રદેશ | ભજના | ભજના | અપ્રદેશ | ભજના |
| ૪ | ભાવ અપ્રદેશ | ભજના | ભજના | ભજના | સ્વ–અપ્રદેશ પર–ભજના |
| ૫ | દ્રવ્ય સપ્રદેશ | સપ્રદેશ | ભજના | ભજના | ભજના |
| ૬ | ક્ષેત્ર સપ્રદેશ | સપ્રદેશ | સપ્રદેશ | ભજના | ભજના |
| ૭ | કાલ સપ્રદેશ | ભજના | ભજના | સપ્રદેશ | ભજના |
| ૮ | ભાવ સપ્રદેશ | ભજના | ભજના | ભજના | સ્વ–સપ્રદેશ પર–ભજના |

**અલ્પ બહુત્વ :** ૧. સર્વથી થોડા ભાવ અપ્રદેશ ૨. કાલ અપ્રદેશ–અસંખ્યગુણા ૩. દ્રવ્ય અપ્રદેશ અસંખ્ય ગુણા ૪. ક્ષેત્ર અપ્રદેશ અસંખ્યગુણા ૫. ક્ષેત્ર સપ્રદેશ અસંખ્યાગુણા ૬. દ્રવ્ય સપ્રદેશ વિશેષાધિક ૭. કાલ સપ્રદેશ વિશેષાધિક ૮. ભાવ સપ્રદેશ વિશેષાધિક.

આ નિર્ગ્રન્થી પુત્ર અણગારે નારદપુત્ર અણગારને પ્રશ્ન પૂછી સમજાવ્યું હતું.

**(૨) વર્ધમાન હાયમાન :–** ચોવીશ દંડકના જીવ ઘટે છે, વધે પણ છે અને અવસ્થિત પણ રહે છે. સિદ્ધ વધે છે અને અવસ્થિત રહે છે. સમુચ્ચય જીવ અવસ્થિત જ રહે છે.

ચોવીશ દંડકમાં વર્ધમાન અને હાયમાનની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ આવલિકાનો અસંખ્યાતમો ભાગ. સિદ્ધોમાં જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ આઠ સમય.

અવસ્થાન કાલ સમુચ્ચય જીવમાં સર્વદ્ધા(સર્વકાલ). સિદ્ધોમાં જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ છ મહીના. શેષ બધામાં પોતાના વિરહકાલથી બમણોકાલ છે. વિરહકાલ પ્રજ્ઞાપના સૂત્રના છઠ્ઠા પદમાં બતાવેલ છે. સારાંશ ખંડ–૬માં જુઓ.

એકેન્દ્રિયમાં વર્ધમાન હાયમાન અને અવસ્થિત ત્રણે કાલ ઉત્કૃષ્ટ આવલિકાનો અસંખ્યાતમો ભાગ છે.

**(૩) સોવચય-સાવચય :–** તેના ચાર વિકલ્પ છે– ૧. સોવચય ૨. સાવચય ૩. સોવચય સાવચય ૪. નિઢવચય-નિરવચય.

૧. સોવચય = ફક્ત આવે, જન્મે, ૨. સાવચય = ફક્ત જાય, મરે. ૩. સોવચય સાવચય = આવે પણ, જાય પણ = જન્મે પણ, મરે પણ. ૪. નિઢવચય નિરવચય = ન આવે, ન જાય = ન જન્મે, ન મરે.

સમુચ્ચય જીવમાં ચોથો ભાંગો છે. સિદ્ધોમાં પહેલો અને ચોથો બે ભાંગા છે. એકેન્દ્રિયમાં ત્રીજો ભાંગો. શેષ બધામાં ચારે ભાંગા હોય છે.

સમુચ્ચય જીવમાં ચોથા ભાંગાની સ્થિતિ સર્વદ્ધા(સર્વકાલ) છે. એકેન્દ્રિયમાં ત્રીજા ભાંગાની સ્થિતિ સર્વકાલ છે. સિદ્ધોમાં પ્રથમ ભાંગાની ઉત્કૃષ્ટ સ્થિતિ આઠ સમય છે. ચોથા ભાંગાની ૬ મહિના છે. શેષ બધા દંડકોમાં પહેલા, બીજા, ત્રીજા ભાંગાની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગની હોય. ચોથા ભાંગાની ઉત્કૃષ્ટ સ્થિતિ વિરહ કાલના સમાન છે. અથવા ઉપરોક્ત



અવસ્થાન કાલથી અર્ધી છે. જઘન્ય સ્થિતિ સર્વત્ર એક સમયની છે.

## ઉદ્દેશક : ૯

(૧) રાજગૃહ નામના નગરમાં રહેલ બધા જીવ અજીવ અથવા બધા સચિત્ત અચિત્ત મિશ્ર દ્રવ્ય મળીને રાજગૃહનગર કહેવાય છે.

(૨) શુભ પુદ્ગલોથી અને શુભ પુદ્ગલોનાં પરિણમનથી દિવસમાં પ્રકાશ થાય છે અને અશુભ પુદ્ગલોનાં પરિણમનથી રાત્રિમાં અંધકાર થાય છે.

(૩) નારકી એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિયને અશુભ પુદ્ગલ પરિણમનનો સંયોગ હોવાથી અંધકાર થાય છે. ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય, મનુષ્યનાં બન્ને પ્રકારનાં પુદ્ગલ પરિણમન સંયોગ હોવાથી અંધકાર પ્રકાશ બન્ને હોય છે. દેવોને શુભ પુદ્ગલ પરિણમન સંયોગ હોવાથી કેવલ પ્રકાશ જ હોય છે.

(૪) સમય આવલિકા મુહુર્ત આદિનું જ્ઞાન મનુષ્યને જ હોય છે. મનુષ્યક્ષેત્રમાં જ **કાલ જ્ઞાન** છે. શેષ બધા દંડકોમાં **કાલ વર્તન** છે. પરન્તુ કાલ માપનું જ્ઞાન નથી. દેવોને પણ મુહૂર્ત, દિવસ, મહિના, વર્ષ આદિ વ્યતીત થવાનું જ્ઞાન નથી. કાલ વ્યતીત અવશ્ય થાય છે. તિર્યંચોને રાત-દિવસની જાણકારી તો હોય છે. પરન્તુ મુહૂર્ત, સમય,મહીના, વર્ષ ઉત્સર્પિણી અવસર્પિણી આદિના હિસાબનું જ્ઞાન તેમને પણ હોતું નથી.

(૫) **તીર્થંકર પરીક્ષા :–** એકવાર પાર્શ્વનાથ ભગવાનના શાસનના સ્થવિર શ્રમણ, ભગવાન મહાવીર સ્વામી પાસે આવી યથાસ્થાને ઉભા રહી ભગવાનને પૂછવા લાગ્યા કે ભંતે ! આ અસંખ્ય લોકમાં અનંત રાત-દિવસ વ્યતીત થયા અને વ્યતીત થશે ?

ભગવાને હે આર્યો ! સંબોધનપૂર્વક પાર્શ્વનાથ ભગવાનનો નિર્દેશ કરતાં લોક સંસ્થાનનું વર્ણન કર્યું. તેમાં અનંત જીવ અને અજીવ રહેલ છે. અસંખ્ય પ્રદેશાત્મક લોક હોવાથી અપેક્ષાએ લોકનું અસંખ્ય વિશેષણ છે. અનંત જીવ અજીવ દ્રવ્યો પર કાળ વર્તે છે. જેથી ત્રણે કાળમાં અનંત રાત-દિવસ વ્યતીત થતાં કહેવાય છે. આ કારણે અસંખ્ય લોકમાં અનંત રાત્રિઓ વ્યતીત થઈ કહેવાય છે.

જીવો અને અજીવોથી આ લોક ઓળખાય છે. એટલા માટે **લોક** એવું નામ છે. અલોકમાં જીવ અજીવ હોતા નથી. તેથી તે **અલોક** કહેવાય છે.

જુદી રીતે પૂછાયેલા પ્રશ્નનો સીધો અને સરલ ઉત્તર પામીને સ્થવિરોએ

ભગવાનને સર્વજ્ઞ સર્વદર્શી તીર્થંકર રૂપે ઓળખીને સ્વીકાર કર્યો. વંદન- નમસ્કાર કરી ક્ષમા માંગીને શિષ્યત્વ સ્વીકાર્યું. ચતુર્યામ ધર્મથી પંચ મહાવ્રત ધર્મ અંગીકાર કર્યો અને ચોવીસમા ભગવાનનાં શાસનમાં વિચરવા લાગ્યા. તેમાંથી કેટલાક સ્થવિર શ્રમણો તે જ ભવમાં મોક્ષગામી થયા અને કેટલાક દેવલોકમાં ગયા.

(૬) લોક નીચે વિસ્તૃત, વચ્ચમાં સાંકળો ઉપર વિશાળ છે. નીચે પલ્યંક સંસ્થાન, મધ્યમાં ઉત્તમ વજાકાર અને ઉપર મૃદંગના આકારે છે.

(૭) દેવલોક ચાર પ્રકારના છે અને તેના ૨૫ ભેદ છે– (૧) ભવનપતિ–૧૦, (૨) વ્યંતર–૮, (૩) જ્યોતિષી–પાંચ, (૪) વૈમાનિક–બે ભેદ છે. (કલ્પોપપન્ન, કલ્પાતીત)

## ઉદ્દેશક : ૧૦

પ્રથમ ઉદ્દેશકના સૂર્ય સંબંધી વર્ણનની જેમ અહીં ચન્દ્ર સંબંધી વર્ણન છે, જે યથાયોગ્ય સમજી લેવાનું.

**॥ શતક ૫/૧૦ સંપૂર્ણ ॥**

## શતક–૬ : ઉદ્દેશક–૧

(૧) જ્યારે કષ્ટ ઉપસર્ગ આદિથી મહાવેદના થાય છે, તો નિર્જરા પણ મહાન થાય છે. મહાવેદના અથવા અલ્પવેદનામાં શ્રેષ્ઠ તે જ છે, જ્યાં પ્રશસ્ત નિર્જરા થતી હોય. નારકીમાં મહાવેદના અનુસાર નિર્જરા થાય છે, પરન્તુ તે શ્રમણ નિર્ગ્રન્થની નિર્જરાથી અલ્પ જ થાય છે. કેમ કે નારકીના કર્મ ગાઢ અને ચીકણા હોય છે. જ્યારે શ્રમણ નિર્ગ્રન્થના કર્મ શિથિલ હોય છે.

એરણ પર જોર-જોરથી ઘા મારતા તેમાથી પુદ્ગલ ઓછા નીકળે છે. તે જ રીતે નારકીની કર્મ નિર્જરા છે.

અગ્નિમાં ઘાસ અને અગ્નિથી તપ્ત તવા પર પાણીનું ટીપું જલ્દી નાશ પામે છે. તે જ પ્રકારે શ્રમણ નિર્ગ્રન્થનાં કર્મ તપ, ઉપસર્ગાદિથી જલ્દી નાશ પામે છે.

(૨) મન, વચન, કાયા અને કર્મ આ ચાર કરણ છે. આ ચારે અશુભ કરણોથી નારકી જીવ અશાતા વેદના વેદે છે. દેવ શુભ કરણોથી શાતા વેદના વેદે છે અને તિર્યંચ, મનુષ્ય શુભ,અશુભ કરણોથી બન્ને વેદના વેદે છે.



(૩) વેદના નિર્જરાથી ચાર ભાંગા જીવોમાં હોય છે– ૧. કેટલાક મહાવેદના મહાનિર્જરાવાળા હોય છે. જેમ કે– પડિમાધારી અણગાર. ૨. કેટલાક જીવ મહા– વેદના અલ્પ નિર્જરાવાળા હોય છે. જેમ કે– નૈરયિક. ૩. કેટલાક જીવ અલ્પવેદના મહાનિર્જરાવાળા હોય છે. જેમ કે– શૈલેશી પ્રતિપન્ન (૧૪માં ગુણ સ્થાનવાળા) ૪. કેટલાક જીવ અલ્પ વેદના અલ્પ નિર્જરાવાળા હોય છે. જેમ કે– અણુત્તર દેવ.

## ઉદ્દેશક : ૨

પ્રજ્ઞાપના સૂત્રના ૨૮માં પદના પ્રથમ ઉદ્દેશકની જેમ અહીં આહાર સંબંધી વર્ણન જાણવું. જુઓ સારાંશ ખંડ–૬.

## ઉદ્દેશક : ૩

(૧) મહાન ક્રિયા, મહાન આશ્રવવાળાના કર્મોનો સંગ્રહ નિરંતર થતો રહે છે. અલ્પક્રિયા અલ્પ આશ્રવવાળાના કર્મો નિરંતર ક્ષીણ થતા રહે છે. જેમ નૂતન વસ્ત્ર ઉપયોગમાં લેતાં ધીરે ધીરે મસોતાના રૂપમાં ફેરવાઈ જાય છે અને ગંદા વસ્ત્ર ક્ષાર આદિમાં ભીંજાવાથી અને પાણીમાં ધોવાથી ધીરે ધીરે મેલ નીકળી જતાં સ્વચ્છ થઈ જાય છે. તેવી જ રીતે કર્મોનો સંગ્રહ અને ક્ષય થાય છે.

વસ્ત્ર આદિ પદાર્થોનો પુદ્ગલોપચય અને અપચય પ્રયોગસા(પ્રયત્નથી) અને વિશ્રસા(સ્વાભાવિક) બન્ને પ્રકારનાં થાય છે. જીવના કર્મોનો ઉપચય અપચય એક પ્રયોગસા જ થાય છે, વિશ્રસા થતો નથી.

વસ્ત્રનો પુદ્ગલોપચય સાદિ સાંત હોય છે. જીવનો કર્મબંધ ત્રણ પ્રકારનો છે– ૧. અનાદિ અનંત–અભવીનો પરંપરાથી, ૨. અનાદિ સાંત– ભવીનો પરંપરાથી, ૩. સાદિ સાંત ઈરિયાવહિ બંધ અથવા પ્રત્યેક કર્મની અપેક્ષાએ સાદિ સાંત બંધ થાય છે. પરંપરાની અપેક્ષાએ બે ભાંગા થાય છે. સાદિ અનંતનો ભાંગો કર્મબંધમાં હોતો નથી.

વસ્ત્ર સાદિ સાંત હોય છે. જીવ પણ ગતિ, દંડક આદિની અપેક્ષાએ સાદિ સાંત છે. સિદ્ધ સાદિ અનંત છે. ભવસિદ્ધિક લબ્ધિની અપેક્ષાએ અનાદિ સાંત છે અને અભવસિદ્ધિક સંસારીની અપેક્ષાએ અનાદિ અનંત છે.

(૨) આઠે કર્મોની બંધ, સ્થિતિ, અબાધા કાલ પ્રજ્ઞાપના પદ ૨૩માં કહેવામાં આવેલ છે. જુઓ સારાંશ ખંડ–૬.

(૩) અબાધા કાલના સમય સુધી કર્મોની નિષેક રચના(કર્મોની સ્થિતિ સાથે કર્મ

પ્રદેશોની રચના) પણ થતી નથી અર્થાત્ ત્યાં પ્રદેશબંધ પણ થતો નથી પરંતુ સ્થિતિબંધ માત્ર થાય છે.

**૫૦ બોલમાં કર્મ બંધની ભજના નિયમા :–**

| ક્રમાંક | ૫૦ બોલ | ભજના | નિયમા | અબંધ |
|---|---|---|---|---|
| ૧–૩ | ત્રણ વેદમાં | આયુષ્યની | ૭ કર્મ | નહીં |
| ૪ | અવેદી | ૭ કર્મની | નહીં | આયુષ્ય |
| ૫ | સંયત | ૮ કર્મ | –– | –– |
| ૬–૭ | અસંયત–સંયતા સંયત | આયુષ્ય | ૭ કર્મ | –– |
| ૮ | નોસંયત૦ | –– | –– | ૮ કર્મ |
| ૯ | સમ્યગ્દષ્ટિ | ૮ કર્મ | –– | –– |
| ૧૦ | મિથ્યાદષ્ટિ | આયુષ્ય | ૭ કર્મ | –– |
| ૧૧ | મિશ્રદષ્ટિ | –– | ૭ કર્મ | આયુષ્ય |
| ૧૨ | સંજ્ઞી | ૭ કર્મ | વેદનીય | –– |
| ૧૩ | અસંજ્ઞી | આયુષ્ય | ૭ કર્મ | –– |
| ૧૪ | નોસંજ્ઞી૦ | વેદનીય | –– | ૭ કર્મ |
| ૧૫ | ભવી | ૮ કર્મ | –– | –– |
| ૧૬ | અભવી | આયુષ્ય | ૭ કર્મ | –– |
| ૧૭ | નોભવી૦ | –– | –– | ૮ કર્મ |
| ૧૮–૨૦ | ત્રણ દર્શન | ૭ કર્મ | વેદનીય | –– |
| ૨૧ | કેવલ દર્શન | વેદનીય | –– | ૭ કર્મ |
| ૨૨ | પર્યાપ્ત | ૮ કર્મ | –– | –– |
| ૨૩ | અપર્યાપ્ત | આયુષ્ય | ૭ કર્મ | –– |
| ૨૪ | નોપર્યાપ્ત૦ | –– | –– | ૮ કર્મ |
| ૨૫ | ભાષક | ૭ કર્મ | વેદનીય | –– |
| ૨૬ | અભાષક | ૮ કર્મ | –– | –– |
| ૨૭ | પરિત્ત | ૮ કર્મ | –– | –– |
| ૨૮ | અપરિત્ત | આયુષ્ય | ૭ કર્મ | –– |
| ૨૯ | નોપરિત્ત૦ | –– | –– | ૮ કર્મ |



| ક્રમાંક | ૫૦ બોલ | ભજના | નિયમા | અબંધ |
|---|---|---|---|---|
| ૩૦–૩૩ | ચાર જ્ઞાન | ૭ કર્મ | વેદનીય | –– |
| ૩૪ | કેવલ જ્ઞાન | વેદનીય | –– | ૭ કર્મ |
| ૩૫–૩૭ | ત્રણ અજ્ઞાન | આયુષ્ય | ૭ કર્મ | –– |
| ૩૮–૪૦ | ત્રણ યોગ | ૭ કર્મ | વેદનીય | –– |
| ૪૧ | અયોગી | –– | –– | ૮ કર્મ |
| ૪૨–૪૩ | ઉપયોગ બે | ૮ કર્મ | –– | –– |
| ૪૪ | આહારક | ૭ કર્મ | વેદનીય | –– |
| ૪૫ | અનાહારક | ૭ કર્મ | –– | આયુષ્ય |
| ૪૬ | સૂક્ષ્મ | આયુષ્ય | ૭ કર્મ | –– |
| ૪૭ | બાદર | ૮ કર્મ | –– | –– |
| ૪૮ | નો સૂક્ષ્મ૦ | –– | –– | ૮ કર્મ |
| ૪૯–૫૦ | ચરમ–અચરમ | ૮ કર્મ | –– | –– |

અહીં ૧૫ દ્વારોના ૫૦ બોલ પર ૮કર્મ બંધની નિયમા, ભજના અને અબંધ કહેવામાં આવેલ છે. ૨૪ દંડકમાં ૫૦માંથી જેટલા જેટલા બોલ હોય તેમાં નિયમા ભજના ઉપર કહેલ પ્રકારથી સમજી લેવાનું.

પહેલી નારકીમાં=૩૪, શેષ ૬ નરકમાં=૩૩, ભવનપતિ, વ્યંતરમા=૩૫, જ્યોતિષી અને બે દેવલોકમાં=૩૪,ત્રીજા દેવલોકથી ગ્રૈવેયક સુધી=૩૩, અનુત્તર દેવોમાં=૨૫, પાંચ સ્થાવરમાં=૨૩, અસન્ની મનુષ્યમાં=૨૨, બેઇન્દ્રિય, તેઇન્દ્રિયમાં = ૨૭, ચૌરેન્દ્રિય, અસન્નિ તિર્યંચ પંચેન્દ્રિયમાં=૧૬. સંજ્ઞી તિર્યંચમાં = ૩૬ સંજ્ઞી મનુષ્યમાં = ૪૩ જીવોમાં = ૫૦, સિદ્ધમાં = ૧૬.

આ પંદર દ્વારોનાં અલ્પ બહુત્વ પ્રજ્ઞાપના સૂત્ર પદ ૩ ના અનુસાર જાણવું. જુઓ સારાંશ ખંડ–૬

## ઉદ્દેશક : ૪

### (૧) કાલાદેશથી સપ્રદેશી અપ્રદેશી :–

૨૪ દંડકોમાં પ્રથમ સમયવર્તી જીવ કાલની અપેક્ષાએ અપ્રદેશી કહેવાય છે. બાકી બધાં સમયવર્તી સપ્રદેશી હોય છે. દંડકમાં પણ જે બોલનો પ્રથમ સમય હોય તો તે અપ્રદેશી છે.

એક વચનમાં બધા દંડકમાં બધા બોલ સપ્રદેશી અપ્રદેશી બન્નેમાંથી એક હોય છે અર્થાત્ કોઈ સપ્રદેશી અને કોઈ અપ્રદેશી હોય છે. બહુવચનમાં એકેન્દ્રિયમાં અભંગ હોય છે; શેષ દંડકમાં ત્રણ ભંગ અને અશાશ્વત બોલમાં ૬ ભંગ હોય છે.

**બહુવચનની અપેક્ષા સપ્રદેશી અપ્રદેશી કાલાદેશના ભંગ :–**

| ક્રમાંક | બોલ | દંડક | ભંગ |
|---|---|---|---|
| ૧ | સમુચ્ચય | જીવ | સપ્રદેશી નિયમા |
| | સમુચ્ચય | ૧૯ દંડક સિદ્ધ | ૩ ભંગ |
| | સમુચ્ચય | એકેન્દ્રિય(પાંચ દંડકમાં) | ૧ ભંગ |
| ૨ | આહારક | ૧૯ દંડક | ૩ ભંગ |
| | આહારક | જીવ એકેન્દ્રિય | ૧ ભંગ |
| ૩ | અનાહારક | ૧૯ દંડક | ૬ ભંગ |
| | અનાહારક | જીવ એકેન્દ્રિય | ૧ ભંગ |
| | અનાહારક | સિદ્ધ | ૩ ભંગ |
| ૪–૫ | ભવી અભવી | પ્રથમ બોલના સમાન | = |
| ૬ | નોભવી૦ | જીવ,સિદ્ધ | ૩ ભંગ |
| ૭ | સન્ની | જીવ–૧૬ દંડક | ૩ ભંગ |
| ૮ | અસન્ની | જીવ એકેન્દ્રિય | ૧ ભંગ |
| | અસન્ની | નારકી દેવતા મનુષ્ય | ૬ ભંગ |
| | અસન્ની | શેષ તિર્યંચ | ૩ ભંગ |
| ૯ | નોસન્ની૦ | જીવ,સિદ્ધ | ૩ ભંગ |
| ૧૦ | સલેશી | પ્રથમ બોલ સમાન | = |
| ૧૧–૧૩ | કૃષ્ણાદિ ૩ લેશ્યા | જીવ એકેન્દ્રિય | ૧ ભંગ |
| | કૃષ્ણાદિ ૩ લેશ્યા | ૧૭ દંડક | ૩ ભંગ |
| ૧૪ | તેજો લેશ્યા | પૃથ્વી,પાણી,વનસ્પતિ | ૬ ભંગ |
| | તેજો લેશ્યા | શેષમાં | ૩ ભંગ |
| ૧૫–૧૬ | પદ્મ, શુકલ લેશ્યા | જીવ,૩ દંડક | ૩ ભંગ |
| ૧૭ | અલેશી | જીવ, સિદ્ધ | ૩ ભંગ |
| | અલેશી | મનુષ્ય | ૬ ભંગ |



| ક્રમાંક | બોલ | દંડક | ભંગ |
|---|---|---|---|
| ૧૮ | સમ્યગ્દૃષ્ટિ | વિકલેન્દ્રિય | ૬ ભંગ |
| | સમ્યગ્દૃષ્ટિ | શેષ બધામાં | ૩ ભંગ |
| ૧૯ | મિથ્યાદૃષ્ટિ | જીવ, એકેન્દ્રિય | ૧ ભંગ |
| | મિથ્યાદૃષ્ટિ | ૧૯ દંડક | ૩ ભંગ |
| ૨૦ | મિશ્રદૃષ્ટિ | જીવ, ૧૬ દંડક | ૬ ભંગ |
| ૨૧ | સંયત | જીવ, મનુષ્ય | ૩ ભંગ |
| ૨૨ | અસંયત | જીવ, એકેન્દ્રિય | ૧ ભંગ |
| | અસંયત | ૧૯ દંડક | ૩ ભંગ |
| ૨૩ | સંયતાસંયત | જીવ, ૨ દંડક | ૩ ભંગ |
| ૨૪ | નોસંયત૦ | જીવ, સિદ્ધ | ૩ ભંગ |
| ૨૫ | સકષાયી | એકેન્દ્રિય | ૧ ભંગ |
| | સકષાયી | જીવ, ૧૯ દંડક | ૩ ભંગ |
| ૨૬ | ક્રોધી | જીવ એકેન્દ્રિય | ૧ ભંગ |
| | ક્રોધી | દેવમાં | ૬ ભંગ |
| | ક્રોધી | શેષમાં | ૩ ભંગ |
| ૨૭–૨૮ | માન, માયા | જીવ, એકેન્દ્રિય | ૧ ભંગ |
| | માન, માયા | દેવ, નરક | ૬ ભંગ |
| | માન, માયા | શેષમાં | ૩ ભંગ |
| ૨૯ | લોભ | જીવ, એકેન્દ્રિય | ૧ ભંગ |
| | લોભ | નરકમાં | ૬ ભંગ |
| | લોભ | શેષમાં | ૩ ભંગ |
| ૩૦ | અકષાયી | જીવ,મનુષ્ય,સિદ્ધ | ૩ ભંગ |
| ૩૧–૩૨ | સજ્ઞાની, ૨ જ્ઞાન | વિકલેન્દ્રિય | ૬ ભંગ |
| | સજ્ઞાની, ૨ જ્ઞાન | શેષમાં | ૩ ભંગ |
| ૩૩–૩૬ | શેષ ત્રણ જ્ઞાન | બધામાં | ૩ ભંગ |
| ૩૭–૩૯ | અજ્ઞાની, બે અજ્ઞાન | એકેન્દ્રિય | ૧ ભંગ |
| | અજ્ઞાની, બે અજ્ઞાન | શેષમાં | ૩ ભંગ |
| ૪૦ | વિભંગ જ્ઞાન | બધામાં | ૩ ભંગ |

| ક્રમાંક | બોલ | દંડક | ભંગ |
|---|---|---|---|
| ૪૧ | સજોગી | પ્રથમ બોલની જેમ | = |
| ૪૨ | કાય યોગ | એકન્દ્રિય | ૧ ભંગ |
| | કાયયોગ | શેષમાં | ૩ ભંગ |
| ૪૩–૪૪ | મન,વચનયોગ | બધામાં | ૩ ભંગ |
| ૪૫ | અયોગી | જીવ,સિદ્ધ | ૩ ભંગ |
| | અયોગી | મનુષ્યમાં | ૬ ભંગ |
| ૪૬–૪૭ | બે ઉપયોગ | જીવ એકેન્દ્રિય | ૧ ભંગ |
| | બે ઉપયોગ | ૧૯ દંડક સિદ્ધ | ૩ ભંગ |
| ૪૮ | સવેદક | સકષાયીના સમાન છે. | = |
| ૪૯ | નપુંસક વેદ | એકેન્દ્રિય | ૧ ભંગ |
| | નપુંસક વેદ | શેષમાં | ૩ ભંગ |
| ૫૦–૫૧ | સ્ત્રી,પુઢષવેદ | બધામાં | ૩ ભંગ |
| ૫૨ | અવેદક | જીવ,મનુષ્ય,સિદ્ધ | ૩ ભંગ |
| ૫૩ | સશરીરી | પ્રથમ બોલનીજેમ | = |
| ૫૪–૫૫ | બે શરીર | જીવ એકેન્દ્રિય | ૧ ભંગ |
| | બે શરીર | બધામાં | ૩ ભંગ |
| ૫૬ | આહારક શરીર | જીવ મનુષ્ય | ૬ ભંગ |
| ૫૭–૫૮ | તેજસ કાર્મણ | પ્રથમ બોલનીજેમ | = |
| ૫૯ | અશરીર | જીવ સિદ્ધ | ૩ ભંગ |
| ૬૦–૬૩ | ૪ પર્યાપ્તિ | જીવ એકેન્દ્રિય | ૧ ભંગ |
| | ૪ પર્યાપ્તિ | શેષમાં | ૩ ભંગ |
| ૬૪ | ભાષા, મન પર્યાપ્તિ | જીવ ૧૬ દંડક | ૩ ભંગ |
| ૬૫ | આહાર અપર્યાપ્તિ | અણાહારકની જેમ | = |
| ૬૬–૬૮ | ત્રણ અપર્યાપ્તિ | જીવ એકેન્દ્રિય | ૧ ભંગ |
| | ત્રણ અપર્યાપ્તિ | નરક, દેવ, મનુષ્ય | ૬ ભંગ |
| | ત્રણ અપર્યાપ્તિ | શેષમાં | ૩ ભંગ |
| ૬૯ | ભાષા મન અપર્યાપ્તિ | નરક, દેવ, મનુષ્ય | ૬ ભંગ |
| | ભાષા મન અપર્યાપ્તિ | શેષમાં ત્રણ | ૩ ભંગ |



**નોંધ :–** *જે બોલમાં જેટલા દંડક હોય તેટલાજ સમજવા.*

*(એક ભંગ) અભંગ = સપ્રદેશી ઘણાં, અપ્રદેશી પણ ઘણાં.*

*ત્રણ ભંગ = ૧. બધા સપ્રદેશી ૨. સપ્રદેશી અનેક અપ્રદેશી એક ૩. સપ્રદેશી અનેક અપ્રદેશી અનેક.*

*છ ભંગ = ૧. બધાં સપ્રદેશી ૨. બધા અપ્રદેશી ૩. સપ્રદેશી એક અપ્રદેશી એક ૪. સપ્રદેશી એક અપ્રદેશી અનેક ૫. સપ્રદેશી અનેક અપ્રદેશી એક ૬. સપ્રદેશી અનેક અપ્રદેશી અનેક.*

*જો બોલ સ્વયં અશા✓ત હોયતો ૬ ભંગ થાય છે. જે બોલમાં સપ્રદેશી શા✓ત હોય અને અપ્રદેશી અશા✓ત હોય તો તેમાં ૩ ભંગ થાય છે.જે બોલમાં બે શા✓ત હોય તો તેમાં અભંગ (એક ભંગ) હોય છે.*

(૨) બધાં પંચેન્દ્રિય પ્રત્યાખ્યાન અપ્રત્યાખ્યાનને જાણી શકે છે. તિર્યંચ પંચેન્દ્રિય પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની= દેશ પ્રત્યાખ્યાની હોઈ શકે છે. મનુષ્ય દેશ પ્રત્યાખ્યાની અને સર્વ પ્રત્યાખ્યાની બન્ને જ થઈ શકે છે. ૨૪ દંડકમાં અપ્રત્યાખ્યાની તો હોય જ છે.

૨૩ દંડક અપ્રત્યાખ્યાન નિવર્તિત આયુષ્યવાળા છે.વૈમાનિક દેવ પ્રત્યાખ્યાન આદિ ત્રણેથી નિષ્પાદિત આયુષ્યવાળા હોય છે.

## ઉદ્દેશક : ૫

**તમસ્કાય :–** અસંખ્યાતમો અઢણોદય સમુદ્ર છે. તેમાં આભ્યંતર વેદિકાથી ૪૨૦૦૦ યોજન સમુદ્રમાં જતાં ત્યાં લવણ શિખાની જેમ એક સમભિત્તિ રૂપ તમસ્કાય ઉઠેલ છે. જે સંખ્યાત યોજનની જાડી છે. અઢણોદય સમુદ્ર ચૂડી આકારે છે, જેથી તે તમસ્કાય પણ વલયાકારમાં ઉઠેલ છે. ૧૭૨૧ યોજન સીધી ઊંચે ગઈ છે. ત્યારબાદ તિરછી વિસ્તૃત થતી ઊંચે ગઈ છે. પાંચમાં દેવલોકનાં ત્રીજા રિષ્ટ પ્રત્તર સુધી છે. આ સંપૂર્ણ તમસ્કાય ઉંધા રાખેલા માટીના ઘડાની જેમ છે. તેને જ કુકકુડ પંજર આકાર કહેવાય છે.

પાણીનાં અનેક પરિણામ હોય છે– ધુંઅર, ઓસ, બાદલ, લવણશિખા આદિ. તે જ રીતે આ તમસ્કાય પણ પાણીનું એક વિશેષ પરિણામ છે. જે લવણ શિખાની જેમ સમાન શા✓ત સ્થાઈ રહેનાર છે. લવણ શિખાનો તો ૧૬૦૦૦ યોજન પછી અંત છે. પરન્તુ તમસ્કાયનો અંત પાંચમાં દેવલોકે છે.

તમસ્કાય ૧૭૨૧ યોજન સુધી સંખ્યાત યોજન જાડી છે, આગળ અસંખ્ય યોજનની જાડાઈમાં છે. એમાં અંધકાર ધૂંઅરથી પણ અતિ પ્રગાઢ હોય છે અર્થાત્

આ અંધકાર સમૂહરૂપ છે. તેથી તેનું નામ પણ જલની પ્રમુખતાથી ન થઈને અંધકારથી "તમસ્કાય" કહેવામાં આવેલ છે.

જે રીતે લવણશિખા લવણ સમુદ્રનો જ વિભાગ છે, તે જ રીતે આ તમસ્કાય પણ અઢણોદય સમુદ્રના વિભાગ રૂપ જ છે.

તમસ્કાયમાંથી થઈને દેવોને માર્ગ પાર કરવા માટે જવું આવવું આવશ્યક થઈ જાય છે ત્યારે તેને પાર કરે છે. તે દેવ પણ તેમાંથી ભયભીત સંભ્રાત થઈને શીઘ્ર નીકળે છે. કોઈ દેવ એમાં વાદળ, વિજળી, ગર્જના, વર્ષા પણ કરી શકે છે. એમાં જ્યોતિષી દેવ હોતા નથી, કિનારા પર હોઈ શકે છે. તેમની કાંઈક પ્રભા એમાં જઈ શકે છે. પરંતુ તે નિષ્પ્રભ થઈ જાય છે. એમા બાદર પૃથ્વીકાય અને અગ્નિકાય હોતી નથી. માટે દેવકૃત વિજળી અચેત હોય છે. અપ્કાય, વાયુકાય વનસ્પતિકાય અને ત્રસકાયના જીવ એમાં હોઈ શકે છે.

સંસારનાં તમામ જીવ તમસ્કાયમાં ઉત્પન્ન થઈ ચૂક્યા છે. તમસ્કાય ના ગુણ નિષ્પન્ન ૧૩ નામ છે. યથા– (૧)તમ (૨)તમસ્કાય (૩) અંધકાર (૪) મહાઅંધકાર (૫) લોકઅંધકાર (૬) લોક તમિશ્ર (૭) દેવઅંધકાર (૮) દેવ તમિશ્ર (૯) દેવ અરણ્ય (૧૦) દેવ વ્યૂહ (૧૧) દેવ પરિઘ (૧૨) દેવ પ્રતિક્ષોભ (૧૩) અઢણોદક સમુદ્ર.

**કૃષ્ણ રાજી :–** પાંચમાં દેવલોકનાં રિષ્ટ પ્રતરમાં આઠ કૃષ્ણ રાજીઓ છે. તે નક્કર પૃથ્વી શિલામય છે. ચારે ય દિશાઓમાં ચાર કૃષ્ણ રાજીઓ છે. તે ચારેયની બહાર ચાર દિશાઓમાં ઘેરેલ ચાર કૃષ્ણ રાજીઓ બીજી છે. અર્થાત્ એક-એક દિશામાં બે-બે(એક પછી એક) છે. અંદર ચારે સમચતુષ્કોણ આયત છે. બહારની બે ઉત્તર-દક્ષિણમાં ત્રિકોણ છે અને પૂર્વ પશ્ચિમમાં ષટ્કોણ છે.

આ આઠે કૃષ્ણ રાજીઓ સંખ્યાતા યોજનની પહોળી અને અસંખ્ય યોજનની લાંબી "રેખા" જેવી આકારવાળી છે. એક દિશાની આભ્યંતર કૃષ્ણરાજી આગળ ની દિશાની બાહ્ય કૃષ્ણરાજીને સ્પર્શ કરે છે. અર્થાત્ દક્ષિણની આભ્યંતર કૃષ્ણરાજી પશ્ચિમની બાહ્યને, પશ્ચિમની આભ્યંતર ઉત્તરની બાહ્યને, ઉત્તરની આભ્યંતર પૂર્વની બાહ્યને અને પૂર્વની આભ્યંતર દક્ષિણની બાહ્ય કૃષ્ણરાજીને સ્પર્શ કરે છે. આ આઠેયના ઘેરાની મધ્યનું ક્ષેત્ર આ કૃષ્ણરાજીઓનું ગણવામાં આવે છે. તે વચ્ચેના ક્ષેત્રની અપેક્ષાએ દેવકૃત વાદળા, ગર્જના અને વિજળી આદિનું કથન કરવામાં આવેલ છે.



આ કૃષ્ણરાજીઓ પણ પૃથ્વીકાયનાં કાળા પુદ્ગલમય છે. માટે આઠે ઘોર કાળા વર્ણની છે. તેની વચ્ચેનું ક્ષેત્ર પણ કૃષ્ણ આભાવાળું ડરામણું હોય છે. એમાં પણ બધા જીવ ઉત્પન્ન થઈ ચૂક્યા છે; સૂક્ષ્મ પાંચ સ્થાવરપણે અને બાદર પૃથ્વીપણે ઉત્પન્ન થયા છે. આઠેનાં વચ્ચેનાં મેદાન રૂપ ક્ષેત્રની અપેક્ષાએ વાયુપણે પણ ઉત્પન્ન થયા છે.

**લોકાંતિક :–** આઠ કૃષ્ણ રાજીઓના કિનારે લંબાઈના મધ્યમાં આઠ લોકાંતિક દેવોના વિમાન છે. આઠેના ઘેરાની વચ્ચે જે મેદાન છે તેની મધ્યમાં પણ એક વિમાન છે. એમ કુલ ૯ લોકાંતિક દેવોના વિમાન છે. જેમ કે– (૧) અર્ચી (૨) અર્ચિમાલી (૩) વૈરોચન (૪) પ્રભંકર (૫) ચન્દ્રાભ (૬) સૂર્યાભ (૭) શુક્રાભ (૮) સુપ્રતિષ્ટાભ (૯) રિષ્ટાભ.

પહેલુ વિમાન ઈશાનખુણામાં, બીજુ પૂર્વમાં એમ ક્રમશઃ આઠ દિશાઓમાં આઠ વિમાન છે. એમાં ક્રમશઃ આઠ લોકાંતિક દેવ છે. –(૧)ઈશાન ખુણાવાળા અર્ચિવિમાનમાં (૧) સારસ્વત દેવ છે અને પછી ક્રમશઃ(૨) આદિત્ય(૩) વહ્નિ (૪) વઢણ (૫) ગર્દતોય (૬) તુષિત (૭) અવ્યાબાધ (૮) મઢત(આગ્નેય) અને વચ્ચે નવમા વિમાનમાં રિષ્ટ દેવ છે.

પહેલા બીજા લોકાંતિકનાં સાત મુખ્ય દેવ, ૭૦૦ પરિવારના દેવ છે. ત્રીજા-ચોથા લોકાંતિકના ચૌદ મુખ્ય દેવ, ૧૪ હજાર પરિવારના દેવ છે. પાંચમાં છઠ્ઠાનાં સાત મુખ્ય દેવ, ૭૦૦૦ પરિવારના દેવ છે. સાતમા, આઠમા, નવમા લોકાંતિકના નવ મુખ્ય દેવ, ૯૦૦ પરિવારના દેવ છે.

લોકાંતિક વિમાન વાયુ પ્રતિષ્ઠિત છે અર્થાત્ વાયુના આધાર પર રહેલ છે. લોકાંતિક દેવોની ઉંમર આઠ સાગરોપમ કહેવાયેલ છે. આ વિમાનોથી લોકાંત અસંખ્ય યોજન દૂર છે.

## ઉદ્દેશક : ૬

(૧) ચોવીશ દંડકમાં કેટલાક જીવ મૃત્યુ સમયે મારણાંતિક સમુદ્ઘાત કરે છે, કેટલાક સમુદ્ઘાત કરતા નથી. સમુદ્ઘાત કરનારા બીજીવાર તે સ્થાનમાં પહોંચ્યા પછી આહારાદિ કરે છે. સમુદ્ઘાત ન કરનારા પહેલી વખતે તે સ્થાન પર પહોંચી અને આહારાદિ કરે છે.

પાંચ સ્થાવર છએ દિશામાં ઉત્કૃષ્ટ લોકાંત સુધી જાય છે. જઘન્ય અંગુલનાં

અસંખ્યાતમાં ભાગ સુધી જાય છે.

**એક પ્રદેશી શ્રેણી છોડીને** અર્થાત્ લોકાંત સુધી એક સીધી પંક્તિથી જાય છે, વચ્ચે આત્મ પ્રદેશોની પહોળાઈમાં વધઘટ થતી નથી. તાત્પર્ય એ છે કે એક સરખી પહોળાઈની શ્રેણીથી છએ દિશાઓમાં લોકાંત સુધી એકેન્દ્રિય જીવો જાય છે.

## ઉદ્દેશક : ૭

(૧) ચોખા, ઘઉં, જવ, જુવાર આદિ ધાન્ય કોઈ સ્થાનમાં વાસણમાં સુરક્ષિત બંધ કરી રાખેલ હોય, તેની ઉંમર જઘન્ય અંતર્મુહૂર્તની હોય છે, ઉત્કૃષ્ટ ત્રણ વર્ષની હોય છે. ત્યારબાદ તે ધાન્યની સચેત યોનિ નાશ થઈ જાય છે. તે બધા અચેત થઈ જાય છે.

ચણા, મસુર, તલ, મગ, અડદ, કુલત્થ આદિની પાંચ વર્ષની ઉત્કૃષ્ટ ઉંમર હોય છે.

અળસી, કુસંબ, સણ, સરસવ, મૂલગ આદિ બીજોની ઉત્કૃષ્ટ ઉંમર સાત વર્ષની હોય છે.

(૨) સ્વસ્થ વ્યક્તિનાં ૩૭૭૩ ✓ાસોચ્છવાસનું એક મુહૂર્ત હોય છે. સંખ્યાત આવલિકાનો એક શ્વાસોશ્વાસ હોય છે. શેષ સંખ્યાત કાલની ગણના અને સંખ્યાતા, અસંખ્યાતા કાલની ઉપમા ગણના અનુયોગ દ્વાર સૂત્રના સમાન સમજવી, જુઓ સારાંશ ખંડ–૭. સંખ્યાતાની ગણના શીર્ષ પ્રહેલિકા સુધી છે. જેમાં ૧૯૪ અંકની સંખ્યા હોય છે. જેમ કે– ૭૫,૮૨,૬૩,૨૫,૩૦,૭૩,૦૧, ૦૨,૪૧,૧૫,૭૯,૭૩,૫૬,૯૯,૭૫,૬૯,૬૪,૦૬,૨૧,૮૯,૬૬,૮૪,૮૦,૮૦, ૧૮,૩૨,૯૬. આ ૫૪ આંકડા પર ૧૪૦ મીંડા છે. દસ ક્રોડા ક્રોડ પલ્યોપમનો એક સાગરોપમ થાય છે. ૧૦ ક્રોડાક્રોડ સાગરોપમનો એક ઉત્સર્પિણી અને એક અવસર્પિણીકાલ થાય છે. બંને મળીને ૨૦ ક્રોડાક્રોડ સાગરોપમનો એક કાલચક્ર થાય છે. છ આરાનું વિસ્તૃત વર્ણન માટે જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર સારાંશ ખંડ–૫ જુઓ.

## ઉદ્દેશક : ૮

(૧) નાગકુમાર આદિ બીજી નરક સુધી જઈ શકે છે, વચ્ચે વાદળ, વિજળી, ગર્જના કરી શકે છે. અસુરકુમાર ત્રીજી નરક સુધી અને વૈમાનિક દેવ સાતમી નરક સુધી જઈ શકે છે.

નરકમાં અગ્નિકાય અને સૂર્ય આદિ નથી, અચિત ઉષ્ણ પુદગલ અને ઉષ્મા



હોય છે. પહેલા બીજા દેવલોક સુધી અસુરકુમાર અને વૈમાનિક દેવકૃત વાદળ આદિ થઈ શકે છે, આગળ ફક્ત વૈમાનિક કૃત જ હોય છે. દેવલોકમાં અગ્નિકાય હોતી નથી પરંતુ અચિત્ત પ્રકાશમાન પુદ્ગલ હોય છે.

જ્યાં સુધી તમસ્કાય છે અથવા જે દેવલોકની નીચે ઘનોદધિ છે ત્યાં પૃથ્વી, અગ્નિનો નિષેધ છે અને તમસ્કાય તથા ઘનોદધિના અભાવમાં અપ્કાય, વનસ્પતિ–કાયનો પણ નિષેધ છે. આ જ રીતે કૃષ્ણ રાજીઓમાં અને પાંચમા દેવલોકથી ઉપર ઘનોદધિ અને જલ સ્થાનોને છોડીને અપ્કાય વનસ્પતિકાય નો પણ નિષેધ છે.

(૨) છ પ્રકારનાં આયુબંધ છે. તેનું **નિધત્ત** હોવું વિશિષ્ટ બંધને કહેવાય છે. તે આયુષ્યની સાથે પણ હોય છે અને ગોત્રની સાથે પણ હોય છે. એ રીતે કુલ આઠ પ્રકાર થાય છે. લિપિ દોષ આદિ કોઈ કારણથી ૧૨ પણ કહેવાયા છે.

નિધત્ત+નિકાચિત = ૨, આ બે સ્વતંત્ર અને બે આયુષ્યની સાથે = એમ ૪ થયા; આ ચારે ગોત્રની સાથે = ૮ પ્રકાર થયા. જેમ કે– (૧) નિધત્ત નામ, (૨) નિધત્ત નામ આયુ, નિધત્ત નામ ગોત્ર, નિધત્તનામ આયુ ગોત્ર. એ ચાર નિધત્તના થયા. તેમજ ચાર નિકાચિતના જાણવા.

(૩) લવણ સમુદ્રનું પાણી ઊંચે ઉઠેલા(ઊન્નત) પાણીવાળુ છે. ક્ષુબ્ધ પાણી–વાળું પણ છે. બાકી બધાં સમુદ્ર સમતલ પાણીવાળા છે અને અક્ષુભિત પાણી–વાળા છે.

***વિશેષ :– અહીં અઢણોદક સમુદ્રના તમસ્કાયને ઉન્નત ઊંચે ઉઠેલ પાણી રૂપમાં ગણવામાં આવેલ નથી. માટે તે તમસ્કાય લવણ સમુદ્રના પાણીના સમાન ન થઈને પ્રગાઢ ધૂંઅરના સમાન છે; એમ સમજવું જોઈએ.***

(૪) લોકમાં જેટલા શુભ નામ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે. એટલા નામના દ્વીપ સમુદ્ર છે.

## ઉદ્દેશક : ૯

(૧) કર્મ બંધનું વર્ણન પ્રજ્ઞાપના પદ ૨૪ના અનુસાર જાણવું. જુઓ સારાંશ–ખંડ–૬.

(૨) વૈક્રિય શક્તિથી દેવ બહારના પુદ્ગલ ગ્રહણ કરીને તેઓને એક રૂપમાં અનેક રૂપમાં, એક કે અનેક ગંધ, રસ, સ્પર્શમાં પરિણમન કરી શકે છે. એક વર્ણાદિને બીજા વર્ણાદિમાં અથવા વિરોધી સ્પર્શ આદિમાં પરિણમિત કરી શકે છે.

(૩) અવિશુદ્ધ લેશી દેવ=વિભંગજ્ઞાની દેવ. અસમ્મોહત=અનુપયોગવંત. વિશુદ્ધલેશી દેવ ઉપયોગવંત હોય તો દેવ દેવીને જાણે જુએ. કાંઈક ઉપયોગવંત અને કાંઈક અનુપયોગવંત આવી અવસ્થા હોય તો પણ અવધિજ્ઞાની જાણી લે છે. વિભંગજ્ઞાની સાચારૂપમાં જાણતા નથી.

## ઉદ્દેશક : ૧૦

(૧) જીવનાં સુખ-દુઃખને કોઈ કાઢીને બતાવી શક્તા નથી. જે રીતે નાકમાં ગયેલ ગંધના પુદ્ગલોને કોઈ કાઢીને બતાવી શકતા નથી.

(૨) જીવ અને ચેતના પરસ્પરમાં નિયમિત હોય છે. જીવ અને પ્રાણમાં પરસ્પરમાં ભજના છે. સિદ્ધોમાં દ્રવ્ય પ્રાણ નથી. નૈરયિક આદિનું જીવ થવું નિયમા છે. જીવનું નૈરયિક આદિ થવું ભજના છે. ભવસિદ્ધિકમાં નૈરયિક હોવાની ભજના અને નૈરયિકમાં ભવસિદ્ધિક હોવાની ભજના છે.

(૩) નૈરયિક એકાંતે દુઃખરૂપ વેદના વેદે છે. દેવ એકાંતે સુખરૂપ વેદના વેદે છે. તિર્યંચમનુષ્ય વિમાત્રાથી બન્ને વેદના વેદે છે.

(૪) બધા જીવ આત્માવગાઢ પુદ્ગલોનો આહાર કરે છે, અનંતરાવગાઢ અને પરંપરાવગાઢ પુદ્ગલોનો નથી કરતા. અપેક્ષાથી અવગાઢમાં અનંતરાવગાઢનો આહાર કરે છે.

(૫) કેવલીને અપરિમિત જ્ઞાન હોય છે અને તે ઈન્દ્રિયોથી નથી પણ કેવલ–જ્ઞાનથી પરિમિત અપરિમિત સર્વ પદાર્થોને જાણે છે.

**॥ શતક ૬/૧૦ સંપૂર્ણ ॥**

## શતક–૭ : ઉદ્દેશક–૧

(૧) પરભવમાં જનાર જીવ ત્રણ સમય સુધી આહારક અથવા અણાહારક હોય છે. ત્યારબાદ આહારક હોય છે. અર્થાત્ એકેન્દ્રિયમાં ત્રણ સમય અને શેષ દંડકમા બે સમય જ આહારક અથવા અનાહારક હોય છે. ત્રસમાં ત્રીજા સમયથી બધાં આહારક હોય છે.

(૨) આહારકના પહેલા સમયે જીવ સર્વ અલ્પાહારી હોય છે અને મૃત્યુના ચરમ સમયે પણ જીવ સર્વ અલ્પાહારી હોય છે.

(૩) ત્રણ સકોરા(કોડિયા) (૧) ઉંધુ (૨) સીધુ (૩) ઉંધુ રાખવાથી જે આકાર



હોય છે તે લોકનો સ્થૂલરૂપથી આકાર છે.

(૪) શ્રમણ બિરાજિત ઉપાશ્રયમાં સામાયિકની સાધનામાં જોડાયેલ શ્રાવકને ઈરિયાવહિ ક્રિયા હોતી નથી પરંતુ સાંપરાયિક ક્રિયા હોય છે. કેમ કે કષાય પૂર્ણતઃ ક્ષીણ હોતા નથી ત્યાં સુધી સાંપરાયિકી ક્રિયા લાગે છે. અકષાયી થયા પછી જ ઈરિયાવહિ ક્રિયા લાગે છે.

(૫) શ્રાવકને હિંસાનો ત્યાગ સંકલ્પ સાથેનો જ હોય છે. જેથી સંકલ્પ વિના પૃથ્વી ખોદતાં વનસ્પતિ અથવા ત્રસની હિંસા થઈ જાય તો તેનો વનસ્પતિ અથવા ત્રસની હિંસા સંબંધી ત્યાગ ભંગ હોતો નથી.

(૬) શ્રમણ નિર્ગ્રન્થને દાન દેવાથી તેમના સંયમમાં સમાધિ થાય છે અને સમાધિ–કારકને પણ તે સમાધિની પ્રાપ્તિ થાય છે. તેઓ પોતાના જીવનના આધારરૂપ પદાર્થનો ત્યાગ કરે છે, દુષ્કર કાર્ય કરે છે અને દુર્લભ લાભ પ્રાપ્ત કરે છે. અંતમાં બોધિ પ્રાપ્ત કરી મુક્ત થઈ જાય છે.

(૭) કર્મરહિત જીવની પણ ગતિ થાય છે. –(૧)નિસંગતાથી, (૨)બંધન છેદનથી, (૩) નિરંધણથી, (૪) પૂર્વપ્રયોગથી. દષ્ટાંત ક્રમથી– (૧) સલેપ તુંબા અને પાણી સંયોગ, (૨) અનેક પ્રકારની કળીઓ, (૩) ધુમાડાની ઊંચી ગતિ, (૪) ધનુષથી છૂટેલ બાણની ગતિ.

(૮) સકર્મક જીવ જ કર્મોનો સ્પર્શ, ગ્રહણ, ઉદીરણા, ઉદય નિર્જરા કરે છે. અકર્મક જીવને આ કાંઈ પણ હોતું નથી.

(૯) ઉપયોગ વિના ગમનાગમન, ગ્રહણ-નિક્ષેપ આદિ ક્રિયા કરનારા શ્રમણ સાંપરાયિક ક્રિયાથી સ્પૃષ્ટ હોય છે. કેમકે તેને કષાયનો અભાવ નથી અને તે જિનાજ્ઞાનુસાર પણ કરતા નથી.

(૧૦) એષણીય આહાર પ્રાપ્ત કરી તેમાં જે અણગાર આસક્તિ ભાવ રાખીને ખાય છે, તો તે "ઈંગાલ" દોષ છે; તે આહારની હીલના નિંદા કરે અથવા મહાન અપ્રીતિ કરે , ક્રોધથી ક્લાંત થાય તો "ધૂમ" દોષ છે; સ્વાદ વૃદ્ધિના ઉદ્દેશથી કોઈ પણ પદાર્થનું મિશ્રણ કરે તો "સંજોયણા" દોષ છે; એવું ન કરે તો નિર્દોષ આહાર કહેવાય છે.

(૧૧) પ્રથમ પ્રહરમાં ગ્રહણ કરેલ આહારાદિ ચોથા પ્રહરમાં કરવા **કાલા- તિક્રાંત દોષ** છે. બે ગાઉ(કોશ) ઉપરાંત લઈ જઈને આહારાદિ કરવા **માર્ગાતિક્રાંત** દોષ

છે. રાત્રિમાં ગ્રહણ કરીને દિવસના આહાર કરે અથવા દિવસના ગ્રહણ કરી રાત્રિએ આહાર કરે તો **ક્ષેત્રાતિક્રાંત** દોષ છે. મર્યાદાથી (૩૨ કવલથી) અધિક આહાર કરે તો **પ્રમાણાતિક્રાંત** દોષ છે.

(૧૨) સાવદ્ય પ્રવૃત્તિઓનો પૂર્ણ ત્યાગી, સંસ્કાર શૃંગારથી રહિત, શ્રમણ નિર્ગ્રન્થ અચિત અને ત્રસ જીવ રહિત, ૪૨ દોષ રહિત આહાર કરે, પોતે આરંભ કરે-કરાવે નહિ, સંકલ્પ કરે નહિ, નિમંત્રિત, ખરીદેલ, ઉદ્દિષ્ટ આહાર ગ્રહણ ન કરે, નવકોટિ શુદ્ધ આહાર સંયમ યાત્રાના નિર્વાહના માટે કરે, સુડ-સુડ, ચવ-ચવ અવાજ ન કરતાં, નીચે ન વેરતાં, અલ્પમાત્રામાં પણ સ્વાદ ન લેતા આહાર કરે, માંડલાના પાંચ દોષ ન લગાડે, જલ્દી-જલ્દી અથવા અત્યંત ધીરે-ધીરે આહાર ન કરે, વિવેકયુક્ત સમપરિણામોથી આહાર કરે તો તે શસ્ત્રાતીત નિર્વદ્ય આહાર કર્યો કહેવાય છે.

## ઉદ્દેશક : ૨

(૧) જેણે જીવ–અજીવ, ત્રસ–સ્થાવર પ્રાણીઓને સરખી રીતે જાણી લીધા છે, તેના પચ્ચક્ખાણ સુપચ્ચક્ખાણ છે અને પોતાને પ્રત્યાખ્યાની કહેવું પણ તેનું સત્ય હોય છે. તે જ પંડિત અને સંવૃત હોય છે.

(૨) પાંચ મહાવ્રત, પાંચ અણુવ્રત, રાત્રિ ભોજન ત્યાગ આ મૂળ ગુણ પચ્ચક્ખાણ છે. અન્ય તપ અભિગ્રહ નિયમ આદિ અને સ્વાધ્યાયાદિ, શ્રાવકના દિશિવ્રત આદિ, મારણાંતિક સંલેખના, આ બધાં ઉત્તરગુણ પચ્ચક્ખાણ છે.

**(૩) દસ પચ્ચક્ખાણ :–** (૧) સકારણ સમયથી પહેલાં કરવા (૨)સમય વીત્યા બાદ કરવા (૩) નિરંતર કરવા (૪) નિયત સમયે કરવા (૫) સમયે આગારનો ઉપયોગ કરવો (૬) આગાર સેવન ન કરવું (૭) દત્તી પરિમાણ કરવું (૮) સંપૂર્ણ આહાર ત્યાગ કરવો (૯) સંકેત– ગંઠી, મુટ્ઠી આદિ પચ્ચક્ખાણ કરવા (૧૦) પોરસી આદિ અદ્ધા(કાલમર્યાદાવાળા) પચ્ચક્ખાણ કરવા

૨૨ દંડકના જીવ અપચ્ચક્ખાણી હોય છે. તિર્યંચ પંચેન્દ્રિય દેશ પ્રત્યાખ્યાની હોય છે. મનુષ્ય સર્વ પ્રત્યાખ્યાની અને દેશપ્રત્યાખ્યાની બન્ને હોઈ શકે છે. એમાં પણ મૂલ ગુણ પ્રત્યાખ્યાની અલ્પ હોય છે અને ઉત્તરગુણ પ્રત્યાખ્યાની અધિક હોય છે.

(૪) જીવ દ્રવ્યથી શા✓ત છે. ભાવથી(પર્યાયથી) અશા✓ત છે.



## ઉદ્દેશક : ૩–૫

(૧) વર્ષાઋતુમાં વનસ્પતિજીવ બહુ આહારી હોય છે. શિયાળા અને ઉનાળામાં (શીત-ગ્રીષ્મઋતુમાં) ક્રમશઃ અલ્પાહારી હોય છે. ગરમીમાં કેટલીક વનસ્પતિઓ નવ પલ્લવિત થાય છે અને ફૂલે-ફળે છે. તે સમયે ત્યાં ઉષ્ણયોનિક જીવ અધિક ઉત્પન્ન થાય છે.

(૨) મૂળ કંદ તેમજ બીજ આદિમાં મૂલનો, કંદનો તેમજ બીજનો જીવ રહે છે. છતાં પણ મૂળનો જીવ પૃથ્વીથી સંલગ્ન હોય છે. કંદનો જીવ મૂળથી સંલગ્ન હોય છે અને ક્રમશઃ બીજનો જીવ ફળના જીવથી પ્રતિબદ્ધ હોય છે. તેથી આહાર ગ્રહણ પરંપરાથી થતો રહે છે.

(૩) વેદન કર્મનુ થાય છે. નિર્જરા અકર્મની થાય છે, કેમ કે વેદન પછી કર્મ સ્થિતિ સમાપ્ત થઈ જાય છે. એટલા માટે તેને અકર્મ કહેવાય છે. વેદનનો સમય પહેલા હોય છે તે(પછી) અનંતર સમયમાં નિર્જરા થાય છે.

(૪) ચારે ગતિ શા✓ત છે. એક જીવની અપેક્ષાએ અથવા પર્યાયની અપેક્ષાએ અશા✓ત છે. બધા જીવોની અપેક્ષાએ અને દ્રવ્યની અપેક્ષાએ શા✓ત છે.

(૫) જીવાભિગમસૂત્રની ત્રીજી પ્રતિપત્તિના બીજા તિર્યંચ ઉદ્દેશકની અહીં ભલામણ છે અને પ્રજ્ઞાપનાનાં સંયતપદની ભલામણ છે. જેના માટે જુઓ સારાંશ ખંડ–૬.

## ઉદ્દેશક : ૬

(૧) જીવ આ ભવમાં રહેતા પરભવનું આયુષ્ય નથી વેદતો. પરભવમાં જતાં માર્ગમાં પરભવનું આયુષ્ય વેદે છે. નરકમાં જનારા જીવને અહીં મહાવેદના હોઈ શકે છે અને અલ્પ વેદના પણ હોઈ શકે છે; માર્ગમાં પણ બન્ને હોઈ શકે છે. નરકમાં પહોંચ્યા પછી મહાન અશાતા વેદનાવાળા હોય છે. ક્યારેક સુખરૂપ વેદનાવાળા હોય છે.

દેવલોકમાં જનારા ત્યાં પહોંચ્યા પછી એકાંત સુખરૂપ વેદનાવાળા હોય છે. ક્યારેક દુઃખરૂપ વેદનાવાળા કોય છે.

તિર્યંચ, મનુષ્યમાં જનારાને ત્યાં પહોંચી વિમાત્રાથી સુખ-દુઃખરૂપ વેદના હોય છે.

(૨) જીવોને જાણતાં આયુષ્ય કર્મનો બંધ થતો નથી. અર્થાત્ મારું આયુષ્યકર્મ બંધાઈ ગયું અથવા બંધાઈ રહ્યું છે, એવી જાણ થતી નથી.

(૩) હિંસા, અસત્ય આદિ પાપોનું સેવન કરવાથી જીવ દુઃખરૂપ કર્મનો બંધ કરે છે. હિંસા આદિનો ત્યાગ કરવાથી સુખરૂપ કર્મોનો બંધ થાય છે.

પ્રાણીઓને દુઃખ દેવાથી, પરિતાપ પહોંચાડવાથી દુઃખ મળે છે અને તેની અનુકંપા કરવાથી, રક્ષા કરવાથી, દુઃખ ન દેવાથી સુખ મળે છે.

**(૪) છટ્ઠો આરો : દુષમ–દુષમાકાલ :–** આ પાંચમા આરા પછી છટ્ઠો આરો આવશે. તે કાળ મનુષ્ય પશુ પક્ષીઓના માટે દુઃખકારક–હાહાકાર શબ્દથી વ્યાપ્ત હશે. આ આરાનાં પ્રારંભમાં ધૂળસહિત ભયંકર આંધી આવશે, પછી સંવર્તક હવા ચાલશે, અરસવિરસ, અગ્નિ, વિજળીવાળો વરસાદ થશે. જીવ–જંતુ, વનસ્પતિ, મનુષ્ય, પશુ, પક્ષી, પર્વત, નગર, નદી, બધાં નષ્ટ ભ્રષ્ટ થઈ જશે. ફક્ત ગંગા–સિંધુનદી, વૈતાઢય પર્વત રહેશે. તે વૈતાઢય પર્વતમાં ગુફારૂપમાં ૭૨ બિલ બંન્ને નદીઓનાં કિનારે છે. તેમાં કેટલાક મનુષ્ય તિર્યંચ રહેશે.

બન્ને નદીઓનો જલ પ્રદેશ રથના પૈડા જેટલો હશે અને રથની ધરી પ્રમાણ પાણી ઊંડુ હશે. જેમાં બહુ મચ્છ–કચ્છ હશે. તે સમયે મનુષ્ય દીન–હીન કાળાને કુરૂપ હશે. ઉત્કૃષ્ટ એક હાથનું શરીર પ્રમાણ હશે. અને વધારેમાં વધારે ૨૦ વર્ષની ઉમર હશે. તે સમયે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંઘયણ, સંઠાણ બધાં અશુભ હશે.

તે મનુષ્ય બહુ રોગી, ક્રોધી, માની, માયાવી, લોભી હશે. સવારે ને સાંજે બિલમાંથી બહાર નીકળશે અને મચ્છ-કચ્છને પકડીને જમીનમાં દાટી દેશે. સવારે દાટેલાને(સૂર્યનાં તાપથી ગરમ થયેલ રેતીમાંથી) સાંજના કાઢીને ખાશે અને સાંજના દાટેલાને સવારના કાઢીને ખાશે. સૂર્ય બહુ તપશે અને ચન્દ્રમાં અત્યંત શીતલ હશે. જેનાથી દાટેલા મચ્છ-કચ્છ આદિ પાકી જશે. તે સમયે અગ્નિ નહીં હોય.

વ્રત પચ્ચક્ખાણ રહિત તે મનુષ્ય માંસાહારી સંકિલષ્ટ પરિણામી હશે અને મરીને પ્રાયઃ નરક તિર્યંચ ગતિમાં જશે.

આ આરો ૨૧ હજાર વર્ષનો હશે.

મનુષ્યનો વધ્યો-ઘટયો આહાર, હાડકા, માંસ, ચર્મઆદિ પશુ–પક્ષી ખાઈને રહેશે તે પણ પ્રાયઃ મરીને નરક તિર્યંચમાં જશે.



## ઉદ્દેશક : ૭

**(૧) સંવૃત અણગાર–** પ્રત્યેક પ્રવૃત્તિઓ ચાલવા–બેસવા આદિ યતનાથી કરનારા અણગાર અને પૂર્ણ રીતે ભગવાનની આજ્ઞા અનુસાર સંયમ આરાધના કરનારા અણગાર ક્રોધ, માન, માયા, લોભનો વિચ્છેદ કરે છે, તેને ઈર્યાપથિકી ક્રિયા લાગે છે, સાંપરાયિકી ક્રિયા લાગતી નથી.

(૨) કામ = વિકારભાવ, ભોગ = વિષય, કામભોગ = વિષયવિકાર આ પ્રચલિત અર્થ છે. આગમમાં કાન અને આંખના વિષય શબ્દ અને રૂપને **કામ** કહેલ છે. નાક, જીભ અને શરીરના વિષયરૂપ ગંધ, રસ અને સ્પર્શને ભોગ કહેલ છે.

કામથી કેવલ ઈચ્છા-મનની તૃપ્તિ થાય છે. ભોગથી શરીરની પણ તૃપ્તિ થાય છે. કામ-ભોગના પદાર્થ સચિત્ત અચિત્ત બન્ને પ્રકારના હોય છે. પરંતુ કામ-ભોગ જીવોને જ હોય છે. અજીવોને નથી હોતા.

ચૌરેન્દ્રિય પંચેન્દ્રિય કામી-ભોગી બન્ને હોય છે. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય કેવલ ભોગી જ હોય છે. જેથી કામી-ભોગી બધાથી અલ્પ છે, નો કામી નોભોગી અનંતગુણા છે, તેનાથી ભોગી અનંતગુણા છે.

(૩) શક્તિ હોવા છતાંએ કામ-ભોગનો ત્યાગ કરવાથી મહાનિર્જરા થાય છે અથવા કર્મોનો અંત આવે છે. જેથી જીવ દેવલોકમાં અથવા મોક્ષમાં જાય છે.

(૪) અસન્ની જીવ ઈચ્છા અને જ્ઞાનના અભાવમાં વેદના વેદે છે અને ઈચ્છા અને જ્ઞાન હોવા છતાં પણ સાધનોની પ્રાપ્તિ ન થવાથી અનિચ્છાપૂર્વક અકામ વેદના વેદે છે. ઈચ્છિત સુખ ભોગવી શક્તા નથી.

## ઉદ્દેશક : ૮

(૧) કીડી અને હાથીમાં આત્મા સમાન હોય છે. વિશેષ જાણકારી માટે જુઓ– રાજપ્રશ્નીય સૂત્ર સારાંશ ખંડ–૧.

(૨) કરેલ પાપકર્મ બધાં જીવો માટે દુઃખદ છે. તેનો ક્ષય થવાથી જ દુઃખનો અંત અને સુખની પ્રાપ્તિ થાય છે.

(૩) નરકમાં દસ પ્રકારની વેદના હોય છે. (૧) ઠંડી (૨) ગરમી (૩) ભૂખ (૪) તરસ (૫) ચર (૬) પરાધીનતા (૭) જ્વર(તાવ) (૮) દાહ(બળતરા) (૯) ભય (૧૦) શોક.

(૪) હાથી અને કુંથુઆને અવ્રતની ક્રિયા સમાન લાગે છે.

## ઉદ્દેશક : ૯

**(૧) મહાશિલા કંટક : રથમૂસલ સંગ્રામ :–** કોણિક અને ચેડા રાજાના યુદ્ધનું વર્ણન ઉપાંગ સૂત્રના નિરયાવલિકા વર્ગમાં છે. સારાંશ ખંડ–૧માં જુઓ. વિશેષ વર્ણન આ પ્રમાણે છે–

કોણિક રાજાના ૧૦ ભાઈ યુદ્ધમાં મૃત્યુ પામ્યા, ત્યારે કોણિકે પોતાના પૂર્વ ભવના બે મિત્ર જે વર્તમાનમાં ચમરેન્દ્ર અને શક્રેન્દ્ર છે, તેનું અટ્ઠમતપની આરાધના કરી સ્મરણ કર્યું. બન્ને દેવેન્દ્ર ઉપસ્થિત થયા. અટ્ઠમ માટે યુદ્ધ ત્રણ દિવસ સ્થગિત રાખવામાં આવેલ હતું.

ત્યારબાદ શક્રેન્દ્રની સહાયતાથી મહાશિલાકંટક સંગ્રામ થયો. જેમાં કોણિકના સૈનિક ઘાસ, પત્ર, કાષ્ઠ, કાંકરા કાંઈપણ ફેંકે તેનાથી ચેડારાજાની સેના મહાશિલા પડવાનો અનુભવ કરતા હતી. ચેડારાજાના બાણ કોણિકને ન લાગે એટલા માટે શક્રેન્દ્ર પોતે વજ્રમય કવચથી રક્ષા કરી રહેલો હતો. આ યુદ્ધમાં ૮૪ લાખ નો જનસંહાર થયો. ચેડારાજાનો પરાજય થયો.

બીજા દિવસે ફરી યુદ્ધ થયું તેનું નામ રથમૂસલ સંગ્રામ હતું. તેમાં એક રથ, ઘોડા અને સારથિ વગરનો અર્થાત્ યાંત્રિક રથ ચાલતો હતો. જેની આગળ એક મૂસલ ફરતું હતું, તે જ જનસંહાર કરતું હતું. આ યુદ્ધમાં ચમરેન્દ્ર અને શક્રેન્દ્ર બન્નેની ઉપસ્થિતિ રહી અર્થાત્ બન્નેની મદદ રહી. આમાં પણ ચેડા– રાજાનો પરાજય થયો. આ યુદ્ધમાં ૯૬ લાખનો જનસંહાર થયો. બન્ને યુદ્ધમાં કુલ એક કરોડ એંસી લાખનો જનસંહાર થયો. યુદ્ધમાં મરી ગયેલા તમામ જીવ પ્રાયઃ નરક-તિર્યંચમાં ગયા. એક જીવ દેવગતિમાં અને એક મનુષ્યગતિમાં ઉત્પન્ન થયો. દસ હજાર જીવ એક સાથે એક માછલીની કુક્ષિમાં ઉત્પન્ન થયા.

ચમરેન્દ્ર કોણિકનો તાપસ પર્યાયનો સાથી હતો અને શક્રેન્દ્ર પૂર્વભવનો મિત્ર હતો. એટલા માટે મદદ કરી. ભવિત્તવ્યતા(હોનાહાર)નું પણ એવી જ રીતે નિર્માણ થયેલ. ત્રણે ભગવાન મહાવીરનાં ભક્ત હતા અને પ્રતિપક્ષી, ચેડા આદિ અનેક રાજા પણ ભગવાન મહાવીર સ્વામીનાં વ્રતધારી શ્રમણોપાસક હતા.

યુદ્ધમાં મરનારા દેવગતિ પામે છે આ કિંવદંતિ સત્ય નથી, પ્રાયઃ દુર્ગતિગામી જ થાય છે. કોઈક જીવ દેવગતિમાં જાય છે. આ સંગ્રામમાં **વઢણ નાગનતુઆ** શ્રાવક પણ આવ્યા હતા. તે નિરંતર બેલે-બેલે(છઠના પારણે છઠ) પારણા કરતા



હતા. તે દિવસે તેણે છઠને બદલે અટ્ઠમના પચ્ચક્ખાણ કર્યા હતા. યુદ્ધમાં તેને કપાળમાં બાણ લાગેલ, મૃત્યુ સમય નજીક જાણીને રથ ફેરવી અને એકાંતમાં જઈને આજીવન સંથારો ગ્રહણ કરી બાણ કાઢ્યું, બાણ નીકળવાથી સખ્ત વેદનાની સાથે આયુષ્ય પૂર્ણ થયું. તે દેવલોકમાં ઉત્પન્ન થયા. તેના આ પંડિતમરણથી દેવોએ ફૂલોની વૃષ્ટિ આદિ કરી અને દિવ્ય ગીત ધ્વનિ કર્યો. આ જોઈને ઘણાં લોકો એવું કહેવા લાગ્યા કે યુદ્ધમાં મરનારાની સદ્ગતિ થાય છે. આવું કથન લોકમાં પ્રચલિત થઈ જાય છે.

શ્રમણોપાસક વઢણનાગનતુઆ પહેલા દેવલોકમાં ચાર પલ્યોપમની આયુષ્યવાળા દેવ બન્યા છે. ત્યાંથી એક મનુષ્યનો ભવ કરીને મહાવિદેહક્ષેત્રથી મોક્ષમાં જશે.

આ શ્રમણોપાસકનો એક મિત્ર પણ યુદ્ધમાં આવ્યો હતો. ધર્મ તત્ત્વને તેણે સારી રીતે સમજવા ક્યારે ય પ્રયત્ન કરેલ નહીં. યુદ્ધમાં બાણ લાગવાથી તે પણ એકાંતમાં ગયો અને મિત્ર શ્રમણોપાસકના ધર્મ ક્રિયાની શ્રદ્ધા કરતાં તેણે સંક્ષિપ્તમાં પચ્ચક્ખાણ કર્યા કે મારા મિત્ર શ્રાવકે જે પચ્ચક્ખાણ કર્યા તે હું પણ ધારણ કરું છું. આ પ્રકારની શ્રદ્ધા સરળતાનાં આચરણથી તે મરીને મનુષ્ય ગતિમાં ઉત્પન્ન થયો.

**વિશેષ :–** કોણિકરાજાનો વિજય થયા બાદ હાર, હાથી અને વિહલ્લકુમાર તથા ચેડારાજા અને તેમના રાજ્ય સંબંધી વર્ણન સૂત્રમાં નથી. તે વર્ણન કથા ગ્રંથમાં છે. વિહલ્લકુમારનું વર્ણન અણુત્તરોપપાતિક સૂત્રમાં છે તદનુસાર તે દીક્ષા લઈને અણુત્તર વિમાનમાં ગયા છે.

## ઉદ્દેશક : ૧૦

**(૧) કાલોદાઈની પ્રવ્રજ્યા :–** રાજગૃહી નગરીમાં ગુણશીલ ઉદ્યાનની નજીકમાં અન્યતીર્થિકોના આશ્રમ હતા. ત્યાં કાલોદાયી આદિ અનેક સંન્યાસી રહેતા હતા. એકવાર તેઓમાં પરસ્પરમાં ચર્ચા ચાલી કે જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીર પંચાસ્તિકાય બતાવે છે. જેમાં ચાર અરૂપી અને એક રૂપી કહે છે. ચાર અજીવ અને એક જીવ છે, એમ કહે છે. આ એમનું કહેવું કયા આધારે માની શકાય ?

જોગાનુજોગ ગૌતમસ્વામી પારણા પ્રસંગે ગૌચરી માટે એ તરફ નીકળ્યા. માર્ગમાં ચાલતાં ગૌતમસ્વામીની નજીક આવીને તેમણે પોતાનાં પ્રશ્ન પૂછયાં. ગૌતમસ્વામીએ કહ્યું કે– અમે અસ્તિભાવને જ અસ્તિભાવ કહીએ છીએ.

નાસ્તિભાવને જ નાસ્તિભાવ કહીએ છીએ. એનાથી વિપરીત અમે કહેતા નથી. માટે આપ આપનાં જ્ઞાનથી વિચાર કરો.

કાલોદાયી નામના સન્યાસી, સ્કંધક સન્યાસીની જેમ જ પોતે ભગવાનની પાસે આવ્યા. પ્રભુએ સ્વયં તેમની શંકાને રજૂ કરી સમાધાન કર્યું. તેમાં રૂપી, અરૂપી, જીવ, અજીવ, અસ્તિકાયોનું સ્પષ્ટીકરણ કર્યું.

ત્યારબાદ તેણે પ્રતિપ્રશ્ન પૂછ્યા. ભગવાને ઉત્તરમાં કહ્યું કે ધર્માસ્તિકાય આદિ ચાર પર કોઈ બેસવા, સૂવા, આદિની ક્રિયા કરી શકતા નથી. કેવલ પુદ્ગલાસ્તિકાય પર આ બધી ક્રિયાઓ કરી શકાય છે, કેમ કે તે રૂપી છે.

હિંસારૂપ પાપ કર્મ જીવને જીવથી થાય છે, અજીવથી નહીં. કાલોદાયી બોધ પામતાં ત્યાં જ (પ્રભુ પાસે) સંયમ સ્વીકારી અગિયાર અંગોનું અધ્યયન કર્યું. બાકી સંયમ આરાધનાનું વર્ણન કાલસ્યવેસિક પુત્ર અણગારનાં સમાન છે.

પાપકર્મ કરવા સમયે સુખકર લાગે છે. પરિણામમાં દુઃખકર અને અશુભ–રૂપ હોય છે. ધર્માચરણ કરવું કષ્ટપ્રદ હોય છે. પરંતુ તેનું પરિણામ સુંદર અને સુખદ હોય છે.

અગ્નિ બાળવાથી પૃથ્વીકાય આદિ પાંચેનો અધિક આરંભ થાય છે. અગ્નિકાયનો અલ્પ આરંભ થાય છે. અગ્નિકાયને બુઝાવવાથી અગ્નિકાયનો અધિક આરંભ થાય છે અને શેષકાયનો અલ્પ આરંભ થાય છે.

તેજોલેશ્યાથી છૂટેલ પુદ્ગલ અચેત હોય છે અને તે પ્રકાશિત પણ હોય છે.

**॥ શતક ૭/૧૦ સંપૂર્ણ ॥**

## શતક–૮ : ઉદ્દેશક–૧

ત્રણ પ્રકારના પુદ્ગલ હોય છે– (૧) પ્રયોગ પરિણત–જીવના પ્રયત્નથી પરિણમનને પ્રાપ્ત (૨) મિશ્ર પરિણત–ભૂતકાલીન જીવનો પ્રયોગ પણ હોય અને અન્ય પરિણમન પણ હોય જેમ કે મૃત ક્લેવર આદિ (૩) વિશ્રસા પરિણમન જીવનો પ્રયોગ ન હોય પરંતુ સ્વાભાવિક પુદ્ગલ પરિણમન થાય.

**પ્રયોગ પરિણત :–** (૧) જીવના જેટલા પણ ભેદ પ્રભેદ હોય છે. એટલા પ્રયોગ પરિણત પુદ્ગલ હોય છે. (૨) તે બધા ભેદોનાં પર્યાપ્ત-અપર્યાપ્ત (૩) તે ભેદ–વાળા જીવોનાં શરીર (૪) તે જીવોની ઈન્દ્રિયો (૫) શરીરોની ઈન્દ્રિયો (૬) જીવોના



ભેદોમાં વર્ણાદિ ૨૫ બોલ (૭) જીવોના શરીરોમાં વર્ણાદિ ૨૫ બોલ (૮) જીવોની ઈન્દ્રિયોમાં વર્ણાદિ ૨૫ બોલ (૯) શરીરોની ઈન્દ્રિયોમાં વર્ણાદિ ૨૫ બોલ. આ બધામાં પણ પ્રયોગ પરિણત પુદ્ગલ છે.

**મિશ્ર પરિણત :–** જીવ દ્વારા છોડેલા પુદ્ગલ જ્યાં સુધી પૂર્ણ વિશ્રસા પરિણામને પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી મિશ્ર પરિણત છે. માટે જેટલા પ્રકાર પ્રયોગ પરિણતના છે, તેટલાજ મિશ્ર પરિણતના છે.

**વિશ્રસા પરિણત :–** જીવના પ્રયોગ વિના સ્વાભાવિક પરિણત સ્કંધ વિશ્રસા પરિણત કહેવાય છે. વર્ણાદિના ભેદથી તેના ૨૫ ભેદ છે અને વિસ્તૃત ભેદ ૫૩૦ છે.

પંદર યોગ અને તેના સંરભ, સમારંભ, અસરંભ, અસમારંભ અનારંભની અપેક્ષાએ પણ પ્રયોગ પરિણત અને મિશ્ર પરિણતના ભેદ થાય છે.

બે દ્રવ્ય, ત્રણ દ્રવ્ય, ચાર દ્રવ્યના પરિણામની વિવક્ષા(ચર્ચા)માં અસંયોગી દ્વિસંયોગી આદિ ભંગ બને છે. ચારથી અનંત દ્રવ્યો સુધીના સંયોગી ભંગ પણ યથાવિધિ સમજી લેવા.

સર્વથી અલ્પ પ્રયોગ પરિણત પુદ્ગલ, તેનાથી મિશ્ર પરિણત પુદ્ગલ અનંત ગુણા, તેનાથી વિશ્રસા પરિણત પુદ્ગલ અનંત ગુણા.

## ઉદ્દેશક : ૨

(૧) આશીવિષ બે પ્રકારના છે. (૧) જાતિ આશીવિષ અને (૨) કર્મ આશીવિષ જાતિ આશીવિષનાં ૪ પ્રકાર છે. (૧) વીંછી (૨) દેડકુ (૩) સર્પ (૪) મનુષ્ય આ વિષ તેમની દાઢ(દાંતો)માં હોય છે.

**કર્મ આશીવિષ :–** મનુષ્ય તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાયમાં લબ્ધિની અપેક્ષાએ હોય છે. આ લબ્ધિવાળા આઠમા દેવલોક સુધી જઈ શકે છે, જેથી આઠમા દેવલોક સુધીના અપર્યાપ્તમાં કર્મ આશીવિષ થઈ શકે છે. અન્ય દેવોમાં, નારકીમાં અને પંચેન્દ્રિય સિવાય ત્રસ સ્થાવર તિર્યંચમાં કર્મ આશીવિષ હોતું નથી .

વીંછીના વિષનું સામર્થ્ય અર્ધ ભરત પ્રમાણે છે, દેડકાનું પૂર્ણ ભરત પ્રમાણે છે, સર્પનું જંબુદ્વીપ પ્રમાણ અને મનુષ્યનું અઢીદ્વીપ પ્રમાણ વિષ હોય છે. અર્થાત્ આટલા વિશાલ પુદ્ગલ સ્કંધને પ્રભાવિત કરવાનું ઉત્કૃષ્ટતમ સામર્થ્ય હોય છે.

(૨) છદ્મસ્થ વ્યક્તિ દશ સ્થાનોને પૂર્ણરૂપે જાણી જોઈ શકે નહીં. જેમ કે– (૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) શરીર રહિત

જીવ (૫) પરમાણુ (૬) શબ્દ (૭) ગંધ (૮) વાયુ (૯) આ કેવલી બનશે (૧૦) આ મુક્ત થશે. આ દશેયને કેવલી ભગવાન પૂર્ણરૂપે જોઈ–જાણી શકે છે.

**જ્ઞાન અજ્ઞાન વર્ણન : જ્ઞાન લબ્ધિ :–**

પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાનનું વર્ણન નંદીસૂત્ર અનુસાર છે. જેના માટે સારાંશ ખંડ–૭ જુઓ.

વિભંગજ્ઞાન વિભિન્ન આકારવાળા હોય છે. જેમ કે– ગ્રામ, નગર, વૃક્ષ, પર્વત, ક્ષેત્ર, સ્તૂપ, હાથી, ઘોડા, મનુષ્ય, બળદ, પશુ, પક્ષી, દેવતા, વાંદરા આદિ કોઈ પણ આકારના હોઈ શકે છે. તે કોઈ પણ ક્ષેત્ર, ઘર,ઘરનો અંશ, અન્ય વસ્તુનો અંશ માત્ર હોઈ શકે છે.

જીવોમાં ૨,૩,૪ અને એક જ્ઞાન હોઈ શકે છે અને બે અથવા ત્રણ અજ્ઞાન હોઈ શકે છે.

જઘન્ય મતિ શ્રુત જ્ઞાન યા મતિશ્રુત અજ્ઞાન બે અવશ્ય હોય છે. અવધિ મનઃપર્યવ અને વિભંગજ્ઞાન વિકલ્પથી હોય છે. ત્યારે ૩ અથવા ૪ જ્ઞાન અને ૩ અજ્ઞાન હોય છે. અને જ્યારે કેવલજ્ઞાન હોય છે ત્યારે અન્ય ૪ જ્ઞાન રહેતા નથી. માટે એક જ્ઞાન જ હોય છે.

જ્ઞાનની કાયસ્થિતિ, અંતર, અલ્પબહુત્વનું વર્ણન જીવાભિગમસૂત્ર ખંડ–૬ માં છે.

**પર્યવની અપેક્ષા અલ્પ બહુત્વ :–** (૧) બધાથી અલ્પ મનઃપર્યવજ્ઞાનનાં (૨) અવધિજ્ઞાનનાં અનંતગુણા (૩) શ્રુતજ્ઞાનનાં અનંતગુણા (૪) મતિજ્ઞાનનાં અનંતગુણા (૫) કેવલ જ્ઞાનનાં અનંતગુણા.

(૧) બધાથી અલ્પ પર્યવ વિભંગજ્ઞાનનાં (૨) શ્રુતઅજ્ઞાનનાં અનંતગુણા (૩) મતિઅજ્ઞાનનાં અનંતગુણા

**(૧) જીવદ્વાર :–** પહેલી નરકના નારકી તથા ભવનપતિ અને વ્યંતર દેવોમાંથી કોઈને બે અજ્ઞાન હોય છે અને કોઈને ત્રણ અજ્ઞાન હોય છે. માટે ત્રણ અજ્ઞાનની ભજના અને ત્રણ જ્ઞાનની નિયમા. બાકી બધા નારકી દેવતામાં ૩ જ્ઞાન, ૩ અજ્ઞાનની નિયમા. પાંચ અનુત્તર વિમાનમાં અજ્ઞાન નથી, માટે ત્રણ જ્ઞાનની નિયમા. પાંચ સ્થાવરમાં ૨ અજ્ઞાનની નિયમા. ત્રણ વિકલેન્દ્રિયમાં ૨ જ્ઞાન ૨ અજ્ઞાનની નિયમા. તિર્યંચ પંચેન્દ્રિયમાં ૩ જ્ઞાન ૩ અજ્ઞાનની ભજના. મનુષ્યમાં ૫ જ્ઞાન ૩ અજ્ઞાનની ભજના.



**(૨) વાટે વહેતા :–** એક ગતિથી બીજી ગતિમાં જતાં માર્ગગામી જીવને વાટે વહેતા કહેવાય છે. વાટે વહેતા નરકગતિ, દેવગતિમાં ૩ અજ્ઞાનની ભજના. ૩ જ્ઞાનની નિયમા. તિર્યંચમાં ૨ જ્ઞાન ૨ અજ્ઞાનની નિયમા, મનુષ્યમાં ૩ જ્ઞાનની ભજના, ૨ અજ્ઞાનની નિયમા.

આ પ્રકારે નીચેના દ્વારોમાં પણ જ્ઞાનની ભજના–નિયમા હોય છે. (૧) ઈન્દ્રિય(જાતિ) (૨) કાયા (૩) સૂક્ષ્મબાદર (૪) પર્યાપ્તિ (૫) ભવસ્થ (૬) ભવી (૭) સન્ની–અસન્ની (૮) યોગ (૯) લેશ્યા (૧૦) કષાય (૧૧) વેદ (૧૨) આહાર (૧૩) ઉપયોગ (૧૪) લબ્ધિ.

**૧૨૨ બોલોમાં જ્ઞાન અજ્ઞાનની નિયમા ભજના :–**

| | બોલ | ભજના | | નિયમા | |
|---|---|---|---|---|---|
| | | જ્ઞાન | અજ્ઞાન | જ્ઞાન | અજ્ઞાન |
| ૧ – ૨ | સઈન્દ્રિય પંચેન્દ્રિય | ૪ | ૩ | – | – |
| ૩ | એકેન્દ્રિયમાં | – | – | – | ૨ |
| ૪ – ૬ | વિકલેન્દ્રિયમાં | – | – | ૨ | ૨ |
| ૭ | અનિન્દ્રિયમાં | – | – | ૧ | – |
| ૮–૯ | સકાય ત્રસકાયમાં | ૫ | ૩ | – | – |
| ૧૦ – ૧૪ | પૃથ્વીકાય આદિ પાંચમાં | – | – | – | ૨ |
| ૧૫ | અકાયમાં | – | – | ૧ | – |
| ૧૬ | સૂક્ષ્મમાં | – | – | – | ૨ |
| ૧૭ | બાદરમાં | ૫ | ૩ | – | – |
| ૧૮ | નોસૂક્ષ્મ૦ | – | – | ૧ | – |
| ૧૯ | પર્યાપ્તમાં | ૫ | ૩ | – | – |
| ૨૦ | અપર્યાપ્તમાં | ૩ | ૩ | – | – |
| ૨૧ | ભવસ્થમાં | ૫ | ૩ | – | – |
| ૨૨ | ભવીમાં | ૫ | ૩ | – | – |
| ૨૩ | અભવીમાં | – | ૩ | – | – |
| ૨૪ | સન્નીમાં | ૪ | ૩ | – | – |
| ૨૫ | અસન્નીમાં | – | – | ૨ | ૨ |
| ૨૬ | નોસન્નીમાં૦ | – | – | ૧ | – |

| | બોલ | ભજના | | નિયમા | |
|---|---|---|---|---|---|
| | | જ્ઞાન | અજ્ઞાન | જ્ઞાન | અજ્ઞાન |
| ૨૭–૩૦ | સયોગી, ત્રણયોગમાં | ૫ | ૩ | – | – |
| ૩૧ | અયોગિમાં | – | – | ૧ | – |
| ૩૨–૩૩ | સલેશી શુક્લલેશીમાં | ૫ | ૩ | – | – |
| ૩૪–૩૮ | પાંચ લેશ્યામાં | ૪ | ૩ | – | – |
| ૩૯ | અલેશીમાં | – | – | ૧ | – |
| ૪૦–૪૪ | સકષાયી ચાર કષાયીમાં | ૪ | ૩ | – | – |
| ૪૫ | અકષાયીમાં | ૫ | – | – | – |
| ૪૬–૪૯ | સવેદી ત્રણવેદમાં | ૪ | ૩ | – | – |
| ૫૦ | અવેદીમાં | ૫ | – | – | – |
| ૫૧ | આહારકમાં | ૫ | ૩ | – | – |
| ૫૨ | અણાહારકમાં | ૪ | ૩ | – | – |
| ૫૩–૫૪ | બન્ને ઉપયોગમાં | ૫ | ૩ | – | – |
| ૫૫–૫૮ | ચારજ્ઞાનમાં | ૪ | – | – | – |
| ૫૯ | કેવલજ્ઞાનમાં | – | – | ૧ | – |
| ૬૦–૬૧ | બે અજ્ઞાનમાં | – | ૩ | – | – |
| ૬૨ | વિભંગ જ્ઞાનમાં | – | – | – | ૩ |
| ૬૩–૬૪ | ચક્ષુ અચક્ષુદર્શનમાં | ૪ | ૩ | – | – |
| ૬૫ | અવધિ દર્શનમાં | ૪ | – | – | ૩ |
| ૬૬ | કેવલ દર્શનમાં | – | – | ૧ | – |
| ૬૭–૬૮ | મતિ શ્રુતજ્ઞાનના અભાવમાં | – | ૩ | ૧ | – |
| ૬૯ | અવધિજ્ઞાનના અભાવમાં | ૪ | ૩ | – | – |
| ૭૦ | મનઃપર્યવજ્ઞાનના અભાવમાં | ૪ | ૩ | – | – |
| ૭૧ | કેવલજ્ઞાનના અભાવમાં | ૪ | ૩ | – | – |
| ૭૨–૭૩ | મતિશ્રુત અજ્ઞાનના અભાવમાં | ૫ | – | – | – |
| ૭૪ | વિભંગજ્ઞાનના અભાવમાં | ૫ | – | – | ૨ |



| | બોલ | ભજના | | નિયમા | |
|---|---|---|---|---|---|
| | | જ્ઞાન | અજ્ઞાન | જ્ઞાન | અજ્ઞાન |
| ૭૫ | સમુચ્ચય દર્શનમાં | ૫ | ૩ | – | – |
| ૭૬ | સમુચ્ચય દર્શનના અભાવમાં | – | – | – | – |
| ૭૭ | સમ્યગ્દર્શનમાં | ૫ | – | – | – |
| ૭૮ | સમ્યગ્દર્શનના અભાવમાં | – | ૩ | – | – |
| ૭૯ | મિથ્યાદર્શનના અભાવમાં | ૫ | ૩ | – | – |
| ૮૧ | મિશ્રદર્શનમાં | – | ૩ | – | – |
| ૮૨ | મિશ્રદર્શનના અભાવમાં | ૫ | ૩ | – | – |
| ૮૩ | સમુચ્ચય ચારિત્રમાં | ૫ | – | – | – |
| ૮૪ | ચારિત્રના અભાવમાં | ૪ | ૩ | – | – |
| ૮૫–૮૮ | સામાયિક આદિ ચારમાં | ૪ | – | – | – |
| ૮૯–૯૨ | સામાયિક આદિ ચારના અભાવમાં | ૫ | ૩ | – | – |
| ૯૩ | યથાખ્યાતમાં | ૫ | – | – | – |
| ૯૪ | યથાખ્યાતના અભાવમાં | ૫ | ૩ | – | – |
| ૯૫–૯૯ | દાનાદિ પાંચ લબ્ધિમાં | ૫ | ૩ | – | – |
| ૧૦૦–૧૦૪ | દાનાદિ પાંચ લબ્ધિના અભાવમાં | – | – | ૧ | – |
| ૧૦૫ | બાલવીર્યમાં | ૩ | ૩ | – | – |
| ૧૦૬ | બાલવીર્યના અભાવમાં | ૫ | – | – | – |
| ૧૦૭ | બાલપંડિતવીર્યમાં | ૩ | – | – | – |
| ૧૦૮ | બાલપંડિતવીર્યના અભાવમાં | ૫ | ૩ | – | – |
| ૧૦૯ | પંડિતવીર્યમાં | ૫ | – | – | – |
| ૧૧૦ | પંડિતવીર્યના અભાવમાં | ૪ | ૩ | – | – |
| ૧૧૧–૧૧૨ | સઈન્દ્રિય સ્પર્શેન્દ્રિયમાં | ૪ | ૩ | – | – |
| ૧૧૩–૧૧૪ | સઈન્દ્રિય સ્પર્શેન્દ્રિયના અભાવમાં | – | – | ૧ | – |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧૫ | રસેન્દ્રિયમાં | ૪ | ૩ | – | – |
| ૧૧૬ | રસેન્દ્રિયના અભાવમાં | – | – | ૧ | ૨ |
| ૧૧૭–૧૧૯ | ત્રણ ઇન્દ્રિયમાં | ૪ | ૩ | – | – |
| ૧૨૦–૧૨૨ | ત્રણ ઇન્દ્રિયના અભાવમાં | – | – | ૨+૧ | ૨ |

***વિશેષ :–*** *(૧) જ્ઞાન=કેવલજ્ઞાન, (૨) જ્ઞાન=મતિ, શ્રુત, (૩) જ્ઞાન=મતિ, શ્રુત,અવધિ, (૪) જ્ઞાન=અવધિ, મનઃપર્યવ અથવા કેવલજ્ઞાન આ ત્રણમાંથી કોઈ એકના સિવાય શેષ ચાર, (૫) જ્ઞાન=પાંચે, ૨ અજ્ઞાન=મતિ, શ્રુત, ૩ અજ્ઞાન=ત્રણે.*

## ઉદ્દેશક : ૩–૪

(૧) તાડવૃક્ષ, નારિયેળવૃક્ષ આદિ સંખ્યાત જીવી હોય છે. એક બીજવાળા લીમડા, આંબા, જાંબુ આદિ અને બહુ બીજવાળા વડ, પીપળા, ઉંબર આદિ વૃક્ષ અસંખ્ય જીવી હોય છે. બટાટા-મૂળા આદિ અનંત જીવી છે. અહીં વૃક્ષને સંખ્યાત જીવી આદિ, તે તેની કોઈ અવસ્થા અથવા ફળની અપેક્ષા સમજવું. અન્યથા કુંપળ અવસ્થામાં ફળોની મંજરી આદિ કાચી અવસ્થામાં અસંખ્ય જીવી પણ હોઈ શકે છે અને અનંતકાયના લક્ષણોની અવસ્થામાં અનંતજીવ પણ હોવાનો સંભવ હોય છે. વિસ્તૃત વર્ણન પ્રજ્ઞાપના સૂત્ર પદ પહેલામાં છે. જુઓ ખંડ–૬.

(૨) મનુષ્ય અથવા પશુ આદિ કોઈ પણ પ્રાણીનાં શરીરનાં કોઈ અવયવ કપાઈને દૂર પડી જાય તો પણ કેટલાક સમય સુધી બન્ને વિભાગોની વચ્ચે આત્મપ્રદેશ સંલગ્ન રહે છે તે વચ્ચેના પ્રદેશોમાં શસ્ત્ર, અગ્નિ અથવા કોઈના ચાલવાથી બાધા-પીડા થતીનથી અને તે આત્મપ્રદેશ તૂટતા પણ નથી.

(૩) આઠ પૃથ્વી આદિના ચરમ અચરમ સંબંધી વર્ણન પ્રજ્ઞાપના પદ ૧૦ના સમાન છે. જુઓ ખંડ–૬

(૪) ક્રિયા સંબંધી વર્ણન પ્રજ્ઞાપના પદ ૨૨ સમાન છે. જુઓ ખંડ–૬.

## ઉદ્દેશક : ૫

(૧) સામાયિક કરતાં શ્રમણોપાસકને ધન, સ્ત્રી, પરિવાર અને ઘરનાં ઉપ–કરણોનો ત્યાગ હોય છે. તેમના એવા પરિણામ હોય છે કે આ પદાર્થ સ્ત્રી ધન આદિ મારા નથી. એવા પરિણામોથી તે સામાયિકના સમયસુધી તલ્લીન રહે છે. પરંતુ પૂર્ણરીતે આજીવન ત્યાગ ન હોવાથી તેનું પૂર્ણ મમત્વ તે પદાર્થોથી છૂટતું



નથી. સંબંધ તૂટતો નથી, જેથી તે પદાર્થોનો કોઈ અન્ય વ્યક્તિ સ્વામી બની ન શકે. જો કોઈ તેના ધનને ચોરે અથવા તેની સ્ત્રીને પોતાની બનાવે અને તે સામાયિક બાદ તે વસ્તુઓની શોધ કરે કે મેળવવાનો પ્રયત્ન કરે તો તે પોતાની વસ્તુઓને માટે જ પ્રયત્ન કરનાર કહેવાશે.

(૨) હિંસા આદિનો ત્યાગ ત્રણ કરણ, ત્રણ યોગથી થાય છે. **ત્રણ કરણ – ૧.** કરવું **૨.** કરાવવું **૩.** અનુમોદવું. **ત્રણયોગ = ૧.** મન **૨.** વચન **૩.** કાયા એમાંથી કોઈ પણ કરણ અથવા કોઈપણ યોગથી પ્રત્યાખ્યાન થાય છે. ઓછામાં ઓછા એક કરણ અને એક યોગથી થાય છે. વધારેમાં વધારે ત્રણ કરણ અને ત્રણ યોગથી થાય છે.

શ્રમણોપાસકના અણુવ્રતોમાં હિંસાદિનો ત્યાગ કરણ અને યોગના આ ૪૯ ભંગોથી કરવામાં આવે છે. તે ભંગ સંખ્યા આ પ્રકારે છે–

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | બે સંયોગી [એક કરણ+એક યોગ] | = | ૯ | ભંગ |
| (૨) | ત્રણ સંયોગી [૧+૨ અને ૨+૧] | = | ૧૮ | ભંગ |
| (૩) | ચાર સંયોગી [૨+૨, ૧+૩, ૩+૧] | = | ૧૫ | ભંગ |
| (૪) | પાંચ સંયોગી [૨+૩, ૩+૨] | = | ૬ | ભંગ |
| (૫) | છ સંયોગી [૩+૩] | = | ૧ | ભંગ |
| | | **કુલ** | ૪૯ | ભંગ |

**બે સંયોગી ૯ ભંગ [૧+૧] :–** (૧) કરવું નહીં મનથી (૨) કરવું નહીં વચનથી (૩) કરવું નહીં કાયાથી (૪) કરાવવું નહિ મનથી (૫) કરાવવું નહિ વચનથી (૬) કરાવવું નહીં કાયાથી (૭) અનુમોદન કરવું નહીં મનથી (૮) અનુમોદન કરવું નહીં વચનથી (૯) અનુમોદન કરવું નહીં કાયાથી.

**ત્રણ સંયોગી ૧૮ ભંગ [૧+૨ અને ૨+૧] :–** (૧) કરવું નહીં મનથી વચનથી, (૨) કરવું નહીં મનથી કાયાથી, (૩) કરવું નહીં વચનથી કાયાથી, (૪) કરાવવું નહીં મનથી વચનથી, (૫) કરાવવું નહીં મનથી કાયાથી, (૬) કરાવવું નહીં વચનથી કાયાથી, (૭) અનુમોદન કરવું નહીં મનથી વચનથી,(૮) અનુમોદન કરવું નહીં મનથી કાયાથી, (૯) અનુમોદન કરવું નહીં વચનથી કાયાથી.

(૧) કરવું નહીં કરાવવું નહીં મનથી, (૨) કરવું નહીં કરાવવું નહીં વચનથી, (૩) કરવું નહીં કરાવવું નહીં કાયાથી, (૪) કરવું નહીં અનુમોદન કરવું નહીં મનથી, (૫) કરવું નહીં અનુમોદન કરવું નહીં વચનથી, (૬) કરવું નહીં અનુમોદન

કરવું નહીં કાયાથી, (૭) કરાવવું નહીં અનુમોદન કરવું નહીં મનથી, (૮) કરાવવું નહીં અનુમોદન કરવું નહીં વચનથી, (૯) કરાવવું નહીં અનુમોદન કરવું નહીં કાયાથી.

**ચાર સંયોગીના ૧૫ ભંગ [૨+૨, ૧+૩, ૩+૧]:–** (૧) કરવું નહીં કરાવવું નહીં મનથી વચનથી, (૨) કરવું નહીં કરાવવું નહીં મનથી કાયાથી, (૩) કરવું નહીં કરાવવું નહીં વચનથી કાયાથી (૪) કરવું નહીં અનુમોદન કરવું નહીં મનથી વચનથી, (૫) કરવું નહીં અનુમોદન કરવું નહીં મનથી કાયાથી, (૬) કરવું નહીં અનુમોદન કરવું નહીં વચનથી કાયાથી (૭) કરાવવુ નહીં અનુમોદન કરવું નહીં મનથી વચનથી, (૮) કરાવવુ નહીં અનુમોદન કરવું નહીં મનથી કાયાથી, (૯) કરાવવું નહીં અનુમોદન કરવું નહીં વચનથી કાયાથી.

(૧) કરવું નહીં મનથી વચનથી કાયાથી, (૨) કરાવવું નહીં મનથી વચનથી કાયાથી, (૩) અનુમોદન કરવું નહીં મનથી વચનથી કાયાથી.

(૧) કરવું નહીં કરાવવું નહીં અનુમોદન કરવું નહીં મનથી, (૨) કરવું નહીં કરાવવું નહીં અનુમોદન કરવું નહીં વચનથી, (૩) કરવું નહીં કરાવવું નહીં અનુમોદન કરવું નહીં કાયાથી.

**પાંચ સંયોગી ૬ ભંગ [૨+૩ અને ૩+૨] :–** (૧) કરવું નહીં કરાવવું નહીં મનથી વચનથી કાયાથી, (૨) કરવું નહીં અનુમોદન કરવું નહીં મનથી વનથી કાયાથી, (૩) કરાવવું નહીં અનુમોદન કરવું નહીં મનથી વચનથી કાયાથી.

(૧) કરવું નહીં કરાવવું નહીં અનુમોદન કરવું નહીં, મનથી વચનથી, (૨) કરવું નહીં કરાવવું નહીં અનુમોદન કરવું નહીં, મનથી કાયાથી, (૩) કરવું નહીં કરાવવું નહીં અનુમોદન કરવું નહીં, વચનથી કાયાથી.

**છ સંયોગી ૧ ભંગ [૩+૩] :–** (૧) કરવું નહીં કરાવવું નહીં અનુમોદન કરવું નહીં મનથી વચનથી કાયાથી.

(૩) શ્રમણોપાસક વ્રત ધારણ કરતાં પૂર્વે કરેલા પાપની નિંદા કરે છે. તેનાથી નિવૃત્ત થાય છે. અને ભવિષ્ય માટે તે પાપના પ્રત્યાખ્યાન કરે છે.

**(૪) ગોશાલકનાં ૧૨ પ્રમુખ શ્રાવક :–** (૧) તાલ, (૨) તાલ પ્રલંબ, (૩) ઉદ્વિધ, (૪) સંવધિ, (૫) અવધિ, (૬) ઉદય, (૭) નામોદય, (૮) નર્મોદય, (૯) અનુપાલક, (૧૦) શંખપાલક, (૧૧) અયમ્પુલ, (૧૨) કાતર.



આ શ્રાવકો આજીવિકોપાસક કહેવાય છે. (૧) ઉમ્બર ફળ, (૨) વડના ફળ, (૩) બોર, (૪) શહતૂત, (૫) પીપળાના ફળ આ પાંચ ફળ ખાતા નથી. ડુંગળી, લસણ, કંદમૂળના ત્યાગી હોય છે. બળદોને નપુંસક બનાવતા નથી અને નાક વીંધતા નથી પરંતુ એમ જ રાખે છે અને ત્રસ પ્રાણીઓની હિંસા રહિત વ્યાપારથી આજીવિકા કરે છે.

(૫) શ્રમણોપાસકોને પણ ૧૫ કર્માદાનના વ્યાપાર પોતાને કરવું બીજાથી કરાવવું અથવા અનુમોદન કરવું કલ્પતું નથી.

## ઉદ્દેશક : ૬

(૧) શ્રમણ નિર્ગ્રંથને કલ્પનીય આહારાદિ દેવાથી નિર્જરા થાય છે. ॥ ૧ ॥ અકલ્પનીય આહારાદિ દેવાથી નિર્જરાની સાથે અલ્પ પાપ બંધ પણ થાય છે. ॥ ૨ ॥ અસંયત અવિરત કોઈ પણ લિંગ ધારીને દેવાથી પાપ બંધ થાય છે; નિર્જરા થતી નથી. ॥ ૩ ॥ આ ત્રણ પ્રકારના દાનમાં પુણ્ય બંધ તો સર્વત્ર થાય જ છે. કેમ કે ભાવનામાં ઉદારતા અને અનુકંપા હોય છે. દાન લેનારાને સુખ પહોંચે છે. અધ્યવસાય શુભ હોય છે. સૂત્રમાં પાપ અને નિર્જરાની અપેક્ષા હોવાથી એકાંત નિર્જરા અથવા એકાંત પાપ શબ્દનો પ્રયોગ કર્યો છે. પુણ્ય નિષેધનો આશય ત્યાં નથી એમ સમજવું.

(૨) ભિક્ષા માટે જનાર શ્રમણને દાતા કોઈ શ્રમણ તપસ્વી સ્થવિરના નામથી વ્યક્તિગત ખાદ્ય પદાર્થ આપે તો તે શ્રમણ સુધી પહોંચાડવું આવશ્યક હોય છે. કદાચ તે શ્રમણ ન મળે તો તે ખાદ્ય પદાર્થ ખાવો અથવા બીજાને આપવો ન કલ્પે. યોગ્ય સ્થંડિલ ભૂમિમાં પરઠવી દેવો જોઈએ. એ પ્રકારે પાત્ર આદિ ઉપકરણનાં માટે પણ સમજી લેવું.

(૩) શ્રમણ ક્યાંય પણ કોઈ અકૃત્ય સ્થાનનું, દોષનું સેવન કરે અને તેની આલોચના પ્રતિક્રમણ કરવાનો દઢ સંકલ્પ કરે તેમજ આલોચના સાંભળનારાની પાસે પહોંચવાનો સંકલ્પ પણ કરે, પરંતુ કોઈ પણ પ્રકારની અંતરાયના કારણે આલોચના ન કરી શકે, તો પણ તે આરાધક થાય છે. અર્થાત કોઈનું પણ આયુષ્ય પૂર્ણ થઈ જાય અથવા વાચા બંધ થઈ જાય તો પણ સંકલ્પ, તત્પરતા અને પ્રયત્ન પ્રારંભ વગેરેથી તેને આલોચનાનુ ફળ મળે છે. જે રીતે અગ્નિમાં નાંખેલ તંતુ બળી ગયો અને રંગમાં નાખેલ તંતુ રંગાઈ ગયો કહેવાય છે. એ પ્રકારે તે આરાધક કહેવાય છે.

(૪) ઔદારિક શરીરવાળાથી બધા જીવોને ૩ અથવા ૪ અથવા ૫ ક્રિયા લાગે છે;

વૈક્રિય શરીરવાળાથી ૩ અથવા ૪ ક્રિયા લાગે છે, પાંચમી પ્રાણાતિપાતિકી ક્રિયા લાગતી નથી. સમુચ્ચય જીવ અને મનુષ્ય કદાચ(ક્યારેક) અક્રિય પણ હોય છે. આહારક તૈજસ કાર્મણ શરીરની અપેક્ષા ક્રિયા વૈક્રિય શરીરની સમાન છે. અર્થાત ૩ અથવા ૪ ક્રિયા લાગે છે, પાંચમી નથી લાગતી.

## ઉદ્દેશક : ૭

(૧) ગૃહસ્થ દ્વારા અપાતી ભિક્ષા પાત્રમાં પડતા પહેલાં પણ સાધુની હોય છે. "આપતા–અપાઈ ગઈ" આ સિદ્ધાંતથી એ સ્પષ્ટ છે. માટે વચ્ચે જ કોઈ લઈ લે તો તે સાધુની જ લીધી ગણાય છે, ગૃહસ્થની નહીં. પૃથ્વી આદિ પર પ્રયોજન હોવાથી જ શ્રમણ યતનાપૂર્વક ચાલે છે જેથી તે વિરાધક હોતા નથી. અયતનાથી અથવા નિષ્પ્રયોજન ચાલનારા વિરાધક અને અસંયત કહેવાય છે.

રાજગૃહી તરફ જનારાને પણ રાજગૃહ ગયા કહેવામાં આવે છે. "નથી ગયો" એમ માનવાથી ક્યારે પણ નહીં પહોંચે.

ગતિ પ્રપાત–પ્રયોગ ગતિ આદિ વર્ણન પ્રજ્ઞાપના સૂત્રના ૧૬માં પ્રયોગ પદમાં છે. સારાંશ ખંડ–૬માં જુઓ.

## ઉદ્દેશક : ૮

(૧) પ્રત્યનીક=વિરોધી કેટલાય પ્રકારનાં હોય છે– (૧) આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર આદિની અપેક્ષાએ **ગુઢપ્રત્યનીક** હોય છે. (૨) આ લોક પરલોકની અપેક્ષાએ **ગતિ પ્રત્યનીક** હોય છે. (૩) કુલ, ગણ, સંઘની અપેક્ષાએ **સમૂહ પ્રત્યનીક** હોય છે. (૪) તપસ્વી, ગ્લાન, નવદીક્ષિતની અપેક્ષાએ **અનુકંપા પ્રત્યનીક** હોય છે. (૫) સૂત્ર અર્થની અપેક્ષાએ **શ્રુત–પ્રત્યનીક** હોય છે. (૬) જ્ઞાન દર્શન ચારિત્રની અપેક્ષાએ **ભાવ પ્રત્યનીક** હોય છે.

(૨) આગમ શ્રુત આદિ ૫ પ્રકારના વ્યવહાર યથાક્રમથી રાગદ્વેષ રહિત થઈને કરવામાં આવે છે. ત્યારે આરાધના થાય છે. વિશેષ વર્ણન માટે જુઓ સારાંશ ખંડ–૨.

**(૩) ઈર્યાવહિ બંધ :–** ગુણસ્થાન ૧૧,૧૨,૧૩માં ઈર્યાવહિ બંધ હોય છે. આ સાદિ સપર્યવસિત(બે સમયનું) હોય છે. મનુષ્ય મનુષ્યાણી બાંધે છે, તે પણ અવેદી બાંધે છે, સવેદી નહીં. પૂર્વવેદની અપેક્ષા ત્રણે લિંગવાળા બાંધે છે.

ઈર્યાવહિ બંધના પ્રથમ સમયવર્તી અર્થાત્ ૧૧,૧૨મા ગુણસ્થાનવાળા



અશા✓ત છે. અશા✓ત હોવાથી મનુષ્ય મનુષ્યાણીનાં અસંયોગી ચાર અને દ્વિ સંયોગી ચાર કુલ આઠ ભંગ હોય છે.

પૂર્વભાવની અપેક્ષાએ પચ્છાકડ ત્રણ વેદથી અસંયોગી ૬, દ્વિસંયોગી ૧૨, ત્રણ સંયોગી ૮ એમ કુલ ૨૬ ભંગ થાય છે.

ત્રણકાળની અપેક્ષા કરીને ત્રણ સંયોગી બંધીનાં આઠ ભંગ બને છે. જેમાં સાત ભંગ ઈર્યાવહિ બંધમાં ગ્રહણાકર્ષની અપેક્ષાએ એક ભવમાં પ્રાપ્ત થઈ શકે છે. પરંતુ છટ્ઠો ભંગ પ્રાપ્ત થતો નથી. ભાવાકર્ષની અપેક્ષાએ આઠે ય ભંગ પ્રાપ્ત થઈ શકે છે. તે ભંગ આ પ્રકારે છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | બાંધ્યો, બાંધે, બાંધશે | = | તેરમા ગુણસ્થાનના દ્વિચરમ સમય સુધી. |
| (૨) | બાંધ્યો, બાંધે, બાંધશે નહીં | = | તેરમા ગુણસ્થાનના ચરમ સમયમાં. |
| (૩) | બાંધ્યો નહીં, બાંધે, બાંધશે | = | અગ્યારમા ગુણસ્થાનથી પડી ગયેલમાં. |
| (૪) | બાંધ્યો, બાંધે નહીં, બાંધશે નહીં | = | ૧૪મા ગુણસ્થાનમાં. |
| (૫) | બાંધ્યો નહીં, બાંધે બાંધશે | = | ૧૧મા ૧૨મા ગુણસ્થાનના પ્રારંભમાં. |
| (૬) | બાંધ્યો નહીં, બાંધે, બાંધશે નહીં | = | શૂન્ય છે. ભવાકર્ષની અપેક્ષા હોય છે. |
| (૭) | બાંધ્યો નહીં, બાંધે નહીં, બાંધશે | = | દસમા ગુણસ્થાનના ચરમ સમયમાં. |
| (૮) | બાંધ્યો નહીં, બાંધે નહીં, બાંધશે નહીં | = | અભવીમાં. |

ભાવાકર્ષની અપેક્ષા આ આઠ ભંગ, પૂર્વભવ, વર્તમાન ભવ અને મોક્ષ અથવા આગામી ભવની અપેક્ષા ઘટિત કરી લેવા.

ઈર્યાવહિ બંધ પણ સર્વથી સર્વ બંધ હોય છે. દેશથી નથી હોતા.

**(૪) સંપરાય બંધ :–** બધા સાંસારિક જીવો બાંધે છે. પ્રથમ ગુણસ્થાનથી દસમા ગુણસ્થાન સુધી બાંધે છે. આ બંધ ચારે ય ગતિમાં બધા બોલોમાં શા✓ત છે.

ત્રણ વેદોમાં પણ શા✓ત છે. અવેદીમાં આ બંધ થાય છે. તે અવેદીના બોલ નવમા દસમા ગુણસ્થાનની અપેક્ષાએ અશા✓ત છે. માટે પૂર્વકાલીન ત્રણવેદની અપેક્ષા પચ્છાકડના ૨૬ ભંગ થાય છે. તે ભંગ ઈર્યાવહિબંધનાં સમાન જ છે.

સાંપરાયિક બંધ– (૧) અનાદિ અનંત (૨) અનાદિ સાંત અને (૩) સાદિ સાંત હોય છે. સાદિ અનંત હોતા નથી .

ત્રણ કાલના ત્રણ સંયોગી ભંગ સંપરાય બંધમાં ચાર હોય છે. તે આ પ્રકારે છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | બાંધ્યો, બાંધે, બાંધશે | = | અભવીની અપેક્ષા. |
| (૨) | બાંધ્યો, બાંધે, બાંધશે નહીં | = | ભવીની અપેક્ષા. |

(૩) બાંધ્યો, બાંધે નહીં, બાંધશે = ઉપશમ શ્રેણીની અપેક્ષા.
(૪) બાંધ્યો, બાંધે નહીં, બાંધશે નહીં = ક્ષપક શ્રેણીની અપેક્ષા.

આ બંધ પણ સર્વથી સર્વ હોય છે. દેશ બંધ નથી હોતા.

**(૫) પરીષહ :–** પરીષહ ૨૨ છે. તેનો વિસ્તાર સારાંશ ખંડ–૨ માં જુઓ. આ પરીષહ ચાર કર્મના ઉદયથી થાય છે. તે આ પ્રકારે છે.

**જ્ઞાનાવરણીય કર્મથી** પ્રજ્ઞા પરીષહ(મતિ–શ્રુતના આવરણ કર્મની અપેક્ષા) અજ્ઞાન પરીષહ. (બાકી ત્રણના આવરણકર્મની અપેક્ષા) **વેદનીય કર્મથી** (૧) ભૂખ, (૨) તરસ, (૩) ગરમી, (૪) ટાઢ, (૫) ડાંસ–મચ્છર, (૬) ચર્યા, (૭) શય્યા, (૮) વધ, (૯) રોગ, (૧૦) તૃણ સ્પર્શ, (૧૧) જલ્લ–મેલ, આ બધા પરીષહો અશાતાવેદનીયની અપેક્ષાએ છે. **મોહનીય કર્મથી** (૧) અચેલ, (૨) અરતિ, (૩) સ્ત્રી, (૪) નિષદ્યા, (૫) આક્રોશ, (૬) યાચના, (૭) સત્કાર, પુરસ્કાર (૮) દર્શન પરિષહ(આ દર્શન મોહનીયથી). પ્રથમના સાત પરીષહ ચારિત્ર મોહનીયની અપેક્ષાએ છે.

અચેલ=જુગુપ્સા મોહનીયથી, અરતિ=અરતિમોહથી,સ્ત્રી=વેદમોહથી, નિષદ્યા=ભય મોહથી, આક્રોશ=માન અથવા શોકથી, યાચના અને સત્કાર પુરસ્કાર=માનમોહના ઉદયથી અથવા ક્ષયોપશમથી, **અંતરાય કર્મથી** અલાભ પરીષહ.

પહેલાથી સાતમા ગુણસ્થાન સુધી ૨૨ પરીષહ. આઠમામાં ૨૧, નવમામાં ૧૮, દસમાથી બારમા સુધી ૧૪, તેરમા ચૌદમામાં ૧૧ પરીષહ છે. આમાંથી છદ્મસ્થોને શીત–ઉષ્ણ પરીષહ એક સાથે થતા નથી અને ચર્યા–નિષદ્યા પરીષહ એક સાથે થતા નથી. જેથી એક સાથે બે–બે પરીષહ ઓછા થાય છે. વીતરાગ ગુણસ્થાનોમાં શીત–ઉષ્ણ અને ચર્યા–શય્યા પરીષહ એક સાથે થતા નથી.

છદ્મસ્થ મનુષ્ય ચર્યા અને શય્યા બન્ને પરીષહ સંકલ્પ વિકલ્પોની અપેક્ષાએ એક સાથે વેદી શકે છે. વીતરાગ આ બન્નેમાંથી એક સાથે એક જ વેદે છે. કેમ કે તેમને સંકલ્પ વિકલ્પ હોતા નથી.

સાત કર્મ બંધક અને આઠ કર્મ બંધકને ૨૨ પરીષહ હોય છે. ષડ્વિધ બંધક, એકવિધ બંધક છદ્મસ્થને ૧૪ પરીષહ છે. એકવિધ બંધક કેવળીના ૧૧ પરીષહ છે. અબંધકના ૧૪મા ગુણસ્થાનમાં પણ ૧૧ પરીષહ છે.



(૬) લેશ્યા(તેજ)ના પ્રતિઘાત થવાથી સવાર–સાંજ સૂર્ય દૂર હોવા છતાં પણ નજીક દેખાય છે. મધ્યાહ્નમાં નજીક હોવા છતાં પણ અભિતાપના કારણે દૂર દેખાય છે. ઊંચાઈની અપેક્ષા તો હંમેશા સમાન જ દૂર હોય છે.

જ્યોતિષી સંબંધી વર્ણન જીવાભિગમ સૂત્રના સમાન છે.

## ઉદ્દેશક : ૯

**(૧) વિશ્રસા બંધ :–** અનાદિ વિશ્રસા બંધ ધર્માસ્તિકાય આદિ છે. સાદિ વિશ્રસા બંધના ત્રણ પ્રકાર પડે છે. (૧) પરમાણુ આદિ પુદ્ગલોનો બંધ "બંધન પ્રત્યયિક" વિશ્રસા બંધ છે. (૨) ગોળ, અનાજ આદિ પદાર્થોનો કોઈ વાસણમાં જે પિંડ હોય છે તે "ભાજન પ્રત્યયિક" બંધ હોય છે. (૩) વાદળોના બંધ "પરિણામ પ્રત્યયિક" વિશ્રસાબંધ છે. સ્થિતિ–બંધન પ્રત્યયિકની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યકાળની હોય છે. ભાજન પ્રત્યયિકની સ્થિતિ જઘન્ય અંતુર્મુહૂર્ત ઉત્કૃષ્ટ સંખ્યાતા કાળની હોય છે. પરિણામ પ્રત્યયિકની સ્થિતિ જઘન્ય એક સમયની ઉત્કૃષ્ટ ૬ મહિનાની હોય છે.

**(૨) પ્રયોગ બંધ :–** જીવના આઠ રુચક પ્રદેશોમાં ત્રણ ત્રણનો બંધ અનાદિ અનંત છે. સિદ્ધોનો સાદિ અનંત બંધ બધા આત્મપ્રદેશોનો છે.

સાદિ સાંત પ્રયોગ બંધના ચાર પ્રકાર છે–(૧) ઘાસ. લાકડી આદિનાં ભારા બાંધવા **અલાવણ બંધ** છે. (૨) માટી ચૂના લાખ આદિનું **શ્લેષણાબંધ**. કોઈ ચીજનો ઢગલો કરવો **ઉચ્ચય બંધ**. કુવા, વાવડી મકાન આદિ બંધાવવા **સમુચ્ચય બંધ**. રથ, ઘોડા આદિ બનાવવા **દેશ સંહનન બંધ** અને દૂધ પાણીનું એક થવું **સર્વ સંહનન બંધ** એમ ચાર પ્રકારનાં આ **બીજા અલિયાવણ** પ્રયોગ બંધ છે. (૩) સમુદ્ઘાતગત બહાર નીકળેલ આત્મ પ્રદેશોના તૈજસ કાર્મણનાં બંધ **શરીર બંધ** છે. (૪) પાંચ પ્રકારના શરીરના જે બંધ હોય છે. તે **શરીર પ્રયોગ બંધ** છે.

**(૩) દેશબંધ સર્વબંધ :–** પાંચ શરીરનાં પ્રથમ સમયવર્તી બંધ સર્વબંધ કહેવાય છે. બાકી બધા સમયનો બંધ દેશબંધ કહેવાય છે. વૈક્રિય અથવા આહારક લબ્ધિવાળ। જ્યારે શરીર બનાવે છે, ત્યારે પણ પ્રથમ સમયમાં સર્વબંધ હોય છે. જીવ જ્યાં ઉત્પન્ન થાય છે, ત્યાં પ્રથમ સમય જે આહાર લે છે, તે સર્વબંધ છે. બાકી પૂરા જીવનમાં વૈક્રિય આદિ લબ્ધિપ્રયોગના પ્રથમ સમયને છોડીને દેશબંધ હોય છે. વાટે વહેતા અથવા બે સમયની અણાહારક અવસ્થામાં ત્રણ શરીરની અપેક્ષા દેશબંધ સર્વબંધ બન્ને નથી હોતા.

### ઔદારિક શરીરના દેશબંધ સર્વબંધની સ્થિતિ :–

સર્વબંધની સ્થિતિ નિયમતઃ એક સમયની જ હોય છે. દેશબંધની સ્થિતિ આ પ્રકારે છે–

| જીવ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ૧–૩. જીવ, તિર્યંચ, મનુષ્ય | એક સમય | એકસમય ઓછો ૩ પલ |
| ૪–૫.એકેન્દ્રિય, વાયુ | એક સમય | એક સમય ઓછો પોતાનું આયુ |
| ૬–૧૨. ચારસ્થાવર, વિકલેન્દ્રિય | ત્રણ સમય ન્યૂન- ક્ષુલ્લક ભવ | એક સમય ન્યૂન પોતાનું આયુ. |

**અંતર :–** સમુચ્ચય જીવનાં સર્વબંધનું અંતર જઘન્ય એક ક્ષુલ્લક(નાના) ભવમાં ત્રણ સમય ઓછા, ઉત્કૃષ્ટ ૩૩ સાગરમાં એક સમય અધિક(વાટે વહેતાના બે સમય જોડાઈ જવાથી).

સમુચ્ચયજીવના દેશ બંધના અંતર જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ ૩૩ સાગરથી ત્રણ સમય અધિક(વૈક્રિય શરીર અને વાટે વહેતાની અપેક્ષા).

શેષ અગિયાર બોલ(૧૦ દંડક અને સમુચ્ચય એકેન્દ્રિય)માં સ્વકાય અને પરકાયની અપેક્ષા એમ બે પ્રકારના અંતર હોય છે.

**સ્વકાય અંતર :–** સર્વબંધનું અંતર ૧૧ બોલોમાં જઘન્ય– ક્ષુલ્લકભવમાં ત્રણ સમય ઓછું. ઉત્કૃષ્ટ– પોતાની સ્થિતિથી એક સમય અધિક.

દેશબંધનું અંતર ૪ બોલમાં એકેન્દ્રિય, વાયુ, તિર્યંચ, મનુષ્યમાં જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત બાકી ૭ બોલમાં જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ ત્રણ સમય.

**પરકાય અંતર :–** અગિયાર બોલમાં સર્વબંધનું જઘન્ય અંતર ત્રણ સમય ઓછું બે ક્ષુલ્લકભવ છે. દેશબંધનું જઘન્ય એક સમય અધિક એક ક્ષુલ્લકભવ છે.

ઉત્કૃષ્ટ બન્ને બંધના–એકેન્દ્રિયમાં ૨૦૦૦ સાગર સાધિક. વનસ્પતિમાં પૃથ્વીકાય અને બાકી નવમાં વનસ્પતિકાય છે.

**વૈક્રિય શરીરના દેશબંધ સર્વબંધ :–** સમુચ્ચય જીવ, નરક, દેવ, વાયુ, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય આ ૬ માં હોય છે.

**સ્થિતિ :** સર્વબંધને સર્વત્ર એક સમય હોય છે. સમુચ્ચય જીવમાં બે સમય પણ હોય છે. દેશ બંધની સ્થિતિ આ પ્રકારે છે.–



| જીવ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| સમુચ્ચય જીવ | એક સમય | ૩૩ સાગર એક સમય ઓછો |
| તિર્યંચ, વાયુ, મનુષ્ય | એક સમય | અન્તર્મુહૂર્ત |
| નારકી દેવ | ૧૦૦૦૦ વર્ષ ત્રણ સમય ઓછા | ૩૩ સાગર એક સમય ઓછો |

### વૈક્રિય શરીરના દેશ બંધ સર્વબંધનું અંતર :–

| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| સમુચ્ચયજીવ | એક સમય | વનસ્પતિકાલ(અનંતકાળ) |
| વાયુ સ્વકાય | અંતુર્મુહૂર્ત | અસંખ્યકાલ(પળનો અસંખ્યાંશ) |
| વાયુ પરકાયમાં | અંતર્મુહૂર્ત | વનસ્પતિકાલ |
| તિર્યંચ મનુષ્ય સ્વકાયમાં | અંતર્મુહૂર્ત | અનેક કરોડ પૂર્વ |
| તિર્યંચ મનુષ્ય પરકાયમાં | અંતર્મુહૂર્ત | વનસ્પતિકાલ |
| સર્વબંધ નારકી દેવતા | અંતુર્મુહૂર્ત સાધિક એક ભવ | વનસ્પતિકાલ |
| ૯માં દેવલોકથી ગ્રૈવેયક | અનેક વર્ષ સાધિક એક ભવ | વનસ્પતિકાલ |
| ચાર અનુત્તર વિમાન | અનેક વર્ષ સાધિક એક ભવ | સંખ્યાતા સાગર |
| દેશબંધ નારકીદેવ | અંતર્મુહૂર્ત | વનસ્પતિકાલ |
| ૯માં દેવલોકથી ગ્રૈવેયક | અનેક વર્ષ | વનસ્પતિકાલ |
| ચાર અનુત્તર વિમાન | અનેક વર્ષ | સંખ્યાતા સાગર. |

**વિશેષ :–** ઔદારિક દંડકોમાં અને સમુચ્ચયજીવમાં દેશબંધ સર્વબંધના અંતર સમાન છે. એટલા માટે અલગ અલગ બતાવ્યા નથી.

**આહારક શરીર દેશબંધ સર્વબંધ :–** સ્થિતિ સર્વબંધની એક સમય અને દેશબંધની અંતર્મુહૂર્ત છે. અંતર બન્નેનું જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તન.

તેજસ કાર્મણ શરીર અનાદિથી બધા દંડકમાં છે. સર્વબંધ નથી. કેવલ દેશબંધ હોય છે.

**આઠ બોલના સંયોગથી શરીર બંધ :–** (૧) દ્રવ્ય(પુદ્ગલ) (૨) વીર્ય(ગ્રહણ કરવું) (૩) સંયોગ(મનના પરિણામ) (૪) યોગ(કાયાની પ્રવૃતિ) (૫) કર્મ (શુભાશુભ) (૬) આયુષ્ય(લાંબુ) (૭) ભવ(ઔદારિકનાં, તિર્યંચ મનુષ્યના ઈત્યાદિ) (૮) કાલ–આરાનાં સમય અનુસાર શરીરની અવગાહના. વૈક્રિય અને આહારક શરીરમાં નવમો બોલ લબ્ધિનો છે.

**અલ્પ બહુત્વ :–** સર્વબંધક અલ્પ હોય છે, દેશબંધક તેનાથી અસંખ્યગુણા હોય છે. આહારક શરીરમાં સંખ્યાત ગુણા હોય છે. ઔદારિકમાં અબંધકથી દેશબંધક અસંખ્યગુણા છે, વૈક્રિય આહારક બંધકથી અબંધક અનંતગુણા છે. તેજસ કાર્મણમાં અબંધકથી બંધક અનંત ગુણા છે.

**પાંચ શરીર બંધક અબંધકનું અલ્પબહુત્વ :–** (૧) સર્વથી ઓછા આહારકના સર્વબંધક (૨) એના દેશબંધક સંખ્યાત ગુણા (૩) વૈક્રિય સર્વબંધક અસંખ્યગુણા (૪) એના દેશબંધક અસંખ્યગુણા (૫) તેજસ કાર્મણના અબંધક અનંતગુણા (૬) ઔદારિકના સર્વબંધક અનંતગુણા (૭) એના અબંધક વિશેષાધિક (૮) એના દેશબંધક અસંખ્યગુણા (૯) તેજસ કાર્મણનાં દેશબંધક વિશેષાધિક (૧૦) વૈક્રિયના અબંધક વિશેષાધિક (૧૧) આહારકનાં અબંધક વિશેષાધિક

## ઉદ્દેશક : ૧૦

(૧) જે શ્રુત સમ્પન્ન હોય આચાર સંપન્ન ન હોય તે દેશવિરાધક છે. શ્રુત સંપન્ન ન હોય, આચાર સંપન્ન હોય તે દેશ આરાધક છે. બન્નેથી સંપન્ન તે સર્વ આરાધક છે અને બન્નેથી રહિત તે સર્વ વિરાધક કહેવાય છે.

(૨) જ્ઞાન આરાધના જઘન્ય મધ્યમ ઉત્કૃષ્ટ ત્રણ પ્રકારની હોય છે. એજ રીતે દર્શન અને ચારિત્ર આરાધના પણ ત્રણ–ત્રણ પ્રકારની છે.

**આરાધનામાં આરાધના અને ભવ :–**

| | ભવ | અન્ય આરાધના |
|---|---|---|
| જઘન્ય જ્ઞાનારાધના | ૩/૧૫ ભવ | – |
| મધ્યમ જ્ઞાનારાધના | ૨/૩ ભવ | – |
| ઉત્કૃષ્ટ જ્ઞાનારાધના | ૧/૨ ભવ | બે–બે (મ+ઉ) |
| જઘન્ય દર્શનારાધના | ૩/૧૫ ભવ | – |
| મધ્યમ દર્શનારાધના | ૨/૩ ભવ | – |
| ઉત્કૃષ્ટ દર્શનારાધના | ૧/૨ ભવ | ત્રણ–ત્રણ |
| જઘન્ય ચારિત્રારાધના | ૩/૧૫ ભવ | – |
| મધ્યમ ચારિત્રારાધના | ૨/૩ ભવ | – |
| ઉત્કૃષ્ટ ચારિત્રારાધના | ૧/૨ ભવમાં મોક્ષ | ત્રણ–ઉ. |



**વિશેષ :–** આ બધી આરાધનાવાળા મનુષ્ય અને વૈમાનિકદેવના ભવ કરે છે. ઉત્કૃષ્ટ ચારિત્રારાધનાવાળા અનુત્તરદેવ અને મનુષ્યના ભવ કરે છે.

(૩) પુદ્ગલ પરિણામ વર્ણાદિ ૨૫ પ્રકારનાં છે.

(૪) લોકાકાશ અને એક જીવના આત્મપ્રદેશ સમાન હોય છે.

(૫) પુદ્ગલના દ્રવ્ય અને દેશથી આઠ ભાંગા થાય છે.–(૧) દ્રવ્ય (૨) દ્રવ્ય દેશ (૩) અનેક દ્રવ્ય (૪) અનેક દેશ (૫) દ્રવ્ય એક દેશ એક (૬) દ્રવ્ય એક દેશ અનેક (૭) અનેક દ્રવ્ય એક દેશ (૮) દ્રવ્ય અનેક દેશ અનેક પરમાણુમાં બે – પહેલા બીજા. દ્વિપ્રદેશીમાં ૫ (ક્રમથી). ત્રણ પ્રદેશીમાં સાત ભંગ આઠમો છોડીને. ચાર પ્રદેશીથી દસ પ્રદેશી સુધી અને સંખ્યાત અસંખ્યાત અને અનંત પ્રદેશીમાં આઠ જ ભંગ થાય છે.

(૬) કર્મપ્રકૃતિઓમાં અનંત પરમાણુ પુદ્ગલ લાગેલા હોય છે. પ્રત્યેક આત્મ પ્રદેશ પર અનંત અનંત કર્મ વર્ગણા આવૃત હોય છે. ચોવીસે દંડકમાં આઠે કર્મ આવૃત હોય છે. મનુષ્યમાં ૮,૭ અથવા ૪ કર્મ આવૃત હોય છે.

**કર્મમાં કર્મની ભજના નિયમા :–**

| કર્મ | ભજના | નિયમા |
|---|---|---|
| જ્ઞાનાવરણીયમાં | મોહનીય | ૬ |
| દર્શનાવરણીય | મોહનીય | ૬ |
| અંતરાય | મોહનીય | ૬ |
| મોહનીય | – | ૭ |
| વેદનીયાદિ ચાર | ૪ | ૩ |

**વિશેષ :–** ભજના નિયમામાં મેળવીને કુલ સાતકર્મ હોય છે. એક કર્મ પૃચ્છાનો ઓછો થઈ જાય છે.

(૭) જીવ પુદ્ગલોને ગ્રહણ કરેલ હોવાથી પુદ્ગલી છે. જીવ દ્રવ્યની અપેક્ષા "પુદ્ગલ" પણ જીવનો પર્યાયવાચી શબ્દ છે.

॥ શતક ૮/૧૦ સંપૂર્ણ ॥

## શતક–૯ : ઉદ્દેશક–૧–૩૦

(૧) જંબુદ્વીપનું સંપૂર્ણ વર્ણન જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ અનુસાર છે.

(૨) જ્યોતિષિઓનું(ચંદ્ર આદિનું) વર્ણન જીવાભિગમ સૂત્ર અનુસાર છે.

(૩) અંતરદ્વીપોનું વર્ણન જીવાભિગમ સૂત્ર અનુસાર છે.

પહેલા ઉદ્દેશકમાં જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિના ૬(છ) (અધ્યાય)નો અતિદેશ કર્યો છે. બીજા ઉદ્દેશકમાં સૂર્ય–ચંદ્રઆદિના વર્ણન માટે સાતમા વક્ષસ્કારનો અતિદેશ નથી આપ્યો પરંતુ જીવાભિગમ સૂત્રનો અતિદેશ કર્યો છે.

ત્રીજા થી ત્રીસમાં ઉદ્દેશક સુધી ૨૮(અઠયાવીસ) ઉદ્દેશોમાં ૨૮ દક્ષિણ દિશાનાં અંતરદ્વીપો ના વર્ણન હેતુ જીવાભિગમ સૂત્રનો અતિદેશ કર્યો છે.

## ઉદ્દેશક : ૩૧

**(૧) અસોચ્ચા કેવલી :–** (૧) ધર્મનો બોધ– જ્ઞાનાવરણીય કર્મના ક્ષયો–પશમથી (૨) ધર્મની શ્રદ્ધા– દર્શન મોહના ક્ષયોપશમથી (૩)દીક્ષા– ચારિત્ર–મોહ અને વીર્યાંતરાયના ક્ષયોપશમથી (૪) બ્રહ્મચર્ય વાસ– ચારિત્રમોહ અને વીર્યાંતરાયના ક્ષયોપશમથી (૫) સંયમ જતના– ચારિત્રમોહ અને વીર્યાંત–રાયના ક્ષયોપશમથી (૬) સંવર– ચારિત્રમોહ અને વીર્યાંતરાયના ક્ષયોપશમથી (૭) થી (૧૦) ચાર જ્ઞાન– જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી (૧૧) કેવલ જ્ઞાન – જ્ઞાનાવરણીયના ક્ષયથી.

**કેવલ જ્ઞાન પ્રાપ્તિ :–** નિરંતર છઠ, છઠના પારણા કરે, બંને હાથ ઊંચા કરીને સૂર્યની સામે આતાપના લે, સ્વભાવથી ભદ્ર હોય, વિનીત હોય, એને અધ્યવસાયો થી, જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ થી વિભંગ જ્ઞાન ઉત્પન્ન થાય છે. તે જીવઆદિને જાણે છે, જુએ છે. પાખંડી અને આરંભી, પરિગ્રહી, સંકિલષ્ટ જીવોને પણ જુએ છે; વિશુદ્ધ જીવોને પણ જુએ છે. જેનાથી સમકિત પ્રાપ્ત કરે છે. વિભંગ–જ્ઞાન અવધિજ્ઞાનમાં પરિણમે છે. પછી યોગ્ય ક્રમથી ચાર ધાતીકર્મોનો ક્ષય કરીને



કેવલજ્ઞાન કેવલ દર્શન પ્રાપ્ત કરે છે.

અવધિજ્ઞાન પ્રાપ્ત થવાના સમયે ૩–શુભલેશ્યા, ૩–જ્ઞાન, ત્રણે યોગ બન્ને ઉપયોગ હોય છે. સંહનન પ્રથમ, સંસ્થાન–૬, અવગાહના ૫૦૦ ધનુષ્ય ઉત્કૃષ્ટ, વેદપુરુષ અને પુરુષ નપુંસક, સંજવલનનો ચોક, પ્રશસ્ત અધ્યવસાય.

તેઓ કેવલી બનીને અન્ય લિંગ માંથી સ્વલિંગ ધારણ કર્યા પહેલા ઉપદેશ (પ્રવચન) દેતા નથી. વ્યક્તિગત પ્રશ્નનો જવાબ અને બોધ આપી શકે છે. દીક્ષા નથી આપતા પરંતુ નિર્દેશ કરી શકે છે. આ કેવલી ત્રણે લોકમાં હોઈ શકે છે. વૃત વૈતાઢય, સોમનસવન, પંડકવન, પાતાલ કળશ આદિમાં હોઈ શકે છે. આ કેવલી એક સમયમાં વધારેમાં વધારે (૧૦) દસ હોઈ શકે છે. આ બધું વર્ણન અન્ય લિંગવાળા અસોચ્ચા કેવળીની અપેક્ષા એ છે.

**સોચ્ચા કેવલી :–** અસોચ્ચાની સમાન વર્ણન છે. વિશેષ આ સ્વલિંગ ની અપેક્ષા એ કથન છે. અટ્ઠમ–અટ્ઠમ નિરંતર તપથી આત્માને સંયમ તપમાં ભાવિત કરે છે. અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે. વધારેમાં વધારે અસંખ્ય લોકખંડ જોઈ શકવા જેટલું હોય છે.

સ્વલિંગી હોવાથી લાંબા સમયની અપેક્ષા લેશ્યા–૬ કહી છે. ઉત્કૃષ્ટ જ્ઞાન–૪ હોય છે અને યોગ–ઉપયોગ વગેરે અસોચ્ચા સમાન હોય છે. લાંબા–કાળની અપેક્ષા સવેદી–અવેદી બંને કહે છે. સ્ત્રી, પુરુષ અને પુરુષ નપુંસક હોઈ શકે છે.

સંજવલન કષાય ૪–૩–૨ અથવા ૧ હોઈ શકે છે. અકષાયી પણ હોઈ શકે છે.

પ્રશસ્ત અધ્યવસાયોથી કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે. તે કેવલી ઉપદેશ પણ આપે છે. દીક્ષા પણ આપે છે. કેમ કે સ્વલિંગી જ છે.

એક સમયમાં તે વધારેમાં વધારે ૧૦૮ હોઈ શકે છે. અર્થાત ૧૦૮ કેવલી એક સાથે બની શકે છે. ૧૦૮ એક સાથે મોક્ષ જઈ શકે છે.

## ઉદ્દેશક : ૩૨

**ગાંગેય અણગાર : નરક પ્રવેશનક :–**

સર્વજ્ઞ પ્રભુ મહાવીર સ્વામી વિચરણ કરતાં એકદા વાણિજ્ય ગ્રામ નામના નગરમાં પધાર્યા. કોઈ દિવસ વ્યાખ્યાનોપરાંત પાર્શ્વનાથ ભગવાનના પરંપરાનુવર્તી

શ્રમણ ગાંગેય અણગાર પ્રભુ મહાવીર પાસે તે દ્યુતિપલાસ ઉદ્યાનમાં આવ્યા. એમને ચોવીસમાં તીર્થંકરના શાસનમાં ભળવાનું હતું. પરંતુ તે સમયે ગોશાલક અને મહાવીર આ બંને તીર્થંકર રૂપે બહુચર્ચિત હતા. માટે 'સાચો તીર્થંકર કોણ છે' એ વાતનો નિર્ણય કરવાના હેતુથી વંદન નમસ્કાર રૂપ શિષ્ટાચાર પણ કર્યા વિના તે પ્રશ્ન પૂછવા લાગ્યો. તેના પહેલા પ્રશ્નનો ઉત્તર હતો– જીવ સાંતર નિરંતર બંને રીતે ઉત્પન્ન થાય છે. તેમનો બીજો પ્રશ્ન એમ હતો કે એક, બે કે ત્રણ સંખ્યામાં જીવ નરકમાં ઉત્પન્ન થાય તો તેના કેટલા ભંગ થાય ? આ રીતે તેમણે એક પછી એક કરતાં અસંખ્ય જીવ ઉત્પન્ન થાય તો તેના કેટલા ભંગ થાય, એવા પ્રશ્નો પરીક્ષણ માટે ઊભા કર્યા. સર્વજ્ઞ પ્રભુએ તેના શાંતિથી અને તે જ સમયે જવાબ આપ્યા, તે આ પ્રમાણે છે–

**એક જીવ–** નરકમાં જાય તો સાત ભંગ હોઈ શકે છે. પહેલીમાં જાય કે બીજીમાં જાય યાવત્ સાતમીમાં જાય

**બે જીવ–** નરકમાં જાય તો ૨૮ ભંગ હોઈ શકે છે. અસંયોગી સાત ભંગ ઉપર પ્રમાણે અર્થાત્ બંને પહેલીમાં, બંને બીજીમાં અથવા બંને સાતમીમાં.

**બે સંયોગી ૨૧ ભંગ :–** એક પહેલીમાં એક બીજીમાં, એમ યાવત્ એક પહેલીમાં એક સાતમીમાં, આ ૬(છ) ભંગ પહેલી નરક કાયમ રાખવાથી બને. પછી પહેલીને છોડીને બીજીને કાયમ રાખવાથી પાંચ, ત્રીજીને કાયમ રાખવાથી ચાર, ચોથીને કાયમ રાખવાથી ત્રણ, પાંચમીને કાયમ રાખવાથી બે અને છટ્ઠી–સાતમી થી એક ભંગ. એમ કુલ ૬+૫+૪+૩+૨+૧ = ૨૧ ભંગ થાય છે.

**ત્રણ જીવ–** નરકમાં જાય તો ૮૪ ભંગ હોઈ શકે છે. અસંયોગી સાત, દ્વિસંયોગી ૪૨. (એક જીવ વધવાથી ૨૧+૨૧ થયા)

**ત્રણ સંયોગી ૩૫ ભંગ :–** એક પહેલીમાં એક બીજીમાં એક ત્રીજીમાં, એમ એક પહેલીમાં એક બીજીમાં ***યાવત્*** એક સાતમીમાં, આ પાંચ ભંગ પહેલી–બીજી ને કાયમ રાખવાથી બને છે. એવી રીતે પહેલી–ત્રીજીને કાયમ રાખવાથી ૪(ચાર), પહેલી–ચોથી ને કાયમ રાખવાથી ૩(ત્રણ), પહેલી–પાંચમીને કાયમ રાખવાથી ૨(બે) અને પહેલી–છટ્ઠી–સાતમી થી એક ભંગ બન્યા. એમ કુલ ૫+૪+૩+૨+૧ = ૧૫ ભંગ પહેલી ને કાયમ રાખવાથી બન્યા. પહેલીને છોડીને બીજીને કાયમ રાખવાથી ૪+૩+૨+૧ = ૧૦ ભંગ બને છે. બીજીને છોડીને ત્રીજીને કાયમ રાખવાથી ૩+૨+૧ = ૬ ભંગ બને. ચોથીને કાયમ રાખવાથી ૨+૧ = ૩



ભંગ બને અને પાંચમી છટ્ઠી સાતમી નરકથી ૧ ભંગ થાય છે. એમ કુલ ૧૫+૧૦+૬+૩+૧ = ૩૫ ભંગ થાય છે. આ પ્રકારથી બે સંયોગી અને ત્રણ સંયોગીના ભંગ બનાવીને બતાવ્યા છે. આ વિધીથી આગળ ભંગ સમજી લેવા જોઈએ. ***[વિસ્તૃત અને વિવિધ ભંગ વિધિઓ તથા સૂત્રગત સંપૂર્ણ ભંગોના સ્પષ્ટીકરણ માટે જુઓ પરિશિષ્ટ–૨]***

(૧) છટ્ઠા શતકના ચોથા ઉદ્દેશકને 'શબ્દ ઉદ્દેશક' સંજ્ઞાથી કહી અહીં કેવલ–જ્ઞાનના વિષયની ભલામણ આપી છે. લોક સ્વરૂપ માટે પાંચમાં શતકની ભલામણ આપી છે.

(૨) નૈરયિક વગેરે સ્વતઃ(પોતેજ) જન્મે છે, મરે છે. ભગવાન પણ સર્વજ્ઞ હોવાથી પોતે જ જાણતા-જોતા હોય છે; પરતઃ(બીજા વડે) અથવા સાંભળીને નહીં. પરંતુ તેઓ વગર સાંભળીને પણ સમ્પૂર્ણ પરિમિત-અપરિમિત વસ્તુ તત્ત્વને જાણે છે.

(૩) આ ઉપરના બધા પ્રશ્નોત્તરો દ્વારા અને પરિશિષ્ટ–૨માં દર્શાવેલ ભંગ જાળોના સમાધાન દ્વારા ગાંગેય અણગારે(પાર્શ્વનાથ તીર્થંકરના શાસનવર્તી શ્રમણે) ભગવાન મહાવીરને સર્વજ્ઞ હોવાનો વિશ્વાસ કર્યો; પછી શ્રદ્ધા-ભક્તિની સાથે વંદન નમસ્કાર કરી ભગવાન પાસે પાંચ મહાવ્રત ધર્મ સ્વીકાર કર્યો.

(૪) આ રીતે અવિશ્વાસ અને પરીક્ષણનું કારણ એ બની ગયું કે ગોશાલક પણ એ સમયે ૨૪મો તીર્થંકર મનાતો હતો. એણે પણ દેવસહયોગથી બાહ્ય દેખાવ તીર્થંકર સમાન બનાવ્યો હતો અને નિમિત્ત જ્ઞાનથી ભૂત-ભવિષ્યની વાતો પણ કહેતો હતો.

(૫) પરીક્ષા કરવાની ઈચ્છા ધરાવનાર સાધક કોઈ ને કોઈ પ્રકારે માર્ગ કાઢી જ લે છે. તત્ત્વજ્ઞાન સંબંધી પ્રશ્નોના ઉત્તર, નિમિત્તજ્ઞાન અને દેવસહાયથી નથી આપી શકાતા ત્યાં તો પોતાના જ્ઞાનથી હાજર જવાબ દેવાનો હોય છે. સાચા સર્વજ્ઞને આવા ઉત્તર આપવામાં જરા પણ ગડમથલ થતી નથી અને નકલી સર્વજ્ઞ બનેલાઓ આવા ભંગ જાળમાં અટકયા વિના તુરંત જવાબ દેવામાં સમર્થ હોતા નથી. ગાંગેય અણગારે તે જ ભવમાં મોક્ષ મેળવીને બધા જ દુઃખોનો અંત કર્યો.

## ઉદ્દેશક : 33

**ભગવાન મહાવીરના માતા–પિતા :–**

રાણી ત્રિશલા અને રાજા સિદ્ધાર્થ ભગવાન મહાવીરના પ્રસિદ્ધ માતા-પિતા

હતા. પરંતુ દસમાં દેવલોકથી આવીને ભગવાન પહેલા દેવાનંદા બ્રાહ્મણીના ગર્ભમાં ૮૩ દિવસ રહ્યા હતા. આ અપેક્ષાએ ૠષભદત્ત બ્રાહ્મણ અને દેવાનંદા બ્રાહ્મણી પણ ભગવાનના માતા-પિતા હતા.

એકવાર વિહાર કરતાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી 'બ્રાહ્મણ કુંડગ્રામ' નામના નગરમાં પધાર્યા. ૠષભદત્ત અને દેવાનંદા પણ દર્શન કરવા માટે સમવ–સરણમાં આવ્યા હતા.

દેવાનંદા બ્રાહ્મણી ભગવાન મહાવીર સ્વામીને અનિમેષ દષ્ટિથી જોવા લાગ્યા. જોતાં-જોતાં જ એના બધા અંગ-પ્રત્યંગ વિકસિત થઈ ગયા. ખીલી ઉઠયા અને સ્તનોમાં દૂધ ભરાઈ ગયું. કુંચકી વગેરે વસ્ત્ર અને હાથના આભૂષણ તંગ થઈ ગયાં.

ગૌતમ સ્વામીએ આ બધું પ્રત્યક્ષ જોયું અને ભગવાનને એનું કારણ પૂછ્યું. જવાબમાં ભગવાને પૂર્વની વાત કરીને પોતાની માતા હોવાનો પરિચય આપ્યો. ત્યારપછી આવેલ બધા લોકોને ભગવાને ઉપદેશ આપ્યો. ૠષભદત્ત અને દેવાનંદા ઉપદેશ સાંભળીને વિરક્ત થઈ ગયા, ત્યાં જ દીક્ષિત થઈ ગયાં. તેમણે બંનેએ ઘણાં વર્ષ સંયમ પાલન કર્યું, અગિયાર અંગ શાસ્ત્રનું અધ્યયન કર્યું અને એક મહીનાનો સંથારો કરીને એજ ભવમાં સંપૂર્ણ કર્મ ક્ષય કરી બધા દુઃખોનો અંત આણ્યો.

ૠષભદત્ત પહેલાં બ્રાહ્મણ મતના વેદ વગેરેમાં પારંગત હતા, પછી પાર્✓–નાથ ભગવાનના શાસનમાં જીવ અજીવના જ્ઞાતા શ્રમણોપાસક બન્યા હતા અને જીવનના અંતિમ વર્ષોમાં સંયમ પણ ધારણ કરી તે જ ભવમાં મુક્ત થઈ ગયા.

**ભગવાનના જમાઈ : જમાલી :–**

ભગવાન મહાવીરસ્વામીની એક પુત્રી હતી જેનું નામ પ્રિયદર્શના હતું. એના પતિનું નામ 'જમાલી' હતું.

જમાલીનું આઠ શ્રેષ્ઠ કન્યાઓની સાથે પાણિગ્રહણ(લગ્ન) થયું હતું. અપાર ધન–વૈભવના સ્વામી હતા. માનુષિક સુખ અને કામ ભોગમાં જ તે મનુષ્યભવનો સમય વ્યતીત કરી રહ્યો હતો.

**વૈરાગ્ય પ્રાપ્તિ :–** એક વખત શ્રમણ ભગવાન મહાવીરનું ત્યાં પદાર્પણ થયું. ઉદ્યાન તરફ લોકોના અનેક સમૂહ(ટોળાં) જવા લાગ્યા. લોકોના કોલાહલનો



અવાજ જમાલી સુધી પણ પહોંચ્યો, લોકોના એક દિશામાં જવાનું કારણ જાણ્યું અને તે પણ ભગવાનની સેવામાં રથ દ્વારા પહોંચ્યો, સમવસરણની નજીક રથ રોકીને નીચે ઉતર્યો. ફૂલ, પાણી વગેરે સચેત વસ્તુનો ત્યાગ કર્યો (અલગ કર્યા) આયુધ-શસ્ત્ર અને ઉપાનહ(જોડાં) વગેરે અચેત પદાર્થોનો પણ ત્યાગ કર્યો. (કાઢીને રાખી દીધા)

મુખ પર એક પટવાળું વસ્ત્ર રાખ્યું. આ પ્રકારે સચેત-અચેતનો વિવેક રાખી પરમ પવિત્ર અને એકાગ્ર ચિત્ત થઈ મસ્તક પર અંજલી રાખીને ભગવાનની નજીક પહોંચ્યો. ત્રણ વખત આવર્તન સાથે વંદના કરી સમવ–સરણમાં બેસી ગયો.

ભગવાને જમાલી સહિત ઉપસ્થિત વિશાળ પરિષદને ધર્મઉપદેશ આપ્યો. જમાલી ઉપદેશ સાંભળીને આનંદિત થઈ ગયો. તેને શ્રદ્ધા ઢચી જાગી અને સંયમ લેવા માટે તૈયાર થઈ ગયો. ભગવાન પાસે પોતાની મનોભાવના વ્યક્ત કરી. ઘરે પહોંચીને માતા–પિતાની સામે પોતાની ભાવના વ્યક્ત કરી. દીક્ષાના ભાવ સાંભળીને મોહમયી માતા પોતાને સંભાળી ન શકી, મૂર્છિત થઈને પડી ગઈ. થોડી વારમાં દાસીઓએ કરેલી પરિચર્યાથી સ્વસ્થ થઈને ઉઠી અને આંખમાં આસું સાથે રડતી-રડતી પુત્રને સમજાવવા લાગી.

**માતા અને પુત્રનો સરસ સંવાદ :–**

**માતા :–** હે પુત્ર ! તું મને ઈષ્ટ, કાંત, વલ્લભ, આધારભૂત, વિ✓ાસપાત્ર, રત્નતુલ્ય, જીવનનો આનંદદાયક એક જ પુત્ર છે. હે પુત્ર ! એક ક્ષણ માટે પણ અમે તારો વિયોગ સહન નથી કરી શકતા. આથી જયાં સુધી અમે જીવીત છીએ ત્યાં સુધી તું ઘરમાં જ રહી અને કુળ-વંશની વૃદ્ધિ કર અને જ્યારે અમે કાળધર્મ પામીએ, તારી વૃદ્ધાવસ્થા આવી જાય ત્યારે તું ભલે દીક્ષા લે જે.

**જમાલી :–** હે માતાપિતા! આ મનુષ્ય જીવન જન્મ, જરા, મરણ, રોગ, વ્યાધિ વગેરે અનેક શારીરિક માનસિક દુઃખોની અત્યંત વેદનાઓથી પીડિત છે, અધ્રુવ, અનિત્ય છે, સંધ્યાકાળના રંગો સમાન છે, પાણીના પરપોટા સમાન છે, કુશાગ્ર પર(ઘાસપર) રહેલ ઝાકળબિંદુ સમાન છે સ્વપ્ન દર્શન સમાન અને વીજળીના ચમકારા સમાન ચંચળ છે; સડવું, પડવું, ગળવું અને નષ્ટ થવાનો એનો સ્વભાવ છે. એક દિવસ એને અવશ્ય છોડવું પડશે. તો હે માતા-પિતા ! આપણામાંથી પહેલાં કોણ જશે અને પછી કોણ જશે ? આ નિર્ણય કોણ કરી શકે છે? આથી હે

માતા-પિતા ! તમે મને આજ્ઞા આપો. આપની આજ્ઞા મળવાથી હું શ્રમણ ભગવાન-મહાવીરસ્વામીની પાસે સંયમ અંગીકાર કરવા માગું છું. (ઇચ્છું છું.)

**માતા-પિતા :–** હે પુત્ર ! તારું શરીર બધા લક્ષણો, ગુણોથી સંપન્ન છે, રોગ રહિત, શક્તિ સંપન્ન છે, નિઢપકૃત છે. આથી જ્યાં સુધી રૂપ, સૌભાગ્ય અને યૌવન આદિગુણ છે ત્યાં સુધી તું એનાથી સુખનો અનુભવ કર. અમારા મૃત્યુ બાદ કુળવંશની વૃદ્ધિ કરીને પછી દીક્ષા લે જે.

**જમાલી :–** હે માતા–પિતા ! સુંદર દેખાવવાળું આ શરીર દુઃખોનું ભાજન, સેંકડો રોગોનું ઘર છે; માટીના વાસણ સમાન (કાચના વાસણ સમાન) દુર્બળ છે; અશુચિનો ભંડાર છે. સદાય એની સંભાળ રાખવી પડે છે. તો પણ એ જીર્ણ ઘર સમાન છે, અનિશ્ચિત સમયમાં એક દિવસ છોડવું જ પડશે. હે માતા- પિતા! આપણામાંથી કોણ પહેલા જશે અથવા પછી જશે એની ખબર નથી. આથી આપની આજ્ઞા મળવાથી હું દીક્ષા લેવા ઇચ્છું છું.

**માતા-પિતા :–** હે પુત્ર ! તારી આ તરૂણ અવસ્થાવાળી યોગ્ય ગુણવાળી, રૂપ–વાળી, સમાન ઉમર વાળી, વિનયવાળી, વિચક્ષણ, મધુરભાષી, મિતભાષી, મનને અનુકૂળ, પ્રિય, ઉત્તમ, સર્વાંગ સુંદર આઠ પત્નીઓ છે અને તારા તરફ પૂરો અનુરાગ રાખવાવાળી છે. યૌવન વયમાં અત્યારે તું એની સાથે સુખ ભોગવ. યુવાન અવસ્થા ઢળવા પર વિષય-વાસનાથી મુક્ત થઈને, ભોગઇચ્છાનું કુતુહલ સમાપ્ત થવા પર અને અમારા મૃત્યુ પછી દીક્ષા લેજે.

**જમાલી :–** હે માતા-પિતા ! આ કામભોગ નિશ્ચિત અશુચિનો ભંડાર, દુર્ગન્ધથી ભરેલા છે; ઉદ્વેગ ઉત્પન્ન કરવાવાળા છે; બીભત્સ થોડો સમય રહેવાવાળા, તુચ્છ કલિમલ(ગંદકી) રૂપ છે. તે શારીરિક માનસિક દુઃખે સાધ્ય છે, અજ્ઞાની અથવા સામાન્ય પુઢષો દ્વારા સેવિત છે.

કામભોગ ઉત્તમ પુઢષો દ્વારા તજવા યોગ્ય(ત્યાજ્ય) છે; પરિણામમાં દુઃખદાયી છે; કઠિનતાથી છૂટવાવાળા છે અને મોક્ષ માર્ગની ગતિમાં વિઘ્નરૂપ છે. તે શલ્ય, ઝેર અને કાંટાની ઉપમાવાળા છે, અનર્થોની ખાણ છે અને મહાન પ્રમાદ, મોહ અને કર્મબંધમાં વધારો કરનારા છે. હે માતા-પિતા ! પહેલાં અથવા પછી કોણ જશે એ ખબર નથી. આથી તમે મને આજ્ઞા આપો હું ભગવાનની પાસે સંયમ લેવા માંગુ છું.

**માતા-પિતા :–** હે પુત્ર ! આ આપણાં દાદા-પરદાદાઓએ કમાયેલું અપાર ધન



છે, સાત પેઢી સુધી ખાઈ-પી અને દાન આપતાં પણ ખલાસ નથી થવાનું. એટલા માટે હે પુત્ર ! મળેલ આ ધન-સંપતિનો તું લાભ લે. મનુષ્યભવનો આનંદ લઈ પછી દીક્ષા લેજે.

**જમાલી :–** હે માતા–પિતા ! આ સોનું, ચાંદી, હીરા, ઝવેરાત વગેરે ધન; ચોર, અગ્નિ, રાજા, મૃત્યુને આધીન-પરાધીન છે. આના કેટલા ભાગીદાર છે. આ લક્ષ્મી ચંચળ, અધ્રુવ, અનિત્ય, અશાશ્વત છે. એનો એકક્ષણનો પણ ભરોસો નથી. ન આયુષ્યનો કોઈ ભરોસો છે. આથી હે માતા-પિતા ! હું તમારી રજા મળવાથી દીક્ષા લેવા ઇચ્છું છું.

[માતા–પિતાની ધન, વૈભવ, ભોગઆકર્ષણ અને મોહમયી શક્તિ સફળ ન થતાં, હવે પછી દીક્ષાની ભયાનકતા દ્વારા પુત્રના વિચારોને પરિવર્તિત કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા]

**માતા-પિતા :–** હે પુત્ર ! આ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય છે. યાવત્ બધા દુઃખોનો અંત કરવામાં સમર્થ છે. પરન્તુ હે પુત્ર ! આ દીક્ષા(સંયમ જીવન) તલવારની તીક્ષ્ણ ધાર પર ચાલવાથી પણ અત્યંત દુષ્કર છે; લોઢાના ચણા ચાવવાથી પણ કઠિન છે; રેતીનાં કોળીયાની જેમ નિરસ છે; નદી પ્રવાહની સામે ચાલીને પાર કરવા સમાન શ્રમદાયક છે અને હાથ વડે સમુદ્ર પાર કરવા સમાન કઠિન છે. મહાશિલાને માથા પર ઉપાડી રાખવા સમાન છે. અવિશ્રામ ગતિથી અનેક હજાર ગુણા નિયમોના ભારને ધારણ કરવાથી દુષ્કર છે. દીક્ષા અંગીકાર કર્યા પછી જીવનના કેટલાંક જરૂરી કાર્ય પણ કરવાનું(સ્નાન,મંજન,શ્રૃંગાર) કલ્પતું નથી; ફળ, ફૂલ, લીલી વનસ્પતિ, કાચુ પાણી, અગ્નિ વગેરે સેવન કરવાનું કલ્પતું નથી; ભુખ, તરસ, શર્દી, ગરમી, ચોર, શ્વાપદ(શિકારી) સર્પ, ડાંસ, મચ્છર વગેરેના કષ્ટ ઉપસર્ગ સહન કરવા પડે છે.

રોગ આવવા પર ઉપચાર ન કરવો, જમીન પર સુવાનું, ચાલતાં (પગે) વિહાર, લોચ, આજીવન બ્રહ્મચર્ય પાલન, ઘરે-ઘરે ભિક્ષા માટે ફરવું અનેક સ્ત્રીને જોવા છતાં યુવાન ઉંમરમાં નવવાડ શુદ્ધ બ્રહ્મચર્ય પાલન કરવું હે પુત્ર ! અત્યંત દુષ્કર છે. હે પુત્ર ! તારું આ સુકોમળ શરીર દીક્ષાના કષ્ટો માટે જરાપણ યોગ્ય નથી. આથી હે પુત્ર ! તું ઘરમાં રહે અને સુખ ભોગવ.

જયાં સુધી અમે જીવિત છીએ ત્યાં સુધી તારો એકક્ષણ પણ વિયોગ નથી જોઈ શક્તા. અમારા મૃત્યુપછી તું શ્રમણ ભગવાન મહાવીર પાસે દીક્ષા લેજે.

**જમાલી :–** હે માતા–પિતા ! જે કાયર પુરુષ હોય છે. જેની દૈહિક લાલસા મટી નથી, જે આ લૌકિક સુખમાં આસક્ત છે તેના માટે દીક્ષાની ઉપર કહેલ દુષ્કરતા છે અર્થાત્ એને સંયમ પાલન કરવું કઠિન હોઈ શકે છે. પરંતુ જે આ લૌકિક સુખોની આશાથી મુક્ત-વિરક્ત થઈ ગયા છે; ધીર, વીર, દઢ નિશ્ચયવાળા પુરુષ હોય છે, એના માટે સંયમની મુશ્કેલી જરાપણ બાધક નથી. પરંતુ આનંદદાયક હોય છે. આથી હે માતા-પિતા ! સંપૂર્ણ દુઃખો અને ભવ પરંપરાનું ઉન્મૂલન કરનારા, સુખમય સંયમ ગ્રહણ કરવાની આપ મને આજ્ઞા આપો.

**સંયમની આજ્ઞા :–** કોઈપણ પ્રકારે માતા-પિતા જમાલીકુમારની વૈરાગ્ય ભાવનાને રોકી શક્યા નહીં, અંતે કમને સ્વીકૃતિ આપવી પડી. પછી તેનો દીક્ષા મહોત્સવ ઉજવ્યો. જમાલીની અભિલાષા પ્રમાણે કુત્રિકાપણમાંથી બે લાખ સોનૈયાનાં રજોહરણ પાત્ર મંગાવ્યાં; હજામને બોલાવ્યો; હજામે મોં પર મુખવસ્ત્ર બાંધીને જમાલીના વાળ કાપ્યા, ચોટીના લગભગ ચાર આંગળ ક્ષેત્ર પ્રમાણે વાળ રાખી બધા વાળોનું ખુર મુંડન કર્યું. એને પણ એક લાખ સોનૈયા આપ્યા.

એ વાળને સ્વચ્છ વસ્ત્રમાં લઈને ધોઈને માતાએ રત્નકરંડકમાં રાખી પોતાના ઓશિકાની પાસે રાખી દીધા.

પછી જમાલીને ઉત્તરાભિમુખ બેસાડીને માતા-પિતાએ મંગળ કળશોથી સ્નાનવિધિ કરાવી; વસ્ત્ર, માળા, આભૂષણો થી સુસજ્જિત કર્યા. હજાર પુરુષ ઉપાડે તેવી પાલખી મંગાવી એમાં જમાલીકુમાર પૂર્વાભિમુખ સિંહાસન પર બેસી ગયા. એની જમણી તરફ માતા-પિતા પણ બેસી ગયા. પછી અપૂર્વ વૈભવની સાથે અને અનેક મંગળોની સાથે વિશાળ જન સમુદાય સાથે, ઘોડા, હાથી, રથ વગેરે સાથે એ દીક્ષા મહોત્સવનો વરઘોડો રાજમાર્ગો પરથી આગળ વધ્યો. ઘરોમાંથી સેંકડો હજારો સ્ત્રી-પુરુષો એ વરઘોડાને અને દીક્ષાર્થી જમાલીકુમારને જોવા લાગ્યા. ક્ષત્રિયકુંડ ગ્રામ નગરથી એ વરઘોડો બ્રાહ્મણકુંડ ગ્રામ નગરની તરફ જઈ રહ્યો હતો. રસ્તામાં ઉત્સાહી લોકો વિવિધ જય જયકાર કરતા, મંગલ અવાજ કરતા જઈ રહ્યા હતા. એમાં મુખ્ય નારા આ પ્રમાણે હતા.

**દીક્ષાર્થીના નારા :–** હે નંદ (આનંદ દાયક–આનંદ ઇચ્છુક) ! તમારી ધર્મ દ્વારા જય હો ! હે નંદ ! તપથી તમારી જય હો ! હે નંદ. તમારું કલ્યાણ હો ! હે નંદ ! તમે અખંડિત જ્ઞાન–દર્શન, ચારિત્રના સ્વામી બનો ! હે નંદ ! તમે ઇન્દ્રિય જયી બનો. હે નંદ ! તમે બધા વિઘ્નોને પાર કરો ! હે નંદ ! આપપરીષહરૂપી સેના પર વિજય



મેળવો. હે નંદ ! તમે રાગ–દ્વેષરૂપી મલ્લો પર વિજય પ્રાપ્ત કરો. હે નંદ ! ઉત્તમ શુક્લ ધ્યાન દ્વારા કર્મરૂપી શત્રુઓનું મર્દન કરો. હે ધીર ! ત્રણ–લોક રૂપ વિ✓– મંડપમાં ઉત્તમ આરાધના રૂપ વિજય પતાકા ફરકાવો ! હે ધીર ! અપ્રમત્ત થઈ સંયમમાં વિચરણ કરો. હે વીર ! નિર્મળ વિશુદ્ધ અનુત્તર કેવલજ્ઞાન પ્રાપ્ત કરો. હે વીર ! તમારા ધર્મમાર્ગમાં કોઈ પ્રકારનું વિઘ્ન ન હો. હે મહાભાગ ! તમે પરમ–પદરૂપ મોક્ષ પ્રાપ્ત કરો.

**દીક્ષાર્થી ભગવાનના સમવસરણમાં :–** વરઘોડો ભગવાનના સમવસરણ સ્થળની નજીક પહોંચી ગયો. જમાલીકુમારે છત્ર, ચામર, શિબીકાનો ત્યાગ કર્યો. પગે ચાલીને માતા-પિતાની સાથે ભગવાનની સામે પહોંચ્યા. માતા-પિતાએ ભગવાનને વંદન નમસ્કાર કરીને નિવેદન કર્યું, હે ભંતે ! આ જમાલીકુમાર અમારો એકનો એક પુત્ર છે તે અમને ઈષ્ટ, કાંત, વલ્લભ છે. એ જળ કમળની જેમ ભોગોથી વિરક્ત બની ગયો છે. એને અમે તમને શિષ્યરૂપી ભિક્ષા આપીએ છીએ, તમે સ્વીકાર કરો. ત્યારે શ્રમણ ભગવાન મહાવીર એનો સ્વીકાર કરે છે અને જમાલીકુમારને નિર્દેશ કરતાં કહે છે કે હે દેવાનુપ્રિય ! તમને સુખ થાય તેમ કરો. ત્યારે જમાલીકુમારે ઈશાનખૂણામાં નિશ્ચિત(જગ્યા)માં જઈને પોતે જ વસ્ત્ર–આભૂષણ ઉતાર્યા. માતાએ એને શુદ્ધ વસ્ત્રમાં ગ્રહણ કર્યા અને આંસુ સારતા જમાલીકુમારને અંતિમ શિક્ષા વચન કહ્યા કે હે પુત્ર ! તું સારી રીતે સંયમ પાલન કરજે. તપમાં પરાક્રમી બનજે અને જરાપણ પ્રમાદ ન કરજે.

આ પ્રમાણે શિક્ષા વચન કહેતાં માતા-પિતા ભગવાનને વંદન-નમસ્કાર કરીને ચાલ્યા ગયા.

**૫૦૦ પુરુષો સાથે દીક્ષા ગ્રહણ :–** જમાલીકુમાર ચાર આંગળની ચોટીના વાળનો પંચમુષ્ટિ લોચ કરી ભગવાનની સામે પહોંચ્યા. જમાલીની સાથે જ ૫૦૦ બીજા પુરુષો દીક્ષા લેવા માટે તૈયાર થઈ ગયા હતા. પ્રભુએ ૫૦૦ પુરુષોની સાથે જમાલીકુમારને દીક્ષિત કર્યા. તેનું વિસ્તૃત વર્ણન અહીં નથી.

દીક્ષા લઈને જમાલી અણગારે સંયમ વિધિઓનો જ્ઞાન અને અભ્યાસ કર્યો, તપ-સંયમમાં આત્માને ભાવિત કર્યો ***યાવત્*** ૧૧ અંગશાસ્ત્રોનું અધ્યયન કર્યું.

**સ્વતંત્ર વિચરણ :–** કોઈ સમયે જમાલી અણગારે સ્વતંત્ર વિચરણ માટે ભગવાનને નિવેદન કર્યું. ભગવાને એવી સ્પર્શના જાણીને એને સ્વીકૃતિ ન આપી અને મૌન રાખ્યું. ૫૦૦ શિષ્યો સહિત એમણે ભગવાનને વંદન કરીને ત્યાંથી વિહાર કર્યો.

વિહાર કરતાં તેઓ શ્રાવસ્તિ નગરીમાં પહોંચ્યા. આહારની અનિય– મિતતાથી અને અરસાહાર, વિરસાહારથી, ઢક્ષ, પ્રાંત, કાલાતિક્રાંત, પ્રમાણાતિક્રાંત અને શીતળ આહારથી એમના શરીરમાં વિપુલ રોગ ઉત્પન્ન થયો, પ્રગાઢ દુઃસ્સહ વેદના થવા લાગી. એનું શરીર પિત્ત જવર અને દાહથી આક્રાંત થઈ ગયું.

**મિથ્યાત્વ ઉદય :–** વેદનાથી પીડિત બનેલા જમાલી અણગારે શ્રમણોને સંથારો(પથારી) કરવાનું કહ્યું. પથારી કરવામાં થોડો સમય લાગ્યો. એમને ઉભા રહેવાનું અસહ્ય થઈ ગયું હતું. જલ્દીથી એમણે તેઓને પૂછી લીધું કે હે દેવાનુપ્રિયે પથારી પાથરી લીધી કે પાથરો છો ? શ્રમણોએ ઉત્તર આપ્યો કે અત્યારે પથારી પાથરી નથી, પાથરી રહ્યા છીએ. કષ્ટની અસહ્યતાને કારણે એ વાક્યો પર એનું ઊંધું ચિંતન ચાલવા લાગ્યું. મિથ્યાત્ત્વ કર્મ દલીકોનો ઉદય થયો અને આ પ્રમાણે વિચારવા લાગ્યા કે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનો સિદ્ધાંત છે કે 'ચાલતા-ચાલતા ચાલ્યા, કરતાં-કરતાં કર્યું', આ સિદ્ધાંત મિથ્યા છે. આ હું પ્રત્યક્ષ અનુભવ કરું છું. આ પ્રકારના મનોગત ભાવ એમણે શ્રમણોની સામે રાખ્યા. કેટલાક શ્રમણોએ એમની આ વાત પર શ્રદ્ધા કરી અને કેટલાકે શ્રદ્ધા ન કરી, પ્રતિકાર કર્યો. પરંતુ મિથ્યાત્વ ઉદયના પ્રભાવથી જમાલીને એ દઢ નિશ્ચય થઈ ગયો કે ભગવાનનો સિદ્ધાંત મિથ્યા છે. ત્યારે કેટલાક શ્રમણ જ્યાં ચંપાનગરીમાં ભગવાન બિરાજમાન હતાં ત્યાં વિહાર કરી ગયા.

**અવિનય :–** થોડા દિવસોમાં જમાલી પણ સ્વસ્થ થઈ ગયા. તે પણ વિહાર કરતાં ચંપાનગરીમાં ભગવાનની સમક્ષ પહોંચ્યા અને ઉભા રહીને કહેવા લાગ્યા કે ભંતે ! આપના કેટલાક શિષ્ય છદ્મસ્થ વિચરણ કરીને આવે છે. પરંતુ હું કેવલી બનીને આવ્યો છું.

ગૌતમ સ્વામીએ એક જ પ્રશ્ન પૂછીને એને નિઢતર અને ચૂપ કરી દીધા. પછી ભગવાને જમાલીને કહ્યું કે હે જમાલી ! મારા અન્ય છદ્મસ્થ અણગાર આ પ્રશ્નનો ઉત્તર મારી જેમ જ આપી શકે છે. પરંતુ એ પોતાને તારી જેમ કેવલી નથી કહી શક્તા. પછી ભગવાને એ પ્રશ્નનો ઉત્તર સ્પષ્ટ કર્યો કે લોક શા✓ત છે. કેમકે તે સદા હતો છે અને રહેશે. લોક–અશા✓ત છે કેમ કે એ ઉત્સર્પિણી, અવસર્પિણી વગેરે રૂપ પર્યાયોમાં બદલતો રહે છે. આ જીવ શા✓ત છે, કેમ કે સદા હતો, છે અને રહેશે. તેમજ આ જીવ અશા✓ત છે, કેમ કે નારક વગેરે પર્યાયોમાં બદલાતો રહ્યો છે.



**ભગવાનથી અલગાવ અને મિથ્યા પ્રઢપણા :–** જમાલી નિઢતર થઈ ગયા અને શ્રદ્ધા પ્રગટ ન કરતાં મિથ્યાત્વ ઉદયના પ્રભાવે ત્યાંથી નીકળી ગયા, અનેક અસત્ પ્રઢપણા કરતાં વિચરવા લાગ્યા. આ રીતે મિથ્યાત્વના અભિનિ– વેશથી પોતાને અને બીજાને ભ્રાંત કરતાં તપ-સંયમનું પાલન કરવા લાગ્યા. પ્રથમ ગુણસ્થાનવર્તી હોવા છતાં અનેક વર્ષો(૧૦–૧૫ વર્ષ) સંયમનું પાલન કર્યું. ૧૫ દિવસના સંથારા બાદ કાળધર્મ પામીને છઠ્ઠા દેવલોકમાં કિલ્વિષિક દેવરૂપમાં ઉત્પન્ન થયા.

**જમાલી કિલ્વિષીક દેવ :–** જમાલીને કાળ ધર્મ પામ્યા જાણીને ગૌતમ સ્વામીએ એની ગતિ-સ્થિતિ, ભવ-ભ્રમણ સંબંધી પ્રશ્ન કર્યો. જવાબમાં ભગવાને જણાવ્યું કે જમાલી દેવલોકનો ભવ પૂરો કરીને ૪–૫ મનુષ્ય, તિર્યંચ, નરક, દેવના ભવ કરશે. પછી બધા કર્મનો ક્ષય કરીને મોક્ષે જશે.

**કિલ્વિષિકો ના ભવ ભ્રમણ :–** કિલ્વિષિક દેવ ત્રણ પ્રકારના હોય છે અને એના ત્રણ સ્થાન છે. (૧) પ્રથમ દ્વિતીય દેવલોકની નીચલી પ્રતરમાં ત્રણ પલ્યો– પમના આયુષ્યવાળા (૨) ત્રીજા–ચોથા દેવલોકની નીચલી પ્રતરમાં ત્રણ સાગરોપમના આયુષ્યવાળા (૩)છઠ્ઠા દેવલોકમાં ૧૩ સાગરના આયુષ્યવાળા.

આ કિલ્વિષિકો ઓછામાં ઓછા ૪–૫ નરક, તિર્યંચ, મનુષ્ય, દેવના ભવ કરે છે અને ઉત્કૃષ્ટ અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે. કારણ કે જે કુળ ગણ સંઘના વિરોધી દ્વેષી હોય છે; આચાર્ય, ઉપાધ્યાય, આદિના અપયશ, અવર્ણવાદ, અપકીર્તિ કરવાવાળા હોય છે; અનેક અસત્ય અર્થોની પ્રઢપણા કરે છે; કદાગ્રહમાં પોતે ભ્રમિત હોય છે અને બીજાને ભ્રમિત કરે છે, સાથે નિરંતર તપ સંયમની વિધિઓનું ઉત્કૃષ્ટ પાલન કરે છે. અંતિમ સમય સુધી પોતાની મિથ્યાવાદિતાની આલોચના-પ્રાયશ્ચિત્ત શુદ્ધિકરણ નથી કરતાં તે જીવ આ કિલ્વિષિક દેવ સ્થાનોને પ્રાપ્ત કરે છે. દશવૈકાલિક સૂત્ર અધ્ય. ૫/૨ અનુસાર તપ સંયમના ચોર એવા વિરાધક શ્રમણ પણ મિથ્યાત્વ પામી કિલ્વિષિકમાં જાય છે. ઔપપાતિક સૂત્ર આદિમાં પણ આનું વર્ણન છે.

## ઉદ્દેશક : ૩૪

(૧) કોઈ એક મનુષ્ય પશુ અથવા ત્રસ જીવને મારનારા વ્યક્તિ અન્ય પણ અનેક જીવોની હિંસા કરનારા હોય છે.

(૨) કોઈ શ્રમણની હિંસા કરનારા એની હિંસાની સાથે અન્ય અનંત જીવોના પણ

નાશક હોય છે. એનું કારણ એ છે કે મુનિ અનંત જીવોના રક્ષક છે, વિરત છે. મરીને એ અવિરત થઈ જાય છે અથવા અનંત જીવોના રક્ષકની હિંસા કરવાની અપેક્ષાએ એને અનંત જીવોના હિંસક અને અનંત જીવોના વૈરથી સ્પૃષ્ટ હોવાનું કહેવાયું છે.

(૩) પાંચ સ્થાવર ✓ાસો✓ાસમાં પાંચ સ્થાવરને ગ્રહણ કરી શકે છે. એનાથી એને ત્રણ, ચાર અથવા પાંચ ક્રિયા લાગે છે.

(૪) વાયુથી અથવા પ્રચંડ વાયુથી જો વૃક્ષ અથવા વૃક્ષના મૂળ હલાવાય છે અથવા પાડી દેવાય છે તો વાયુકાયને ત્રણ, ચાર અથવા પાંચ ક્રિયા લાગે છે.

॥ શતક ૯/૩૪ સંપૂર્ણ ॥

## શતક-૧૦ : ઉદ્દેશક-૧

**(૧) દસ દિશાઓ :–**

| દસ દિશા | નામ | દિશા–વિદિશા | સ્વરૂપ |
|---|---|---|---|
| પૂર્વ | ઈન્દ્રા | દિશા | બે-બે પ્રદેશી વૃદ્ધિ |
| પૂર્વ–દક્ષિણ | આગ્નેય કોણ | વિદિશા | એક પ્રદેશીસર્વત્ર |
| દક્ષિણ | યમા | દિશા | બે-બે પ્રદેશી વૃદ્ધિ |
| દક્ષિણ–પશ્ચિમ | નૈઋત્ય કોણ | વિદિશા | એક પ્રદેશી સર્વત્ર |
| પશ્ચિમ | વારુણી | દિશા | બે-બે પ્રદેશી વૃદ્ધિ |
| પશ્ચિમ–ઉત્તર | વાયવ્ય કોણ | વિદિશા | એક પ્રદેશી સર્વત્ર |
| ઉત્તર | સૌમ્યા(સૌમા) | દિશા | બે-બે પ્રદેશી વૃદ્ધિ |
| ઉત્તર–પૂર્વ | ઈશાન કોણ | વિદિશા | એક પ્રદેશી સર્વત્ર |
| ઉર્ધ્વ દિશા | વિમલાદિશા | દિશા | ચાર પ્રદેશી સર્વત્ર |
| અધો દિશા | તમાદિશા | દિશા | ચાર પ્રદેશી સર્વત્ર |

(૨) ચારે દિશાઓ મૂળમાં બે પ્રદેશ પહોળી છે. પછી આગળ પ્રત્યેક પ્રદેશમાં બે–બે પ્રદેશ વધારો થતો ગયો છે. અર્થાત્ બન્ને બાજુ એક-એક પ્રદેશ જેટલી વધતી ગઈ છે. વિદિશાઓ અને ઉર્ધ્વ, અધો દિશા સર્વત્ર સમાન છે.

(૩) દિશાઓનો ઉદ્ગમ મેરૂના મધ્યથી થાય છે. ત્યાં ચાર ઉપર, ચાર નીચે એમ આઠ રૂચક પ્રદેશોથી દશે દિશાઓ શરૂ થાય છે. દિશાઓ ગાડીના "ઓધાંણ"



આકારની હોય છે. વિદિશાઓ મુક્તાવલીના આકારની છે. ઊંચી- નીચી દિશા ચાર પ્રદેશી હોવાથી રૂચકાકાર છે.

(૪) દિશાઓની વિશાળતા હોવાથી એનામાં જીવ અને જીવના દેશ અથવા પ્રદેશનો સમાવેશ થઈ જાય છે. આથી નિયમતઃ જીવ, જીવદેશ, જીવ પ્રદેશ હોય છે. એકેન્દ્રિય આદિ પંચેન્દ્રિય સુધીના બધા જીવ પ્રાપ્ત હોય છે.

અજીવમાં ત્રણ અસ્તિકાયના દેશ અને પ્રદેશ એમ ૬ હોય છે અને અદ્ધાકાલ હોય છે અને પુદ્ગલાસ્તિકાયના ચાર ભેદ છે. કુલ ૬ + ૧ = ૭ + ૪ = ૧૧ ભેદ અજીવના હોય છે.

(૫) વિદિશાઓ એક પ્રદેશી હોવાથી એનામાં પૂર્ણ જીવ નથી હોતા, દેશ અથવા પ્રદેશ હોય છે. એકેન્દ્રિય જીવ નિયમતઃ હોય છે. શેષ જીવ કયારેક હોય છે. કયારેક નથી હોતા.

જીવ દેશમાં ત્રણ ભંગ હોય છે. જેથી– જીવના ૧ દેશ, એક જીવના અનેક દેશ અને અનેક જીવના અનેક દેશ. પ્રદેશમાં બે ભંગ હોય છે. કેમ કે એક પ્રદેશ રૂપ પહેલો ભંગ નથી હોતો અનેક પ્રદેશ હોય છે. અજીવના ૭ + ૪ = ૧૧ ભેદ દિશાની સમાન જ હોય છે.

(૬) ઊંચી દિશામાં વિદિશાની સમાન જીવ-અજીવ ના ભેદ ભંગ હોય છે. કેમ કે ચાર પ્રદેશી હોય છે. નીચી દિશા પણ ઊંચી દિશાની સમાન છે. પરંતુ ત્યાં અદ્ધાકાલ(સૂર્યનો પ્રકાશ) નથી.

(૭) પ્રજ્ઞાપના પદ ૨૧ ના અવગાહના સંસ્થાન સંબંધી સંપૂર્ણ વર્ણન અહીં સમજવું.

## ઉદ્દેશક : ૨

(૧) કષાય ભાવમાં વર્તમાન અણગાર દિશાઓના, રૂપોના અવલોકન કરતાં સાંપરાયિક ક્રિયાવાળા હોય છે અને અકષાય ભાવમાં રહ્યા જીવ ઈરિયાવહિ ક્રિયાવાળા હોય છે. અહીંયા કષાય ભાવ માટે "વીચિપથ" શબ્દનો પ્રયોગ કર્યો છે.

(૨) ત્રણ યોની સંબંધી વર્ણન પ્રજ્ઞાપના સૂત્ર પદ ૯ ની સમાન સમજવું. ત્રણ વેદના સંબંધી વર્ણન ૩૫ માં પદ સમાન છે. ભિક્ષુ પડિમાનું સંપૂર્ણ વર્ણન દશશ્રુત સ્કંધ સૂત્રની સમાન છે.

(૩) ભિક્ષુ કોઈપણ અકૃત્ય સ્થાનની આલોચના પ્રતિક્રમણ કર્યા વગર કે પછી

ચરમ સમયમાં બધી આલોચના કરી લઈશ, અત્યારે નથી કરતો, એમ વિચારીને આલોચના કર્યા વગર વચ્ચે જ કાળ કરી જાય તો આરાધના થતી નથી.

કોઈ ભિક્ષુ એમ વિચારે કે શ્રાવક ગૃહસ્થ જીવનના કેટલાંય અવ્રત સેવન કરતા પણ દેવલોકમાં જાય છે તો હું વ્યંતર વગેરે દેવ અવસ્થા તો અવશ્ય પ્રાપ્ત કરીશ. આવા સંકલ્પોથી નાના મોટા દોષની આલોચના પ્રતિક્રમણ ન કરે અને આ સંકલ્પની પણ આલોચના અને પ્રતિક્રમણ ન કરે તો તે આરાધક હોતા નથી. આ રીતે ઉપરોક્ત સર્વે વિરાધક હોય છે.

ઉપરના કોઈ પણ સાધકને આલોચના પ્રતિક્રમણનો અવસર પ્રાપ્ત થઈ જાય તો તે આરાધક થઈ શકે છે.

## ઉદ્દેશક : ૩

(૧) દેવ–દેવી પોતાના ચાર–પાંચ આવાસ સુધી સ્વાભાવિક શરીરની ગતિથી જઈ શકે છે. એનાથી વધારે જવા માટે ઉત્તર વૈક્રિય કરવું પડે છે.

(૨) દેવ–દેવી પોતાના અલ્પર્દ્ધિક દેવ દેવીની વચ્ચેથી અર્થાત્ એનું ઉલ્લંઘન કરતા જઈ શકે છે; સમાન અથવા અધિક ઋદ્ધિવાળા દેવ-દેવીનું ઉલ્લંઘનએ કરી શકતા નથી, પરંતુ કદાચ તે પ્રમાદમાં હોય અથવા છલથી(દગો કરવો) ઉલ્લંઘન કરી શકે છે.

(૩) ઘોડો જ્યારે દોડે છે. ત્યારે એના હૃદય અને યકૃતની વચ્ચે 'કડકડ' નામનો વાયુ ઉત્પન્ન થાય છે. જેનાથી એનો " ખુ ખુ " એવો અવાજ આવે છે.

(૪) હવે અમે બેસશું, સૂઈશું, ઉભા રહીશું વગેરે વ્યવહાર ભાષા પ્રજ્ઞાપની ભાષા હોય છે, તે સત્ય કે અસત્ય હોતી નથી. અન્ય પણ આમંત્રણી, જાયણી, પુચ્છણી ભાષા પણ પ્રજ્ઞાપની ભાષા હોય છે, તે સત્ય–અસત્ય હોતી નથી.

## ઉદ્દેશક : ૪

(૧) ચમરેન્દ્રના ત્રાયત્રિંશક(મંત્રી અથવા પુરોહિત સ્થાનીય) દેવ શા✓ત હોય છે. એક ચ્યવતા બીજા ઉત્પન્ન થઈ જાય છે.

કાકંદી નામની નગરીમાં ૩૩ મિત્ર શેઠ(ગાથાપતિ) રહેતા હતા. તે પહેલાં શુદ્ધ આચારી શ્રમણોપાસક હતા. પછી શિથિલ આચારી બની ગયા. અંતમાં આલોચના શુદ્ધિ કર્યા વગર આયુ સમાપ્ત થઈ જવાથી તે સર્વેય અસુરેન્દ્ર ચમરેન્દ્ર ના ત્રાયત્રિંશક દેવ બન્યા હતા. વર્તમાનમાં આ જ તેત્રીસ કાકંદીના શ્રાવક દેવરૂપમાં ત્રાયત્રિંશક છે. આવાજ ૩૩ થતા રહે છે. વિચ્છેદ નથી પડતો.



શ્યામહસ્તિ અણગારના ગૌતમસ્વામીને પૂછેલ અને પછી ગૌતમ–સ્વામીએ ભગવાનને પૂછેલ પ્રશ્નનો આ સારાંશ છે.

બલીન્દ્રના ૩૩ ત્રાયત્રિંશક દેવ બિભેલનગરમાં શ્રમણોપાસક હતા અને બાદમાં શિથિલ આચારી થઈ જવા પર આ અસુરકુમાર દેવમાં ઉત્પન્ન થયા છે. આ રીતે ૧૦ ભવન પતિઓના ત્રાયત્રિંસક દેવ છે.

શકેન્દ્રના પણ ત્રાયત્રિંશક દેવ છે. તે પલાશક નામના નગરમાં શુદ્ધ શ્રમણ ઉપાસક પર્યાયનું પાલન કરી આરાધક થઈ દેવ થયા છે. ઈશાનેન્દ્રના ત્રાયત્રિંશક ચંપાનગરીના ૩૩ શ્રાવક હતા. આરાધક થઈને દેવ બન્યા. આ બંને આરાધકોએ એક મહિનાનો સંથારો કરી કાળ કર્યો હતો. ભવનપતિના ત્રાયત્રિંશકોએ ૧૫ દિવસનો સંથારો કરી કાળ કર્યો હતો.

## ઉદ્દેશક : ૫

**અગ્રમહિષી પરિવાર :–**

| દેવ | અગ્રમહિષી | પરિવાર | વિકુવર્ણારૂપ | ત્રુટિત્ |
|---|---|---|---|---|
| ૧–ચમરેન્દ્ર | ૫ | ૮૦૦૦ | ૮૦૦૦ | ૪૦,૦૦૦ |
| ૨–બલીન્દ્ર | ૫ | ૮૦૦૦ | ૮૦૦૦ | ૪૦,૦૦૦ |
| ૩–નવનિકાયના ઈન્દ્ર | ૬–૬ | ૬૦૦૦ | ૬૦૦૦ | ૩૬,૦૦૦ |
| ૪–બધાના લોકપાલ | ૪–૪ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૪,૦૦૦ |
| ૫–વ્યંતરેન્દ્ર | ૪–૪ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૪,૦૦૦ |
| ૬–જયોતિષેન્દ્ર | ૪–૪ | ૪૦૦૦ | ૪૦૦૦ | ૧૬,૦૦૦ |
| ૭–ગ્રહ | ૪–૪ | ૪૦૦૦ | ૪૦૦૦ | ૧૬,૦૦૦ |
| ૮–શકેન્દ્ર | ૮ | ૧૬,૦૦૦ | ૧૬,૦૦૦ | ૧,૨૮,૦૦૦ |
| ૯–ઈશાનેન્દ્ર | ૮ | ૧૬,૦૦૦ | ૧૬,૦૦૦ | ૧,૨૮,૦૦૦ |
| ૧૦–બંનેના લોકપાલ | ૪ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૪,૦૦૦ |

સૂત્રમાં બધાની અગ્રમહિષીના નામ કહેલ છે.

એક એક અગ્રમહિષીના પરિવારની દેવિયો જેટલી હોય છે એટલી સંખ્યામાં તે પોતાનાં રૂપોની વિકુર્વણા ઈન્દ્રનીસાથે પરિચારણા હેતુ કરે છે. ઈન્દ્રની પરિચારણા યોગ્ય ઉત્કૃષ્ટ દેવીઓના રૂપોને ત્રુટિત શબ્દથી કહેવાયેલ છે.

ત્રુટિતનો અર્થ છે = એક ટુકડી, એક સમૂહ. પોતાની સુધર્મા સભામાં કોઈ

પણ દેવ મૈથુન સેવન કરતા નથી.

## ઉદ્દેશક : ૬

શકેન્દ્રના જન્મ વગેરેના સંપૂર્ણ વર્ણન સૂર્યાભદેવના વર્ણન સમાન છે. જુઓ રાજપ્રશ્નીય સૂત્ર સારાંશ ખંડ નં.–૧ શકેન્દ્ર ૩૨ લાખ વિમાનોના સ્વામી હોય છે.

## ઉદ્દેશક : ૭–૩૪

ઉત્તર દિશાના ૨૮ અંતર દ્વીપો ના વર્ણન જીવાભિગમ સૂત્રના સમાન છે. જૂઓ ખંડ નં. ૬.

॥ શતક ૧૦/૩૪ સંપૂર્ણ ॥

## શતક–૧૧ : ઉદ્દેશક–૧

આ ઉદ્દેશકનું નામ "ઉત્પલ ઉદ્દેશક" સિદ્ધાંતમાં પ્રસિદ્ધ છે. આમાં ઉત્પલ કમલ વનસ્પતિના ભાવ સંબંધી વર્ણન ૩૧ દ્વારોથી કરાયેલ છે. એની સમાન આગળ આઠ ઉદ્દેશક સુધી વર્ણન છે. ઉત્પલ પત્ર વગેરે પ્રત્યેક વનસ્પતિમાં પહેલા એક જીવ ઉત્પન્ન થાય છે. પછી એની નિશ્રામાં અનેક જીવ ઉત્પન્ન થતા રહે છે.

અહીં ૩૧ દ્વારોના વર્ણનની સાથે એક વચન, બહુવચનની અપેક્ષા કોઈ દ્વારોમાં ભંગ પણ કહેવાયેલ છે. એની વિધિ એ છે કે પૂછાયેલ બોલોમાં એક બોલ પ્રાપ્ત થાય તો એના એક વચન અને બહુવચનના એ બે ભંગ હોય છે. બે બોલ પ્રાપ્ત થાય તો અને અસંયોગી ૪, દ્વિ સંયોગી ૪, એમ ૮ ભંગ હોય છે. ત્રણ બોલ પ્રાપ્ત થાય તો ૨૬ ભંગ ( ૬ + ૧૨ + ૮) હોય છે અને ૪ બોલ પ્રાપ્ત થાય તો ૮૦ ભંગ (૮ + ૨૪ + ૩૨ + ૧૬) હોય છે. આ ૮–૨૬–૮૦ ભંગોની ભંગ બનાવવાની વિધિ પ્રજ્ઞાપના સૂત્ર પદ ૧૬, સારાંશ ખંડ નં. ૬માં બતાવાઈ છે.

### ઉત્પલના દ્વાર વર્ણન :–

| | | |
|---|---|---|
| ૧ | આગતિ | ત્રણ ગતિથી (૧ નરક ગતિ છોડીને) |
| ૨ | ઉત્પાત | એક સમયમાં ૧–૨–૩ ઉત્કૃષ્ટ અસંખ્યાતા ઉપજે. |
| ૩ | પરિમાણ | અસંખ્ય ઉત્સર્પિણી, અવસર્પિણી ના સમય તુલ્ય અસંખ્યાતા હોય છે. |
| ૪ | અવગાહના | ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન સાધિક હોય છે. |



| | | |
|---|---|---|
| ૫ | બંધ | સાત કર્મોના બંધ હોય છે. અબંધ નથી હોતા. ભંગ ૨–૨ અને આયુ કર્મના બંધ–અબંધ બંને હોય છે. ભંગ–૮ |
| ૬ | વેદના | શાતા-અશાતા બંને વેદના હોય છે. ભંગ–૮ |
| ૭ | ઉદય | આઠ કર્મોનો ઉદય થાય છે. અનુદય નહીં. ભંગ ૨–૨ |
| ૮ | ઉદીરણા | ૬ કર્મોના ઉદીરક હોય છે. અનુદીરક નહીં . ભંગ ૨–૨, આયુ અને વેદનીય કર્મના ઉદીરક અનુદીરક બંને હોય છે. |
| ૯ | લેશ્યા | કૃષ્ણ આદિ ચાર લેશ્યા હોય છે. ભંગ–૮૦ |
| ૧૦ | દષ્ટિ | એક મિથ્યાદષ્ટિ, ભંગ–૨ |
| ૧૧ | જ્ઞાન | અજ્ઞાની છે, જ્ઞાની નહીં. ભંગ–૨ |
| ૧૨ | યોગ | કાય યોગી છે. ભંગ–૨ |
| ૧૩ | ઉપયોગ | બંને. ભંગ–૮ |
| ૧૪ | વર્ણાદિ | ૨૦ બોલ પામે. ભંગ–૨–૨, શરીરની અપેક્ષા. |
| ૧૫ | ઉચ્છ્વાસ | ત્રણ બોલ પામે, (૧) ઉચ્છ્વાસક (૨) નિઃશ્વાસક (૩) નોઉશ્વાસક નોનિઃશ્વાસક. ભંગ ૨૬ હોય છે. |
| ૧૬ | આહાર | આહારક અનાહારક બંને. ભંગ–૮ |
| ૧૭ | વિરત | અવિરત હોય છે. ભંગ–૨ |
| ૧૮ | ક્રિયા | સક્રિયા હોય છે, અક્રિયા નહીં. ભંગ–૨ |
| ૧૯ | બંધક | સપ્ત વિધ બંધક અને અષ્ટ વિધ બંધક બને. ભંગ–૮ |
| ૨૦ | સંજ્ઞા | ચાર હોય છે. ભંગ–૮૦ |
| ૨૧ | કષાય | ચાર હોય છે. ભંગ–૮૦ |
| ૨૨ | વેદ | એક નપુંસક. ભંગ–૨ |
| ૨૩ | વેદ–બંધક | ત્રણે વેદ બંધક. ભંગ–૨૬ |
| ૨૪ | સન્ની | કેવળ અસન્નિ છે. ભંગ–૨ |
| ૨૫ | ઈન્દ્રિય | સઈન્દ્રિય છે, અનિન્દ્રિય નથી. ભંગ–૨ |
| ૨૬ | કાયસ્થિતિ | ઉત્કૃષ્ટ અસંખ્ય કાળ. |
| ૨૭ | કાલા દેશ | ચાર સ્થાવરની સાથે ઉત્કૃષ્ટ અસંખ્યભવ , અસંખ્યકાળ. વનસ્પતિની સાથે ઉત્કૃષ્ટ અનંત ભવ, અનંત કાળ. વિકલેન્દ્રિયની સાથે ઉત્કૃષ્ટ સંખ્યાતા ભવ, સંખ્યાતાકાળ. તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યની સાથે ઉત્કૃષ્ટ ૮ ભવ, ચાર કરોડ પૂર્વ ચાલીસ હજાર વર્ષ. |

| | | |
|---|---|---|
| ૨૮ | આહાર | ૨૮૮ પ્રકારના ૬ દિશાથી. |
| ૨૯ | સ્થિતિ | જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ દસ હજાર વર્ષ. |
| ૩૦ | સમુદ્‌ઘાત | ત્રણ ક્રમશઃ. ભંગ–૨૬ |
| ૩૧ | મરણ | સમવહત અસમવહત બંને. ભંગ–૮ |
| ૩૨ | ગતિ | તિર્યંચ, મનુષ્ય બે ગતિમાં જાય. |
| ૩૩ | | સર્વજીવબધા જીવ ઉત્પલ કમલના બધા વિભાગોમાં અનેક અથવા અનંત વાર ઉત્પન્ન પૂર્વ છે. |

## ઉદ્દેશક : ૨–૮

૨, સાલુક ૩, પલાસ ૪, કુંભીક ૫, નાલિક ૬, પદ્મ ૭, કર્ણિકા ૮, નલિન–કમલ. આ વનસ્પતિઓના વર્ણન પ્રત્યેક ઉદ્દેશકમાં છે. આમાં પ્રાયઃ વર્ણન સમાન છે. થોડોક તફાવત છે તે આ પ્રમાણે છે.

(૧) અવગાહના – સાલુકમાં અનેક ધનુષ, પલાસમાં અનેક કોશ. શેષ ૬ માં ૧૦૦૦ યોજન સાધિક.

(૨) સ્થિતિ– કુંભિક, નાલિકમાં અનેક વર્ષ, શેષ ૬ માં ૧૦,૦૦૦ વર્ષ.

(૩) લેશ્યા– કુંભિક, નાલિકા, પલાસમાં ત્રણ, શેષ બધામાં ચાર.

આ આઠમાં કેટલાક તો વિવિધ પ્રકારના કમલ છે. પલાસ કુંભિક વગેરે પણ એવી જ કોઈ વનસ્પતિઓ હોવી જોઈએ. પલાસથી પ્રસિદ્ધ ઢાંક વનસ્પતિ અર્થ કરાય તો ૧૦,૦૦૦ વર્ષની ઉંમર હોવાનું વિચારણીય હોય છે. આથી પ્રાસંગિક વિવિધ કમલ વિશેષ જ સમજવું જોઈએ.

## ઉદ્દેશક : ૯

**શિવરાજર્ષિ :–**

(૧) હસ્તિનાપુરમાં "શિવ" નામના રાજા રાજય કરતા હતા. તે શ્રેષ્ઠ રાજાના યોગ્ય ગુણોથી સમ્પન્ન હતા. એની ધારીણી નામની રાણી તથા શિવભદ્રકુમાર નામનો પુત્ર હતો. યોગ્ય સમયે રાજકુમાર રાજય કાર્યની દેખરેખ કરવા લાગ્યો.

એક વખત રાજાને રાત્રિમાં વિચાર ઉત્પન્ન થયો કે મને ધન સમ્પતિ અને રાજય સંબંધી બધી અનુકૂળતા પ્રાપ્ત થઈ છે. આ બધી વૃદ્ધિ પૂર્વના પુણ્યથી જ



પ્રાપ્ત થઈ છે. હવે સમય થતાં આ બધાનો ત્યાગ કરીને મારે પુત્રને રાજય સોંપીને સન્યાસ ગ્રહણ કરી લેવો જોઈએ. ઉત્પન્ન થયેલાએ વિચારોને શિવરાજાએ દ્રઢ કર્યા અને તે અનુસાર પુત્રનો રાજયાભિષેક કર્યો.

**શિવરાજર્ષિની તાપસી દીક્ષા :–** એના પછી યોગ્ય તિથિ મુહૂર્ત જોઈને મિત્ર, જ્ઞાતીજન વગેરેને ભોજન કરાવીને, સમ્માનિત કરીને એ બધાની અને પુત્રની આજ્ઞા-સ્વીકૃતિ લઈ તાપસ આશ્રમમાં જઈને તેમણે દિશા પ્રોક્ષિક તાપસી પ્રવ્રજયા અંગીકાર કરી.

તેઓ ગંગા નદીને કિનારે પોતાની ઝુંપડી બનાવીને રહેવા લાગ્યા. એમણે દીક્ષા લઈને છઠને પારણે છઠ કરવાનો પ્રારંભ કર્યો.

તે આતાપના ભૂમિમાં જઈને આતાપના લેતા હતા. પારણાના દિવસે આતાપના ભૂમિમાંથી ઉતરીને વલ્કલ વસ્ત્ર પહેરીને પોતાની ઝુંપડીમાં આવ્યા. વાંસની છાબડી અને કાવડ લઈને પૂર્વ દિશામાં ગયા પૂર્વ દિશાની પૂજા કરીને સોમ લોકપાલને આ પ્રકારે કહ્યું– હે પૂર્વ દિશાના સ્વામી સોમ મહારાજા ! ધર્મ સાધનમાં પ્રવૃત્ત મારું શીવરાજર્ષિનું રક્ષણ કરો અને પૂર્વ દિશામાં રહેલ કંદમૂલ, છાલ, પત્ર, પુષ્પ, ફલ, બીજ, લીલી વનસ્પતિ લેવાની આજ્ઞા આપો.

એવું કહી અને પછી પૂર્વ દિશાથી ઈચ્છીત સામગ્રીથી છાબડી ભરીને ઝુંપડીમાં આવ્યા. પછી ગંગા નદીમાં જઈ સ્નાન આદિ કરીને આવ્યા. પછી હવનની પૂર્ણ તૈયારી કરીને મધુ ઘૃત ચોખાથી હોમ કર્યો. વૈ✓ દેવ અને અતિથિ પૂજન કરીને પછી આહાર કર્યો. પછી બીજો છઠ સ્વીકાર કર્યો.

આ પ્રકારે ક્રમશઃ પારણામાં દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર દિશાનું પૂજન કરી એ દિશાના લોકપાલની આજ્ઞા પ્રાપ્ત કરી, બાકી વિધિ પ્રથમ પારણાની સમાન કરતાં, આમ તપ સાધના કરતાં-કરતાં તે ભદ્ર અને વિનીત પ્રકૃતિવાળા શિવ–રાજર્ષિને વિભંગજ્ઞાન ઉત્પન્ન થયું. જેનાથી તે સાત દ્વીપ સમુદ્ર જોવા લાગ્યા.

**વિભંગ જ્ઞાની શિવરાજર્ષિ :–** તે આતાપના ભૂમિથી ઝુંપડીમાં આવ્યા. ત્યાંથી તાપસ આશ્રમમાં આવ્યા અને ત્યાંથી હસ્તિનાપુર નગરમાં ગયા અને સર્વ ઠેકાણે પ્રચાર કરવા લાગ્યા કે મને અતિશય જ્ઞાન-દર્શન ઉત્પન્ન થયું છે. સાત દ્વીપ સમુદ્ર છે. એટલા જ લોક છે. એનાથી આગળ કાંઈ નથી. વાત નગરમાં વ્યાપ્ત થઈ લોકોની ચર્ચાનો વિષય બની ગયા. કેટલાક શ્રદ્ધા કરવા લાગ્યા, કેટલાક સંદેહ કરવા લાગ્યા.

વિચરણ કરતાં શ્રમણ ભગવાન મહાવીર હસ્તિનાપુરમાં પધાર્યા. ગૌતમ સ્વામી પારણામાં ગૌચરી લેવા ગયા. લોકોની ચર્ચા ગૌતમ સ્વામી સુધી પણ પહોંચી. ગૌતમસ્વામીએ ભગવાનને નિવેદન કરી લોકોનો પ્રશ્ન વ્યક્ત કર્યો. ઉપસ્થિત પરિષદની સમક્ષ જ ભગવાને સ્પષ્ટીકરણ કર્યું કે સાત દ્વીપ સમુદ્ર જોવા સુધીની વાત સાચી છે. પરંતુ એની સાથે એણે જે પ્રરૂપણ કરવાનું શરૂ કર્યું છે કે આટલો જ લોક છે, આગળ નથી; તે એનું કથન મિથ્યા છે અને એનું જ્ઞાનપણ અપૂર્ણ છે. વાસ્તવમાં દ્વીપ સમુદ્ર અસંખ્ય છે.

પરિષદના ચાલ્યા જવાથી નગરમાં બેરંગી વાતો થવા લાગી. શિવરાજર્ષિ સુધી પણ સારી વાર્તા પહોંચી ગઈ. તે શંકિત, કાંક્ષિત થયો, વિચારાધીન બન્યો અને એનું વિભંગ જ્ઞાન સમાપ્ત થઈ ગયું. ત્યારે એણે એવો વિચાર કર્યો કે શ્રમણ ભગવાન મહાવીરની સમીપ જઈને પર્યુપાસના કરવી મારા માટે આ ભવ, પરભવમાં કલ્યાણકારી થશે; એવો વિચાર કરી તે તાપસ આશ્રમમાં આવ્યા, યોગ્ય ઉપકરણ વેશભૂષા ગ્રહણ કરી ભગવાનની સેવામાં પહોંચ્યો.

**શિવરાજર્ષિની શ્રમણ દીક્ષા અને મુક્તિ :–** ત્રણ વખત આવર્તન કરી વંદના, નમસ્કાર કરી ભગવાનની સેવામાં બેસી ગયા. ભગવાને શિવરાજર્ષિ પ્રમુખ અન્ય પણ ઉપસ્થિત પરિષદને ઉપદેશ આપ્યો. શિવરાજર્ષિને ભગવાનની વાણી અત્યંત રુચિકર લાગી અને ત્યાં જિન પ્રવ્રજ્યા અંગીકાર કરવા માટે તત્પર થયો. સ્કંધક અણગારની સમાન એનું સંયમ ગ્રહણ સંબંધી વર્ણન સમજવાનું. ઈશાનખુણામાં જઈને ભંડોપકરણ રાખી, પંચ મુષ્ઠિ લોચ કરી અને ભગવાનની સામે પહોંચીને વંદન કર્યા. ત્યાર પછી ભગવાને એને વિધિપૂર્વક દીક્ષા પાઠ ભણાવ્યો. શિવરાજર્ષિ શ્રમણ નિર્ગ્રન્થ બની ગયા. ૧૧ અંગોનું અધ્યયન કર્યું. અંતમાં એ જ ભવમાં બધા કર્મ ક્ષય કરી મુક્ત થયા.

**(૨) ગંગા કિનારે રહેનારા અન્ય વાનપ્રસ્થ સન્યાસી :–** અગ્નિહોત્રી, પોતિક(વસ્ત્રધારી) કૌત્રિક, યાજ્ઞિક, શ્રદ્ધાળુ, ખપ્પરધારી, હુંડિકાધારી, ફલ–ભોજી, ઉમજ્જક, નિમજ્જક, સમ્પ્રક્ષાલક, ઉર્ધ્વકંડુક, અધોકુંડક, દક્ષિણ– કૂલક, ઉત્તરકૂલક, શંખધમક, કૂલધમક, મૃગલુબ્ધક, હસ્તી તાપસ, જલાભિષેક, કર્યા વગર ભોજન ન કરનારા, વાયુમાં રહેનારા, પાણીમાં રહેનારા, વલ્કલધારી, જલભક્ષી, વાયુભક્ષી, શેવાલભક્ષી, મૂલાહારી, કંદાહારી, પત્રાકારી, છાલ ખાનારા, પુષ્પાહારી બીજાહારી, આપોઆપ જ પડેલા ફળ આદિ ખાનારા ફલાહારી, ઉંચા



દંડ રાખનારા, વૃક્ષવાસી, મંડલવાસી, વનવાસી, બિલવાસી, દિશાપ્રોક્ષી આતાપના લેવાવાળા, પંચાગ્નિ તાપ લેનારા વગેરે અને બીજા પણ ઔપપાતિક સૂત્ર વર્ણિત સન્યાસી ગંગા કિનારે રહેતા હતા.

વાનપ્રસ્થ આશ્રમમાં વિવિધ સાધનાઓ અને વિવિધ વેશભૂષા અને ઉપકરણ હોય છે. એ પોતાની માન્યતા અનુસાર વિવિધ તપસ્યાઓ કરે છે. સમભાવ–ઉપશાંતિની ઉપલબ્ધિ પણ કેટલાય સાધક કરે છે. અંતિમ સમયમાં સંલેખના સંથારા પણ કરે છે, જે મહિના, બે મહિના પણ ચાલે છે અને પાદપો–પગમન મરણ પણ સ્વીકાર કરે છે. જીવાદિનું સાચું જ્ઞાન અને આચરણ ન હોવા છતાં પણ પ્રકૃતિની શાંતિ, સમાધિ અને તપસ્યાના બળથી એ દેવગતિમાં તો જાય છે, પરંતુ અધિકતર ભવનપતિ વ્યંતર આદિ સામાન્ય દેવ થાય છે.

ગૌતમ, સ્કંધક, શિવરાજર્ષિ, જેવા કેટલાય ભદ્રિક પરિણામી પુનઃ વીતરાગ પ્રભુની પાસે શ્રમણ પ્રવ્રજ્યા સ્વીકાર કરીને સાધના કરતા આરાધક ગતિને પણ પ્રાપ્ત કરે છે.

## ઉદ્દેશક : ૧૦

**(૧) લોક અલોક :–** લોક–અલોક, અધોલોક, તિર્છાલોક, ઉર્ધ્વલોક, આ પાંચનું વર્ણન આ પ્રમાણે છે.

**લોક :–** સુપ્રતિષ્ઠક સંસ્થાન અર્થાત્ ત્રણ સરાવલા ક્રમશઃ ઉલ્ટા, સીધા, ઉલ્ટા ઉપરા ઉપર રાખ્યા હોય એવો આકાર છે. આમાં જીવ છે; અજીવ છે; ધર્માસ્તિ–કાય અધર્માસ્તિકાય અને એના પ્રદેશ છે; આકાશાસ્તિકાયનો દેશ છે; કાલ છે અને પુદ્ગલના ચાર ભેદ છે.

**નીચા લોક :–** આ ત્રપાકાર(તિપાહીના આકારવાળા) છે. એમાં જીવ છે. સાત ભેદ અરૂપી અજીવના છે. ચાર રૂપી અજીવના છે. સાત નરક પિંડરૂપ સાત વિભાગ છે.

**તિર્છાલોક :–** આ ઝાલરના આકારવાળો છે. અસંખ્ય વિભાગરૂપે આમાં અસંખ્ય દ્વીપ સમુદ્ર છે. જીવ છે. અજીવના ૭ + ૪ = ૧૧ ભેદ છે.

**ઉર્ધ્વલોક :–** આ ઉર્ધ્વ(ઉભા) મૃદંગ નો આકારવાળો છે. ૧૫ વિભાગ છે. = ૧૨ દેવલોક, ગ્રૈવેયક, અણુતર વિમાન, સિદ્ધશિલા જીવ છે. બાદર અગ્નિ નથી. અજીવમાંથી કાળ નથી. બાકી નીચા લોક સમાન છે.

**અલોક :–** ઝુસિર ગોલકના આકારવાળા છે. તેનો કોઈ વિભાગ નથી. તે અરૂપી,

અજીવ-દેશ અને અજીવ પ્રદેશ રૂપ છે.

ત્રણે લોકના એક આકાશ પ્રદેશમાં જીવના દેશ–પ્રદેશ હોય છે. અજીવના ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય ના દેશ–પ્રદેશ અને કાલ એમ પાંચ ભેદ હોય છે. ઉર્ધ્વ લોકમાં કાલ હોતો નથી.

લોકમાં વર્ણાદિ ૨૦ બોલ હોય છે. અનંત જીવ દ્રવ્ય, અનંત અજીવ દ્રવ્ય હોય છે. અલોકમાં હોતા નથી.

કરોડો(લાખ કરોડ) માઈલની ગતિથી પણ કોઈ દેવ મેઢ પર્વતથી ચાલે તો પણ લાખો કરોડો વર્ષોમાં લોકનો કિનારો આવી શકતો નથી, એટલો વિશાળ લોક છે. અલોક લોકથી પણ અનંત ગણો વિશાળ છે.

જેવી રીતે એક નર્તકીને જોવા માટે હજારો લોકોની દષ્ટિ પડે છે એ દષ્ટિ નર્તકીને અથવા આપસમાં કોઈને બાધાપીડા કરી શકતી નથી; એવી જ રીતે લોકના એક આકાશ પ્રદેશ પર વિવિધ જીવ અને અજીવ રહી શકે છે અને એમાં કોઈને કોઈથી બાધા નથી પહોંચતી, કેમ કે તે સૂક્ષ્મ હોય છે. અથવા ઔદારિક શરીર રહિત વાટે વહેતા જીવ વગેરે હોય છે. અરૂપી અજીવ પણ ત્યાં હોય છે. રૂપી અજીવ સૂક્ષ્મ પરિણામ પરિણત પણ હોય છે. આ અપેક્ષાઓથી એક આકાશ પ્રદેશ પર આ બધા એક સાથે રહી શકતા હોય છે.

## ઉદ્દેશક : ૧૧

**સુદર્શન શ્રમણોપાસક :–**

વાણિજ્ય ગ્રામ નામના નગરમાં જીવાજીવના જ્ઞાતા, ગુણસંપન્ન, સુદર્શન શ્રમણોપાસક રહેતા હતા. એક વખત ભગવાન મહાવીરસ્વામી નગરીની બહાર દ્યુતિપલાસક બગીચામાં પધાર્યા. સુદર્શન શ્રાવક વિશાલ જનસમૂહની સાથે ચાલતાં ભગવાનના દર્શન કરવા ગયા. તેમણે પાંચ અભિગમ સાથે દર્શન વંદન કર્યા. પછી ભગવાને આવેલ સમસ્ત પરિષદને ધર્મ ઉપદેશ આપ્યો. ઉપદેશ પૂર્ણ થયા પછી પરિષદના ચાલ્યા જવા બાદ સુદર્શન શ્રમણોપાસકે ભગવાનને વંદન-નમસ્કાર કરી કાલ(સમય) સંબંધી પ્રશ્ન પૂછ્યો.

**કાલ :–** કાલ ચાર પ્રકારના હોય છે. (૧) પ્રમાણકાલ (૨) યથાયુષ્ક નિવૃત્તિ કાલ (૩) મરણકાલ (૪) અદ્ધાકાલ.

**(૧) પ્રમાણકાલ :–** ૧૨ મુહૂર્તથી લઈને ૧૮ મુહૂર્તની રાત્રી હોય છે. એટલો જ



દિવસ હોય છે. ત્રણ મુહૂર્તની પોરષીથી લઈને સાડાચાર મુહૂર્તની પોરષી હોય છે. મોટો દિવસ અને મોટી પોરષી અષાઢમાં હોય છે. નાનો દિવસ અને નાની પોરષી પોષ મહીનામાં હોય છે. ૧/૧૨૨ મુહૂર્ત પ્રમાણ પોરષી ક્રમશઃ ઘટે છે અને વધે છે. આસો અને ચૈત્રમાં દિવસ–રાત ૧૫–૧૫ મુહૂર્ત સમાન જ હોય છે. એ સમયે ૩–૩/૪= પોણા ચાર મુહૂર્તની પોરષી હોય છે. આ બધા પ્રમાણકાલ છે.

**(૨) યથાયુષ્ક નિવૃત્તિ કાલ :–** ચારે ગતિમાં જે ઉંમર મળી છે એ કાલનું વ્યતીત હોવું યથાયુષ્ક નિવૃત્તિ કાલ છે.

**(૩) મરણકાલ :–** આયુષ્ય પૂર્ણ થવા પર જે શરીર અને જીવને અલગ થવા રૂપી મૃત્યુ થાય છે તે મરણકાલ છે.

**(૪) અદ્ધાકાલ :–** સમયથી લઈને આવલિકા મુહૂર્ત યાવત્ સાગરોપમ રૂપ જે કાલ વિભાજન છે તે અદ્ધા કાલ છે.

પલ્યોપમ સાગરોપમ થી આયુષ્યની સ્થિતિઓનાં માપ હોય છે. પલ્યોપમ સાગરોપમ રૂપકાળ કેવી રીતે ક્ષય થાય છે, વ્યતીત થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં સુદર્શન શ્રાવકને ભગવાને એના પૂર્વ ભવનું વર્ણન સંભળાવ્યું.

**પૂર્વ ભવ : મહાબલ ચરિત્ર :–** હસ્તિનાપુર નગરમાં 'બલ' નામના રાજા રાજ્ય કરતા હતા. એક વખત એની રાણી પ્રભાવતીએ સ્વમુખમાં સિંહ પ્રવેશનું સ્વપ્ન જોયું. જેના ફળ સ્વરૂપે યોગ્ય સમયે એણે એક પુણ્યશાળી બાળકને જન્મ આપ્યો. રાજાએ પુત્રનો જન્મ મહોત્સવ મનાવ્યો. ત્રીજા દિવસે બાળકને સૂર્યદર્શન કરાવ્યા. છઠ્ઠા દિવસે જાગરણ અને અગિયારમાં દિવસે અશુચિ નિવૃત્તિકરણ કરાવ્યું, બારમાં દિવસે ઉત્સવ ભોજનની સાથે બાલકનું નામકરણ કર્યું. મહાબલકુમાર નામ રાખ્યું.

સુખપૂર્વક એનો બાલ્યકાળ વ્યતીત થયો. સાધિક આઠ વર્ષનો થવાથી એને કલાચાર્યની પાસે અધ્યયન અર્થે મોકલવામાં આવ્યો. યુવાન અવસ્થામાં આઠ કન્યાઓની સાથે એનું પાણિગ્રહણ કરાવ્યું. પિતાએ વિવિધ પ્રકારની સામગ્રી ૮–૮ ની સંખ્યામાં એને પ્રીતિદાનરૂપમાં આપી. આ પ્રકારે તે મહાબલકુમાર માનુષિક સુખ ભોગવતાં કાલ વ્યતીત કરવા લાગ્યો.

એક સમયે વિમલનાથ અરિહંતના પ્રપૌત્ર શિષ્ય ધર્મઘોષ અણગાર હસ્તિનાપુર નગરની બહાર ઉદ્યાનમાં પધાર્યા. જમાલીકુમારની સમાન અહીં મહાબલનું સંપૂર્ણ વર્ણન જાણવું. યથા– ધર્મશ્રવણ, આજ્ઞા પ્રાપ્તિ સંવાદ અને

દીક્ષા ગ્રહણ. તેણે ચૌદપૂર્વોનું અધ્યયન કર્યું, જુદા-જુદા તપ અનુષ્ઠાન કરતાં-કરતાં ૧૨ વર્ષની દીક્ષા પર્યાયનું પાલન કર્યું.

એક મહીનાના સંથારાથી આયુષ્ય પૂર્ણ કરી મહાબલ મુનિ પાંચમાં દેવલોકમાં દસ સાગરોપમની સ્થિતિએ ઉત્પન્ન થયા. ત્યાં દશ સાગરોપમની ઉંમર પૂર્ણ કરી હે સુદર્શન ! તેં અહીં વાણિજ્ય ગ્રામમાં જન્મ લીધો ***યાવત્*** સ્થવિર ભગવંતોની પાસે ધર્મનો બોધ પ્રાપ્ત કરી શ્રમણોપાસક બન્યો છે.

આ પ્રકારે અન્ય જીવોની પણ પલ્યોપમ સાગરોપમની ઉંમર સમાપ્ત થાય છે. ભગવાન દ્વારા પ્રશ્નના સમાધાનમાં પોતાના જ પૂર્વભવનું ઘટનાચક્ર સાંભળ ીને ચિંતન, મનન કરતાં એને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. એની શ્રદ્ધા, વૈરાગ્ય સંવેગમાં અતિ વૃદ્ધિ થઈ. આનંદ અશ્રુઓથી તેના નેત્ર ભરાઈ ગયા અને ત્યાં જ સંયમ સ્વીકાર કર્યો. સુદર્શન શ્રમણોપાસકથી સુદર્શન શ્રમણ બની ગયા. ચૌદપૂર્વનું અધ્યયન કર્યું. બાર વર્ષ સુધી દીક્ષા પર્યાયનું પાલન કરી બધા કર્મોનો ક્ષય કર્યો અને સિદ્ધ, બુદ્ધ, મુક્ત થઈ ગયા.

આ પ્રકરણમાં રાણીના મહેલનું, શય્યાનું, સિંહ સ્વપ્ન, રાજાની પાસે જઈ અને કહેવાનું, રાત્રિ પસાર કરવાનું, સ્વપ્ન પાઠકોનું, પુત્ર જન્મ મહોત્સવનું, ખુશખબર આપવાવાળી દાસીઓનું સન્માનનું, ક્રમશઃ વયવૃદ્ધિનુ, પ્રીતિદાનની પાંચસો પ્રકારની વસ્તુઓનું, વિસ્તૃત વર્ણન મૂળ પાઠમાં દર્શાવ્યું છે. જિજ્ઞાસુ પાઠક પ્રસ્તુત મૂળસૂત્રનો અભ્યાસ કરે. દીક્ષા વગેરેનું વિસ્તૃત વર્ણન અહીં નથી કર્યું. એના માટે જમાલીના પ્રકરણનો નિર્દેશ કર્યો છે, જ્યાં વિસ્તારથી વર્ણન છે.

## ઉદ્દેશક : ૧૨

**ઋષિભદ્રપુત્ર :–** આલંભિકા નામની નગરીમાં ઋષિભદ્ર પ્રમુખ અનેક શ્રમણ ઉપાસક હતા. એક વખત કયાંક થોડા શ્રાવક એકઠા થઈ વાર્તાલાપ કરતા હતા. પ્રસંગોપાત ત્યાં દેવની ઉંમર સંબંધી વાર્તા ચાલી. ત્યારે ઋષિભદ્ર શ્રાવકે બતાવ્યું કે જઘન્ય દસ હજાર વર્ષથી ૧–૧ સમય વૃદ્ધિ થતાં થતાં ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ સુધીની ઉંમર દેવોની હોય છે. કેટલાયને આના પર શ્રદ્ધા ન થઈ. થોડા સમય પછી વિચરણ કરતાં કરતાં શ્રમણ ભગવાન મહાવીરસ્વામી આલંભિકા નગરી પધાર્યા. ઉક્ત શ્રમણોપાસક અને નગરીના અન્ય લોકો ભગવાનની સેવામાં પહોંચ્યા. ઉપદેશ સાંભળીને પરિષદ વિસર્જિત થઈ ગઈ. વંદન નમસ્કાર કરીને તે શ્રમણોપાસકોએ દેવની સ્થિતિનો પ્રશ્ન પૂર્વ હકીકત સાથે પૂછ્યો. ભગવાને



સમાધાન કર્યું કે ઋષિભદ્રનું કથન સત્ય છે. હે આર્યો ! હું પણ આવું જ કથન કરું છું. ત્યારે એ શ્રમણોપાસકોએ શ્રદ્ધા રાખી અને ઋષિભદ્રની સમીપ જઈને વંદન–નમસ્કાર અર્થાત્ પ્રણામ અભિવાદન કરીને પોતાની ભૂલની વિનયપૂર્વક ક્ષમાયાચના કરી. પછી એ શ્રાવકોએ પોતાની જીજ્ઞાસાઓનું સમાધાન કર્યું અને પ્રભુને વંદન–નમસ્કાર કરી અને ચાલ્યા ગયા. શ્રાવકોના ગયા પછી ગૌતમ–સ્વામીના પ્રશ્ન કરવા પર ભગવાને ફરમાવ્યું કે ઋષિભદ્ર પુત્ર દીક્ષા ગ્રહણ નહીં કરે પરંતુ અનેક વર્ષ શ્રાવક પર્યાયનું પાલન કરી એક મહિનાનો સંથારો કરી, કાળ કરી પહેલા દેવલોકમાં ઉત્પન્ન થશે. ત્યાં અઢણાભ વિમાનમાં ચાર પલ્યોપમની ઉંમર પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રથી મોક્ષ પ્રાપ્ત કરશે.

***[વિશેષઃ– કોઈની સત્ય વાતનો સ્વીકાર ન કરવો, અશ્રદ્ધા કરવી કે તેને ખોટું કહેવું એ પણ તેની આશાતના જ કહેવાય છે. આ જ કારણથી ગૌતમસ્વામી પણ ફરીથી આનંદ શ્રાવક પાસે ખમાવવા ગયા હતા. એવી જ રીતે અહીં પણ ઋષિભદ્ર શ્રમણોપાસકને બીજા શ્રાવકોએ ખમાવ્યા. આવી સરળતા લઘુતાની રીત શાસ્ત્રમાં સાધુ શ્રાવક બન્નેને માટે ઘણી જગ્યાએ વર્ણવાયેલ છે. આવા વર્ણનોથી અત્યારના સાધકોને શિક્ષા લઈને એનું આચરણ કરવું જોઈએ.]***

**પુદ્ગલ પરિવ્રાજક :–**

આલંભિકા નગરીના 'શંખવન' નામના ઉદ્યાનની સામે " પુદ્ગલ" નામનો પરિવ્રાજક રહેતો હતો. તેને ચારે વેદનું સાંગોપાંગ જ્ઞાન હતું અને બ્રાહ્મણમતના સિદ્ધાંતોમાં પારંગત હતો. તે છઠ છઠના પારણા કરી અને આતાપના લેતો હતો. પ્રકૃત્તિભદ્ર વિનીત અને સમભાવોમાં પરિણમન કરતાં તેને વિભંગ નામનું જ્ઞાન ઉત્પન્ન થયું. જેનાથી તે પાંચમાં દેવલોક સુધી દેવોને અને એમની ઉંમર પણ જોવા લાગ્યો. જેનાથી એ માનવા લાગ્યો કે આટલો જ લોક છે. એના પછી દેવ પણ નથી અને દેવોની ઉંમર પણ નથી. અર્થાત્ ઉત્કૃષ્ટ દસ સાગરોપમની ઉંમરના દેવ હોઈ શકે છે. એના પછી કોઈ સ્થિતિ હોતી નથી.

શિવરાજર્ષિની જેમ પુદ્ગલ પરિવ્રાજકે પણ નગરીમાં પોતાના જ્ઞાનનો અને મંતવ્યનો પ્રચાર કર્યો. લોકોમાં ચર્ચાનો વિષય બન્યો. સંયોગવશ ભગવાન આલંભિકા નગરીમાં પધાર્યા. ગોતમસ્વામીએ ગોચરી દરમિયાન ચાલુ વાત સાંભળી ભગવાનને નિવેદન કર્યું. ભગવાને પરિષદની સામે જ સ્પષ્ટીકરણ કર્યું.

ભગવાનના વાકય પણ નગરીમાં પ્રચારિત થયા કે–

'અનુત્તર વિમાન સુધી દેવ છે, દેવલોક છે, ઉંમર પણ દેવોમાં ૩૩ સાગરોપમ સુધી છે,' વગેરે.

લોકો પાસેથી આ વાર્તા પુદ્‍ગલ પરિવ્રાજક સુધી પણ પહોંચી. તે શંકિત કાંક્ષિત થઈને ભ્રમિત થઈ ગયો. એનું પણ વિભંગ જ્ઞાન ચાલ્યું ગયું. શિવ-રાજર્ષિની જેમ તે પણ ભગવાનની પર્યુપાસના કરવા ગયો. ઉપદેશ સાંભળ્યો, સંયમ લીધો, એ ભવમાં બધા કર્મો ક્ષય કરી સિદ્ધ ગતિને પ્રાપ્ત કરી.

દેવલોકોમાં ઢપી દ્રવ્ય અને વર્ણાદિ બોલ હોય છે. આ કારણે વિભંગ જ્ઞાનનો વિષય થઈ જાય છે.

**વિશેષ :–** છઠ-છઠના પારણા કરતાં અને આતાપના લેતાં વિવિધ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. વિભંગ જ્ઞાન પણ પરોક્ષ જ્ઞાન હોવાથી એનો પણ લબ્ધિઓમાં સમાવેશ થાય છે.

વાનપ્રસ્થ આશ્રમના તાપસ કંદમૂલ વગેરેને સ્વયં પકાવીને ખાય છે. અને સન્યાસાશ્રમના પરિવ્રાજક ભિક્ષાથી આજીવીકા કરે છે. શિવરાજર્ષિએ તાપસી દીક્ષા ધારણ કરી હતી અને પુદ્‍ગલ પરિવ્રાજકે સંન્યાસી દીક્ષા ગ્રહણ કરી હતી.

**॥ શતક ૧૧/૧૨ સંપૂર્ણ ॥**

## શતક–૧૨ : ઉદ્દેશક–૧

### શંખ પુષ્કલી શ્રમણોપાસકઃ–

શ્રાવસ્તી નગરીમાં શંખ પ્રમુખ ઘણાં બધા શ્રમણોપાસક રહેતા હતા. શંખ શ્રાવકની ઉત્પલા નામની પત્ની હતી. તે પણ જીવાજીવની જાણકાર યોગ્ય ગુણોથી યુક્ત શ્રમણોપાસિકા હતી. પુષ્કલી નામના શ્રમણોપાસક પણ એ જ નગરીમાં રહેતા હતા.

એક વખત ત્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. શ્રાવસ્તી નગરીથી અનેક જનસમૂહ ભગવાનના દર્શન, સેવા માટે કોષ્ટક ઉદ્યાનની તરફ ચાલ્યા. શંખ પુષ્કલી પ્રમુખ શ્રાવક પણ વિશાળ સમૂહની સાથે પગ પાળા ગયા. ભગવાનની સેવામાં પરિષદ એકઠી થઈ. ભગવાને ધર્મ ઉપદેશ આપ્યો. ઉપદેશ સાંભળીને સભા વિસર્જિત થઈ.

**પકખી પૌષધ :–** શંખ પ્રમુખ શ્રાવકોએ વંદન-નમસ્કાર કરી પ્રશ્ન પૂછયા,



સમાધાન ગ્રહણ કરી અને વંદન-નમસ્કાર કરી ઘરે જવા માટે રવાના થયા. માર્ગમાં શંખ શ્રમણોપાસકે કહ્યું કે આજ પક્ખી છે. આપણે બધા ખાઈ-પીને સામૂહિક પૌષધ કરીએ. અન્ય શ્રાવકોએ એમનું કથન સ્વીકાર્યું. સ્થાન અને ભોજન તૈયાર કરવાની જવાબદારી માટે નિર્ણય લેવાયો. બધા પોતાના ઘેર જઈ આવ્યા અને એક સ્થાન પર એકઠા થયા. પૌષધવ્રત(દયાવ્રત) લીધું. ભોજનનો સમય નજીક આવવા લાગ્યો પરંતુ શંખ શ્રમણોપાસક આવ્યા ન હતા. એનું કારણ એ થયું કે પૌષધનો નિર્ણય કરી બધા શ્રાવક પોત પોતાના ઘરની દિશામાં ચાલ્યા. ઘરે પહોંચતા પહેલાં જ શંખજીના વિચાર પરિવર્તિત થઈ ગયા. તેમને ઉપવાસ યુક્ત પૌષધ કરવાનો વિચાર દઢ થઈ ગયો. ઘેર આવી ઉત્પલા પત્નીને પૂછીને પૌષધશાળામાં ઉપવાસ સાથે પૌષધ અંગીકાર કર્યો.

**શ્રાવક-શ્રાવિકાના વંદન વ્યવહાર :–** શ્રાવકોએ શંખજીને બોલાવવા જવાનો નિર્ણય કર્યો. ત્યારે પુષ્કલી શ્રાવક શંખજીના ઘરે ગયા. ઉત્પલા શ્રમણોપાસિકાએ પુષ્કલી શ્રાવક ને ઘરમાં આવતાં જોઈ અને આસનથી ઉઠી સાત-આઠ કદમ (પગલા) સામે જઈ અને વંદન-નમસ્કાર કર્યા, આવવાનું કારણ પુછયું. પુષ્કલી શ્રાવકે કહ્યું કે શંખ શ્રમણોપાસક કયાં છે? પૌષધશાળા તરફ સંકેત કરતાં ઉત્પલાએ બતાવ્યું કે એમણે પૌષધ કર્યો છે. પુષ્કલી શ્રાવક પૌષધશાળામાં આવ્યા. ઈરિયા– વહિનું પ્રતિક્રમણ કર્યું પછી ચાલવા માટે નિવેદન કર્યું.

**ખાતાં-પીતાં પૌષધ :–** શંખ શ્રમણોપાસકે સ્પષ્ટીકરણ કર્યું કે મેં ઉપવાસ સાથે પૌષધ ગ્રહણ કરી લીધો છે. તમે હવે તમારી ઈચ્છા અનુસાર ખાતાં-પીતાં પૌષધ કરો. પુષ્કલી શ્રમણોપાસક પાછા આવી ગયા અને કહ્યું કે શંખજી નહીં આવે. પછી એ શ્રાવકોએ ખાતાં-પીતાં પૌષધ કર્યો.

**શ્રાવકોમાં વ્યંગ વ્યવહાર અને પ્રભુ દ્વારા સંબોધન :–** બીજા દિવસે બધા શ્રાવક ભગવાનના સમવસરણમાં પહોંચ્યા. શંખજી પૌષધના પારણા કર્યા વગર જ વસ્ત્ર બદલીને ભગવાનના દર્શન કરવા ગયા. પરિષદ એકઠી થઈ. ધર્મ ઉપદેશ થયો. સભા વિસર્જિત થઈ. બીજા શ્રમણોપાસક શંખજીની પાસે પહોંચીને એમને ઉપાલંભ દેવા લાગ્યા કે તમે જ પ્રસ્તાવ રાખ્યો (આદેશ આપ્યો) અને પછી પોતે જ ઉપવાસ સાથે પૌષધ કરી લીધો. આ રીતે ઉપાલંભ વ્યંગ વચનો થવા લાગ્યા. ત્યારે ભગવાને શ્રાવકોને સંબોધન કર્યું અને કહ્યું– હે આર્યો ! આ પ્રકારે શંખ શ્રમણોપાસકની તમે હીલના(અવહેલના) ન કરો. શંખ શ્રમણોપાસકે સુંદર ધર્મ આચરણ અને ધર્મ જાગરણા કરી છે. તે દઢધર્મી, પ્રિયધર્મી શ્રમણોપાસક છે.

**કષાયનું ફળ :–** પછી શ્રમણોપાસક શંખના પ્રશ્નનો ઉત્તર દેતાં ભગવાન મહાવીરે ફરમાવ્યું કે ક્રોધ, માન વગેરેથી વશીભૂત થઈને જીવ સાત કર્મની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશ(આ બધાં)ની વૃદ્ધિ કરે છે, અશાતા વેદનીયનો વારંવાર બંધ કરે છે અને ચતુર્ગતિક સંસારમાં પરિભ્રમણ કરે છે.

**શંખ શ્રમણોપાસકની ગતિ :–** પછી એ શ્રમણોપાસકોએ શંખ શ્રમણોપાસકને વંદન-નમસ્કાર કરી થયેલ આસાતનાની વિનયપૂર્વક ક્ષમાયાચના કરી. ત્યાર પછી પોત-પોતાના ઘરે ગયા. ગૌતમસ્વામીએ શંખ શ્રમણોપાસકના દીક્ષા લેવા સંબંધી પ્રશ્ન કર્યો. ઉત્તરમાં ભગવાને કહ્યું કે તે દીક્ષા લેશે નહીં. શ્રમણોપાસક પર્યાયથી દેવલોકમાં જાશે અને ત્યાંથી મહાવિદેહમાં જન્મ લઈ, સંયમ તપની આરાધના કરી બધા દુ:ખોનો અંત કરશે.

**શંખ પુષ્કલીજીના પૌષધ પર ચિંતન સાર :–** પ્રસ્તુત પ્રકરણમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી અને ગૌતમ ગણધરની જાણકારીમાં એમના શાસનમાં સમસ્ત શ્રમણોપાસકોમાં પ્રમુખ શંખ પુષ્કલીજીના પક્ખી પર્વ દિન માટે પૌષધનું વર્ણન છે. આ ભગવતી સૂત્ર પણ સમસ્ત ઉપલબ્ધ આગમોમાં મહત્ત્વપૂર્ણ શ્રદ્ધાકેન્દ્રનું આગમ છે અને ગણધરો દ્વારા રચિત છે.

અહીં વર્ણિત શ્રાવકોએ મહીનામાં બે આઠમ, બે ચૌદસ, અમાવસ્યા, પૂર્ણિમા એમ ૬–૬ પ્રતિપૂર્ણ પૌષધ કરવાના વ્રત ધારણ કર્યા હતા. પકખીપર્વ અમાવાસને પૂનમના જ હોય છે અને વર્તમાન પ્રણાલીથી ચૌદશની પણ હોય છે. તેથી શ્રમણોપાસકોના ૬ પ્રતિપૂર્ણ પૌષધનો જ તે દિવસ હતો. એ દિવસે ભગવાનનું પ્રવચન સાંભળીને ઘરે જતાં સમયે માર્ગમાં શંખ શ્રમણોપાસકે ખાતાં પીતાં(આહાર યુક્ત ઉપવાસ વિના) પૌષધ કરવાનો પ્રસ્તાવ રાખ્યો અને જેનો પુષ્કલી આદિ શ્રાવકોએ સ્વીકાર કર્યો. ત્યારે એક જગ્યાએ એકઠા થઈને ત્યાં ભોજન કરીને પૌષધ કરવાનો નિર્ણય લીધો હતો. તે સ્થાન સંભવતઃ પુષ્કલીજીની પૌષધ–શાળાનું રાખ્યું. કેમ કે ભોજન સમય સુધી શંખજીના ન આવવા પર પુષ્કલીજી સ્વયં પૌષધ વ્રતમાં તેમને બોલાવવા ગયા.

પુષ્કલીજી જ્યારે શંખજીને બોલાવવા એની પૌષધશાળામાં ગયા ત્યારે એમણે પહેલા ઈરિયાવહિનો કાયોત્સર્ગ કર્યો, પછી વાત કરી. આનાથી એમનું પૌષધમાં જવાનું સ્પષ્ટ થાય છે. પછી પુષ્કલીજીના પાછા આવવા બાદ બધાએ આહાર કર્યો. આથી એ ફલિતાર્થ નિકળે છે કે–



(૧) શ્રાવકના ૧૧ માં વ્રતમાં ઉપવાસ વિના પણ પૌષધ કરી શકાય છે. (૨) આવો પૌષધ પણ પ્રતિપૂર્ણ પૌષધ કહેવાય છે.(સાવદ્ય ત્યાગની અપેક્ષા) (૩) પૌષધ પચ્ચકખાણ પછી આહાર કરી શકાય છે. (૪) પૌષધ પચ્ચક્ખાણ બાદ આવશ્યકતા હોવા પર યતનાપૂર્વક એક જગ્યાએથી બીજી જગ્યાએ ગમનાગમન કરી શકાય છે. એના માટે પહેલાથી મર્યાદા કરવાની આવશ્યકતા હોતી નથી. (૫) વ્યાખ્યાન સાંભળીને પછી પોત–પોતાના ઘરે જઈ આવશ્યક નિર્દેશ કરી ફરી એક જગ્યાએ એકત્રિત થવામાં એક પ્રહરથી વધારે સમય પણ લાગી શકે છે. (૬) ખાતાં-પીતાં સામુહિક પૌષધની વાત નહોત તો તે શ્રાવક તે દિવસે પક્ખી હોવાને કારણે ઘરે જઈને પૌષધ તો કરવાના જ હતા, પરંતુ કેવો પૌષધ કરતા અને કયારે કરતા એ નિર્ણય તે સમય સુધી લેવાયો ન હતો. તેથી ઘરે જઈને કોઈ ખાતાં-પીતાં પૌષધ કરતા, કોઈ ઉપવાસ સાથે પણ કરતા અને કોઈ ઘેર જઈને તરત જ પૌષધ કરતા, કોઈ થોડા સમય પછી પણ કરતા. તેથી પ્રતિપૂર્ણ પૌષધ–વ્રતધારી શ્રાવકો માટે પણ આઠ પ્રહરના સમયનો અથવા ચૌવીહાર ત્યાગનો(ચારે ય આહાર ન કરવાનો) આગ્રહ ન હતો. આ બધા ફલિતાર્થોમાં સ્વયં ભગવતી સૂત્ર, ૬ પ્રતિપૂર્ણ પૌષધ વ્રતધારી પ્રમુખ શ્રાવક અને ભગવાન મહાવીર સ્વામી સાક્ષીરૂપ અને પ્રમાણરૂપ છે. આવો ચોક્ખો પાઠ હોવા છતા વ્યક્તિગત કે પરંપરાઓના આગ્રહમાં કોઈ દ્વારા આ સૂત્ર ફલિતાર્થોનો અસ્વીકાર કરવો ખરેખર નાસમજ અને દુરાગ્રહ છે. અનેકાંતિક વ્યવહાર વૃત્તિવાળાઓને આ જિન શાસનમાં અનાગમિક એકાંત આગ્રહ ન કરવા જોઈએ.

## ઉદ્દેશક : ૨

**જયંતી શ્રમણોપાસિકા :–** કૌશામ્બી નામની નગરીમાં ઉદાયન રાજા રાજય કરતા હતા. એની માતા મૃગાવતી ચેડા રાજાની પુત્રી હતી અને એની ફોઈ જયંતી શ્રમણોપાસિકા હતી. તે ભગવાનના સાધુઓની પ્રથમ શય્યાતરી-મકાન આપનારી હતી. ઉદાયન રાજાના પિતા શતાનીક અને દાદા સહ[illegible]ાનીક હતા. મૃગાવતી પણ ગુણ સંપન્ન શ્રમણોપાસિકા હતી.

એક વખત ભગવાન મહાવીર સ્વામી વિચરણ કરતાં કરતાં કૌશામ્બી નગરીમાં પધાર્યા. ઉદાયન રાજા, કોણિક રાજાની જેમ ભગવાનના દર્શન કરવા ગયા. મૃગાવતી અને જયંતિ શ્રમણોપાસિકા પણ સાથે દર્શન કરવા ગઈ. ભગવાને ઉદાયન, મૃગાવતી અને જયંતિ પ્રમુખ ઉપસ્થિત આખી પરિષદને ધર્મોપદેશ

આપ્યો. પરિષદ વિસર્જિત થઈ. ઉદાયન રાજા અને મૃગાવતી દેવી પણ ચાલ્યા ગયા.

**પંદર પ્રશ્નોત્તર :–** જયંતિ શ્રમણોપાસિકાએ વંદન-નમસ્કાર કરી ભગવાનને અનેક પ્રશ્ન કર્યા. એ પ્રશ્નોના ઉત્તર આ પ્રમાણે છે.

**૧–૪.** અઢાર પાપોના સેવનથી જીવ ભારે હોય છે. સંસાર વધારે છે, કર્મોની સ્થિતિ વધારે છે અને સંસાર સાગરમાં પરિભ્રમણ કરે છે.

અઢાર પાપોના ત્યાગ કરવાથી જીવ હલકો થાય છે. સંસાર ઘટે છે. કર્મોની સ્થિતિ ઘટાડે છે અને સંસાર સાગરથી તરે છે.

**૫.** ભવી જીવ સ્વભાવથી અનાદિથી હોય છે અર્થાત્ નવા પરિણમન થઈને કોઈ ભવી નથી બનતાં.

**૬–૭.** બધા ભવસિદ્ધિક જીવ સિદ્ધ થાય છે. સ્વભાવની અપેક્ષાએ જ આ કથન છે. તેથી ભવ સિદ્ધિક જીવોથી આ સંસાર કયારે ય ખાલી નહીં થાય. એનું કારણ એ છે કે એ જીવોની સંખ્યા ખૂબ જ વિશાળ છે. યથા આકાશની એક શ્રેણીમાં અનંત પ્રદેશ છે. એને કોઈ કાઢે તો તે એક શ્રેણી પણ કયારે ય ખાલી થઈ શકતી નથી તો આકાશની અનંત શ્રેણીઓની ખાલી થવાની વાત જ થઈ શકતી નથી, એ જ રીતે નિગોદમાં અનંતાનંત જીવ છે. તેમાંથી એક નિગોદ જેટલા ભવી જીવ પણ કયારે ખાલી નહી થાય તો આ આખો સંસાર ભવી જીવોથી ખાલી થવાનો પ્રશ્ન જ થતો નથી. અર્થાત્ આ સંસાર અને જીવોનું મોક્ષ જવું એ બન્ને આજ સુધી અનાદિથી ચાલે છે અને ચાલતા રહેશે. જે રીતે ભવિષ્યકાળ પણ અનાદિથી ચાલ્યો આવે છે અને અનંત કાલ સુધી ચાલુ રહેશે તે જ રીતે જીવ પણ સિદ્ધ થતા રહેશે અને સંસાર પણ ચાલતો રહેશે.

**૮–૧૦.** જીવ સુતા પણ સારા અને જાગતા પણ સારા. જે ધર્મી જીવો છે તે જાગતાં સારા છે, કેમ કે તે ધર્મની વૃદ્ધિ કરશે. જે પાપી જીવો છે તે સૂતેલા સારા છે, કેમ કે પાપ કૃત્ય ઓછું થશે. આ પ્રકારે જીવ **નબળા** પણ સારા અને **બલવાન** પણ સારા. **આળસુ** પણ સારા અને **ઉદ્યમી** પણ સારા.

**૧૧–૧૫.** પાંચ ઈન્દ્રિયોના શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ આદિ વિષયોમાં આસક્ત રહેનારા જીવ સાત કર્મોની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશોની વૃદ્ધિ કરે છે; અશાતા વેદનીયનો વારંવાર બંધ કરે છે અને ચતુર્ગતિક સંસારમાં પરિભ્રમણ કરે



છે. આયુષ્ય કર્મ તો જીવનમાં એકવાર બંધાય છે. અતઃ સાત કર્મ કહેવાયા છે.

જયંતી શ્રમણોપાસિકાએ સંયમ ગ્રહણ કર્યો અને સંપૂર્ણ કર્મોનો અંત કરીને એજ ભવમાં સિદ્ધ થઈ.

**વિશેષ :–** જયંતી શ્રમણોપાસિકાના પતિ અને પુત્રોનું કથન નથી. દીક્ષા પણ એણે સમવસરણમાં એજ સમયે લઈ લીધી હતી. માટે તે સંપન્ન અને સ્વતંત્ર જીવનવાળી શ્રાવિકા હતી અને એનું મકાન સદા સાધુ-સાધ્વીઓને રહેવાના ઉપયોગમાં આવતું હતું. એટલા માટે તેના પરિચય વર્ણનમાં શ્રમણોને મકાન દેવાવાળી પ્રથમ શય્યાતરી કહી છે.

## ઉદ્દેશક : ૩

નરક પૃથ્વીઓનું વર્ણન જીવાભિગમ સૂત્રની સમાન છે.

## ઉદ્દેશક : ૪

દ્વિ પ્રદેશીના બે વિભાગ હોઈ શકે છે = પરમાણુ + પરમાણુ ( ૧ + ૧ ) = ૧ વિકલ્પ.

ત્રણ પ્રદેશીના બે અને ત્રણ વિભાગ હોઈ શકે છે = પરમાણુ + બે પ્રદેશી ( ૧ + ૨ ), ત્રણે ય પરમાણુ ( ૧+ ૧+ ૧) ભંગ ૨.

ચાર પ્રદેશીનાં બે, ત્રણ કે ચાર વિભાગ હોઈ શકે છે. = ૧+ ૩, ૨+ ૨, ૧+ ૧+ ૨, ૧+ ૧+ ૧+ ૧ = ભંગ ૪.

પાંચ પ્રદેશીના ૨–૩–૪–૫ વિભાગ અને ૬ ભંગ હોય છે. = ૧+ ૪, ૨+ ૩, ૧+ ૧+ ૩, ૧+ ૨+ ૨, ૧+ ૧+ ૧+ ૨, ૧+ ૧+ ૧+ ૧+ ૧

છ પ્રદેશીના ૨–૩–૪–૫–૬ વિભાગ અને ૧૦ ભંગ હોય છે.= ૧+ ૫, ૨+ ૪,૩+ ૩, ૧+ ૧+ ૪, ૧+ ૨+ ૩, ૨+ ૨+ ૨, ૧+ ૧+ ૧+ ૩, ૧+ ૧+ ૨+ ૨, ૧+ ૧+ ૧+ ૧+ ૨, ૧+ ૧+ ૧+ ૧+ ૧+ ૧

આ પ્રકારે જેટલા પ્રદેશી હોય છે તેનાથી વિભાગ એક ઓછો સમજવો અને ભંગસંખ્યા પણ ઉપર કહેલ વિધિથી સમજી લેવી. ભંગ સંખ્યા આ પ્રકારે છે.

સાત પ્રદેશી = ૧૪ ભંગ. આઠ પ્રદેશી = ૨૧ ભંગ. નવ પ્રદેશી = ૨૮ ભંગ. દસ પ્રદેશી = ૩૯ ભંગ.

**સંખ્યાત પ્રદેશીના :–** દ્વિ સંયોગી ૧૧, ત્રણ સંયોગી ૨૧, ચાર સંયોગી ૩૧, પાંચ

સંયોગી ૪૧, છ સંયોગી ૫૧, સાત સંયોગી ૬૧, આઠ સંયોગી ૭૧, નવ સંયોગી ૮૧, દસ સંયોગી ૯૧, સંખ્યાત સંયોગીના એક ભંગ. કુલ = ૪૬૦ ભંગ.

**અસંખ્યાત પ્રદેશીના :–** દ્વિ સંયોગી ૧૨, ત્રણ સંયોગી ૨૩, ચાર સંયોગી ૩૪, પાંચ સંયોગી ૪૫, છ સંયોગી ૫૬, સાત સંયોગી ૬૭, આઠ સંયોગી ૭૮, નવ સંયોગી ૮૯, દશ સંયોગી ૧૦૦, સંખ્યાત સંયોગી ૧૨, અસંખ્યાત સંયોગીના એક = કુલ ૫૧૭ ભંગ.

**અનંત પ્રદેશીના :–** દ્વિ સંયોગી ૧૩, ત્રણ સંયોગી ૧૩, ત્રણ સંયોગી ૨૫, ચાર સંયોગી ૩૭, પાંચ સંયોગી ૪૯, છ સંયોગી ૬૧, સાત સંયોગી ૭૩, આઠ સંયોગી ૮૫, નવ સંયોગી ૯૭, દસ સંયોગી ૧૦૯, સંખ્યાત સંયોગી ૧૩, અસંખ્યાત સંયોગી ૧૩, અનંત સંયોગી ના એક = કુલ ભંગ ૫૭૬ ભંગ.

જો કે સંખ્યાત પ્રદેશીના સંખ્યાતા, અસંખ્યાત પ્રદેશીને અસંખ્યાતા અને અનંત પ્રદેશીના અનંત ભાગ હોઈ શકે છે. પરંતુ તે કથન પદ્ધતિમાં સંભવ નથી.

તેથી આગમમાં એક અપેક્ષિત કથન પદ્ધતિ કાયમ રાખીને ક્રમશઃ ઉક્ત ૪૬૦, ૫૧૭, ૫૭૬ ભંગ જ કહ્યા છે. ગાંગેય અણગારના પ્રશ્નોત્તર રૂપ પ્રવેશનક ભંગમાં પણ આવી જ પદ્ધતિ સ્વીકારી છે. અપેક્ષિત પદ્ધતિથી અહીં આ પ્રકારે ભંગ બને છે.

**સંખ્યાત પ્રદેશીના ભંગની રીત :–**

દ્વિ સંયોગી ૧+ સંખ્યાત, ૨+ સંખ્યાત, ૩ + સં, ૪ + સં, ૫ + સં, ૬ + સં, ૭ + સં, ૮ + સં, ૯ + સં, ૧૦ + સં, સં, + સં, = ૧૧ ભંગ

ત્રણ સંયોગી– ૧ + ૧ + સં, ૧ + ૨ + સં,૧ + ૩ + સં,૧ + ૪ + સં,૧ + ૫ + સં,૧ + ૬ + સં,૧ + ૭ + સં,૧ + ૮ + સં,૧ + ૯ + સં,૧ + ૧૦ + સં, ૧ + સં + સં, ૨ + સં + સં,૩ + સં + સં,૪ + સં + સં,૫ + સં + સં, ૬ + સં + સં,૭ + સં + સં, ૮ + સં + સં, ૯ + સં + સં,૧૦ + સં + સં, સં + સં + સં = ૨૧ ભંગ.

આ વિધિથી સંખ્યાત અસંખ્યાત અનંત પ્રદેશી ના દસ સંયોગી સુધીના ભંગ બનાવવા જોઈએ.

**અસંખ્યાત પ્રદેશીમાં સંખ્યાત સંયોગી ૧૨ ભંગ :–** સંખ્યાત પરમાણુ + એક અસંખ્ય પ્રદેશી, સંખ્યાતા દ્વિપ્રદેશી + એક અસંખ્ય પ્રદેશી, આ પ્રકાર ત્રણ પ્રદેશી આદિ સંખ્યાત ખંડ થશે અને એક અસંખ્ય પ્રદેશી નો. યથા–૪ પ્રદેશી સં. + ૧



અસં., ૫ પ્રદેશી સં. + ૧ અસં., ૬ પ્રદેશી સં. + ૧ અસં., ૭ પ્રદેશી સં. + ૧ અસં., ૮ પ્રદેશી સં.+ ૧ અસં., ૯ પ્રદેશી સં. + ૧ અસં., ૧૦ પ્રદેશી સં. + ૧ અસં., સંખ્યાતા પ્રદેશી સંખ્યાત + ૧ અસં., સંખ્યાતા અસંખ્યાત પ્રદેશીના ખંડ(સંખ્યાત અસં.) આ ૧૨ ભંગ થયા.

**અનંત પ્રદેશીના ૧૩–૧૩ ભંગ :–** (૧) સંખ્યાતા પરમાણુ + એક અનંત પ્રદેશી ***યાવત્*** (૧૦) સંખ્યાતા દસ પ્રદેશી + એક અનંત પ્રદેશી (૧૧) સંખ્યાતા સંખ્યાત પ્રદેશી + એક અનંત પ્રદેશી (૧૨) સંખ્યાતા અસંખ્યાત પ્રદેશી + એક અનંત પ્રદેશી (૧૩) સંખ્યાતા જ અનંત પ્રદેશી આ પ્રકારે અસંખ્યની સાથે પણ આ જ ૧૩ ભંગ બને છે.

**એક ભંગ :–** સંખ્યાત પ્રદેશી અસંખ્યાત પ્રદેશી અને અનંત પ્રદેશીના જે અંતિમ એક-એક ભંગ કહ્યા છે, એમાં બધા પરમાણુ થઈ જાય છે અર્થાત્ સંખ્યાત પરમાણુ, અસંખ્યાત પરમાણુ અને અનંત પરમાણુ થાય છે.

**વિશેષ નોંધ :–**

૨–૨–૫, ૨–૨–૬, ૧–૨–૨–૫ આ ત્રણ ભંગ મૂળ પાઠમાં નથી એનું કારણ કાંઈપણ ત્યાં સ્પષ્ટ નથી કર્યું. વ્યાખ્યામાં પણ કોઈ વિચારણા આપી નથી. પરંતુ મૂળમાં નથી એટલા માટે "શૂન્ય" છે. એવું કથન કરી દીધું છે.

વાસ્તવમાં અહીં શૂન્ય હોવાનો કોઈ પ્રસંગ જ નથી. તેથી એવું કહેવું અસંગત પ્રતિત થાય છે. કેમ કે જ્યારે આઠ પ્રદેશીના ત્રણ ખંડ ૨–૨–૪ થઈ શકે છે. તો નવ પ્રદેશીમાં ૨–૨–૫ આમ ત્રણ ખંડ હોવામાં કોઈ અડચણ કેમ હોય ? આ રીતે દસ પ્રદેશીના ત્રણ ખંડ ૨–૨–૬ અને ચાર ખંડ ૧–૨–૨–૫ આ પ્રકારે પુદ્‌ગલના વિભાજન હોવામાં પણ કોઈ સૈદ્ધાંતિક બાધા આવતી નથી કેમ કે સિદ્ધાંતમાં ૨–૨–૩, ૧–૨–૩, ૨–૨–૪, ૩–૩–૩–૩–૩–૪ આ બધા ભંગ બનાવ્યા છે. ત્યારે ઉપરના ત્રણ ભંગોનો નિષેધ કેવી રીતે કરી શકાય અને એના નિષેધનું કોઈ કારણ પણ નથી.

તેથી નિષ્કર્ષ એ છે કે ઉપરના ત્રણ ભંગ જે મૂળ પાઠમાં નથી એ ક્યારેક પણ લિપિ પ્રમાદથી છૂટી ગયા છે. એવું સ્વીકારી લેવું જોઈએ. એવું માનવાથી નવ પ્રદેશી ૨૮ + ૧ = ૨૯ ભંગ થશે અને દસ પ્રદેશી ના ૩૯ + ૨ = ૪૧ ભંગ થશે.

એવું માનવું જ યોગ્ય અને સંગત પ્રતીત થાય છે. ભંગોને અકારણ શૂન્ય

કહી દેવું, એનો હેતુ ન સમજાવી શકવો એ જ સિદ્ધ કરે છે કે લિપિ દોષથી આ ત્રણ ભંગ મૂળપાઠમાં કયારેક પણ છૂટી ગયા છે.

**પુદ્ગલ પરિવર્તન(પરાવર્તન) :–**

(૧) એક ઉત્સર્પિણી એક અવસર્પિણી મળીને એક કાળચક્ર થાય છે. એવા અનંત કાળચક્ર હોવાથી એક પુદ્ગલ પરાવર્તન કાળ હોય છે. એ અનંત કાળ ચક્રના માપ સાત પ્રકારથી હોય છે. જેના કારણે પુદ્ગલ પરાવર્તન પણ સાત પ્રકારના કહેવાયા છે.

(૧) ઔદારિક પુદ્ગલ(૨) વૈક્રિય(૩) તૈજસ (૪) કાર્મણ (૫) મન (૬) વચન (૭) ✓ાસો✓ાસ પુદ્ગલ પરાવર્તન.

(૨) આ સાત વર્ગણારૂપમાં પરિવર્તિત થયેલ લોકના સંપૂર્ણ(બધા) પુદ્ગલ એક જીવ દ્વારા એ જ રૂપમાં ગ્રહણ કરાય એમાં જેટલો સમય લાગે તે એનો પુદ્ગલ પરાવર્તન કાલ હોય છે. બધાથી નાનો પુદ્ગલ પરાવર્તન કાલ "કાર્મણ" નો છે. કેમ કે પ્રત્યેક ભવમાં પ્રતિ સમયમાં કાર્મણના પુદ્ગલ ગ્રહણ કરાય છે. એનાથી તૈજસ પુદ્ગલ પરાવર્તન મોટો હોય છે. તેના પુદ્ગલોનું ગ્રહણ ઓછું થાય છે. એનાથી ઔદારિક પુદ્ગલ પરાવર્તન મોટો હોય છે. કેમ કે બે ગતિમાં તે હોતા નથી, દસ–દંડકમાં જ હોય છે. એનાથી ✓ાસો✓ાસ પુદ્ગલ પરાવર્તન મોટા હોય છે. કેમ કે અપર્યાપ્ત મરનારા કેટલાય જીવ ✓ાસો✓ાસ નથી લેતા. અને દેવોમાં બહુ જ અલ્પ(થોડું) ✓ાસો✓ાસ હોય છે. અતઃ ઔદારિક પુદ્ગલ પરાવર્તનથી ✓ાસો✓ાસ પુદ્ગલ પરાવર્તન હોવામાં સમય વધારે લાગે છે. આનાથી મન પુદ્ગલ પરાવર્તન, વચન પુદ્ગલ પરાવર્તન, વૈક્રિય પુદ્ગલ પરાવર્તન ક્રમશઃ અધિકાધિક સમયમાં નિષ્પન્ન થાય છે. આ પ્રકારે બધાથી નાનું કાર્મણ પુદ્ગલ પરાવર્તન છે અને બધાથી મોટું વૈક્રિય પુદ્ગલ પરાવર્તન થાય છે.

(૩) સંખ્યાની અપેક્ષાએ વૈક્રિય પુદ્ગલ પરાવર્તન અલ્પ હોય છે અને ક્રમશઃ વચન, મન, ✓ાસો✓ાસ, ઔદારિક, તૈજસ અને કાર્મણ પુદ્ગલ પરાવર્તન અનંત ગુણા અધિક છે.

(૪) ચૌવીસ દંડકના એક એક જીવે ભૂતકાળમાં સાતે ય પુદ્ગલ પરાવર્તન અનંત કર્યા છે. ભવિષ્યમાં કોઈ તો નહી કરે અને કરશે તો ૧–૨–૩ ઉત્કૃષ્ટ અનંત (એગુત્તરિય) કરશે.

(૫) ચૌવીસ દંડકના એક એક જીવે પ્રત્યેક દંડકમાં આ સાતે પુદ્ગલ પરાવર્તન



અનંત કર્યા છે અને ભવિષ્યમાં કોઈ તો નહી કરે અને કોઈ કરશે તો એગુત્તરિય (૧–૨–૩ના ક્રમથી); વિશેષ એ છે કે નારકી દેવતામાં પ્રત્યેક દંડકના જીવે ઔદારિક પુદ્ગલ પરાવર્તન ભૂતકાળમાં પણ કર્યા નથી અને ભવિષ્યમાં પણ કરશે નહીં. એ જ રીતે પાંચ સ્થાવરમાં વચન પુદ્ગલ, ૮ દંડક(પાંચ સ્થાવર ત્રણ વિકલેન્દ્રિય)માં મન પુદ્ગલ અને ૭ દંડક(ચાર સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય)માં વૈક્રિય પુદ્ગલ પરાવર્તન કર્યા નથી, કરશે નહીં.

(૭) ચૌવીસ દંડકના અનેક જીવોએ ૨૪ દંડકમાં સાતે ય પુદ્ગલ પરાવર્તન અનંત કર્યા છે અને અનંત કરશે. વિશેષ એ છે કે ૧૪ દંડકમાં ઔદારિક, ૫ દંડકમાં વચન, ૭ દંડકમાં વૈક્રિય અને ૮ દંડકમાં મન પુદ્ગલ પરાવર્તન જીવોએ કર્યા નથી અને કરશે નહીં.

(૮) અસંખ્ય સૂક્ષ્મ સમયની એક આવલિકા થાય છે. યાવત્ ૮૪ લાખ શીર્ષ પ્રહેલિકાંગની એક શીર્ષ પહેલિકા. એનાથી આગળ પલ્યમાં વાલાગ્ર ભરવાની ઉપમાથી કાલ (કાળ)નું માપ હોય છે. તે છે પલ્યોપમ સાગરોપમ. વિસ્તૃત વર્ણન માટે જુઓ અનુયોગદ્વાર સૂત્ર સારાંશ ખંડ નં.–૭.

દસ ક્રોડાક્રોડ પલ્યોપમનો એક સાગરોપમ હોય છે. એવા ચાર ક્રોડાક્રોડ સાગરોપમનો અવસર્પિણીનો પહેલો આરો, ત્રણ ક્રોડાક્રોડ સાગરોપમનો બીજો આરો અને બે ક્રોડાક્રોડ સાગરોપમનો ત્રીજો આરો હોય છે. ચોથો પાંચમો છઠો આરો મળીને એક ક્રોડાક્રોડ સાગરના હોય છે.

આ પ્રકારે દસ ક્રોડાક્રોડ સાગરોપમની એક અવસર્પિણી અને દસ ક્રોડાક્રોડ સાગરોપમની એક ઉત્સર્પિણી હોય છે.

(૯) જીવોના સંસાર ભ્રમણના કાળ, કાયસ્થિતિ આદિ વૈક્રિય પુદ્ગલ પરા–વર્તનની અપેક્ષા સમજવા જોઈએ. અન્ય ૬ પુદ્ગલ પરાવર્તન કેવળ જ્ઞેય માત્ર હોય છે.

## ઉદ્દેશક : ૫

**રૂપી અરૂપી :–**

**(૧) ચૌફરસી રૂપી :–** ૧૮ પાપ, ૮ કર્મ, કાર્મણ શરીર, મન, વચન યોગ, સૂક્ષ્મ પુદ્ગલ સ્કંધ= ૩૦ બોલમાં વર્ણાદિ ૧૬ બોલ હોય છે.

**(૨) અઠફરસી રૂપી :–** ૬ દ્રવ્યલેશ્યા, ૪ શરીર, કાયયોગ, બાદર સ્કંધ, ઘનવાય,

તનુવાય, ઘનોદધિ = ૧૫ બોલમાં વર્ણાદિ ૨૦ બોલ હોય છે.

**(૩) અરૂપી પદાર્થ :–** ૧૮ પાપ ત્યાગ, ૧૨ ઉપયોગ, ૬ ભાવલેશ્યા, ૫ દ્રવ્ય, ૪ બુદ્ધિ, ૪ અવગ્રહ વગેરે, ૩ દષ્ટિ, ૫ જીવની શક્તિ ઉત્થાનાદિ, ૪ સંજ્ઞા = આ ૬૧ બોલ અઢપી છે. એનામાં વર્ણાદિ ૨૦માંથી એકપણ નથી હોતા. એમાં **અગુઢલઘુ** આ એક ગુણ હોય છે.

**(૪) ક્રોધના પર્યાયવાચી દસ શબ્દ :–** ક્રોધ, કોપ, રોષ, દોષ, અક્ષમા, સંજ્વલન, કલહ, ચાંડિકય, ભંડણ, વિવાદ.

**(૫) માનના પર્યાયવાચી ૧૨ શબ્દ :–** માન, મદ, દર્પ, સ્તંભ, ગર્વ(ઘમંડ), આત્મોત્કર્ષ, પરપરિવાદ, ઉત્કર્ષ, અપકર્ષ, ઉન્નત, ઉન્નામ, દુર્નામ.

**(૬) માયાના પર્યાયવાચી ૧૫ શબ્દ :–** માયા, ઉપધિ, નિકૃતિ, વલય, ગહન, નૂમ, કલંક, કુઢપ, જિહ્મતા, કિલ્વિષ, આદરણતા, ગૂહનતા, વંચનતા, પ્રતિ–કુંચનતા, સાતિયોગ(સાદિ).

**(૭) લોભના પર્યાયવાચી ૧૬ શબ્દ :–** લોભ, ઈચ્છા, મૂર્છા, કાંક્ષા, ગૃદ્ધિ, તૃષ્ણા, લજ્જા, ભિદયા, આશંસના, પ્રાર્થના, લાલપનતા, કામાશા, ભોગાશા, જીવિતાશા, મરણાશા, નંદિરાગ.

આ બધા શબ્દો એકાર્થક છે. અપેક્ષાથી એના સ્વતંત્ર અર્થ પણ નીકળે છે. એની જાણકારી માટે બ્યાવર અથવા સૈલાનાથી પ્રકાશિત વિવેચન યુક્ત ભગવતીસૂત્રનું અવલોકન કરવું જોઈએ.

**(૮) બધા દ્રવ્યોમાં–** (૧) કોઈ વર્ણાદિ ૨૦ બોલવાળા છે. (૨) કેટલાક વર્ણાદિ ૧૬ બોલવાળા છે. (૩) કેટલાક વર્ણાદિ ૫ બોલવાળા છે. (૧–૧–૧–૨) (૪) કોઈ વર્ણાદિ રહિત અરૂપી દ્રવ્ય છે. ત્રણે કાળ અઢપી છે.

(૯) કર્મોથી જીવ વિભિન્ન રૂપો ધારણ કરે છે અર્થાત્ કર્મોથી જ જીવ જગત વિવિધ રૂપોને પ્રાપ્ત થાય છે; કર્મ વિના આ વિવિધરૂપો હોતા નથી.

## ઉદ્દેશક : ૬

રાહુના વિમાન પાંચ રંગના હોય છે– (૧) કાળો– કાજળ સરખો. (૨) નીલો– કાચા તુમ્બા સરખો. (૩) લાલ– મજીઠની સમાન. (૪) પીળો–હળદર સમાન. (૫) સફેદ– રાખના ઢગલા સમાન.

રાહુના આ પર્યાયવાચી નામ છે– (૧) શ્રંગારક (૨) જટિલક (૩) ક્ષત્રક



(૪) ખર (૫) દર્દુર (૬) મકર (૭) મત્સ્ય (૮) કચ્છપ (૯) કૃષ્ણસર્પ.

રાહુનું વિમાન ગમનાગમન કરતાં ચંદ્રને આવૃત કરે છે તો લોકમાં ચંદ્ર ગ્રહણ કહેવાય છે. જ્યારે એક કિનારાથી આવૃત કરતાં નીકળે છે ત્યારે ચન્દ્રના કુક્ષિ ભેદ કહેવાય છે. આવૃત કરીને જ્યારે પાછા ફરીને અનાવૃત કરે છે ત્યારે લોકમાં ચન્દ્રનું વમન કર્યું કહેવાય છે. જ્યારે ઉપર નીચે બધી તરફથી આવૃત કરી દે છે ત્યારે ચંદ્ર ગ્રસિત કહેવાય છે. વાસ્તવમાં આ બધું આચ્છાદન માત્ર છે. ગ્રસિત કરવું નહિં.

રાહુ વિમાન બે પ્રકારના છે. (૧) નિત્યરાહુ (૨) પર્વ રાહુ. નિત્ય રાહુ રોજ ચંદ્રનો પંદરમો ભાગ આવૃત કરે છે અને પછી ક્રમશઃ પંદરમો ભાગ અનાવરિત (પ્રકટ) કરે છે.

પર્વ રાહુ કયારેક જઘન્ય(૬) છ મહીનાથી ચંદ્રને આવરિત કરે છે અને કયારેક ૪૨ મહીનાંથી ચન્દ્રને આવરિત કરે છે. તે સૂર્યને જઘન્ય ૬ મહીનાથી આવૃત કરે છે, ઉત્કૃષ્ટ ૪૮ વર્ષથી ઢાંકે છે. આનાથી ચંદ્ર ગ્રહણ, સૂર્ય ગ્રહણ થાય છે.

નિત્ય રાહુથી કૃષ્ણપક્ષ(વદ) શુકલ પક્ષ(સુદ)ની તિથિઓ બને છે. સૌમ્ય હોવાથી ચંદ્રને શશી કહેવાય છે. રાત્રિ–દિવસ રૂપ કાળની આદિ કર્તા એટલે પ્રારંભક હોવાથી સૂર્યને આદિત્ય કહેવાય છે.

(૨) નવ વિવાહિત સ્વસ્થ પુઢષ સોળ વર્ષ પછી પરદેશથી આવ્યો હોય; તે મનોજ્ઞ આવાસ શય્યા સંયોગ અને ભોજન પાન વગેરેને પ્રાપ્ત કરી મનોજ્ઞ અનુરક્ત યુવાન પત્નીની સાથે માનુષિક પાંચ ઈન્દ્રિય જન્ય વિષયોનું સેવન કરતાં વેદોપશમન કાળમાં જેવા સાતા સુખનો અનુભવ કરે છે, એનાથી અનંત ગુણા વિશિષ્ટતર વ્યંતરોના કામસુખ હોય છે. એનાથી નવનિકાયના અનંત ગુણા, એનાથી અસુરકુમારોના અનંત ગુણો અને એનાથી ચંદ્ર-સૂર્યના અનંત ગુણા વિશિષ્ટતર કામભોગ જન્ય સુખ અનુભવ હોય છે.

(૩) લોકના સંપૂર્ણ આકાશ પ્રદેશો પર પ્રત્યેક જીવે જન્મ મરણ કર્યા છે, કોઈ પણ પ્રદેશ ખાલી રાખ્યા નથી. અહીં ૧૦૦ બકરી રાખવાના વાડામાં ૧૦૦૦ બકરી ભરવાનું અને એનાથી વાડાના મળ-મૂત્રથી સ્પર્શિત થવાનું દષ્ટાંત સમજવું. એ વાડાનો કોઈ પ્રદેશ અસ્પર્શિત રહી શકે છે. પરંતુ જીવે લોકનો કોઈ પ્રદેશ જન્મ-મરણથી ખાલી રાખ્યો નથી. કેમ કે અનાદિ કાળથી સંસાર અને જીવ બંને છે.

પાંચ સ્થાવર રૂપમાં સર્વત્ર જન્મ-મરણ સંભવ છે. શેષ જે ક્ષેત્રમાં જે દંડકના

જીવોના જન્મ મરણની યોગ્યતા છે અને જ્યાં એ રૂપમાં અનંત સંભવ છે એનું જ કથન સમજવું જોઈએ. યથા– નરકમાં મનુષ્ય રૂપમાં નહીં હોય તો અનુત્તર વિમાનમાં દેવ-દેવી રૂપમાં પણ અનંત ભવ નહીં હોય. વગેરે વિવેકપૂર્વક સમજી લેવું જોઈએ.

આ જીવ બધા જીવોના માતા-પિતા આદિ સંબંધી રૂપમાં પણ અનેકવાર અથવા અનંતવાર જન્મી ચૂક્યો છે અને બધા જીવ એના માતા-પિતા વગેરે બની ચૂક્યા છે.

આ પ્રકારે શત્રુ-મિત્ર વગેરે અને દાસ-નોકર વગેરેના રૂપમાં અનેકવાર અથવા અનંતવાર સમજી લેવું જોઈએ.

## ઉદ્દેશક : ૮

(૧) કોઈપણ મહર્દ્ધિક દેવ હાથી(સર્પના) રૂપમાં, મણીના રૂપમાં, વૃક્ષના રૂપમાં ઉત્પન્ન થઈ શકે છે. ત્યાં તિર્યંચના ભવમાં પણ તે અર્ચિત-પૂજિત થઈ શકે છે. ત્યાંથી મનુષ્ય બનીને સિદ્ધ-બુદ્ધ થઈ શકે છે.

(૨) વાંદરા, કુકડા, દેડકા પણ મરીને નરકમાં ઉત્કૃષ્ટ સ્થિતિમાં ઉત્પન્ન થઈ શકે છે. આ પ્રકારે સિંહ, વ્યાઘ્ર(વાઘ), કાગડો, ગિદ્ધ, બીલાડી, મોર, આદિ, પણ નરકમાં ઉત્પન્ન થઈ શકે છે. ત્યાંથી નિકળીને સંસાર ભ્રમણ કરી શકે છે. અથવા મનુષ્ય બનીને મોક્ષમાં પણ થઈ શકે છે.

## ઉદ્દેશક : ૯

**પાંચ દેવ :–**

**(૧) ભવ્ય દ્રવ્ય દેવ–** મનુષ્ય અને તિર્યંચ અવસ્થામાં રહેલ જેણે દેવનું આયુષ્ય બાંધેલ છે તેને "ભવ્ય દ્રવ્યદેવ" કહેવાય છે.

**(૨) નર દેવ–** છઃ ખંડના અધિપતિ, ૬૪ હજાર મુકુટબંધ રાજાઓના સ્વામી, ૯ નિધાન, ૧૪ રત્ન વગેરે ઋદ્ધિ સંપન્ન ચક્રવર્તી "નરદેવ" મનુષ્યેન્દ્ર હોય છે.

**(૩) ધર્મ દેવ–** પાંચ મહાવ્રત, સમિતિ ગુપ્તિવંત, ૧૮ પાપના ત્યાગી, શ્રમણ– નિર્ગ્રન્થ "ધર્મદેવ" કહેવાય છે.

**(૪) દેવાધિદેવ–** સર્વજ્ઞ, સર્વદર્શી, તીર્થંકર ભગવાન દેવાધિદેવ કહેવાય છે.

**(૫) ભાવદેવ–** દેવગતિનું આયુષ્ય ભોગનારા ચારે જાતિના દેવ "ભાવદેવ" કહેવાય છે.



| ક્રમ | દેવ | આયુ જઘન્ય ઉત્કૃષ્ટ | અવગાહના જઘન્ય ઉત્કૃષ્ટ | આગતિ | ગતિ | અંતર જઘન્ય/ ઉત્કૃષ્ટ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ભવ્ય દ્રવ્ય દેવ | અંતર્મુહૂર્ત ત્રણ પલ. | અંગુલ ના અસં./ ૧૦૦૦ યોજન | ૨૮૪ | ૧૯૮ | ૧૦,૦૦૦ વર્ષ અને અંત મુર્હૂત/ અનંત કાળ |
| ૨ | નરદેવ | ૭૦૦ વર્ષ/ ૮૪ લાખ પૂર્વ | ૭ ધનુષ/ ૫૦૦ધનુષ | ૮૨ | ૧૪ | ૧ સાગર સાધિક/ અર્દ્ધપુદ્‌ગલ |
| ૩ | ધર્મદેવ | અંતર્મુહૂર્ત દેશોન ક્રોડપૂર્વ | અનેક હાથ/ ૫૦૦ ધનુષ | ૨૭૫ | ૭૦ | અનેક પલ સાધિક/ અર્દ્ધ પુદ્‌ગલ |
| ૪ | દેવાધિદેવ | ૭૨ વર્ષ/ ૮૪ લાખ પૂર્વ | ૭ હાથ ૫૦૦ ધનુષ | ૩૮ | મોક્ષ | –– |
| ૫ | ભાવદેવ | ૧૦,૦૦૦ વર્ષ/૩૩ સાગર | ૧ હાથ/ ૭ હાથ/ | ૧૧૧ | ૪૬ | અંતમુર્હૂત અનંતકાલ |

**નોંધ :–** ઉત્કૃષ્ટ = વધુમાં વધુ મહત્તમ

જઘન્ય = ઓછામાં ઓછો લઘુતમ = ઓછી

**(૧) ભવ્યદ્રવ્ય દેવ :–** ભવ્યદ્રવ્ય દેવમાં યુગલિયાની અપેક્ષા ત્રણ પલ્યોપમની ઉંમર હોય છે, જલચરની અપેક્ષાએ ૧૦૦૦ યોજન અવગાહના હોય છે. આગત= સર્વાર્થ સિદ્ધ અને યુગલિયા (૮૬ + ૧ = ૮૭) આગતિમાં નથી. તેથી ૩૭૧–૮૭ = ૨૮૪ હોય છે. કેમ કે યુગલિયા દેવગતિમાં જાય છે પરંતુ મનુષ્ય કે તિર્યંચ ગતિમાં આવતા નથી. સર્વાર્થ સિદ્ધ દેવ ફરીથી દેવ બનતા નથી, મોક્ષમાં જ જાય છે. ગત = ગતિમાં ૯૯ દેવના પર્યાપ્ત અને અપર્યાપ્ત છે. અંતરમાં દેવની જઘન્ય ઓછામાં ઓછી ઉંમર ૧૦,૦૦૦ વર્ષ અને આગળના ભવમાં દેવાયુ બાધવાથી પહેલાનો સમય અંતર્મુહૂર્ત લેવાયો છે. ઉત્કૃષ્ટ વધુમાં વધુ વનસ્પતિકાલ જેટલું અંતર હોય છે.

**(૨) નરદેવ :–** પ્રથમ અને અંતિમ ચક્રવર્તીની અપેક્ષાએ અવગાહના આયુ જઘન્ય, ઉત્કૃષ્ટ છે. એક પહેલી નરક અને ૮૭ જાતના દેવતાથી આવીને જીવ ચક્રવર્તી બની શકે છે; ૧૫ પરમાધામી અને ત્રણ કિલ્વિષી છોડ્યા છે.

નરદેવ = ચક્રવર્તી નરકમાં જ જાય છે. દીક્ષા લીધા પછી તે ચક્રવર્તી (નરદેવ) રહેતા નથી, ધર્મદેવ થઈ જાય છે. પહેલી નરકની ઉત્કૃષ્ટ ઉંમર અને ચક્ર રત્ન ઉત્પન્ન થયા પહેલાની મનુષ્યની ઉંમર એ બંને મળીને જઘન્ય અંતર હોય છે.

**(૩) ધર્મદેવ :–** દીક્ષા લઈને અંત મુહૂર્તમાં પણ કોઈ કાળ કરી શકે છે. પાંચમાં આરાના અંતમાં અનેક(બે) હાથની અગવાહનાવાળા સાધુ હોઈ શકે છે. છટ્ઠી–સાતમી નરક, તેઉ–વાયુ અને યુગલિયા(૨+ ૮+ ૮૬ = ૯૬)માંથી આવીને ધર્મદેવ બનતા નથી. ધર્મદેવ વૈમાનિકમાં જ જાય છે. ત્યાં અનેક પલ્યોપમ(બે પળ)ની ઓછામાં ઓછી ઉંમર પ્રાપ્ત કરે છે. આથી અનેક પળ સાધિક જઘન્ય અંતર હોય છે. સાધિક= મનુષ્ય ભવમાં દીક્ષા લીધા પહેલાની ઉંમરની અપેક્ષાએ છે.

**(૪) દેવાધિદેવ :–** પ્રથમ અને અંતિમ તીર્થંકરની અપેક્ષાએ દેવાધિદેવની જઘન્ય ઉત્કૃષ્ટ અવગાહના અને સ્થિતિ કહેવાઈ છે. ત્રણ નરક અને ૩૫ વૈમાનિકમાંથી આવનારા તીર્થંકર બની શકે છે.

**(૫) ભાવદેવ :–** ભાવદેવમાં ૧૦૧ મનુષ્ય, ૫ સન્ની તિર્યંચ, ૫ અસન્ની, તિર્યંચ આ ૧૧૧ આવે છે. અને ૧૫ કર્મ ભૂમિ, ૫ સન્ની તિર્યંચ અને પૃથ્વી, પાણી, વનસ્પતિ આ ૨૩ ના પર્યાપ્ત, અપર્યાપ્ત ૪૬ માં જાય છે. દેવ મરીને અંતર્મુહૂર્ત તિર્યંચ પંચેન્દ્રિયમાં રહીને ફરીથી દેવ થઈ શકે છે. એટલા માટે જઘન્ય અંતર અંતર્મુહૂર્તનું કહેવાયું છે.

**કાયસ્થિતિ :–** ધર્મદેવમાં જઘન્ય કાયસ્થિતિ એક સમય છે. બાકી બધાની જઘન્ય ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ભવસ્થિતિ સમાન છે.

**અલ્પ બહુત્વ :–** બધાથી અલ્પ નરદેવ હોય છે. જે ઉત્કૃષ્ટ ૩૭૦ હોઈ શકે છે. એનાથી દેવાધિદેવ સંખ્યાતગુણા, જે ઉત્કૃષ્ટ ૧૮૩૦ હોય છે. એનાથી ધર્મદેવ સંખ્યાતગુણા, ભવ્યદ્રવ્યદેવ અસંખ્યગુણા, ભાવદેવ અસંખ્ય ગુણા.

**સંખ્યાઓનું સ્પષ્ટી કરણ :–** ૨૮૪ = ૧૭૯ ની લટ(૧૦૧ સમુચ્છિંમ મનુષ્ય + ૩૦ અકર્મ ભૂમિ મનુષ્ય + ૪૮ તિર્યંચ) ૭ નરક, ૯૮ દેવ આ ભવ્ય દ્રવ્ય દેવની આગતિ છે.

૨૭૫=૧૭૧ ની લટ(તિર્યંચ ૪૦, તેઉવાયુના આઠ ભેદ ઓછા છે.) ૯૯ દેવ ૫ નરક. આ ધર્મદેવની આગતિ છે.



૩૭૦=૨૦ ચક્રવર્તી જઘન્ય હોય છે. એની પાછળ ૧૧–૧૧ જન્મેલા હોય છે. આ કુલ ૨૦ × ૧૧+ ૨૦ = ૨૪૦ થાય. ઉત્કૃષ્ટ ૧૫૦ ચક્રવર્તી હોઈ શકે છે. અર્થાત્ ૧૩૦ વધે. ૨૪૦+ ૧૩૦+ ૩૭૦ આ ઉત્કૃષ્ટ નર દેવ ચક્રવર્તીની સંખ્યા છે. ૧૮૩૦ = ૨૦ તીર્થંકર જઘન્ય હોય છે. એની પાછળ ૮૩–૮૩ જન્મ્યા હોય છે. આ કુલ ૨૦ × ૮૩ + ૨૦= ૧૬૮૦ થયા. ઉત્કૃષ્ટ તીર્થંકર ૧૭૦ હોઈ શકે છે. અર્થાત્ ૧૫૦ વધ્યા. ૧૬૮૦ + = ૧૫૦ = ૧૮૩૦ આ ઉત્કૃષ્ટ દેવાધિદેવની સંખ્યા છે.

## ઉદ્દેશક : ૧૦

**(૧) આત્માના વિવિધ ગુણધર્મો :–** ગુણોની અપેક્ષાએ આઠ પ્રકાર કહ્યા છે. (૧) દ્રવ્ય આત્મા(અસંખ્ય પ્રદેશાત્મક આત્મ દ્રવ્ય) (૨) કષાય આત્મા (૩) યોગ આત્મા (૪) ઉપયોગ આત્મા (૫) જ્ઞાન આત્મા (૬) દર્શન આત્મા (૭) ચારિત્ર આત્મા (૮) વીર્ય આત્મા(બાલવીર્ય, પંડિત વીર્ય, બાલપંડિત વીર્ય)

**(૨) પરસ્પર આઠ આત્મા :–**

| | આત્મા | નિયમા | ભજના | અલ્પ બહુત્વ |
|---|---|---|---|---|
| ૧ | દ્રવ્ય આત્મા | ૨–ઉપયોગ, દર્શન | ૫–કષાય,યોગ જ્ઞાન, ચારિત્ર, વીર્ય | ૬ વિશેષધિક |
| ૨ | કષાય આત્મા | ૫–દ્રવ્ય,યોગ, ઉપયોગ, દર્શન, વીર્ય. | જ્ઞાન,ચારિત્ર | ૩ અનંત ગુણા |
| ૩ | યોગ આત્મા | ૫–દ્રવ્ય, કષાય ઉપયોગ,દર્શન,વીર્ય | ૨–જ્ઞાન ચારિત્ર | ૪ વિશેષાધિક |
| ૪ | ઉપયોગ આત્મા | ૨–દર્શન,દ્રવ્ય | ૫–ઉપર પ્રમાણે | ૬ વિશેષાધિક |
| ૫ | જ્ઞાન–આત્મા | ૩–ઉપયોગ, દર્શન, દ્રવ્ય | ૪–કષાય, યોગ ચારિત્ર, વીર્ય | ૨–અનંતગુણા |
| ૬ | દર્શન આત્મા | ૨–ઉપયોગ, દ્રવ્ય | ૫–ઉપર પ્રમાણે | ૬–વિશેષાધિક |
| ૭ | ચારિત્ર આત્મા | ૫–કષાય,યોગ છોડીને | ૨–કષાય,યોગ | ૧–અલ્પ |
| ૮ | વીર્ય આત્મા | ૩–દ્રવ્ય ઉપયોગ, દર્શન | ૪–કષાય,યોગ જ્ઞાન,ચારિત્ર | ૫–વિશેષાધિક |

**(૩) વિશેષ જ્ઞાતવ્ય**(જાણવા યોગ્ય) :– સિદ્ધોમાં ચાર આત્મા છે. દ્રવ્ય, જ્ઞાન, દર્શન, ઉપયોગ.

મિથ્યાદષ્ટિમાં અને અજ્ઞાનીમાં જ્ઞાન અને ચારિત્રાત્મા નથી, શેષ ૬ આત્મા છે. સમ્યગ્દષ્ટિ અને શ્રાવકમાં સાત આત્મા છે, ચારિત્રાત્મા નથી.

આઠે આત્મામાં આઠે આત્મા હોઈ શકે છે. ભજનાથી હોય અથવા નિયમાથી, કોઈમાં કોઈનો નિષેધ નથી. અર્થાત્ આ આઠ આત્મામાં કોઈપણ પરસ્પર વિરોધી અથવા પ્રતિપક્ષી નથી.

(૪) આત્મામાં જ્ઞાન અજ્ઞાન ભજનાથી હોય છે. પરંતુ જ્ઞાન અજ્ઞાન સ્વયં તો આત્મ સ્વરૂપ જ છે. અર્થાત્ એમાં આત્મા, નિયમા હોય છે. ૨૪ દંડકના આત્મામાં જ્ઞાન અજ્ઞાન જયાં જે હોય તે રીતે સમજી લેવા. દર્શન અને આત્મામાં પરસ્પર નિયમા સંબંધ છે.

(૫) રત્નપ્રભા પૃથ્વી, દેવલોક, સિદ્ધ શિલા વગેરે... પોતાના સ્વરૂપની અપેક્ષા 'આત્મા;' પર સ્વરૂપની અપેક્ષા "નોઆત્મા" અને બનેની વિવક્ષામાં અવક્તવ્ય (આત્મા નોઆત્મા) છે. આ રીતે બધામાં ત્રણ વિકલ્પ છે.

(૬) પરમાણુમાં ઉપરોકત ત્રણે વિકલ્પ છે. દ્વિપ્રદેશી અને ત્રણ પ્રદેશી વગેરેમાં અલગ અલગ પ્રદેશોમાં અલગ વિવક્ષા હોવાથી એક–અનેક આત્મા, અનાત્મા વગેરે હોવાથી દ્વિસંયોગી, ત્રણ સંયોગી વગેરે ભંગ હોય છે. જેમ કે–

| પુદ્‌ગલ | અસંયોગી | દ્વિ સંયોગી | ત્રણ સંયોગી | કુલ |
|---|---|---|---|---|
| પરમાણુ | ૩ | × | × | ૩ |
| દ્વિપ્રદેશી | ૩ | ૩ | × | ૬ |
| ત્રણ પ્રદેશી | ૩ | ૯ | ૧ | ૧૩ |
| ચાર પ્રદેશી | ૩ | ૧૨ | ૪ | ૧૯ |
| પાંચ પ્રદેશી | ૩ | ૧૨ | ૭ | ૨૨ |
| છઃ પ્રદેશી | ૩ | ૧૨ | ૮ | ૨૩ |

**ભંગોનું સ્પષ્ટીકરણ :–**

**પરમાણુ :–** (૧) આત્મા (૨) નો આત્મા (૩) અવકતવ્ય.

**દ્વિપ્રદેશી :–** અસંયોગી ત્રણ ભંગ (૧) આત્મા (૨) નો આત્મા (૩) અવક્તવ્ય દ્વિસંયોગી ત્રણ ભંગ (૪) આત્મા નોઆત્મા (૫) આત્મા અવક્તવ્ય (૬) નો આત્મા અવકતવ્ય.

**ત્રણ પ્રદેશી :–** અસંયોગી ૩ ભંગ. **દ્વિસંયોગી નવ ભંગ–** (૧) આત્મા, નોઆત્મા (૨) આત્મા, નોઆત્મા અનેક (૩) આત્મા અનેક, નોઆત્મા (૪) આત્મા, અવક્તવ્ય, (૫) આત્મા એક, અવક્તવ્ય અનેક (૬) આત્મા અનેક, અવક્તવ્ય એક (૭) નો આત્મા, અવક્તવ્ય (૮) નોઆત્મા, અવક્તવ્ય અનેક (૯) નોઆત્મા અનેક, અવક્તવ્ય એક. **ત્રણ સંયોગી–** (૧) આત્મા, નોઆત્મા, અવકતવ્ય. કુલ=૧૩

**ચાર પ્રદેશી :–** અસંયોગી ૩ ભંગ. **દ્વિ સંયોગી–** (૧) આત્મા, નોઆત્મા (૨) આત્મા, નોઆત્મા અનેક (૩) આત્મા અનેક, નોઆતમા (૪) આત્મા અનેક, નોઆત્મા અનેક (૫ થી ૮) આત્મા, અવક્તવ્યની ચોભંગી (૯ થી ૧૨) નોઆત્મા, અવક્તવ્યની ચોભંગી. **ત્રણ સંયોગી–** (૧) આત્મા, નોઆત્મા, અવક્તવ્ય (૨) આત્મા નોઆત્મા, અવક્તવ્ય અનેક (૩) આત્મા, નોઆત્મા અનેક, અવક્તવ્ય (૪) આત્મા અનેક, નોઆત્મા અવક્તવ્ય કુલ્લ = ૧૯.

**પાંચ પ્રદેશી :–** અસંયોગી ૩ ભંગ. **દ્વિસંયોગી–** ૧૨ ભંગ. **ત્રણ સંયોગી–** સાત ભંગ– (૧) આત્મા નોઆત્મા અવક્તવ્ય (૨) આત્મા, નોઆત્મા, અવક્તવ્ય અનેક (૩) આત્મા નોઆત્મા અનેક અવક્તવ્ય (૪) આત્મા, નોઆત્મા અનેક, અવક્તવ્ય અનેક (૫) આત્મા અનેક, નોઆત્મા, અવક્તવ્ય (૬) આત્મા અનેક, નોઆત્મા, અવક્તવ્ય અનેક (૭) આત્મા અનેક, નોઆત્મા અનેક, અવક્તવ્ય. કુલ =૨૨.

**છઃ પ્રદેશી :–** ૨૨ ભંગ પૂર્વની જેમ કહેવા. ૨૩ મો ભંગ = આત્મા અનેક, નોઆત્મા અનેક, અવક્તવ્ય અનેક.

આગળ સાત પ્રદેશીથી અનંતપ્રદેશી સુધી આ જ ૨૩ ભંગ છે. ત્રણ બોલથી ૨૬ ભંગ થઈ શકે છે. પરંતુ અહીં પરમાણુ સ્કંધ આદિના બહુવચનની અપેક્ષા નથી માટે બહુવચનના અસંયોગી ત્રણ ભંગ બનાવ્યા નથી.

**॥ શતક ૧૨/૧૦ સંપૂર્ણ ॥**

## શતક–૧૩ : ઉદ્દેશક–૧

(૧) સંખ્યાત યોજન વિસ્તારવાળા નરકાવાસોમાં ઉત્કૃષ્ટ સંખ્યાત જીવ ઉત્પન્ન થાય છે, ઉત્કૃષ્ટ સંખ્યાત જીવ મરે છે અને જઘન્ય સંખ્યાત જીવ ત્યાં શા✓ત હોય છે. અસંખ્ય યોજન વિસ્તારવાળા નરકાવાસોમાં ઉત્કૃષ્ટ અસંખ્યાત ઉત્પન્ન થાય છે, ઉત્કૃષ્ટ અસંખ્ય જીવ મરે છે અને જઘન્ય ઉત્કૃષ્ટ શા✓ત અસંખ્ય જીવ ત્યાં રહે છે.

આ પ્રકારે સાત નરક, ભવનપતિ, વ્યંતર, જયોતિષી અને આઠમાં દેવલોક સુધી સમજવું. આગળના દેવલોકોમાં સંખ્યાતા યોજનના વિસ્તારવાળા વિમાનોમાં અને અસંખ્યાતા યોજનના વિસ્તારવાળા વિમાનોમાં ઉત્કૃષ્ટ સંખ્યાતા જ જન્મે અને મરે. ઉત્કૃષ્ટ પણ અસંખ્ય નહીં કહેવાના ત્યાં રહેવાની અપેક્ષાએ સંખ્યાત યોજનવાળામાં સંખ્યાત અને અસંખ્ય યોજનવાળામાં અસંખ્ય જીવ હોય છે.

આ જન્મવા અને મરવા અને રહેનારા જીવોમાં નિમ્ન ૩૮ બોલોની વિચારણા કરાય છે. લેશ્યા–૧, પક્ષ–૨, સંજ્ઞા–૪, સન્ની–૨, ભવી–૨, જ્ઞાન–૩ અજ્ઞાન–૩, દર્શન–૩, વેદ–૩, કષાય–૪, ઈન્દ્રિય નોઈન્દ્રિય–૬, યોગ–૩, ઉપયોગ–૨=૩૮.

| જીવ | જન્મ સમય | ખુલાસા–વિવરણ |
|---|---|---|
| પહેલી નરક | ૨૮ | ચક્ષુદર્શન, બે–વેદ, ૫ ઈન્દ્રિય, ૨ યોગ આ ૧૦ ઓછા થયા. |
| બીજીથી છટ્ઠી | ૨૭ | ૨૮ માં એક અસન્ની ઓછા થયા. |
| સાતમી નરક | ૨૪ | ૨૭ માં ૩ જ્ઞાન ઓછા થયા. |
| ભવનપતિ વ્યંતર | ૨૯ | ૨૮ માં બે વેદ વધ્યા, એક વેદ ઓછો થયો. |
| જયોતિષી બે દેવલોક | ૨૮ | ૨૯ માં એક અસન્નિ ઓછો થાય. |
| ત્રીજા દેવલોકમાં ગ્રૈવેયક સુધી | ૨૭ | ૨૮ માં એક સ્ત્રી વેદ ઓછો થાય. |
| પાંચ અનુત્તર વિમાન | ૨૨ | ૨૭ માં કૃષ્ણ પક્ષી, અભવી, ૩ અજ્ઞાન આ પાંચ ઓછા થયા. |



| જીવ | જન્મ સમય | ખુલાસા–વિવરણ |
|---|---|---|
| ૧ થી ૩ નરક | ૨૮ નહીં. | અસન્નિ, વિભંગ, ચક્ષુ, ૫ ઈન્દ્રિય, ૨ યોગ = ૧૦ |
| ૪ થી ૬ નરક | ૨૬ | અવધિ જ્ઞાન, અવધિ દર્શન આ બે નથી થયા (૨૮ માંથી) |
| ૭ મી નરક | ૨૪ | મતિ, શ્રુત જ્ઞાન આ બે નહીં (૨૬ માંથી) |
| ભવનપતિ આદિ | ૨૭ | વિભંગજ્ઞાન, અવધિજ્ઞાન, અવધિ દર્શન, ૫ ઈન્દ્રિય, ૨ યોગ, ચક્ષુદર્શન કુલ ૧૧ નહીં. |
| બે દેવલોક | ૨૯ | ૨૭ માં અવધિજ્ઞાન, અવધિ દર્શન વધ્યા. |
| ૩ થી ગ્રૈવેયક સુધી | ૨૮ | ઉપરવત્ (ત્રીજી નરક વત્) |
| ૫ અનુત્તર દેવ | ૨૪ | કૃષ્ણપક્ષી, અભવી, ૨ અજ્ઞાન. આ ચાર નથી. (૨૮ માંથી ચાર ઓછા થયા.) |

મૃત્યુ સમય = તે ભવના સમાપ્ત થવા પર આગળના ભવનો પ્રથમ સમય.

**વિશેષ:–** અવધિજ્ઞાન, અવધિ દર્શનવાળા(સમ્યક્દષ્ટી) ઉત્કૃષ્ટ સંખ્યાતા જન્મે છે મરે છે. અસંખ્ય નહીં.

**સંપૂર્ણ ભવમાં ૩૮ બોલોની નિયમા ભજના :–**

| જીવ | નિયમા | ભજના | નહીં |
|---|---|---|---|
| પહેલી નરક | ૩૧ | ૫ | ૨ |
| ૨ થી ૭ નરક | ૩૧ | ૪ | ૩ |
| ભવનપતિ, વ્યંતર | ૩૨ | ૫ | ૧ |
| જયોતિષી બે દેવલોક | ૩૨ | ૪ | ૨ |
| ત્રીજા દેવલોકથી ગ્રૈવેયક | ૩૧ | ૪ | ૩ |
| પાંચ અણુત્તર દેવ | ૨૬ | ૪ | ૮ |

**વિશેષ :–** ક્રોધ, માન, માયા, લોભ, નોઈન્દ્રિય, અસન્નિ આ કુલ છઃ ભજનાના બોલ છે. એની કયાંક ભજના હોય છે અથવા નથી હોતી અથવા નિયમા હોય છે.

ત્રણ વેદ, અસન્નિ, ૩ અજ્ઞાન, કુષ્ણપક્ષી, અભવી આ કુલ ૯ નહીં હોવા–વાળા બોલ છે. આમાંથી કોઈ બોલની કયાંક નિયમાં કયાંક ભજના પણ હોય છે.

શેષ ૨૪ બોલ નરક દેવમાં સર્વત્ર નિયમા હોય છે.

**દસ બોલ :–**

(૧) અનંતરોત્પન્નક આયુષ્યનો પ્રથમ સમય (૨) અનંતરાવગાઢ– ક્ષેત્રમાં પહોંચવાનો પ્રથમ સમય (૩) અનંતરાહારક–અહાર લેવાનો પ્રથમ સમય (૪) અનંતર પર્યાપ્ત–પર્યાપ્ત હોવાનો પ્રથમ સમય (૫) પરંપરોત્પન્નક (૬) પરંપરાવગાઢ (૭) પરંપરાકારક (૮) પરંપર પર્યાપ્ત (૯) ચરમ (૧૦) અચરમ.

આમાં ચાર બોલ પ્રારંભિક ૧–૨–૩ સમયના છે. બાકી ૪ બોલ લાંબા કાળના છે. ચરમ= તે સ્થાનમાં કયારે ય પાછા ન આવનારા(મોક્ષગામી) છે. અચરમ તે સ્થાનમાં પુનઃ આવનારા.

અનંતરના ચારે બોલ નારક દેવતામાં અશા✓ત છે. તેથી ભજનાથી મળે. પરંપરના ચારે બોલ શા✓ત છે. તે નિયમાથી મળે. ચરમ સર્વત્ર નિયમાથી મળે. અચરમ સર્વાર્થ સિદ્ધમાં ન મળે. શેષ સર્વત્ર નિયમા મળે. આ તત્ત્વ વિચારણામાં નારકી અને દેવતાના જન્મ સમય મૃત્યુ સમય અને પૂરા ભવમાં ૩૮ બોલ અને ૧૦ બોલની વિચારણા છે. સાથે જ ઉત્કૃષ્ટ સંખ્યાતા અથવા અસંખ્યાતા જન્મે, મરે યા પ્રાપ્ત થાય, તેની પણ વિચારણા છે. જેનો સાર એ છે કે (૧) સંખ્યાતા યોજન વિસ્તારવાળા સ્થાનોમાં (૨) નવમાં દેવલોકથી ઉપર અને અવધિજ્ઞાન, અવધિ દર્શનમાં ઉપજવા મરવાની ઉત્કૃષ્ટ સંખ્યા સંખ્યાતા છે. શેષમાં ઉત્કૃષ્ટ અસંખ્યાતા છે. સંપૂર્ણ ભવમાં ઉપલબ્ધ થવાની અપેક્ષાએ સંખ્યાત યોજનવાળા સ્થાનોમાં જઘન્ય ઉત્કૃષ્ટ સંખ્યાતા હોય છે અને અસંખ્યાત યોજનવાળા સ્થાનોમાં જઘન્ય ઉત્કૃષ્ટ અસંખ્યાતા જ હોય છે, ઓછા નથી હોતા.

નરક દેવમાં એક સ્થાનમાં એક જ લેશ્યા નિશ્ચિત હોય છે. તેથી ૩૮ બોલમાં છઃ લેશ્યા ન ગણતા એક જ લેશ્યા ગણી છે.

**વિશેષ :–** તિર્યંચ મનુષ્યની અપેક્ષાએ અહીં વિચારણા કરી નથી.

**(૩) દષ્ટિ :–** પ્રથમ નરકથી છઠ્ઠી નરક સુધી જન્મ અને મરણની અપેક્ષાએ દષ્ટિ બે છે, મિશ્ર નથી. સાતમી નરકમાં એક મિથ્યા દષ્ટિ જ છે. પૂરા ભવમાં ઉપલબ્ધ થવાની અપેક્ષાએ સાતે નરકમાં બે દષ્ટિ નિયમા મળે છે. મિશ્ર દષ્ટિ–વાળા ભજનાથી મળે છે.

દેવોમાં પણ ગ્રૈવેયક સુધી પ્રથમ નરકની સમાન દષ્ટિ છે. અનુત્તર વિમાનના



જન્મ, મરણ અને પૂરા ભવમાં એક સમ્યગ્દષ્ટિ જ હોય છે. બાકી બંને દષ્ટિ નથી હોતી.

(૪) કોઈપણ લેશ્યાવાળો મનુષ્ય તિર્યંચ મૃત્યુ સમયના અંતમુહૂર્તમાં લેશ્યા પરિવર્તન થઈને પછી એ જ લેશ્યાવાળા નરક દેવમાં જઈ શકે છે. પછી ત્યાં પૂરા જીવન ભર એક દ્રવ્ય લેશ્યા જ રહે છે.

## ઉદ્દેશક : ૨

**ઉપયોગની ગતાગત :–**

જન્મ અને મરણના ઉક્ત બોલોમાં ૫ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૪ દર્શનનું વર્ણન છે. એના આધારથી અને અન્ય વર્ણનના આધારેથી ૧૨ ઉપયોગની આગતિ–ગતિ આ પ્રકારે બને છે.

| જીવ | આગતિ | ગતિ | અંક બંને |
|---|---|---|---|
| ૧ થી ૩ નરક | ૮(૩+ ૩ +૨) | ૭(૩ +૨ +૨) | ૮૭ |
| ૪ થી ૬ નરક | ૮(૩+ ૩ +૨) | ૫(૨+ ૨ +૧) | ૮૫ |
| ૭ મી નરક | ૫(૩+ ૨) | ૩(૨+ ૧) | ૫૩ |
| ભવનપતિ આદિ ૩ | ૮(૩+ ૩ +૨) | ૫(૨+ ૨ +૧) | ૮૫ |
| વૈમાનિક ગ્રૈવેયક | ૮(૩+ ૩ +૨) | ૭(૩+ ૨+૨) | ૮૭ |
| અનુત્તર દેવ | ૫(૩ જ્ઞાન ૨ દર્શન) | ૫( ૩ +૨) | ૫૫ |
| પાંચ સ્થાવર | ૩(૨ અજ્ઞાન ૧ દર્શન) | ૩(૨ +૧) | ૩૩ |
| વિકલેન્દ્રિય | ૫(૨+ ૨ +૧) | ૩(૨ +૧) | ૫૩ |
| તિર્યંચ પંચેન્દ્રિય | ૫(૨+ ૨ +૧) | ૮(૩–૩–૨) | ૫૮ |
| મનુષ્ય | ૭(૩+ ૨ +૨) | ૮(૩+ ૩ +૨) | ૭૮ |

## ઉદ્દેશક : ૩–૪

(૧) પ્રજ્ઞાપના સૂત્રનું ૩૪ મું પરિચારણા પદ જોઈ લેવું.

(૨) પહેલી નરકથી બીજી નરકમાં નૈરયિક આકીર્ણ ઓછા છે. ત્યાં વિસ્તાર–વાળા અવકાશવાળા નરકાવાસ છે. ત્યાં નારકી મહાકર્મ, મહાક્રિયા, મહા–વેદનાવાળા છે. અલ્પ ઋદ્ધિ અલ્પદ્યુતિવાળા છે. આ રીતે આગળ–આગળની નરકમાં સમજી લેવું જોઈએ.

નારકી જીવ અનિષ્ટ અમનોજ્ઞ પૃથ્વી, પાણી, અગ્નિ, હવા, વનસ્પતિના સ્પર્શનો અનુભવ કરે છે. આગળ–આગળની નરકના પૃથ્વીપિંડ પહોળાઈમાં ઓછા અને વિસ્તારમાં વધારેને વધારે છે.

નરક કે પૃથ્વીકાય વગેરેના જીવ પણ મહાકર્મ મહાક્રિયા મહાવેદનાવાળા છે. નરક સંબંધી વિસ્તૃત વર્ણન જીવાભિગમ સૂત્રમાં છે. સારાંશ ખંડ–૬ માં જુઓ.

**(૩) મધ્ય :–** લોકનું મધ્ય સ્થાન પહેલી નરકના આકાશાંતરમાં અસંખ્યાતમાં ભાગ ગયા પછી આવે છે. નીચા લોકનું મધ્ય સ્થાન ચોથી નરકના આકાશાં–તરમાં છે. જે અડધું નજીક છે. તિર્છાલોકનું મધ્ય સ્થાન મેઢ પર્વતની મધ્ય સમભૂમિ પર બે ક્ષુલ્લક પ્રતરોના ચાર–ચાર પ્રદેશ મળીને ૮ ઢચક પ્રદેશ છે. તે તિરર્છા લોકના મધ્ય સ્થાન રૂપ છે. ત્યાંથી જ ૧૦ દિશાઓ નિકળે છે. અર્થાત્ તે દિશાઓનું કેન્દ્ર સ્થાન છે અને તિરછા લોકનું મધ્યસ્થાન છે. ઉંચા લોકનું મધ્યસ્થાન પાંચમાં દેવ લોકના રિષ્ટ નામના પ્રસ્તર(પાથડા)માં છે. ત્યાં ઊર્ધ્વ લોક મધ્ય છે. ત્યાં સુધી તમસ્કાય પણ છે. તે ઊંચા લોકના મધ્ય સ્થાન સુધી ગઈ છે. દસ દિશાઓનું વર્ણન પહેલા થઈ ગયેલ છે.

**(૪) પંચાસ્તિકાયના ગુણ :–**

(૧) જીવોના ગમનાગમન, ભાષા, ઉન્મેષ, યોગ, પ્રવૃતિ વગેરે ચલ ભાવ છે. તે ધર્માસ્તિકાય દ્વારા હોય છે. (૨) જીવોનું સ્થિત રહેવું, બેસવું, સૂવું, મનનું એકાગ્ર હોવું વગેરે જેટલા પણ સ્થિર ભાવ છે તે અધર્માસ્તિકાયના આધારથી છે. (૩) આકાશાસ્તિકાયનો ગુણ જગ્યા દેવાનો છે. એક આકાશ પ્રદેશમાં એક પરમાણુ રહી શકે છે. એનામાં ૧૦૦ અથવા ૧૦૦૦ પરમાણુ આવી જાય તોપણ સમાવિષ્ટ થઈ જાય છે. એક સાથે અનેક પુદ્‌ગલ વર્ગણાઓ આકાશમાં રહે છે. એક જ આકાશ ક્ષેત્રમાં અનંત સિદ્ધ ભગવાનના આત્મપ્રદેશ રહી શકે છે. (૪) જીવાસ્તિ–કાયનાં જ્ઞાન દર્શનનો ઉપયોગ હોવો એ ગુણ છે. ચેતના પણ એનું લક્ષણ છે. (૫) પુદ્‌ગલાસ્તિકાયમાં "ગ્રહણ" ગુણ છે. એનાથી ૫ શરીર, ૫ ઈન્દ્રિય, ૩ યોગ, ✓ાસો✓ાસ વગેરે વિભિન્નઢપમાં પુદ્‌ગલ ગ્રહણ થતા રહેતા હોય છે.

**અસ્તિકાય સ્પર્શ :–**

ધર્માસ્તિકાયનો એક પ્રદેશ જે લોક મધ્યમાં છે તે અન્ય ૬ ધર્માસ્તિકાયના પ્રદેશોનો સ્પર્શ કરે છે. લોકાંતમાં છે તે ૩, ૪ અથવા ૫ નો સ્પર્શ કરે. લોક મધ્યમાં અધર્માસ્તિકાયના ૭ પ્રદેશોનો, આકાશાસ્તિકાયના ૭ પ્રદેશોનો સ્પર્શ કરે છે.



જીવાસ્તિકાયના અનંત પ્રદેશનો અને પુદ્‌ગલાસ્તિકાયના પણ અનંત પ્રદેશનો સ્પર્શ કરે છે. કાલ દ્રવ્યથી કયાંક સ્પૃષ્ટ છે કયાંક નહીં. જયાં છે ત્યાં અનંત કાળથી સ્પૃષ્ટ છે.

અલોકાકાશમાં કોઈ અસ્તિકાય નથી. કેવલ આકાશ છે. તે કોઈનાથી પણ સ્પૃષ્ટ નથી.

લોકના કિનારા પર બધા અસ્તિકાય આકાશના ૭ પ્રદેશ જ સ્પર્શ કરે છે. ૩–૪ વગેરે નહીં. કેમ કે લોક–અલોક બંનેમાં આકાશ તો છે જ.

બે પ્રદેશી સ્કંધ જઘન્ય ૬ (લોકના કિનારે) ઉત્કૃષ્ટ ૧૨ (લોકની વચ્ચે) પ્રદેશનો સ્પર્શ કરે છે.

ત્રણ પ્રદેશી સ્કંધ જઘન્ય આઠ ઉત્કૃષ્ટ ૧૭ પ્રદેશનો સ્પર્શ કરે છે. ચાર પ્રદેશી જઘન્ય ૧૦ ઉત્કૃષ્ટ ૨૨ પ્રદેશોનો સ્પર્શ કરે છે. પ્રત્યેક આગળના પ્રદેશી સ્કંધમાં પૂર્વ સ્કંધની અપેક્ષાએ જઘન્ય સ્પર્શમાં ૨ પ્રદેશ અધિક કરવા જોઈએ. ઉત્કૃષ્ટ સ્પર્શમાં ૫ બોલ વધારવા જોઈએ.

| પ્રદેશ સંખ્યા | જઘન્ય સ્પર્શ | ઉત્કૃષ્ટ સ્પર્શ |
|---|---|---|
| પાંચ પ્રદેશી | ૧૨ | ૨૭ |
| છ પ્રદેશી | ૧૪ | ૩૨ |
| સાત પ્રદેશી | ૧૬ | ૩૭ |
| આઠ પ્રદેશી | ૧૮ | ૪૨ |
| નવ પ્રદેશી | ૨૦ | ૪૭ |
| દસ પ્રદેશી | ૨૨ | ૫૨ |

જેટલા પ્રદેશી સ્કંધ છે. એનાથી બે ગણા થી બે વધારે કરવાથી જઘન્ય સ્પર્શ નીકળે છે. પાંચ ગણાથી બે વધારે કરવાથી ઉત્કૃષ્ટ સ્પર્શ નીકળે છે. આજ નિયમ સંખ્યાત અસંખ્યાત અનંત પ્રદેશી સુધી સમજવો.

આ અસ્તિકાયોના પ્રદેશી પરસ્પર સમજવામાં એ ધ્યાન રાખવું કે– (૧) લોકાંતમાં જઘન્ય સ્પર્શ હશે. વચ્ચમાં ઉત્કૃષ્ટ સ્પર્શ થશે. (૨) અલોકમાં આકાશ માત્ર છે. (૩) કાળ અઢીદ્વીપમાં જ છે. (૪) જીવ પુદ્‌ગલ અને કાલ જ્યાં છે ત્યાં જઘન્ય પણ અનંત પ્રદેશ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવ, પુદ્‌ગલ, સંપૂર્ણ લોકમાં છે.

સંપૂર્ણ ધર્માસ્તિકાય કે અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાયના અસંખ્ય પ્રદેશ સ્પર્શ કરે છે. બાકી ત્રણના અનંત પ્રદેશ સ્પર્શ કરે છે. સ્વયંનો સ્પર્શ ન કહેવો. આ રીતે અન્ય પાંચના સમજી લેવા.

**(૬) અસ્તિકાય અવગાઢ :–** પહેલાં સ્પર્શનું કથન કહ્યું છે. હવે અવગાઢનું વર્ણન કરવામાં આવે છે.

(૧) સ્વયંનુ સ્વયંમાં અગવાહન ન કહેવું. (૨) ધર્માસ્તિકાય વગેરેમાં એક એક પ્રદેશ અવગાઢ કહેવા. (૩) બાકી ત્રણમાં અનંત અવગાઢ કહેવા.

પુદ્ગલ– જેટલા પ્રદેશી સ્કંધ છે, ઉત્કૃષ્ટ એટલા પ્રદેશ અવગાઢ કહેવા અને તેને જઘન્ય એક પ્રદેશ અવગાઢ કહેવા.

સંપૂર્ણ ધર્માસ્તિકાયમાં– અધર્માસ્તિકાયના અસંખ્ય, આકાશાસ્તિ– કાયના અસંખ્ય પ્રદેશ અવગાઢ છે. શેષ ત્રણ અસ્તિકાયના અનંત પ્રદેશ અવગાઢ છે. સ્વયંને અવગાઢ ન કહેવા. આ પ્રકારે છયે(સંપૂર્ણ) અસ્તિકાયોનું કથન કરવું.

**અસ્તિકાયના પ્રદેશના પરસ્પર સ્પર્શ :–**

| અસ્તિકાય | ધર્માસ્તિકાય | | અધર્માસ્તિકાય | | આકાશા–સ્તિકાય | જીવાસ્તિ. પુદ્ગલા. | કાળ |
|---|---|---|---|---|---|---|---|
| | જઘ. | ઉ. | જઘ. | ઉ. | | | |
| ધર્મા.નો પ્રદેશ | ૩ | ૬ | ૪ | ૭ | ૭ | અનંત | ૦/અનંત |
| અધર્મા.નો પ્રદેશ | ૪ | ૭ | ૩ | ૬ | ૭ | અનંત | ૦/અનંત |
| આકાશ.નો પ્રદેશ | ૦/૧ | ૭ | ૦/૧ | ૭ | ૬ | ૦/અનંત | ૦/અનંત |
| જીવા.નો પ્રદેશ | ૪ | ૭ | ૪ | ૭ | ૭ | અનંત | ૦/અનંત |
| કાળનો પ્રદેશ | ૭ | ૭ | ૭ | ૭ | ૭ | અનંત | અનંત |

**પુદ્ગલ સ્કંધોના અસ્તિકાય પ્રદેશોથી સ્પર્શ:–**

| | ધર્મા.+અધર્મા. | | આકાશ–સ્તિકાય | જીવાસ્તિ પુદ્ગલા. | કાળ |
|---|---|---|---|---|---|
| | જઘન્ય | ઉત્કૃષ્ટ | | | |
| પરમાણુ | ૪ | ૭ | ૭ | અનંત | ૦/અનંત |
| બે પ્રદેશી | ૬ | ૧૨ | ૧૨ | અનંત | ૦/અનંત |
| ત્રણ પ્રદેશી | ૮ | ૧૭ | ૧૭ | અનંત | ૦/અનંત |
| ચાર પ્રદેશી | ૧૦ | ૨૨ | ૨૨ | અનંત | ૦/અનંત |
| પાંચ પ્રદેશી | ૧૨ | ૨૭ | ૨૭ | અનંત | ૦/અનંત |
| છઃ પ્રદેશી | ૧૪ | ૩૨ | ૩૨ | અનંત | ૦/અનંત |
| સાત પ્રદેશી | ૧૬ | ૩૭ | ૩૭ | અનંત | ૦/અનંત |
| આઠ પ્રદેશી | ૧૮ | ૪૨ | ૪૨ | અનંત | ૦/અનંત |
| નવ પ્રદેશી | ૨૦ | ૪૭ | ૪૭ | અનંત | ૦/અનંત |
| દસ પ્રદેશી | ૨૨ | ૫૨ | ૫૨ | અનંત | ૦/અનંત |
| અસંખ્ય પ્રદેશી | અસં.×૨ત્ર ૨ | અસં.×૫ત્ર ૨ | અસં.×૫ત્ર ૨ | અનંત | ૦/અનંત |



**અસ્તિકાય સ્કંધના અસ્તિકાય પ્રદેશોથી સ્પર્શ અને અવગાઢ :–**

| | ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય | આકાશાસ્તિકાય | જીવાસ્તિકાય આદિ ત્રણ |
|---|---|---|---|
| ધર્માસ્તિકાય સ્કંધ | અસંખ્ય પ્રદેશ | અસંખ્ય પ્રદેશ | અનંત |
| અધર્માસ્તિકાય સ્કંધ | અસંખ્ય પ્રદેશ | અસંખ્ય પ્રદેશ | અનંત |
| આકાશાસ્તિકાય સ્કંધ | અસંખ્ય પ્રદેશ | અનંત પ્રદેશ | અનંત |
| જીવાસ્તિકાય સ્કંધ | અસંખ્ય પ્રદેશ | અસંખ્ય પ્રદેશ | અનંત |
| પુદ્ગલાસ્તિકાય સ્કંધ | અસંખ્ય પ્રદેશ | અસંખ્ય પ્રદેશ | અનંત |
| કાળ | અસંખ્ય પ્રદેશ | અસંખ્ય પ્રદેશ | અનંત |

**અસ્તિકાય પ્રદેશ પરસ્પર અવગાઢ :–**

| | ધર્માસ્તિ-કાય | અધર્મા-સ્તિકાય | આકાશા-સ્તિકાય | જીવાસ્તિ પુદ્ગલાસ્તિ | કાળ |
|---|---|---|---|---|---|
| ધર્માસ્તિકાય પ્રદેશ | – | ૧ | ૧ | અનંત | ૦/ અનંત |
| અધર્માસ્તિકાય પ્રદેશ | ૧ | – | ૧ | અનંત | ૦/ અનંત |
| આકાશાસ્તિકાય પ્રદેશ | ૦/૧ | ૦/૧ | – | ૦/ અનંત | ૦/ અનંત |
| જીવાસ્તિકાય પ્રદેશ | ૧ | ૧ | ૧ | અનંત | ૦/ અનંત |
| પુદ્ગલાસ્તિકાય પ્રદેશ | ૧ | ૧ | ૧ | અનંત | ૦/ અનંત |
| કાળ દ્રવ્યના પ્રદેશ | ૧ | ૧ | ૧ | અનંત | અનંત |

## પુદ્‌ગલ સ્કંધ અસ્તિકાયોથી અવગાઢ :–

| | ધર્માસ્તિ આદિ ત્રણ | | જીવાસ્તિકાય પુદ્‌ગલાસ્તિકાય | કાળ |
|---|---|---|---|---|
| | જઘન્ય | ઉત્કૃષ્ટ | | |
| પરમાણુ | ૧ | ૧ | અનંત | ૦/ અનંત |
| બે પ્રદેશી | ૧ | ૨ | અનંત | ૦/ અનંત |
| ત્રણ પ્રદેશી | ૧ | ૩ | અનંત | ૦/ અનંત |
| ચાર પ્રદેશી | ૧ | ૪ | અનંત | ૦/ અનંત |
| પાંચ પ્રદેશી | ૧ | ૫ | અનંત | ૦/ અનંત |
| છ પ્રદેશી | ૧ | ૬ | અનંત | ૦/ અનંત |
| સાત પ્રદેશી | ૧ | ૭ | અનંત | ૦/ અનંત |
| આઠ પ્રદેશી | ૧ | ૮ | અનંત | ૦/ અનંત |
| નવ પ્રદેશી | ૧ | ૯ | અનંત | ૦/ અનંત |
| દસ પ્રદેશી | ૧ | ૧૦ | અનંત | ૦/ અનંત |
| અસંખ્ય પ્રદેશી | ૧ | અસંખ્ય | અનંત | ૦/ અનંત |
| અનંત પ્રદેશી | ૧ | અસંખ્ય | અનંત | ૦/ અનંત |

**(૭) પાંચ સ્થાવર :–** એક આકાશ પ્રદેશ પર અસંખ્ય પૃથ્વીકાય આદિ અવગાઢ છે અને વનસ્પતિકાય અનંત અવગાઢ છે.

(૮) ધર્માસ્તિકાય આદિ પર કોઈ જીવ બેસી અથવા સૂઈ નથી શકતો. કેમ કે અરૂપી છે. એનામાં અનંત જીવ રહેતા હોય છે. પ્રકાશ અંધકારરૂપી છે. એના પર પણ કોઈ બેસી અથવા સૂઈ નથી શકતા. બેસવું–સૂવું વગેરે કેવલ સ્થૂલ પુદ્‌ગલ પર થઈ શકે છે.

(૯) લોકમાં સર્વ જઘન્ય પહોળાઈ તિર્છાલોકમાં ક્ષુલ્લક પ્રતરમાં છે. મધ્યમ્ પહોળાઈ પાંચમાં દેવલોકમાં છે, ઉત્કૃષ્ટ પહોળાઈ સાતમી નરકના આકાશાંતર માં છે. ક્ષેત્રની અપેક્ષા તિર્છાલોક બધાથી અલ્પ છે. ઉર્ધ્વલોક અસંખ્યગુણા છે. એનાથી અધોલોક વિશેષાધિક છે.

## ઉદ્દેશક : ૫–૬

(૧) આકારનું વર્ણન પ્રજ્ઞાપના સૂત્ર આકાર પદના પહેલા ઉદ્દેશોની સમાન છે.



(૨) અરુણોદય સમુદ્રમાં રહેલ ચમરચંચા રાજધાનીમાં જવાના માર્ગથી ૬૫૬૩૫૫૦૦૦૦ યોજન દક્ષિણ પશ્ચિમમાં અવગાહન કરવા પર ચમરચંચા નામનો આવાસ છે. ૮૪૦૦૦ યોજન લાંબો, પહોળો, ગોળ છે. અહીં અસુર–કુમાર દેવ ફરવા આવે છે, બેસે છે અર્થાત્ બગીચાની જેમ એનો ઉપયોગ કરે છે.

**(૩) ઉદાયન રાજા :–** સિંધુ અને સોવીર વગેરે સોળ દેશના અધિપતિ ઉદાયન રાજા વીતભય નામના નગરમાં રહેતા હતા. એનું રાજ્યક્ષેત્ર અત્યંત વિશાળ હતું. ૩૬૩ નગર અને ખાણો એના રાજ્યમાં હતી. મકાસેન પ્રમુખ ૧૦ મુકુટબંધ રાજા અને અન્ય ઘણા બધા રાજા વગેરે પર પણ એનું આધિપત્ય હતું. આટલો રાજ્ય સંબંધ હોવા છતાં પણ તે ભગવાન મહાવીર સ્વામીના પરમ ભક્ત અને વ્રતધારી જીવાજીવ આદિ તત્ત્વોના જ્ઞાતા(જાણકાર) શ્રમણોપાસક પણ હતા.

**અભીચિકુમાર :–** ઉદાયન રાજાને પ્રભાવતી નામની રાણી હતી. જે સુકોમળ અને સ્ત્રીના લક્ષણો–ગુણોથી પરિપૂર્ણ હતી. એ પ્રભાવતી રાણીનો આત્મજ અભીચિકુમાર નામનો રાજકુમાર હતો. ઉદાયનરાજાનો તે એક જ પુત્ર હતો. બાલ્યકાળ એનો પણ પુરો થઈ ગયો હતો. રાજ્યકાર્યમાં દેખરેખ કરવા લાગ્યો હતો.

ઉદાયનરાજાના કેશિકુમાર નામના એક ભાણેજ હતા. તે એમની પાસે જ રહેતા હતા. તે પણ ગુણ સંપન્ન અને રાજ્ય કાર્ય કરવાને યોગ્ય હતા.

એક દિવસ પૌષધશાળામાં પૌષધ લઈને ધર્મ જાગરણ કરતા ઉદાયન–રાજાને એ સંકલ્પ થયો કે શ્રમણ ભગવાન મહાવીરસ્વામી જે ક્ષેત્રમાં વિચરણ કરે છે અને ધર્મપ્રેમી સજ્જનો એમની સેવા–દર્શન વગેરેનો લાભ લઈ રહ્યા છે, તેને ધન્ય છે. જો વિચરણ કરતાં ભગવાન અહીંયા વીતભયનગરમાં પધારે તો હું પણ યથાયોગ્ય સેવા પર્યૂપાસના કરું.

**ઉદાયનને વૈરાગ્ય :–** ભગવાન એ સમયે ચંપાનગરીમાં વિચરણ કરી રહ્યા હતા. શ્રમણોપાસક ઉદાયનની મનોભાવના જાણીને વીતભય નગરની દિશામાં વિહાર કર્યો. વિચરણ કરતાં કરતાં ભગવાન નગરની બહાર મૃગવન બગીચામાં પધાર્યા. નાગરિકજનો દર્શન કરવા જવા લાગ્યા. રાજા પણ પોતાની સમૃદ્ધિ સહિત દર્શન કરવા ગયા, વંદના કરીને પર્યુપાસના કરતાં કરતાં ભગવાનની સેવામાં બેસી ગયા. રાજા સહિત સમસ્ત પરિષદને ભગવાને ધર્મોપદેશ આપ્યો. ઉપદેશ સભાંળીને રાજા અત્યંત હર્ષિત થયા. નિર્ગ્રન્થપ્રવચન(ભગવાનના વચનો)ની હાર્દિક પ્રશંસા

કરતા એણે નિવેદન કર્યુ– હે ભંતે ! હું પુત્રને રાજ્ય સોંપીને આપની પાસે દીક્ષા લેવા ઈચ્છુ છું. ભગવાને પોતાના(VCF;C NJF6I%5IF) શબ્દોમાં એને સ્વીકૃતિ આપી.

**ભાણેજને રાજ્ય :–** નગરીમાં જતા સમયે રાજાના વિચારોમાં પરિવર્તન થયું કે મારો પુત્ર અભિચિકુમાર મને અત્યંત પ્રિયવલ્લભ છે. એ રાજ્ય મેળવીને એમાં આસક્ત બનશે તો દુર્ગતિનો ભાગીદાર બનશે. આથી રાજ્ય મારે મારા ભાણેજ કેશીકુમારને આપવું જોઈએ. રાજાનો નવો વિચાર નિર્ણિત રહ્યો અને રાજ્ય કેશીકુમારને આપી દીધું. અભિચિકુમાર અત્યંત નમ્ર, વિનીત, ગુણ સંપન્ન કુમાર હતા. અમનોજ્ઞ વ્યવહાર હોવા છતાં પણ તે કાંઈપણ ન બોલી શક્યો. પછી યોગ્ય સમયે ઉદાયનરાજાએ દીક્ષા અંગીકાર કરી. મહોત્સવ વગેરે વિસ્તૃત વર્ણન જમાલીના વર્ણન સમાન છે. કેશિરાજા અને પ્રભાવતી રાણી વગેરેએ દીક્ષાની આજ્ઞા આપી. ઉદાયનરાજાએ સંયમ તપનું યોગ્ય વિધિએ પાલન કર્યું. અંતમાં સંપૂર્ણ કર્મક્ષય કરી સમસ્ત દુખોનો અંત કરી દીધો.

**અભીચિકુમારનું ચંપામાં જવાનું :–** અભિચિકુમારને કોઈ સમય રાત્રિમાં ચિંતન કરતાં રાજ્ય સંબંધી ધટિત ધટનાની સ્મૃતિ થઈ. માનસિક વેદના વધી અને પિતા ઉદાયનરાજા માટે અત્યંત અપ્રીતિકારક વિચાર ઉત્પન્ન થયો કે હું ઉદાયનનો પુત્ર અને પ્રભાવતીનો આત્મજ છું. મને છોડીને ભાણેજને રાજ્ય આપ્યું. આ મારી સાથે અત્યંત અનુચિત કર્તવ્ય કર્યું. વગેરે સંકલ્પોથી એનું મન ત્યાંથી રાજ્ય છોડીને અન્યત્ર ચાલ્યા જવા માટે થઈ ગયું અને પિતા ઉદાયનના માટે વૈરભાવ પ્રબળ થઈ ગયો.

સંપૂર્ણ તૈયારી કરીને પોતાના પરિવાર અને ધન સામગ્રી સહીત તે ગ્રામાનુ– ગ્રામ થતા ચંપાનગરીમાં રાજા કોણિકની પાસે પહોંચી ગયા અને સુખ– પૂર્વક રહેવા લાગ્યા.

**અભીચિ શ્રમણોપાસક :–** સંયોગવશ ત્યાં એને ધાર્મિક સંયોગ પણ મળ્યો. કેમકે કોણિક રાજા પણ ભગવાનના પરમ ભક્ત હતા. અનુક્રમથી અભીચિકુમાર પણ વ્રતધારી જીવાજીવ વગેરે તત્ત્વોના જ્ઞાતા શ્રમણોપાસક બની ગયા. પરંતુ ઉદાયનરાજા પ્રતિ જે વૈરાભાવનો સંકલ્પ હતો તેનું પરિમાર્જન ન કર્યું.

**વિરાધક ગતિ :–** શ્રાવકવ્રતોના પૂર્ણ શુદ્ધ–પાલન કરતા અંતિમ સમયમાં એણે સંથારો ગ્રહણ કર્યો. ૧૫ દિવસ ચોવિહારો સંથારો પણ ચાલ્યો. બાહ્ય વિધિ



આલોચના શુદ્ધિ આદિ પણ કરી. પરંતુ અંતરમનમાં પિતાના કર્તવ્ય પ્રતિ જે ખટકો હતો વૈરાભાવના કણ હતા એનું શુદ્ધિકરણ એ સમયે પણ ન કર્યું. આ કારણે વ્રત પાલન અને વ્રત શુદ્ધિ બધુ નિષ્ફળ ગયું. અસુરકાયના આતાપ જાતિના દેવસ્થાનનું આયુબંધ થયો અને વિરાધક થઈને અસુરકુમાર જાતિમાં દેવઢપમાં ઉત્પન્ન થયા.

**વિરાધક કેમ ? :–** અંતર મનમાં દુઃખ અને ખટક માત્રથી વિરાધક થયા. પરંતુ હિંસા અનુબંધી કોઈ સંકલ્પ, રૌદ્રધ્યાન અથવા નિંદા, કદાગ્રહ ન હતા. આ કારણ સંસાર વૃદ્ધિ અને નરક, તિર્યંચ વગેરે ગતિમાં ન ગયા પરંતુ શ્રાવકવ્રત વગેરેના આચરણ પ્રકૃતિ ભદ્રતા, વિનીતતા વગેરે કારણોથી દેવ બન્યા. ભાવોની પૂર્ણ શુદ્ધિ પવિત્રતા ન હોવાથી તે ધર્મના વિરાધક બન્યા.

ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે. ત્યાં સંયમ અંગીકાર કરી સંપૂર્ણ કર્મોનો ક્ષય કરી સિદ્ધ થશે.

**શિક્ષા :–** (૧) રાજા હો અથવા દીક્ષાર્થી હો કેવળ એકપક્ષીય ચિંતનથી નિર્ણય ન લેવો જોઈએ. એના પ્રતિપક્ષી બીજા પાસાનો વિચાર અવશ્ય કરવો જોઈએ. સાથે આવા ગંભીર વિષયોમાં કોઈ સાથે સલાહ વિચારણા પણ અવશ્ય કરવી જોઈએ. કારણકે હિત ઈચ્છવા છતાં પણ કોઈનું અહિત થવાનો પ્રસંગ ન બને.

(૨) બીજાની ગમે તેવી ભૂલ અને વ્યવહાર હોય પરંતુ હાર્દિક શુદ્ધિપૂર્વક માફ કરીને શાંત પવિત્ર બની જવું જોઈએ. નહીંતર આપણી બધી સાધનાઓ નિષ્ફળ થઈને વિરાધકપણું અવશ્ય પ્રાપ્ત થાય છે. સામેવાળાનું કાંઈપણ નુકસાન નથી થતું એટલા માટે બાહ્ય વ્યવહારમાં સંથારો, ક્ષમાપના અને વ્રત પાલન હોવા છતાં પણ ભાવોની શાંતિ સમાધિ અને પવિત્રતા નિર્મળતા હોવી આરાધના માટેનું પરમ આવશ્યક અંગ સમજવું જોઈએ. જીવનના સંકલ્પિત ભાવોને અંતિમ સમયે પણ યાદ રાખીને કાઢવા અને માનસિક શુદ્ધિ કરવાનું ક્યારે પણ નહીં ભૂલવું જોઈએ અને ઉપેક્ષા પણ કરવી જોઈએ નહીં.

કેટલાય સાધુ અથવા શ્રાવક દૈવસિક, પાક્ષિક, સાંવત્સરિક, ક્ષમાપના વ્યવહારથી તો કરી જ લે છે. પરંતુ કેટકેટલા પ્રતિ એમને મનદુઃખ, ખટકો, નિંદા, તિરસ્કારનો ભાવ, મેલીદષ્ટિ, અશુદ્ધવ્યવહાર, એલર્જી, ચિડ વગેરે ભરેલા હોય છે. તે બધી અયોગ્ય અવસ્થાઓ, સ્થિતિઓ છે. એનાથી સાધનાના પ્રાણ નષ્ટ થાય છે. આવી સ્થિતિમાં તપોનિષ્ટ અને ક્રિયાનિષ્ટપણું નિષ્ફળ જાય છે.

અભીચિકુમારના આ કથાનકથી સાધકોને સદા પ્રતિસમય ભાવ શુદ્ધિ અને વિચારોની પવિત્રતા માટે જાગૃત રહેવાની કાળજી રાખવી જોઈએ. ત્યારે સાધના– ઓનો સાચો જીવંત આનંદ પ્રાપ્ત થઈ શકે છે.

## ઉદ્દેશક : ૭

(૧) મન અને ભાષાના પુદ્ગલ ગ્રહણ કરીને એ સમયે છોડી દેવાય છે વધારે સમય એનું આત્માની સાથે અસ્તિત્વ નથી રહેતું.

તેથી મન અને ભાષાને આત્માથી ભિન્ન કહેવાયેલ છે. કાયા આત્માની સાથે લાંબો સમય સુધી રહે છે. કાયાનો સ્પર્શ અને છેદનનું જ્ઞાન અને અનુભવ આત્માને હોય છે. પરંતુ એના વિનાશમાં આત્માનો વિનાશ નથી થતો. આ કારણે કાયાને આત્મા અને આત્માથી ભિન્ન બંને મનાય છે.

મન અને ભાષા રૂપી છે, અચિત છે. મન અને ભાષાના પ્રયોગના સમયે જ મન અને ભાષા છે. પહેલા અને પછી મન કે ભાષા નથી અને એ જ સમયે એનું ભેદન હોય છે. પહેલા અથવા પછી નહીં. આ બંને જીવોના જ હોય છે. અજીવોના નહીં.

કાર્મણ કાયા અતિ સૂક્ષ્મ હોવાથી, કાયા અરૂપી, રૂપી બંને કહેવાય છે. સચેત–અચેત બંને કાયાના પ્રકાર છે. જીવિત અને મૃત શરીરની અપેક્ષાએ જીવોની પણ કાયા છે. અજીવોને પણ પોતાના અસ્તિત્વ અવગાહના ઢપ કાયા છે. પહેલાં અને પછી પણ કાયા છે તથા પહેલાં અને પછી પણ એનું ભેદન થાય છે.

આ પ્રકારે મન–વચનની અપેક્ષા કાયાનું સ્વરૂપ કંઈક અલગ જ બતાવ્યું છે. મન અને વચનના સત્ય આદિ ચાર, ચાર ભેદ છે અને કાયાના ઔદારિક વગેરે સાત ભેદ છે.

**(૨) મરણ–** મરણના પાંચ પ્રકાર કહેવાયા છે. યથા– **૧.** આવીચિ મરણ– પ્રતિ સમય જે આયુ કર્મ ક્ષય થઈ રહ્યું હોય છે તેની અપેક્ષાએ આવીચિ મરણ થઈ રહ્યું છે. **૨–૩. અવધિ મરણ અને આત્યંતિક મરણ–** જે નરકાયુ વગેરેના પુદ્ગલો અત્યારે ભોગવાઈ રહ્યા છે તે પુનઃ ભવિષ્યમાં ક્યારેય નહી ભોગવાય. અર્થાત્ જીવ મોક્ષમાં ચાલ્યો જાય તો એ આયુષ્ય પુદ્ગલોની અપેક્ષાએ જીવનું આત્યંતિક– મરણ છે. જે આયુષ્ય કર્મના પુદ્ગલ અત્યારે ભોગવી લીધા છે, પછી ક્યારે ય ગ્રહણ કરી, બંધ કે ઉદય થાય તો એની અપેક્ષાએ કાંઈક થોડા સમયને માટે મરણ



થયું માની લેવાય. તેથી તેને અવધિ(થોડા કાળને માટે) મરણ કહેવાયું છે.

**૪. બાલ મરણ–** આ વલય મરણ વગેરે ૧૨ પ્રકારના છે. યથા– (૧) વલય મરણ–ગળું દબાવીને કે મરોડીને મરવું. (૨) વશાર્ત મરણ– વિરહવ્યથાથી પીડિત થઈને મરવું(મસ્તક પછાડીને, છાતી કૂટીને, અંગોપાંગ પર ઈજા પહોંચાડીને મરવું.) (૩) અંતઃશલ્ય મરણ– તીર, ભાલા વગેરે થી વીંધાઈને મરવું. (૪) તદ્ભવ મરણ– ફરીથી વર્તમાન ભવ પ્રાપ્ત કરવા માટે મરવું (કાશી કરવત લેવું વગેરે) (૫) પર્વત આદિથી નીચે પડીને મરવું. (૬) વૃક્ષ આદિથી કુદીને મરવું. (૭) પાણીમાં ડૂબીને મરવું. (૮) અગ્નિમાં બળીને મરવું. (૯) ઝેર ખાઈને મરવું. (૧૦) તલવાર વગેરે શસ્ત્રથી કપાઈને મરવું. (૧૧) ફાંસી ખાઈને મરવું. (૧૨) પશુપક્ષી દ્વારા શરીર ભક્ષણ કરાવીને મરવું. આ રીતે કોઈપણ પ્રકારે કષાયોના વશીભૂત થઈને મરવું, તે **બાલ મરણ** છે.

**૫. પંડિત મરણ–** પાદપોપગમન અને ભક્ત પ્રત્યાખ્યાન આ બે પ્રકારનું પંડિત મરણ છે. આ બંને નિહારિમ અનિહારિમ બે પ્રકારના હોય છે અને સપરિકર્મ-અપરિકર્મ = મરવા પછી અગ્નિ સંસ્કાર ક્રિયા કરવી અને ન કરવી બંને સંભવ છે. સંથારાના કાલમાં શરીરની પરિકર્મ(ચાલવું, અંગોપાંગ હલાવવા વગેરે) ક્રિયા કરવી, ન કરવી ભક્ત પ્રત્યાખ્યાન પંડિત મરણમાં સંભવ છે. પરંતુ પદપોપગમન પંડિત મરણ તો પરિકર્મ રહિત જ હોય છે.

આવીચિ મરણ ના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવની અપેક્ષા ૫ ભેદ છે. અને ૪ ગતિની અપેક્ષા એના ૨૦–૨૦ ભેદ હોય છે. આ પ્રકારે પ્રથમના ત્રણ મરણના આ ૨૦–૨૦ ભેદ છે. બાલમરણ ના ૧૨ ભેદ છે અને પંડિતમરણના બે ભેદ કહ્યા છે. કુલ ૨૦ + ૨૦ + ૨૦ + ૧૨ + ૨ = ૭૪ ભેદ અહીં મરણના બતાવ્યા છે.

## ઉદ્દેશક : ૮–૧૦

(૧) કર્મ પ્રકૃતિનું વર્ણન પ્રજ્ઞાપના પદ ૨૩ ઉદ્દેશક બે ની અનુસાર જાણવું જોઈએ.

(૨) ભાવિતાત્મા અણગાર વૈક્રિય લબ્ધિ સંપન્ન હોય તો તે વિવિધ ઈચ્છિત રૂપ બનાવી શકે છે. એનું વર્ણન ત્રીજા શતકના પાંચમા ઉદ્દેશકમાં છે. જેનો આશય એ છે કે તે મનુષ્ય પશુ-પક્ષીના રૂપ બનાવવા અને આકાશમાં ગમન વગેરે ક્રિયાઓ કરી શકે છે. સોના-ચાંદી રત્ન ધાતુ વગેરે વિક્રિયા કરી શકે છે. એને લઈને આકાશમાં ચાલી શકે છે. પક્ષીઓની જેમ ઉડી શકે છે, રહી શકે છે. પશુઓની જેમ કૂદી શકે

છે, દોડી શકે છે. આ બધા વૈક્રિય શક્તિના અસ્તિત્વની અપેક્ષાએ કથન છે. આવી વિક્રિયાઓ માયાવી, પ્રમાદી સાધુ કરે છે. અપ્રમાદી ગંભીર સાધુ નથી કરતા.

(૩) છાદ્મસ્થિક સમુદ્‌ઘાતનું વર્ણન પ્રજ્ઞાપના પદ ૩૬ ની અનુસાર જાણવું જોઈએ.

॥ શતક ૧૩/૧૦ સંપૂર્ણ ॥

## શતક–૧૪ : ઉદ્દેશક–૧

(૧) આયુબંધના પરિમાણોની અપેક્ષાએ એક દેવસ્થાનની સીમાનું ઉલ્લંઘન થઈ જાય અને બીજા દેવસ્થાન યોગ્ય પરિણામ સુધી ન પહોંચે એ વચ્ચેના પરિણામમાં અટકી જાય અને ત્યાં આયુબંધ કરી કાળ કરે તો જીવ ક્યા સ્થાનના આયુબંધ કરે છે અને ક્યાં જાય છે ?

આ પ્રશ્નના ઉત્તરમાં બતાવ્યું છે કે તે સ્થિર થયેલ પરિણામ જ્યાં વધારે નિકટ હોય ત્યાંનું આયુબંધ અને ગતિ હોય છે. યથા–કોઈ વ્યક્તિ માર્ગમાં ચાલી રહેલ છે. એક આરામના સ્થાનથી ૫૦ ફૂટ આગળ વધી ગયો અને બીજું આરામનું સ્થાન ૫૦૦ ફૂટ દૂર છે. એ સમયે મૂશળધાર વરસાદ શરૂ થઈ જાય તો તે વ્યક્તિ નજીકના સ્થાન પર પહોંચીને પોતાની સુરક્ષા કરી લેશે. આવી જ રીતે એ આત્માના પરિણામોને યોગ્ય જે નજીકનું સ્થાન હોય છે, એ સ્થાનનું આયુબંધ અને ગતિ હોય છે.

(૨) એકેન્દ્રિયને વિગ્રહગતિ(વાટે વહેતાં) માં **ચાર સમય** લાગે છે. બાકી બધાને **ત્રણ સમય** લાગે છે.

(૩) વાટે વહેતા અવસ્થાના જીવને અનંતર-પરંપર **અનુત્પન્નક** પણ કહેવાયા છે. સ્થાન પર ઉત્પન્ન પ્રથમ સમયવર્તી જીવ અનંતરોત્પન્નક છે. બાકી બધા જ પરમ્પરોત્પન્નક છે.

(૪) જન્મના અંતર્મુહૂર્ત બાદ જ આયુબંધ થાય છે. પહેલા નહીં.

(૫) દુઃખપૂર્વક ઉત્પન્ન થનારા ખેદોત્પન્નક જીવ કહેવાય છે.

### ઉદ્દેશક : ૨

(૧) યક્ષાવેશ ઉન્માદનું છૂટવું એટલું મુશ્કેલ નથી હોતું કે જેટલી મુશ્કેલીથી મોહનો ઉન્માદ છૂટે છે. ચાર ગતિ ૨૪ દંડકમાં બંને પ્રકારના ઉન્માદ હોય છે. નારકીને દેવ



દ્વારા પણ અશુભ પુદ્‌ગલ પ્રક્ષેપથી યક્ષાવેશ ઉન્માદ હોય છે અને દેવોમાં પણ બીજા વિશિષ્ટ શક્તિ(ઋદ્ધિ)સમ્પન્ન દેવો દ્વારા આવી પ્રક્રિયા હોય છે.

(૨) તીર્થંકર ભગવાનના જન્મ, નિર્વાણ વગેરે સમયે દેવ વૃષ્ટિ કરે છે. શક્રેન્દ્રને વર્ષા કરવી હોય તો તે આભ્યંતર પરિષદના દેવને બોલાવે છે. પછી તે દેવ આભિયોગિક દેવોને બોલાવે છે અને આભિયોગિક દેવ વર્ષા કરનારા દેવોને બોલાવે છે. આ પ્રકારે જ તમસ્કાય કરવી હોય તો આભિયોગિક દેવ તમસ્કાય કરનારા દેવોને બોલાવે છે.

રતિક્રીડાને માટે, પોતાના સંરક્ષણના માટે, સંતાવા માટે, વિરોધી દેવ વગેરેને ભ્રમિત, વિસ્મિત કરવા માટે દેવ તમસ્કાય ઉત્પન્ન કરે છે.

### ઉદ્દેશક : ૩

(૧) સમ્યગ્‌દષ્ટિ દેવ અણગારની અવગણના કરીને વચ્ચેથી જતા નથી, તેઓ વંદન નમસ્કાર કરે છે અને પર્યુપાસના કરે છે. મિથ્યાદષ્ટિ દેવ અવગણના કરી શકે છે.

(૨) નૈરયિકોમાં પરસ્પરમાં વિનય સત્કાર સન્માન હાથ જોડવા, પ્રણામ કરવા આસન આપવા વગેરે શિષ્ટાચાર હોતા નથી દેવ, મનુષ્યમાં હોય છે. તિર્યંચમાં આસન-દાન સિવાય અનેક શિષ્ટાચાર હોય છે અર્થાત્ પશુઓમાં સામે જવું, પહોંચાડવું ઉડવું વગેરે પણ હોય છે.

### ઉદ્દેશક : ૪

(૧) પુદ્‌ગલ એક વર્ણાદિથી અનેકમાં, અનેક વર્ણાદિથી એક વર્ણાદિમાં, રૂક્ષથી સ્નિગ્ધમાં, આ પ્રકારે પરિવર્તન પરિણમન થતું રહે છે.

જીવના પણ ક્યારેક સુખ, ક્યારેક દુઃખ આ પ્રકારે કર્મોદયથી વિવિધ પરિવર્તન થતાં રહેતા હોય છે.

પરમાણુ વગેરે દ્રવ્યની અપેક્ષા શાશ્વત છે, વર્ણાદિની અપેક્ષા અશાશ્વત છે. દ્રવ્યની અપેક્ષા તે અચરમ હોય છે. ક્ષેત્ર કાલ ભાવની અપેક્ષા ચરમ અચરમ બંને હોય છે.

### ઉદ્દેશક : ૫

(૧) નારકી અને પાંચ સ્થાવર વિગ્રહ ગતિવાળા જીવ અગ્નિકાયની વચ્ચેથી નિકળ

છે પરંતુ બળતા નથી અને અવિગ્રહ ગતિવાળા નથી નિકળતા.

ત્રણ વિકલેન્દ્રિય વિગ્રહ ગતિવાળા અને અવિગ્રહ ગતિવાળા બંને અગ્નિકાયમાં જાય છે. વિગ્રહ ગતિવાળા બળતા નથી અને અવિગ્રહ ગતિવાળા બળે છે.

તિર્યંચ મનુષ્ય દેવ વિગ્રહ ગતિવાળા અગ્નિમાં જાય છે અને બળતા નથી. અવિગ્રહ ગતિવાળા ઋદ્ધિ(લબ્ધિ) સંપન્ન જાય છે તે નથી બળતા. જે ઋદ્ધિ સંપન્ન નથી તે કોઈ જાય છે, કોઈ જતા નથી . જે જાય છે તે બળે છે.

(૨) નૈરયિકોને શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ, ગતિ, સ્થિતિ, લાવણ્ય, યશ, કીર્તિ અને ઉત્થાન કર્મ બળ વીર્ય પુઢષકાર પરાક્રમ આ દસ અનિષ્ટ મળે છે, દેવોને ઈષ્ટ મળે છે. મનુષ્ય, તિર્યંચમાં ઈષ્ટ, અનિષ્ટ બને હોય છે. શબ્દ, રૂપ, ગંધ અને રસ એ ચાર એકેન્દ્રિયમાં નથી હોતા. તેથી એનામાં ૬ હોય છે, બેઈન્દ્રિયમાં ૭ હોય છે. તેઈન્દ્રિયમાં ૮ હોય છે. ચૌરન્દ્રિયમાં ૯ હોય છે.

## ઉદ્દેશક : ૬

(૧) શક્રેન્દ્ર ઈશાનેન્દ્ર વિષય ભોગની ઈચ્છા થવા પર દેવલોકમાં જ એક નૂતન ભવન(વિમાન) શય્યા(પથારી) વગેરે વિકુર્વણા કરે છે અને સનત્કુમારેન્દ્ર વગેરે ઉપરના દેવલોકના ઈન્દ્ર શય્યાની વિકુર્વણા કરતા નથી. પરંતુ સિંહાસનની વિકુર્વણા કરે છે. કેમ કે એને કાય પરિચારણા હોતી નથી, સ્પર્શ પરિચારણા વગેરે હોય છે.

## ઉદ્દેશક : ૭

(૧) એકવાર ગૌતમસ્વામીના મનોગત સંકલ્પોને જાણીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ વ્યાખ્યાન પછી પરિષદનું વિસર્જન થયા બાદ આ પ્રકારે કહ્યું કે હે ગૌતમ ! તું અને હું આજથી નહીં, લાંબા સમયથી જન્મ જન્માંતરથી પરિચિત અને સાથી છીએ. અર્થાત્ આ ભવથી પહેલાં દેવલોકમાં અસંખ્ય વર્ષ સાથે હતા. એના પૂર્વે મનુષ્ય ભવમાં પણ આપણો સાથ હતો અને આ ભવ પછી આગળ પણ આપણે બંને મોક્ષ સ્થાનમાં એક સરખા તુલ્ય આત્મ સ્વરૂપમાં સાથે રહેશું. આનાથી ગૌતમસ્વામીને કેવલજ્ઞાન ન હોવાની અધૈર્યતામાં બહુ જ શાંતિ અને આ/વાસન મળ્યું કે મને આ ભવમાં કેવલજ્ઞાન અને મુક્તિની પ્રાપ્તિ અવશ્ય થશે.

(૨) ભગવાન અને ગૌતમની આ વાર્તા અથવા તત્વ–જ્ઞાનને અણુત્તર વિમાનના દેવ પોતાની અવધિજ્ઞાનની મનોવર્ગણા લબ્ધિ દ્વારા જાણે છે, જુએ છે.



**(૩) તુલ્યતા :–** છ પ્રકારની તુલ્યતા કહેવાય છે.– (૧) દ્રવ્ય (૨) ક્ષેત્ર (૩) કાળ (૪) ભાવ (૫) ભવ (૬) સંસ્થાન. **૧.** પરમાણુ–પરમાણુ, દ્વિપ્રદેશી– દ્વિપ્રદેશી **યાવત્** અનંતપ્રદેશી–અનંતપ્રદેશી પરસ્પરમાં તુલ્ય હોય છે. એક શુદ્ધ આત્મા બીજા શુદ્ધ આત્માની સાથે તુલ્ય થાય છે. આ દ્રવ્ય તુલ્યતા છે. **૨.** આવી રીતે અવગાહનાની અપેક્ષા ક્ષેત્ર તુલ્યતા હોય છે. **૩.** સ્થિતિની અપેક્ષાએ કાળ તુલ્યના હોય છે. **૪.** પુદ્ગલના વર્ણાદિની અપેક્ષાએ અને જીવના ગુણોની અપેક્ષાએ ભાવ તુલ્યતા હોય છે. **૫.** નરકાદિ દંડકોના ભવની અપેક્ષાએ ભવ તુલ્યતા હોય છે. **૬.** પરિમંડલ વગેરે આકૃતિની અપેક્ષાએ સંસ્થાન તુલ્યતા હોય છે.

(૪) સંથારામાં આહારાદિના ત્યાગમાં કાળ કરનારી વ્યક્તિ દેવગતિ વગેરેમાં પહોંચતા જ પહેલા વિશિષ્ટ આસક્તિથી, તીવ્રતાથી આહાર ગ્રહણ કરે છે. પછી ક્રમશઃ તીવ્રતામાં, આસક્તિમાં ઘટાડો થઈ જાય છે.

(૫) અનુત્તર વિમાનમાં કેટલાક દેવ લવસત્તમ સંજ્ઞક હોય છે. એની એ સંજ્ઞાનો આશય એ છે કે પહેલાંના મનુષ્ય ભવમાં જો એની ઉંમર ૭ લવ પ્રમાણ વધારે હોત તો તે સંપૂર્ણ અવશેષ કર્મક્ષય કરીને એ જ ભવમાં મોક્ષ ચાલ્યા જાત. ૭૭ લવનું એક મુહૂર્ત હોય છે. એક લવ એક મિનિટથી નાનો હોય છે અને સેંકડથી મોટો હોય છે.

અનુત્તર વિમાનના સમસ્ત દેવ એટલા અલ્પકર્મી હોય છે કે જો તે પૂર્વ ભવમાં એક છઠની તપસ્યા વધુ કરી લે, એટલી ઉંમર વધુ હોય તો તે એ જ ભવમાં બધા કર્મોનો ક્ષય કરી શકે.

ત્યાં અણુત્તર દેવોના શબ્દ, રૂપ વગેરે બધા લોકથી ઉત્તમ, શ્રેષ્ઠ, શ્રેષ્ઠતમ હોય છે. એનાથી અધિક ઊંચા ક્યાં ય પણ શબ્દાદિ વિષય હોતા નથી. અર્થાત્ એના પૌદ્ગલિક સુખ–સંસારના સમસ્ત જીવોના સુખથી અણુત્તર હોય છે. એટલા માટે તે અણુત્તર દેવ કહેવાય છે.

## ઉદ્દેશક : ૮

(૧) સાતે નરક પૃથ્વી અને વિમાનો વચ્ચે અસંખ્ય યોજનનું અંતર છે. રત્નપ્રભા પૃથ્વી અને જ્યોતિષીનું અંતર ૭૮૦ યોજનનું છે. સિદ્ધશિલા અને અનુત્તર વિમાનનું અંતર ૧૨ યોજનનું છે. સિદ્ધશિલાથી અલોકનું અંતર ઉત્સેધાંગુલના દેશોન એક યોજન પ્રમાણ છે.

(૨) રાજગૃહી નગરમાં ભગવાન અને ગૌતમસ્વામીની સામે રહેલ શાલ– વૃક્ષના સંબંધમાં ગૌતમ સ્વામીના પૂછવા પર ભગવાનને કહ્યું કે આ શાલવૃક્ષનો જીવ અહીંથી મરીને આ નગરીમાં ફરીથી શાલવૃક્ષ રૂપમાં જન્મ લેશે. ત્યાં તે લોકો દ્વારા પૂજિત સન્માનિત થશે, દેવાધિષ્ઠિત થશે. પછી ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈને સિદ્ધ થઈ જશે.

આ શાલવૃક્ષની શાખાના મુખ્ય જીવ મરીને વિદ્યાચલ પર્વતની તળેટીમાં માહે✓રીનગરમાં શાલવૃક્ષના રૂપમાં ઉત્પન્ન થશે. ત્યાં તે વંદિત, પૂજિત અને દેવાધિષ્ઠિત થશે. એના પછી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ મોક્ષ જશે.

આ ઉંબર વૃક્ષની શાખાનો જીવ પાટલિપુત્ર નગરમાં પાટલી વૃક્ષના રૂપમાં ઉત્પન્ન થશે. બાકીનું વર્ણન ઉપર પ્રમાણે સમજવું.

(૨) અમ્બડ શ્રાવકનું વર્ણન ઔપપાતિક સૂત્ર ખંડ–પથી જાણવું.

**(૩) અવ્યાબાધ દેવ :–** આ દેવ પોતાની દૈવિક શક્તિ દ્વારા કોઈ વ્યક્તિની આંખોની પલક પર ૩૨ પ્રકારના નાટક દેખાડી શકે છે. એવું કરતાં પણ તે વ્યક્તિને જરાપણ બાધા પરેશાની થવા દેતા નથી. આ સાતમા લોકાંતિક દેવ છે.

**(૪) શક્રેન્દ્ર દેવેન્દ્ર :–** પોતાની શક્તિથી કોઈપણ વ્યક્તિના માથાનું છેદન કરી, ચૂર્ણ-ચૂર્ણ કરી કમંડલમાં નાખી દે અને પછી એ જ સમયે ચૂર્ણ જોડી દે. આ બધું એટલી બધી ઝડપ અને ચીવટની સાથે કરે છે કે એ પુરુષને જરાપણ તકલીફ થવા દેતા નથી, દૈવિક શક્તિથી સ્વલ્પ દુઃખ પણ ઉપર કહેલ કાર્યમાં થતું નથી.

**(૫) જૃંભક દેવ :–** આ દેવ ક્રીડામાં અને મૈથુન સેવન પ્રવૃત્તિમાં આસક્ત રહેતા હોય છે. આ તિર્ચ્છા લોકના વૈતાઢ્ય પર્વતો પર રહે છે. જેના પર સંતુષ્ટ થઈ જાય તેને ધન માલ વગેરેથી ભરપૂર કરી દે છે અને જેના પર રુષ્ટ થઈ જાય એને કેટલાક પ્રકારની હાનિ પહોંચાડે છે. આ એક પ્રકારના વ્યંતર જાતિના દેવ છે. ૧૫ કર્મભૂમિના ક્ષેત્રોમાં અને દેવકુરુ, ઉત્તર કુરુક્ષેત્રના કંચન ગિરિ પર્વતો પર ચિત્ર, વિચિત્ર, યમક નામના પર્વતો પર રહે છે. એની એક પલ્યોપમની ઉંમર હોય છે.

આ દેવોના મનુષ્ય લોકના આહાર, પાણી, ફલ વગેરે પર અધિકાર હોય છે. એનામાં હાનિ–વૃદ્ધિ કરી શકે છે. એના દસ નામથી જ એના કાર્ય સ્પષ્ટ થાય છે. જેમ કે (૧) અન્નજૃંભક (૨) પાનજૃંભક (૩) વસ્ત્રજૃંભક (૪) લયન (મકાન) જૃંભક (૫) શયન જૃંભક (૬) પુષ્પજૃંભક (૭) ફલજૃંભક (૮) ફલ પુષ્પજૃંભક



(૯) વિદ્યાજૃંભક (૧૦) અવ્યક્ત અથવા અધિપતિજૃંભક– સામાન્ય રૂપથી બધા પદાર્થો પર આધિપત્ય રાખવાવાળા અવ્યક્ત જૃંભક હોય છે.

## ઉદ્દેશક : ૯

(૧) ભાવિતાત્મા અણગાર કર્મ લેશ્યાને અર્થાત્ ભાવલેશ્યાને જાણી શકતા નથી પરંતુ ભાવ લેશ્યાવાળા સશરીરી જીવને જાણે જુએ છે.

(૨) સૂર્ય, ચંદ્રના વિમાનથી જે પ્રકાશ નિકળે છે, તે રૂપી દ્રવ્ય લેશ્યા કે પુદ્‌ગલો થી નીકળે છે અર્થાત્ પૃથ્વીકાયિક જીવોના શરીરથી પ્રકાશ નિકળે છે.

(૩) નારકી જીવોને અનિષ્ટ અને દુઃખકર પુદ્‌ગલોનો સંયોગ હોય છે. પરંતુ દેવોને ઈષ્ટ અને સુખકારી પુદ્‌ગલ સંયોગ હોય છે.

(૪) મહર્દ્ધિક દેવ હજારો રૂપ બનાવી, એ બધા દ્વારા એકી સાથે ભાષા બોલી શકે છે. તે ભાષા એક જ હોય છે, હજાર હોતી નથી.

(૫) સૂર્ય વિમાનના પૃથ્વીકાયિક જીવોને આતાપ નામની પુણ્ય પ્રકૃતિનો ઉદય થાય છે. સૂર્ય જ્યોતિષી દેવોના ઈન્દ્ર પણ છે. આથી સૂર્યને અને સૂર્યના અર્થને શુભ માનેલ છે.

**(૬) અણગાર સુખ :–** (૧) એક મહિનો સંયમ પાલન કરનારા અણગાર વ્યંતર દેવોના સુખનું ઉલ્લંઘન કરી જાય છે. આ ક્રમથી બે મહિનાથી બાર મહિના સુધી સમજવું જોઈએ.

એક મહીનો = વ્યંતર, બે મહીના = નવનિકાય, ત્રણ મહિના = અસુર–કુમાર, ચાર મહીના = ગ્રહ નક્ષત્ર તારા, પાંચ મહીના = સૂર્ય ચંદ્ર, છ મહીના = પહેલા-બીજા દેવલોક, સાત મહીના = ત્રીજો, ચોથો દેવલોક, આઠ મહીના = પાંચમો છઠો દેવલોક. નવ મહીના = સાતમો, આઠમો. દેવલોક, દસ મહીના = ૯ થી ૧૨ દેવલોક, અગિયાર મહીના = નવ ગ્રૈવેયક, બાર મહીના સંયમ પાલન કરનારા અણગાર અણુત્તર વિમાનના દેવોના સુખનું ઉલ્લંઘન કરી શકે છે.

આ સંયમમાં ભાવિત આત્માના આત્મિક આનંદના એક અપેક્ષિત મધ્યમ કક્ષાના માનદંડ બતાવ્યો છે. કેમ કે કેટલાક જીવો અંતર્મુહૂર્તમાં મુક્તિ પ્રાપ્ત કરી લે છે.

## ઉદ્દેશક : ૧૦

(૧) કેવલી અને સિદ્ધ ભગવાન જ્ઞાનમાં બધી અપેક્ષાથી સમાન હોય છે. કેવલી

બોલે છે અર્થાત્ તે જ્ઞાનનું કથન કરી શકે છે. પરંતુ સિદ્ધભગવાન ઉત્થાન કર્મ બલ વીર્ય વગેરેનો અભાવ હોવાથી વચન પ્રયોગ કરતા નથી. આ પ્રકારે કેવલી ઉઠવું, બેસવું, ચાલવું વગેરે શારીરિક ચેષ્ટાઓ કરી શકે છે. સિદ્ધ ભગવાન શરીરના અભાવથી આ ક્રિયાઓ કરી શકતા નથી.

**॥ શતક ૧૪/૧૦ સંપૂર્ણ ॥**

## શતક–૧૫

### ગોશાલક વર્ણન

આ ભરત ક્ષેત્રમાં શરવણ નામનું સન્નિવેશ–નગર હતું. એ સન્નિવેશમાં ગોબહુલ બ્રાહ્મણ રહેતો હતો. જે વેદ વગેરેનો જાણકાર હતો. એને એક બહુ જ મોટી ગોશાલા હતી. એકવાર મંખલિ નામનો મંખ ભિક્ષાચર પોતાની ભદ્રા પત્ની સાથે ચાલતાં ચાલતાં એ શરવણ નગરીમાં આવ્યો તે ચિત્રફલક(ફોટો– તસ્વીર) હાથમાં રાખીને ભિક્ષા માંગતો હતો. ચાતુર્માસ રહેવાને માટે એણે શોધ કર્યા પછી પણ કોઈ જગ્યા ન મળી. તો એણે ગોબહુલ બ્રાહ્મણની ગોશાલામાં જ ચાર્તુમાસ કર્યું. એની ભદ્રા પત્ની ગર્ભવતી હતી. ત્યાં જ એણે બાળકને જન્મ દીધો બારમા દિવસે એનું અર્થ સંપન્ન નામ રાખ્યું 'ગોશાલક'– ગોશાલામાં જન્મ લેનાર). યુવાન અવસ્થામાં તે ગૌશાલક પણ પિતાની જેમ તસ્વીર હાથમાં લઈને આજીવિકા કરવા લાગ્યો.

**ભગવાન મહાવીર :–** એ કાળમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ માતા-પિતાના દિગંવત થયા પછી પોતાની ગર્ભગત પ્રતિજ્ઞા પૂર્ણ થવાથી એકલા પોતે જ દીક્ષા અંગીકાર કરી, વિચરણ કરતા પહેલા ચાતુર્માસ અસ્થિક ગ્રામમાં કર્યું. એ વર્ષે ભગવાને નિરંતર ૧૫-૧૫ ઉપવાસની તપસ્યા કરવાનો સંકલ્પ કર્યો હતો. બીજા વર્ષે ભગવાને મહિના-મહિનાના ઉપવાસની તપસ્યા શરૂ કરી અને બીજું ચોમાસું રાજગૃહી નગરીમાં નાલંદા પાડાની બહાર તંતુવાય શાળાના એક રૂમમાં કર્યું.

**ગોશાલક અને ભગવાનનો સંયોગ :–** સંયોગવશ મંખલિ પુત્ર ગોશાલક પણ ફરતાં-ફરતાં એ નગરીમાં એ પાડામાં પહોંચી ગયો. ક્યાં ય પણ રહેવાનું સ્થાન ન મળતાં તે પણ એજ તંતુવાય શાળામાં આવીને કોઈ રૂમમાં રહી ગયો.

ભગવાનનું પ્રથમ માસખમણ પૂરું થયું. પારણાં માટે રાજગૃહી નગરીમાં ગયા. ગોચરીમાં ભ્રમણ કરતાં એમણે વિજય શેઠના ઘરમાં પ્રવેશ કર્યો, વિજય



શેઠે ભગવાનને આવતાં જોયા, ઉઠીને સામે ગયા અને આદર-સત્કાર વિનય વંદનની સાથે ભગવાનને ભોજનગૃહમાં લઈ ગયા અને શુદ્ધ ભાવોથી પારણા કરાવ્યા. ત્રણે યોગોથી શુદ્ધ નિર્દોષ સુપાત્ર દાન દઈને હર્ષિત થયો. એ સમય એ પરિણામોમાં એણે દેવાયુનો બંધ કર્યો અને સંસાર પરિત કર્યો. એના ઘરમાં પાંચ દિવ્ય વૃષ્ટિ થઈ, જેમાં ધનના(સોનૈયાંના) ઢગલા થઈ ગયા. દેવદુંદુભી વાગી.

નગરમાં વાત ફેલાઈ ગઈ. ગોશાલક પણ સાંભળીને તત્કાલ ત્યાં જોવા આવ્યો. એણે સારી રીતે તે દશ્ય આખોંથી જોયું અને ભગવાનને પણ પારણા કરીને એની ઘરમાંથી નીકળતાં જોયા. ગોશાલક અત્યંત પ્રસન્ન અને આનંદિત થયો. ભગવાનને વંદન–નમસ્કાર કરીને બોલ્યો કે હું આજથી આપનો શિષ્ય છું, આપ મારા ધર્માચાર્ય છો. ભગવાને એનો સ્વીકાર ન કર્યો, નગરમાંથી ચાલતાં પોતાના સ્થાન પર આવીને માસખમણ શરૂ કરી દીધુ, ધ્યાનમાં લીન બની ગયા.

બીજા માસખમણના પારણા આનંદ શેઠના ઘરે થયા. ત્રીજા પારણા સુનંદ શેઠના ઘરે કર્યા. ચોથું પારણું ચોમાસુ સમાપ્ત થવા પર ત્યાંથી વિહાર કરીને કોલ્લાક સન્નિવેશમાં બકુલ બ્રાહ્મણના ઘરે કર્યું. બધાં પારણાનાં સ્થાન પર પંચ દિવ્ય વૃષ્ટિ થઈ.

**શિષ્યત્વ ગ્રહણ :–** ગોશાલકે ભગવાનને ત્યાં ન જોયા તેથી નગરીમાં બહુ જ શોધ્યા પણ ક્યાં ય પત્તો ન લાગ્યો. ત્યારે એણે તંતુવાયશાલામાં આવીને કપડાં, ચંપલ વગેરે બ્રાહ્મણોને આપીને દાઢી-મૂંછ સહિત મસ્તકનું મુંડન કરાવ્યું, પૂર્ણ નિર્વસ્ત્ર થઈને ભગવાનની શોધમાં નીકળ્યો અને સીધો કોલાક સન્નિવેશમાં પહોંચ્યો. ત્યાં એણે લોકોના મુખે ભગવાનના પારણા પર પંચદિવ્યવૃષ્ટિની વાર્તા સાંભળી. તે સમજી ગયો કે ભગવાન અહીં જ છે, શોધતાં-શોધતાં તે એ નગરીની બહાર માર્ગમાં જતાં ભગવાનની પાસે પહોંચી ગયો. તેણે પુનઃ વિનય વંદન કરીને ભગવાનને નિવેદન કર્યું કે હું આપનો શિષ્ય છું, આપ મારા ધર્માચાર્ય છો. અત્યંત આગ્રહ લગની અને નગ્ન જોઈ ભગવાને એને શિષ્ય રૂપમાં સ્વીકાર કરી લીધો. બંને સાથે સાથે વિચરણ કરતાં સમય વીતવા લાગ્યો.

**તલનો છોડ :–** એક વખત થોડોક વરસાદ થયા બાદ સાથે વિહાર કરતાં તે સિદ્ધાર્થ ગ્રામથી કુર્મગ્રામ જઈ રહ્યા હતા. માર્ગમાં ફૂલોથી યુક્ત એક તલનો છોડ જોઈ ગોશાલકે પૂછ્યું કે હે ભગવન્ ! આ છોડના આ સાત ફૂલના જીવ મરીને ક્યા જાશે ? ભગવાને ઉત્તર આપ્યો કે આ છોડની એક ફળીમાં સાત તલ રૂપમાં ઉત્પન્ન

થશે. ગોશાલકને આ ઉત્તર રુચિકર ન લાગ્યો અને એને અસત્ય કરવાની બુદ્ધિ ઉત્પન્ન થઈ. તે કપટ પૂર્વક ભગવાનથી પાછળ રહી ગયો અને છોડને જડ અને માટીથી ઉખાડીને ફેંકી દીધો અને જલ્દી ચાલીને ભગવાનની સાથે થઈ ગયો. થોડીવારમાં જ મૂશળધાર વર્ષા થઈ માટીમાં તે છોડ ફરીથી જામી ગયો અને તે સાત ફૂલના જીવ મરીને એક ફળીમાં સાત તલના રૂપમાં ઉત્પન્ન થઈ ગયા.

**વૈશ્યાયન તપસ્વી :–** ભગવાન કૂર્મ ગ્રામની બહાર પહોંચ્યા ત્યાં વૈશ્યાયન બાળ તપસ્વી છઠને પારણે છઠ કરતાં રહતા હતાં.

એના મસ્તકમાં બહુ જ જૂ પડી ગઈ હતી. તે તાપના કારણે અહીં-તહીં પડતી તો તે તપસ્વી ફરી તેને મસ્તક પર નાખી દેતો હતો. ગોશાલકને તે જોઈને કૂતુહલ ઉત્પન્ન થયું. ભગવાનથી નજર ચૂકાવીને તે એની પાસે પહોંચ્યો અને વારંવાર એમ કહીને ચિડાવવા લાગ્યો કે "તું સાધુ છો કે જૂઓનું ઘર છો" વારંવાર કહેતાં તે તપસ્વીની શાંતિ ભંગ થઈ. એણે ગોશાલક પર તેજોલેશ્યા ફેંકી. એ લેશ્યા ગોશાલકની પાસે પહોંચતા પહેલાં જ ભગવાને શીત લેશ્યાથી એને પ્રતિહત કરી દીધી. ત્યારે તપસ્વીએ તેજોલેશ્યાને પાછી ખેંચી લીધી અને એણે ભગવાનને જોઈ લીધા અને કહ્યું કે હું જાણી ગયો આ આપનો પ્રભાવ છે. આપે જ મારી લેશ્યાને પ્રતિહત કરી છે. પછી ગોશાલકે ભગવાનને પૂછ્યું કે ભગવન્ આ જૂઓનું ઘર આપને શું કહી રહ્યો છે ? ત્યારે ભગવાને તેજોલેશ્યાની વાત સ્પષ્ટ કરી કે હે ગોશાલક ! તારી અનુકંપા માટે મેં શીત લેશ્યાથી એની તેજોલેશ્યાને પ્રતિહત કરી. જેનાથી તને કંઈ નુકસાન ન થયું, નહીંતર હમણાં રાખનો ઢગલો થઈ જાત. ગોશાલક સાંભળીને ભયભીત થયો. વંદન નમસ્કાર કરી એણે ભગવાનને પૂછ્યું કે આ તેજોલેશ્યા કેવી રીતે પ્રાપ્ત થાય છે. ભગવાને તેને છઠ-છઠનાં પારણાં કરીને આતાપના લેવી આદિ સંપૂર્ણ વિધિ બતાવી.

**ગોશાલકનું પૃથ્થકરણ :–** થોડો સમય કૂર્મ ગ્રામમાં રહીને ભગવાન અને ગોશાલકે ફરીથી સિદ્ધાર્થ ગ્રામની તરફ વિહાર કર્યો. માર્ગમાં તે તલના છોડનું સ્થાન આવ્યું. ગોશાલકે ભગવાનને પૂર્વની વાત યાદ કરાવીને કહ્યું કે તમે જે કહ્યું હતું તે તો મિથ્યા થઈ ગયું. અહીં તલનો છોડ જ નથી. ઉત્તર દેતાં ભગવાને સ્પષ્ટ કર્યું કે હે ગોશાલક ! તે મારા કથન પર શ્રદ્ધા ન રાખતાં પાછળ રહીને તેને ઉખાડીને ફેકી દીધો હતો. આ સારી ઘટના સંભળાવી અને થોડે જ દૂર ઉભેલ તલના છોડનો નિર્દેશ કરતાં બતાવ્યું કે આ તે જ છોડ છે. આની અમુક ફળીમાં તે જ સાત ફૂલના જીવ મરીને તલના રૂપમાં ઉત્પન્ન થયા છે. ગોશાલકે ફળી તોડીને તલ ગણીને



જોયા. ભગવાનનું કથન સત્ય હતું. ગોશાલક અત્યંત શરમિંદો થયો અને ત્યાંથી ભગવાનને છોડીને ચાલ્યો ગયો.

**તેજોલબ્ધિ સાધના અને પ્રભાવ :–** એણે સર્વપ્રથમ છ મહિનામાં તેજો– લેશ્યાની સાધના કરી. પછી એની પાસે ભગવાન પાર્શ્વનાથની પરંપરાના છ દિશાચર શ્રમણ આવીને મળી ગયા. જેને કાંઈક પૂર્વનું જ્ઞાન પણ અવશેષ હતું. એમણે પૂર્વોમાંથી અષ્ટાંગ નિમિત્ત જ્ઞાન વગેરેનું નિર્યુહણ કર્યું, ગોશાલકનું શિષ્યત્વ સ્વીકાર કરી લીધું. હવે ગોશાલક પોતાને ૨૪માં તીર્થંકર કહેતો વિચરણ કરવા લાગ્યો. પોતાનો ભક્ત સમુદાય, શ્રમણ સમુદાય વગેરે પણ તેણે વિસ્તૃત કરી લીધો. નિમિત્ત જ્ઞાન વગેરેનું બળ તેની પાસે હતું. એનાથી તે લોકોને પ્રભાવિત કરવા લાગ્યો. કેટલાક પાર્શ્વનાથ ભગવાનના શ્રમણ પણ તેના ચક્કરમાં આવી ગયા અને એને જ ૨૪માં તીર્થંકર સમજીને શિષ્યત્વ સ્વીકારવા લાગ્યા.

**શ્રાવસ્તિ નગરીમાં ગોશાલક અને ભગવાન :–** ભગવાન મહાવીર સ્વામી પણ છદ્મસ્થ કાલ પૂર્ણ કરી, કેવલજ્ઞાન, કેવલદર્શન ઉત્પન્ન થવાથી ધર્મોપદેશ દેવા લાગ્યા અને ગૌતમ આદિ હજારો શિષ્યો સહિત વિચરણ કરતાં-કરતાં એકવાર શ્રાવસ્તિ નગરીમાં પધાર્યા અને કોષ્ટક નામના ઉદ્યાનમાં સમોસર્યા.

ગોશાલક પણ વિચરણ કરતાં ભગવાનથી પહેલાં જ શ્રાવસ્તીનગરીમાં આવી ગયો હતો. ત્યાં પર હાલાહલા નામની કુંભારણ રહેતી હતી. જે ઋદ્ધિ સંપન્ન હતી. તે ગોશાલકની અનન્ય શ્રદ્ધાવાન ઉપાસિકા હતી. ત્યાં ગોશાલક પોતાના આજીવિક સંઘની સાથે એની દુકાનમાં રહ્યો અને પોતાને ૨૪માં તીર્થંકર કહેતા પ્રચાર કરવા લાગ્યો.

**સભામાં ગોશાલકનો જીવન પરિચય :–** શ્રાવસ્તિ નગરીમાં ગોશાલકના કથનની ચર્ચા ફેલાવા લાગી. ગૌતમ સ્વામી ભગવાનની આજ્ઞા લઈને પારણાને માટે નગરીમાં ગયા. એમણે પણ આ ચર્ચા સાંભળી. બગીચામાં આવીને ભગવાનને નિવેદન કર્યું અને જિજ્ઞાસા પ્રગટ કરી કે ભગવાન આ ગોશાલક કોણ છે અને એનું જીવન વૃત્તાંત શું છે ? ત્યાં નાગરિક જનની પરિષદ પણ બેઠી હતી. ભગવાને ગૌતમ સ્વામીનું સમાધાન કરતાં ગોશાલકના જન્મથી લઈને ત્યાં શ્રાવસ્તીમાં પહોંચવા સુધીનો સારો જીવન વૃતાંત સંભળાવી દીધો. ગોશાલકની સંપૂર્ણ વાર્તા સાંભળીને પરિષદ વિસર્જિત થઈ. નગરમાં વાતો ચાલવા લાગી. ગોશાલક સુધી પણ વાત પહોંચતા વાર ન લાગી. એને પોતાની વાર્તા પ્રકટ થવાથી ગુસ્સો આવવો

સ્વાભાવિક છે. તે આતાપના ભૂમિથી ઉતરીને પોતાના સ્થાન પર આવીને બેસી ગયો.

**ગોશાલક અને આનંદ શ્રમણ :–** ભગવાનની આજ્ઞા લઈને આનંદ નામનો સ્થવિર શ્રમણ છઠના પારણે નગરીમાં ગોચરીને માટે ગયો. ભ્રમણ કરતાં તે ગોશાલકના સ્થાનની નજીકથી જઈ રહ્યો હતો. ગોશાલકે આનંદ શ્રમણને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું કે આનંદ ! તું મારી પાસેથી એક દષ્ટાંત સાંભળ ગોશાલકે પોતાનું કથન શરૂ કર્યું.

**વ્યાપારીનું દષ્ટાંત :–** કોઈ એક સમયે કેટલાક વ્યાપારી ધન કમાવા માટે યાત્રા કરવા નીકળ્યા. માર્ગમાં ભયંકર જંગલ આવ્યું આજુ–બાજુ કોઈ ગામ ન હતું. એમની પાસેનું પાણી પૂરું થઈ ગયું. પાણીની શોધ કરતાં-કરતાં એમણે એક વલ્મીક(બાંબી) જોઈ. જેના ચાર સુંદર શીખર લાગેલ હતા. પરસ્પર વિચાર કરી ને તે ત્યાં રોકાયા અને એક શીખરને પાણીની આશાથી તોડ્યું, ઈચ્છાનુસાર એને સુંદર મધુર પાણી પ્રાપ્ત થયું. બધાએ તરસ છીપાવી અને પોતાની પાસેના જળ કુંભોમાં છલોછલ પાણી ભરી લીધું. પરસ્પર વિચાર વાર્તા થઈ અને બીજું શીખર સોનાની ઈચ્છાથી તોડ્યું, એમાં પણ એમને ઈચ્છિત પ્રચુર સોનું પ્રાપ્ત થયું. પોતાની પાસે રહેલા ગાડાઓમાં ઈચ્છા પ્રમાણે સોનું ભરી લીધું. પછી રત્નોની આશાથી ત્રીજું શીખર તોડ્યું. એમાં પણ એમને સફળતા મળી. ઈચ્છિત રત્નોની રાશિ પણ પોત–પોતાના ગાડામાં ભરી લીધી. લોભ સંજ્ઞા અનેક ગણી વધી, ચોથું શિખર તોડવાની વિચારણા ચાલી. ત્યારે એક અનુભવી હિતપ્રેક્ષી વ્યાપારીએ નિષેધ કર્યો કે આપણને ઈચ્છિત સામગ્રી મળી ચૂકી છે અને હવે ચોથા શિખરને ન તોડવું જોઈએ. સંભવ છે કે આને તોડવાથી કોઈ આપત્તિનું કારણ બની શકે. એ અનુભવી વ્યક્તિએ આગ્રહ કર્યો પરંતુ બહુમતીની આગળ એનું કાંઈ ન ચાલ્યું ચોથું શિખર તોડ્યું. એમાંથી દષ્ટિ વિષ સર્પ નીકળ્યો. વલ્મીકની ઉપર ચડીને સૂર્યની તરફ જોયું અને પછી વ્યાપારી વર્ગ તરફ અનિમેષ દષ્ટિથી જોયું અને તેઓને એના બધા ઉપકરણ સાથે સળગાવીને ભસ્મ કરી દીધા. જેણે ચોથું શિખર તોડવાની મનાઈ કરી હતી એના પર અનુકંપા કરીને એ નાગરાજ દેવે એનો સામાન, સંપત્તિ સહિત એને એના નગરમાં પહોંચાડી દીધો.

**ગોશાલક દ્વારા ધમકી :–** હે આનંદ ! આ રીતે તારા ધર્માચાર્યે બહુ જ ખ્યાતિ, આદર સન્માન પ્રાપ્ત કરી લીધા છે. હવે જો મારા વિષયમાં કાંઈપણ કહેશે તો એ સર્પરાજની સમાન હું પણ મારા તપ તેજથી બધાને સળગાવીને ભસ્મ કરી દઈશ અને હે આનંદ ! જો તું મારો સંદેશ પહોંચાડીને મનાઈ કરી દઈશ તો હું પણ એ



હિત સલાહ દેનારા વણિકની સમાન તારી રક્ષા કરી દઈશ. આથી જા, તારા ધર્માચાર્યને મારી આ વાત કરી દેજે.

આનંદ શ્રમણે આવીને બધી વાર્તા ભગવાનની સમક્ષ નિવેદન કરી અને પૂછ્યું કે હે ભગવન્ ! શું ગોશાલકની પાસે એટલી શક્તિ છે. ભગવાને ઉત્તરમાં સ્પષ્ટીકરણ કર્યું કે ગોશાલક એવું કરવામાં સમર્થ છે. પરંતુ તીર્થંકર ભગવંતો પર એની શક્તિ ચાલી શકતી નથી. કેવલ પરિતાપ પહોંચાડી શકે છે. હે આનંદ ! ગોશાલકથી અનંત ગણી શક્તિ શ્રમણ નિર્ગ્રંથો અને સ્થવિરોની પાસે છે. પરંતુ તે ક્ષમા–શ્રમણ હોય છે. એ આવું આચરણ નથી કરતા. એનાથી પણ અનંત ગણી શક્તિ તીર્થંકરોની પાસે હોય છે. પરંતુ તે પણ ક્ષમાધારી હોય છે. આવું હિંસક આચરણ તે કરતા નથી. આથી હે આનંદ ! તું ગૌતમ આદિ બધા શ્રમણોને સૂચના આપી દે કે કોઈપણ નિર્ગ્રંથ ગોશાલકથી જરાપણ ધાર્મિક ચર્ચા ન કરે. કેમ કે તે હમણાં વિરોધ ભાવમાં ચઢેલો છે.

**ગોશાલકનું ભગવાનની સામે વક્તવ્ય :–** આનંદ શ્રમણે અન્ય શ્રમણોને સૂચના અને સંપૂર્ણ માહિતી બતાવી દીધી. ગોશાલકથી ન રહેવાયું, એનો ક્રોધ ઉગ્ર થતો ગયો અને તે પોતાના સંઘની સાથે અત્યંત ગુસ્સે થતો ત્યાં પહોંચી ગયો. ભગવાનની સામે ઉભો રહી ભગવાનને કહેવા લાગ્યો કે આયુષ્યમન્ કાશ્યપ ! મારા માટે તમે સારી વાતો કરો છો. અરે વાહ ! ઠીક વાતો કરો છો કે આ મારા શિષ્ય ગોશાલક મંખલી પુત્ર છે. પરંતુ તમને અત્યાર સુધી ખબર જ નથી કે આપનો શિષ્ય ગોશાલક ક્યારનો મરી ચૂક્યો છે. હું તો અન્ય છું. તલ અને ફૂલના જીવોની સમાન છોડાયેલા શરીરને ગ્રહણ કરતાં કરતાં મેં એ ગોશાલકના શરીરને પડેલું જોયું તો એમાં પ્રવેશ કરી દીધો છે. આ મારો સાતમો શરીરાંતર પ્રવેશ(પઉટ્ટ પરિહાર) છે. હું તો કોડિન્ય ગૌત્રીય ઉદાયી છું. હું ગોશાલક નથી, ગોશાલકના સ્થિર મજબૂત સહનશીલ શરીર જોઈને મેં આમાં આ સાતમો પ્રવેશ કર્યો છે. આથી હું ઉદાયી છું, ગોશાલક નથી, સોળ વર્ષ મને આ શરીરમાં તપ સાધના કરતાં થઈ ગયા. ૧૩૩ વર્ષની મારી ઉંમર છે. એમાં મેં આ સાતમું[પઉટ્ટપરિહાર] શરીર પરિવર્તન કર્યું. એટલા માટે આપે સમજ્યા વગર ઠીક કહેવાનું શરૂ કરી દીધું કે આ ગોશાલક છે અને મારા શિષ્ય છે. આ રીતે વ્યંગ ભર્યા શબ્દોમાં ગોશાલક મનમાની બોલતો જ ગયો.

**ભગવાન દ્વારા ગોશાલકને સંબોધન :–** એના થોભવા પર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ગોશાલકને આ પ્રકારે કહ્યું– હે ગોશાલક ! જેમ કોઈ ચોર પરાભવ પામીને ક્યાં ય છુપાવાના અવસર ન હોય અને ઊન, શણ, કપાસ, તૃણ

વગેરેથી પોતાને ઢાંકીને એવું સમજે છે કે "હું છુપાઈ ગયો છું". આ રીતે તે પોતાને ગુપ્ત માને અથવા છુપાયેલ માને એ રીતે હે ગોશાલક ! તું પણ તેજ ગોશાલક હોવા છતાં પણ પોતાને અન્ય બતાવી રહ્યો છે. તું આવું ન કર. હે ગોશાલક ! તને આવું કરવું યોગ્ય નથી. તું તે જ છે. તારી પ્રકૃતિ પણ તેજ છે. તું અન્ય નથી.

**ગોશાલકનો અનર્ગલ પ્રલાપ :–** ગોશાલક શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના ઉપરના વચન અને દષ્ટાંત સાંભળીને અત્યંત કોપીત થયો અને ભગવાનનો અનેક પ્રકારના અનુચિત આક્રોશ પૂર્ણ શબ્દોથી તિરસ્કાર કરવા લાગ્યો, અનેક પ્રકારના વચનોથી અપમાન કરવા લાગ્યો, ભર્ત્સના કરવા લાગ્યો. આ બધો અનર્ગલ પ્રલાપ કરીને તેણે ભગવાનને કહ્યું કે આજ તું મરી ગયો છે, નષ્ટ થઈ ગયો છે, ભ્રષ્ટ થઈ ગયો છે. હવે તું જીવીત નહીં રહી શકે અને હવે મારા દ્વારા તને સુખ થવાનું નથી.

**સર્વાનુભૂતિ અણગાર :–** સર્વાનુભૂતિ અણગારથી પોતાના ધર્માચાર્યની આ અવહેલના સહન ન થઈ શકી. તે ગોશાલકની નજીક જઈને આ પ્રકાર કહેવા લાગ્યો– હે ગોશાલક ! જે મનુષ્ય શ્રમણ બ્રાહ્મણની પાસે એક પણ ધાર્મિક વચન સાંભળીને અવધારણ કરે છે, તે એનો ઉપકાર માને છે, આદર સત્કાર વિનય ભક્તિ ભાવ રાખે છે. તો તારું તો કહેવું જ શુ ? ભગવાને તો તને શીક્ષા આપી, દીક્ષા આપી, શિષ્ય બનાવ્યો, બહુશ્રુત બનાવ્યો તેમ છતાં તું ભગવાનની સાથે વિપરીત બનીને આવું અનાર્યપણું કરી રહ્યો છે, તુચ્છ વ્યવહાર, અસભ્યવચન અને તિરસ્કાર કરતાં અનર્ગલ ભાષણ કરી રહ્યો છે. હે ગોશાલક!

તને આવું કરવુ યોગ્ય નથી. કેમ કે તું તેજ મંખલીપુત્ર ગોશાલક છે. બીજો કોઈ નહીં. ગોશાલકને આ શિક્ષા વચન પણ વિશેષ ભડકાવવાવાળું બન્યું. એણે એક જ વારમાં પોતાની તેજો લેશ્યાથી એને ત્યાંજ સળગાવીને ભસ્મ કરી દીધો. સર્વાનુભૂતિ અણગારના વ્યવહાર અને ભાષણ સર્વથા ઉચિત અને મર્યાદામય હતા. એના ભાવ પણ પૂર્ણ શુદ્ધ હતા. તે અણગાર અચાનક કાળ કરીને પણ આરાધક થયો અને આઠમા સ્વર્ગમાં ૧૮ સાગરોપમની સ્થિતિએ દેવરૂપમાં ઉત્પન્ન થયો. ત્યાંથી મહાવિદેહક્ષેત્રમાં જન્મધારણ કરીને મોક્ષમાં જાશે.

**સુનક્ષત્ર અણગાર :–** સર્વાનુભૂતિ અણગારને ભસ્મ કરીને ગોશાલક ફરીથી ભગવાન મહાવીર સ્વામીને આક્રોશ ભર્યા અનર્ગલ શબ્દોમાં પૂર્વવત્ બકવા લાગ્યો. સુનક્ષત્ર નામનો અણગાર પણ ભગવાનની આવી અવહેલના સહન ન કરી શક્યો અને ગોશાલકને એણે સર્વાનુભૂતિની સમાન જ ફરીથી શીક્ષા વચન કહ્યા અને



સત્યવાત સ્પષ્ટ કરી કે તું તે જ ગોશાલક છે, અન્ય નહીં. આ વચનોને સાંભળીને ગોશાલક અત્યંત કોપિત થયો અને તેજોલેશ્યાથી એને પણ પરિતાપિત કર્યો. પરિતાપિત સુનક્ષત્ર અણગાર ભગવાનની પાસે પહોંચ્યો વંદન નમસ્કાર કરી તેણે ફરીથી મહાવ્રતારોપણ અને સંથારો ધારણ કર્યો, બધાની ક્ષમાયાચના કરી સમાધિપૂર્વક પ્રાણ ત્યાગ કર્યા. તે મુનિ પણ આરાધક થઈને ૧૨માં દેવલોકમાં ૨૨ સાગરોપમની સ્થિતિએ દેવરૂપમાં ઉત્પન્ન થયો. ત્યાનું આયુષ્ય પૂર્ણ કરીને એકભવ મહાવિદેહક્ષેત્રમાં કરીને મોક્ષ પ્રાપ્ત કરશે.

**ભગવાન પર તેજોલેશ્યાનો પ્રહાર :–** હવે ગોશાલક ફરીથી ભગવાનને આક્રોશ વચનો દ્વારા અપમાનિત કરવા લાગ્યો, તિરસ્કાર અને ભર્ત્સના કરતાં એણે પૂર્વોક્ત બકવાસના વચનો ફરી સાંભળાવ્યા.

ત્યારે શિક્ષા વચન કહેતાં ભગવાને પણ ગોશાલકના તે વ્યવહારને અયોગ્ય બતાવ્યો અર્થાત્ ભગવાને પણ એમ કહ્યું કે ગોશાલક ! મેં તને શિક્ષિત કર્યો, દીક્ષિત કર્યો, બહુશ્રુત કર્યો અને મારી સાથે જ વિપરીત બન્યો ? તું એવો વ્યવહાર કરે છે એ તને યોગ્ય નથી. કેમ કે તું તે જ ગોશાલક છે. અન્ય નથી. (કેવળ વ્યર્થની વાતો ઘડીને છૂપવા માગે છે) ગોશાલકનો ગુસ્સો પ્રચંડ થઈને શિખર સુધી પહોંચી ગયો. તેણે સાત–આઠ કદમ પાછળ ચાલીને તૈજસ સમુદ્ઘાત કરીને સંપૂર્ણ શક્તિની સાથે ભગવાનની ઉપર તેજોલેશ્યાનો વાર કરી દીધો. આ તેજોલેશ્યાનો વાર એટલો સમર્થ હતો કે એક જ ક્ષણમાં ૧૬ દેશોને જલાવીને ભસ્મ કરી દે. પરંતુ તીર્થંકર ભગવાન પર એનું જોર ન ચાલ્યું. ક્ષતિ પહોંચાડવામાં અસમર્થ થઈને તે તેજોશક્તિ પ્રદક્ષિણા લગાવી આકાશમાં ઉછળી ગઈ અને પડતાં–પડતાં ગોશાલકના શરીરમાં પ્રવેશ કરીને એને પરિતાપિત કરવા લાગી. જેનાથી ગોશાલકના શરીરમાં બળતરા થવા લાગી.

**પરસ્પર ભવિષ્યવાણી :–** ગોશાલકની શક્તિનો વાર ખાલી ગયો. તો પણ તે આ પ્રકારે કહેવા લાગ્યો કે હે આયુષ્યમન્ કાશ્યપ ! તમે અત્યારે ભલે જીવીત બચી ગયા છો. કિંતુ છ મહિનામાં જ પિત્ત જ્વર અને દાહ પીડાથી છદ્મસ્થ અવસ્થામાં જ મરી જશો. પ્રત્યુત્તરમાં ભગવાને સ્પષ્ટ કર્યું કે– "હું તો હજુ પણ સોળ વર્ષ સુધી તીર્થંકર રૂપે વિચરણ કરીશ, હે ગોશાલક ! તું સ્વયં જ પોતાની તેજોલેશ્યાથી પરિતાપિત થઈને સાત દિવસમાં છદ્મસ્થ પણામાં જ મરી જઈશ" આ વાર્તાલાપની શ્રાવસ્તી નગરીમાં ચર્ચા થવા લાગી કે કોષ્ટક ઉદ્યાનમાં બે તીર્થંકર પરસ્પર એક બીજાને કહે છે કે તું "છ મહીનામાં મરી જઈશ" "તું સાત દિવસમાં

મરી જઈશ." એમ કહે છે.

**ગોશાલકનો પરાજય :–** ભગવાને શ્રમણોને સંબોધિત કરતાં કહ્યું– હવે ગોશાલક નિસ્તેજ થઈ ચૂક્યો છે. એની તેજો શક્તિ સમાપ્ત થઈ ચૂકી છે. હવે એની સાથે ધાર્મિક ચર્ચા પ્રશ્નોત્તર સારણા વારણા પ્રેરણા વગેરે કરી શકો છો અને એને નિરસ્ત કરી શકો છો. શ્રમણોએ ભગવાનની આજ્ઞા મેળવી ભગવાનને વંદન નમસ્કાર કરીને એમ જ કર્યું. બધા પ્રકારથી ગોશાલક નિઢત્તર જ રહ્યો અને પ્રચંડ ગુસ્સો કરીને પણ શ્રમણોને જરાપણ બાધા, પીડા પહોંચાડવા માટે સમર્થ ન થઈ શક્યો. એવું જોઈને કેટલાય આજીવિક સ્થવિર શ્રમણ ગોશાલકને છોડીને ભગવાનની સેવામાં વંદન નમસ્કાર કરીને ત્યાં રહી ગયા.

**ગોશાલકની દુર્દશા :–** ગોશાલક જે પ્રયોજનથી આવ્યો હતો તે સિદ્ધ ન થઈ શક્યું. તે હારી ગયો, શરમિંદો થઈને નિ:શ્વાસ નાખીને પસ્તાવા લાગ્યો કે હા હા ! અહો હું માર્યો ગયો. આ પ્રકારે 'જેવી કરણી તેવી ભરણીની' ઉક્તિ પ્રમાણે તે શારીરિક માનસિક પ્રચંડ વેદનાથી સ્વતઃ દુઃખી થયો અને કોષ્ટક ઉદ્યાનથી નીકળીને અવશેષ સંઘની સાથે પોતાના આવાસ સ્થાનમાં પહોંચ્યો. એટલું થયા પછી પણ એણે મિથ્યામતિનો ત્યાગ ન કર્યો, કેટલા ય ઢોંગ અને અસત્ય કલ્પનાઓ, પ્રઢપણાનો ત્યાગ ન કર્યો. પરંતુ તે ઢોંગ અને પ્રવૃતિઓના દોષો ને ઢાંકવાનો પ્રયત્ન કર્યો.

તે દિવસભર (૧) કેરી ચૂસતો, દારૂ પીતો (૨) વારંવાર ગાતો, (૩) વારંવાર નાચતો (૪) વારંવાર કાલાકલી કુંભારણને પ્રણામ કરતો હતો. દાહ શાંતિ માટે માટી મિશ્રિત શીતળ જળથી નિરંતર શરીરનું સિંચન કરતો હતો. પોતાની આ દુર્દશાને પણ ગુણના રૂપમાં બતાવીને તે પ્રઢપણા કરતો કે આ બધું ચરમ કૃત્ય છે. આવા કુલ આઠ ચરમ કહેવાય છે. જેમાં એણે ચાર પોતાના ઉપરના કૃત્ય જોડી દીધા અને અન્ય વાતો જોડીને તુક્કો લગાવી દીધો. પોતાના પાપને ઢાંકવાના પ્રયત્નમાં બુદ્ધિના દુઢપયોગથી કેટલી બેહુદી (તર્કહીન) વાતો એણે બનાવી. આઠ ચરમ, ૪ પાનક, ૪ અપાનક વગેરે. આઠમા ચરમમાં એને ચોથા અપાનકમાં પોતે તીર્થંકર રૂપમાં મોક્ષમાં જશે એમ બતાવ્યું.

**અયંપુલ :–** "અયંપુલ" નામના આજીવિકોપાસક ગોશાલકને સર્વજ્ઞ, સર્વદર્શી માનતો હતો. કાંઈ જિજ્ઞાસા લઈને તે ગોશાલકની સેવામાં દર્શન વંદન કરવા માટે આવ્યો. દૂરથી જ ગોશાલકની પ્રવૃતિઓ(હાથમાં કેરી નાચ, ગાન, વારંવાર હાથ



જોડવા વગેરે) અને એની દુર્દશાને જોઈને લજ્જિત થયો, ઉદાસ થયો. અર્થાત્ અશ્રદ્ધાભાવ ઉત્પન્ન થવા લાગ્યો અને તે આગળ ન વધી શક્યો. વંદન નમસ્કારની વાત જ ન રહી. પાછળ ખસવા લાગ્યો. અયંપુલે સ્થવીરોની પાસે જઈને વંદના કરી. સ્થવીરોએ એના મનની જીજ્ઞાસા જાણી લીધી અને પ્રકટ કરતાં કહ્યું કે તને આવો વિચાર ઉત્પન્ન થયો અને એટલા માટે તું આવ્યો છે. અયંપુલ ખુશ થયો અને સહર્ષ સ્વીકાર કર્યો. પછી સ્થવિરોએ આઠ ચરમ, ચાર પાનક, અપાનક વિગેરે વાત કરતા બતાવ્યું કે આવું કરતાં તમારા ધર્માચાર્ય હવે મોક્ષ જાશે. તું એની પાસે જા, તે તારા પ્રશ્નના સમાધાન સ્વતઃ જ કરી દેશે. આ રીતે સ્થવિરોએ ફરીથી એને સ્થિર કર્યો.

અયંપુલ ગોશાલકની પાસે ગયો. સ્થવિરોએ સંકેત કરીને કેરી એના હાથથી છોડાવી લીધી. ગોશાલકે પણ અયંપુલ ઉપાસકને એના મનોગત પ્રશ્નને બતાવીને સમાધાન કર્યું, સાથે જ ખોટું બોલીને ખુલાસો કર્યો કે મારા હાથમાં આમ્રફળ ન હતું માત્ર છાલ જ હતી. આ પ્રકારે અયંપુલની શ્રદ્ધાને પોતાના પ્રતિ સુરક્ષિત કરી. વંદના નમસ્કાર કરીને અયંપુલ ચાલ્યો ગયો.

**મરણ મહોત્સવ નિર્દેશ :–** પોતાનું મૃત્યુ નજીક જાણીને મિથ્યાભિનિવેષમાં લીન એ ગોશાલકે પોતાના સંઘના સ્થવિર શ્રમણોને કહ્યું કે મારા આદર–સત્કાર આડંબર સહિત નિર્વાણ મહોત્સવ કરજો. નગરમાં ઉદ્‌ઘોષણા કરજો કે ચરમ તીર્થંકર સિદ્ધ થયા છે.

**ગોશાલકને સમ્યકત્વ પ્રાપ્તિ :–** સાતમી રાત્રિના શુભ અધ્યવસાય સંયોગોથી એને સમ્યકત્વની પ્રાપ્તિ થઈ. જેનાથી એનું ચિંતન સીધું ચાલવા લાગ્યું કે હું વાસ્તવમાં ગોશાલક જ છું. શ્રમણોનો ઘાતક છું, ગુઢદ્રોહી છું, તીર્થંકર ભગવાનની આશાતના કરવાવાળો છું અને અનેક ખોટા વાક્જાલો, તર્કો, દલીલો, કલ્પનાઓથી પોતાને અને બીજાને ભ્રમિત કરવાવાળો છું. હવે સ્વયંની તેજો લેશ્યાથી તપ્ત થઈ ને દાહ જવરથી સાતમી રાત્રિમાં આજ છદ્મસ્થ અવસ્થામાં જ મરી જઈશ. વાસ્તવમાં શ્રમણ ભગવાન–મહાવીર સ્વામી જ અંતિમ તીર્થંકર છે. મેં તો માત્ર ઢોંગ જ કર્યો અને ખોટો પ્રપંચ કર્યો છે.

**ગોશાલકની સમ્યક્ત્વથી દેવગતિ :–** આ પ્રકારના વિચાર આવવા પર એણે ફરીથી સ્થવિરોને પોતાની પાસે બોલાવ્યા અને સત્યને પ્રગટ કરતાં એણે પ્રતિજ્ઞા લેવડાવીને આદેશ આપ્યો કે તમે મારા ડાબા પગમાં મુજની રસ્સી બાંધી મોઢા

પર ત્રણવાર થૂકીને ઘસેડતા શ્રાવસ્તી નગરીના વિવિધ સ્થાનો, માર્ગોમાં ઘોષણા કરજો કે આ ગોશાલક જ હતો, તીર્થંકર ન હતો. એણે જુટ્ઠો પ્રપંચ કર્યો હતો. વાસ્તવમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી જ અંતિમ તીર્થંકર છે. આ પ્રકારે મહાન અસત્કાર પૂર્વક મારા શરીરનું નિષ્કાસન કરજો. એવું કહીને તે કાળધર્મ પામ્યો. શુભ પરિણામોમાં મરીને તે પણ ૧૨માં દેવલોકમાં ઉત્પન્ન થયો.

**દંભ પૂર્વક પ્રતિજ્ઞા પાલન :–** પ્રતિજ્ઞાનું પાલન કરવા માટે અને પ્રતિષ્ઠા પણ કાયમ રહે એટલા માટે ગોશાલકના સ્થવિરોએ કુંભાર શાળામાં જ શ્રાવસ્તી નગરી ચિત્રિત કરી અને તેના ચૌટા(ચાર રસ્તા ભેગા થતા હોય) વગેરે સ્થાનોમાં મંદમંદ અવાજથી ઘોષણા કરી દીધી. આ બધું કૃત્ય દરવાજા બંધ રાખી અને કર્યું. ત્યાર બાદ દરવાજો ખોલીને મહાન ઋદ્ધિ સત્કાર સન્માનની સાથે નિર્વાણ મહોત્સવ કર્યો.

**ભગવાન ને રોગાંતક :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ યથા સમય ત્યાંથી વિહાર કર્યો, વિચરણ કરતાં "મેંઢિક ગ્રામ" નામના નગરમાં પધાર્યા. પૂર્વ ઘટના ને છ મહીના પૂરા થવાની તૈયારી હતી. ભગવાનના શરીરમાં મહાન પીડાકારી દાહકારક પિત્તજ્વર ઉત્પન્ન થયો. અર્થાત્ ભગવાનનું શરીર મહાન રોગાંતક થી આક્રાંત થઈ ગયું. એ રોગના કારણે લોહી–પઢનાં ઝાડા પણ થવા લાગ્યા. આ સ્થિતિને જોઈને લોકોમાં ચર્ચા થવા લાગી કે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ગોશાલકના તપ–તેજથી આક્રાંત થઈને દાહપિત જવર થી હવે છદ્મસ્થ જ કાળ કરી જશે.

**સિંહ અણગારનું રૂદન :–** બગીચામાં એક તરફ ભગવાનના અંતેવાસી, ભદ્ર, વિનીત, સિંહ, નામના અણગાર આત્મ ધ્યાન સાધના કરી રહ્યા હતા અને આતાપના લઈ રહ્યા હતા. એમના કાનોમાં લોક અપવાદના ઉપરોક્ત શબ્દ પડયા. સિંહ અણગારને સંકલ્પ–વિકલ્પ થવા લાગ્યો કે ભગવાનના શરીરમાં પ્રચંડ વેદના ઉત્પન્ન થઈ છે અને તે છદ્મસ્થ જ કાળ કરી જશે વગેરે. આવી માનસિક મહાન વ્યથાથી તે પીડિત થયો, આતાપના ભૂમીથી બહાર આવ્યા અને એ તરફ જઈને પોતાના દુઃખના અતિરેકમાં અત્યંત રૂદન કરવા લાગ્યા.

ભગવાને શ્રમણોને મોકલીને સિંહ અણગારને પોતાની પાસે બોલાવ્યો અને સમજાવ્યું કે આવું આર્તધ્યાન કરવાનું યોગ્ય નથી. હું હજી ૧૫૧/૨ (સાડા પંદર) વર્ષ વિચરણ કરીશ. તું રેવતી શેઠાણીના ઘરે જા અને એણે મારા માટે જે



કોલ્હાપાક બનાવ્યો છે તે લાવતો નહીં. પરંતુ પોતાના ઘોડાના ઉપચાર માટે પહેલાથી(કેટલાક દિવસ પહેલા) બિજોરાપાક બનાવ્યો હતો, જેમા થોડોક બચેલો પડયો છે, તે લઈ આવ.

**રેવતીનું સુપાત્ર દાન અને રોગનિવારણ :–** ભગવાનની આજ્ઞા થવા પર સિંહ અણગાર રેવતી શેઠાણી ના ઘરે ગયા. શેઠાણીએ આદર–સત્કારની સાથે આવવાનું કારણ પૂછ્યું(કેમ કે તે સમયે ભિક્ષાનો સમય ન હતો). સિંહ અણગારે પોતાનું પ્રયોજન કહ્યું કે ભગવાનના માટે જો કોલ્હાપાક બનાવ્યો તે તો નહીં જોઈએ. પરંતુ બિજોરાપાક જોઈએ. રેવતીએ પોતાની ગુપ્ત વાત જાણવાનો હેતુ પૂછ્યો. સિંહ અણગારે ભગવાનના જ્ઞાનનો પરિચય આપ્યો. પછી એણે ભક્તિપૂર્વક બીજોરાપાક વહોરાવ્યો. ભાવોની દાનની અને પાત્રની આમ ત્રિકરણ શુદ્ધિથી એ રેવતી શેઠાણીએ દેવાયુનો બંધ કર્યો અને સંસાર પરિત્ત કર્યો. ત્યાં પણ પાંચ દિવ્ય પ્રકટ થયા. સિંહ અણગાર ભગવાનની સેવામાં પહોંચ્યો અને તે બિજોરા પાક ભગવાનના કરકમલમાં અર્પિત કર્યો. ભગવાને અમુર્ચ્છા ભાવથી એ આહારના પુદ્ગલોને શરીરરૂપી કોઠામાં નાખ્યા. એ આહારનું પરિણમન થવાથી ભગવાનનો રોગ તરત જ શાંત થયો. શરીર સ્વસ્થ થવા લાગ્યું. થોડા સમયમાં જ ભગવાન આરોગ્યવાન અને શરીરથી બળ સંપન્ન થઈ ગયા. ચતુર્વિધ સંઘમાં પ્રસન્નતાની લહેર ફેલાઈ ગઈ. ત્યાં સુધી કે અનેક દેવ–દેવી પણ ખુશ થયા કે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સ્વસ્થ થઈ ગયા છે. પછી ભગવાન પૂર્વવત્ ધર્મોપદેશ દેતા ગ્રામનુગ્રામ વિચરણ કરવા લાગ્યા.

**ગોશાલકનો બીજો ભવ રાજાવિમલવાહન :–** ગોશાલકનો જીવ દેવલોકનું આયુ સમાપ્ત થવા પર આ જ ભરતમાં વિંધ્યગિરિપર્વતની નજીક પુંડ દેશમાં શત દ્વારા નગરીમાં જન્મ લેશે. ગુણોથી અને રૂપથી સંપન્ન થશે. યોગ્ય સમયે એના માતા–પિતા એનો રાજ્યાભિષેક કરશે. તે મહાન બળવાન રાજા થશે. યશસ્વી થશે. બે દેવ એની સેવામાં રહેશે. એના ત્રણ નામ હશે. (૧) જન્મનામ– પદ્મ (૨) પૂર્ણભદ્ર અને મણિભદ્ર બે દેવ સેવક હોવાથી–દેવસેન (૩) "વિમલ" નામના હસ્તિરત્નના ઉપભોગ કરનાર હોવાથી "વિમલ વાહન" એનું ત્રીજું નામ હશે. આટલો પુણ્ય–શાળી હોવા છતાં પણ તે શ્રમણ–નિર્ગ્રંથોંનો મહાન વિરોધી થશે. તેમની સાથે તે અનાર્યતા પૂર્ણ વ્યવહાર કરશે, જેમ કે હંસી કરશે. ભર્ત્સના કરશે, કષ્ટ દેશે, બાંધશે, મારશે, છેદન–ભેદન કરશે, ઉપદ્રવ કરશે, ઉપકરણ છીનવી લેશે, અપહરણ કરી લેશે, નગરથી અથવા દેશથી કાઢી મૂકશે. આ રીતે વિભિન્ન અભદ્ર

વ્યવહાર સમય સમય પર કરતો રહેશે. આવું કરવા પર એકવાર નગરના પ્રતિષ્ઠિત લોક સામુહિક ઢપથી નિવેદન કરશે કે હે રાજન્ ! આવું ન કરો કેમ કે આવું કરવું ક્યારેક આપના અને અમારા માટે જોખમકારક પીડાકારી બની શકે છે. આથી આપ આવા દુરાચરણ બંધ કરો, રાજા મન વગર મિથ્યાભાવથી એ નિવેદનને સ્વીકાર કરી લેશે.

**સુમંગલ અણગાર :–** એકવાર સુમંગલ નામના અણગાર જે ત્રણ જ્ઞાન અને વિપુલ તેજોલબ્ધિના ધારક હશે તે ત્યાં પધારશે અને બગીચાની પાસે આતાપના–ભૂમિમાં આતાપના લેશે. તે વિમલનાથ તીર્થંકરના પ્રપૌત્ર શિષ્ય હશે. વિમલવાહન રાજા રથ ચંક્રમણ હેતુ એ બગીચાની પાસેથી નિકળશે. મુનિને આતાપના લેતા જોઈને સ્વભાવિક જ ક્રોધથી પ્રજવલિત થશે. રથના આગળના ભાગથી ટક્કર લગાવીને ધ્યાનમાં ઉભેલા મુનિને નીચે પાડી દેશે. મુનિ ઉઠીને અવધિજ્ઞાનમાં ઉપયોગ લગાવીને જોશે અને એનો ભૂતકાળ જાણી–જોઈ અને કહેશે કે તું શ્રમણોની ઘાત કરવાવાળો મંખલી પુત્ર ગોશાલક હતો. એ સમયે એ અણગારો અને શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સમર્થ હોવા છતાં પણ તારા અન્યાયને સહન કર્યો, કાંઈ પણ પ્રતિકાર ન કર્યો, પણ હું સહન કરનારા નથી. તને એક ક્ષણમાં જ સારથી ઘોડા સહિત ભસ્મ કરી દઈશ.

આવું કહેવા પર તે વિમલ વાહન રાજા ત્રીજીવાર રથની ટક્કર લગાવીને ફરી સુમંગલ અણગારને પાડી દેશે. ત્યારે તે અણગાર તૈજસ સમુદ્ઘાત દ્વારા એ રાજાને ભસ્મ કરી દેશે. ત્યાર પછી તે મુનિ વર્ષો સુધી સંયમ પાલન કરી આલોચના પ્રતિક્રમણ શુદ્ધિની સાથે એક મહીનાના સંથારાથી સર્વાર્થ સિદ્ધ વિમાનમાં દેવ રૂપમાં ઉત્પન્ન થશે. ત્યાંથી મહાવિદેહમાં જન્મ લઈને મોક્ષ જાશે.

**ગોશાલકના નરકાદિ ભવ ભ્રમણ :–** વિમલવાહન રાજા (ગોશાલકનો જીવ) તેજો લેશ્યાના પ્રહારથી મરીને સાતમી નરકમાં ઉત્પન્ન થશે. અને પશ્ચાનુપૂર્વી ક્રમથી એક–એક નરકમાં બે–બે ભવ કરશે, અંતમાં પહેલી નરકથી નીકળીને તિર્યંચ પંચેન્દ્રિયની વિવિધ યોનિયોમાં જન્મ મરણ કરશે. પછી ક્રમશઃ ચૌરેન્દ્રિય, તેઈન્દ્રિય, બેઈન્દ્રિયની યોનિમાં ભવ ભ્રમણ કરીને એકેન્દ્રિયોમાં ભવ ભ્રમણ કરશે. વિમલ વાહનના ભવ પછી ક્યાંક શસ્ત્રથી, ક્યાંક દાહથી પીડિત થઈ મરતો રહશે. એકેન્દ્રિયથી નિકળીને વેશ્યાઓનો ભવ કરશે. પછી બ્રાહ્મણ પુત્ર થઈને દાવાગ્નિની જ્વાલામાં મરશે. અગ્નિકુમાર દેવરૂપમાં ઉત્પન્ન થશે. ત્યાંથી નિકળીને મનુષ્યનો ભવ કરશે. જેમાં સંયમ ધારણ કરશે. અનેક ભવો (૧૦ ભવો) સુધી દ્રવ્ય સંયમ



ક્રિયાની વિરાધના કરશે. ભાવથી સંયમને સ્પર્શ પણ નહીં કરે અને ક્રમશઃ નવ અસુર કુમાર(અગ્નિકુમાર ને છોડીને) ના અને એક જ્યોતિષીનો ભવ કરશે. એના પછી સાત ભવમાં સંયમની આરાધના કરશે. અને ક્રમશઃ પહેલા, ત્રીજા, પાંચમા, સાતમા, નવમા, અગ્યારમા દેવલોક અને સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થશે. પછી મહાવિદેહક્ષેત્રમાં આઠમી વાર સંયમની આરાધના કરી કેવલજ્ઞાન કેવલ દર્શન પ્રાપ્ત કરશે.

**ગોશાલકની મુક્તિ :–** કેવલજ્ઞાનથી પોતાના ભવોને જાણશે અને પોતાના શિષ્યોને સંબોધન કરીને કહેશે કે હું પૂર્વભવમાં એવો શ્રમણઘાતક ગુઢદ્રોહી હતો જેના ફળ સ્વરૂપે આવા વિવિધ જન્મ–મરણ રૂપ સંસાર ભ્રમણના ફળને પ્રાપ્ત કર્યું છે. આ વૃતાંત સાંભળીને તે શ્રમણ ભયભીત થશે અને પોતાની આલોચના શુદ્ધિની સાથે સાવધાની પૂર્વક સંયમ ની આરાધના કરવા લાગશે. ગોશાલકનો જીવ કેવલી પર્યાયમાં વિચરણ કરીને અંતમાં આયુ સમાપ્તિ વેળા જાણીને ભક્ત પ્રત્યાખ્યાન પંડિત મરણ સ્વીકારશે બાકી કર્મોનો ક્ષય કરી સિદ્ધ બુદ્ધ મુક્ત થશે.

**શિક્ષા અને જ્ઞાતવ્ય :–**

(૧) નિમ્નસ્તરીય વ્યક્તિમાં પણ અપાર મનોબલ અને બુદ્ધિબળ હોઈ શકે છે. એક ભિક્ષાચરના પુત્ર ગોશાલકે ત્રિલોકીનાથ ભગવાન મહાવીરના વિરોધી બનીને ટક્કર લીધી હતી.

(૨) પૂર્ણ અસત્યવાદી હોવા છતાં પણ ગોશાલકની કઠોરતા દુષ્ટતા અધીકતમ કક્ષાની હતી. આનંદને બોલાવીને સદષ્ટાંત સમજાવ્યું. ભગવાનની સામે આવીને પણ બેહદ અધમતા દેખાડી. શક્તિ વિફલ જવા છતાં પણ એવું કહી ગયો કે છ મહીનામાં મરી જશો.

(૩) ઢોંગી વ્યક્તિ કેટલા કપટ પ્રપંચ સિદ્ધાંત કલ્પનાઓ ઘડી શકે છે. એ ગોશાલકના જીવનથી જાણવા મળી શકે છે. એણે પોતાને છુપાવવા માટે કેટલા શરીર પ્રવેશ, નામ, વર્ષ વગેરે ની કલ્પનાઓ જોડી આઠ ચરમ પાનક અપાનક કલ્પિત ઘડ્યા અને લોકોને આકર્ષિત કરવા માટે કેટલાય જુઠાણા ફેલાવ્યા, છતાં જીવનમાં લગભગ સર્વત્ર એને સફળતા મળી. શ્રમણ ભગવાનના જ્યાં ૨–૩ લાખ ઉપાસક હતા તો ગોશાલકને તીર્થંકર માનીને ઉપાસના કરનારાની સંખ્યા ૧૧ લાખ થઈ ચૂકી હતી. તોપણ પાપનો ઘડો એક દિવસ અવશ્ય ફુટવાવાળો હોય છે. જ્યારે એનું પાપ ચરમ સીમાએ પહોંચી ગયું, બે શ્રમણોની હત્યાના પાપથી

ભારી બની ગયો, ત્યારે સ્વયંની લેશ્યાથી જ મરી ગયો અને અંતમાં હારી ગયો, નિષ્ફળ થઈ ગયો.

(૪) ગોશાલક અને એના સ્થવિરોની પાસે નિમિત્તજ્ઞાન સિવાય કોઈના મનની વાત જાણવાની અદ્‌ભુત શક્તિ પણ હતી. તેથી અયંપુલ શ્રાવકને રાત્રે ઉત્પન્ન થયેલ પ્રશ્નને સ્વતઃ જાણી લીધો.

અંતિમ ઉંમર સુધી પણ ગોશાલક આતાપના અને તપસ્યામાં સંલગ્ન રહેતો હતો. આતાપના ભૂમિથી ઉતરીને તે કુંભારશાળામાં આવ્યો હતો ત્યારે આનંદ શ્રમણને બોલાવીને દષ્ટાંત સંભળાવ્યું.

(૫) ભગવાન પ્રતિ પૂર્ણ ભક્તિ અને અર્પણતાની સાથે જ ગોશાલકે શિષ્યત્વ સ્વીકાર કર્યું હતું. પરંતુ તે ૪–૫ વર્ષ સુધી પણ એને પૂરું નિભાવી ન શક્યો. કેમ કે મૂળમાં તે એક અયોગ્ય અને અવિનીત તથા ઉદ્દંડ પ્રકૃતિનો વ્યક્તિ હતો. આ કારણે વિહારકાળમાં વૈશ્યાયન તપસ્વીની છેડ-છાડ જેવા કેટલાય પ્રસંગ એના જીવનમાં બન્યા હતા.

(૬) એને દીક્ષિત કરવામાં ભગવાનનો કોઈ સ્વાર્થ ન હતો. એનો આગ્રહ અને સ્પર્શના(ભાવી) જાણીને એનો સ્વીકાર કર્યો. કેવલજ્ઞાન બાદ ગૌતમ સ્વમીના પૂછવા પર પણ એની જે ચર્ચા ચલાવાઈ, એમા પણ તેવી જ સ્પર્શના અને ગોશાલકના અનેક શ્રમણ શ્રાવકોના શુદ્ધ ધર્મમાં આવવું વગેરે અનેક કારણ રહ્યા હશે. વાસ્તવમાં સર્વજ્ઞ પ્રભુ ત્રિકાળજ્ઞાતા હોય છે. તે જ્ઞાન અનુસાર જ યથોચિત આચરણ અને ભાષણ કરે છે.

(૭) ગોશાલકના અનર્ગલ, હિંસક, ક્રૂર વ્યવહાર પર પણ ભગવાન અને એના શ્રમણોનું જે કંઈ પણ વર્ણન છે, એમાં તેઓની ભાષા, વ્યવહાર અને ભાવોનું અવલોકન કરવાથી આ સ્પષ્ટ જ્ઞાત થાય છે કે તેઓ પૂર્ણ સંયમિત હતા. ક્યાં ય પણ ગોશાલક પ્રતિ અસભ્ય વર્તન, વચન, તિરસ્કાર અથવા ખોટા માનસની ગંધ પણ ન હતી. એક ઉત્કૃષ્ટ દર્જાનો વિરોધી અને નિરપરાધ શ્રમણોની હત્યા કરનારાની સાથે પણ છતી શક્તિએ અત્યંત શાંતિપૂર્ણ તેઓનો વ્યવહાર હતો. જે મહાન શાંતિનો એક આદર્શ છે. ગોશાલકથી પણ વિશિષ્ટ શક્તિશાળી અને લબ્ધિધારી શ્રમણ ત્યાં હતા. પરંતુ જરાપણ આવેશ, રોષનું વાતાવરણ ભગવાનની તરફથી થયું ન હતું. બે શ્રમણ ગોશાલકની સામે આવ્યા તેમ છતાં એના વ્યવહારમાં આવેશ કે આવેગનું નામોનિશાન ન હતું, કેવળ શિક્ષા આપતું સંબોધન હતું. એના



મરણ પ્રસંગને પ્રત્યક્ષ આંખોની સામે જોવા છતાં પણ કોઈએ આવેશ પૂર્ણ વ્યવહાર, ધમકી, બદલો લેવો વગેરે કાંઈપણ ન કર્યું.

આ છે જિનવાણીના આરાધકોની ક્ષમતા, શાંતિનો અદ્‌ભુત સંદેશ. આ સંદેશ આપણા જીવનમાં ઉતરી જાય અને એનાથી સાચી શાંતિ ઉત્પન્ન થશે, ત્યારે આપણે જિનવાણી પ્રાપ્ત કર્યાનું સાચા અર્થોમાં સફળ થશે.

ગોશાલકે અનેક અપશબ્દ, અનર્ગલ બકવાસ, ક્રોધાંધ થઈને કહ્યા. એમાથી કોઈનો પણ જવાબ સર્વાનુભૂતિ અથવા સુનક્ષત્ર અણગારે અથવા ભગવાને આપ્યો નથી. અર્થાત્ એની બરાબરી કોઈએ ન કરી. પરંતુ માત્ર સીમિત શબ્દોમાં ઉચિત શિક્ષા અને સત્ય કથન જ કહ્યું.

(૮) ગોશાલકના વર્ણનમાં ૧૮ ભવોમાં સંયમ ગ્રહણનું વર્ણન છે. પરંતુ ભગવતી સૂત્ર શતક ૨૫ માં બતાવ્યું છે કે કોઈ પણ નિયંઠા આઠ ભવથી વધારે પ્રાપ્ત નથી હોતા, સામાયિક આદિ ચારિત્ર પણ આઠ ભવથી વધારે ભવમાં નથી થઈ શકતું. તેથી અભવીના સંયમ ક્રિયારાધનથી નવગ્રૈવેયકમાં અનંતવાર જવાની સમાન જ આ પૂર્વના દસ ભવ સમજી લેવા જોઈએ અને ત્યારપછીના આઠ ભવ સંયમ સહિત અવસ્થાના સમજવા જોઈએ. સૂત્રમાં દ્રવ્ય ક્રિયાની અપેક્ષા જ "વિરાધિત શ્રામણ્ય" કહ્યું છે, એમ માનવું જોઈએ.

(૯) નૃસંશ પ્રવૃતિઓથી યુક્ત જીવન હોવા છતાં પણ ગોશાલકનું જીવન મહા– તપસ્વી જીવન હતું અને અંતિમ સમયમાં સમ્યક્ત્વ યુક્ત શુદ્ધ પરિણામ આવી ગયું હતું. જેના કારણે તેને અનંતર દેવભવ અને પરંપર મનુષ્ય ભવમાં પુણ્યનો ઉપભોગ પ્રાપ્ત થયો અને થશે. એના પછીના ભવોમાં સર્વે પાપ કર્મોનું સામ્રાજ્ય ચાલશે.

(૧૦) ગોશાલકના મોક્ષ જાવાના અંતિમ ભવના વર્ણનને ઔપપાતિક સૂત્રમાં વર્ણિત 'દઢપ્રતિજ્ઞ કુમાર' ની ભલામણ(સૂચના) છે. પરંતુ પ્રતિયોમાં ભલામણ દેતાં-દેતાં આગળ એને જ દઢ પ્રતિજ્ઞ નામથી કહી દીધેલ છે. આ લિપિ દોષમાત્ર છે. આવો લિપિદોષ અન્ય સૂત્રમાં પણ થયો છે.

(૧૧) તીર્થંકર ભગવાન કેવલજ્ઞાન બાદ પણ શ્રમણોના પાત્રમાં ખાતા નથી પરંતુ તેઓ દ્વારા મંગાવીને હાથમાં જ આહાર કરતા હતા.

(૧૨) ભગવાનના ઔષધ ગ્રહણનો પાઠ લિપિકાળમાં કોઈપણ દુર્બુદ્ધિવાળા

માણસ દ્વારા વિકૃત કરાયો છે. તેમાં કુર્કટમાંસ, કબૂતરમાંસ આવા અર્થવાળા શબ્દોને સંયોજિત કરાયા છે. આવા ભ્રમપૂર્ણ અર્થવાળા શબ્દોને ગણધર રચિત માનવું એક વ્યાપક ભ્રમ છે અને ગંભીર ભૂલ છે. ભલે કેટલાય વનસ્પતિ પરક અર્થ કરાય પરંતુ શબ્દ અને ભાષાના કોવિદ(નિષ્ણાત) ગણધરો દ્વારા આવા ભ્રમમૂલક શબ્દોનું ગુંથન શાસ્ત્રમાં માનવું એ જ અયોગ્ય છે. મધ્યકાળમાં આવા અનેક સૂત્ર પ્રક્ષેપ આદિના પ્રહાર ધર્મ અને આગમોં પર થયા છે. એનામાં જ કરેલ આ પણ એક વિકૃતિ છે. આનું સંશોધન ન કરવું, માનો 'લકીરના ફકીર બનવું' ની ઉક્તિને ચરિતાર્થ કરવા સમાન જ છે.

જૈન આગમ સંપાદકો, સંશોધકો, અન્વેષકોએ આ તરફ અવશ્ય ધ્યાન આપવું જોઈએ. વિશેષ જિજ્ઞાસા હેતુ હિંદી આગમ સારાંશ પુષ્પ ૨૧–૨૨ માં ઐતિહાસિક સંવાદ અને નિબંધોનુ અધ્યયન કરવું જોઈએ. તેમજ ગુજરાતી સારાંશ ભાગ–૮માં જુઓ.

(૧૩) ચોથા આરામાં અર્થાત્ સતયુગમાં તીર્થંકરોની ઉપસ્થિતિમાં આવી ઘટનાઓ હોવા પર પણ ધર્મનિષ્ટ લોકો પોતાની શ્રદ્ધા ટકાવી રાખે છે. ધર્મથી વિચલિત થતા નથી. તો આજ પંચમ કાળમાં જ્ઞાનઓની અનુપસ્થિતિમાં કોઈ ઘટનાને જોઈને આપણે કોઈની પાછળ પોતાની શ્રદ્ધા, આચરણ, ત્યાગ તપ વગેરે જરા પણ ન છોડવા જોઈએ અને ક્યારે ય IS STj l IJD- ન બનવું જોઈએ. આ સંસાર છે, આનામાં કોઈ કેટલીય હોનારત થતી જ રહે છે. તેમાં આપણે પડતાં નહીં, પરંતુ ચડતાં જ શીખવું જોઈએ.

(૧૪) સોગંદ, શપથ દેવાની વ્યવહારિક પ્રથા પણ પ્રાચીન કાળથી ચાલી આવી રહી છે. ગોશાલકે પણ મૃત્યુ સમયે પોતાના શિષ્યોને સોગંદ દઈને આદેશ આપ્યો હતો. જેનું એમણે દંભની સાથે પાલન કર્યું હતું, સાચા રૂપમાં પાલન નહોતું કર્યું.

(૧૫) ગોશાલકના નિમિત્તજ્ઞાન, મનની વાતને જાણીને બતાવવાની ક્ષમતાથી અને આડંબરના માધ્યમે જ એનો શિષ્ય પરિવાર વધતો ગયો હતો. ત્યાં સુધી કે ૨૩ માં તીર્થંકરના શાસનના અનેક સાધુ પણ એને ૨૪ માં તીર્થંકર જ સમજીને એના શાસનમાં ભળી ગયા હતા.

(૧૬) સંક્ષિપ્ત સારાંશનું લક્ષ્ય હોવાથી અનેક વિસ્તૃત વર્ણનો આપ્યું નથી. એના માટે સૂત્રવર્ણનથી જાણવું જોઈએ. જેમ કે– ૮ ચરમ, પાનક, અપાનક ગોશાલક ના શરીર પરિવર્તન અને વિવિધ પ્રઢપણા વગેરે.



(૧૭) ગોશાલક ભગવાન ની પાસે છદ્મસ્થકાળના બીજા ચોમાસામાં આવ્યો હતો અને ક્યાં સુધી રહ્યો એ વર્ણન અહીં સૂત્રમાં નથી. અન્યત્ર દીક્ષાના છટ્ઠા વર્ષ સુધી સાથે રહ્યાનું કથન મળે છે.

(૧૮) ગૌતમ સ્વામીના પૂછવા પર ભગવાને ગોશાલકના ભૂત, ભવિષ્ય અંગે વર્ણન બતાવ્યું હતું અને વર્તમાન ઘટના ને તો ઉપસ્થિત શ્રમણોએ પ્રત્યક્ષ જોઈ હતી. ભૂતકાળના છદ્મસ્થ કાળની ઘટનાનું વર્ણન કરતાં ભગવાને અનેક જગ્યાએ **અહં** શબ્દના પ્રયોગથી કથન કર્યું છે. વૈશ્યાયન તપસ્વીની તેજો લેશ્યાથી ગોશાલક ને બચાવવાના વર્ણનમાં પણ ભગવાને ગૌતમસ્વામીને સ્પષ્ટ કહ્યું હતું કે હે ગૌતમ ! ત્યારે "મેં" ગોશાલક મંખલી પુત્રની અનુકંપા માટે શીત લેશ્યાથી તેજો લેશ્યાનું પ્રતિહનન કર્યું અને આગળના વર્ણનમાં ગોશાલકના પૂછવા પર એને પણ આ શબ્દો માં કહ્યું હતુ કે ત્યારે હે ગોશાલક ! "મેં" તારા પ્રત્યેની અનુકંપાને કારણે વૈશ્યાયન બાળ તપસ્વીની તેજોલેશ્યાને વચ્ચેથી પ્રતિહત કરી, રોકી દીધી, આમ આવું કથન પણ ભગવાને કેવલી અવસ્થામાં બે વખત કર્યુ. પરંતુ ક્યાંય એમ નથી કહ્યું કે "મેં ગોશાલકને છદ્મસ્થતાની ભૂલથી મોહવશ બચાવ્યો". આથી અનુકંપા સંબંધી વિશેષ વિવરણ માટે સારાંશ ખંડ–૮માં જોવું જોઈએ.

(૧૯) ભગવાન અને ગોશાલકની વચ્ચે થયેલ કેટલાય વ્યવહારોથી તર્કશીલ માનસમાં કેટલાય મૂંઝવણ ભર્યા પ્રશ્ન ઉભા થાય છે કે– (૧) ચાર જ્ઞાન સંપન્ન ભગવાને એને પોતાની સાથે રાખ્યો જ શા માટે ? (૨) તલ સંબંધી પ્રશ્નોના ઉત્તર જ કેમ દીધા ? જેનાથી વિરાધના થઈ. (૩) સ્વતઃ પોતાના જ કર્તવ્યથી તે ગોશાલક વૈશ્યાયન બાળ તપસ્વીની તેજોલેશ્યાથી મરી રહ્યો હતો, એને ભગવાને શીત લેશ્યાથી શા માટે બચાવ્યો ? સુનક્ષત્ર અને સર્વાનુભૂતિ અણગારને પ્રભુએ બચાવ્યું નથી તો તેમાં ભગવાનને કયો દોષ લાગ્યો ? ઉત્તર– કાંઈપણ દોષ ન લાગ્યો. તેમજ ગોશાલકને ન બચાવત તોપણ ભગવાનને કોઈ દોષ લાગતો નહીં. તેને બચાવવાથી તો તે જીવિત રહ્યો અને પોતે જ ૨૪મો તીર્થંકર હોવાનું કહી, કેટલાય લોકોને ભ્રમિત કર્યા, મહા પાપ કર્યા.

જેમ સુમંગલ અણગાર વિમલવાહનને ભસ્મ કરશે જ અને અણુત્તર વિમાનમાં જાશે, તેવી રીતે જ ભગવાનના કોઈ લબ્ધિધારી શ્રમણ ગોશાલકને પહેલાં જ કાંઈપણ શિક્ષા આપી શકતા હતા. તો સમવસરણમાં આવો પ્રસંગ બનતું જ નહીં. અનેક ઈન્દ્ર વગેરે પણ ગોશાલકના અવળા પ્રચારને રોકી ન શક્યા,

એવું કેમ થયું ? કેમ કે બધા ઈન્દ્ર સમ્યગ્દષ્ટિ છે, દઢધર્મી પ્રિયધર્મી છે. એક ભવ કરીને મોક્ષમાં જનારા છે; વગેરે વગેરે પ્રશ્નો થાય છે.

તે અનેક પ્રશ્નોનું સમાધાન આ છે કે ભગવાન અને ગોશાલકનો કોઈ એવો જ સંયોગ નિબદ્ધ હતો. વિશિષ્ટ જ્ઞાનિઓના આચરણ વિષયે છદ્મસ્થોએ સંકલ્પ-વિકલ્પ કરવા જ ન જોઈએ. કેમકે તે શાશ્વત જ્ઞાની ભવિતવ્યતાને જોઈ લે છે, ભૂત-ભવિષ્યને જાણીને તેને અનુરૂપ આચરણ કરે છે. તેથી સુમંગલ અણગારે પણ પહેલાં જ્ઞાનથી એ જોયુ કે આ રાજા આવો દુર્વ્યવહાર કેમ કરી રહ્યો છે. એનું ભૂત-ભવિષ્ય શું છે ? આ જ રીતે ભગવાને એવંતાને દીક્ષા આપી, ભલે ને તેણે કાચા પાણીમાં પાત્રી તરાવી. જમાલીને દીક્ષા તો આપી દીધી, પરંતુ વિચરણની આજ્ઞા માંગવા પર મૌન ધારણ કર્યું. ભગવાન જ્ઞાનમાં ફરસના જોઈને જ તે પ્રકારની પ્રવૃતિઓ કરી હતી. છદ્મસ્થોના તર્ક ની અહી ગતિ હોતી નથી. આથી આવા-આવા વિવિધ પ્રશ્નો આપણા અનધિકાર ગત છે. નિશ્ચય જ્ઞાનીયોના પ્રત્યેક વ્યવહાર જ્ઞાનસાપેક્ષ હોય છે અને આપણા છદ્મસ્થોના વ્યવહાર બુદ્ધિ સાપેક્ષ હોય છે તેમજ સૂત્ર સાપેક્ષ પણ હોય છે. આ ભિન્નતા જાણીને જ્ઞાનિયોના જ્ઞાન સાપેક્ષ આચરણ સબંધી ઉપરના પ્રશ્નોના અથવા આવા અન્ય પણ ઘણા પ્રશ્નોના સમાધાન સ્વતઃ કરી લેવા જોઈએ.

(૨૦) ભગવાન પાર્શ્વનાથ ના ૬ વિશિષ્ટ શિષ્યોને અહીં દિશાચર શબ્દથી સંબોધ્યા છે. તે પૂર્વોના જ્ઞાતા હતા, એમણે જીવનમાં દિશાની પ્રમુખતાથી કોઈ વિશિષ્ટ તપ, ધ્યાન અથવા વિહારચર્યાનું આચરણ કર્યુ હશે. જેનાથી તે દિશાચારના નામથી વિખ્યાત થયા. એમના આગમનથી ગોશાલકની શક્તિમાં વિશેષ અભિવૃદ્ધિ થઈ. એવો સૂત્ર વર્ણનથી આભાષ થાય છે. આ રીતે તેઓ કોઈ વિશિષ્ટ ચમત્કારી જ્ઞાની અને લબ્ધિ સંપન્ન શ્રમણ હતા. અર્થ કરનારા કેટલાય વિદ્વાન એમને ભગવાન મહાવીરના શિથિલાચારી પાર્શ્વસ્થ શ્રમણ કહી દે છે. એમના આ કથન અનુપયુક્ત અને અસંગત છે.

(૨૧) મંખમતના ભિક્ષાચર લોકો પણ ચાતુર્માસમાં ભ્રમણ કરતા નથી અને ભિક્ષાચર હોવા છતાં પણ સપત્ની ભ્રમણ કરતા હતા તથા ચિત્ર ફલક દેખાડીને ભિક્ષા પ્રાપ્ત કરતા હતા.

**॥ શતક ૧૫ સંપૂર્ણ ॥**



## શતક-૧૬ : ઉદ્દેશક-૧

(૧) એરણ પર હથોડાનો માર પડવો વગેરે એવી કોઈ પણ પ્રવૃતિ કરવાથી અચિત વાયુ ઉત્પન્ન થાય છે. એનાથી સચિત વાયુની હિંસા થાય છે. એના પછી આ અચિત વાયુ પણ સચિત થઈ જાય છે. પછી તે જીવ બીજા અચિત વાયુના સ્પર્શ થવાથી મરે છે.

(૨) અગ્નિ પણ વાયુ વગર બળતો નથી. અગ્નિના જીવોની ઉંમર ત્રણ દિવસ રાતની હોય છે. પછી ત્યાં બીજા અગ્નિના અને વાયુના જીવ ઉત્પન્ન થતા રહે છે. ત્યારે અગ્નિ લાંબા સમય સુધી બળતો રહે છે.

(૩) ભટ્ટીમાં તપેલા લોખંડને આમ તેમ કરવા કે પકડવામાં લુહારને તથા કામ આવનાર બધા સાધનોને અને ભટ્ટીના જીવોને પાંચ ક્રિયા લાગે છે. એરણ પર મુકીને કૂટતી વખતે લુહાર શાળા સહિત બધા ઉપયોગી સાધનોના જીવોને અને લુહારને પાંચ ક્રિયા લાગે છે.

(૪) જીવ અધિકરણી છે અને ઈન્દ્રિય વિગેરે અધિકરણોથી કદાચિત અભેદની નજરે અધિકરણ પણ છે સાધિકરણ છે. નિરધિકરણી નથી. આત્માધિકરણી વગેરે ત્રણે છે. ચોવીસ દંડકના જીવ પણ અવિરતિની અપેક્ષાએ સાધિકરણ વગેરે છે. ૫ શરીર, ૫ ઈન્દ્રિય, ૩ યોગ આ અધિકરણી છે. જે દંડકમા જે હોય તે એના નિવર્તનમા અધિકરણી હોય છે.

## ઉદ્દેશક : ૨

(૧) 'જરા' શારીરિક દુઃખ, પીડાં; 'શોક' એટલે માનસિક દુઃખ. આ કારણે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય માં જરા છે. શોક નથી. શેષ દંડકમાં બંન્ને છે.

(૨) શ્રમણો ના પાંચ પ્રકારના અવગ્રહ હોય છે. (૧) દેવેન્દ્રના (૨) રાજાના (૩) ગાથાપતિના (૪) શય્યાતરના (૫) સાધર્મિક શ્રમણોના. આ પાંચ પ્રકારના અવગ્રહ જાણીને પ્રથમ દેવલોકના ઈન્દ્ર શકેન્દ્રે ભગવાનના બધા શ્રમણો માટે પોતાના આધિપત્યના દક્ષિણ લોકમાં અર્થાત્ ભરત ક્ષેત્રમાં વિચરણ કરવાની તથા કલ્પનીય પદાર્થો ગ્રહણ કરવાની આજ્ઞા આપી. પછી વંદન નમસ્કાર કરીને જતા રહ્યા.

(૩) દેવ અને ઈન્દ્ર સત્ય વગેરે ચારે ય ભાષા બોલે છે. સાવદ્ય નિર્વદ્ય બન્ને ભાષા બોલે છે.

(૪) શકેન્દ્ર અથવા અન્ય કોઈ પણ વ્યક્તિ જો વસ્ત્રથી મોં ઢાંક્યા વિના બોલે તો એની એ ભાષા 'સાવદ્ય ભાષા' કહેવાઈ છે.

(૫) શકેન્દ્ર ભવી છે અને એક ભવાવતારી છે.

(૬) કર્મ ચૈતન્યકૃત હોય છે. એટલે કર્મોથી થતા સુખ દુઃખ પણ ચૈતન્યકૃત જ છે.

## ઉદ્દેશક : ૩

(૧) કર્મ પ્રકૃતિ વગેરેનું વર્ણન પ્રજ્ઞાપના પદ ૨૩ થી ૨૭ સુધી છે, ત્યાંથી જાણી લેવું.

(૨) અભિગ્રહધારી આતાપના લેનારા, ઉભા રહેલા ભિક્ષુકને કોઈ વૈદ્ય સુવડાવીને નાસિકામાંથી અર્શ, મસ્સાને કાપે તો કાપવા સંબંધી ક્રિયા વૈદ્યને લાગે છે. મુનિને ફક્ત ધર્મ ધ્યાનમાં અંતરાય થાય છે. વૈદ્યની શુભ ભાવના હોવાથી શુભક્રિયા લાગે છે.

## ઉદ્દેશક : ૪

(૧) નીરસ, અંત પ્રાંત અમનોજ્ઞ આહાર કરનારા શ્રમણ જેટલા કર્મોનો ક્ષય કરે છે; ત્યાં નૈરયિક સો વર્ષમાં એટલા કર્મ અપાર દુઃખ સાથે ભોગવે તો પણ ક્ષય કરી શક્તા નથી.

(૨) V^6 IU , FI એટલે અમનોજ્ઞ આહાર, વાસી આહાર, એવો અર્થ સમજવો જોઈએ. ઔપપતિક સૂત્ર વગેરેથી પણ આ જ અર્થ પરિલક્ષિત થાય છે. ભ્રમથી આ શબ્દનો અન્ય અર્થ કરવામાં આવે છે. તે અનુભવ ચિંતનથી ઉપયોગી સમજાતો નથી.

(૩) વૃદ્ધ પુઢષ દ્વારા ચિકણી, કઠણ લાકડી કાપવાના દષ્ટાંતથી સમજવુ જોઈએ કે નૈરયિક એટલા કર્મોનો ક્ષય કરી શક્તા નથી કારણ કે એના કર્મ ચિકણા પ્રગાઢ હોય છે. જેમ જુવાન પુઢષ તીક્ષ્ણ કુહાડીથી તરત જ લાકડીને તોડી ફોડી શકે છે, તેમ તપસ્વી શ્રમણ પણ કર્મોને તરત જ નષ્ટ કરી દે છે.

## ઉદ્દેશક : ૫

(૧) એક સમયની વાત છે. શકેન્દ્ર, ભગવાનના દર્શન કરવા ઉલ્લુકાતીર નામના નગરમાં આવ્યા; કંઈક પ્રશ્ન કર્યા અને ઉતાવળમાં ચાલ્યા ગયા, શાંતિથી બેઠા નહીં. એનુ કારણ ગૌતમ સ્વામીના પૂછવા પર ભગવાને બતાવ્યુ કે સાતમાં



દેવલોકમાંથી ગંગદત્ત દેવ અહીં આવવા નીકળ્યા છે, એના દિવ્ય તેજ, ઋદ્ધિ દ્યુતિને શકેન્દ્ર જોઈ નહીં શકવાથી અને સહન નહીં કરી શકવાથી, ઉતાવળથી ચાલ્યા ગયા છે. જોઈ નહીં શકવાનુ કારણ વ્યાખ્યાકારે એ બતાવ્યુ છે કે પૂર્વ ભવમાં બન્ને શેઠ હતા– કાર્તિક શેઠ અને ગંગદત્ત શેઠ. ત્યાં બન્નેમાં પરસ્પર માત્સર્ય ભાવ રહેતા હતા. પૂર્વના માત્સર્ય ભાવને કારણે શકેન્દ્રને ગંગદત્તની પોતાનાથી વધારે ઋદ્ધિ વગેરે સહન થઈ નહીં અને જલ્દીથી ચાલ્યો ગયો.

(૨) ઈન્દ્ર વગેરે દેવોનું મનુષ્ય લોકમાં (૧) આવવુ (૨) પાછા જવું (૩) ભાષા બોલવી (૪) ઉન્મેષ નિમેષ કરવું (૫) અંગોપાંગને વધઘટ કરવા (૬) ઉભા થવું, બેસવું અને સૂવું (૭) વૈક્રિય કરવું (૮) પરિચારણા કરવી વગેરે ક્રિયાઓ બહારના પુદ્ગલોના ગ્રહણથી કરી શકે છે અર્થાત્ અન્ય પુદ્ગલ ગ્રહણ કરી ને જ ઉક્ત ક્રિયાઓ દેવો દ્વારા કરી શકાય છે.

(૩) દેવલોકમાં દેવોને પરસ્પર તાત્ત્વિક ચર્ચાઓ પણ થઈ જાય છે. સાતમા દેવલોકમાં એક મિથ્યા દષ્ટિ દેવ અને ગંગદત્ત(સમ્યગ્દષ્ટિ દેવ)ની પરસ્પર ચર્ચા થઈ. એના ફળ સ્વરૂપે જ એ ગંગદત્ત દેવ ભગવાનના દર્શન કરવા ઉલ્લુકા– તીર નગરમા આવ્યો હતો.

(૪) R , DF6 RI , / ના સિદ્ધાંત અનુસાર પરિણમન થનારા પુદ્ગલ 'પરિણત' કહેવાય છે. આ વિષય પર એ. બન્ને દેવોની ચર્ચા હતી. ગંગદત્તનો ઉત્તર સાચો હતો. ગંગદત્ત દેવે ભગવાનનો ઉપદેશ સાંભળ્યો; ત્યાર પછી હું ભવી છુ કે અભવી છું ? વગેરે પ્રશ્ન પૂછ્યા. સમાધાન મેળવીને ખુશ થયો. બત્રીસ પ્રકારના નાટક બતાવીને ચાલ્યો ગયો.

(૫) ગંગદત્ત દેવ પૂર્વ ભવમા હસ્તિનાપુરમાં ગંગદત્ત નામનો શેઠ હતો. શ્રમણો–પાસક બન્યો હતો. પછી મુનિસુવ્રત ભગવાનની પાસે દીક્ષા લીધી. અગીયાર અંગોનુ અધ્યયન કર્યું. એક મહિનાનો સંથારો કરી ત્યાંથી સાતમાં દેવલોકમાં ઉત્પન્ન થયા. સત્તર સાગરોપમની દેવ સ્થિતિ પૂરી કરી મહાવિદેહ ક્ષેત્રથી મુક્તિ પામશે.

## ઉદ્દેશક : ૬

(૧) નિંદ્રામાં અથવા જાગૃત અવસ્થામાં સ્વપ્ન આવતું નથી. અર્ધ જાગૃત અવસ્થામાં સ્વપ્ન આવે છે.

(૨) નિદ્રા કરવી દ્રવ્ય નિંદ્રા છે. અવિરતિ ભાવ તે ભાવ નિંદ્રા છે. ભાવ નિંદ્રાની

અપેક્ષાએ ૨૨ દંડકના જીવ સુપ્ત કહ્યા છે. તિર્યંચ સુપ્ત અને સુપ્ત-જાગૃત એમ બે પ્રકારના છે, જ્યારે મનુષ્ય સુપ્ત,જાગૃત અને સુપ્ત-જાગૃત એમ ત્રણ પ્રકારના છે.

(૩) સાધુઓ પણ સ્વપ્ન જુએ છે. સત્ય સ્વપ્ન પણ જુએ છે અને અસત્ય સ્વપ્ન પણ જુએ છે. સાચા ભાવ સાધુતામાં સત્ય સ્વપ્ન આવે છે અને નથી પણ આવતા. અસત્ય સ્વપ્ન જોવાવાળા અસંવૃત કહેવાય છે. અર્થાત્ એનો વિશેષ આશ્રવ ચાલુ રહે છે. એકાંત અસંયમી ન સમજવું.

(૪) સ્વપ્ન ૪૨ પ્રકારના કહ્યો છે અને મહાસ્વપ્ન ૩૦ પ્રકારના કહ્યા છે. ૩૦ મહાસ્વપ્નમાંથી કોઈ પણ ૧૪ સ્વપ્ન તીર્થંકર, ચક્રવતીના ગર્ભમાં આવવાથી એની માતા જુએ છે. વાસુદેવની માતા સાત, બલદેવની માતા ચાર સ્વપ્ન જુએ છે. માંડલિક રાજાની માતા એક મહાસ્વપ્ન જુએ છે. એ માતાઓ સ્વપ્ન જોઈને જાગી જાય છે. ફરી પાછી સૂતી નથી. ધર્મ જાગરણ કરે છે.

(૫) ભગવાન મહાવીર સ્વામીને દશ સ્વપ્ન પછી કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હતું. બેઠા બેઠા ભગવાનને માત્ર અંતર્મુહૂર્ત ઉંઘ આવી હતી. એ સમયે અર્ધ નિંદ્રા–વસ્થામાં આ સ્વપ્ન જોયા હતા. કારણ કે છદ્મસ્થ કાળમાં ભગવાને શયનાસન કર્યુ નહોતું.

**દસ સ્વપ્ન અને પરિણામ :–**

(૧) પિશાચને પરાજિત કર્યો = મોહ કર્મ ક્ષય. (૨) સફેદ નર કોયલ = શુક્લ ધ્યાન. (૩) વિચિત્ર પાંખવાળો નર કોયલ = દ્વાદશાંગીની પ્રઢપણા (૪) સ્વર્ણ રત્નમય માલા દ્વય = દ્વિવિધ ધર્મ પ્રઢપણા. (૫) ✓ત ગાયોનો સમૂહ = ચતુર્વિધ સંઘની રચના. (૬) મહાપદ્મ સરોવર = ચાર જાતિના દેવોની પ્રઢપણા. (૭) મહાસાગર હાથથી તર્યા = સંસાર સાગરથી તર્યા. (૮) સૂર્ય = કેવલજ્ઞાન પ્રાપ્તિ. (૯) મેઢ પર્વતને આંતરડાથી વિંટળાયેલો = સંપૂર્ણ લોકમા યશ કીર્તિ ફેલાય. (૧૦) મેઢ ચૂલિકા પર સિહાંસન ઉપર બેઠા = પરિષદમા ઉપદેશ આપ્યો.

**(૬) સ્વપ્ન ફળ વિજ્ઞાન :–** (૧) સૂતેલી વ્યક્તિ હાથી, ઘોડા અથવા બળદ સમૂહને જોઈ એના પર ચઢે, ચઢીને પોતાને બેઠેલો જુએ, પછી જાગી જાય, તો તે એ જ ભવમાં મોક્ષે જાય છે. (જે સૂતો રહે છે તે આ ફળ પામતો નથી. એમ બધા સ્વપ્નોંમા સમજી લેવુ જોઈએ.) (૨)જે વ્યક્તિ સ્વપ્નમાં મહાસમુદ્રમાં પૂર્વથી પશ્ચિમ સુધી ફેલાયેલી રસ્સીને જોઈ પોતાના હાથમાં વીંટે છે.(૩) લોકાંતને પૂર્વ પશ્ચિમ અડેલી રસ્સીને કાપે (૪) કાળા યા સફેદ સૂતરના ગુંચવાયેલા ગુચ્છાને ઉકેલે. "મેં ઉકેલી



આપ્યો". એમ માને (૫) સોના ચાંદી વજ અને રત્ન રાશિને જુએ. (૬) ઘાસ, કચરાના ઢગલાને જુએ અને વિખેરી નાંખે. (૭) સરસ્તંભ, વીરણસ્તંભ, વંશસ્તંભ, બલ્લિસ્તંભ ને જોઈને ઉખેડીને ફેંકી દે. (૮) ક્ષીરકુંભ, ઘૃતકુંભ, દર્વિકુંભને જુએ અને ઉપાડે (૯) ફૂલોવાળા પદ્મ સરોવરમાં ઉતરે (૧૦) મહાસાગરને જુએ અને એને તરીને પાર કરે. (૧૧) રત્નોનું ભવન જુએ અને એમાં પ્રવેશ કરે (૧૨) રત્નોનું વિમાન જુએ અને એમાં ચઢી જાય. આ પ્રકારના સ્વપ્નવાળા પોતાને જુએ, માને અને જાગી જાય, ઉઠી જાય, એ વ્યક્તિ એ જ ભવમાં મોક્ષે જાય છે.

તેલ, મદિરા ચરબીના ઘડા(કુંભ) જુએ અને ફોડી નાંખે તથા લોખંડ, તાંબુ, કથીર શીશાના ઢગલાને જુએ અને એના પર ચઢે. આ બે સ્વપ્ન જોવાવાળા એક દેવનો અને એક મનુષ્યનો ભવ કરીને મોક્ષ જાય છે.

(૭) કોઈ સુગંધી પદાર્થ પડયો હોય અને પવન આવે તો સુગંધી પદાર્થ ચાલતો નથી. પરંતુ ગંધના પુદ્ગલ ત્યાંથી ગતિ કરે છે, ફેલાય છે.

## ઉદ્દેશક : ૭–૮

(૧) પ્રજ્ઞાપના સૂત્રનો ઉપયોગ પદ અને પશ્યતા પદને સંપૂર્ણ અહીં સમજવું.

(૨) લોકોના ૬ દિશાઓના ચરમાંતમાં જીવ, અજીવ, જીવ દેશ, પ્રદેશ, અજીવ દેશ, પ્રદેશ રહેલા છે. એવી રીતે સાત નરક પૃથ્વી પિંડોના ચરમાંતમાં અને દેવલોકના ચરમાંતમાં પણ જીવ અજીવ રહેલા છે. એકેન્દ્રિય વગેરેની અપેક્ષાએ પાંચ સ્થાવર તો સ્વસ્થાન રૂપે રહેલા છે અને ત્રસ જીવ વાટે વહેતા અને મરણ સમુદ્ઘાતની અપેક્ષાએ હોય છે. અનિંદ્રિય જીવ કેવલી સમુદ્ઘાતની અપેક્ષાએ હોય છે. નરક પૃથ્વીના ચરમાંતમાં તેમજ દેવલોકના ચરમાંતમાં પણ યથાયોગ્ય સંભવિત જીવ અજીવ, એના દેશ, પ્રદેશ સમજી લેવા જોઈએ. કાલ દ્રવ્ય ચરમાંતોમાં નથી.

(૩) પરમાણુ પુદ્ગલ એક સમયમાં લોકના પૂર્વી ચરમાંતથી પશ્ચિમી ચરમાંત સુધી સ્વતઃ ચાલ્યા જાય છે. એવી રીતે બધી દિશામા સમજવું.

(૪) વરસાદની જાણકારી માટે કોઈ હાથને ખુલ્લા આકાશમાં કાઢીને જુએ તો પાંચ ક્રિયા લાગે છે.

(૫) કોઈ મહર્દ્ધિક દેવ પણ લોકાંતમાં બેસીને અલોકમાં હાથ પગ વગેરે કાઢી શકતા નથી. કારણકે અલોકમાં ધર્માસ્તિકાય વગેરે નથી. ત્યાં જીવ અને પુદ્ગલની ગતિ હોતી નથી.

## ઉદ્દેશક : ૯–૧૪

(૧) વૈરોચન બલીન્દ્રની બલિચંચા રાજધાની ઉત્તર દિશામા છે. બાકી સમુદ્રમાં દૂર ઉત્પાત પર્વત, રાજધાનીનો વિસ્તાર, સભા વગેરે વર્ણન અસુરકુમાર ચમરેન્દ્રના વર્ણન સમાન છે. *[જુઓ– શતક ૨ ઉદ્દેશ ૮]*

(૨) અવધિજ્ઞાનનુ વર્ણન પ્રજ્ઞાપના તેમજ નંદી સૂત્રમાં જુઓ.

(૩) દ્વીપકુમાર દેવ બધા સમાન આહાર વાળા વગેરે હોતા નથી. આ વર્ણન પહેલા શતકના બીજા ઉદ્દેશકની સમાન છે. એમાં ચાર લેશ્યાઓ હોય છે. તેજોલેશ્યા–વાળા અલ્પ હોય છે. તેથી કાપોતલેશી, અસંખ્ય ગુણા, એનાથી નીલલેશી વિશેષાધિક, એનાથી કૃષ્ણલેશી વિશેષાધિક હોય છે. કૃષ્ણલેશી અલ્પર્દ્ધિક હોય છે. પછી ક્રમશઃ તેજોલેશી મહર્દ્ધિક હોય છે.

ઉદધિકુમાર, દિશાકુમાર, સ્તનિતકુમારનું વર્ણન પણ આ મુજબ છે.

**॥ શતક ૧૬/૧૪ સંપૂર્ણ ॥**

## શતક–૧૭ : ઉદ્દેશક–૧

(૧) કોણિક રાજાના બે મુખ્ય હાથી હતા. (૧) ઉદાઈ હસ્તીરત્ન. (૨) ભૂતાનંદ હસ્તીરત્ન. બન્ને અસુરકુમાર દેવોથી આવીને જન્મ્યા હતા. હવે મરણ પામીને પ્રથમ નરકમાં જશે. ત્યાંથી મહાવિદેહમાં એક ભવ કરી મુક્તિ પામશે. આ જવાબ ગૌતમ સ્વામી દ્વારા રાજગૃહીમાં ભગવાનને પૂછવાથી મળ્યો હતો.

(૨) કોઈ વ્યક્તિ વૃક્ષને હલાવે, પાડે, તો એને પાંચ ક્રિયા લાગે છે. હાલવાવાળા તાડ વૃક્ષની શાખા, ફળ વિગેરેના જીવોને પણ પાંચ ક્રિયા લાગે છે. તોડ્યા પછી જ્યારે ફળ યા વૃક્ષ પોતાના ભારથી નીચે પડે છે તો પુઢષને ચાર ક્રિયા લાગે છે. વૃક્ષ વિગેરેના જીવોને પાંચ ક્રિયા લાગે છે.

(૩) જીવને ઔદારિક શરીર વિગેરે બનાવતી વખતે તથા એનો પ્રયોગ કરતી વખતે ૩ , ૪, યા ૫ ક્રિયા લાગે છે.

(૪) ભાવ ૬ છે. યથા– (૧) ઔદયિક (૨) ઔપશમિક (૩) ક્ષાયિક (૪) ક્ષયોપશમિક (૫) પારિણામિક (૬) સન્નિપાતિક(મિશ્ર). એનું વિશેષ વર્ણન અનુયોગદ્વાર સૂત્રમાં અને ગુજરાતી સારાંશ ખંડ–૭માં જુઓ.



## ઉદ્દેશક : ૨

(૧) સંયત, વિરત જીવ ધર્મમાં રહેલો છે. અસંયત, અવિરત જીવ અધર્મમાં રહેલો છે અર્થાત્ તે ધર્મ અધર્મને સ્વીકાર કરીને રહેનારો છે. સમુચ્ચય જીવ અને મનુષ્યમાં ત્રણે ભેદ છે. તિર્યંચમાં બે ભેદ છે. શેષ દંડકમા એક અધર્મ જ છે.

(૨) અસંયત જીવ બાલ કહેવાય છે. સંયત જીવ પંડિત કહેવાય છે અને સંયતાસંયત જીવ બાલ પંડિત કહેવાય છે. ૨૪ દંડકમાં ધર્મ અધર્મની સમાન જાણવુ.

(૩) અઢાર પાપમાં, પાપની વિરતિમાં, ચાર બુદ્ધિમાં, અવગ્રહાદિ મતિજ્ઞાનમાં, ચાર ગતિમાં, આઠ કર્મમાં, લેશ્યા, દર્શન, જ્ઞાન-અજ્ઞાન, શરીર યોગ, ઉપયોગમાં રહેલો જીવ અને જીવાત્મા એક છે. અલગ નથી. અન્યતીર્થિક(સાંખ્ય મતાવ–લંબી) પ્રકૃતિ(પ્રવૃતિ) અને જીવાત્માને એકાંત અલગ માને છે. જૈન સિદ્ધાંત કથંચિત્ ભેદ સ્વીકાર કરે છે પરંતુ આત્યંતિક ભેદ માનતો નથી.

(૪) દેવતા રૂપી(દેખાતા) રૂપોની વિક્રિયા કરી શકે છે. તેઓ અરૂપી રૂપ બનાવી શકતા નથી. પરંતુ સામાન્ય મનુષ્યોને ન દેખાય એવું રૂપ બનાવી શકે છે. વાસ્તવમાં તો તે પણ રૂપી જ હોય છે. જીવ પહેલા રૂપી છે, પછી કેવલી બની અરૂપી બને છે. પરંતુ કોઈ અરૂપી સિદ્ધ બની પાછો રૂપી સંસારી બનતો નથી.

## ઉદ્દેશક : ૩

(૧) શૈલેશી અવસ્થામાં રહેલા અણગાર કંપન, સ્પંદન, ગમનાદિ કરતા નથી પરંતુ પર પ્રયોગની અપેક્ષા શરીરનું ગમનાદિ થઈ શકે છે. અર્થાત્ કોઈ ધક્કો મારે પાડી દે, ક્યાંક ફેંકી દે, પાણીમાં વહાવી દે, વગેરે પ્રસંગથી શરીર ગતિમાન થાય છે.

આ કંપન, સ્પંદન વગેરે પાંચ પ્રકારના છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ. આ પાંચે ચાર ગતિની અપેક્ષા ચાર ચાર પ્રકારના છે.

સામાન્ય ગતિમાન થવાને કંપન કહેવાય છે અને વિશેષ કંપનને ચલન કહેવાય છે. ચલનના મુખ્ય ત્રણ પ્રકાર અને તેર ભેદ છે. ૫ શરીર ચલન, ૫ ઈન્દ્રિય ચલન ૩ યોગ ચલન. આ રૂપોમાં પુદ્ગલોને પરિણમન કરવુ, તે જીવોની ચલના છે.

(૨) સંવેગાદિ ૪૯ બોલોના અંતિમ ફળને મોક્ષ કહેવાય છે. અર્થાત્ આ બધા ગુણ મોક્ષ સાધનામાં સહાયક અને ગતિ આપનારા છે. સાધકે સાધના કાળમાં આ ગુણોની વૃદ્ધિ અને સંરક્ષણ કરતા રહેવું જોઈએ. તે ગુણો આ પ્રમાણે છે– (૧)

સંવેગ, વૈરાગ્ય ભાવ (૨) નિર્વેદ, ત્યાગ ભાવ (૩) ગુઢ વિગેરેની સેવા (૪) સ્વ આલોચના (૫) સ્વનિંદા (૬) સ્વગર્હા (૭) ક્ષમાપના ભાવ (૮) સુખશાતા– અનુત્સુકતા = ઉતાવળ રહિતતા = શાંત ભાવથી પ્રવર્તન (૯)ઉપશાંતતા(સુખ શાતામાં શારીરિક પ્રવૃતિઓમાં શાંતિ થાય છે) ઉપશાંતતામા માનસિક પ્રવર્તનમાં શાંતિ અને ગંભીરતા હોય છે. (૧૦) ભાવ અપ્રતિબદ્ધતા = અનાસક્તિ ભાવ (૧૧)પાપની પૂર્ણ નિવૃત્તિ = અક્રિય (૧૨) વિવિક્ત શય્યા સેવન. (૧૩ થી ૧૭) પાંચ ઈન્દ્રિય સંવર (૧૮ થી ૨૩) યોગ, શરીર, કષાય, સંભોગ, ઉપધિ અને ભક્તના પ્રત્યાખ્યાન (૨૪) ક્ષમા (૨૫) વીતરાગ ભાવ (૨૬ થી ૨૮) ભાવોની, કરણની અને યોગની સત્યતા. (૨૯ થી ૩૧) મન, વચન કાયાના સમ્યક્ અવધારણ(વશમાં રાખવું) (૩૨ થી ૪૪) ક્રોધાદિ ૧૩ પાપોનો ત્યાગ (૪૫ થી ૪૭) જ્ઞાન, દર્શન, ચરિત્રથી સંપન્ન થવું. (૪૮) રોગાદિની વેદના સહિષ્ણુતા (૪૯) મારણંતિક કષ્ટ ઉપસર્ગમાં સહિષ્ણુતા.

## ઉદ્દેશક : ૪–૫

(૧) પ્રાણાતિપાત વગેરે પાંચ પાપથી સ્પૃષ્ટ થવાથી જીવ કર્મ બંધ કરે છે. શેષ વર્ણન પહેલા શતકના છટ્ઠા ઉદ્દેશ સરખો છે. અર્થાત્ કેટલીક દિશાથી કર્મ ગ્રહણ વગેરે થાય છે. (૨) જે સમયમાં (૩) જે ક્ષેત્રમાં અને (૪) જે પ્રદેશમાં જીવ પ્રાણાતિપાત વગેરે કરે છે, ત્યાં સ્પૃષ્ટ કર્મોના બંધ કરે છે.

(૨) કર્મોના ઉદયથી ઉત્પન્ન દુઃખ, સ્વકૃત દુઃખ છે. એનું જ જીવ વેદન કરે છે. પરંતુ પરકૃત દુઃખ(કર્મનું વેદન) થતું નથી.

વેદના(પર નિમિત્ત જન્ય દુઃખ) પણ અન્યકૃત નહીં પરંતુ સ્વકૃત કર્મ જન્ય જ હોય છે. એ શાતા અશાતા બન્ને પ્રકારની હોય છે.

(૩) ઈશાનેન્દ્રની સુધર્મા સભાનું વર્ણન શકેન્દ્રની સુધર્મા સભાની સમાન છે. દશમા શતકનો છટ્ઠો ઉદ્દેશક જુઓ. સ્થિતિ સાધિક બે સાગરોપમની હોય છે.

## ઉદ્દેશક : ૬–૧૭

(૧) સમવહત મરનારા જીવનો પહેલા આહાર અને પછી ઉત્પાત થાય છે. અસમવહત મરનારા જીવને પહેલા ઉત્પાત અને પછી આહાર થાય છે. કારણકે એક સાથે આત્મ પ્રદેશ પહોંચે છે ત્યારપછી જ આહાર થાય છે. આ રીતે પૃથ્વીકાયિક જીવોનો રત્નપ્રભા વગેરેથી સિદ્ધશિલા સુધી આહાર અને ઉત્પાદ



(ઉત્પત્તિ) જાણવા જોઈએ.

(૨) એવી જ રીતે અપ્કાય, વાયુકાય, જીવોનો અધોલોકથી ઉર્ધ્વલોક અને ઉર્ધ્વ લોકથી અધોલોક સુધી ઉત્પાદ અને આહાર જાણવો જોઈએ

(૩) એકેન્દ્રિયના સમ વિષમ આહાર શરીર વિગેરેનું વર્ણન પહેલા શતકના બીજા ઉદ્દેશક સરખુ છે.

નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર, વાયુકુમાર અને અગ્નિકુમાર; આ પાંચેનો સમ આહાર વિગેરે સંબંધી વર્ણન સોળમા શતક ના અગીયારમા ઉદ્દેશકમાં આવેલ દ્વીપકુમારના વર્ણન સમાન જાણવું.

॥ શતક ૧૭/૧૭ સંપૂર્ણ ॥

## શતક–૧૮ : ઉદ્દેશક–૧

(૧) જે ભાવ અનાદિથી થાય છે એને V5-D કહેવાય છે. જે ભાવ જ્યાં પહેલીવાર થાય છે તે ભાવ તે સ્થાનની અપેક્ષા 5-D કહેવાય છે. જે ભાવ જે કોઈ જીવોમાં પહેલી વખત અને કોઈ જીવમાં બીજી ત્રીજીથી માંડી અનેક વખત પણ થાય છે. એને I; I 5-D I; I V5-D કહેવાય છે અર્થાત્ ઉભય ભાવવાળા કહેવાય છે.

(૨) જે ભાવ જે સ્થાનમાં હવે જીવ પાછો આવવાનો નથી, એને 'ચરમ' કહેવાય છે. જે ભાવ જ્યાં હંમેશા રહેવાનો છે અથવા ફરી થવાનો છે, એને 'અચરમ' કહેવાય છે. જે ભાવ જે કોઈ જીવમાં ચરમ છે, કોઈ જીવમાં અચરમ છે તે ભાવ તે સ્થાનની અપેક્ષાએ I; I RZD I; I VRZD. અર્થાત્ ઉભય ભાવવાળા કહેવાય છે.

૧૪ દ્વારોના ૯૩ બોલના ૨૪ દંડક સમુચ્ચય જીવ અને સિદ્ધોની અપેક્ષા પઢમ અપઢમ, ચરમ અચરમનું વર્ણન કરવામાં આવ્યું છે. તે દ્વાર આ પ્રકારે છે–

| | દ્વાર | ભેદ વિવરણ | ભેદ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | જીવ | ૨૪ દંડક, જીવ, સિદ્ધ | ૨૬ |
| ૨ | આહારક | આહારક ,અનાહારક | ૨ |
| ૩ | ભવી | ભવી, અભવી, નોભવી | ૩ |
| ૪ | સન્ની | સન્ની, અસન્ની, નોસન્ની | ૩ |
| ૫ | લેશ્યા | સલેશી, ૬ લેશ્યા, અલેશી | ૮ |

| | દ્વાર | ભેદ વિવરણ | ભેદ સંખ્યા |
|---|---|---|---|
| ૬ | દષ્ટિ | સમ્યગ્, મિથ્યા, મિશ્ર | ૩ |
| ૭ | સંયત | સંયત, અસંયત, સંયતાસંયત, નોસંયત | ૪ |
| ૮ | કષાય | સકષાયી, ૪ કષાય, અકષાયી | ૬ |
| ૯ | જ્ઞાન | ૫ જ્ઞાન, ૩ અજ્ઞાન, સણાણી, અણાણી | ૧૦ |
| ૧૦ | યોગ | સયોગી, ૩ યોગ, અયોગી | ૫ |
| ૧૧ | ઉપયોગ | સાકાર, અનાકાર | ૨ |
| ૧૨ | વેદ | સવેદી, ૩ વેદ, અવેદી | ૫ |
| ૧૩ | શરીર | ૫ શરીર, અશરીરી | ૬ |
| ૧૪ | પર્યાપ્તિ | ૫ પર્યાપ્તિ, ૫ અપર્યાપ્તિ | ૧૦ |
| | | કુલ | ૯૩ |

**આગળ આપાતા ચાર્ટ સંબંધી સૂચનાઓ :–**

(૧) 'બધા' એવા શબ્દ જ્યાં છે. એનો અર્થ છે જેટલા દંડક સમુચ્ય જીવ જે પણ ત્યાં મળે તે સમજવા.

(૨) "બે બોલ અથવા ત્રણ બોલ" = જીવ સિદ્ધ અને મનુષ્યમાંથી બે અથવા ત્રણ સમજવા.

(૩) "૨૫ બોલ અથવા ૨૪ + ૧" = સમુચ્ચય જીવ, ૨૪ દંડક આ પ્રકારે ૧૯ + ૧ વગેરે પણ દંડક + જીવ સમજી લેવા.

(૪) "નો સન્ની." = નો સન્ની, નો અસન્ની, એ પ્રમાણે નો ભવી, નો સંયત. વગેરે સમજી લેવા.

(૫) ૪ અજ્ઞાન, ૫ કષાય વિગેરેમાં સમુચ્ચય અજ્ઞાની, સકષાયી વિગેરે ભેગા છે, એમ સમજવું.

**ચૌદ દ્વારમાં પ્રથમ અપ્રથમ :–**

| દ્વાર | પ્રથમ ભાવ | | અપ્રથમ ભાવ | | પ્રથમ અપ્રથમ ભાવ | |
|---|---|---|---|---|---|---|
| | બોલ | જીવ | બોલ | જીવ | બોલ | જીવ |
| ૧ | સિદ્ધ | – | જીવ ૨૪ દંડક | – | – | – |
| ૨ | – | – | આહારક | ૨૪–૧ | – | – |
| | અનાહારક | સિદ્ધ | અનાહારક | ૨૪ | અનાહારક | સમુચ્ચયજીવ |



| દ્વાર | પ્રથમ ભાવ | | અપ્રથમ ભાવ | | પ્રથમ અપ્રથમ ભાવ | |
|---|---|---|---|---|---|---|
| | બોલ | જીવ | બોલ | જીવ | બોલ | જીવ |
| ૩ | નો ભવી૦ | સિદ્ધ | ભવી | ૨૪ – ૧ | – | – |
| | – | – | અભવી | ૨૪ – ૧ | – | – |
| ૪ | નો સન્ની૦ | ૩ બોલ | સન્ની | ૧૬ – ૧ | – | – |
| | – | – | અસન્ની | ૨૨ – ૧ | સન્ની | – |
| ૫ | અલેશી | ૩ બોલ | સલેશી ૬ લેશી | બધા | – | – |
| ૬ | સમ્યગ્દષ્ટિ | સિદ્ધ | મિથ્યાદષ્ટિ | ૨૪ – ૧ | સમ્યગદષ્ટિ | ૧૯ – ૧ |
| | – | – | – | – | મિશ્રદષ્ટિ | ૧૬ – ૧ |
| ૭ | નો સંયત૦ | ૨ બોલ | અસંયત | ૨૪ – ૧ | સંયત | ૨ બોલ |
| | – | જીવ સિદ્ધ | – | – | સંયતાસંયત | ૩ બોલ |
| ૮ | અકષાય | સિદ્ધ | ૫ કષાય | ૨૪ – ૧ | અકષાયી | ૨ બોલ |
| ૯ | કેવળજ્ઞાન | ૩ બોલ | ૪ અજ્ઞાન | ૨૪ – ૧ | સજ્ઞાની | બધા |
| ૧૦ | અજોગી | ૩ બોલ | સયોગી ૩ યોગ | બધા | ૪ જ્ઞાન | – |
| ૧૧ | ઉપયોગ બે | સિદ્ધ | ઉપયોગ બે | ૨૪ બોલ | ઉપયોગ બે | જીવ |
| ૧૨ | અવેદી | સિદ્ધ | સવેદી ૩ વેદ | બધા | અવેદી | ૨ બોલ |
| ૧૩ | અશરીરી | ૨ બોલ | સશરીરી ૪ શરીર | બધા | આહારક શરીર | ૨ બોલ |
| ૧૪ | – | – | ૫ પર્યાપ્તિ ૫ અપર્યાપ્તિ | બધા | – | – |

**ચૌદ દ્વારમાં ચરમ અચરમ :–**

| દ્વાર | ચરમ | | અચરમ | | ઉભય(ચરમ–અચરમ) | |
|---|---|---|---|---|---|---|
| | બોલ | જીવ | બોલ | જીવ | બોલ | જીવ |
| ૧ | – | – | જીવ સિદ્ધ | – | ૨૪ દંડક | – |
| ૨ | – | – | અનાહારક | જીવ સિદ્ધ | આહારક | ૨૫ બોલ |
| | – | – | – | – | અનાહારક | ૨૪ બોલ |

| દ્વાર | ચરમ | | અચરમ | | ઉભય(ચરમ–અચરમ) | |
|---|---|---|---|---|---|---|
| | બોલ | જીવ | બોલ | જીવ | બોલ | જીવ |
| ૩ | ભવી | જીવ | અભવી | ૨૫ બોલ | ભવી | ૨૪ બોલ |
| | – | – | નોભવી | જીવ સિદ્ધ | – | – |
| ૪ | નો સન્ની૦ | મનુષ્ય | નોસન્ની | ૨ બોલ | સન્ની અસન્ની | બધા |
| ૫ | અલેશી | મનુષ્ય | અલેશી | ૨ બોલ | લેશ્યા સાત | બધા બોલ |
| ૬ | – | – | સમ્યગ્દૃષ્ટિ | જીવ સિદ્ધ | સમ્યગ્દૃષ્ટિ | ૧૯ દંડક |
| | – | – | – | – | મિથ્યાદષ્ટિ | ૨૫ બોલ |
| | – | – | – | – | મિશ્રદષ્ટિ | બધા |
| ૭ | – | – | નો સંયત | જીવ સિદ્ધ | સંયત | બધા |
| | – | – | – | – | આદિ ૩ | – |
| ૮ | – | – | – | – | ૫ કષાય | બધા |
| | – | – | અકષાય | જીવ સિદ્ધ | અકષાયી | મનુષ્ય |
| ૯ | કેવળજ્ઞાની | મનુષ્ય | જ્ઞાની | જીવ સિદ્ધ | સજ્ઞાની | ૧૯ દંડક |
| | – | – | કેવળજ્ઞાની | ૨ બોલ | ૪ જ્ઞાન | ૧૯ – ૧ |
| | – | – | – | – | ૪ અજ્ઞાન | બધા |
| ૧૦ | અયોગી | મનુષ્ય | અયોગી | ૨ બોલ | ૪ યોગ | બધા |
| ૧૧ | – | – | ૨ ઉપયોગ | ૨ બોલ | ૨ ઉપયોગ | ૨૪ બોલ |
| ૧૨ | – | – | અવેદી | ૨ બોલ | ૪ વેદ | બધા |
| | – | – | – | – | અવેદી | મનુષ્ય |
| ૧૩ | – | – | અશરીરી | સિદ્ધ | ૬ શરીર | બધા |
| ૧૪ | – | – | – | – | ૫ પર્યાપ્તિ | બધા બોલ |
| | | | | | ૫ અપર્યાપ્તિ | – |

## ઉદ્દેશક : ૨

**કાર્તિક શેઠ :–**

હસ્તિનાપુરમાં કાર્તિક નામના શેઠ રહેતા હતા. જે ઋદ્ધિ સંપન્ન હતા. તે ૧૦૦૮ વેપારીઓના પ્રમુખ હતા. એમણે વીસમા તીર્થંકર ભગવાન મુનિસુવ્રત સ્વામીની પાસે શ્રાવક વ્રત સ્વીકાર કર્યા હતા. તે જીવાજીવના જાણકાર તેમ જ



શ્રમણોપાસકના ગુણોથી સંપન્ન હતા. તેમના અનેક વર્ષ શ્રમણોપાસક પર્યાયમાં પસાર થઈ ગયા.

એકવાર વિચરણ કરતા ભગવાન મુનિસુવ્રત સ્વામી હસ્તિનાપુરમાં પધાર્યા. નગરના લોકો તથા કાર્તિક શેઠ ભગવાનની સેવામાં હાજર થયા. પરિષદ ભેગી થઈ, ભગવાને વૈરાગ્યમય પ્રતિબોધ આપ્યો. કાર્તિક શેઠ વૈરાગી થઈ ગયા, દીક્ષા લેવાની પ્રબળ ભાવના જાગૃત થઈ. તેમણે ભગવાનની સમક્ષ પોતાના વિચાર રજૂ કર્યા. સ્વીકૃતિ મળવાથી ઘરે જઈને પોતાને આધીન વેપારીઓને બોલાવ્યા અને પોતાની ઈચ્છા એમની સામે રાખી. ૧૦૦૮ વેપારીઓએ પણ કાર્તિક શેઠ સાથે દીક્ષા લેવાનો નિર્ણય જાહેર કર્યો. બધાએ પોત પોતાના પુત્રોને કાર્યભાર સોંપ્યો અને દીક્ષાની તૈયારી કરી. કાર્તિક શેઠ સાથે મહોત્સવપૂર્વક બધા(૧૦૦૯) વૈરાગી આત્માઓ એક જ સમયે ભગવાનના સમવસરણમાં પહોંચ્યા. પોતાની વૈરાગ્ય ભાવનાના બે શબ્દ કાર્તિક શેઠે સભા સહિત ભગવાનની સમક્ષ રજૂ કર્યા. પછી વેશ પરિવર્તન કરીને ફરી સભામાં આવ્યા. ભગવાન મુનિસુવ્રત સ્વામીએ બધાને એક સાથે દીક્ષા પાઠ ભણાવ્યો. એમને શિક્ષા દીક્ષા આપી; મહાવ્રત, સમિતિ, ગુપ્તિ સમાચારીનું જ્ઞાન આપ્યું. આ પ્રકારે તે બધા શ્રેષ્ઠી સાધુ બની ગયા.

સ્થવિરોની પાસે એમણે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. સૌએ તપ સંયમથી પોતાના આત્માને ભાવિત કર્યો.

કાર્તિક મુનિએ સામાયિક વગેરે ૧૪ પૂર્વોનો અભ્યાસ કર્યો. ૧૨ વર્ષ દીક્ષાપર્યાયનું પાલન કરી એક મહિનાના સંથારાથી આયુષ્ય પૂરુ કર્યું અને પહેલા દેવલોકમાં ઈન્દ્ર રૂપે ઉત્પન્ન થયા. બાકીના સાધુઓ પણ સંયમારાધના કરીને એ જ પહેલા દેવલોકમાં ઉત્પન્ન થયા.

ગંગદત્ત શેઠ કાર્તિક શેઠના પૂર્વવર્તી હસ્તીનાપુરના શેઠ હતા. એમણે કાર્તિક શેઠના પ્રમુખ વેપારી બન્યા પછી મુનિસુવ્રત સ્વામીની પાસે દીક્ષા અંગીકાર કરી હતી અને આરાધના કરીને સાતમા દેવલોકમાં ઉત્પન્ન થયા હતા. વેપારી જીવનમાં ગંગદત્ત શેઠથી કાર્તિકશેઠ આગળ રહ્યા હશે. એના કારણે શક્રેન્દ્રની ગંગદત્ત દેવથી સમક્ષ મળવાની અસહ્યતા શતક ૧૬ ના પાંચમા ઉદ્દેશકમાં બતાવી છે. અર્થાત્ ગંગદત્ત દેવ સમવસરણમાં આવી રહ્યા છે તેમ શક્રેન્દ્રને ખબર પડી કે તરત જ પાછા જતા રહ્યા, ભગવાનની સેવામાં રોકાયા નહીં.

આ વર્ણનમાં આશ્રિત સાથી વેપારીઓના એક સાથે દીક્ષા લેવાનો આદર્શ

ઉપસ્થિત કરાવાયો છે. તેઓએ વાસ્તવમાં ખરો સાથ નિભાવ્યો હતો. તેથી તેઓ દેવલોકમાં પણ સાથે જ રહ્યા.

## ઉદ્દેશક : ૩

(૧) કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યાવાળા પૃથ્વી,પાણી, વનસ્પતિના જીવ મનુષ્ય ભવ કરીને મુક્ત થઈ શકે છે.

અણગારના ચરમ નિર્જરા પુદ્‌ગલ અત્યંત સૂક્ષ્મ હોય છે. તે સર્વ લોકમાં ફેલાય છે. એ પુદ્‌ગલોને જાણવા, જોવા, આહાર કરવા સંબંધી વર્ણન પ્રજ્ઞાપના પદ ૧૫ થી જાણવું.

(૨) પ્રયોગબંધ અને વિશ્રસાબંધને દ્રવ્યબંધ કહેવાય છે અને આઠ કર્મની ૧૪૮ (૧૨૦) પ્રકૃતિના બંધને ભાવબંધ કહેવાય છે.

પ્રયોગબંધ શિથિલ અને ગાઢ બે રીતના છે. વિશ્રસાબંધ આદિ અને અનાદિ બે પ્રકારના છે. ભાવબંધ પણ મૂળ પ્રકૃતિ અને ઉત્તર પ્રકૃતિ એમ બે પ્રકારના છે.

(૩) ભૂતકાળમાં જીવે કર્મ બંધ કર્યો, વર્તમાનમાં કરે છે. ભવિષ્યમાં કરશે. એમાં દરેક વખતે વિભિન્નતા હોય છે અર્થાત્ અંતર હોય છે. કારણકે ગતિ પરિણમન બધામાં અંતર આવતું રહે છે. પાપક્રિયા કરવામાં પણ દ્રવ્ય ભાવમાં અંતર થાય છે અને બંધમાં પણ અંતર થાય છે. (૨૪ દંડકમાં સમજી લેવુ.)

(૪) નિર્જરિત થયેલ પુદ્‌ગલ આધાર રૂપ હોતા નથી, એના પર બેસવું વગેરે કોઈ કરી શકતા નથી. તેઓ સૂક્ષ્મ પરિણામમાં પરિણત થઈ જાય છે.

આ માકંદિય પુત્ર નામના અણગાર દ્વારા પૂછાયેલા પ્રશ્નોના ઉતરોના ભાવ છે.

**નોંધ :–** પ્રમાદવશ મૂળ પાઠમાં વચ્ચે વચ્ચે 'ગોયમા' લગાવી દીધુ છે. આ લિપિ દોષ છે. એને સુધારવો નહીં એ સંપાદકોની ભૂલ છે. આ સંપૂર્ણ ઉદ્દેશક માકંદિય પુત્ર અણગારના પ્રશ્નોનો છે. એટલે ભગવાન દ્વારા કહેવાયેલા જવાબોના સંબોધનમાં "માગંદિયપુત્તા" એવું જ સર્વત્ર હોવું જોઈએ.

## ઉદ્દેશક : ૪

(૧) અઢાર પાપ, પાંચ સ્થાવર અને બાદર કલેવર આ જીવના ઉપભોગમાં આવે છે. અઢાર પાપ વિરતિ, ત્રણ અરૂપી અસ્તિકાય, પરમાણુ, અશરીરી, જીવ અને શૈલેશી અવસ્થાના અણગાર એ કોઈના ઉપભોગમાં આવતા નથી.



(૨) ચાર કષાય સંબંધી વર્ણન પ્રજ્ઞાપના પદ ૧૪ના અનુસાર સમજવું જોઈએ.

**(૩) યુગ્મ(જુમ્મા) :–** (૧) ચારનો ભાગ આપવાથી જે રાશિમા કંઈ પણ બાકી રહે નહીં તે કૃતયુગ્મ(કડજુમ્મ) રાશિ કહેવાય છે. (૨) ચારનો ભાગ આપવાથી જે રાશિમા ત્રણ બાકી રહે તે તેઓગ(ત્રયોજ–તેઉગ) રાશિ કહેવાય છે. (૩,૪). આ પ્રકારે બે અથવા એક અવશેષ(બાકી) રહેવાવાળી રાશિ અનુક્રમે દાવર જુમ્મ (દ્વાપર યુગ્મ) અને કલ્યોજ(કલિઓગ) રાશિ કહેવાય છે.

નારકી, દેવતા, પંચેન્દ્રિય, તિર્યંચ અને મનુષ્ય જઘન્ય પદની અપેક્ષાએ કડજુમ્મ રાશિ હોય છે. ઉત્કૃષ્ટ પદની અપેક્ષાએ તેઓગ રાશિ હોય છે.

વિકલેન્દ્રિય, ચાર સ્થાવર, જઘન્ય પદે કડજુમ્મ રાશિ હોય છે અને ઉત્કૃષ્ટ પદમા દ્વાપર યુગ્મ(દાવર જુમ્મ) રાશિ હોય છે. મધ્યમ પદમાં, બધામાં ચારેય ભંગ હોય છે.

વનસ્પતિ અને સિદ્ધમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ પદ (સંખ્યા રૂપ) હોતા નથી. માત્ર મધ્યમ પદ હોય છે. કારણકે વનસ્પતિમાં અનંત કાળ સુધી ઓછા થતા જ રહેશે. અને સિદ્ધમાં વધતા જ રહેશે. એટલે મધ્યમ પદ જ હોય છે. એમા ચારેય જુમ્મા હોઈ શકે છે.

સ્ત્રીઓની સંખ્યા જઘન્ય અને ઉત્કૃષ્ટ પદમાં કડજુમ્મ હોય છે. મધ્મમાં ચારેય હોઈ શકે છે. દેવી તિર્યંચણી અને મનુષ્યાણીમાં પણ એમ જ જાણવુ.

જઘન્ય ઉંમરવાળા(વરા) અગ્નિકાયના જીવની ઉત્કૃષ્ટ જેટલી સંખ્યા હોય છે, એટલી જ ઉત્કૃષ્ટ ઉંમરવાળા(પરા) અગ્નિકાયના જીવોની પણ ઉત્કૃષ્ટ સંખ્યા હોય છે.

## ઉદ્દેશક : ૫

(૧) જેવી રીતે મનુષ્ય અલંકારોથી સજ્જ થવાથી સુંદર દેખાય છે, તેવી રીતે દેવ પણ અલંકારોથી સજ્જ થવાથી સુંદર દેખાય છે. વસ્ત્ર વિગેરેથી અસજ્જ મનુષ્ય સુંદર કે મનોજ્ઞ દેખાતો નથી તેવી રીતે જ દેવ પણ અસુંદર દેખાય છે.

(૨) બધા દંડકોમાં સમ્યક્ત્વમાં ઉત્પન્ન થનારા અથવા સમ્યગ્દષ્ટિ જીવ અલ્પ– કર્મી, હળુકર્મી હોય છે; મિથ્યાદષ્ટિ મહાકર્મી, ભારેકર્મી હોય છે. સમ્યગ્– દષ્ટિનો નવો બંધ પણ અત્યલ્પ જ હોય છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય જીવોને એની અપેક્ષાથી લગભગ સમકર્મી કહ્યા છે.

(૩) મરણના ચરમ સમયમાં પણ જીવ એ ભવના આયુષ્યને ભોગવે છે. આગળના ભવના આયુષ્યની સામે હોય છે પણ એને ભોગવતો નથી.

(૪) સમ્યગ્દષ્ટિ જીવોની ઈચ્છિત વિકુર્વણા થાય છે. મિથ્યાદષ્ટિઓની સંકલ્પથી વિપરીત વિકુર્વણા પણ થઈ જાય છે.

## ઉદ્દેશક : ૬

(૧) પ્રત્યેક પુદ્ગલ સ્કંધમાં વ્યવહારિક નયથી વર્ણાદિ એક એક હોય છે. નિશ્ચય નયથી વર્ણાદિ ૨૦ બોલ હોય છે. જેમ કે– વ્યવહાર નયથી ગોળ પીળો, સુગંધી, મીઠો વગેરે હોય છે. પરંતુ નિશ્ચયનયથી એમા ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ હોય છે.

આ પ્રમાણે જોવા અને અનુભવમાં આવનારી બધી વસ્તુઓમાં વ્યવહાર નયથી અથવા મુખ્યતાથી ૧ – ૧ અને નિશ્ચય નયથી બધા વર્ણાદિ છે. એમ સમજવું જોઈએ. જેમ કે– હળદર પીળી છે, કાગડો કાળો છે, શંખ સફેદ છે. લીમડો કડવો છે. મયૂરકંઠ લીલો છે વગેરે. રાખ વ્યવહારથી ઢક્ષ છે, તોપણ એમા આઠ સ્પર્શ છે.

| | | | |
|---|---|---|---|
| (૨) એક પરમાણુમાં | – | ૧ + ૧ + ૧ +૨ = ૫ | વર્ણાદિ હોય છે. |
| એક દ્વિ પ્રદેશીમાં | – | ઉત્કૃષ્ટ ૨ + ૨ + ૨ +૪ = ૧૦ | વર્ણાદિ હોય છે. |
| એક ત્રણ પ્રદેશીમાં | – | ઉત્કૃષ્ટ ૩ + ૨ + ૩ +૪ = ૧૨ | વર્ણાદિ હોય છે. |
| એક ચાર પ્રદેશીમાં | – | ઉત્કૃષ્ટ ૪ + ૨ + ૪ +૪ = ૧૪ | વર્ણાદિ હોય છે. |
| એક પાંચ પ્રદેશીમાં | – | ઉત્કૃષ્ટ ૫ + ૨ + ૫ +૪ = ૧૬ | વર્ણાદિ હોય છે. |

આ પ્રકારે અસંખ્ય પ્રદેશી સુધી ૧૬ વર્ણાદિ હોય છે. સૂક્ષ્મ પરિણત અનંત પ્રદેશીમાં પણ ૧૬ વર્ણાદિ હોય છે. બાદર અનંત પ્રદેશીમાં ૨૦ વર્ણાદિ હોય છે.

## ઉદ્દેશક : ૭

(૧) કેવળી યક્ષાવિષ્ટ હોતા નથી.

(૨) ઉપધિના ત્રણ પ્રકાર –(૧) કર્મોપધિ (૨) શરીરોપધિ (૩) બાહ્યોપકરણ ઉપધિ. એકેન્દ્રિય અને નારકીને બે ઉપધિ છે. બાહ્યોપકરણ નથી. બાકી બધા દંડકમા ત્રણે ઉપધિ છે.

સચિત્ત અચિત્ત મિશ્રની અપેક્ષાએ બધામાં ત્રણે ઉપધિ છે. નારકીમાં સચિત = શરીર, અચિત = ઉત્પતિ સ્થાન અને મિશ્ર = ✓ાસોચ્છવાસ વગેરે છે.



(૩) ઉપધિની જેમ પરિગ્રહમાં પણ આ જ ત્રણ–ત્રણ ભેદ સમજવા.

(૪) પ્રણિધાન = સ્થિર યોગ. સુપ્રણિધાન અને દુષ્પ્રણિધાન એમ બે ભેદ છે. બન્નેના ફરી મન, વચન, કાયા એમ ત્રણ ભેદ છે. જે દંડકમાં જેટલા યોગ છે, એટલા પ્રણિધાન સમજી લેવા.

**(૫) મદ્દુક શ્રાવક :–** રાજગૃહી નગરીની બહાર ગુણશીલ ઉદ્યાનમાં ભગવાન મહાવીર સ્વામી બિરાજમાન હતા. 'મદ્દુક' શ્રાવક દર્શન કરવા માટે ઘરેથી પગે ચાલીને જ નીકળ્યા. વચ્ચે અન્ય તીર્થિકોના નિવાસ સ્થાન આશ્રમની પાસેથી જઈ રહ્યા હતા, ત્યારે કેટલાક સંન્યાસી એમની પાસે આવ્યા અને પૂછવા લાગ્યા કે તમારા ભગવાન પંચાસ્તિકાય બતાવે છે ? તમે એને જાણો જુઓ છો તો અમને પણ બતાવો કે તેઓ ક્યાં છે ? અમે પણ જોઈએ.

**પ્રત્યક્ષ જોવાનું : તર્ક અને સમાધાન :–** મદ્દુકે કહ્યું – કેટલીક વસ્તુઓના કાર્યથી જ એનું અસ્તિત્વ જાણી અને જોઈ શકાય છે. બધી વસ્તુઓ પ્રત્યક્ષ જોઈ શકાતી નથી. અન્યતીર્થિક સંન્યાસી આક્ષેપપૂર્વક કહેવા લાગ્યા કે અરે ! તમે પણ કેવા શ્રાવક છો કે જાણતા નથી, જોતા નથી તો પણ માનો છો ?

મદ્દુક શ્રાવકે જવાબમાં અનેક પ્રશ્ન ઉભા કરી દીધા. પવન વાય છે એને તમે જુઓ છો ? સુગંધ આવી રહી છે. એને જુઓ છો ? (મારા શબ્દ સાંભળી રહ્યા છો એને જુઓ છો ?) અરણીકાષ્ટમાં અગ્નિ છે એને જુઓ છો ? સમુદ્રની પેલી પાર પણ જમીન છે, એને જુઓ છો ? દેવલોક પણ છે. એને જુઓ છો ? બધા પ્રશ્નોના જવાબ નિશ્ચિત છે કે "જોઈ શક્તા નથી".

મદ્દુકે એમને સમજાવ્યું કે હે આયુષ્યમાન્ ! એવુ કરશો તો પૃથ્વીના કેટલાય પદાર્થોનો અભાવ થઈ જશે અર્થાત્ એ બધાનો નિષેધ કરવો પડશે. એટલે કેટલીક વસ્તુઓને હું, તમે અથવા છદ્મસ્થ મનુષ્ય જોઈ શક્તા નથી. તો પણ એના ગુણ, ધર્મ, કાર્યથી તે પદાર્થના અસ્તિત્વનો સ્વીકાર કરવો જોઈએ. એ પ્રમાણે અન્યતીર્થિકોના આક્ષેપનું સમાધાન કરી એમને નિઢત્તર કર્યા અને ભગવાનની સેવામાં પહોંચ્યા, વંદન નમસ્કાર કરી પર્યુપાસના કરવા લાગ્યા.

**સિદ્ધાંતનું જ્ઞાન આવશ્યક :–** ભગવાને પરિષદની સમક્ષ એના સાચા જવાબ આપવાની પ્રશંસા કરી અને કહ્યું કે જે જાણ્યા વગર, અજ્ઞાનવશ, ખોટુ પ્રરૂપણ વગેરે કરે છે તેઓ કેવલજ્ઞાની અને ધર્મની આશાતના કરે છે. ભાવાર્થ એ છે કે શ્રમણ હોય કે શ્રમણોપાસક, એમણે યથાસમયે પોતાના ધર્મ સિદ્ધાંતોનું જ્ઞાન

તેમજ એનો અર્થ, પરમાર્થ, હેતુ, પ્રશ્ન, ઉત્તર સહિત પ્રાપ્ત કરવા જોઈએ. પોતાને મળેલા સમયનો સદુપયોગ કરી શાસ્ત્રાભ્યાસમાં અવશ્ય સમય આપવો જોઈએ.

શાસ્ત્રાભ્યાસ નહીં વધારનારા પોતાના ધર્મની સ્થિરતાના પૂર્ણ રક્ષક પણ થઈ શકતા નથી અને સમય સમય પર સિદ્ધાંત વિપરીત પ્રરૂપણ ચિંતન કરનારા પણ બની શકે છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનના ૧૯મા પ્રશ્નના ઉત્તરમાં પણ આ જ ભાવ બતાવ્યો છે અને પ્રસ્તુત પ્રકરણમાં ભગવાને મદ્રુકની પ્રશંસા પછી આ ભાવ પ્રગટ કર્યો છે.

**મદ્રુક શ્રાવકનું ભવિષ્ય :–** ગૌતમ સ્વામીના પૂછવાથી ભગવાને કહ્યું કે આ મદ્રુક શ્રાવક, શ્રાવકપર્યાયની આરાધના કરી પ્રથમ દેવલોકના અઢણાભ વિમાનમાં ઉત્પન્ન થશે. ત્યાંથી મહાવિદેહક્ષેત્રમાં એક ભવ કરી મુક્ત થશે.

(૬) કોઈ વ્યક્તિ હજાર રૂપ બનાવી યુદ્ધ કરે છે તો પણ એ બધા રૂપોમાં એક જ જીવ હોય છે અને એની વચ્ચે આત્મ પ્રદેશ પણ સંબંધિત હોય છે.

(૭) અસુરો અને દેવોના યુદ્ધ થાય તો વૈમાનિક દેવ જે પણ તણખલા, પાન, લાકડીને સ્પર્શ કરે તે બધા શસ્ત્ર રૂપમાં પરિણત થઈ જાય છે. પરંતુ અસુર–કુમારોને તો શસ્ત્રોની વિકુર્વણા કરવી પડે છે.

(૮) કોઈપણ મહર્દ્ધિક દેવ કોઈપણ દ્વીપ સમુદ્રની તરત જ પરિક્રમા લગાવીને આવી શકે છે. જંબુદ્વીપથી રુચકવરદ્વીપ સુધી એમ જાણવુ. આગળના દ્વીપ સમુદ્રોમાં જઈ શકે છે અને આવી શકે છે. પરંતુ પ્રયોજનના ભાવ હોવાથી પરિક્રમા લગાવતા નથી.

**(૯) દેવ પુણ્ય ક્ષયનો અનુપાત :–** જેટલા પુણ્યાંશને વ્યંતર દેવ ૧૦૦ વર્ષમાં ક્ષય કરે છે, નવવિકાયના દેવ–૨૦૦ વર્ષમાં, અસુરકુમાર–૩૦૦ વર્ષમાં ગ્રહ નક્ષત્ર તારા વિગેરે જ્યોતિષી–૪૦૦ વર્ષમાં, સૂર્ય ચંદ્ર ૫૦૦ વર્ષમાં, પહેલા બીજા દેવલોકના દેવ–૧૦૦૦ વર્ષમાં, ત્રીજા ચોથા દેવલોકના દેવ ૨૦૦૦ વર્ષમાં, પાંચમા છઠ્ઠા દેવલોકના દેવ ૩૦૦૦ વર્ષમાં, સાતમા આઠમા દેવલોકના દેવ ૪૦૦૦ વર્ષમાં, નવથી બારમા દેવલોકમાં ૫૦૦૦ વર્ષમાં, પહેલા ગ્રૈવેયક ત્રિકના દેવ લાખ વર્ષમાં, બીજા ગ્રૈવેયક ત્રિકના દેવ બે લાખ વર્ષમાં, ત્રીજા ગ્રૈવેયક ત્રિકના દેવ ત્રણ લાખ વર્ષમાં, ચાર અણુતર વિમાનના દેવ ચાર લાખ વર્ષમાં અને સર્વાર્થ સિદ્ધના દેવ પાંચ લાખ વર્ષમાં એટલા પુણ્યાંશ ક્ષય કરે છે.



## ઉદ્દેશક : ૮

(૧) અકષાયી છદ્મસ્થ શ્રમણ ઉપયોગપૂર્વક ચાલતા હોય તો પણ ક્યારેક કૂકડાના નાના બચ્ચા, બતકના નાના બચ્ચા, જેવા નાના બચ્ચા અચાનક ઉડીને, કૂદીને પગ નીચે આવી શકે છે. એમા એમની ભૂલ નથી હોતી. પરંતુ એ બચ્ચા જ પોતે અચાનક આવી જાય છે. કેવળીના એવા અનાયાસ પ્રસંગ હોતા નથી. એ કષાય રહિત શ્રમણને ઈરિયાવહિ ક્રિયા જ લાગે છે. સાંપરાયિક ક્રિયા લાગતી નથી.

(૨) જે પણ શ્રમણ જોઈને વિશેષ ધ્યાનપૂર્વક ગમનાગમન કરે છે તે સંયત, વિરત અને પંડિત છે અને જે કોઈ શ્રમણ અથવા અન્યતીર્થિક જોયા વગર અથવા બરાબર ધ્યાન રાખ્યા વગર ગમનાગમન વિગેરે ક્રિયા કરે છે તે અસંયત વિગેરે અને બાલ હોય છે.

રાજગૃહી નગરીમાં શ્રમણોના રહેવાના બગીચાની પાસે જ અન્ય–તીર્થિકોનો આશ્રમ આવેલો હતો. એટલે તે અન્યતીર્થિક રસ્તે ચાલતા શ્રમણ, શ્રમણોપાસક સાથે પણ ચર્ચા કરી લેતા હતા અને ક્યારેક બગીચામાં આવીને પણ પ્રશ્નોત્તર અથવા આક્ષેપાત્મક ચર્ચા કરી લેતા હતા. પ્રસ્તુત વિષય નં.૨. બગીચામાં આવી ગૌતમ સ્વામીની સાથે આક્ષેપાત્મક ચર્ચા નો સાર છે. અહી પણ ભગવાને ગૌતમ સ્વામીની પ્રશંસા કરી. સાતમા ઉદ્દેશકમાં મદ્રુક સાથેની ચર્ચા પણ આ નગરીની છે.

(૩) પરમાણુ વિગેરેને પરમાવધિજ્ઞાની, કેવલી જાણી જોઈ શકે છે. સામાન્ય અવધિજ્ઞાની વિગેરે અનંત પ્રદેશીને જાણી જોઈ શકે છે. મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની પરમાણુ વિગેરે બધાને જાણી શકે છે પરંતુ જોઈ શક્તા નથી, બાદર સ્કંધોને જોઈ શકે છે.

જાણવું અને જોવું એક સમયમાં થતું નથી. કેવળીના અનંતર સમયમાં થાય છે. બાકીના બધા અનંતર અંતર્મુહૂર્તથી જુએ છે.

## ઉદ્દેશક : ૯

(૧) જે જીવે જ્યાંનો આયુષ્ય બંધ કરી લીધો હોય ત્યારે તે એનો ભવી દ્રવ્ય કહેવાય છે. આ રીતે ભવી દ્રવ્ય નારકી પણ હોય છે. ***યાવત્*** ભવી દ્રવ્ય વૈમાનિક પણ હોય છે. ભવી દ્રવ્ય નારકી વિગેરે કોણ હોઈ શકે અને એમની ઉંમર કેટલી હોય છે તે ચાર્ટથી જાણો.

| નામ | ભવી દ્રવ્ય | સ્થિતિ | |
|---|---|---|---|
| | | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| ભવી દ્રવ્ય નારકી | સન્ની, અસન્ની તિર્યંચ અને સન્ની મનુષ્ય | અંતર્મુહૂર્ત | કરોડ પૂર્વ |
| ભવી દ્રવ્ય દેવ | સન્ની, અસન્ની તિર્યંચ અને સન્ની મનુષ્ય | અંતર્મુહૂર્ત | ૩ પળ |
| ભવી દ્રવ્ય, પૃથ્વી પાણી વનસ્પતિ | ૨૩ દંડક | અંતર્મુહૂર્ત | સાધિક બે સાગર |
| ભવી દ્રવ્ય, તેઉ વાયુ વિકલેન્દ્રિય | ૧૦ દંડક | અંતર્મુહૂર્ત | કરોડ પૂર્વ |
| ભવી દ્રવ્ય તિર્યંચ પંચેન્દ્રિય | ૨૪ દંડક | અંતર્મુહૂર્ત | ૩૩ સાગર |
| ભવી દ્રવ્ય મનુષ્ય | ૨૨ દંડક | અંતર્મુહૂર્ત | ૩૩ સાગર |

## ઉદ્દેશક : ૧૦

(૧) ભાવિતાત્મા અણગાર વૈક્રિય લબ્ધિના સામર્થ્યથી તલવારની ધાર પર ચાલે, અગ્નિમાંથી નીકળે; પુષ્કળ સંવર્તક મેઘમાંથી પસાર થાય તો ભીંજાય નહીં; ગંગા નદીના પુરમાં સામે ચાલે તો પણ કોઈ પ્રકારની બાધા ન આવે.

(૨) નાની વસ્તુ મોટી વસ્તુથી વ્યાપ્ત (સ્પર્શિત) હોય છે. એટલે પરમાણુ વિગેરે વાયુકાયથી વ્યાપ્ત હોય છે. મશકની ચોતરફ વાયુ હોય છે. એટલે તે પણ વાયુથી વ્યાપ્ત હોય છે.

(૩) નરક અને દેવલોકમાં તથા એની બહાર અર્થાત્ લોકમાં સર્વત્ર વર્ણાદિ ૨૦ બોલવાળા પુદ્ગલ ભરેલા છે.

**(૪) સોમિલ બ્રાહ્મણ :–** વાણિજ્યગ્રામ નામના નગરમાં સોમિલ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તે ચાર વેદ વિગેરે બ્રાહ્મણ મતના સિદ્ધાંતોમાં નિષ્ણાત હતો. એના શિષ્યો પણ હતા. તે ધનિક હતો. સુખપૂર્વક કુટુંબનું સ્વામિત્વ નિર્વાહ કરી રહ્યો હતો.

એકવાર એણે જાણ્યું કે ભગવાન મહાવીર સ્વામી નગરની બહાર દ્યુતિપલાસ બગીચામાં પધાર્યા છે. ત્યારે એને મનમાં ને મનમાં એવો વિચાર આવ્યો કે હું પણ જઉ અને કેટલાક પ્રશ્ન પૂછું. જો તેઓ મારા પ્રશ્નના ઉત્તર આપી



શકે તો હુ એમને વંદના, નમસ્કાર કરીને પર્યુપાસના કરીશ. જો ઉત્તર નહીં આપી શકે તો હું એમને પ્રશ્નો દ્વારા નિરુત્તર કરીશ. એમ વિચારી તે બગીચામાં પહોંચ્યો અને પ્રશ્નોનો પ્રારંભ કર્યો.

સોમિલ :– હે ભંતે ! આપની યાત્રા, યાપનીય, અવ્યાબાધ (બાધારહિત) અને પ્રાસુક (કલ્પનીય) વિહાર છે ?

ભગવાન :– હે સોમિલ ! તપ, સંયમ, નિયમ, સ્વાધ્યાય, ધ્યાન વગેરે યોગ, યતના પ્રવૃત્તિ અમારી યાત્રા (સંયમયાત્રા) છે. પાંચ ઈન્દ્રિય અને કષાયને વિવેકપૂર્વક સ્વવશ નિયંત્રણમાં રાખવું એ અમારો યાપનીય છે. વાત, પિત, કફ જન્ય શારીરિક રોગ આતંક મારા ઉપશાંત છે. આ મારા અવ્યાબાધ(સુખ) છે. આરામ, ઉદ્યાન, સભા, પરબ, દેવસ્થાન વગેરે સ્ત્રી, પશુ, પંડક રહિત શય્યા સંસ્તારક ગ્રહણ કરી રહેવું આ અમારા પ્રાસુક વિહાર છે.

સોમિલ :– 'સરિસવ' ભક્ષ્ય છે કે અભક્ષ્ય ?

ભગવાન :– સોમિલ ! સરિસવ ભક્ષ્ય પણ છે, અભક્ષ્ય પણ છે. બ્રાહ્મણ મતમાં સરિસવ બે પ્રકારના કહ્યા છે– (૧) મિત્ર સરિસવ(સરખા) (૨) ધાન્ય સરિસવ (સરસવ). સાથે જન્મયા, સાથે રમ્યા અને સાથે મોટા થયા તે સરખા મિત્રરૂપ 'સરિસવ' અભક્ષ્ય હોય છે. ધાન્ય સરિસવ (સરસવ) અચિત હોય, એષણા નિયમોથી યુક્ત હોય, યાચિત હોય અને પ્રાપ્ત હોય તો શ્રમણ નિર્ગ્રંથને ભક્ષ્ય =ખાવા યોગ્ય છે. પરંતુ જે સચિત હોય, અનેષણીય હોય, અયાચિત અથવા અપ્રાપ્ત હોય તે સરિસવ ધાન (સરસવ) અભક્ષ્ય = શ્રમણ નિર્ગ્રન્થને ખાવા માટે અયોગ્ય છે.

સોમિલ :– 'માસ' ભક્ષ્ય છે યા અભક્ષ્ય ?

ભગવાન :– બ્રાહ્મણ મતમાં 'માસ' બે પ્રકારના કહ્યા છે. એમાથી શ્રાવણ વિગેરે અષાઢ સુધીના માસ અભક્ષ્ય છે. સોના ચાંદીના માપ કરવાનું માસ અભક્ષ્ય છે. ધાન્ય માસ(અડદ) અચિત્ત એષણીય, યાચિત, પ્રદત્ત હોય તો શ્રમણોને ભક્ષ્ય છે અને સચિત્ત, અનેષણીય, અયાચિત, અપ્રાપ્ત હોય તો અભક્ષ્ય છે.

સોમિલ :– "કુલત્થા" અભક્ષ્ય છે યા ભક્ષ્ય ?

ભગવાન :– બ્રાહ્મણ મતે 'કુલત્થા' બે પ્રકારના કહ્યા છે. એમાંથી કુલવાન સ્ત્રી 'કુલત્થા' છે. તે અભક્ષ્ય છે. ધાન્ય કુલત્થા અગર અચિત્ત, એષણીય, યાચિત અને પ્રદત્ત, હોય તો શ્રમણોને ભક્ષ્ય છે અન્યથા અભક્ષ્ય હોય છે.

વિવેક પૂર્ણ યથાર્થ ઉત્તર સાંભળી સોમિલ નમી પડયો. બોધ પ્રાપ્ત કરી એણે બાર શ્રાવક વ્રત સ્વીકાર કર્યા, અનેક વર્ષ વ્રતારાધન કરી, સદ્ગતિ પ્રાપ્ત કરી એક ભવાવતારી બન્યા. મહાવિદેહથી મોક્ષે જશે.

**નોંધ :–** સોમિલના પ્રશ્ન જિજ્ઞાસા માટે નહીં પરંતુ પરીક્ષા મૂલક હતા.

**॥ શતક ૧૮/૧૦ સંપૂર્ણ ॥**

## શતક–૧૯ : ઉદ્દેશક–૧–૩

(૧) લેશ્યા વર્ણન પ્રજ્ઞાપનાના સત્તરમાં અધ્યાયના ચોથા ઉદ્દેશક વિગેરેની સમાન જાણવા. ગર્ભગત જીવની લેશ્યા વર્ણન પણ એમાથી જાણવું.

(૨) કેટલીક વનસ્પતિના જીવ જ સાધારણ શરીર બનાવે છે. તે પણ અનંત જીવ મળીને જ બનાવે છે. અસંખ્ય અથવા ૪, ૫ મળીને બનાતા નથી. બાકી ૨૩ દંડકના જીવ અને પ્રત્યેક શરીર વનસ્પતિના જીવ પોતપોતાના વ્યક્તિગત શરીર બનાવે છે.

એ જીવોની લેશ્યા, દષ્ટિ, જ્ઞાન, યોગ ઉપયોગ, આહાર, સમુદઘાત, ગતિ, આગતિ, સ્થિતિ વગેરેનું વર્ણન જીવાભિગમ સૂત્ર પ્રથમ પ્રતિપત્તિ અનુસાર છે. જુઓ સારાંશ ખંડ–૬.

**(૩) અવગાહના ૪૪ બોલની :–** એકેન્દ્રિયના સંપૂર્ણ જીવના ભેદ ૨૨ કહેવાયા છે. (પ્રજ્ઞાપના સૂત્રના પહેલા પદમાં) એમની જઘન્ય અવગાહના અને ઉત્કૃષ્ટ અવગાહના એમ બે વિકલ્પ કરવાથી ૪૪ બોલ થાય છે. એ ૪૪ અવગાહઓના અલ્પ બહુત્વ આ પ્રમાણે છે.–

(૧) અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદની જઘન્ય અવગાહના = બધાથી નાની.
(૨) અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયની જઘન્ય અવગાહના = અસંખ્યગુણ છે.
(૩) અપર્યાપ્ત સૂક્ષ્મ અગ્નિકાયની જઘન્ય અવગાહના = અસંખ્યગુણ છે.
(૪) અપર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયની જઘન્ય અવગાહના = અસંખ્યગુણ છે.
(૫) અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયની જઘન્ય અવગાહના = અસંખ્યગુણ છે.
(૬) અપર્યાપ્ત બાદર વાયુકાયની જઘન્ય અવગાહના = અસંખ્યગુણ છે.
(૭) અપર્યાપ્ત બાદર અગ્નિકાયની જઘન્ય અવગાહના = અસંખ્યગુણ છે.
(૮) અપર્યાપ્ત બાદર અપ્કાયની જઘન્ય અવગાહના = અસંખ્યગુણ છે.
(૯) અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયની જઘન્ય અવગાહના = અસંખ્યગુણ છે.
(૧૦–૧૧) અપર્યાપ્ત પ્રત્યેક શરીરી વનસ્પતિની જઘન્ય અવગાહના અને અપર્યાપ્ત બાદર નિગોદની જઘન્ય અવગાહના = આપસમાં સરખી છે અને અસંખ્યગુણ છે.



(૧૨) પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદની જઘન્ય અવગાહના = અસંખ્યગુણ છે.
(૧૩) અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદની ઉત્કૃષ્ટ અવગાહના = વિશેષાધિક
(૧૪) પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદની ઉત્કૃષ્ટ અવગાહના = વિશેષાધિક
(૧૫) પર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાય જઘન્ય અવગાહના = અસંખ્યગુણ છે.
(૧૬) અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાય ઉત્કૃષ્ટ અવગાહના = વિશેષાધિક
(૧૭) પર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાય ઉત્કૃષ્ટ અવગાહના = વિશેષાધિક
(૧૮) પર્યાપ્ત સૂક્ષ્મ અગ્નિકાય જઘન્ય અવગાહના = અસંખ્યગુણ છે.

આ પ્રમાણે ૧૮, ૧૯, ૨૦ સૂક્ષ્મ અગ્નિકાયના; ૨૧, ૨૨, ૨૩ સૂક્ષ્મ અપ્કાયના; ૨૪, ૨૫, ૨૬ સૂક્ષ્મ પૃથ્વીકાયના; ૨૭, ૨૮, ૨૯ બાદર અપકાયના; ૩૦, ૩૧, ૩૨ બાદર અગ્નિકાયના; ૩૩, ૩૪, ૩૫ બાદર અપકાયના; ૩૬, ૩૭, ૩૮ બાદર પૃથ્વીકાયના; ૩૯, ૪૦, ૪૧ બાદર નિગોદના જીવોની અવગાહના છે. ૪૨, ૪૩, ૪૪ પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયના ત્રણ બોલ અસંખ્યગુણ કહેવા.

બધાથી વધારે અવગાહના પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિના પર્યાપ્તની ઉત્કૃષ્ટ અવગાહના ૧૦૦૦ યોજન સાધિક છે. બધાથી નાની સૂક્ષ્મ નિગોદના અપર્યાપ્તની જઘન્ય અવગાહના છે. બાકી બધા બોલોની ક્રમશઃ કંઈક અધિક અવગાહના છે. પ્રત્યેક શરીરી વનસ્પતિ અને બાદર નિગોદના અપર્યાપ્તની જઘન્ય અવગાહના એક સરખી છે.

**સમુચ્ચય બોલમાં**– પૃથ્વીથી પાણી સૂક્ષ્મ છે. પાણીથી અગ્નિ, અગ્નિથી વાયુ, વાયુથી વનસ્પતિ સૂક્ષ્મ છે.

**સમુચ્ચય બોલમાં –** વાયુથી અગ્નિ મોટો છે. અગ્નિથી પાણી, પાણીથી પૃથ્વી અને પૃથ્વીથી વનસ્પતિ મોટી છે.

ચાર સ્થાવરની જઘન્ય, ઉત્કૃષ્ટ બધી અવગાહનાઓ અંગુલના અસંખ્યાતમા ભાગની છે. અર્થાત્ ઉપરના ૪૩ બોલોમાં અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની જ છે. કેવળ ૪૪મા બોલમાં ઉત્કૃષ્ટ એક હજાર યોજન સાધિક છે.

(૪) ઉપરના ૪૪ બોલોમાં બાદર પૃથ્વીકાયનો નવમો નંબર છે. અર્થાત્ આઠ વાર અસંખ્ય ગુણા કરે એટલી અવગાહના છે. તો પણ ચક્રવર્તીની યુવાન સ્વસ્થ દાસી વજ્રમય શિલા અને શિલાપુત્રક(લોઢા)થી લાખના ગોળા જેટલી પૃથ્વી–કાયને ૨૧ વખત પીસે તો કેટલાક જીવ મરે છે અને કેટલાક મરતા નથી, કેટલાક સંઘર્ષને પ્રાપ્ત થાય છે, કેટલાકને સંઘર્ષ નથી થતો, કેટલાકને સ્પર્શ માત્ર પણ

થતો નથી. એ પ્રમાણે કેટલાક પીસાઈ જાય છે, કેટલાક પીસાઈ જતા નથી. એવી નાની પૃથ્વીકાયની અવગાહના હોય છે.

(૫) કોઈ યુવાન, સ્વસ્થ પુરુષ; વૃદ્ધ, અશક્ત પુરુષના માથા પર જોર જોરથી પ્રહાર કરે અને જેવી વેદના એને થાય એનાથી પણ ખરાબ વેદના પૃથ્વીકાય જીવોને સ્પર્શ માત્રથી થાય છે. એ પ્રમાણે બધા એકેન્દ્રિય જીવોને સ્પર્શ માત્રથી વેદના થાય એમ સમજી લેવું.

## ઉદ્દેશક : ૪

(૧) આશ્રવ, ક્રિયા, વેદના, નિર્જરા આ ચારેયના **મહા** અને અલ્પ વિશેષણ લાગવાથી ૧૬ ભંગ બને છે. પહેલો ભંગ મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, મહા–નિર્જરાથી બને છે. બીજો ભંગ – મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, અલ્પ નિર્જરાથી બને છે. એમ ક્રમશઃ ભંગ વિધિથી ૧૬મો ભંગ – અલ્પાશ્રવ, અલ્પક્રિયા, અલ્પ–વેદના, અલ્પનિર્જરાથી બને છે. આ સોળ ભંગમાથી નારકીમાં કેવળ એક બીજો ભંગ જ હોય છે. બાકીના ભંગ ત્યાં મળતા નથી.

દેવોમાં ચોથો ભંગ અલ્પ વેદના, અલ્પ નિર્જરાવાળા જ હોય છે. ઔદારિકના દશ દંડકોમાં ૧૬ ભંગ મળી શકે છે.

## ઉદ્દેશક : ૫

(૧) ચરમ નૈરયિક = અલ્પાયુવાળા, પરમ નૈરયિક = અધિક આયુષ્યવાળા. નારકીમાં વધારે ઉંમરવાળા ભારે કર્મી હોય છે અને દેવતામાં વધારે ઉંમરવાળા હળુકર્મી હોય છે અને ઓછી ઉંમરવાળા ભારે કર્મી હોય છે. તે તરત મનુષ્ય તિર્યંચમાં જનારા હોય છે, એટલે ભારે કર્મી કહેવાય છે. ઔદારિકના ૧૦ દંડક નરક સરખા જાણવા.

(૨) વ્યક્ત વેદના. અવ્યક્ત વેદનાનું વર્ણન પ્રજ્ઞાપના સૂત્રથી જાણવુ. સન્નીની નિદા વેદના હોય છે. અસન્નીની અનિદા(અવ્યક્ત) વેદના હોય છે.

## ઉદ્દેશક : ૬–૧૦

(૧) દ્વીપ સમુદ્રોનું વર્ણન જીવાભિગમ સૂત્રથી જાણવું.

(૨) જ્યોતિષી દેવોના વિમાન સર્વસ્ફટિક રત્નમય છે. બાકીના ત્રણ જાતિના દેવોના ભવન, વિમાન, નગર, સર્વ રત્નમય છે. શા✓ત છે. એમાં જીવ પુદ્ગલોનો પોતાની મેળે(સ્વતઃ) ચય અને ઉપચય થતો રહે છે.



(૩) જીવ નિર્વૃત્તિ = જીવ દ્વારા ઉત્પાદિત ભાવ અનેક વિધ છે. જે જીવના ભેદ રૂપથી મૂળ એકેન્દ્રિય વગેરે પાંચ અને ઉત્કૃષ્ટ ૫૬૩ ભેદ છે.

કર્મરૂપથી નિર્વૃત્તિ મૂળ ૮, ઉત્તર ૧૪૮ ***યાવત્*** અસંખ્ય પ્રકારની હોય છે. ૨૪ દંડકમાં યથા યોગ્ય જાણવું. શરીર ૫, ઈન્દ્રિય ૫, ભાષા ૪, મન ૪, કષાય ૪, વર્ણાદિ ૨૦, સંસ્થાન ૬, સંજ્ઞા ૪, લેશ્યા ૬, દષ્ટિ ૩, જ્ઞાન અજ્ઞાન ૮, યોગ ૩, ઉપયોગ ૨, આ બધા જીવ નિર્વૃત્તિ ૨૪ દંડકમાં યથાયોગ્ય જાણવું.

**(૪) કરણ :–** દ્રવ્યાદિની અપેક્ષાએ કરણના ૫ પ્રકાર છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવકરણ. કરણ=ક્રિયાનો પ્રારંભ. નિર્વૃત્તિ = નિષ્પત્તિ.

શરીર ૫, ઈન્દ્રિય ૫, ભાષા ૪, મન ૪, કષાય ૪, સમુદ્દઘાત ૭, સંજ્ઞા ૪, લેશ્યા ૬, દષ્ટિ ૩, વેદ ૩, હિંસા ૫(એકેન્દ્રિય વિગેરેની), ૨૫ વર્ણાદિ. આ કરણ કહેવાય છે. આ કરણોમાં પૌદ્ગલિક સંયોગની નિયમા અને નિર્વૃત્તિમાં જીવ સંયોગની નિયમા હોય છે. પુદ્ગલ સંયોગની ભજના થાય છે. અર્થાત્ કેટલાકમાં હોય છે, કેટલાકમાં હોતી નથી. ચોવીસ દંડકમાં કરણ યથાયોગ્ય કહેવા જોઈએ. જીવ અને કર્મના ભેદ સિવાય નિર્વૃતિ ૭૪ કહી છે. કરણ ૭૭ કહ્યા છે.

(૫) વ્યંતર દેવોના સરખા આહાર વિગેરે વર્ણન ૧૬મા શતકના દ્વીપ કુમારના સરખા જાણવા.

**॥ શતક ૧૯/૧૦ સંપૂર્ણ ॥**

## શતક–૨૦ : ઉદ્દેશક–૧–૪

(૧) એકેન્દ્રિયાદિ આહાર કરતી વખતે રસ, સ્પર્શ વિગેરે પ્રતિસંવેદન કરે છે. પરંતુ એમને એ જ્ઞાન હોતુ નથી કે અમે આહાર કરી રહ્યા છીએ કે સારા નરસા રસ વિગેરેનુ સેવન કરી રહ્યા છીએ. પંચેન્દ્રિયમાં કેટલાકને આ સંજ્ઞા, પ્રજ્ઞાન, વચન હોય છે અને કેટલાકને હોતું નથી.

(૨) જેમની હિંસા કરવામાં આવે છે, એ જીવો મરી જતા હોવા છતાં એ જ્ઞાન હોતુ નથી કે અમે મરી જઈએ છીએ. સન્ની પંચેન્દ્રિયમાં કેટલાકને હોય છે અને કેટલાકને હોતું નથી.

**(૩) ધર્માસ્તિકાયના પર્યાય નામ :–** ધર્મ, ધર્માસ્તિકાય, પ્રાણાતિપાતાદિ વિરમણ, ક્રોધાદિ વિરમણ ***યાવત્*** મિથ્યાદર્શન વિરમણ, ઈર્યાસમિતિ આદિ, ગુપ્તિ આદિ, બીજા પણ આ પ્રકારના નામ છે.

**(૪) અધર્માસ્તિકાયના પર્યાય નામ :–** અધર્મ વગેરે ધર્મના પ્રતિપક્ષી.

**(૫) આકાશાસ્તિકાય પર્યાય નામ :–** આકાશ, ગગન, નભ, સમ, વિષમ, ખહ, વિહાયસ, વીચિ, વિવર, અંબર, અંબરસ, છિદ્ર, શુષિર, માર્ગ, વિમુખ, અર્દ, આધાર, વ્યોમ, ભાજન, અંતરિક્ષ, શ્યામ, અવકાશાંતર, અગમ, સ્ફટિક (સ્વચ્છ) અનંત.

**(૬) જીવાસ્તિકાયના પર્યાય નામ :–** જીવ, પ્રાણ, ભૂત, સત્વ, વિજ્ઞ, ચેતા, જેતા, આત્મા, રંગણ (રાગયુક્ત), હિંડુક, પુદ્ગલ, માનવ, કર્તા, વિકર્તા, જગત, જંતુ, યોનિ, સ્વયંભૂ, શરીરી, નાયક, અંતરાત્મા.

**(૭) પુદ્ગલાસ્તિકાયના પર્યાય નામ :–** પુદ્ગલ, પરમાણુ–પુદ્ગલ, દ્વિપ્રદેશી ***યાવત્*** અનંત પ્રદેશી, ઈત્યાદિ. આ બધા અભિવચન છે. પર્યાય નામ છે.

(૮) પાપ, પાપ ત્યાગ, બુદ્ધિ, જ્ઞાન, દષ્ટિ, ઉપયોગ, સંજ્ઞા, શરીર, યોગ વિગેરે. આ બધા આત્માના પરિણમન હોય છે. આત્મા સિવાય બીજે ક્યાંય એમનુ પરિણમન હોતુ નથી.

(૯) ઈન્દ્રિય ઉપચય વિગેરે પ્રજ્ઞાપના પદ ૧૫ થી જાણવા.

## ઉદ્દેશક : ૫

(૧) પરમાણુમાં બે સ્પર્શ ચાર પ્રકારે હોય છે– (૧)શીત-રૂક્ષ. (૨) શીત-સ્નિગ્ધ (૩) ઉષ્ણ-રૂક્ષ (૪) ઉષ્ણ-સ્નિગ્ધ. દ્વિપ્રદેશીમાં બે અથવા ત્રણ અથવા ચાર સ્પર્શ હોઈ શકે છે. સૂક્ષ્મ અનંત પ્રદેશી સ્કંધ સુધી ચાર સ્પર્શ આ પ્રકારના હોય છે. બાકી વર્ણાદિનુ વર્ણન શતક ૧૮, ઉદ્દેશક ૬ માં કર્યુ છે. ભંગ સંખ્યા આ પ્રકારે છે.

| | વર્ણના ભંગ | ગંધના ભંગ | રસના ભંગ | સ્પર્શના ભંગ | કુલ ભંગ |
|---|---|---|---|---|---|
| પરમાણુ | ૫ | ૨ | ૫ | ૪ | ૧૬ |
| દ્વિ પ્રદેશી | ૧૫ | ૩ | ૧૫ | ૯ | ૪૨ |
| ત્રણ પ્રદેશી | ૪૫ | ૫ | ૪૫ | ૨૫ | ૧૨૦ |
| ચાર પ્રદેશી | ૯૦ | ૬ | ૯૦ | ૩૬ | ૨૨૨ |
| પાંચ પ્રદેશી | ૧૪૧ | ૬ | ૧૪૧ | ૩૬ | ૩૨૪ |
| છ પ્રદેશી | ૧૮૬ | ૬ | ૧૮૬ | ૩૬ | ૪૧૪ |
| સાત પ્રદેશી | ૨૧૬ | ૬ | ૨૧૬ | ૩૬ | ૪૭૪ |



| | વર્ણના ભંગ | ગંધના ભંગ | રસના ભંગ | સ્પર્શના ભંગ | કુલ ભંગ |
|---|---|---|---|---|---|
| આઠ પ્રદેશી | ૨૩૧ | ૬ | ૨૩૧ | ૩૬ | ૫૦૪ |
| નવ પ્રદેશી | ૨૩૬ | ૬ | ૨૩૬ | ૩૬ | ૫૧૪ |
| દશ પ્રદેશી | ૨૩૭ | ૬ | ૨૩૭ | ૩૬ | ૫૧૬ |
| સંખ્યાત પ્રદેશી | ૨૩૭ | ૬ | ૨૩૭ | ૩૬ | ૫૧૬ |
| અસંખ્યાત પ્રદેશી | ૨૩૭ | ૬ | ૨૩૭ | ૩૬ | ૫૧૬ |
| સૂક્ષ્મ અનંત પ્રદેશી | ૨૩૭ | ૬ | ૨૩૭ | ૩૬ | ૫૧૬ |
| બાદર અનંત પ્રદેશી | ૨૩૭ | ૬ | ૨૩૭ | ૧૨૯૬ | ૧૭૭૬ |
| | | | | કુલ | ૬૪૭૦ |

**નોંધ :–** ભંગોનું સ્પષ્ટીકરણ પરિશિષ્ટ–ઉમાં જુઓ પૃષ્ટ–

(૨) એક પરમાણુ "દ્રવ્ય પરમાણુ" છે. એક આકાશ પ્રદેશ "ક્ષેત્ર પરમાણુ" છે. એક સમય "કાળ પરમાણુ" છે અને એક ગુણ કાળ વિગેરે "ભાવ પરમાણુ" છે.

પરમાણુના છેદન, ભેદન, દહન, ગ્રહણ હોતા નથી. સરખા અવયવ નહીં હોવાથી અર્ધા થતા નથી. વિષમ અવયવ નહીં હોવાથી મધ્ય નથી હોતા. અવયવ નહીં હોવાથી અપ્રદેશ કહેવાય છે. વિભાગ ન હોવાથી અવિભાગ કહેવાય છે.

## ઉદ્દેશક : ૬–૮

(૧) આહાર તથા ઉત્પતિ સંબંધી વર્ણન શતક ૧૭, ઉદ્દેશો ૬ માં કર્યુ છે.

(૨) જીવ પ્રયોગ બંધ, એના અનંતર બંધ, એના પરંપર બંધ એમ ત્રણ પ્રકારના બંધ બધા જીવોમાં, બધી સંભવિત અવસ્થાઓમાં હોય છે.

(૩) ભરત એરાવતમાં જ ઉત્સર્પિણી–અવસર્પિણી કાલ છે. અકર્મભૂમિમાં નથી. મહાવિદેહ ક્ષેત્રમાં અવસ્થિત કાળ છે.

(૪) ૫ ભરત, ૫ એરાવતમાં પહેલા અને અંતિમ તીર્થંકર પંચમહાવ્રત રૂપધર્મ તથા સપ્રતિક્રમણ ધર્મનું પ્રરૂપણ કરે છે. બાકી ૨૨ તીર્થંકર અને મહાવિદેહ ક્ષેત્રના તીર્થંકર ચાતુર્યામ ધર્મનું પ્રરૂપણ કરે છે.

(૫) ભરત એરાવતમાં ૨૪ તીર્થંકર ક્રમશઃ હોય છે. એમાં ૨૩ જિનાંતર હોય છે. વર્તમાન ચોવીસીના એકથી આઠ તથા સોળથી ત્રેવીસમાના શાસનમાં કાલિક

શ્રુતનો વિચ્છેદ થયો નથી, વચલા નવથી પંદરમા તીર્થંકરના શાસનમાં અર્થાત્ સાત જિનાંતરમાં કાલિક શ્રુતનો વિચ્છેદ થયો છે.

દષ્ટિવાદનો વિચ્છેદ તો બધા તીર્થંકરના શાસનમાં થાય છે. ચોવીસમાં તીર્થંકરના શાસનમાં દષ્ટિવાદના પૂર્વગત સૂત્ર ૧૦૦૦ વર્ષ સુધી ચાલશે. (રહ્યા હતા) બાકી ૨૩ તીર્થંકરોના સંખ્યાત અથવા અસંખ્યાત કાળ સુધી પૂર્વ શ્રુત ચાલ્યો હતો.

(૬) ચોવીસમા તીર્થંકરનું વર્તમાન શાસન કુલ ૨૧ હજાર વર્ષ ચાલશે. ઉત્સર્પિણીના ચોવીસમાં તીર્થંકરનુ શાસન એક લાખ પૂર્વમાં ૧૦૦૦ વર્ષ ઓછા સુધી ચાલશે.

(૭) અરિહંત તીર્થંકર છે. ચતુર્વિધ સંઘ તીર્થ છે. તીર્થંકર પ્રવચની છે. દ્વાદશાંગ (શાસ્ત્ર) પ્રવચન છે. આ ધર્મની અવગાહના કરનારા સંપૂર્ણ કર્મ નાશ કરી મુક્ત થાય છે. અથવા કર્મ થોડા રહે તો દેવલોકમાં જાય છે.

## ઉદ્દેશક : ૯

**(૧) વિદ્યાચારણ મુનિ :–** પૂર્વગત શ્રુતના અભ્યાસી તપોલબ્ધિ સંપન્ન અણગારને છઠ છઠના નિરંતર તપ કરવાથી વિદ્યાચરણ નામની લબ્ધિ ઉત્પન્ન થાય છે.

ત્રણ ચપટી વગાડે એટલા સમયમાં કોઈ દેવ જમ્બુદ્વીપની ત્રણ પરિક્રમા કરી લે એટલી તીવ્ર ગતિ વિદ્યાચરણની હોય છે. આ લબ્ધિવાળા અણગાર પહેલી ઉડાનમાં માનુષોત્તર પર્વત પર જઈને રોકાય છે. બીજી ઉડાનમાં નંદી✓ર દ્વીપમાં જાય છે. આવતી વખતે એક ઉડાનમાં આવી જાય છે.

ઊંચે જવું હોય તો પહેલી ઉડાનમાં મેઢના નંદન વનમાં, બીજી ઉડાનમાં મેઢના પંડક વનમાં જાય છે. આવતી વખતે એક ઉડાનમાં આવી જાય છે. એટલી ઉત્કૃષ્ટ ગતિ વિષય છે. પછી આ ગમનાગમનની આલોચના પ્રતિક્રમણ કરે તો આરાધક થાય છે, આલોચના પ્રતિક્રમણ કર્યા વગર કાળ કરી જાય તો આરાધક થતા નથી.

**(૨) જંઘાચારણ મુનિ :–** તપોલબ્ધિ સંપન્ન પૂર્વધારીને અઠ્ઠમ અઠ્ઠમના નિરંતર તપ કરવાથી જંઘાચરણ લબ્ધિ ઉત્પન્ન થાય છે. વિદ્યાચરણથી આની ગતિ સાત ગણી વધારે હોય છે.

આ પહેલી ઉડાનમાં ઢચકવર દ્વીપમાં પહોંચી જાય છે. પાછા આવતી વખતે બીજી ઉડાનમાં નંદી✓ર દ્વીપમાં રોકાય છે. ત્રીજી ઉડાનમાં પોતાના સ્થાને



પહોંચી જાય છે. ઊંચે જવું હોય તો પહેલી ઉડાનમાં પંડગ વનમાં જાય છે. પાછા આવતી વખતે બીજી ઉડાનમાં નંદનવનમાં અને ત્રીજી ઉડાનમાં પોતાના સ્થાને આવી જાય છે. એટલી ઉત્કૃષ્ટ ગતિ વિષય છે. લબ્ધિનો ઉપયોગ કરવાની આલોચના પ્રતિક્રમણ કરે તો જ આરાધક થાય છે.

આ લબ્ધિધારી મુનિરાજ દ્વીપ સમુદ્ર પર્વત વિગેરેના આગમમાં આવેલ વર્ણન અનુસારે સ્થાનોને જોવાના હેતુથી આ લબ્ધિનો પ્રયોગ કરે છે. અથવા પોતાની જિજ્ઞાસાઓનું સમાધાન કરવા કે તીર્થંકરોના દર્શન કરવાના હેતુથી પણ લબ્ધિવાળા મુનિરાજ આ લબ્ધિનો પ્રયોગ કરે છે.

**નોટ :–** લિપિકાળમાં મનઃકલ્પિત પ્રક્ષેપોની પરિપાટીની અંતર્ગત ભગવતી સૂત્રનો આ પાઠ પણ અંતરભવિત થાય છે. શ્રમણ, નિર્ગ્રન્થ અથવા શ્રાવકના વર્ણનવાળા આચાર શાસ્ત્રોમાં કયાંય પણ ચૈત્ય વંદનનો ઉલ્લેખ નથી. તો પણ અહીં માનુષોત્તર વગેરે પર્વતો પર મુનિરાજની સાથે ચૈત્ય વંદનનો પાઠ પ્રક્ષિપ્ત કરી દેવામા આવ્યો છે. જ્યારે જીવાભિગમ સૂત્રમાં માનુષોત્તર પર્વતનું પૂરું વર્ણન છે. ત્યાં કોઈ મૂર્તિ બતાવી નથી. (દેખાડી નથી) તો પણ આ પાઠમાં પ્રક્ષેપ કરવાની મતિવાળાઓએ માનુષોતર પર્વત વિગેરે બધી જગ્યાએ ચૈત્ય વંદનનો પાઠ રાખી દીધો છે. ચૈત્ય વંદનનો પાઠ અથવા ચૈત્ય શબ્દ અથવા નમોત્થુણંનો પાઠ વિગેરે પ્રક્ષેપ અન્ય આગમોમાં પણ કર્યો છે. જેમ કે રાજપ્રશ્નીય સૂત્ર, વ્યવહાર સૂત્ર, જ્ઞાતા સૂત્ર, ઉપાસક દશા વિગેરે. આ વિષયમાં વિશેષ જાણકારી માટે ઉપરના સૂત્રોના હિંદી સારાંશ પુષ્પોનો તથા વિશેષ કરી ગુજરાતી સારાંશ ખંડ–૮ને જુઓ. સાર એ છે કે શા✓તા સ્થાનોમાં કોઈપણ મરનારા અશા✓ત વ્યક્તિની મૂર્તિ હોય શકે નહીં. માટે મૃત્યુ પામી મોક્ષ જનારા મહાપુઢષોની મૂર્તિ શા✓તા સ્થાનોમાં હોતી નથી; તો પછી બીજી કોઈપણ દશનીય તસ્વીરને વંદન કરવાનું મુનિઓને પ્રયોજન હોતું નથી. માટે આવા પાઠો મૈલિક ન સમજાય.

## ઉદ્દેશક : ૧૦

(૧) જે જીવોના આયુષ્ય વ્યવહારથી અસમય(અકાળ)માં જ સમાપ્ત થઈ શકે છે. તે સોપક્રમી આયુષ્ય કહેવાય છે અને જે પૂર્ણ સમય પર જ સમાપ્ત થાય છે તે નિઢપક્રમી આયુષ્ય કહેવાય છે. બીજા શબ્દોમાં સોપક્રમી આયુષ્ય વચ્ચમાં તૂટી શકે છે. નિઢપક્રમી આયુષ્ય વચ્ચમાં તૂટતુ નથી.

નારકી, દેવતા યુગલિયા મનુષ્ય અને ૬૩ ઉત્તમ પુઢષ (તીર્થંકર, ચક્રવતી

વિગેરે) તથા ચરમ શરીરી જીવોનું નિઢપક્રમી આયુષ્ય હોય છે. બાકી બધાના સોપક્રમી નિઢપક્રમી બંને આયુષ્ય હોય છે. સોપક્રમી ૧/૩ ઉંમર બાકી રહે પછી ક્યારે ય પણ તૂટી શકે છે.

(૨) આયુષ્યને સ્વયં ઘટાડી દેવું = આત્મઘાત કરવું "આત્મોપક્રમ" છે. બીજા દ્વારા માર્યા જવું 'પરોપક્રમ' છે. અને ત્રીજો ભેદ 'નિઢપક્રમ' છે.

દશ ઔદારિક દંડકોમાં ત્રણે ઉપક્રમ છે. નારકી દેવતામાં નિઢપક્રમ છે. ચોવીસ દંડકમાં ઉત્પન્ન થવાની અપેક્ષા(આગત ની અપેક્ષા) ત્રણે ઉપક્રમ છે. મરણની અપેક્ષા(ગતની અપેક્ષા) ૧૪ દંડકમા નિઢપક્રમ છે અને દશ દંડકમાં ત્રણે ય છે.

(૩) જન્મ મરણ જીવોની આત્મઋદ્ધિ, આત્મકર્મ, આત્મપ્રયોગથી થાય છે. પર ઋદ્ધિ, પરકર્મ પ્રયોગથી નહીં.

(૪) કતિસંચય = સંખ્યાતા, અકતિસંચય = અસંખ્યાતા. અવક્તવ્ય સંચય = એક, પાંચ સ્થાવરમાં ઉત્પન્ન થવાની અપેક્ષાએ એક અકતિસંચય છે. બાકી બધામાં ત્રણ પ્રકાર હોય છે. સિદ્ધોમાં બે પ્રકાર છે, અકતિસંચય નથી.

પાંચ સ્થાવર સિવાયનું અલ્પબહુત્વ હોય છે. બધાથી ઓછું અવક્તવ્ય, એનાથી કતિસંચય સંખ્યાત ગુણા, એનાથી અકતિ સંચય અસંખ્યાત ગુણા, સિદ્ધોમાં કતિ સંચય અલ્પ છે, એનાથી અવક્તવ્ય સંખ્યાત ગુણા.

(૫) એક, બે, ત્રણ, ચાર, પાંચ સંખ્યા 'નો છક્ક' છે. છ સંખ્યા છક્ક છે. સાતથી અગિયાર છક્ક અને નો છક્ક છે. ૧૨, ૧૮ વિગેરે સંખ્યા અનેક છક્ક છે ૧૩, ૧૪ વિગેરે તથા ૧૯, ૨૦ વિગેરે અનેક છક્ક, તથા નો છક્ક છે. આ પાંચ ભંગ છે.

પાંચ સ્થાવરમાં ચોથા, પાંચમા બન્ને ભંગોથી જીવ ઉત્પન્ન થાય છે. બાકી દંડકોમાં પાંચે ય ભંગથી જીવ ઉત્પન્ન થાય છે. સિદ્ધોમાં પણ પાંચેય ભંગથી ઉત્પન્ન થાય છે.

**અલ્પબહુત્વ :–** ભંગના ક્રમથી જ સર્વે ય સંખ્યાત ગુણા થાય છે. સિદ્ધોમાં ઉલ્ટા ક્રમથી સંખ્યાત ગુણા કહેવા.

"છક્ક"ની સમાન "બારસ"ના પાંચ ભંગ હોય છે. એમા પણ ઉત્પત્તિ તથા અલ્પબહુત્વ તે જ પ્રમાણે હોય છે. કેવળ છક્કના સ્થાને "બારસ" કહેવુ. સંખ્યા ૧૨ના પહેલાની, પછીની અને ૧૨થી બે ગણી, ત્રણગણી વિગેરે સમજવુ.



ઉત્પન્ન થવાની અપેક્ષા "છક્ક સમ્મર્જિત તથા બારસ સમ્મર્જિત". એવા શબ્દોનો પ્રયોગ મૂળ પાઠમાં કર્યો છે.

એ પ્રમાણે "ચૌરાસી સમ્મર્જિત" પણ કહ્યા છે. એના ભંગ વિગેરેનું વર્ણન છક્ક સમ્મર્જિતના સમાન છે. પરંતુ સિદ્ધમાં ચૌરાસી સમ્મર્જિતના પાંચ ભંગોમાંથી આરંભના ત્રણ ભંગ હોય છે. ચોથો, પાંચમો ભંગ નથી હોતો.

**॥ શતક ૨૦/૧૦ સંપૂર્ણ ॥**

## શતક : ૨૧

**પહેલો વર્ગ :–** ચોખા , ઘઉં, જવ, જવાર વિગેરે ધાન્યના દશ વિભાગ છે. (૧) મૂળ (૨) કંદ (૩) સ્કંધ (૪) ત્વચા(છાલ) (૫) શાખા (૬) પ્રવાલ (૭) પત્ર (૮) પુષ્પ (૯) ફળ (૧૦) બીજ. આ દશે વિભાગોમાં જીવ આવીને ઉત્પન્ન થાય છે.

આ દશ વિભાગના જીવોના (૧) ઉત્પત્તિ સંખ્યા (૨) આગતિ (૩) અપહાર સમય (૪) અવગાહના (૫) બંધ (૬) વેદન (૭) ઉદીરણા (૮) લેશ્યા (૯) દષ્ટિ (૧૦) કાયસ્થિતિ (૧૧) ભવાદેશ, કાલાદેશ (૧૨) સર્વ જીવ ઉત્પન્ન વિગેરે દ્વારોનું વર્ણન અગિયારમા શતકના પહેલા ઉદ્દેશકના સમાન જાણવું. કેટલીક વિશેષતા નીચે મુજબ છે.

(૧) અવગાહના– જઘન્ય અંગુલના અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ અનેક ધનુષ.

(૨) સ્થિતિ–જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનેક વર્ષ (૩ વર્ષ).

(૩) કાયસ્થિતિ– જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્ય કાળ.

(૪) આગતિ– મૂળ કંદ વિગેરે સાત વિભાગોમાં દેવ આવતા નથી. ફૂલ, ફળ બીજમાં દેવ આવે છે. એની અપેક્ષા લેશ્યા ૪ અને ભંગ ૮૦ હોય છે.

(૫) ફૂલ, ફળ, બીજની અવગાહના– જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ અનેક અંગુલની હોય છે.

આ પહેલા વર્ગના કંદ, મૂળ, સ્કંધ વિગેરેના ૧૦ ઉદ્દેશા હોય છે. સાત ઉદ્દેશાના વર્ણન સરખા છે. ફળ, ફૂલ, બીજના વર્ણનમાં આગતિ અને અવગાહનામાં ઉપર્યુક્ત અંતર છે.

**બીજો વર્ગ :–** ચણા, મસૂર, તલ, મગ, અડદ, કુલત્થ વિગેરેનું વર્ણન પહેલા વર્ગના સરખું છે. સ્થિતિ ઉત્કૃષ્ટ અનેક વર્ષની છે. એમા પાંચ વર્ષ જાણવા.

**ત્રીજો વર્ગ :–** અળસી, કુસંભ, કોદ્રવ, કંગુ, સણ, સરસવ વિગેરેનું તથા બીજોની જાતિ, એનુ વર્ણન પણ પહેલા વર્ગના સરખુ છે. સ્થિતિ સાત વર્ષની છે.

**ચોથો વર્ગ :–** વાંસ વેણુ, દંડ, કલ્કાવંશ, ચાઢવંશ, વિગેરેનું વર્ણન પહેલા વર્ગ સરખુ છે. પરંતુ એમા દશે વિભાગમાં દેવ ઉત્પન્ન થતા નથી. આગતિમાં અંતર છે. તથા લેશ્યા પણ ત્રણ જ કહેવી. જેથી લેશ્યાના ભંગ ૨૬ જ થશે.

**પાંચમો વર્ગ :–** ઈક્ષુ વીરણ, ઈક્કડ, ભમાસ, સૂંઠ, તિમિર સતપોરગ, અને નલ વિગેરેનું વર્ણન વાંસ વિગેરે ચોથા વર્ગ સરખુ છે. પરંતુ એના સ્કંધમાં દેવ આવીને ઉત્પન્ન થાય છે. બાકી ૯ વિભાગોમાં દેવ આવતા નથી. દેવોની અપેક્ષા જ લેશ્યા ૪ અને ૮૦ ભંગ પણ કહેવા.

**છટ્ઠો વર્ગ :–** દર્ભ, કોતિય, પર્વક, પૌદિના, અર્જુન, ભુસ, એરંડ, કુઢકુંદ, મધુરતૃણ વગેરેનું વર્ણન ત્રીજા વંશ વર્ગ સરખુ છે.

**સાતમો વર્ગ :–** અધ્યારોહ(એક વૃક્ષમાં બીજુ વૃક્ષ) વત્થુલ, માર્જારક, ચિલ્લી, પાલક શાક, મંડુકી, સર્ષપ, આંબિલ શાક વિગેરેનું વર્ણન વાંસના વર્ગ સરખુ જાણવું.

**આઠમો વર્ગ :–** તુલસી, ચૂયણા, જીરા, દમણા, મઢયા ઈન્દીવર, શતપુષ્પી, વિગેરેનુ વર્ણન વાંસના વર્ગ સરખુ છે.

**વિશેષ :–** ૧, ૨, ૩ વર્ગમાં છેલ્લા ત્રણ ઉદ્દેશોમાં દેવ ઉત્પન્ન થવાનું કથન છે. પાંચમા વર્ગમાં સ્કંધના ત્રીજા ઉદ્દેશામાં દેવ ઉત્પન્ન થવાનું કથન છે. બાકી વર્ગ તથા ઉદ્દેશામાં દેવ ઉત્પન્ન થવાનું કથન નથી. સ્થિતિ બધાની ૮ × ૧૦ = ૮૦ ઉદ્દેશામાં "અનેક વર્ષ" છે. ચોખા વિગેરેની ત્રણ વર્ષ વિગેરે સ્થિતિ પહેલાં આ સૂત્રમાં કહેવાઈ છે. જે અહીં પર કહેવાયેલ અનેક વર્ષથી અબાધિત છે.

॥ શતક ૨૧ સંપૂર્ણ ॥

## શતક : ૨૨

**પહેલો વર્ગ :–** તાલ, તમાલ, કેળા, તેતલિ, તક્કલી, દેવદાઢ, કેવડા, ગુંદ, હિંગુ, લવિંગ, સુપારી, ખજૂર, નારિયેળ, વગેરેનુ વર્ણન શાલિ વર્ગ સરખુ છે. પરંતુ નીચેની વિશેષતાઓ છે.

(૧) મૂળ વગેરે પાંચ વિભાગમાં દેવ ઉત્પન્ન થતા નથી. એટલે લેશ્યા ત્રણ છે.



(૨) પ્રવાલ વગેરે પાંચ વિભાગમાં દેવ ઉત્પન્ન થાય છે. એટલે લેશ્યા ચાર છે.

(૩) સ્થિતિ– મૂળ વગેરે પાંચની જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૧૦૦૦૦ વર્ષ છે.

(૪) બાકી પાંચની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ અનેક વર્ષની છે.

(૫) અવગાહના ઉત્કૃષ્ટ– મૂળ અને કંદની અનેક ધનુષ, ત્વચા શાખાના અનેક કોશ છે. પ્રવાલ અને પત્રના અનેક ધનુષ છે. ફૂલના અનેક હાથ, ફળ, બીજની અનેક અંગુલની છે. જઘન્ય અને મધ્યમ વિવિધ પ્રકારની અવગાહના થઈ શકે છે.

**બીજો વર્ગ :–** લીમડો, આંબો, જાંબુ, પીલુ, સેલુ, સલ્લકી, પલાશ, કરંજ, પુત્રજીવક, અરીઠા, હરડા, બહેડા, ચારોલી, નાગકેશર, શ્રીપર્ણી, અશોક વિગેરેનું વર્ણન પણ પહેલા તાલ વર્ગ સરખું છે.

**ત્રીજો વર્ગ :–** અસ્થિક, તિંદુક બોર, કપિત્થ, અમ્બાડગ, બિજોરા, આંબલા, ફણસ, દાડમ, પીંપલ, ઉંબર, વડ, ન્યગ્રોધ, નંદીવૃક્ષ, પીપર, સતર, સપ્તપર્ણ, લોદ્ર, ધવ, મંદન, કુટજ, કદંબ વગેરેનુ વર્ણન પણ તાડવૃક્ષ સરખું છે.

**ચોથો વર્ગ :–** રીંગણા, પોંડઈ ગંજ, અંકોલ્લ વગેરેનુ વર્ણન વાંસના વર્ગ સરખુ છે.

**પાંચમો વર્ગ :–** શ્રિયક, સિરિયક, નવનાલિક, કોરંટક, બંધુજીવક, મણોજા, નલિની, કુંદ વગેરેનું વર્ણન શાલિ વર્ગ સરખું છે.

**છટ્ઠો વર્ગ :–** પૂસફલિકા, તુમ્બી, ત્રપુષી(કાકડી) એલવાલુંકી વગેરે વલ્લિયોનું વર્ણન તાડ વર્ગ સરખુ છે. પરંતુ સ્થિતિ ઉત્કૃષ્ટ અનેક વર્ષ જ છે. ફળની અવગાહના ઉત્કૃષ્ટ અનેક ધનુષ્યની છે. છ વર્ગના ૬૦ ઉદ્દેશા આ શતકમાં છે.

॥ શતક ૨૨ સંપૂર્ણ ॥

## શતક : ૨૩

**પહેલો વર્ગ :–** બટાકા, મૂળા, આદુ, હળદર ક્ષીર વિરાલી મધુશ્રૃંગી, સર્પસુગંધા, છિન્નઢહા, બીજઢહા, વિગેરેનુ વર્ણન વંશ વર્ગ સરખુ છે. વિશેષતા નીચે પ્રમાણે છે.

(૧) પરિમાણ– એક સમયમાં એક, બે, ત્રણ ઉત્કૃષ્ટ અનંતા જીવ ઉત્પન્ન થાય છે.

(૨) સ્થિતિ– અનંત જીવ ઉત્પન્ન થનારાની જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત છે. બાકીનાની વાંસ સરખી છે.

**બીજો વર્ગ :–** લોહી, નીહૂ, થીહૂ, અ✓કર્ણી, સિંહકર્ણી, સિઉંઢી, મુસુંઢી વિગેરે

બટાકાના વર્ગ સરખુ છે. "અવગાહના તાડ વર્ગ" સરખી છે.

**ત્રીજો વર્ગ :–** આય, કાય, કુહુણા, સફા, સજ્જા, છત્રા, કુંદુઢક્ક, વિગેરે બીજા વર્ગ સરખા છે.

**ચોથો વર્ગ :–** પાઠા, મૃગવાલુંકી, મધુર રસા, રાજવલ્લી, પદ્મા, મોઢરી, દંતી, ચંડી વિગેરેનુ વર્ણન બટાકાના વર્ગ સરખુ છે. અવગાહના વલ્લી વર્ગ સરખી છે.

**પાંચમો વર્ગ :–** માષપર્ણી, મુદ્દગપર્ણી, જીવક, કાકોલી, ક્ષીર કાકોલી, કૃમિરાશિ, ભદ્રમુસ્તા વગેરેનું વર્ણન બટાકાના વર્ગ સરખુ છે.

કુલ પાંચ વર્ગના ૫૦ ઉદ્દેશા આ શતકમાં છે. એમાં ક્યાંય પણ દેવ ઉત્પન્ન થતા નથી. એટલે ત્રણ લેશ્યા જ થાય છે.

**॥ શતક ૨૩ સંપૂર્ણ ॥**

## શતક : ૨૪ [ગમ્મા વર્ણન]

**ઘર :–** ચોવીસ દંડક જીવો ઘરના રૂપમાં છે. એના ૪૪ સ્થાન છે. યથા– ૨૨ દંડકના ૨૨, ૭ નારકીના ૭, વૈમાનિકના ૧૫ = ૧૨ દેવલોકના ૧૨, નવગ્રૈવેયક, ૪ અણુત્તર વિમાન અને સર્વાર્થ સિદ્ધના એક એક સ્થાન. આ રીતે બે દંડકના ૭ + ૧૫ = ૨૨ સ્થાન છે. ૨૨ દંડકના ૨૨ અને બે દંડકના ૨૨ મેળવી ૨૨ + ૨૨ = ૪૪ સ્થાન ઘર થાય છે. ૨૪ દંડકના જ આ ૪૪ ઘર કહેવાય છે.

**જીવ :–** ૪૨ ઘરના ૪૨ જીવ છે. મનુષ્ય અને તિર્યંચના ઘરમાં ૩, ૩ જીવ છે. સન્ની, અસન્ની અને યુગલિયા એટલે કુલ ૪૨ + ૬ = ૪૮ જીવ છે.

**આગતિ :–** પ્રત્યેક ઘરમાં ૪૮ જીવોમાંથી જેટલા જીવોની આગતિ થાય છે. એનો યોગ કરવાથી ૩૨૧ થાય છે. આ ૩૨૧ નો ખુલાશો ચાર્ટમાં જુઓ.

**આગતના ૩૨૧ સ્થાન :–**

| ઘર | જીવ | આગત સંખ્યા | વિવરણ |
|---|---|---|---|
| ૧ | પહેલી નરક | ૩ × ૧ = ૩ | સન્ની તિર્યંચ, અસન્ની તિર્યંચ, સન્ની મનુષ્ય |
| ૬ | બાકી નરક | ૨ × ૬ = ૧૨ | સન્ની તિર્યંચ મનુષ્ય |
| ૧૦ | દશ ભવનપતિ | ૫ × ૧૦ = ૫૦ | સન્ની અસન્ની તિર્યંચ, સન્ની મનુષ્ય અને બે યુગલિયા |



| ઘર | જીવ | આગત સંખ્યા | વિવરણ |
|---|---|---|---|
| ૧ | વ્યંતર | ૫ × ૧ = ૫ | સન્ની અસન્ની તર્યંચ, સન્ની મનુષ્ય અને બે યુગલિયા |
| ૧ | જ્યોતિષી | ૪ × ૧ = ૪ | ઉપરના પાંચમાં અસન્ની તિર્યંચ ઓછા થયા |
| ૨ | ૧ – ૨ દેવલોક | ૪ × ૨ = ૮ | ઉપરના પાંચમાં અસન્ની તિર્યંચ ઓછા થયા |
| ૬ | ૩–૮ દેવલોક | ૨ × ૬ = ૧૨ | સન્ની તિર્યંચ મનુષ્ય |
| ૭ | શેષ દેવતા | ૧ × ૭ = ૭ | મનુષ્ય |
| ૩ | પૃથ્વી પાણી વનસ્પતિ | ૨૬ × ૩ = ૭૮ | ભવનપતિ વિગેરે ૧૪ દેવતા,૧૨ઔદારિક |
| ૨ | તેઉ વાયુ | ૧૨ × ૨ = ૨૪ | ૧૨ ઔદારિક |
| ૩ | વિકલેન્દ્રિય | ૧૨ × ૩ = ૩૬ | ૧૨ ઔદારિક |
| ૧ | તિર્યંચ | ૩૯ × ૧ = ૩૯ | ૭ દેવતા (ઉપરના) અને બે યુગલિયા આ ૯ ઓછા ૪૮ જીવમાં |
| ૧ | મનુષ્ય | ૪૩ × ૧ = ૪૩ | તેઉ, વાયુ, સાતમી નરક, બે યુગલિયા આ ૫ ઓછા ૪૮ જીવમાં |
| ૪૪ ઘર સ્થાનની આગત = ૩૨૧ | | | |

**ગમ્મા :–** પ્રત્યેક આગતિના બોલના વિષયમાં ૯ પ્રકાર–ગમક–અપેક્ષાએ પૃચ્છા થાય છે. આ ૯ ગમક(પ્રકાર) સ્થિતિની અપેક્ષાએ હોય છે. આવનારા જીવની સમુચ્ચય, જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ તથા ઉત્પન્ન થવાના સ્થાન = ઘરમા પ્રાપ્ત થવાવાળી સમુચ્ચય, જઘન્ય, અને ઉત્કૃષ્ટ સ્થિતિની અપેક્ષાથી ૯ ગમક બને છે. તે આ પ્રકારે છે.–

(૧) ઔધિક(સમુચ્ચય) ઔધિક (૪) જઘન્ય ઔધિક (૭) ઉત્કૃષ્ટ ઔધિક

(૨) ઔધિક જઘન્ય (૫) જઘન્ય જઘન્ય (૮) ઉત્કૃષ્ટ જઘન્ય

(૩) ઔધિક ઉત્કૃષ્ટ જઘન્ય (૬) જઘન્ય ઉત્કૃષ્ટ (૯) ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ.

૩૨૧ આગતિમાં પ્રત્યેકના ૯ ગમક હોવાથી ૩૨૧ × ૯ = ૨૮૮૯ ગમક થાય છે. આ ગમકને જ "ગમ્મા" કહે છે. જેનો અર્થ છે – વસ્તુ, તત્ત્વને પૂછવાની, સમજવાની પદ્ધતિ. એનું તાત્પર્ય એ છે કે એક એક આગતિના બોલમાં સ્થિતિની

અપેક્ષા ૯ – ૯ પ્રશ્નો દ્વારા એના વિષયમાં ઋદ્ધિ જાણવી અને સમજવી.

**શૂન્ય ગમ્મા :–** સર્વત્ર જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ હોય તો ૨૮૮૯ ગમ્મા બને છે. પરંતુ ક્યાંક તો એક જ સ્થિતિ છે અને ક્યાંક એક સ્થિતિ જ પ્રાપ્ત થતી હોય છે તો ત્યાં એ આગતિના સ્થાનથી ૯ ગમ્મા બનતા નથી. જેમ :–

(૧) અસન્ની મનુષ્યની સ્થિતિ કેવળ અંતર્મુહૂર્ત જ છે. એટલે ત્રણ ગમ્મા (સ્થિતિ સંબંધી ત્રણ પ્રશ્ન) જ થાય છે. ૬ ઓછા થયા. ઔદારિકના દશ ઘરોમાં અસન્ની મનુષ્ય જાય છે. એ બધી જગ્યાએ ૬ – ૬ ઓછા થવાથી ૧૦ × ૬ = ૬૦ ગમ્મા શૂન્ય છે. અર્થાત્ આ પ્રશ્ન બનતા નથી.

(૨) સર્વાર્થ સિદ્ધમાં ૩૩ સાગરની એક જ સ્થિતિ છે. તે દેવ કેવળ મનુષ્યમાં જ જાય છે અને કેવળ મનુષ્ય જ એમા આવે છે. એટલે આ બે આગત સ્થાનમાં ૬ – ૬ ગમ્મા ઓછા થવાથી ૧૨ ગમ્મા શૂન્ય છે.

(૩) તિર્યંચ યુગલિયા અને મનુષ્ય યુગલિયા આ બે જીવ જ્યોતિષી અને પહેલા બીજા દેવલોકમાં જાય છે. ત્યારે જઘન્ય સ્થિતિના યુગલિયા ત્યાં એક જ સ્થિતિમાં ઉત્પન્ન થાય છે. જેનાથી એક ચોથો ગમ્મો જ બને છે. પરંતુ પાંચમો છટ્ઠો ગમ્મો બનતો નથી. એટલે યુગલિયા × સ્થાન × ગમ્મા = ૨ × ૩ × ૨ = ૧૨ ગમ્મા શૂન્ય છે.

ઉપરના ત્રણે મળીને ૬૦ + ૧૨ + ૧૨ = ૮૪ ગમ્મા શૂન્ય છે. એને તૂટેલા ગમ્મા પણ કહે છે.

૨૮૮૯ – ૮૪ = ૨૮૦૫ વાસ્તવિક, સાચા ગમ્મા = પ્રશ્ન ઉત્તર, વિકલ્પ થાય છે. જે ૪૪ ઘરમાં ૪૮ જીવોના ૩૨૧ આગતિ સ્થાનોમાં ૯–૯ ગમ્મા કરવાથી તથા ઉપરના ૮૪ ઓછા કરવાથી ૨૮૦૫ થાય છે.

**ઋદ્ધિ :–** આ ૨૮૦૫ ગમ્મા અથવા પ્રશ્ન વિવક્ષામાંથી પ્રત્યેક ઉપર ૨૦ દ્વારોનુ વર્ણન છે. આ ૨૦ દ્વારના સંપૂર્ણ વર્ણનને ઋદ્ધિ કહેવાય છે. તે દ્વાર આ પ્રમાણે છે.– (૧) ઉપપાત (૨) પરિમાણ (૩) સંહનન (૪) અવગાહના (૫) સંસ્થાન (૬) લેશ્યા (૭) દૃષ્ટિ (૮) જ્ઞાન–અજ્ઞાન (૯) યોગ (૧૦) ઉપયોગ (૧૧) સંજ્ઞા (૧૨) કષાય (૧૩) ઈન્દ્રિય (૧૪) સમુદ્‌ઘાત (૧૫) વેદના (૧૬) વેદ (૧૭) આયુ (૧૮) અધ્યવસાય (૧૯) અનુબંધ (૨૦) કાય સંવેધ.

**સમઋદ્ધિ (સ્થિર ઋદ્ધિ) :–**

આ વીસ દ્વારોમાં આઠ દ્વાર એવા છે જેનુ વર્ણન સરખુ રહ્યુ છે. અર્થાત્ ૪૮



જીવ ૩૨૧ માંથી કોઈપણ આગતિ સ્થાનમાંથી જાય અથવા ૯ ગમ્મામાંથી કોઈપણ ગમ્મામાંથી જાય તો પણ આઠ દ્વારોનુ વર્ણન સ્થિર રહે છે. તે આ પ્રમાણે છે.

| જીવ સંખ્યા | જીવનામ | ૧ સહનન | ૨ સંસ્થાન | ૩ સંજ્ઞા | ૪ કષાય | ૫ ઈન્દ્રિય | ૬ વેદના | ૭ વેદ | ૮ ઉપયોગ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | નારકી | નહીં | હુંડક | ૪ | ૪ | ૫ | ૨ | ૧ | ૨ |
| ૧૪ | દેવતા | નહીં | સમચોરસ | ૪ | ૪ | ૫ | ૨ | ૨ | ૨ |
| ૧૩ | દેવતા | નહીં | સમચોરસ | ૪ | ૪ | ૫ | ૨ | ૧ | ૨ |
| ૫ | સ્થાવર | સેવાર્ત | હુંડક | ૪ | ૪ | ૧ | ૨ | ૧ | ૨ |
| ૩ | વિકલેન્દ્રિય | સેવાર્ત | હુંડક | ૪ | ૪ | ૨,૩,૪ | ૨ | ૧ | ૨ |
| ૧ | અસન્ની મનુષ્ય | સેવાર્ત | હુંડક | ૪ | ૪ | ૫ | ૨ | ૧ | ૨ |
| ૧ | અસન્ની તિર્યંચ | સેવાર્ત | હુંડક | ૪ | ૪ | ૫ | ૨ | ૧ | ૨ |
| ૧ | સન્ની તિર્યંચ | ૬ | ૬ | ૪ | ૪ | ૫ | ૨ | ૩ | ૨ |
| ૧ | સન્ની મનુષ્ય | ૬ | ૬ | ૪ | ૪ | ૫ | ૨ | ૩ | ૨ |
| ૨ | બે યુગલિયા | ૧ | ૧ | ૪ | ૪ | ૫ | ૨ | ૨ | ૨ |
| ૪૮ | | | | | | | | | |

**વિશેષ :–** (૧) અહીં ભવનપતિથી બીજા દેવલોક સુધી ૧૪ દેવતા કહ્યા છે. બાકી ત્રીજા દેવલોકથી સર્વાર્થ સિદ્ધ સુધી ૧૩ દેવતા હોય છે.

(૨) પહેલી બીજી નરકમાં જનારા તિર્યંચ મનુષ્યમાં ૬ સંહનન. એ પ્રમાણે ત્રીજીમાં = ૫, ચોથીમાં ૪, પાંચમીમાં = ૩, છટ્ઠીમાં = ૨, સાતમીમાં = ૧, ચોથા દેવલોક સુધી જનારામાં = ૬ સંહનન, પાંચમા, છટ્ઠામાં = ૫, સાતમા આઠમામાં = ૪, નવથી બાર સુધી = ૩, ગ્રૈવેયકમાં = ૨, અણુત્તરમાં ૧, સંહનનવાળા જાય છે. ૨૮૦૫ ગમ્મામાં આઠ દ્વારોની આ ઉપર કહેલી સ્થિર ઋદ્ધિ છે.

**વિભિન્ન : પરિવર્તનીય ઋદ્ધિ :–**

બાકી ૧૨ દ્વારોમાંથી કોઈ આગતના સ્થાનમાં અને કોઈ ગમ્મામાં, કેટલાક દ્વારોમાં સમાનતા રહે છે કેટલાકમાં અંતર પડે છે, ભિન્નતા રહે છે. અર્થાત્ ૧૨ દ્વારોમાં સર્વત્ર ભિન્નતા જ રહે એવુ સમજવુ નહીં. કોઈ આગત સ્થાન તથા ગમ્મામાં ૨ દ્વારો (બોલો)મા અંતર પડે છે. કોઈ આગત સ્થાન તથા ગમ્મામાં ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ બોલોમાં અંતર પડે છે. એ બાર દ્વાર આ છે. (૧) ઉપપાત =પ્રાપ્ત

કરવાની સ્થિતિ (૨) પરિમાણ = ઉત્પન્ન થવા વાળાની સંખ્યા (૩) અવગાહના (૪) લેશ્યા (૫) દૃષ્ટિ (૬) જ્ઞાન–અજ્ઞાન (૭) યોગ (૮) સમુદ્દ્ઘાત (૯) આયુ (૧૦) અધ્યવસાય (૧૧) અનુબંધ (૧૨) કાય સંવેધના બે પ્રકાર– ભવાદેશ અને કાલાદેશ. આ ૧૨ દ્વારોમાં પડવા– વાળું અંતર = ફર્ક = વિશેષતાઓ = પરિવર્તન = (નાણતા) આ પ્રકારે છે.

**(૧) ઉપપાત :–** ઉત્પતિ સ્થાનમાં પ્રાપ્ત કરવાવાળી સ્થિતિને અહીં ઉપપાત કહેવાય છે. પહેલા, ચોથા અને સાતમા ગમ્માથી જવાવાળા ઉત્પતિ સ્થાનની જઘન્યથી ઉત્કૃષ્ટ સુધીની બધી સ્થિતિઓ પ્રાપ્ત કરે છે. બીજા, પાંચમા અને આઠમા ગમ્માથી જવાવાળા ઉત્પતિ સ્થાનની યોગ્ય જઘન્ય સ્થિતિ પ્રાપ્ત કરે છે. ત્રીજા, છટ્ઠા અને નવમા ગમ્માથી જવાવાળા ઉત્પતિ સ્થાનની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત કરે છે. પરંતુ તિર્યંચ મનુષ્યના યુગલિયા, જ્યોતિષી અને પહેલા બીજા દેવલોકમાં ઉત્પન્ન થાય તો ચોથા, પાંચમા, છટ્ઠા ત્રણે ગમ્મામાં ત્યાંની જઘન્ય સ્થિતિ જ પ્રાપ્ત કરે છે. પરંતુ ઉપરોક્ત કથન(નિયમ) અનુસાર ચોથા ગમ્મામાં બધી સ્થિતિઓ અને છટ્ઠામાં ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત કરતા નથી. આ કારણથી આ ૨ × ૩ × ૨ = ૧૨ ગમ્મા થતા નથી. આ તૂટેલા ગમ્માની ગણત્રીમાં છે.

**(૨) પરિમાણ :–** (૧) સાતમી નારકીમાં ત્રીજા અને નવમા ગમ્મામાં આવનારા સન્ની તિર્યંચ ઉત્કૃષ્ટ સંખ્યાતા હોય છે. (૨) સન્ની મનુષ્ય સર્વત્ર ઉત્કૃષ્ટ સંખ્યાતા જ ઉત્પન્ન થાય છે. (૩) યુગલિયા મનુષ્ય યુગલિયા તિર્યંચ પણ દેવોમાં જ જાય છે અને તે ઉત્કૃષ્ટ સંખ્યાતા જ ઉત્પન્ન થાય છે. (૪) સન્ની મનુષ્યમાં ઉત્પન્ન થનારા નારકી દેવતા ઉત્કૃષ્ટ સંખ્યાતા જ ઉત્પન્ન થાય છે. (૫) બાકી બધા બે ઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ મનુષ્ય નારકી દેવતાં જ્યાં પણ જેટલા ગમ્માથી ઉત્પન્ન થાય છે તે ઉત્કૃષ્ટ અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. ઉપરના બધામાં જઘન્ય ૧, ૨, ૩ વિગેરે સંખ્યાથી ઉત્પન્ન થઈ શકે છે. (૬) પૃથ્વી વિગેરે ચાર સ્થાવરમા પાંચ સ્થાવર ઉત્પન્ન થાય તો પહેલા, બીજા, ચોથા, પાંચમા ગમ્માથી નિરંતર અસંખ્ય જ ઉત્પન્ન થાય છે. બાકી પાંચ ગમ્મામાં જઘન્ય ૧, ૨, ૩ ઉત્કૃષ્ટ અસંખ્ય ઉત્પન્ન થાય છે. (૭) વનસ્પતિમાં ચાર સ્થાવર ઉત્પન્ન થાય તો ઉક્ત ચાર ગમ્માથી પ્રતિ સમય અનંત ઉત્પન્ન થાય છે. બાકી પાંચ ગમ્મામા જઘન્ય ૧, ૨, ૩ ઉત્કૃષ્ટ અસંખ્ય ઉત્પન્ન થાય છે.

**(૩) અવગાહના :–** (૧) નારકી દેવતા જ્યાં પણ જેટલા પણ ગમ્માથી ઉત્પન્ન થાય છે. એમની જઘન્ય ઉત્કૃષ્ટ અવગાહના સર્વત્ર એક સરખી હોય છે. એમની



તે અવગાહના પ્રજ્ઞાપના સૂત્ર, જીવાભિગમ સૂત્રમાં કહેવાઈ ગઈ છે.

(૨)પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, સન્ની અસન્ની તિર્યંચ તથા સન્ની અસન્ની મનુષ્ય, ઔદારિકના દશ સ્થાનોમાં ઉત્પન્ન થાય છે. તો ચોથા પાંચમા, છટ્ઠા ત્રણ જઘન્ય ગમ્મામાં અવગાહના જઘન્ય ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમાં ભાગની થાય છે. બાકી ગમ્મામાં એમની જીવાભિગમ સૂત્ર કથિત જઘન્ય ઉત્કૃષ્ટ બધી અવગાહના હોય છે. પરંતુ સન્ની મનુષ્યના સાતમા, આઠમા, નવમા ગમ્મામાં સર્વત્ર અવગાહના જઘન્ય ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ હોય છે. અને ત્રીજા ગમ્માથી મનુષ્ય તથા તિર્યંચમાં જાય તો અવગાહના જઘન્ય અનેક અંગુલ અને ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ હોય છે.

(૩) અસન્ની તિર્યંચ મરીને નારકી દેવતામાં જ્યાં પણ, જેટલા પણ ગમ્માથી ઉત્પન્ન થાય છે સર્વત્ર એમની અવગાહના જઘન્ય ઉત્કૃષ્ટ જીવાભિગમ કથિત જ હોય છે. કોઈ ફર્ક(અંતર) હોતો નથી.

(૪) સન્ની તિર્યંચ મરીને નારકી દેવમાં ઉત્પન્ન થાય છે. તો એના ચોથા, પાંચમા, છટ્ઠા ગમ્મામાં અવગાહના જઘન્ય અંગુલના અસંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ અનેક ધનુષની હોય છે. બાકી ૬ ગમ્મામાં એના આગમોક્ત જઘન્ય ઉત્કૃષ્ટ બધી અવગાહનાઓ હોય છે.

(૫) સન્ની, મનુષ્ય, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી પહેલા બીજા દેવલોક અને પહેલી નરકમાં ઉત્પન્ન થાય છે. તો ચોથા, પાંચમા, છટ્ઠા ગમ્મામાં અવગાહના જઘન્ય ઉત્કૃષ્ટ અનેક અંગુલની હોય છે. બાકી નરક દેવોના ૧૯ સ્થાનોમાં જાય તો આ ત્રણ જઘન્યના ગમ્મામાં અવગાહના જઘન્ય ઉત્કૃષ્ટ અનેક હાથની હોય છે. સાતમા, આઠમા, નવમા ગમ્માથી જાય તો અવગાહના જઘન્ય ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ હોય છે. બાકી ત્રણ (૧,૨,૩) ગમ્માથી જાય તો ઉક્ત બન્ને અવગાહના–ઓના મધ્યની બધી અવગાહનાઓ થાય છે. એનાથી અતિરિક્ત ઓછી યા વધુ અવગાહના થતી નથી.

(૬) યુગલિયા તિર્યંચ ચોથા, પાંચમા છટ્ઠા ગમ્માથી ભવનપતિ, વ્યંતરમા જાય છે. તો અવગાહના જઘન્ય અનેક ધનુષ ઉત્કૃષ્ટ હજાર ધનુષ થાય છે. જ્યોતિષીમાં ચોથા ગમ્માથી (પાંચમો છટ્ઠો ગમ્મો શૂન્ય છે.) જાય તો અવગાહના જઘન્ય અનેક ધનુષ, ઉત્કૃષ્ટ ૧૮૦૦ ધનુષ હોય છે. પહેલા, બીજા દેવલોકમાં ચોથા ગમ્માથી (પાંચમો છટ્ઠો ગમ્મો શૂન્ય છે) જાય તો અવગાહના જઘન્ય અનેક ધનુષ, ઉત્કૃષ્ટ ક્રમશઃ ૨ કોશ અને ૨ કોશ સાધિક હોય છે. (શેષ) બાકી ૬ ગમ્મામાં અવગાહના જઘન્ય અનેક ધનુષ ઉત્કૃષ્ટ ૬ કોશ હોય છે.

(૭) મનુષ્ય યુગલિયા ચોથા, પાંચમા, છઠ્ઠા ગમ્માથી ભવનપતિ વ્યંતરમા જાય તો અવગાહના જઘન્ય ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ સાધિક હોય છે. જ્યોતિષીમાં ચોથા ગમ્માથી (પાંચમો છઠ્ઠો ગમ્મો શૂન્ય છે.) જાય તો અવગાહના જઘન્ય ઉત્કૃષ્ટ ૯૦૦ ધનુષ સાધિક હોય છે. પહેલા બીજા દેવલોકમાં ચોથા ગમ્માથી (પાંચમો છઠ્ઠો ગમ્મો શૂન્ય છે) જાય તો અવગાહના જઘન્ય ઉત્કૃષ્ટ ક્રમશઃ એક કોશ અને એક કોશ સાધિક હોય છે. સાતમા, આઠમા, નવમા ગમ્માથી જાય તો અવગાહના સર્વત્ર જઘન્ય ઉત્કૃષ્ટ ૩ કોશની હોય છે. બાકીપહેલા બીજા બે ગમ્માથી જાય તો અવગાહના સર્વત્ર જઘન્ય ૫૦૦ ધનુષ સાધિક ઉત્કૃષ્ટ ૩ કોશની હોય છે. ત્રીજા ગમ્માથી ભવનપતિ અને પહેલા બીજા દેવલોકમાં જાય તો જઘન્ય ઉત્કૃષ્ટ ૩ કોશ હોય છે. વ્યંતરમા જાય તો જઘન્ય એક કોશ ઉત્કૃષ્ટ ૩ કોશ હોય છે. જ્યોતિષીમાં જાય તો જઘન્ય એક કોશ સાધિક ઉત્કૃષ્ટ ૩ કોશ હોય છે.

**(૪) લેશ્યા :–** (૧) નારકી દેવતા જ્યાં પણ જેટલા પણ ગમ્માથી જાય, એમની સર્વત્ર જીવાભિગમ કથિત લેશ્યા જ થાય છે. કોઈ ભિન્નતા થતી નથી.

(૨) પૃથ્વી, પાણી, વનસ્પતિ ઔદારિકના દશ સ્થાનમાં ચોથા, પાંચમા, છઠ્ઠા ગમ્માથી ઉત્પન્ન થાય તો લેશ્યા ત્રણ હોય છે. બાકી ૬ ગમ્માથી ઉત્પન્ન થાય તો લેશ્યા ૪ હોય છે. તેઉ, વાયુ ત્રણ વિકેલેન્દ્રિય અસન્ની તિર્યંચ મનુષ્ય જ્યાં પણ જેટલા પણ ગમ્માથી ઉત્પન્ન હોય તો લેશ્યા ત્રણ હોય છે.

(૩) સન્ની તિર્યંચ ચોથા, પાંચમા, છઠ્ઠા ગમ્માથી નારકીમાં જાય તો ત્રણ લેશ્યા, ભવનપતિથી બીજા દેવલોક સુધી જાય તો ૪ લેશ્યા તથા ત્રીજા, ચોથા, પાંચમા દેવલોકમા જાય તો ૫ લેશ્યા હોય છે. બાકી ૬ ગમ્માથી જાય તો ૬ લેશ્યા હોય છે. છઠ્ઠા, સાતમા, આઠમા દેવલોકમાં જાય તો બધા ગમ્મામાં ૬ લેશ્યા હોય છે. ઔદારિકના દશ દંડકોમા જાય તો ચોથા પાંચમા, છઠ્ઠા ગમ્મામાં સર્વત્ર ત્રણ લેશ્યા હોય છે. બાકી ૬ ગમ્મામાં ૬ લેશ્યા હોય છે.

(૪) સન્ની મનુષ્ય નારકી, દેવતામાં જેટલા ગમ્માથી જાય તો સર્વત્ર લેશ્યા ૬ હોય છે. ઔદારિકના દશ સ્થાનોમાં જાય તો ચોથા, પાંચમા, છઠ્ઠા ગમ્મામાં ત્રણ લેશ્યા હોય છે. બાકી ૬ ગમ્મામાં ૬ લેશ્યા હોય છે.

(૫) મનુષ્ય તિર્યંચ બન્ને યુગલિયા ભવનપતિ વ્યંતર, જ્યોતિષી પહેલા બીજા દેવલોકમાં જાય ત્યાં સર્વત્ર ૪ લેશ્યા હોય છે.

**(૫) દૃષ્ટિ :–** (૧) બધી નરક તથા નવ ગ્રૈવેયક સુધી દેવ જ્યાં પણ જેટલા પણ



ગમ્માથી જાય છે એમા સર્વત્ર દૃષ્ટિ ત્રણ હોય છે. અણુત્તર વિમાનના દેવોમા ત્રણે ગમ્મામાં (છ ગમ્મા શૂન્ય છે) એક દૃષ્ટિ જ હોય છે.

(૨) પાંચ સ્થાવર, અસન્ની મનુષ્ય જ્યાં, જેટલા ગમ્માથી જાય છે, એમાં એક દૃષ્ટિ જ હોય છે. ત્રણ વિકલેન્દ્રિય, અસન્ની તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિકના દશ સ્થાનમાં જાય તો ચોથા, પાંચમા, છઠ્ઠા ગમ્મામાં એક દૃષ્ટિ હોય છે. બાકી ૬ ગમ્મામાં બે દૃષ્ટિ હોય છે. અસન્ની તિર્યંચ નારકી, દેવમાં જાય છે. બધા ગમ્મામાં એક મિથ્યા દૃષ્ટિ જ હોય છે.

(૩) સન્ની તિર્યંચ નારકી, દેવમાં (આઠમા દેવલોક સુધી) જાય છે. તો ચોથા પાંચમા છઠ્ઠા ગમ્માથી નારકી સહિત જ્યોતિષી સુધી જનારામાં એક દૃષ્ટિ હોય છે. એના આગળના દેવોમાં જનારામાં બે દૃષ્ટિ હોય છે. બાકી ૬ ગમ્મામાં સર્વત્ર ૩ દૃષ્ટિ હોય છે. ઔદારિકના દશ સ્થાનોમાં જાય તો ચોથા, પાંચમા, છઠ્ઠા ગમ્મામાં એક દૃષ્ટિ, બાકી ૬ ગમ્મામાં ત્રણ દૃષ્ટિ હોય છે.

(૪) સન્ની મનુષ્ય નારકી દેવતામાં જ્યાં પણ જેટલા પણ ગમ્માથી જાય છે, સર્વત્ર ત્રણ દૃષ્ટિ હોય છે. ઔદારિકના દશ સ્થાનોમાં જાય તો ચોથા, પાંચમા, છઠ્ઠા ગમ્મામાં એક દૃષ્ટિ, બાકી ૬ ગમ્મામાં ૩ દૃષ્ટિ હોય છે.

(૫) બન્ને પ્રકારના યુગલિયા ભવનપતિ વ્યંતર જ્યોતિષીમાં જાય છે. એમાં બધા ગમ્મામાં એક મિથ્યાદૃષ્ટિ હોય છે. પહેલા બીજા દેવલોકમાં જાય છે એમાં બે દૃષ્ટિ હોય છે.

**(૬) જ્ઞાન :–** (૧) નારકી દેવતા જ્યાં પણ જેટલા પણ ગમ્માથી જાય છે, ૩ જ્ઞાન ૩ અજ્ઞાન હોય છે. અણુત્તર વિમાનમા કેવળ ૩ જ્ઞાન હોય છે.

(૨) પાંચ સ્થાવર અસન્ની મનુષ્ય જ્યાં પણ જેટલા પણ ગમ્માથી જાય છે ૨ અજ્ઞાન હોય છે. ત્રણ વિકલેન્દ્રિય, અસન્ની તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિકના દશ સ્થાનોમાં જાય તો ચોથા, પાંચમા, છઠ્ઠા ગમ્મામાં ૨ અજ્ઞાન હોય છે. બાકી ૬ ગમ્મામાં ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન હોય છે. અસન્ની તિર્યંચ પંચેન્દ્રિય નારકી, દેવતામાં જાય છે. બધા ગમ્મામાં ૨ અજ્ઞાન હોય છે.

(૩) સન્ની તિર્યંચ નરક દેવમાં જ્યોતિષી સુધી જાય છે. તો ચોથા, પાંચમા, છઠ્ઠા ગમ્મામા ૩ અજ્ઞાન હોય છે. બાકી ૬ ગમ્મામાં ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન હોય છે. પહેલા દેવલોકથી આઠમા દેવલોક સુધી જાય છે. તો બધા ગમ્મામાં ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન

હોય છે. ઔદારિકના દશ ઘરોમાં જાય તો ચોથા, પાંચમા, છઠ્ઠા ગમ્મામાં ૨ અજ્ઞાન, બાકી ૬ ગમ્મામાં ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન હોય છે.

(૪) સન્ની મનુષ્ય પહેલી નરક ભવનપતિથી બીજા દેવલોક સુધી જાય છે. તો ચોથા, પાંચમા, છઠ્ઠા ગમ્માથી ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન હોય છે. બાકી ગમ્માથી ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન હોય છે. આગળના દેવલોકમાં જાય તો બધા ગમ્મામાં ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન હોય છે. ઔદારિકના દશ ઘરોમાં જાય તો ચોથા, પાંચમા, છઠ્ઠા ગમ્મામાં ૨ અજ્ઞાન હોય છે. બાકી ૬ ગમ્મામાં ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન હોય છે.

(૫) બન્ને પ્રકારના યુગલિયા દેવોમાં જ્યોતિષી સુધી જાય તો બધા ગમ્મામાં ૨ અજ્ઞાન હોય છે. પહેલા બીજા દેવલોકમાં જાય તો બધા ગમ્મામાં ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન હોય છે.

**(૭) યોગ :–** (૧) નારકી દેવતા જ્યાં પણ જાય સર્વત્ર ૩ યોગ હોય છે.

(૨) પાંચ સ્થાવર અસન્ની મનુષ્ય જ્યાં પણ જાય સર્વત્ર ૧ યોગ હોય છે. ત્રણ વિકલેન્દ્રિય, અસન્ની તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિકના ૧૦ સ્થાનમાં જાય તો ચોથા, પાંચમા, છઠ્ઠા ગમ્મામાં ૧ યોગ, બાકી ૬ ગમ્મામા ૨ યોગ હોય છે. અસન્ની તિર્યંચ, નરક, દેવમાં જાય તો સર્વત્ર ૨ યોગ હોય છે.

(૩) સન્ની તિર્યંચ, સન્ની મનુષ્ય ઔદારિકના દશ સ્થાનમાં જાય તો ચોથા પાંચમા છઠ્ઠા ગમ્મામાં ૧ યોગ, બાકી ૬ ગમ્મામાં ત્રણ યોગ હોય છે. સન્ની તિર્યંચ અને સન્ની મનુષ્ય, નરક, દેવમાં જ્યાં પણ જાય બધા ગમ્માથી ૩ યોગ હોય છે. બન્ને યુગલિયામાં સર્વત્ર ૩ યોગ હોય છે.

**(૮) સમુદ્‌ઘાત :–** (૧) નારકી દેવતા જ્યાં પણ જેટલા પણ ગમ્માથી જાય તો સમુદ્‌ઘાત નારકીમા ૪, દેવતામાં ૫ હોય છે. નવગ્રૈવેયક તથા અણુત્તર દેવોમાં ૩ હોય છે.

(૨) વાયુકાય જ્યાં જ્યાં જાય ચોથા પાંચમા છઠ્ઠા ગમ્મામાં સમુદ્‌ઘાત ૩ હોય છે. બાકી ૬ ગમ્મામાં સમુદ્‌ઘાત ૪ હોય છે. ચાર સ્થાવર ત્રણ વિકલેન્દ્રિય અસન્ની તિર્યંચ, અસન્ની મનુષ્ય, જ્યાં પણ જાય બધા ગમ્મામાં સમુદ્‌ઘાત ૩ હોય છે.

(૩) સન્ની તિર્યંચ જ્યાં પણ જાય ચોથા, પાંચમા છઠ્ઠા ગમ્મામાં સમુદ્‌ઘાત ૩ હોય છે. બાકી ૬ ગમ્મામાં સમુદ્‌ઘાત ૫ હોય છે.

(૪) સન્ની મનુષ્ય ઔદારિકના દશ સ્થાનોમાં જાય તો ચોથા પાંચમા છઠ્ઠા ગમ્મામાં



સમુદ્‌ઘાત ૩ હોય છે. શેષ ૬ ગમ્મામાંથી જાય તો ૬ સમુદ્‌ઘાત ભવનપતિથી બીજા દેવલોક સુધી તથા પહેલી નરકમાં જાય તો ઉક્ત ત્રણ ગમ્મામાં ૫ સમુદ્‌ઘાત હોય છે. બાકી ૬ ગમ્મામાં સમુદ્‌ઘાત ૬ હોય છે. ૬ નરક અને બાકીનાં દેવલોકમાં જાય તો બધા ગમ્મામાં સમુદ્‌ઘાત ૬ હોય છે. બન્ને યુગલિયા જ્યાં પણ જાય એમાં સમુદ્‌ઘાત ૩ જ હોય છે.

**(૯) આયુ :–** (૧) જે પણ જીવ જ્યાં પણ જાય છે તો ૧, ૨, ૩ ગમ્મામાં સૂત્રોક્ત પોતાનું જઘન્ય, ઉત્કૃષ્ટ મધ્યમ સર્વ આયુષ્ય હોય છે. ૪, ૫, ૬ ગમ્મામાં પોતાનું જઘન્ય આયુ હોય છે. અર્થાત્ નરક, દેવમાં ૧૦૦૦૦ વર્ષ વગેરે અને તિર્યંચમાં અંતર્મુહૂર્ત હોય છે. પરંતુ મનુષ્યમાં ઔદારિકના દશ સ્થાનોમાં જાય તો અંતર્મુહૂર્ત હોય છે. વૈક્રિયના ૧૫ સ્થાનોમાં જાય તો અનેક મહિનાનું આયુ હોય છે, બાકી ૬ નરક અને ઉપરના દેવતા(૧૯ સ્થાનો)માં જાય તો આયુ અનેક વર્ષ થાય છે. ૭, ૮, ૯ ગમ્મામાં બધાનું પોતાનું સૂત્રોક્ત ઉત્કૃષ્ટ આયુ હોય છે. મનુષ્ય ત્રીજા ગમ્માથી મનુષ્ય તિર્યંચમાં જાય તો આયુ જઘન્ય અનેક માસ (મહિના), ઉત્કૃષ્ટ કરોડ પૂર્વ હોય છે.

(૨) બન્ને પ્રકારના યુગલિયા ભવનપતિ વ્યંતરમાં જાય તો પહેલા બીજા બે ગમ્મામાં પોતાનું સૂત્રોક્ત બધું આયુ હોય છે. ત્રીજા ગમ્માથી ભવનપતિમાં જાય તો ૩ પલ્યોપમ, વ્યંતરમાં જાય તો જઘન્ય ૧ પલ્યોપમ, ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમ આયુ હોય છે. ૪, ૫, ૬ ગમ્મામાં કરોડ પૂર્વ સાધિક આયુ હોય છે. [નવનિકાયમાં જાય તો ત્રીજા ગમ્મામાં જઘન્ય દેશોન બે પલ્યોયમ ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમ અને ૪–૫–૬ ગમ્મામાં કરોડ પૂર્વ સાધિક આયુ હોય છે] ૭, ૮, ૯ ગમ્મામાં સર્વેયનું ૩ પલ્યોપમનું આયુ હોય છે.

(૩) બન્ને પ્રકારના યુગલિયા જ્યોતિષમાં જાય તો ૧, ૨ ગમ્મામાં જઘન્ય પલયોપમનો આઠમો ભાગ ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમનું આયુ હોય છે. ત્રીજા ગમ્મામાં જઘન્ય એક પલ્યોપમ સાધિક ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમનું આયુ હોય છે. ચોથા ગમ્મમાં (પાંચમો, છઠ્ઠો ગમ્મો શૂન્ય છે) પલ્યોપમનો આઠમો ભાગ આયુ હોય છે. ૭–૮–૯ ગમ્મામાં ૩ પલ્યોપમનું આયુ હોય છે.

(૪) બન્ને પ્રકારના યુગલિયા પહેલા, બીજા દેવલોકમાં જાય તો ૧, ૨ ગમ્મામાં ક્રમશઃ જઘન્ય એક પલ્યોપમ અને એક પલ્યોપમ સાધિક આયુ હોય છે. ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમ હોય છે. ત્રીજા ગમ્માથી જાય તો ૩ પલ્યોપમનું આયુ હોય છે. ચોથા

ગમ્મા(પાંચમો છઠ્ઠો ગમ્મો શૂન્ય છે)થી જાય તો બન્નેમાં ક્રમશઃ એક પલ્યોપમ અને એક પલ્યોપમ સાધિક આયુ હોય છે. ૭, ૮, ૯ ગમ્માથી જાય તો ૩ પલ્યોપમનું આયુ હોય છે.

**(૧૦) અનુબંધ :–** આયુષ્ય અનુસાર જ સર્વત્ર અનુબંધ હોય છે. અર્થાત્ (૧) ગતિ (૨) જાતિ (૩) અવગાહના (૪) સ્થિતિ (૫) અનુભાગ (૬) પ્રદેશ આ ૬ બોલના અનુબંધ આયુની સાથે તદનુરૂપ હોય છે.

**(૧૧) અધ્યવસાય :–** (૧) નારકી દેવતા જ્યાં પણ જાય સર્વત્ર શુભ અશુભ બે અધ્યવસાય હોય છે.

(૨) પાંચ સ્થાવર ત્રણ વિકલેન્દ્રિય અસન્ની સન્ની તિર્યંચ અને સન્ની મનુષ્ય ઔદારિકના દશ સ્થાનોમાં જાય ચોથા પાંચમા છઠ્ઠા ગમ્મામાં અધ્યવસાય એક અશુભ હોય છે. બાકી ૬ ગમ્મામાં બન્ને અધ્યવસાય હોય છે.

(૩) સન્ની તિર્યંચ ૪, ૫, ૬ ગમ્માથી નારકીમાં જાય તો અશુભ અને દેવતામાં જાય તો શુભ અધ્યવસાય હોય છે. બાકી ૬ ગમ્મામાં બંને અધ્યવસાય હોય છે.

(૪) અસન્ની મનુષ્ય ઔદારિકના દશ સ્થાનોમાં જાય તો ત્રણ ગમ્મા (બાકીના ૬ ગમ્મા શૂન્ય છે)માં અશુભ અધ્યવસાય હોય છે. સન્ની મનુષ્ય નારકી દેવતામાં જાય તો સર્વત્ર બે અધ્યવસાય હોય છે.

(૫) બન્ને યુગલિયા દેવોમાં જાય છે. સર્વત્ર અધ્યવસાય બન્ને હોય છે.

**(૧૨) કાય સંવેધ–ભવાદેશ :–** (૧) ૬ નારકી, ૨૦ દેવતા (આઠમા દેવલોક સુધી) આ ૨૬ જીવ મનુષ્ય તિર્યંચમાં જાય તો બધા ગમ્મામાં જઘન્ય ૨ ભવ, ઉત્કૃષ્ટ ૮ ભવ કરે. સાતમી નારકીના જીવ તિર્યંચમાં જાય તો ૭, ૮, ૯ ગમ્માથી જઘન્ય ૨ ભવ, ઉત્કૃષ્ટ ૪ ભવ કરે. બાકી ૬ ગમ્મામાં જઘન્ય ૨ ભવ, ઉત્કૃષ્ટ ૬ ભવ કરે.

(૨) ૯ થી ૧૨ દેવલોક અને ગ્રૈવેયકના દેવ મનુષ્યમાં જાય તો બધા ગમ્માથી જઘન્ય ૨, ઉત્કૃષ્ટ ૬ ભવ કરે. ચાર અણુત્તર વિમાનના દેવ મનુષ્યમાં જાય તો બધા ગમ્માથી જઘન્ય ૨, ઉત્કૃષ્ટ ૪ ભવ કરે. સર્વાર્થસિદ્ધના દેવ મનુષ્યમાં જાય તો પહેલા, બીજા, ત્રીજા ગમ્મા(બાકીના ૬ ગમ્મા શૂન્ય છે)થી ૨ ભવ કરે. ૧૪ દેવતા, પૃથ્વી, પાણી વનસ્પતિમાં જાય તો બધા ગમ્માથી જઘન્ય ઉત્કૃષ્ટ ૨ ભવ કરે.

(૩) પૃથ્વી વિગેરે ચાર સ્થાવર, પાંચ સ્થાવરમાં જાય અને વનસ્પતિ ચાર સ્થાવરમાં



જાય તો પહેલા, બીજા, ચોથા, પાંચમા ગમ્માથી જઘન્ય ૨ ભવ ઉત્કૃષ્ટ અસંખ્ય ભવ કરે. બાકી પાંચ ગમ્મામાં જઘન્ય ૨, ઉત્કૃષ્ટ ૮ ભવ કરે. વનસ્પતિ, વનસ્પતિમાં જાય તો ઉક્ત (ઉપરના) ચાર ગમ્માથી જઘન્ય ૨, ઉત્કૃષ્ટ અનંત ભવ કરે. બાકી પાંચ ગમ્મામાં જઘન્ય ૨, ઉત્કૃષ્ટ ૮ ભવ કરે.

(૪) પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિયમાં જાય અને ત્રણ વિકલેન્દ્રિય ઔદારિકના આઠ સ્થાન(પાંચ સ્થાવર ત્રણ વિકલેન્દ્રિય) માં જાય તો પહેલા બીજા, ચોથા, પાંચમા ગમ્મામાં જઘન્ય બે ભવ ઉત્કૃષ્ટ સંખ્યાતા ભવ કરે. બાકી ૫ ગમ્મામાં જઘન્ય બે ભવ, ઉત્કૃષ્ટ ૮ ભવ કરે.

(૫) પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, આઠ જીવ મનુષ્ય તિર્યંચના ઘરમાં જાય તો સન્ની મનુષ્ય, સન્ની તિર્યંચ અને અસન્ની તિર્યંચ આ ત્રણ જીવ, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિયમાં જાય તો બધા ગમ્મામાં જઘન્ય ૨ ભવ, ઉત્કૃષ્ટ ૮ ભવ કરે. તેઉ, વાયુના જીવ મનુષ્યમાં આવતા નથી.

(૬) અસન્ની મનુષ્ય ઔદારિકના દશ સ્થાનમાં જાય તો પહેલા, બીજા, ત્રીજા ગમ્મા (૬ ગમ્મા શૂન્ય છે)માં જઘન્ય ૨ ભવ, ઉત્કૃષ્ટ ૮ ભવ કરે.

(૭) અસન્ની તિર્યંચ, સન્ની તિર્યંચ, સન્ની મનુષ્ય ઔદારિકના બે ઘર (મનુષ્ય તિર્યંચ)માં જાય તો ત્રીજા, નવમા ગમ્માથી જઘન્ય ઉત્કૃષ્ટ બે ભવ કરે. બાકી ૭ ગમ્મામાં જઘન્ય ૨ ભવ, ઉત્કૃષ્ટ ૮ ભવ કરે.

(૮) અસન્ની તિર્યંચ ૧૧ દેવતા ૧ નરકમાં જાય. જઘન્ય ઉત્કૃષ્ટ બે ભવ કરે.

(૯) સન્ની તિર્યંચ સન્ની મનુષ્ય ૬ નરક ૨૦ દેવતામાં જાય તો જઘન્ય ૨, ઉત્કૃષ્ટ ૮ ભવ કરે. મનુષ્ય સાતમી નરકમાં જાય તો બધા ગમ્મામાં ૨ ભવ કરે. સન્ની તિર્યંચ સાતમી નરકમાં જાય તો ત્રીજા, છઠ્ઠા નવમા ગમ્માથી જઘન્ય ૩, ઉત્કૃષ્ટ ૫ ભવ કરે. બાકી છ (૬) ગમ્મામાં જઘન્ય ૩, ઉત્કૃષ્ટ ૭ ભવ કરે. સન્ની મનુષ્ય ચાર દેવલોક અને ગ્રૈવેયકમાં જાય તો બધા ગમ્મામાં જઘન્ય ૩, ઉત્કૃષ્ટ ૭ ભવ કરે. ૪ અણુત્તર વિમાનમાં જાય તો બધા ગમ્મામાં જઘન્ય ૩, ઉત્કૃષ્ટ ૫ ભવ કરે. સર્વાર્થ–સિદ્ધ વિમાનમાં જાય તો ૧, ૪, ૭ ત્રણ ગમ્માથી (બાકીના ૬ ગમ્મા નથી) જઘન્ય ઉત્કૃષ્ટ ૩ ભવ કરે.

(૧૦) બન્ને યુગલિયા ૧૪ દેવતામાં જેટલા ગમ્માથી જાય તો જઘન્ય ઉત્કૃષ્ટ ૨ ભવ જ કરે.

**નોંધ :–** કુલ ભવના સ્થાન દશ પ્રકારના હોય છે : ર ભવ, ૩, ૪,૫, ૬, ૭, ૮ ભવ, સંખ્યાત ભવ, અસંખ્યાત ભવ, અનંત ભવ અથવા બીજી રીતે ૧૦ પ્રકાર– ર ભવ, ૩ ભવ, ર–૪, ર–૬, ર–૮ ભવ, ૩–૫, ૩–૭, ર–સંખ્યાત, ર–અસંખ્યાત, ર–અનંતભવ.

**(૧ર) કાય સંવેધ–કાલાદેશ :–** (૧) ૩ર૧ આગતિ સ્થાનોના બધા ગમ્માના કાલાદેશ અલગ અલગ હોય છે. પ્રત્યેક ગમ્માના જઘન્ય કાલાદેશ બે ભવની જઘન્ય સ્થિતિ–આયુ જોડવાથી થાય છે. અને ઉત્કૃષ્ટ કાલાદેશ એ ગમ્માના જેટલા ઉત્કૃષ્ટ ભવ છે એમની ઉત્કૃષ્ટ સ્થિતિ આયુ જોડવાથી થાય છે.

(ર) બે ભવ હોય તો એક આયુ આગત સ્થાનના અને એક આયુ ઉત્પતિ સ્થાનના જોડવામાં આવે છે. ૮ ભવ હોય તો ૪–૪ ગુણ આયુ બન્નેના જોડવામાં આવે છે. જ્યારે ૩, ૫, ૭ ભવ હોય તો ર, ૩, ૪ ભવ આગત સ્થાનના અને ૧, ર, ૩ ભવ ઉત્પતિ સ્થાનના જોડવામાં આવે છે. જ્યારે ૪ અથવા ૬ ભવ હોય તો બન્નેના ર–ર અથવા ૩–૩ ભવ જોડવામાં આવે છે. સંખ્યાત, અસંખ્યાત અને અનંત ભવ હોય ત્યાં બંનેના સંખ્યાત અસંખ્યાત અને અનંત ભવ જોડવામાં આવે છે.

(૩) જઘન્ય કાલાદેશમાં એ ગમ્માનું ઓછામાં ઓછું આયુ કહેવામાં આવે છે. અને ઉત્કૃષ્ટ કાલાદેશમાં એ ગમ્માનું વધુમાં વધુ આયુ કહેવામાં આવે છે.

પ્રત્યેક ગમ્મામાં બે શબ્દ હોય છે. પહેલા શબ્દ અનુસાર આગત સ્થાનની આયુ કહેવામા આવે છે. અને બીજા શબ્દ અનુસાર ઉત્પત્તિ સ્થાનની આયુ કહેવામાં આવે છે. જેમ કે–

| ક્રમ | ગમ્મા | સ્થિતિ વિવરણ |
|---|---|---|
| ૧ | ઔઘિક ઔઘિક | આગત અને ઉત્પત્તિ સ્થાનની બધી જઘન્ય ઉત્કૃષ્ટ આયુ |
| ર | ઔઘિક જઘન્ય | આગત સ્થાનની બધી ઉમ્ર અને ઉત્પત્તિ સ્થાનની જઘન્ય ઉમ્ર |
| ૩ | ઔઘિક ઉત્કૃષ્ટ | આગત સ્થાનની બધી ઉમ્ર અને ઉત્પત્તિ સ્થાનની ઉત્કૃષ્ટ ઉમ્ર |
| ૪ | જઘન્ય ઔઘિક | આગત સ્થાનની જઘન્ય ઉમ્ર અને ઉત્પત્તિ સ્થાનની બધી ઉમ્ર |
| ૫ | જઘન્ય જઘન્ય | આગત સ્થાનની જઘન્ય ઉમ્ર અને ઉત્પત્તિ સ્થાનની જઘન્ય ઉમ્ર |
| ૬ | જઘન્ય ઉત્કૃષ્ટ | આગત સ્થાનની જઘન્ય ઉમ્ર અને ઉત્પત્તિ સ્થાનની ઉત્કૃષ્ટ ઉમ્ર |
| ૭ | ઉત્કૃષ્ટ ઔઘિક | આગત સ્થાનની ઉત્કૃષ્ટ ઉમ્ર અને ઉત્પત્તિ સ્થાનની બધી ઉમ્ર |
| ૮ | ઉત્કૃષ્ટ જઘન્ય | આગત સ્થાનની ઉત્કૃષ્ટ ઉમ્ર અને ઉત્પત્તિ સ્થાનની જઘન્ય ઉમ્ર |
| ૯ | ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ | આગત સ્થાનની ઉત્કૃષ્ટ ઉમ્ર અને ઉત્પત્તિ સ્થાનની ઉત્કૃષ્ટ ઉમ્ર |



## કાલાદેશના ર૧ ઉદાહરણ

### (૧) અસન્ની તિર્યંચ પહેલી નારકીમાં– [ર ભવ]

| ક્રમાંક | ગમ્મા નામ | જઘન્ય કાલાદેશ | ઉત્કૃષ્ટ કાલાદેશ |
|---|---|---|---|
| ૧ | ઔઘિક ઔઘિક | અંતર્મુહૂર્ત+ ૧૦૦૦૦ વર્ષ | કરોડ પૂર્વ + પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. |
| ર | ઔઘિક જઘન્ય | અંતર્મુહૂર્ત + ૧૦૦૦૦ વર્ષ | કરોડ પૂર્વ – ૧૦૦૦૦ વર્ષ. |
| ૩ | ઔઘિક ઉત્કૃષ્ટ | અંતર્મુહૂર્ત – પલ્યનો અસં. ભાગ | કરોડ પૂર્વ–પલ્યનો અસં. ભાગ. |
| ૪ | જઘન્ય ઔઘિક | અંતર્મુહૂર્ત– ૧૦૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત – પલ્યનો અસં. ભાગ. |
| ૫ | જઘન્ય જઘન્ય | અંતર્મુહૂર્ત–૧૦૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત– ૧૦૦૦૦ વર્ષ. |
| ૬ | જઘન્ય ઉત્કૃષ્ટ | અંતર્મુહૂર્ત – પલ્યનો અસં. ભાગ | અંતર્મુહૂર્ત – પલ્યનો અસં. ભાગ. |
| ૭ | ઉત્કૃષ્ટ ઔઘિક | કરોડપૂર્વ–૧૦૦૦૦ વર્ષ. | કરોડ પૂર્વ – પલ્યનો અસં. ભાગ. |
| ૮ | ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ | કરોડ પૂર્વ–પલ્યનો અસં. ભાગ | કરોડ પૂર્વ–પલ્યનો અસં. ભાગ |

### (ર) સન્ની તિર્યંચ પહેલી નરકમાં – [ર ભવ. ૮ ભવ]

| | | | |
|---|---|---|---|
| ૧ | ઔઘિક ઔઘિક | અંતર્મુહૂર્ત– ૧૦૦૦૦ વર્ષ | ૪ કરોડ પૂર્વ–૪ સાગર |
| ર | ઔઘિક જઘન્ય | અંતર્મુહૂર્ત– ૧૦૦૦૦ વર્ષ | ૪ કરોડ પૂર્વ– ૪૦૦૦૦ વર્ષ |
| ૩ | ઔઘિક ઉત્કૃષ્ટ | અંતર્મુહૂર્ત– ૧ સાગર | ૪ કરોડ પૂર્વ– ૪ સાગર |
| ૪ | જઘન્ય ઔઘિક | અંતર્મુહૂર્ત– ૧૦૦૦૦ વર્ષ | ૪ અંતર્મુહૂર્ત – ૪ સાગર |
| ૫ | જઘન્ય જઘન્ય | અંતર્મુહૂર્ત– ૧૦૦૦૦ વર્ષ | ૪ અંતર્મુહૂર્ત– ૪૦૦૦૦ વર્ષ. |
| ૬ | જઘન્ય ઉત્કૃષ્ટ | અંતર્મુહૂર્ત– ૧ સાગર | ૪ અંતર્મુહૂર્ત – ૪ સાગર |
| ૭ | ઉત્કૃષ્ટ ઔઘિક | કરોડ પૂર્વ–૧૦૦૦૦ વર્ષ | ૪ કરોડ પૂર્વ – ૪ સાગર |
| ૮ | ઉત્કૃષ્ટ જઘન્ય | કરોડ પૂર્વ–૧૦૦૦૦ વર્ષ | ૪ કરોડ પૂર્વ – ૪૦૦૦૦ વર્ષ |
| ૯ | ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ | કરોડ પૂર્વ– ૧ સાગર | ૪ કરોડ પૂર્વ – ૪ સાગર |

(૩) સન્ની મનુષ્ય પહેલી નરકમાં – [૨ ભવ ૮ ભવ]

| | | | |
|---|---|---|---|
| ૧ | ઔઘિક ઔઘિક | અનેક માસ – ૧૦૦૦૦ વર્ષ | ૪ કરોડ પૂર્વ – ૪ સાગર |
| ૨ | ઔઘિક જઘન્ય | અનેક માસ – ૧૦૦૦૦ વર્ષ | ૪ કરોડ પૂર્વ – ૪૦૦૦૦ વર્ષ |
| ૩ | ઔઘિક ઉત્કૃષ્ટ | અનેક માસ – ૧ સાગર | ૪ કરોડ પૂર્વ – ૪ સાગર |
| ૪ | જઘન્ય ઔઘિક | અનેક માસ – ૧૦૦૦૦ વર્ષ | ૪ અનેક માસ – ૪ સાગર |
| ૫ | જઘન્ય જઘન્ય | અનેક માસ – ૧૦૦૦૦ વર્ષ | ૪ અનેક માસ – ૪૦૦૦૦ વર્ષ |
| ૬ | જઘન્ય ઉત્કૃષ્ટ | અનેક માસ – ૧ સાગર | ૪ અનેક માસ – ૪ સાગર |
| ૭ | ઉત્કૃષ્ટ ઔઘિક | કરોડ પૂર્વ – ૧૦૦૦૦ વર્ષ | ૪ કરોડ પૂર્વ – ૪ સાગર |
| ૮ | ઉત્કૃષ્ટ જઘન્ય | કરોડ પૂર્વ – ૧૦૦૦૦ વર્ષ | ૪ કરોડ પૂર્વ – ૪૦૦૦૦ વર્ષ |
| ૯ | ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ | કરોડ પૂર્વ – ૧ સાગર | ૪ કરોડા પૂર્વ – ૪ સાગર |

(૪) સન્ની તિર્યંચ સાતમી નરકમાં [ ૩ ભવ ૭ ભવ અને ૩ ભવ ૫ ભવ]

| | | | |
|---|---|---|---|
| ૧ | ઔઘિક ઔઘિક | ૨ અંતર્મુહૂર્ત – ૨૨ સાગર | ૪ કરોડ પૂર્વ – ૬૬ સાગર |
| ૨ | ઔઘિક જઘન્ય | ૨ અંતર્મુહૂર્ત – ૨૨ સાગર | ૪ કરોડ પૂર્વ – ૬૬ સાગર |
| ૩ | ઔઘિક ઉત્કૃષ્ટ | ૨ અંતર્મુહૂર્ત – ૩૩ સાગર | ૩ કરોડ પૂર્વ – ૬૬ સાગર |
| ૪ | જઘન્ય ઔઘિક | ૨ અંતર્મુહૂર્ત – ૨૨ સાગર | ૪ અંતર્મુહૂર્ત – ૬૬ સાગર |
| ૫ | જઘન્ય જઘન્ય | ૨ અંતર્મુહૂર્ત – ૨૨ સાગર | ૪ અંતર્મુહૂર્ત – ૬૬ સાગર |
| ૬ | જઘન્ય ઉત્કૃષ્ટ | ૨ અંતર્મુહૂર્ત – ૩૩ સાગર | ૩ અંતર્મુહૂર્ત – ૬૬ સાગર |
| ૭ | ઉત્કૃષ્ટ ઔઘિક | ૨ કરોડ પૂર્વ– ૨૨ સાગર | ૪ કરોડ પૂર્વ – ૬૬ સાગર |
| ૮ | ઉત્કૃષ્ટ જઘન્ય | ૨ કરોડ પૂર્વ – ૨૨ સાગર | ૪ કરોડ પૂર્વ – ૬૬ સાગર |
| ૯ | ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ | ૨ કરોડ પૂર્વ – ૩૩ સાગર | ૩ કરોડ પૂર્વ – ૬૬ સાગર |

**નોંટ :–** ૩૩ સાગરની સ્થિતિના ઉત્કૃષ્ટ ૨ ભવ જ થઈ શકે છે. ત્રણ ભવ ૨૨ સાગરથી થાય છે.

(૫) મનુષ્ય સાતમી નરકમાં [૨ ભવ]

| | | | |
|---|---|---|---|
| ૧ | ઔઘિક ઔઘિક | અનેક વર્ષ – ૨૨ સાગર | કરોડ પૂર્વ – ૩૩ સાગર |
| ૨ | ઔઘિક જઘન્ય | અનેક વર્ષ – ૨૨ સાગર | કરોડ પૂર્વ – ૨૨ સાગર |
| ૩ | ઔઘિક ઉત્કૃષ્ટ | અનેક વર્ષ – ૩૩ સાગર | કરોડ પૂર્વ – ૩૩ સાગર |
| ૪ | જઘન્ય ઔઘિક | અનેક વર્ષ – ૨૨ સાગર | અનેક વર્ષ – ૩૩ સાગર |
| ૫ | જઘન્ય જઘન્ય | અનેક વર્ષ – ૨૨ સાગર | અનેક વર્ષ – ૨૨ સાગર |
| ૬ | જઘન્ય ઉત્કૃષ્ટ | અનેક વર્ષ – ૩૩ સાગર | અનેક વર્ષ – ૩૩ સાગર |
| ૭ | ઉત્કૃષ્ટ ઔઘિક | કરોડ પૂર્વ – ૨૨ સાગર | કરોડ પૂર્વ – ૩૩ સાગર |
| ૮ | ઉત્કૃષ્ટ જઘન્ય | કરોડ પૂર્વ – ૨૨ સાગર | કરોડ પૂર્વ – ૨૨ સાગર |
| ૯ | ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ | કરોડ પૂર્વ – ૩૩ સાગર | કરોડ પૂર્વ – ૩૩ સાગર |



(૬) ભવનપતિ દેવ પૃથ્વી પાની, વનસ્પતિમાં – [૨ ભવ]

| | | | |
|---|---|---|---|
| ૧ | ઔઘિક ઔઘિક | ૧૦૦૦૦ વર્ષ – અંતર્મુહૂર્ત | ૧ સાગર સાધિક–૨૨૦૦૦ વર્ષ |
| ૨ | ઔઘિક જઘન્ય | ૧૦૦૦૦ વર્ષ – અંતર્મુહૂર્ત | ૧ સાગર સાધિક– અંતર્મુહૂર્ત |
| ૩ | ઔઘિક ઉત્કૃષ્ટ | ૧૦૦૦૦ વર્ષ – ૨૨૦૦૦ વર્ષ | ૧ સાગર સાધિક– ૨૨૦૦૦ વર્ષ |
| ૪ | જઘન્ય ઔઘિક | ૧૦૦૦૦ વર્ષ – અંતર્મુહૂર્ત | ૧૦૦૦૦ વર્ષ– ૨૨૦૦૦૦ વર્ષ |
| ૫ | જઘન્ય જઘન્ય | ૧૦૦૦૦ વર્ષ – અંતર્મુહૂર્ત | ૧૦૦૦૦ વર્ષ– અંતર્મુહૂર્ત |
| ૬ | જઘન્ય ઉત્કૃષ્ટ | ૧૦૦૦૦ વર્ષ ૨૨૦૦૦ વર્ષ | ૧૦૦૦૦ વર્ષ – ૨૨૦૦૦ વર્ષ |
| ૭ | ઉત્કૃષ્ટ ઔઘિક | ૧ સાગર સાધિક –અંતર્મુહૂર્ત | ૧ સાગર સાધિક– ૨૨૦૦૦ વર્ષ |
| ૮ | ઉત્કૃષ્ટ જઘન્ય | ૧ સાગર સાધિક– અતર્મુહૂર્ત | ૧ સાગર સાધિક– અંતર્મુહૂર્ત |
| ૯ | ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ | ૧ સાગર સાધિક– ૨૨૦૦૦ વર્ષ | ૧ સાગર સાધિક– ૨૨૦૦૦ વર્ષ. |

(૭) બારમો દેવલોક મનુષ્યમાં – [ ૨ ભવ, ૬ ભવ]

| | | | |
|---|---|---|---|
| ૧ | ઔઘિક ઔઘિક | ૨૧ સાગર – અનેક વર્ષ | ૬૬ સાગર – ૩ કરોડ પૂર્વ |
| ૨ | ઔઘિક જઘન્ય | ૨૧ સાગર – અનેક વર્ષ | ૬૬ સાગર – ૩ અનેક વર્ષ |
| ૩ | ઔઘિક ઉત્કૃષ્ટ | ૨૧ સાગર – કરોડ પૂર્વ | ૬૬ સાગર – ૩ કરોડ પૂર્વ |
| ૪ | જઘન્ય ઔઘિક | ૨૧ સાગર – અનેક વર્ષ | ૬૩ સાગર – ૩ કરોડ પૂર્વ |
| ૫ | જઘન્ય જઘન્ય | ૨૧ સાગર – અનેક વર્ષ | ૬૩ સાગર – ૩ અનેક વર્ષ |
| ૬ | જઘન્ય ઉત્કૃષ્ટ | ૨૧ સાગર – કરોડ પૂર્વ | ૬૩ સાગર – ૩ કરોડ પૂર્વ |
| ૭ | ઉત્કૃષ્ટ ઔઘિક | ૨૨ સાગર – અનેક વર્ષ | ૬૬ સાગર – ૩ કરોડ પૂર્વ |
| ૮ | ઉત્કૃષ્ટ જઘન્ય | ૨૨ સાગર – અનેક વર્ષ | ૬૬ સાગર – ૩ અનેક વર્ષ |
| ૯ | ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ | ૨૨ સાગર – કરોડ પૂર્વ | ૬૬ સાગર – ૩ કરોડ પૂર્વ |

(૮) મનુષ્ય ચાર અણુત્તર વિમાનમાં – (૩ ભવ, ૫ ભવ)

| | | | |
|---|---|---|---|
| ૧ | ઔઘિક ઔઘિક | ૨ અનેક વર્ષ – ૩૧ સાગર | ૩ કરોડ પૂર્વ – ૬૬ સાગર |
| ૨ | ઔઘિક જઘન્ય | ૨ અનેક વર્ષ – ૩૧ સાગર | ૩ કરોડ પૂર્વ – ૬૨ સાગર |
| ૩ | ઔઘિક ઉત્કૃષ્ટ | ૨ અનેક વર્ષ – ૩૩ સાગર | ૩ કરોડ પૂર્વ – ૬૬ સાગર |
| ૪ | જઘન્ય ઔઘિક | ૨ અનેક વર્ષ – ૩૧ સાગર | ૩ અનેક વર્ષ – ૬૬ સાગર |
| ૫ | જઘન્ય જઘન્ય | ૨ અનેક વર્ષ – ૩૧ સાગર | ૩ અનેક વર્ષ – ૬૨ સાગર |
| ૬ | જઘન્ય ઉત્કૃષ્ટ | ૨ અનેક વર્ષ – ૩૩ સાગર | ૩ અનેક વર્ષ – ૬૬ સાગર |
| ૭ | ઉત્કૃષ્ટ ઔઘિક | ૨ કરોડ પૂર્વ – ૩૧ સાગર | ૩ કરોડ પૂર્વ – ૬૬ સાગર |
| ૮ | ઉત્કૃષ્ટ જઘન્ય | ૨ કરોડ પૂર્વ – ૩૧ સાગર | ૩ કરોડ પૂર્વ – ૬૨ સાગર |
| ૯ | ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ | ૨ કરોડ પૂર્વ – ૩૩ સાગર | ૩ કરોડ પૂર્વ – ૬૬ સાગર |

(૯) સ્વાર્થ સિદ્ધ દેવ મનુષ્યમાં – [૨ ભવ]

| | | | |
|---|---|---|---|
| ૧ | ઔઘિક ઔઘિક | ૩૩ સાગર – અનેક વર્ષ | ૩૩ સાગર – કરોડ પૂર્વ |
| ૨ | ઔઘિક જઘન્ય | ૩૩ સાગર – અનેક વર્ષ | ૩૩ સાગર – અનેક વર્ષ |
| ૩ | ઔઘિક ઉત્કૃષ્ટ | ૩૩ સાગર – કરોડ પૂર્વ | ૩૩ સાગર – કરોડ પૂર્વ |

(૧૦) મનુષ્ય સ્વાર્થ સિદ્ધમાં – [૩ ભવ]

| | | | |
|---|---|---|---|
| ૧ | ઔઘિક ઔઘિક | ૨ અનેક વર્ષ – ૩૩ સાગર | ૨ કરોડ પૂર્વ – ૩૩ સાગર |
| ૪ | જઘન્ય ઔઘિક | ૨ અનેક વર્ષ – ૩૩ સાગર | ૨ અનેક વર્ષ – ૩૩ સાગર |
| ૭ | ઉત્કૃષ્ટ ઔઘિક | ૨ કરોડ પૂર્વ – ૩૩ સાગર | ૨ કરોડ પૂર્વ – ૩૩ સાગર |

(૧૧) પૃથ્વીકાય, વનસ્પતિકાયમાં – [૨ ભવ, અસંખ્યભવ તથા ૨ ભવ ૮ ભવ]

| | | | |
|---|---|---|---|
| ૧ | ઔઘિક ઔઘિક | અંતમુર્હૂત – અંતર્મુહૂર્ત | અસંખ્યકાળ–અસંખ્યકાળ |
| ૨ | ઔઘિક જઘન્ય | અંતમુર્હૂત – અંતર્મુહૂર્ત | અસંખ્યકાળ–અસંખ્યકાળ |
| ૩ | ઔઘિક ઉત્કૃષ્ટ | અંતમુર્હૂત – ૧૦૦૦૦ વર્ષ | ૮૮૦૦૦ વર્ષ–૪૦૦૦૦ વર્ષ |
| ૪ | જઘન્ય ઔઘિક | અંતમુર્હૂત – અંતર્મુહૂર્ત | અસંખ્યકાળ–અસંખ્યકાળ |
| ૫ | જઘન્ય જઘન્ય | અંતમુર્હૂત – અંતર્મુહૂર્ત | અસંખ્યકાળ–અસંખ્યકાળ |
| ૬ | જઘન્ય ઉત્કૃષ્ટ | અંતમુર્હૂત–૧૦૦૦૦ વર્ષ | ૪ અંતર્મુહૂર્ત–૪૦૦૦૦ વર્ષ |
| ૭ | ઉત્કૃષ્ટ ઔઘિક | ૨૨૦૦૦ વર્ષ – અંતર્મુહૂર્ત | ૮૮૦૦૦ વર્ષ–૪૦૦૦૦ વર્ષ |
| ૮ | ઉત્કૃષ્ટ જઘન્ય | ૨૨૦૦૦ વર્ષ – અંતર્મુહૂર્ત | ૮૮૦૦૦ વર્ષ–૪ અંતર્મુહૂર્ત |
| ૯ | ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ | ૨૨૦૦૦ વર્ષ – ૧૦૦૦૦ વર્ષ | ૮૮૦૦૦ વર્ષ–૪૦૦૦૦ વર્ષ |



(૧૨)વનસ્પતિ વનસ્પતિમાં – (૨ ભવ અનંત ભવ તથા ૨ ભવ ૮ ભવ)

| | | | |
|---|---|---|---|
| ૧ | ઔઘિક ઔઘિક | અંતમુર્હૂત – અંતર્મુહૂર્ત | અનંતકાળ – અનંતકાળ |
| ૨ | ઔઘિક જઘન્ય | અંતમુર્હૂત – અંતર્મુહૂર્ત | અનંતકાળ – અનંતકાળ |
| ૩ | ઔઘિક ઉત્કૃષ્ટ | અંતમુર્હૂત – ૧૦૦૦૦ વર્ષ | ૪૦૦૦૦ વર્ષ – ૪૦૦૦૦ વર્ષ |
| ૪ | જઘન્ય ઔઘિક | અંતમુર્હૂત – અંતર્મુહૂર્ત | અનંતકાળ – અનંતકાળ |
| ૫ | જઘન્ય જઘન્ય | અંતમુર્હૂત – અંતર્મુહૂર્ત | અનંતકાળ – અનંતકાળ |
| ૬ | જઘન્ય ઉત્કૃષ્ટ | અંતમુર્હૂત – ૧૦૦૦૦ વર્ષ | ૪ અંતર્મુહૂર્ત – ૪૦૦૦૦ વર્ષ |
| ૭ | ઉત્કૃષ્ટ ઔઘિક | ૧૦૦૦૦ વર્ષ – અંતર્મુહૂર્ત | ૪૦૦૦૦ વર્ષ – ૪૦૦૦૦ વર્ષ |
| ૮ | ઉત્કૃષ્ટ જઘન્ય | ૧૦૦૦૦ વર્ષ – અંતર્મુહૂર્ત | ૪૦૦૦૦ વર્ષ – ૪ અંતર્મુહૂર્ત |
| ૯ | ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ | ૧૦૦૦૦ વર્ષ – ૧૦૦૦૦ વર્ષ | ૪૦૦૦૦ વર્ષ – ૪૦૦૦૦ વર્ષ |

(૧૩) બેઈન્દ્રિય તેઉકાયમાં – [૨ ભવ સંખ્યાતા ભવ તથા ૨ ભવ ૮ ભવ]

| | | | |
|---|---|---|---|
| ૧ | ઔઘિક ઔઘિક | અંતર્મુહૂર્ત – અંતર્મુહૂર્ત | સંખ્યાતાકાળ – સંખ્યાતાકાળ |
| ૨ | ઔઘિક જઘન્ય | અંતર્મુહૂર્ત – અંતર્મુહૂર્ત | સંખ્યાતાકાળ – સંખ્યાતાકાળ |
| ૩ | ઔઘિક ઉત્કૃષ્ટ | અંતર્મુહૂર્ત – ત્રણ અહોરાત્ર | ૪૮ વર્ષ – ૧૨ અહોરાત્ર |
| ૪ | જઘન્ય ઔઘિક | અંતર્મુહૂર્ત – અંતર્મુહૂર્ત | સંખ્યાતાકાળ – સંખ્યાતાકાળ |
| ૫ | જઘન્ય જઘન્ય | અંતર્મુહૂર્ત – અંતર્મુહૂર્ત | સંખ્યાતાકાળ – સંખ્યાતાકાળ |
| ૬ | જઘન્ય ઉત્કૃષ્ટ | અંતર્મુહૂર્ત – ૩ અહોરાત્ર | ૪ અંતર્મુહૂર્ત – ૧૨ અહોરાત્ર |
| ૭ | ઉત્કૃષ્ટ ઔઘિક | ૧૨ વર્ષ – અંતર્મુહૂર્ત | ૪૮ વર્ષ – ૧૨ અહોરાત્ર |
| ૮ | ઉત્કૃષ્ટ જઘન્ય | ૧૨ વર્ષ – અંતર્મુહૂર્ત | ૪૮ વર્ષ ૪ અંતર્મુહૂર્ત |
| ૯ | ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ | ૧૨ વર્ષ – ૩ અહોરાત્ર | ૪૮ વર્ષ ૧૨ અહોરાત્ર |

(૧૪) તિર્યંચ પંચેન્દ્રિય અપકાયમા – (૨ ભવ ૮ ભવ)

| | | | |
|---|---|---|---|
| ૧ | ઔઘિક ઔઘિક | અંતર્મુહૂર્ત – અંતર્મુહૂર્ત | ૪ કરોડ પૂર્વ – ૨૮૦૦૦ વર્ષ. |
| ૨ | ઔઘિક જઘન્ય | અંતર્મુહૂર્ત – અંતર્મુહૂર્ત | ૪ કરોડ પૂર્વ – ૪ અંતર્મુહૂર્ત |
| ૩ | ઔઘિક ઉત્કૃષ્ટ | અંતર્મુહૂર્ત – ૭૦૦૦ વર્ષ | ૪ કરોડ પૂર્વ – ૨૮૦૦૦ વર્ષ |
| ૪ | જઘન્ય ઔઘિક | અંતર્મુહૂર્ત – અંતર્મુહૂર્ત | ૪ અંતર્મુહૂર્ત – ૨૮૦૦૦ વર્ષ |
| ૫ | જઘન્ય જઘન્ય | અંતર્મુહૂર્ત – અંતર્મુહૂર્ત | ૪ અંતર્મુહૂર્ત – ૪ અંતર્મુહૂર્ત |
| ૬ | જઘન્ય ઉત્કૃષ્ટ | અંતર્મુહૂર્ત – ૭૦૦૦ વર્ષ | ૪ અંતર્મુહૂર્ત – ૨૮૦૦૦ વર્ષ |
| ૭ | ઉત્કૃષ્ટ ઔઘિક | કરોડ પૂર્વ – અંતર્મુહૂર્ત | ૪ કરોડ પૂર્વ – ૨૮૦૦૦ વર્ષ |

| | | | |
|---|---|---|---|
| ૮ | ઉત્કૃષ્ટ જઘન્ય | કરોડ પૂર્વ – અંતર્મુહૂર્ત | ૪ કરોડ પૂર્વ – ૪ અંતર્મુહૂર્ત |
| ૯ | ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ | કરોડ પૂર્વ – ૭૦૦૦ વર્ષ | ૪ કરોડ પૂર્વ – ૨૮૦૦૦ વર્ષ |

**(૧૫) મનુષ્ય વાયુકાયમાં – [૨ ભવ]**

| | | | |
|---|---|---|---|
| ૧ | ઔઘિક–ઔઘિક | અંતર્મુહૂર્ત – અંતર્મુહૂર્ત | કરોડ પૂર્વ – ૩૦૦૦ વર્ષ |
| ૨ | ઔઘિક–જઘન્ય | અંતર્મુહૂર્ત–અંતર્મુહૂર્ત | કરોડ પૂર્વ–અંતર્મુહૂર્ત |
| ૩ | ઔઘિક–ઉત્કૃષ્ટ | અંતર્મુહૂર્ત–૩૦૦૦ વર્ષ | કરોડ પૂર્વ–૩૦૦૦ વર્ષ |
| ૪ | જઘન્ય–ઔઘિક | અંતર્મુહૂર્ત–અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત–૩૦૦૦ વર્ષ |
| ૫ | જઘન્ય–જઘન્ય | અંતર્મુહૂર્ત–અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત–અંતર્મુહૂર્ત |
| ૬ | જઘન્ય–ઉત્કૃષ્ટ | અંતર્મુહૂર્ત–૩૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત–૩૦૦૦ વર્ષ |
| ૭ | ઉત્કૃષ્ટ–ઔઘિક | કરોડ પૂર્વ–અંતર્મુહૂર્ત | કરોડ પૂર્વ–૩૦૦૦ વર્ષ |
| ૮ | ઉત્કૃષ્ટ–જઘન્ય | કરોડ પૂર્વ–અંતર્મુહૂર્ત | કરોડ પૂર્વ–અંતર્મુહૂર્ત |
| ૯ | ઉત્કૃષ્ટ–ઉત્કૃષ્ટ | કરોડ પૂર્વ–૩૦૦૦ વર્ષ | કરોડ પૂર્વ–૩૦૦૦ વર્ષ |

**(૧૬) અસન્ની મનુષ્ય ચૌરેન્દ્રિયમાં – [ ૨ ભવ ૮ ભવ]**

| | | | |
|---|---|---|---|
| ૧ | ઔઘિક ઔઘિક | અંતર્મુહૂર્ત – અંતર્મુહૂર્ત | ૪ અંતર્મુહૂર્ત – ૨૪ મહિના |
| ૨ | ઔઘિક જઘન્ય | અંતર્મુહૂર્ત – અંતર્મુહૂર્ત | ૪ અંતર્મુહૂર્ત – ૪ અંતર્મુહૂર્ત |
| ૩ | ઔઘિક ઉત્કૃષ્ટ | અંતર્મુહૂર્ત – ૬ મહિના | ૪ અંતર્મુહૂર્ત – ૨૪ મહિના |

**નોટ :–** ત્રણ ગમ્મા જ હોય છે. છ ગમ્મા હોતા નથી. કારણ કે અસન્ની મનુષ્યની આયુ જઘન્ય ઉત્કૃષ્ટ એક જ હોય છે.

**(૧૭) સન્ની તિર્યંચ તિર્યંચના ઘરમાં – (૨ભવ ૮ ભવ તથા ૨ ભવ)**

| | | | |
|---|---|---|---|
| ૧ | ઔઘિક ઔઘિક | અંતર્મુહૂર્ત – અંતર્મુહૂર્ત | ૪ કરોડ પૂર્વ – ૩ કરોડ પૂર્વ ૩ પલ્ય |
| ૨ | ઔઘિક જઘન્ય | અંતર્મુહૂર્ત – અંતર્મુહૂર્ત | ૪ કરોડ પૂર્વ – ૪ અંતર્મુહૂર્ત |
| ૩ | ઔઘિક ઉત્કૃષ્ટ | અંતર્મુહૂર્ત – ૩ પલ્ય | કરોડ પૂર્વ – ૩ પલ્ય |
| ૪ | જઘન્ય ઔઘિક | અંતર્મુહૂર્ત – અંતર્મુહૂર્ત | ૪ અંતર્મુહૂર્ત – ૪ કરોડ પૂર્વ |
| ૫ | જઘન્ય જઘન્ય | અંતર્મુહૂર્ત – અંતર્મુહૂર્ત | ૪ અંતર્મુહૂર્ત – ૪ અંતર્મુહૂર્ત |
| ૬ | જઘન્ય ઉત્કૃષ્ટ | અંતર્મુહૂર્ત – કરોડ પૂર્વ | ૪ અંતર્મુહૂર્ત – કરોડ પૂર્વ. |
| ૭ | ઉત્કૃષ્ટ ઔઘિક | કરોડ પૂર્વ – અંતર્મુહૂર્ત | ૪ કરોડ પૂર્વ – ૩ કરોડ પૂર્વ ૩ પલ્ય |
| ૮ | ઉત્કૃષ્ટ જઘન્ય | કરોડ પૂર્વ – અંતર્મુહૂર્ત | ૪ કરોડ પૂર્વ – ૪ અંતર્મુહૂર્ત |
| ૯ | ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ | કરોડ પૂર્વ – ૩ પલ | ૧ કરોડ પૂર્વ – ૩ પલ્ય |



**(૧૮) સન્ની મનુષ્ય ઘરમાં – [૨ ભવ ૮ ભવ તથા ૨ ભવ]**

| | | | |
|---|---|---|---|
| ૧ | ઔઘિક ઔઘિક | અંતર્મુહૂર્ત – અંતર્મુહૂર્ત | ૪ કરોડ પૂર્વ – ૩ કરોડ પૂર્વ ૩ પલ્ય |
| ૨ | ઔઘિક જઘન્ય | અંતર્મુહૂર્ત – અંતર્મુહૂર્ત | ૪ કરોડ પૂર્વ – ૪ અંતર્મુહૂર્ત |
| ૩ | ઔઘિક ઉત્કૃષ્ટ | અનેક માસ – ૩ પલ્ય | ૧ કરોડ પૂર્વ – ૩ પલ્ય |
| ૪ | જઘન્ય ઔઘિક | અંતર્મુહૂર્ત – અંતર્મુહૂર્ત | ૪ અંતર્મુહૂર્ત – ૪ કરોડ પૂર્વ |
| ૫ | જઘન્ય જઘન્ય | અંતર્મુહત – અંતર્મુહૂર્ત | ૪ અંતર્મુહૂર્ત – ૪ અંતર્મુહૂર્ત |
| ૬ | જઘન્ય ઉત્કૃષ્ટ | અંતર્મુહૂર્ત – કરોડ પૂર્વ | ૪ અંતર્મુહૂર્ત – ૪ કરોડ પૂર્વ |
| ૭ | ઉત્કૃષ્ટ ઔઘિક | કરોડ પૂર્વ – અંતર્મુહૂર્ત | ૪ કરોડ પૂર્વ – ૩ કરોડ પૂર્વ ૩ પલ્ય |
| ૮ | ઉત્કૃષ્ટ જઘન્ય | કરોડ પૂર્વ – અંતર્મુહૂર્ત | ૪ કરોડ પૂર્વ – ૪ અંતર્મુહૂર્ત |
| ૯ | ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ | કરોડ પૂર્વ – ૩ પલ્ય | ૧ કરોડ પૂર્વ – ૩ પલ્ય |

**(૧૯) યુગલિયા મનુષ્ય જ્યોતિષીમાં – [૨ ભવ]**

| | | | |
|---|---|---|---|
| ૧ | ઔઘિક ઔઘિક | ૧/૮ પલ્ય – ૧/૮ પલ્ય | ૩ પલ્ય – ૧ પલ્ય ૧ લાખ વર્ષ |
| ૨ | ઔઘિક જઘન્ય | ૧/૮ પલ્ય –૧/૮ પલ્ય | ૩ પલ્ય – ૧/૮ પલ્ય |
| ૩ | ઔઘિક ઉત્કૃષ્ટ | ૧ પલ્ય ૧ લાખ વર્ષ<br>૧ પલ્ય ૧ લાખ વર્ષ | ૩ પલ્ય – ૧ પલ્ય ૧ લાખ વર્ષ. |
| ૪ | જઘન્ય ઔઘિક | ૧/૮ પલ્ય – ૧/૮ પલ્ય | ૧/૮ પલ્ય – ૧/૮ પલ્ય |
| ૭ | ઉત્કૃષ્ટ ઔઘિક | ૩ પલ્ય – ૧/૮ પલ્ય | ૩ પલ્ય – ૧ પલ્ય ૧ લાખ વર્ષ |
| ૮ | ઉત્કૃષ્ટ જઘન્ય | ૩ પલ્ય – ૧/૮ પલ્ય | ૩ પલ્ય – ૧/૮ પલ્ય |
| ૯ | ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ | ૩ પલ્ય – ૧ પલ્ય<br>૧ લાખ વર્ષ | ૩ પલ્ય – ૧ પલ્ય<br>૧ લાખ વર્ષ |

**(૨૦) યુગલિયા તિર્યંચ વ્યંતરમાં – (૨ ભવ)**

| | | | |
|---|---|---|---|
| ૧ | ઔઘિક ઔઘિક | કરોડ પૂર્વ સાધિક –<br>૧૦૦૦૦ વર્ષ | ૩ પલ્ય – ૧ પલ્ય |
| ૨ | ઔઘિક જઘન્ય | કરોડ પૂર્વ સાધિક –<br>૧૦૦૦૦ વર્ષ | ૩ પલ્ય – ૧૦૦૦૦ વર્ષ |
| ૩ | ઔઘિક ઉત્કૃષ્ટ | ૧ પલ્ય – ૧ પલ્ય | ૩ પલ્ય – ૧ પલ્ય |
| ૪ | જઘન્ય ઔઘિક | કરોડ પૂર્વ સાધિક –<br>૧૦૦૦૦ વર્ષ | કરોડ પૂર્વ સાધિક –<br>કરોડ પૂર્વ સાધિક |
| ૫ | જઘન્ય જઘન્ય | કરોડ પૂર્વ સાધિક –<br>૧૦૦૦૦ વર્ષ | કરોડ પૂર્વક –<br>૧૦૦૦૦ વર્ષ |

| | | | |
|---|---|---|---|
| ૬ | જઘન્ય ઉત્કૃષ્ટ | કરોડ પૂર્વ સાધિક – કરોડ પૂર્વ સાધિક | કરોડ પૂર્વ સાધિક – કરોડ પૂર્વ સાધિક |
| ૭ | ઉત્કૃષ્ટ ઔધિક | ૩ પલ્ય – ૧૦૦૦૦ વર્ષ | ૩ પલ્ય – ૧ પલ્ય |
| ૮ | ઉત્કૃષ્ટ જઘન્ય | ૩ પલ્ય – ૧૦૦૦૦ વર્ષ | ૩ પલ્ય – ૧૦૦૦૦ વર્ષ |
| ૯ | ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ | ૩ પલ્ય – ૧ પલ્ય | ૩ પલ્ય – ૧ પલ્ય |

**(૨૧) યુગલિયા તિર્યંચ પહેલા દેવલોકમાં – ( ૨ ભવ)**

| | | | |
|---|---|---|---|
| ૧ | ઔધિક ઔધિક | ૧ પલ્ય – ૧ પલ્ય | ૩ પલ્ય – ૩ પલ્ય |
| ૨ | ઔધિક જઘન્ય | ૧ પલ્ય – ૧ પલ્ય | ૩ પલ્ય – ૧ પલ્ય |
| ૩ | ઔધિક ઉત્કૃષ્ટ | ૩ પલ્ય – ૩ પલ્ય | ૩ પલ્ય – ૩ પલ્ય |
| ૪ | જઘન્ય ઔધિક | ૧ પલ્ય – ૧ પલ્ય | ૧ પલ્ય – ૧ પલ્ય |
| ૭ | ઉત્કૃષ્ટ ઔધિક | ૩ પલ્ય – ૧ પલ્ય | ૩ પલ્ય – ૩ પલ્ય |
| ૮ | ઉત્કૃષ્ટ જઘન્ય | ૩ પલ્ય – ૧ પલ્ય | ૩ પલ્ય – ૧ પલ્ય |
| ૯ | ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ | ૩ પલ્ય – ૩ પલ્ય | ૩ પલ્ય – ૩ પલ્ય |

**વિશેષ :–**

(૧) આ કુલ ૨૧ કાલાદેશના ઉદાહરણ આપ્યા છે. એવા કુલ ૩૨૧ (આગત સ્થાનો) ના કાલાદેશના ચાર્ટ બને છે. જે આ ઉપરોક્ત ૨૧ ના આધારથી તથા અનુભવથી બનાવી શકાય છે. કેટલાક આવશ્યક અને વિશેષ સ્થાનોને ચૂંટીને અહીં ઉદાહરણ રૂપે આપવામાં આવ્યા છે. જેને સમજવાથી અન્ય ૩૦૦ ચાર્ટ બનાવવા બહુ જ સરળ થઈ શકે છે. ૩૨૧ આગત સ્થાનના વિવરણનું ચાર્ટ પહેલા શરૂઆતમાં જ આપી દીધું છે.

(૨) ઉપપાત, સ્થિતિ, ભવાદેશ અને ગમ્માનુ સ્વરૂપ આ ચારેયને બરાબર ધ્યાનમાં રાખવાથી કાલાદેશ સમજમાં આવી જાય છે.

(૩) સામાન્ય રીતે તો ઉપર બતાવેલ પ્રારંભિક ઘર, જીવ, ગમ્મા તથા ૧૨ દ્વારો પર બતાવેલી પરિવર્તનીય ઋદ્ધિને પહેલાં સમજી લેવી આવશ્યક છે.

(૪) લેશ્યા અવગાહના વિગેરેનુ સમુચ્ચય વર્ણન સારાંશ ખંડ–૬ જીવાભિગમ સૂત્ર સારાંશમાં જોવું.

(૫) થોકડાની પ્રચલિત ભાષામાં પ્રત્યેક માસ, પ્રત્યેક વર્ષ, એમ "પ્રત્યેક" શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. જો કે એક અશુદ્ધ પ્રયોગ પરંપરા છે. અશુદ્ધ પરંપરાનુ અનુસરણ અથવા પાલન ન કરતાં અહીં "અનેક" શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો



છે. આ વિષયની વિશેષ વિચારણા ખંડ–૬ પરિશિષ્ટમાં પ્રમાણ તથા તર્ક સહિત આપવામાં આવી છે. પ્રસ્તુત પ્રકરણમાં તથા અન્ય સારાંશ પુષ્પોમાં પણ 'પ્રત્યેક' શબ્દનો પ્રયોગ ન કરતાં 'અનેક' શબ્દનો પ્રયોગ કરવાનું જ (પૂરે પૂરુ) બરાબર ધ્યાન રાખ્યુ છે.

(૬) પ્રસ્તુત પ્રકરણના થોકડામાં "ણાણત્તા" શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે અને એના નામથી આખો પ્રકરણ વિષયને સમજવાની સુવિધા માટે બનાવ્યો છે. પરંતુ અહીં સારાંશમાં પોતાની અપેક્ષા, સુવિધા તથા સરળતા માટે એનુ પણ અનુસરણ કર્યું નથી. તો પણ આવશ્યક વિષયને ભિન્ન રીતે અર્થાત્ સ્થિર ઋદ્ધિ અને પરિવર્તનીય(વિભિન્ન) ઋદ્ધિના માધયમથી સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**॥ શતક ૨૪ સંપૂર્ણ ॥**

## શતક–૨૫ : ઉદ્દેશક–૧

**જીવના ૧૪ ભેદમાં યોગની અલ્પબહુત્વ :–**

| ક્રમ | જીવના ભેદ | યોગ | અલ્પ બહુત્વ |
|---|---|---|---|
| ૧ | સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્તના | જઘન્ય યોગ | ૧ અલ્પ |
| ૨ | સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્તના | જઘન્ય યોગ | ૮ અસંખ્યા ગુણા |
| ૩ | બાદર એકેન્દ્રિય અપર્યાપ્તના | જઘન્ય યોગ | ૨ અસંખ્યા ગુણા |
| ૪ | બાદર એકેન્દ્રિય પર્યાપ્તના | જઘન્ય યોગ | ૯ અસંખ્યા ગુણા |
| ૫ | બેઈન્દ્રિય અપર્યાપ્તના | જઘન્ય યોગ | ૩ અસંખ્યા ગુણા |
| ૬ | બેઈન્દ્રિય પર્યાપ્તના | જઘન્ય યોગ | ૧૪ અસંખ્યા ગુણા |
| ૭ | તેઈન્દ્રિય અપર્યાપ્તના | જઘન્ય યોગ | ૪ અસંખ્યા ગુણા |
| ૮ | તેઈન્દ્રિય પર્યાપ્તના | જઘન્ય યોગ | ૧૫ અસંખ્યા ગુણા |
| ૯ | ચૌરેન્દ્રિય અપર્યાપ્તના | જઘન્ય યોગ | ૫ અસંખ્યા ગુણા |
| ૧૦ | ચૌરેન્દ્રિય પર્યાપ્તના | જઘન્ય યોગ | ૧૬ અસંખ્યા ગુણા |
| ૧૧ | અસન્ની પંચેન્દ્રિય અપર્યાપ્તના | જઘન્ય યોગ | ૬ અસંખ્યા ગુણા |
| ૧૨ | અસન્ની પંચેન્દ્રિય પર્યાપ્તના | જઘન્ય યોગ | ૧૭ અસંખ્યા ગુણા |
| ૧૩ | સન્ની પંચેન્દ્રિય અપર્યાપ્તના | જઘન્ય યોગ | ૭ અસંખ્યા ગુણા |

| ક્રમ | જીવના ભેદ | યોગ | અલ્પ બહુત્વ |
|---|---|---|---|
| ૧૪ | સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તના | જઘન્ય યોગ | ૧૮ અસંખ્યા ગુણા |
| ૧૫ | સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્તના | ઉત્કૃષ્ટ યોગ | ૧૦ અસંખ્ય ગુણા |
| ૧૬ | સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્તના | ઉત્કૃષ્ટ યોગ | ૧૨ અસંખ્ય ગુણા |
| ૧૭ | બાદર એકેન્દ્રિય અપર્યાપ્તના | ઉત્કૃષ્ટ યોગ | ૧૧ અસંખ્ય ગુણા |
| ૧૮ | બાદર એકેન્દ્રિય પર્યાપ્તના | ઉત્કૃષ્ટ યોગ | ૧૩ અસંખ્ય ગુણા |
| ૧૯ | બેઇન્દ્રિય અપર્યાપ્તના | ઉત્કૃષ્ટ યોગ | ૧૯ અસંખ્ય ગુણા |
| ૨૦ | બેઇન્દ્રિય પર્યાપ્તના | ઉત્કૃષ્ટ યોગ | ૨૪ અસંખ્ય ગુણા |
| ૨૧ | તેઇન્દ્રિય અપર્યાપ્તના | ઉત્કૃષ્ટ યોગ | ૨૦ અસંખ્ય ગુણા |
| ૨૨ | તેઇન્દ્રિય પર્યાપ્તના | ઉત્કૃષ્ટ યોગ | ૨૫ અસંખ્ય ગુણા |
| ૨૩ | ચૌરેન્દ્રિય અપર્યાપ્તના | ઉત્કૃષ્ટ યોગ | ૨૧ અસંખ્ય ગુણા |
| ૨૪ | ચૌરેન્દ્રિય પર્યાપ્તના | ઉત્કૃષ્ટ યોગ | ૨૬ અસંખ્ય ગુણા |
| ૨૫ | અસન્ની પંચેન્દ્રિય અપર્યાપ્તના | ઉત્કૃષ્ટ યોગ | ૨૨ અસંખ્ય ગુણા |
| ૨૬ | અસન્ની પંચેન્દ્રિય પર્યાપ્તના | ઉત્કૃષ્ટ યોગ | ૨૭ અસંખ્ય ગુણા |
| ૨૭ | સન્ની પંચેન્દ્રિય અપર્યાપ્તના | ઉત્કૃષ્ટ યોગ | ૨૩ અસંખ્ય ગુણા |
| ૨૮ | સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તના | ઉત્કૃષ્ટ યોગ | ૨૮ અસંખ્ય ગુણા |

**પંદર યોગોની અલ્પબહુત્ત્વ :–**

| | | | |
|---|---|---|---|
| ૧ | સત્ય મનના | જઘન્ય યોગ | ૧૨અસંખ્યા ગુણા |
| ૨ | અસત્ય મનના | જઘન્ય યોગ | ૧૨ અસંખ્યા ગુણા |
| ૩ | મિશ્ર મનના | જઘન્ય યોગ | ૧૨ અસંખ્યા ગુણા |
| ૪ | વ્યવહાર મનના | જઘન્ય યોગ | ૧૦ અસંખ્યા ગુણા |
| ૫ | સત્ય વચનના | જઘન્ય યોગ | ૧૨ અસંખ્યા ગુણા |
| ૬ | અસત્ય વચનના | જઘન્ય યોગ | ૧૨ અસંખ્યા ગુણા |
| ૭ | મિશ્ર વચનના | જઘન્ય યોગ | ૧૨ અસંખ્યા ગુણા |
| ૮ | વ્યવહાર વચનના | જઘન્ય યોગ | ૧૨ અસંખ્યા ગુણા |
| ૯ | ઔદારિક કાય યોગના | જઘન્ય યોગ | ૪ અસંખ્યા ગુણા |
| ૧૦ | ઔદારિક મિશ્ર કાય યોગના | જઘન્ય યોગ | ૨ અસંખ્યા ગુણા |
| ૧૧ | વૈક્રિય કાય યોગના | જઘન્ય યોગ | ૫ અસંખ્યા ગુણા |
| ૧૨ | વૈક્રિય મિશ્ર કાય યોગના | જઘન્ય યોગ | ૩ અસંખ્યા ગુણા |
| ૧૩ | આહારક કાય યોગના | જઘન્ય યોગ | ૧૧ અસંખ્યા ગુણા |
| ૧૪ | આહારક મિશ્ર કાય યોગના | જઘન્ય યોગ | ૭ અસંખ્યા ગુણા |
| ૧૫ | કાર્મણ કાય યોગના | જઘન્ય યોગ | ૧ સૌથી ઓછા |
| ૧૬ | સત્ય મનના | ઉત્કૃષ્ટ યોગ | ૧૪ અસંખ્યગુણા |
| ૧૭ | અસત્ય મનના | ઉત્કૃષ્ટ યોગ | ૧૪ અસંખ્યગુણા |
| ૧૮ | મિશ્ર મનના | ઉત્કૃષ્ટ યોગ | ૧૪ અસંખ્યગુણા |
| ૧૯ | વ્યવહાર મનના | ઉત્કૃષ્ટ યોગ | ૧૪ અસંખ્યગુણા |
| ૨૦ | સત્ય વચનના | ઉત્કૃષ્ટ યોગ | ૧૪ અસંખ્યગુણા |
| ૨૧ | અસત્ય વચનના | ઉત્કૃષ્ટ યોગ | ૧૪ અસંખ્યગુણા |
| ૨૨ | મિશ્ર વચનના | ઉત્કૃષ્ટ યોગ | ૧૪ અસંખ્યગુણા |
| ૨૩ | વ્યવહાર વચનના | ઉત્કૃષ્ટ યોગ | ૧૪ અસંખ્યગુણા |
| ૨૪ | ઔદારિક કાય યોગના | ઉત્કૃષ્ટ યોગ | ૧૪ અસંખ્યગુણા |
| ૨૫ | ઔદારિક મિશ્ર કાય યોગના | ઉત્કૃષ્ટ યોગ | ૯ અસંખ્યગુણા |
| ૨૬ | વૈક્રિય કાય યોગના | ઉત્કૃષ્ટ યોગ | ૧૪ અસંખ્યગુણા |
| ૨૭ | વૈક્રિય મિશ્ર કાય યોગના | ઉત્કૃષ્ટ યોગ | ૯ અસંખ્યગુણા |
| ૨૮ | આહારક કાયના યોગ | ઉત્કૃષ્ટ યોગ | ૧૩ અસંખ્યગુણા |
| ૨૯ | આહારક મિશ્ર કાયના યોગ | ઉત્કૃષ્ટ યોગ | ૮ અસંખ્યગુણા |
| ૩૦ | કાર્મણ કાય યોગ | ઉત્કૃષ્ટ યોગ | ૬ અસંખ્યગુણા |



**નોધ :–** એક સરખા નંબરવાળા (૯.૧૨.૧૪) પોત પોતાના નંબરવાળાથી પરસ્પર સરખા છે.

**વિશેષ :–** સામર્થ્ય વિશેષથી આ યોગ અલ્પાધિક થાય છે. જીવોમાં અપર્યાપ્તાના સામર્થ્ય ઓછા હોય છે. પર્યાપ્તાના વધારે હોય છે. યોગોમાં મન, વચનના યોગ સામર્થ્ય વિશાળ હોય છે. કાયાના યોગ સામર્થ્ય ઓછો હોય છે. મન વચન કાયાના વેપાર–પ્રવૃતિને યોગ કહે છે. એ યોગની હીનાધિક સામર્થ્ય શક્તિની અહીં અલ્પ બહુત્વ કરવામાં આવી છે.

પહેલા સમયોત્પન્ન જીવોના પણ આહારક અનાહારકની અપેક્ષા તથા ઋજુ, વક્ર ગતિની અપેક્ષા યોગ ચૌઠાણ વડિયા અંતર થઈ શકે છે અને સરખા પણ થઈ શકે છે. દીર્ઘ સ્થિતિવાળાના પણ યોગ સરખા અથવા ચૌઠાણ વડિયા થઈ શકે છે.

## ઉદ્દેશક : ૨

(૧) અનંત જીવ દ્રવ્ય છે. અનંત અજીવ દ્રવ્ય છે. જીવને અજીવ કામ આવે છે. તથા ઢપી પુદ્‌ગલ દ્રવ્યોને જીવ ગ્રહણ કરીને શરીર, ઈન્દ્રિય અને યોગ રૂપમાં પરિણમન કરે છે.

(૨) ઔદારિક, વૈક્રિય, આહારક શરીર હેતુ સ્થિત અને અસ્થિત બન્ને પ્રકારના પુદ્‌ગલ ગ્રહણ કરી શકાય છે. તૈજસ, કાર્મણ શરીર અને મન યોગ હેતુ સ્થિત પુદ્‌ગલ જ ગ્રહણ કરી શકાય છે. બાકી પાંચ ઈન્દ્રિય અને વચન કાયા યોગ હેતુ સ્થિત, અસ્થિત બન્ને પ્રકારના પુદ્‌ગલ ગ્રહણ કરી શકાય છે.

(૩) ઔદારિક તૈજસ, કાર્મણ–શરીર, કાય–યોગ, સ્પર્શેન્દ્રિય આ પાંચ બોલ એકેન્દ્રિયને હોય છે. એટલે દિશાની અપેક્ષા ૩. ૪. ૫. ૬. દિશાથી એના પુદ્‌ગલ ગ્રહણ નિઃસરણ હોય છે. બાકી આઠ બોલમાં નિયમા ૬ દિશાથી પુદ્‌ગલોનું ગ્રહણ હોય છે.

✓ાસોચ્છ્વાસ હેતુ પુદ્‌ગલ ગ્રહણ વિગેરે વર્ણન, ઔદારિક શરીરના સરખા છે.

## ઉદ્દેશક : ૩

**સંસ્થાન ૬ :–** (૧) પરિમંડલ = બંગડીનો આકાર (૨) વૃત = પૂર્ણ ચંદ્રનો આકાર (૩) ત્ર્યંસ= શીંગોડાનો આકાર (૪) ચતુરંસ = બાજોઠનો આકાર (૫) આયત = લાકડાના પાટિયાનો આકાર (૬) અનિથંસ્થ = મિશ્રિત આકાર = ૨, ૩ સંસ્થાનોના યોગ.

પરિમંડળમાં વધુ પ્રદેશ લાગે છે. એટલે તે લોકમાં અલ્પ છે. વ્રત, ચતુરંસ, ત્ર્યંસ, આયતમાં ક્રમશઃ ઓછા ઓછા પુદ્‌ગલ પ્રદેશ લાગે છે અને એની સંખ્યા લોકમાં ક્રમશઃ વધુને વધુ છે. અનિથંસ્થ–મિશ્ર હોવાથી બધાથી વધારે છે. અને એના પ્રદેશોના યોગ પણ બધાથી(અધિક)વધારે હોય છે. અનિથંસ્થના દ્રવ્યથી પરિમંડલના પ્રદેશ અસંખ્યગુણા હોય છે. બાકી ક્રમ ઉક્ત પ્રકારથી જ દ્રવ્ય અને પ્રદેશોના હોય છે. બધા જ પરસ્પરમાં સંખ્યાતગુણા છે. પરંતુ અનિથંસ્થ અસંખ્યાતગુણા છે. આમ તો સ્વતંત્ર ગણત્રીમાં બધા અનંત અનંત હોય છે. પ્રત્યેક પૃથ્વી અથવા વિમાન વિગેરેમાં પણ આ બધા અનંત અનંત હોય છે.

**સંસ્થાન યુગ્મ :–**

પરિમંડલ વિગેરે પ્રત્યેક સંસ્થાન સ્વયંની(પોતાની) અપેક્ષા અર્થાત્



વિધાનાદેશથી એક દ્રવ્ય હોવાથી કલ્યોજ યુગ્મ છે. બહુવચનમાં પણ બધા પોતાની વ્યક્તિગત અપેક્ષાથી અનેક કલ્યોજ યુગ્મ છે અને ઓઘાદેશથી સમુચ્ચયની અપેક્ષાથી અર્થાત્ બધાની સમ્મિલિત ગણત્રીની અપેક્ષાથી કયારેક કૃતયુગ્મ પણ હોઈ શકે છે. કયારેક તેઓગ યુગ્મ, કયારેક દાવર યુગ્મ અને કયારેક કલ્યોજ યુગ્મ પણ થઈ શકે છે. કારણ કે પુદ્‌ગલ ઓછા વધુ થતા રહે છે. એટલે એમની સંખ્યા પરિવર્તિત થતી રહે છે. જેથી કયારે પણ, કોઈ પણ યુગ્મ સંખ્યામાં તે થઈ શકે છે. આ સિદ્ધાંત પરિમંડલ વગેરે પાંચ સંસ્થાનમાં દ્રવ્યની અપેક્ષા એક સરખા છે.

પ્રદેશની અપેક્ષામાં પ્રત્યેક સંસ્થાનના પ્રદેશોની ગણત્રીથી એના યુગ્મ કહી શકાય છે. પ્રત્યેક સંસ્થાનની પ્રદેશ સંખ્યા એના ભેદ કરીને બતાવી છે. તે આ પ્રમાણે છે.

**સંસ્થાનોની પ્રદેશ સંખ્યા :–**

| સંસ્થાન નુંનામ | સંસ્થાનભેદ | પ્રદેશભેદ | પ્રદેશ સંખ્યા | | અવગાહના | |
|---|---|---|---|---|---|---|
| | | | જ. | ઉ. | જ. | ઉ. |
| વૃત્ત | પ્રતર વૃત્ત | ઓજ પ્રદેશી | ૫ | અનંત | ૫ | અસંખ્ય |
| વૃત્ત | પ્રતર વૃત્ત | યુગ્મ પ્રદેશી | ૧૨ | અનંત | ૧૨ | અસંખ્ય |
| વૃત્ત | ઘન વૃત્ત | ઓજ પ્રદેશી | ૭ | અનંત | ૭ | અસંખ્ય |
| વૃત્ત | ઘન વૃત્ત | યુગ્મ પ્રદેશી | ૩૨ | અનંત | ૩૨ | અસંખ્ય |
| ત્ર્યંસ | પ્રતર ત્ર્યંસ | ઓજ પ્રદેશી | ૩ | અનંત | ૩ | અસંખ્ય |
| ત્ર્યંસ | પ્રતર ત્ર્યંસ | યુગ્મ પ્રદેશી | ૬ | અનંત | ૬ | અસંખ્ય |
| ત્ર્યંસ | ઘન ત્ર્યંસ | ઓજ પ્રદેશી | ૩૫ | અનંત | ૩૫ | અસંખ્ય |
| ત્ર્યંસ | ઘન ત્ર્યંસ | યુગ્મ પ્રદેશી | ૪ | અનંત | ૪ | અસંખ્ય |
| ચતુરંસ | પ્રતર ચતુરંસ | ઓજ પ્રદેશી | ૯ | અનંત | ૯ | અસંખ્ય |
| ચતુરંસ | પ્રતર ચતુરંસ | યુગ્મ પ્રદેશી | ૪ | અનંત | ૪ | અસંખ્ય |
| ચતુરંસ | ઘન ચતુરંસ | ઓજ પ્રદેશી | ૨૭ | અનંત | ૨૭ | અસંખ્ય |
| ચતુરંસ | ઘન ચતુરંસ | યુગ્મ પ્રદેશી | ૮ | અનંત | ૮ | અસંખ્ય |
| આયત | શ્રેણી આયત | ઓજ પ્રદેશી | ૩ | અનંત | ૩ | અસંખ્ય |
| આયત | શ્રેણી આયત | યુગ્મ પ્રદેશી | ૨ | અનંત | ૨ | અસંખ્ય |
| આયત | પ્રતર આયત | ઓજ પ્રદેશી | ૧૫ | અનંત | ૧૫ | અસંખ્ય |
| આયત | પ્રતર આયત | યુગ્મ પ્રદેશી | ૬ | અનંત | ૬ | અસંખ્ય |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| આયત | ઘન આયત | ઓજ પ્રદેશી | ૪૫ | અંનત | ૪૫ | અસંખ્ય |
| આયત | ઘન આયત | યુગ્મ પ્રદેશી | ૧૨ | અંનત | ૧૨ | અસંખ્ય |
| પરિમંડલ | પ્રતર પરિમંડલ | યુગ્મ પ્રદેશી | ૨૦ | અંનત | ૨૦ | અસંખ્ય |
| પરિમંડલ | ઘન પરિમંડલ | યુગ્મ પ્રદેશી | ૪૦ | અંનત | ૪૦ | અસંખ્ય |

**વિશેષ :–** (૧) ઓજ = પ્રદેશોની એકી સંખ્યા (એકાવશેષ સંખ્યા) હોય એને ઓજ પ્રદેશી કહેવાય છે. (૨) યુગ્મ = પ્રદેશોની બેકી સંખ્યા હોય અર્થાત્ બેનો પૂરો ભાગ નીકળી જાય એવી સંખ્યાને યુગ્મ પ્રદેશી કહે છે. (૩) પરિમંડલ સંસ્થાનમાં ઓજ પ્રદેશી(એકી સંખ્યાવાળા) હોતા નથી. કારણ કે બધા યુગ્મ પ્રદેશી બેકી સંખ્યાવાળા જ હોય છે. (૪) કયાંક ઓજ પ્રદેશી સંસ્થાનના પ્રદેશ વધારે છે. કયાંક યુગ્મ પ્રદેશીના, એનું કારણ એ છે કે એ સંસ્થાનમાં કયાંક ઓજ સંખ્યાનો સંયોગ પછીથી મળે છે. કયાંક યુગ્મ સંખ્યાનો સંયોગ પછીથી મળે છે. અર્થાત્ એ સંખ્યાથી ઓછી સંખ્યામાં પણ એ સંસ્થાન તો બને છે, પણ ઓજ અથવા યુગ્મ સંખ્યા ત્યાં હોતી નથી.

**અવગાહના :–** અવગાહના પ્રદેશોની સંખ્યા ચાર્ટમાં બતાવી છે. એ સંખ્યાથી જાણી શકાય છે કે અવગાહના પ્રદેશ કૃતયુગ્મ છે અથવા કયા યુગ્મ છે. ૧૨. ૨૦. ૪૦. ૩૨. ૪. ૮. સંખ્યાવાળા કૃતયુગ્મ અવગાહનાવાળા છે. ૩. ૭. ૩૫. ૨૭. ૧૫. સંખ્યાવાળા તેઓગ યુગ્મ અવગાહનાવાળા છે. ૬. ૨.ની સંખ્યાવાળા દાવર યુગ્મ અવગાહનાવાળા છે. ૫. ૯. ૪૫. સંખ્યાવાળા કલ્યોજ યુગ્મ અવગાહનાવાળા છે. ઓઘાદેશની અપેક્ષા બધા સંસ્થાનવાળા આખા લોકમાં વ્યાપ્ત છે અને લોકના આકાશ પ્રદેશ કૃત યુગ્મ છે. એટલે ઓઘાદેશ (સમુચ્ચયની અપેક્ષા) કૃત યુગ્મ પ્રદેશાવગાઢ છે અને વિધાનાદેશ(વ્યક્તિગત અપેક્ષા)થી ઉપર કહેલા ચાર્ટમાં કહેલી સંખ્યાથી સમજવુ.

**સ્થિતિ વર્ણાદિ :–** બધા સંસ્થાનોમાં સ્થિતિ કોઈ પણ હોઈ શકે છે. વર્ણાદિ પણ એક ગુણ યાવત્ અનંત ગુણ પણ હોઈ શકે છે. એટલે વ્યક્તિગત અપેક્ષા ચારેયમાંથી કોઈ પણ એક યુગ્મ હોઈ(થઈ) શકે છે અને સમુચ્ચયની અપેક્ષા ચારેય પણ યુગ્મની સ્થિતિવાળા અને વર્ણાદિવાળા સંસ્થાન હોઈ શકે છે.

**શ્રેણિઓ :–** આકાશની શ્રેણિઓ અનંત છે. એ એક પ્રદેશી પહોળી તથા અનંત પ્રદેશી લાંબી લોકાલોક પ્રમાણે સંલગ્ન હોય છે. અપેક્ષાથી એના લોકાકાશની શ્રેણિઓ અને આલોકાકાશની શ્રેણિઓ એમ બે ભેદ માનવામાં આવે છે.



લોક અસંખ્ય પ્રદેશ લાંબો, પહોળો અને ઉંચો નીચો છે. એટલે આ અપેક્ષાથી તે શ્રેણિઓ અસંખ્ય પ્રદેશી છે અને લોકમાં તે શ્રેણિઓ પણ અસંખ્ય છે, અનંત નથી. લોકમાં ચારે દિશાઓમાં ત્રાંસા ખૂણા પણ છે. જેમ પાંચમાં દેવલોકની પાસે. આ કારણ અને આ ભેદથી–અપેક્ષાથી લોકમાં કેટલીક સંખ્યાત પ્રદેશી શ્રેણીઓ હોય છે. બાકી બધી અસંખ્ય પ્રદેશી હોય છે. અલોકમાં પણ આ કારણે સંખ્યાત અસંખ્યાત પ્રદેશી કેટલીક શ્રેણિઓ લોકોની બાહર નિકટમાં હોય છે. એના સિવાય બધી અનંતપ્રદેશી શ્રેણિઓ હોય છે.

લોક ઉપર નીચે સમતલ છે. ચારેય દિશાઓમાં વૃદ્ધિ હોવાના કારણે વિષમ છે. એ વિષમતાના કારણે જ અસંખ્ય પ્રદેશી લાંબા પહોળા લોકમાં સંખ્યાત પ્રદેશી શ્રેણિઓ બને છે અને એ જ કારણથી અનંત પ્રદેશી અલોકમાં અસંખ્યાત અને સંખ્યાત પ્રદેશી શ્રેણિઓ બને છે. તે ઉપરથી નીચેની તરફ બને છે.

લોકની બધી શ્રેણિઓ સાદિ શાંત છે. અર્થાત્ બન્ને દિશાઓમાં એનો અંત છે. અલોકમાં લોકને કારણે સાદિ અનંત છે અને લોક સિવાયના સ્થાન વાળી અનાદિ અનંત છે.

**શ્રેણી યુગ્મ :–** સમુચ્ચય શ્રેણિઓ, લોકની શ્રેણિઓ અને અલોકની શ્રેણિઓ કૃત યુગ્મ છે. એના પ્રદેશ સમ્મુચયમાં કૃતયુગ્મ છે. લોકમાં પૂર્વ પશ્ચિમ– કૃતયુગ્મ અથવા દાવર યુગ્મ છે. ઉપર નીચે કૃતયુગ્મ છે. અલોકમાં પૂર્વ– પશ્ચિમની અપેક્ષા ચારેય યુગ્મ પ્રદેશ હોઈ શકે છે. ઉપર નીચેની અપેક્ષા ત્રણ યુગ્મ હોઈ શકે છે. કલ્યોજ યુગ્મ નથી.

**શ્રેણીઓના પ્રકાર :–** શ્રેણિઓ સાત પ્રકારની હોય છે. (૧) સીધી (૨) એક વળ ાંકવાળી (૩) બે વળાંકવાળી (૪) એક તરફ ત્રસ નાડીની બહાર જવા– વાળી (૫) બન્ને તરફ ત્રસ નાડીની બહાર જવા વાળી (૬) ચક્રવાલ (૭) અર્ધ ચક્રવાલ. આ જીવ અને પુદ્‌ગલની ગતિની અપેક્ષા કહેવાય છે. આમ સ્વતઃ શ્રેણિઓ તો બધી સીધી જ છે.

જીવ પ્રારંભની પાંચ ગતિ શ્રેણીમાંથી ગમન કરે છે અને પુદ્‌ગલ સાથે શ્રેણિ ગતિમાંથી ગમન કરે છે. આ પ્રકારે જીવ અને અજીવ અનુશ્રેણીમાંથી જ ગમન કરે છે. આ શ્રેણિઓ સિવાય વિશ્રેણિમાંથી ગતિ કરતા નથી. જેવી રીતે વાયુયાનના જવાનો માર્ગ આકાશમાં નિશ્ચિત હોય છે, એ જ માર્ગોથી તે જાય છે અને આવે છે. તેવી રીતે જીવ પુદ્‌ગલના ગમનના માર્ગ રૂપ આ શ્રેણી ગતિઓ

હોય છે. અમાર્ગ ઢપ વિશ્રેણિ ગતિઓ હોતી નથી.

દ્વાદશાંગ ગણિપિટકનું વર્ણન નંદી સૂત્રથી તથા અલ્પબહુત્વ પ્રજ્ઞાપના સૂત્રના ત્રીજા પદથી જાણવું.

## ઉદ્દેશક : ૪

ચોવીસ દંડક સિદ્ધ વિગેરેના કૃતયુગ્મ સંબંધી વર્ણન શતક ૧૮, ઉદ્દેશક ૪ ની સમાન જાણવું.

**ષડ્દ્રવ્ય યુગ્મ :–**ત્રણ અસ્તિકાય દ્રવ્ય એક એક હોવાથી કલ્યોજ યુગ્મ છે. બાકી ત્રણ દ્રવ્ય અનંત હોવાથી જીવ અને કાલ કૃતયુગ્મ છે. પુદ્‌ગલાસ્તિકાય અનિશ્ચિત સંખ્યા હોવાથી ચારેય યુગ્મ સંખ્યા થઈ શકે છે. પ્રદેશની અપેક્ષા છ દ્રવ્ય કૃતયુગ્મ છે. અર્થાત્ પુદ્‌ગલના પણ કુલ પ્રદેશ નિશ્ચિત છે.

છ દ્રવ્યની અવગાહના પણ કૃતયુગ્મ આકાશ પ્રદેશ છે. જેમાં આકાશા– સ્તિકાયના અવગાહન પ્રદેશ અનંત છે. બાકી બધાના અવગાહન પ્રદેશ અસંખ્ય છે.

**જીવ યુગ્મ :–** એક જીવ એક કલ્યોજ યુગ્મ છે. અનેક જીવ સ્વતંત્ર અપેક્ષાથી અનેક કલ્યોજ યુગ્મ છે અને સંમિલિત અપેક્ષાથી બધા જીવોના યોગની અપેક્ષાથી કૃતયુગ્મ સંખ્યા છે. આ સ્વતંત્ર અને સંમિલિત અપેક્ષા માટે શાસ્ત્રમાં ઓઘાદેશ અને વિધાનાદેશ શબ્દ પ્રયોજાયેલ છે.

**દ્રવ્યઃ–** ચોવીસ દંડકના એક જીવ પણ આ રીતે જાણવા. અનેક જીવમાં ઓઘાદેશથી ચારેયમાંથી કોઈ પણ એક યુગ્મ થઈ શકે છે. વિધાનાદેશથી અનેક કલ્યોજ યુગ્મ છે.

**પ્રદેશ :–** પ્રદેશની અપેક્ષા જીવ તો નક્કી કૃતયુગ્મ પ્રદેશવાળા જ છે. એમના શરીર ચારેયમાંથી કોઈ પણ યુગ્મ પ્રદેશવાળા થઈ શકે છે. આ રીતે ૨૪ દંડકમાં જાણવું. સિદ્ધ પ્રદેશથી કૃતયુગ્મ છે.

અનેક જીવ પણ પ્રદેશની અપેક્ષા કૃતયુગ્મ જ છે. શરીરની અપેક્ષા ઓઘાદેશથી(સમ્મિલિત અપેક્ષાથી) ચારેયમાંથી કોઈ એક યુગ્મ હોય છે. વિધાનાદેશથી(પ્રત્યેકની અલગ અલગ અપેક્ષાથી) ચારેય હોય છે. આ રીતે ૨૪ દંડકના જાણવા. અનેક સિદ્ધ પણ પ્રદેશની અપેક્ષા કૃતયુગ્મ જ છે. શરીર છે જ નહીં.



**અવગાહન :–** જીવના આત્મ પ્રદેશ તો કૃતયુગ્મ છે. પરંતુ શરીર અનુસાર અવગાહન કરે છે. એટલે એક જીવના અવગાહન પ્રદેશ કૃતયુગ્મ વિગેરે કોઈ પણ યુગ્મ થઈ શકે છે. બહુવચનમાં ઓઘાદેશથી કડજુમ્મ પ્રદેશ અવગાહન (લોક પ્રમાણ) છે અને વિભાગાદેશથી કોઈમાં કંઈ, કોઈમાં કંઈ એમ ચારેય યુગ્મ થઈ શકે છે. ૧૯ દંડકમાં બહુવચનના ઓઘાવેશમાં કયારેક કોઈ, કયારેક કોઈ એમ ચારેયમાંથી કોઈ એક હોય છે. પાંચ સ્થાવર અને સિદ્ધ જીવ(સમુચ્ચય) ના સરખા છે. કારણ કે સમસ્ત પાંચ સ્થાવરોના અવગાહન સંપૂર્ણ લોક પ્રમાણ હોવાથી કૃતયુગ્મ છે અને સિદ્ધ ક્ષેત્ર ૪૫ લાખ યોજન લાંબું, પહોળું, ગોળ અને ૩૩૩ ધનુષ્ય ૩૨ અંગુલ જાડું છે. તે પણ કૃતયુગ્મ(કડજુમ્મા) આકાશ પ્રદેશવાળા છે.

**સ્થિતિ :–** એક જીવ, અનેક જીવ, ઓઘાવેશ, વિધાનાદેશથી કૃતયુગ્મ સમયની સ્થિતિવાળા છે. નૈરયિક વિગેરે ૨૪ દંડકના એક જીવ ચારેયમાંથી એક યુગ્મની સ્થિતિવાળા હોય છે. અનેકની અપેક્ષા ઓઘાદેશથી કોઈ પણ એક સ્થિતિવાળા યુગ્મ હોય છે અને વિભાગાદેશથી ચારેય હોય છે.

**વર્ણાદિ :–** જીવ તો અઢપી છે. શરીરની અપેક્ષા વર્ણાદિ સમજવાં. એટલે ચારેયમાંથી કોઈ એક યુગ્મ કાળા વિગેરે વર્ણના હોય છે. એમ જ ૨૪ દંડકનું સમજવું. સિદ્ધમાં વર્ણાદિ હોતા નથી. અનેક જીવમાં ઓઘાદેશથી ચારેયમાંથી એક યુગ્મ કાળા ગુણ વર્ણાદિના હોય છે. વિભાગાદેશથી ચારેય યુગ્મ હોય છે. એવી રીતે જ ૨૪ દંડકમાં શરીરની અપેક્ષા સમજવું, જીવની અપેક્ષા વર્ણાદિ હોતા નથી.

**મતિ જ્ઞાનાદિ :–** મતિ જ્ઞાન વિગેરેના અનંત પર્યવ છે. એ પર્યવની અપેક્ષા યુગ્મનું કથન છે. એક જીવની અપેક્ષા ચારેય યુગ્મમાંથી એક યુગ્મ થાય છે અને અનેક જીવમાં ઓઘાદેશથી ચારેયમાંથી એક યુગ્મ થાય છે. વિભાગાદેશથી ચારેય જ થાય છે. એવી રીતે જેમાં જે જ્ઞાન છે તે સમજવા. જીવ, મનુષ્ય તથા સિધ્ધ ત્રણેમાં કેવળ જ્ઞાન, કેવળ દર્શનના પર્યવ કૃતયુગ્મ જ હોય છે. ત્રણ અજ્ઞાન તથા ત્રણ દર્શન મતિ જ્ઞાન સરખા સમજવા.

**સકંપ અકંપ જીવ :–** પ્રથમ સમયવર્તી સિદ્ધ બધા સકંપ હોય છે. સંસારી જીવ અશૈલેશી દેશ કંપ સર્વ કંપ, બન્ને હોય છે. અપ્રથમ સમયવર્તી સિદ્ધ તથા શૈલેશી અણગાર અંકપ હોય છે. ૨૪ દંડકના જીવ વિગ્રહ ગતિમાં સર્વ સકંપ તથા અન્ય સમયમાં દેશ સકંપ હોય છે.

**પરમાણુ વગેરેનું અલ્પ બહુત્વ :–** (૧) અનંત પ્રદેશી દ્રવ્ય થોડા હોય છે. પરમાણુ એનાથી અનંત ગુણ હોય છે, એનાથી સંખ્યાત પ્રદેશી સંખ્યાત ગુણા હોય છે અને અસંખ્યાત પ્રદેશી અસંખ્ય ગુણા હોય છે. આ જ ક્રમ પ્રદેશોના અલ્પબહુત્વનો હોય છે.

દશ પ્રદેશીથી નવ પ્રદેશી વધારે હોય છે. એનાથી ૮.૭.૬.૫.૪.૩.૨. પ્રદેશી ક્રમશઃ વધારે વધારે થાય છે. બે પ્રદેશીથી પરમાણુ વધારે હોય છે. આ ક્રમ દ્રવ્યોની અપેક્ષા છે. પ્રદેશમાં આનાથી વિપરીત ક્રમ છે. પરમાણુ અલ્પ છે. તથા દશ પ્રદેશી સ્કંધના પ્રદેશ સર્વાધિક છે.

(૨) એક પ્રદેશાવગાઢ પુદ્ગલ ઓછા થાય છે. એનાથી સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલ સંખ્યાત ગુણા અને એનાથી અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલ અસંખ્ય ગુણા હોય છે. આ જ ક્રમ પ્રદેશમાં જાણવો.

દશ પ્રદેશાવગાઢ પુદ્ગલથી એક પ્રદેશાવગાઢ પુદ્ગલ સુધી ક્રમશઃ વિશેષાધિક હોય છે. પ્રદેશમાં એનાથી વિપરીત ક્રમ સમજવા. આ પ્રમાણે સ્થિતિનું સંપૂર્ણ અલ્પ બહુત્વ જાણવું.

(૩) વર્ણ, ગંધ રસના એક ગુણ વગેરેનું અલ્પ બહુત્વ પરમાણુથી અનંત પ્રદેશી સુધીનું અલ્પ બહુત્વ સરખુ જાણવું.

(૪) કર્કશ સ્પર્શ ૧ થી ૧૦ ગુણ સુધી ૧૦ બોલ ક્રમશઃ વિશેષાધિક છે. આગળ અનંતગુણ સુધી ક્રમશઃ વધારે વધારે છે. અવગાહનાના બોલની જેમ છે પરંતુ અનંત ગુણના બોલ વધારે છે. તથા એક ગુણ કર્કશથી સંખ્યાત ગુણ કર્કશ પુદ્ગલ પ્રદેશથી ગુણા કહેવા. સંખ્યાતગુણ કર્કશ પુદ્ગલોથી એના પ્રદેશ સંખ્યાત ગુણ જ કહેવા. કર્કશની સમાન મૃદુ ગુઢ લઘુ સ્પર્શ પણ જાણવા. બાકી ચાર સ્પર્શ વર્ણના સરખા હોય છે.

**પુદ્ગલ યુગ્મ :–** એક પરમાણુ વિગેરે એક કલ્યોજ યુગ્મ છે અને અનેક પરમાણુ વિગેરે વિભાગાદેશથી અનેક કલ્યોજ યુગ્મ છે. અનેક પરમાણુ વિગેરે ઓઘાદેશથી ચારેયમાંથી કોઈ એક યુગ્મ હોય છે.

પ્રદેશની અપેક્ષા પરમાણુ, પાંચ પ્રદેશી, નવ પ્રદેશી કલ્યોજ યુગ્મ છે. ૨, ૬, ૧૦ પ્રદેશી (દ્વાપર) દાવર યુગ્મ છે. ૩, ૭, પ્રદેશી તેઓગ (ત્રયોજ) યુગ્મ છે. ૪, ૮, પ્રદેશી કૃતયુગ્મ છે. આગળ સંખ્યાત પ્રદેશી વિગરેમાં ચારેય યુગ્મમાંથી



કોઈ એક યુગ્મ હોય છે. પરમાણુ વિગેરે દશ પ્રદેશી સુધી બહુ વચનમાં વિભાગા– દેશથી આ પ્રમાણે જ જાણવું. ઓઘાદેશથી અનંત પ્રદેશી સુધી કોઈ પણ એક યુગ્મ થાય છે. વિભાગાદેશથી સંખ્યાત પ્રદેશી વિગેરેમાં ચારેય યુગ્મ હોય છે.

**અવગાહના :–** પોતાની પ્રદેશ સંખ્યાથી અવગાહન સંખ્યા ઓછી થઈ શકે છે. વધુ થઈ શકતી નથી. એટલે પરમાણુમાં કલ્યોજ, દ્વિપ્રદેશીમાં દ્વાપર વધ્યુ, ત્રણ પ્રદેશીમાં ત્રયોજ વધ્યુ, ચાર પ્રદેશીમાં કૃત યુગ્મ વધ્યુ, પછી અસંખ્ય પ્રદેશાવગાઢ સુધી ચારે યુગ્મ થાય છે. અર્થાત્ એક વચનની પૃચ્છામાં કોઈ એક હોય છે. બહુવચનની પૃચ્છામાં ઓઘાદેશથી કોઈ એક હોય છે. વિભાગાદેશથી ચારે ય હોય છે. ત્રણ પ્રદેશીમાં ત્રણ અથવા ત્રણમાંથી એક, બે પ્રદેશીમાં બન્ને યા બન્નેમાંથી એક યુગ્મ હોય છે.

**સ્થિતિ :–** પરમાણુથી અનંત પ્રદેશી સુધી એક વચનમાં ચારે યુગ્મમાંથી કોઈ પણ યુગ્મની સ્થિતિ હોઈ શકે છે. બહુવચનમાં ઓઘાદેશમાં કોઈ એક યુગ્મની સ્થિતિ હોય છે અને વિભાગાદેશથી ચારે યુગ્મની સ્થિતિવાળા પરમાણુ વિગેરે હોય છે.

**વર્ણાદિ :–** સ્થિતિની સમાન જ વર્ણાદિના ૧૬ બોલ સમજવા. પરંતુ પરમાણુ વિગેરે જેમાં જે વર્ણાદિ હોય એની અપેક્ષા જાણવી. કર્કશાદિ ૪ સ્પર્શ અનંત પ્રદેશીમાં જ હોય છે. કર્કશ સ્પર્શ પર્યવ પણ એક વચનમાં ચારેયમાંથી એક યુગ્મવાળા હોય છે. બહુવચનમાં ઓઘાદેશથી ચારેય યુગ્મમાંથી એક યુગ્મ હોય છે. વિભાગાદેશથી ચારેય થાય છે.

**સાર્દ્ધ :–** પરમાણુ ૩.૫.૭.૯. પ્રદેશી સાર્દ્ધ નથી. અનર્દ્ધ છે. ૨.૪.૬.૮.૧૦ પ્રદેશી સાર્દ્ધ છે. આગળ સંખ્યાત પ્રદેશી વિગેરે બન્નેમાંથી એક છે, સાર્દ્ધ અથવા અનર્દ્ધ.

**સકંપ–નિષ્કંપ :–** પરમાણુથી અનંત પ્રદેશી સુધી બધા સકંપ, નિષ્કંપ બન્ને હોય છે. બધાની સંકપની સ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્યકાળની હોય છે. બહુવચનની અપેક્ષા પરમાણુ વિગેરે બધાના સકંપ નિષ્કંપની સ્થિતિ સર્વદ્ધા કાળની હોય છે.

**સકંપ નિષ્કંપનું અંતર :–** સ્વસ્થાન અને પરસ્થાન એમ બે પ્રકારના સકંપ નિષ્કંપની અપેક્ષા અંતર હોય છે. સ્વસ્થાનનો અર્થ છે પરમાણુ પરમાણુમાં રહીને અને પરસ્થાનનો અર્થ છે દ્વિપ્રદેશી વિગેરેમાં રહીને સ્વસ્થાનની અપેક્ષા પરમાણુના સકંપની સ્થિતિ જ નિષ્કંપનો અંતર કાળ છે અને નિષ્કંપની સ્થિતિ જ સકંપનો

અંતર કાળ છે. પરસ્થાનની અપેક્ષા સકંપ નિષ્કંપ બન્નેના જઘન્ય અંતર એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્યકાળનો છે. અર્થાત્ પરમાણુ ઉત્કૃષ્ટ અસંખ્ય કાળ પછી પુનઃ પરમાણુ બને જ છે.

દ્વિપ્રદેશી વિગેરે બધાના સ્વસ્થાન, પરસ્થાનના અંતર કાળ ઉપરના પ્રમાણે જ સમજવું. એમાં પરસ્થાનના ઉત્કૃષ્ટ અંતર અનંત કાળ થાય છે. અર્થાત્ તે પુનઃ દ્વિપ્રદેશી વિગેરે બને એની વચ્ચે અનંત કાળ વીતી શકે છે. બહુવચનની અપેક્ષા પરમાણુ વિગેરે કોઈના પણ સ્વ પર કોઈ પણ અંતર હોતુ નથી. બધા સ્કંધ હંમેશા સકંપ નિષ્કંપ શા✓ત મળે છે.

**અલ્પ બહુત્વ :–** પરમાણુથી અસંખ્ય પ્રદેશી સુધી સકંપ અલ્પ હોય છે. નિષ્કંપ અસંખ્ય ગુણા હોય છે. અનંત પ્રદેશીમાં નિષ્કંપ અલ્પ હોય છે. સકંપ અનંતગુણા હોય છે. જેમ કે– (૧) અનંત પ્રદેશી સ્કંધ નિષ્કંપ અલ્પ હોય છે. (૨) એનાથી તે જ સકંપ અનંત ગુણા (૩) પરમાણુ સકંપ અનંત ગુણા (૪) સંખ્યાત પ્રદેશી સકંપ અસંખ્ય ગુણા (૫) અસંખ્યાત પ્રદેશી સકંપ અસંખ્ય ગુણા (૬) પરમાણુ નિષ્કંપ અસંખ્ય ગુણા. (૭) સંખ્યાત પ્રદેશી નિષ્કંપ સંખ્યાત ગુણા (૮) અસંખ્યાત પ્રદેશી નિષ્કંપ અસંખ્ય ગુણા.

પ્રદેશની અપેક્ષા પણ આ ક્રમ છે. પરમાણુને અપ્રદેશ કહેવા. તથા સંખ્યાત પ્રદેશીના નિષ્કંપ અસંખ્યાત ગુણા કહેવા.

**દ્રવ્ય–પ્રદેશની સમ્મિલિત અલ્પબહુત્વ :–** (૧) અનંત પ્રદેશી સ્કંધ નિષ્કંપ બધાથી અલ્પ(થોડા) છે. (૨) એના પ્રદેશ અનંત ગુણા (૩) તે જ સકંપ દ્રવ્ય અનંત ગુણા (૪) એના પ્રદેશ અનંત ગુણા (૫) પરમાણુ સકંપ અનંત ગુણા. (૬) સંખ્યાત પ્રદેશી સકંપ અસંખ્ય ગુણા. (૭) તે જ પ્રદેશથી સંખ્યાત ગુણા. (૮) અસંખ્યાત પ્રદેશી દ્રવ્ય સકંપ અસંખ્ય ગુણા. (૯) એના પ્રદેશ અસંખ્ય ગુણા. (૧૦) પરમાણુ નિષ્કંપ અસંખ્ય ગુણા (૧૧) સંખ્યાત પ્રદેશી દ્રવ્ય નિષ્કંપ અસંખ્ય ગુણા. (૧૨) એના પ્રદેશ સંખ્યાત ગુણા. (૧૩) અસંખ્યાત પ્રદેશી દ્રવ્ય નિષ્કંપ અસંખ્ય ગુણા. (૧૪) એના જ પ્રદેશ અસંખ્ય ગુણા.

**દેશ સર્વ સકંપ :–** પરમાણુ બધા સકંપ હોય છે. દ્વિપ્રદેશી વિગેરે દેશ અને સર્વ બન્ને સકંપ હોય છે. બહુવચનમાં પણ એમ જ સમજવું. દ્વિપ્રદેશી વિગેરેના દેશ અને સર્વ સકંપની કાયસ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમાં ભાગની હોય છે. બાકી કાયસ્થિતિ પરમાણુ વિગેરેની સકંપ નિષ્કંપની સરખી છે.



બહુવચનમાં દેશ, સર્વેની કાર્યસ્થિતિ સર્વદ્ધા કાળની હોય છે. અંતર તથા અલ્પબહુત્વ સકંપ નિષ્કંપની સમાન છે. જેનો કોઠો (ચાર્ટ) આ પ્રમાણે છે.

| પુદ્ગલ | કાયસ્થિતિ ઉત્કૃષ્ટ | સ્વસ્થાન અંતર | પરસ્થાન અંતર | અલ્પ૦ |
|---|---|---|---|---|
| સર્વ સકંપ પરમાણુ | આવલિકાના૦ | અસંખ્યાત કાળ | અસંખ્યાત કાળ | અલ્પ |
| સર્વ સકંપ દ્વિપ્રદેશાદિ | આવલિકાના૦ | અસંખ્યાત કાળ | અનંત કાળ | ૧ અલ્પ |
| દેશ સકંપ દ્વિપ્રદેશાદિ | આવલિકાના૦ | અસંખ્યકાળ | અનંત કાળ | ૨ અસંખ્ય ગુણા |
| નિષ્કંપ પરમાણુ | અસંખ્ય કાળ | આવલિકાના૦ | અસંખ્ય કાળ | અસખ્ય ગુણા |
| નિષ્કંપ દ્વિપ્રદેશાદિ | અસંખ્ય કાળ | આવલિકાના૦ | અસંખ્ય કાળ | ૩ અસંખ્યગુણા |

**નોટ :–** (૧) દ્વિપ્રદેશીની જેમ જ અનંત પ્રદેશી સુધી છે. (૨) જઘન્ય બધાની કાયસ્થિતિ અને અંતર એક સમયના જ હોય છે. (૩) આવલિકા કે = એનો મતલબ(અર્થ) આવલિકાના અસંખ્યાતમો ભાગ સમજવો. (૪) અલ્પ બહુત્વમાં દ્વિપ્રદેશીથી અસંખ્ય પ્રદેશી સુધી સમાન છે. અનંત પ્રદેશીમાં (૧) સર્વ સકંપ અલ્પ છે. (૨) નિષ્કંપ અનંત ગુણા છે. (૩) દેશ સકંપ અનંત ગુણા છે.

**સમ્મિલિત ૨૦ બોલ પુદ્ગલની અલ્પબહુત્વ :–** પરમાણુના સકંપ, અકંપ એમ બે પ્રકાર છે. સંખ્યાત પ્રદેશીના સર્વ સકંપ, દેશ સકંપ અને નિષ્કંપ એ ત્રણ અને એના પ્રદેશના ત્રણ, એમ છ પ્રકાર છે. આવી રીતે જ ૬–૬ ભેદ અસંખ્ય અને અનંત પ્રદેશીના છે.

(૧ થી ૬) અનંત પ્રદેશીના છે. એના દ્રવ્યના બોલોની અનંતર જ તેના પ્રદેશ અનંત ગુણા છે. (૭) અસંખ્યાત પ્રદેશી સર્વ સકંપ અનંત ગુણા (૮) એમના પ્રદેશ અસંખ્યગુણા (૯) સંખ્યાત પ્રદેશી સર્વ સકંપ અનંત ગુણા (૧૦) એમના પ્રદેશ સંખ્યાત ગુણા (૧૧) પરમાણુ સર્વ સકંપ અસંખ્ય ગુણા (૧૨) સંખ્યાત પ્રદેશી દેશ સકંપ અસંખ્ય ગુણા (૧૩) એમના પ્રદેશ સંખ્યાત ગુણા (૧૪) અસંખ્યાત પ્રદેશી દેશ સકંપ અસંખ્યગુણા (૧૫) એમના પ્રદેશ અસંખ્ય ગુણા

(૧૬) પરમાણુ નિષ્કંપ અસંખ્ય ગુણા (૧૭) સંખ્યાત પ્રદેશી નિષ્કંપ સંખ્યાત ગુણા (૧૮) એમના પ્રદેશ સંખ્યાત ગુણા (૧૯) અસંખ્યાત પ્રદેશી નિષ્કંપ અસંખ્ય ગુણા. (૨૦) એમના પ્રદેશ અસંખ્ય ગુણા.

**રુચક પ્રદેશ :–** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય તથા જીવોના આઠ આઠ મધ્ય(રુચક) પ્રદેશ હોય છે, જે આઠ આકાશ પ્રદેશ અવગાહન કરે છે, પરંતુ જીવના સંકોચ, વિસ્તાર થતા રહે છે. આ કારણે કયારેક એક બે વિગેરે આકાશ પ્રદેશ પર પણ આઠ મધ્ય પ્રદેશ રહે છે અને કયારેક આઠ આકાશ પ્રદેશ પર પણ રહે છે. પરંતુ સ્વભાવ અનુસાર સાત પ્રદેશ પર રહેતા નથી.

## ઉદ્દેશક : ૫

(૧) પર્યવ(પજજવા) સંબંધી વર્ણન પ્રજ્ઞાપના પદ ૫ ની સમાન છે. (૨) સમયથી લઈને પુદ્‌ગલ પરાવર્તન સુધીના કાળનું સ્વરૂપ અનુયોગ દ્વાર સૂત્ર ખંડ–૫ની સમાન છે.

અસંખ્ય સમયોની આવલિકા ***યાવત્*** સાગરોપમ હોય છે. પુદ્‌ગલ પરાવર્તનમાં અનંત સમય હોય છે. સંખ્યાત વર્ષોમાં આવલિકા વિગેરે સંખ્યાત હોય છે. પલ્યોપમ વિગેરે અસંખ્યાત વર્ષોમાં અસંખ્ય આવલિકા વિગેરે હોય છે. પુદ્‌ગલ પરાવર્તનમાં અનંત હોય છે.

સમયથી માંડીને શીર્ષ પ્રહેલિકા સુધી ૪૬ ભેદ છે. ૧૯૪ અંક હોય છે. અહીં સુધી ગણના સંખ્યા છે. આગળ ઉપમા સંખ્યા છે.

ભૂતકાળ, ભવિષ્યકાળ અનંત હોવાથી બરાબર હોય છે. પરંતુ, વર્તમાનનો એક સમય અલગ હોય છે. એને ભવિષ્ય કાળમાં ભેગા કરવાથી ભવિષ્યકાળ સમયાધિક કહેવાય છે. સર્વદ્ધા કાળ ભૂતકાળથી બે ગણો(બમણો) સાધિક હોય છે.

**નિગોદ :–** નિગોદ શરીર અને નિગોદના જીવ એમ બે પ્રકાર છે. પુનઃ સૂક્ષ્મ નિગોદ અને બાદર નિગોદ એમ બે ભેદ છે. સૂક્ષ્મ ચક્ષુ ગ્રાહ્ય હોતા નથી. અને બાદરના અસંખ્ય શરીર મળવાથી ચક્ષુ ગ્રાહ્ય થાય છે. એનુ વિશેષ વર્ણન સ્થિતિ વિગેરે જીવાભિગમ સૂત્ર સારાંશ ખંડ–૬ માં જોવું.

૬ ભાવનું વર્ણન શતક ૧૭, ઉદ્દેશક પ્રથમની સમાન છે તથા વિશેષ વિવરણ માટે અનુયોગ દ્વાર સૂત્ર સારાંશ ખંડ–૭ માં જોવું.



## ઉદ્દેશક : ૬

**છ નિયંઠા : નિર્ગ્રન્થ વર્ણન :–** પંચ મહાવ્રતધારી શ્રમણોને નિર્ગ્રન્થ કહે છે. એમને ૬ પ્રકારના કહેવાયા છે. (૧) પુલાક (૨) બકુશ (૩) પ્રતિસેવના (૪) કષાય કુશીલ (૫) નિર્ગ્રન્થ (૬) સ્નાતક. આ ૬ ના સ્વરૂપ ૩૬ દ્વારથી સ્પષ્ટ કર્યા છે. તે દ્વાર આ પ્રમાણે. છે.

**પહેલો પ્રજ્ઞાપના દ્વાર :–** આ દ્વારમાં આ છ ની પરિભાષા તથા અવાંતર ભેદ સમજાવ્યા છે. મૂળ ભેદ નિર્ગ્રન્થના પાંચ જ કહ્યા છે. પણ કુશીલના પ્રતિસેવના કુશીલ અને કષાયકુશીલ મુખ્ય બે ભેદ કરવામાં આવ્યા છે અને આગળ ૩૫ દ્વારોનું વર્ણન આ ૬ ભેદો પર કરવામાં આવ્યુ છે. એટલે નિર્ગ્રન્થના ૬ ભેદ જ કહેવાય છે અને ૬ ભેદો પર સંપૂર્ણ વર્ણન કરવામાં આવે છે. આ છ નિર્ગ્રન્થોની પરિભાષા વિગેરે પરિશિષ્ટમાં વિસ્તારથી સમજાવી છે. એટલે સારાંશ ખંડ–૨ જોવુ. તથા ત્યાં જ નિરિયાવલિકા સૂત્ર પરિશિષ્ટ પણ જોવું.

**બીજો વેદ દ્વાર :–** સ્ત્રી, પુરુષ, નપુસંક એમ ત્રણ ભેદ છે. નપુસંકના સ્ત્રી નપુસંક અને પુરુષ, નપુસંક એમ બે ભેદ છે. આ ભેદ એમની યોનિ, લિંગ, સ્તન વગેરે અંગોપાંગની અપેક્ષા હોય છે. આ બન્ને ભેદ સ્વભાવિક જન્મથી હોય છે. કૃત નપુંસક અથવા વિકૃતિ પ્રાપ્ત નપુસંક વિગેરે તો મૌલિક રુપથી લગભગ પુરુષ જ હોય છે. આ નપુસંકોમાં કેવળ સ્ત્રી નપુસંકમાં એક પણ નિયંઠો હોતો નથી. પુરુષ નપુસંકમાં કોઈ કોઈ નિયંઠા હોય છે. તે ચાર્ટમાં જોવું. પુલાક નિર્ગ્રન્થમાં સ્ત્રી વેદ હોતા નથી. કારણ કે એમને પૂર્વજ્ઞાન હોતું નથી અને પૂર્વ જ્ઞાન સિવાય તે લબ્ધિ પ્રાપ્ત થતી નથી.

**ત્રીજો રાગ દ્વાર :–** સરાગ, વીતરાગ એમ બે ભેદ છે. વીતરાગના ઉપશાંત અને ક્ષીણ એમ બે ભેદ છે.

**ચોથો કલ્પ દ્વાર :–** આના પાંચ પ્રકાર છે.

**(૧) સ્થિત કલ્પ :–** આ કલ્પમાં ૧૦ કલ્પોનું પૂર્ણ રૂપથી નિયમિત પાલન કરવામાં આવે છે.

**(૨) અસ્થિત કલ્પ :–** આ કલ્પમાં ૪ કલ્પોનું પૂર્ણરૂપથી પાલન કરવામાં આવે છે. ૬ કલ્પોનું વૈકલ્પિક પાલન થાય છે. અર્થાત્ કોઈ કલ્પની કંઈક અલગ વ્યવસ્થા હોય છે અને કોઈ કલ્પનું પાલન ઐચ્છિક નિર્ણય પર હોય છે.

**(૩) સ્થવિર કલ્પ :–** આ કલ્પમાં સંયમના બધા નાના–મોટા નિયમ ઉપ–નિયમોના ઉત્સર્ગ રૂપથી (સામાન્ય રીતે) પૂર્ણ પાલન કરવામાં આવે છે અને વિશેષ પરિસ્થિતિમાં ગીતાર્થ બહુશ્રુતની સ્વીકૃતિથી અપવાદ સેવન કરવામાં આવે છે. અર્થાત્ સકારણ સંયમ મર્યાદાથી બાહ્ય આચરણ કરીને એનું આગમમાં કહ્યા મુજબ પ્રાયશ્ચિત્ત લેવામાં આવે છે. તથા પરિસ્થિતિ સમાપ્ત થવાથી ફરી શુદ્ધ સંયમનું પાલન કરવામાં આવે છે. એવા ઉત્સર્ગ અને અપવાદના વૈકલ્પિક આચરણ–વાળા આ કલ્પ (અવસ્થા) સ્થવિર કલ્પ કહેવાય છે. આ કલ્પમાં ગીતાર્થ બહુશ્રુતની આજ્ઞાથી શરીર તથા ઉપધિના પરિકર્મ પણ કરી શકાય છે.

**(૪) જિન કલ્પ :–** જિનનો અર્થ થાય છે રાગ દ્વેષના વિજેતા વીતરાગ. તેથી જે કલ્પમાં શરીર તરફ પૂર્ણ વીતરાગતાની જેમ આચરણ હોય છે. તે જિન કલ્પ કહેવાય છે. આ કલ્પમાં સંયમના નિયમ ઉપનિયમોમાં કોઈ પ્રકારના અપવાદ સેવન કરવામાં આવતા નથી. એના સિવાય આ કલ્પમાં શરીર તથા ઉપકરણોનું કોઈ પણ પ્રકારનું પરિકર્મ પણ કરી ન શકાય. અર્થાત્ નિર્દોષ ઔષધ, ઉપચાર કપડા ધોવા, સીવવા, વિગેરે કરવામાં આવતા નથી. રોગ આવી જાય, પગમાં કાંટો લાગી જાય, શરીરના કોઈ ભાગમાં વાગી જાય, લોહી નીકળે, તો પણ કોઈ ઉપચાર કરવામાં આવતો નથી. આવી શારીરિક વીતરાગતા જેમાં ધારણ કરવામાં આવે છે તેને જિન કલ્પ કહેવાય છે.

**(૫) કલ્પાતીત :–** જે શાસ્ત્રાજ્ઞાઓ, મર્યાદાઓ, પ્રતિબંધોથી અલગ થઈ જાય છે, મુક્ત થઈ જાય છે. પોતાના જ જ્ઞાન અને વિવેકથી આચરણ કરવું એ જેમનો ધર્મ થઈ જાય છે, એવા પૂર્ણ યોગ્યતા સંપન્ન સાધકોના આચાર "કલ્પાતીત" (અર્થાત્ ઉપર કહેલા ચારેય કલ્પોથી મુક્ત) કહેવાય છે. તીર્થંકર ભગવાન તથા ઉપશાંત વીતરાગ, ક્ષીણ વીતરાગ (૧૧.૧૨.૧૩.૧૪. માં ગુણ સ્થાનવાળા) વિગેરે કલ્પાતીત હોય છે. તીર્થંકર ભગવાન સિવાય છદ્મસ્થ મોહ કર્મ યુક્ત કોઈ પણ સાધક કલ્પાતીત હોતા નથી. સ્થિત કલ્પવાળાના **દશ કલ્પ** આ પ્રમાણે છે–

**(૧) અચેલ કલ્પ :–** મર્યાદિત સીમિત તથા સફેદ વસ્ત્ર રાખવા તથા પાત્ર વિગેરે અન્ય ઉપકરણ પણ મર્યાદિત રાખવા. અર્થાત્ જે ઉપકરણની ગણના અને માપ જે પણ સૂત્રોમાં બતાવ્યા છે એનું પાલન કરવું અને જેનું માપ સૂત્રોમાં સ્પષ્ટ નથી, એમનું બહુશ્રુતો દ્વારા નિર્દિષ્ટ મર્યાદાનુસાર પાલન કરવું એ "અચેલ કલ્પ" છે.

**(૨) ઔદેશિક :–** સમુચ્ચય સાધુ સમૂહ માટે બનાવેલ વસ્તુ (આહાર, મકાન



વિગેરે) ઔદેશિક હોય છે. વ્યક્તિગત નિમિત્તવાળી વસ્તુ અધાકર્મ હોય છે. જે કલ્પમાં ઔદેશિકનો ત્યાગ કરવો પ્રત્યેક સાધક માટે આવશ્યક હોય છે. તે "ઔદેશિક કલ્પ" કહેવાય છે.

**(૩) રાજપિંડ :–** મુગટ બંધ અન્ય રાજાઓ દ્વારા અભિષિક્ત હોય એવા રાજાઓના ઘરનો આહાર રાજપિંડ કહેવાય છે. તથા એમના બીજા પણ અનેક પ્રકારના રાજપિંડ નિશીથ સૂત્ર વિગેરેમાં બતાવ્યા છે. એને ગ્રહણ કરવા નહિ. આ "રાજપિંડ" નામનું ત્રીજુ કલ્પ છે.

**(૪) શય્યાતર પિંડ :–** જેના મકાનમાં સાધુ સાધ્વી રહે છે, તે શય્યાતર કહેવાય છે. એના ઘરના આહાર, વસ્ત્ર વિગેરે શય્યાતર પિંડ કહેવાય છે. એમને ગ્રહણ નહિ કરવા તે "શય્યાતર પિંડ" કલ્પ છે.

**(૫) માસ કલ્પ :–** સાધુ એક ગામ વિગરેમાં ૨૯ દિવસથી વધુ ન રહે અને સાધ્વી ૫૮ દિવસથી વધુ ન રહે એને "માસ કલ્પ" કહે છે.

**(૬) ચૌમાસ કલ્પ:–** અષાઢી પૂનમથી કારતક પૂનમ સુધી આગમોક્ત કારણ સિવાય વિહાર ન કરવો, એક જ જગ્યાએ સ્થિરતાપૂર્વક રહેવું એ "ચૌમાસ કલ્પ" છે.

**(૭) વ્રત કલ્પ :–** પાંચ મહાવ્રત તથા છટ્ઠા રાત્રિ ભોજન વ્રતનુ પાલન કરવું અથવા ચાતુર્યામ ધર્મનુ પાલન કરવું, એ "વ્રત કલ્પ" છે.

**(૮) પ્રતિક્રમણ :–** સવાર સાંજ બન્ને વખત નિયમિત પ્રતિક્રમણ કરવું, એ "પ્રતિક્રમણ કલ્પ" છે.

**(૯) કૃતિ કર્મ :–** દીક્ષા પર્યાયથી વડીલને પ્રતિક્રમણ વગેરે સમયસર વંદના વ્યવહાર કરવો, "કૃતિ કર્મ કલ્પ" છે.

**(૧૦) પુઢષ જ્યેષ્ઠ કલ્પ :–** કોઈ પણ સાધુ, કોઈ પણ સાધ્વી માટે મોટા હોય છે અર્થાત્ વંદનીય જ હોય છે. એટલે નાના મોટા બધા સાધુ મહારાજ સાધ્વીજીઓ માટે મોટા જ માનવામાં આવે છે અને તે અનુસાર જ યથાસમય વિનય વંદન વ્યવહાર કરવામાં આવે છે. તેમજ સાધુ કોઈ પણ હોય તે સાધ્વીને વ્યવહાર વંદન કરતા નથી. આ " પુઢષ જ્યેષ્ઠ" નામનુ દશમું કલ્પ છે.

આ ૧૦ કલ્પ પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં પાલન કરવા આવશ્યક છે. અર્થાત્ તે શ્રમણોને આ કહેલા દશ નિયમ પૂર્ણ રૂપથી લાગુ પડે છે.

**બાકી ૨૨ મધ્યમ તીર્થંકરોના શાસનમાં ૬ કલ્પ વૈકલ્પિક હોય છે. એની વ્યવસ્થા આ પ્રમાણે છે :–**

**(૧) અચેલ કલ્પ–** સ્વમતિ નિર્ણય અનુસાર વસ્ત્ર–પાત્ર ઓછાવધુ માત્રામાં ઓછા વધુ મૂલ્યવાળા, જેવા પણ સમય પર મળે અને લેવા ઈચ્છે તો લઈ શકે છે. **રંગીન વસ્ત્ર કહેવાની પરંપરા બરાબર નથી. (૨) ઔદેશિક–** અનેક સાધુ સમુહના ઉદ્દેશ્યથી બનેલો આહાર વ્યક્તિગત કોઈ સાધુ લેવા ઈચ્છે તો તે લઈ શકે છે. અગર એના માટે જ વ્યક્તિગત કોઈએ બનાવ્યો હોય તો તે આધાકર્મી લઈ શકતા નથી. **(૩) રાજપિંડ–** ઈચ્છાનુસાર અમુક પ્રસંગે લઈ શકે છે. **(૪) માસ કલ્પ–** આવશ્યક લાગે તો ૨૯ દિવસથી વધારે પણ ઈચ્છાનુસાર રહી શકે છે. **(૫) ચૌમાસ કલ્પ–** આવશ્યક લાગે તો ભાદરવા સુદ ૫ ના પહેલા વિહાર કરી શકે છે. પાંચમના દિવસથી કારતક સુદ ૧૫ સુધી વિહાર કરવાનો નહિ, એટલા નિયમનું પાલન કરે છે. **(૬) પ્રતિક્રમણ–** આવશ્યક લાગે તો સવાર સાંજ પ્રતિક્રમણ કરવું અને આવશ્યક ન લાગે તો ન કરવું. પરંતુ પાખી ચૌમાસી સંવત્સરીના દિવસે સાંજનું પ્રતિક્રમણ અવશ્ય કરવું.

આ પ્રકારની વ્યવસ્થાવાળા આ ૬ વૈકલ્પિક કલ્પ છે. મધ્યમ તીર્થંકરના સમયના સાધુઓના આ પ્રકારે વૈકલ્પિક "અસ્થિત કલ્પ' કહેવાય છે. પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓને આ દશે કલ્પોનું આવશ્યક હોવુ "સ્થિત કલ્પ" કહેવાય છે.

**અસ્થિત કલ્પવાળાના** ચાર આવશ્યક કરણીય કલ્પ આ પ્રમાણે છે–

**(૧) શય્યતર પિંડ**–મકાન માલિકના આહાર વિગેરે પદાર્થો લેવા નહિં. **(૨) વ્રત–** મહાવ્રત ચાતુર્યામ તથા અન્ય વ્રત નિયમ સમિતિ, ગુપ્તિ વિગેરેનું આવશ્યક રૂપથી પાલન કરવું. **(૩) કૃતિ કર્મ–** દીક્ષા પર્યાયના ક્રમથી વંદન વિનય વ્યવહાર કરવો આવશ્યક હોય છે. **(૪) પુઢષ જયેષ્ઠ–** સાધ્વીઓ માટે બધા સાધુઓને જ્યેષ્ઠ પૂજનીય માની વિનય, વંદન વ્યવહાર કરવો આવશ્યક કલ્પ હોય છે.

આ આર્ય સંસ્કૃતિનો અનાદિ નિયમ છે. ભારતીય ધર્મ સિદ્ધાંતોમાં કયાંય પણ સાધ્વીઓ સાધુઓ માટે વંદનીય કહેવાઈ નથી. એટલે આ ભારતીય સંસ્કૃતિનો લૌકિક વ્યવહાર છે. આ કારણે આ નિયમને મધ્યમ તીર્થંકરોના શાસનમાં પણ વૈકલ્પિક ન બતાવી આવશ્યકીય નિયમોમાં બતાવ્યું છે. એટલે પુઢષ જયેષ્ઠનો



વ્યવહાર કરવાનો અનાદિ ધર્મ સિદ્ધાંત જ લૌકિક વ્યવહારને અનુરૂપ છે. એવુ જ સર્વજ્ઞોએ યોગ્ય જોયું છે. આ સિદ્ધાંતથી લોક વ્યવહાર તથા વ્યવસ્થા સુંદર ઢંગથી ચાલી આવે છે. આ આગમિક સિદ્ધાંતનો મતલબ એ નથી કે સાધ્વી સંઘનો આદર થતો નથી. સાધુ નિર્ગ્રન્થ ગૃહસ્થોની કોઈ પણ પ્રકારની સેવા કરી શકતા નથી. પરંતુ સાધ્વીની આવશ્યકીય સ્થિતિમાં તેઓ દરેક સેવા માટે તત્પર રહે છે. તે સેવા–ગોચરી લાવવી, સંરક્ષણ કરવું, ઉઠાવીને અન્યત્ર પહોંચાડી દેવું, કયાંય પડતાં, ગબડતાં, ગભરાતી વખતે સહારો આપવો. અથવા પાણીમાં તણાતા હોય તો તરીને કાઢી લેવા, વિગેરે વિભિન્ન સૂત્રોમાં અનેક પ્રકારની સેવા કહેવાઈ છે. આ અનેક કાર્યોની શાસ્ત્રમાં આજ્ઞા છે. તથા ભાવ વંદન નમસ્કારમાં સાધુ પણ બધા સાધ્વીઓને વંદન નમસ્કાર કરે છે. પુઢષ જયેષ્ઠ કલ્પ માત્ર લૌકિક વ્યવહાર માટે જ તીર્થંકરો દ્વારા બતાવાયો છે. એની અવહેલના, અવજ્ઞા કરવી શ્રદ્ધાળુ, બુદ્ધિમાનો માટે યોગ્ય નથી. વ્યવહારની જગ્યાએ વ્યવહાર છે અને નિશ્ચય(ભાવ) ની જગ્યાએ નિશ્ચય(ભાવ) છે. આ પુઢષ જયેષ્ઠ કલ્પને સમજવાનો સાર છે. આર્ય સંસ્કૃતિમાં લગ્ન થયા પછી પુઢષને ઘેર સ્ત્રી આવે છે. પરંતુ સ્ત્રીના ઘેર પુઢષ આવતો નથી. આ વ્યવહાર પણ પુઢષ જયેષ્ઠ કલ્પને પુષ્ટ કરવાવાળો નિવડે છે.

આ દશે કલ્પ અહીં ભગવતી સૂત્રમાં, સ્થિત કલ્પમાં સમાવેશ કર્યા છે.

**પાંચમો ચારિત્ર દ્વાર :–** ચારિત્ર પાંચ છે, એનું સ્વરૂપ આ પ્રમાણે છેઃ–

**(૧) સમાયિક ચારિત્ર :–** આ ચારિત્ર પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં અલ્પ કાલીન હોય છે. જઘન્ય સાત દિવસનું, ઉત્કૃષ્ટ છ મહિનાનું હોય છે. અર્થાત્ એટલા સમયમાં આ ચારિત્રને પુનઃ મહાવ્રતારોપણ કરીને છેદોપસ્થા– પનીય ચારિત્રમાં પરિવર્તિત કરી દેવામાં આવે છે. આ કારણે આ બે તીર્થંકરોના શાસનવર્તી સાધુઓનું સામાયિક ચારિત્ર ઈત્વરિક(થોડા સમયનું) કહેવાય છે. બાકી મધ્યમ તીર્થંકરોના શાસનવર્તી શ્રમણોના તેમજ તીર્થંકરોના અને સ્વયંબુદ્ધ વિગેરેના ગ્રહણ કરેલા સામાયિક ચારિત્ર આજીવન હોય છે. આ પ્રકારે સામાયિક ચારિત્રના બે ભેદ હોય છે. ઈત્વરિક સામાયિક ચારિત્ર અને યાવત્કથિત (આજીવન) સામાયિક ચારિત્ર.

**(૨) છેદોપસ્થાપનીય ચારિત્ર :–** પહેલા પ્રત્યાખ્યાન કૃત જે સામાયિક ચારિત્ર છે, એનું છેદન કરીને ફરી મહાવ્રતારોપણ(મહાવ્રતમાં સ્થાપિત) કરવામાં આવે

છે. આ ઉપસ્થાપન કરવું કહેવાય છે. આ નવા ઉપસ્થાપિત કરાયેલા ચારિત્રને જ છેદોપસ્થાપનીય ચારિત્ર કહે છે. આ બે પ્રકારના હોય છે. (૧) નવદીક્ષિતને ૭ દિવસ પછી અથવા ૬ મહિના સુધીમાં સૈદ્ધાન્તિક વૈધાનિક રૂપથી આપવામાં આવેલા આ ચારિત્ર 'નિરતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર' કહેવાય છે. (૨) કોઈ પ્રકારના ગુઢતર–ભારી દોષ લાગવાથી જ્યારે પૂર્વ ચારિત્રનુ પૂર્ણ છેદ રૂપ પ્રાયશ્ચિત્ત આવે છે, ત્યારે એ સાધકનો પહેલો દીક્ષા પર્યાય સંપૂર્ણ છેદન કરીને ફરી મહાવ્રતારોપણ કરવામાં આવે છે. તે સાતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર કહેવાય છે. પહેલો સૈદ્ધાન્તિક અર્થાત્ શાસનના નિયમથી હોય છે અને બીજો દોષ સેવનથી થાય છે.

સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્રમાં વિશિષ્ટ વ્યવહારિક મર્યાદા–ઓનું તથા કલ્પોનું અંતર હોય છે. છેદોપસ્થાપનીયમાં ૧૦ કલ્પ આવશ્યક હોય છે. એટલે તે સ્થિત કલ્પવાળા કહેવાય છે. સામાયિકમાં ૬ કલ્પ વૈકલ્પિક હોય છે. એટલે તે અસ્થિત કલ્પવાળા કહેવાય છે. એના સિવાય બન્ને ચારિત્રોના સંયમ સ્થાન, પર્યવ, ગતિ, ગુણસ્થાન વિગેરે કેટલીક સમાનતાઓ હોય છે. એટલે આરાધના, ભાવ ચારિત્ર અને ગતિની અપેક્ષા બન્નેનું સ્થાન સમાન જ છે.

**(૩) પરિહાર વિશુદ્ધ ચારિત્ર :–** આ એક પ્રકારની વિશિષ્ટ તપ સાધનાના કલ્પવાળા ચારિત્ર છે. મૂળમાં આ છેદોપસ્થાપનીય ચારિત્રવાળા જ હોય છે. આવી સાધના માટે પહેલા અને છેલ્લા તીર્થંકરોના શાસનમાં શ્રમણો માટે વિશિષ્ટ વ્યવસ્થા હોય છે. સામુહિક સંઘમાં વિવિધ વક્ર જડ સાધુ પણ હોય છે. એટલે આ સાધનાની અલગ વ્યવસ્થા હોય છે. અન્ય તીર્થંકરોના શાસનમાં આવા તપ અને એમાં પણ વિશિષ્ટ તપ સાધનાઓ સમૂહમાં રહીને જ કરી શકાય છે. એટલે આ વિશિષ્ટ તપ સાધનાના પરિહાર વિશુદ્ધ ચારિત્ર પહેલા અને છેલ્લા તીર્થંકરોના શાસનમાં જ થાય છે.

**વિધિ :–** આ સાધના માટે ૯(નવ) સાધક એક સાથે આજ્ઞા લઈ અલગ વિહાર કરે છે. એમાં સૌથી પહેલા ચાર સાધક તપ કરે છે, ચાર એમની આવશ્યક સેવા પરિચર્યા કરે છે અને એક સાધક ગણની પ્રમુખતાનો સ્વીકાર કરે છે. એના પછી સેવા કરનાર ચારેય સાધક તપ કરે છે. તપ કરવાવાળા સેવા કરે છે. એના પછી જ્યારે ગણ પ્રમુખ સાધક તપ કરે છે, ત્યારે સાત સાધક સેવા વિગેરે કરે છે અને એક સાધક પ્રમુખતા સ્વીકાર કરે છે. પ્રમુખ સાધક (વ્યક્તિ) જવાબદારી તથા વ્યવહાર અને ધર્મ પ્રચારના કર્તવ્યોનું, આચરણોનું પાલન કરે છે. બાકી બધા



પોતાની મૌન, ધ્યાન, સાધના, સ્વાધ્યાય, સેવા, તપ વગેરેમાં સંલગ્ન રહે છે. તપ કરવાવાળા નિયમિત સમય આગમ નિર્દિષ્ટ તપ અવશ્ય કરે છે. તેમાં કંઈ ઓછું કરતા નથી. પણ એમાં વધારે તપ કરી શકે છે.

તપસ્વી ઉનાળામાં ઉપવાસ, છઠ, અટ્ઠમ કરે છે. શિયાળામાં છઠ, અટ્ઠમ, ચાર સાથે ઉપવાસ કરે છે. ચોમાસામાં અટ્ઠમ, ચાર કે પાંચ સાથે ઉપવાસ કરે છે. પારણામાં આયંબિલ કરે છે. આ તપ નિરંતર ચાલે છે. અર્થાત્ એક આયંબિલ પછી ફરીથી તપસ્યા ચાલુ રહે છે. દરેક છ મહિના પછી સાધકોનો ક્રમ બદલાતો રહે છે. ૧૮ મહિનામાં બધાનો ક્રમ આવી જાય છે. ૧૮ મહિના પછી આ તપસ્વી સાધક પોતાની આ સાધનાને વિસર્જિત કરી ગુઢ સેવામાં આવી શકે છે અને આગળ વધારવા ઈચ્છે તો તે જ ક્રમમાં ૬–૬ મહિના બદલીને કરી શકે છે.

આ પ્રમાણે આ ચારિત્ર ઓછામાં ઓછા ૧૮ મહિના માટે ધારણ કરી શકાય છે. ઉત્કૃષ્ટ આમાં જીવનભર પણ રહી શકાય છે. આમાંથી કોઈ સાધક વચ્ચમાં આયુષ્ય પૂરું કરી શકે છે અને વિશિષ્ટ પ્રસંગ વશ કોઈ સાધક વચ્ચમાં આવીને સમ્મિલિત પણ થઈ શકે છે. આ સાધના પૂર્વધારી શ્રમણ જ કરે છે. દશ પૂર્વથી ઓછા જ્ઞાનવાળા તથા ૯માં પૂર્વની ત્રીજી આચાર વસ્તુથી ઉપરી જ્ઞાનવાળા ધારણ કરે છે. એનાથી ઓછા જ્ઞાનવાળાને આજ્ઞા અપાતી નથી. તથા વધારે જ્ઞાનવાળાને એવી ગચ્છ મુક્તિની કોઈ પણ પ્રકારની સાધનાઓની આવશ્યકતા જ રહેતી નથી. આ તપને ઓછામાં ઓછા ૨૦ વર્ષની દીક્ષા પર્યાયવાળા જ ધારણ કરી શકે છે.

અન્ય અનેક વિષયોનું વર્ણન આગળ સાતમાં ઉદ્દેશકમાં ૩૬ દ્વારોથી કરવામાં આવશે. ત્યાં આ ચારિત્ર સંબંધી ઘણા તત્ત્વોની જાણકારી મળી શકશે.

**(૪) સૂક્ષ્મ સંપરાય ચારિત્ર :–** ઉપર કહ્યા મુજબ કોઈપણ ચારિત્રોનું પાલન કરતાં કરતાં જ્યારે મોહ કર્મની ૨૭ પ્રકૃતિનો ક્ષય અથવા ઉપશમ થઈ જાય છે, કેવળ સૂક્ષ્મ સંજવલન લોભનો ઉદય માત્ર બાકી રહે છે, એવી સાધકની અવસ્થાને "સૂક્ષ્મ સંપરાય ચારિત્ર" કહેવાય છે. આ ચારિત્રમાં દશમું ગુણસ્થાન હોય છે. બીજું વર્ણન આગળ સાતમાં ઉદ્દેશકમાં ૩૬ દ્વારોથી બતાવ્યું છે.

**(૫) યથાખ્યાત ચારિત્ર :–** સૂક્ષ્મ સંપરાય ચારિત્રથી આગળ નીકળી સાધક આ ચારિત્રમાં પ્રવેશ કરે છે. અર્થાત્ અવશેષ સંજ્વલન લોભ મોહ કર્મનો સંપૂર્ણ ઉપશમ અથવા ક્ષય કર્યા પછી યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ થાય છે. એના બે

વિભાગ છે. (૧) ઉપશાંત મોહ યથાખ્યાત. (૨) ક્ષીણ મોહ યથાખ્યાત. ઉપશાંત મોહ યથાખ્યાત અસ્થાઈ હોય છે. અંતર્મુહૂર્ત પછી સમાપ્ત થઈ જાય છે. ત્યારે સાધક ફરી સૂક્ષ્મ સંપરાય ચારિત્રમાં પહોંચી જાય છે. ક્ષીણ મોહ યથાખ્યાત–વાળા આગળ વધી અંતર્મુહૂર્તમાં જ બાકીના ત્રણ ઘાતી કર્મોનો ક્ષય કરી કેવલ જ્ઞાન, કેવળ દર્શન પ્રાપ્ત કરે છે. ઉપશાંત મોહ યથાખ્યાતમાં એક અગિયારમું ગુણસ્થાન છે અને ક્ષીણ મોહ યથાખ્યાત ચારિત્રમાં ૧૨, ૧૩, ૧૪, ત્રણ ગુણસ્થાન છે અને આ પ્રમાણે કુલ ૪ ગુણસ્થાન છે. જેમાં બે છદ્મસ્થ ગુણ સ્થાન છે અને બે કેવળી ગુણસ્થાન છે. તેરમાં ચૌદમાં ગુણસ્થાનમાં ચાર અઘાતિ કર્મ રહે છે. (૧) વેદનીય (૨) આયુ (૩) નામ (૪) ગોત્ર. જ્ઞાનવરણીય, દર્શનાવરણીય અને અંતરાય આ ત્રણ ઘાતી કર્મ ૧૨ માં ગુણસ્થાનના અંતિમ સમયમાં પૂર્ણ રૂપથી ક્ષય થાય છે અને અવશેષ ચાર અઘાતિકર્મ ચૌદમા ગુણસ્થાનના અંતિમ સમયે પૂર્ણ રૂપેણ ક્ષય થાય છે. ત્યારે યથાખ્યાત ચારિત્ર વાળા સિદ્ધ ગતિને પ્રાપ્ત કરે છે. ત્યાં યથાખ્યાત ચારિત્ર પણ રહેતું નથી, કારણ કે ચારિત્ર મનુષ્ય ભવિક જ છે.

**છઠ્ઠું પ્રતિસેવના દ્વાર :–** સંયમના મૂળ ગુણ–પાંચ મહાવ્રત તથા છઠા રાત્રિ ભોજન ત્યાગ વ્રત છે. ઉત્તર ગુણમાં સ્વાધ્યાય તપ તથા નિયમોપનિયમ છે. આ મૂળ ગુણ અને ઉત્તર ગુણમાં દોષ લગાડવો, એની મર્યાદાઓનો ભંગ કરવો, પ્રતિસેવના = વિપરીત આચરણ કહેવાય છે. આ પ્રમાણે પ્રતિસેવનાના બે પ્રકાર છે. (૧) મૂળ ગુણ પ્રતિસેવના, (૨) ઉત્તર ગુણ પ્રતિસેવના. કોઈપણ મર્યાદાનો ભંગ કરવો નહિ, દોષ લગાવવો નહિ, તે અપ્રતિસેવના કહેવાય છે. એવા સાધક અથવા એમના નિયંઠા કે ચારિત્ર "અપ્રતિસેવી" કહેવાય છે.

**સાતમું જ્ઞાન દ્વાર :–** ૫ જ્ઞાન, ૩ અજ્ઞાન એમ આઠ પ્રકાર છે. તથા શ્રુત જ્ઞાનની અપેક્ષા પ્રવચન માતાનું જ્ઞાન શ્રમણને હોવું આવશ્યક હોય છે. ઉત્કૃષ્ટમાં ૧૧ અંગ, ૯ પૂર્વ, ૧૦ પૂર્વ અથવા ૧૪ પૂર્વનું જ્ઞાન હોય છે.

**આઠમું તીર્થ દ્વાર :–** કોઈ તીર્થંકરનું શાસન વિચ્છેદ થઈ જાય અથવા ઉત્સર્પિણી, અવસર્પિણીના પહેલા તીર્થંકરનું શાસન શરૂ ન થાય તે પહેલા જે કોઈ પોતે જ સંયમ અંગીકાર કરે તે અતીર્થમાં કહેવાય છે. તીર્થની સ્થાપના પછી તથા તીર્થ વિચ્છેદ થાય તે પહેલાં તીર્થંકરના શાસનમાં જ જે દીક્ષિત થાય છે તે તીર્થમાં કહેવાય છે. આ પ્રમાણે આ દ્વારમાં બે પ્રકાર છે. (૧) તીર્થમાં (૨) અતીર્થમાં. કોઈ નિર્ગ્રન્થ અથવા સંયત તીર્થમાં હોય છે, કોઈ અતીર્થમાં હોય છે અને કોઈ બન્નેમાં હોય છે.



**નવમું લિંગ દ્વાર :–** એના ત્રણ પ્રકાર છે– (૧) સ્વલિંગ= જિનમતની વેશભૂષા (૨) અન્ય લિંગ = અન્યમતની વેશભૂષા (૩) ગૃહસ્થ લિંગ = ગૃહસ્થની વેશ–ભૂષા. આ દ્રવ્યની અપેક્ષાએ ત્રણ ભેદ છે. એમનું નિર્ગ્રન્થ અને સંયતમાં હોવાનું કે ન હોવાનું કથન આ દ્વારમાં કરવામાં આવ્યું છે. ભાવ લિંગના ત્રણ ભેદ થઈ શકે છે પરંતુ અહીં પ્રસ્તુત પ્રકરણમાં સર્વત્ર ભાવથી સ્વલિંગ જ હોય છે. એટલે ચાર્ટમાં ત્રણ દ્રવ્ય લિંગ અને એક ભાવ લિંગની અપેક્ષાએ કથન કર્યું છે.

**દશમું શરીર દ્વાર :–** ઔદારિક વિગેરે પાંચ શરીર છે.

**અગિયારમું ક્ષેત્ર દ્વાર :–** એના બે પ્રકાર છે. (૧) કર્મ ભૂમિ. (૨) અકર્મ ભૂમિ. આ ક્ષેત્ર વર્ણન જન્મની અપેક્ષા અને સંહરણની અપેક્ષા એમ બે પ્રકારથી કરાય છે. અર્થાત્ નિર્ગ્રન્થ અથવા સંયત જન્મની અપેક્ષા કયા ક્ષેત્રમાં મળે છે અને સંહરણની અપેક્ષા કયા ક્ષેત્રમાં મળે છે, એ આ દ્વારમાં બતાવ્યું છે.

**બારમું કાળ દ્વાર :–** એના ત્રણ પ્રકાર છે. (૧) ઉત્સર્પિણી (૨) અવસર્પિણી (૩) નો ઉત્સર્પિણી નો અવસર્પિણી. એના ફરી ક્રમશઃ ૬–૬. અને ચાર ભેદ છે. અર્થાત્ ઉત્સર્પિણીના ૬ આરા છે. અવસર્પિણીના પણ ૬ આરા છે. નો ઉત્સર્પિણી નો અવસર્પિણીના ૪ પ્રકાર છે– (૧) પહેલા આરાના પ્રારંભના સમાન કાળ. (૨) બીજા આરાના પ્રારંભના સમાન કાળ (૩) ત્રીજા આરાના પ્રારંભના સમાન કાળ (૪) ચોથા આરાના પ્રારંભના સમાન કાળ. તથા એવા જ ભાવ જયાં હોય તે ચાર પ્રકારના ક્ષેત્ર ક્રમશઃ આ છે– (૧) દેવ કુરુ–ઉત્તર કુરુ (૨) હરિવાસ– રમ્યગ્વાસ. (૩) હેમવત–હેરણ્યવત્ (૪) મહાવિદેહ ક્ષેત્ર. આ ક્ષેત્રમાં જન્મ, સદ્ભાવ(હોવું) અને સંહરણ એમ ત્રણ અપેક્ષાથી નિર્ગ્રન્થ અથવા સંયતનું વર્ણન કરવામાં આવે છે.

**તેરમું ગતિ દ્વાર :–** આ દ્વારમાં ૩ વિભાગ છે– (૧) ક્યાં જાય– બધા નિયંઠા વૈમાનિકમાં જ જાય. (૨) કેટલી સ્થિતિ મેળવે. –૨ પલ્ય (અથવા અનેક પલ્ય) થી લઈને ૩૩ સાગર સુધી યથાયોગ્ય સ્થિતિ પ્રાપ્ત થાય છે. (૩) કેટલી પદવી મેળવે.– ઈન્દ્ર, સામાનિક, ત્રાયત્રિંશક લોકપાલ અને અહમેન્દ્ર આ પાંચ પદવી છે. એમાંથી આરાધકને જ યથાયોગ્ય પદવી પ્રાપ્ત થાય છે. વિરાધના કરનારને આ પદવી પ્રાપ્ત થતી નથી. નિર્ગ્રન્થની ગતિની પૃચ્છા હોવા છતાં પણ આરાધના વિરાધનાના વિકલ્પ નિકટતમ ભૂત અથવા ભવિષ્ય કાળની અપેક્ષાથી સમજવું અર્થાત્ નિયમ પ્રમાણે પ્રતિસેવી કહેવાયેલા નિયંઠા અંતિમ સમયમાં શુદ્ધિ કરી લે

તો એ નિયંઠામાં આરાધનાનો વિકલ્પ સમજવો અને અપ્રતિસેવી નિર્ગ્રન્થ અંતિમ સમયે કોઈ પ્રતિસેવના અવસ્થામાં આવી જાય તો તે, એ અપ્રતિસેવી નિયંઠાના વિરાધનાનુ વિકલ્પ ગણાશે. આ આરાધના વિરાધનાના વિકલ્પ પદવી પ્રાપ્તિના પ્રશ્નના ઉત્તરમાં છે. મૂળ પૃચ્છામાં નિર્ગ્રન્થ અને એની ગતિ જ છે. જે કેવળ વૈમાનિકની જ છે. એટલે આરાધના વિરાધનાના વિકલ્પવાળા પણ નિર્ગ્રન્થ તો છે જ. એમને નિર્ગ્રન્થ અવસ્થાથી બહારવાળા સમજવા નહીં કારણ કે ત્રણ ગતિ અને ત્રણ દેવોના સ્પષ્ટ નિષેધ સૂત્રમાં પહેલાંથી જ કરવામાં આવ્યા છે. એટલે વિરાધનાના વિકલ્પમાં પદવી વિનાની અવસ્થા પણ વૈમાનિક દેવોની જ સમજવી. ભવનપતિ વિગેરે આ ગતિ દ્વારના અવિષય ભૂત છે. એટલે એમને સમજવા નહીં. કારણ કે ગતિ દ્વારની પૃચ્છામાં મૂળભૂત ભવનપતિ વિગેરેનો સ્પષ્ટ નિષેધ કરી દેવામાં આવ્યો છે.

**ચૌદમું સંયમસ્થાન દ્વાર :–**

સંયમની શુદ્ધિ તથા અધ્યવસાયોની ભિન્નતાઓથી સંયમ સ્થાનોની તારતમ્યતા થાય છે. એના અનેક સ્થાન બને છે. તે સંયમના વિભિન્ન સ્થાન જ "સંયમ સ્થાન" કહેવાય છે. કુલ સંયમ સ્થાન અસંખ્ય હોય છે. કષાય રહિત અવસ્થા થઈ ગયા પછી સંયમ સ્થાન સ્થિર થઈ જાય છે. અર્થાત્ અકષાયવાળાઓનું એક જ સંયમ સ્થાન હોય છે. એટલે નિર્ગ્રન્થ અને સ્નાતકના સંયમ સ્થાન એક જ હોય છે. બાકી ચારના અસંખ્ય સંયમ સ્થાન હોય છે. એ અસંખ્યમાં પણ હીનાધિકતા હોય છે. જેને ચૌઠણ વડિયા કહેવાય છે.

**પંદરમું સંનિકર્ષ(પર્યવ) દ્વાર :–** સંયમના પર્યવને "નિકર્ષ" કહેવાય છે. સંયમ પરિણામોના વિભાગો, સ્થાનોને સંયમ સ્થાન કહેવાય છે અને સંયમ ધનનું, સંયમ ગુણોનું, સંયમ ભાવોનું જે સંચય આત્મામાં થાય છે, તે સંયમના પર્યવ કહેવાય છે. અર્થાત્ સંયમના ઉપલબ્ધ આત્મ વિકાસને અર્થાત્ આત્મ ગુણોની ઉપલબ્ધિ અને એના સંચયને જ પર્યવ કહેવાય છે. એવા સંયમ પર્યવ અનંત હોય છે. એમાં પણ પ્રત્યેક નિયંઠાના જઘન્ય અને ઉત્કૃષ્ટ પર્યવ હોય છે. એ અનંતમાં પણ અનંત ગુણ અંતર હીનાધિકતા થઈ શકે છે. એને "છટ્ઠાણ વડિયા" કહેવાય છે. છટ્ઠાણ વડિયા વિગેરેનો અર્થ પ્રજ્ઞાપના પદ ૫ ખંડ–૬માં બતાવ્યો છે.

**અલ્પબહુત્વ–** કષાય કુશીલના અને પુલાકના જઘન્ય પર્યવ બધાથી અલ્પ હોય છે. (નવી દીક્ષાના સમયે) બંનેના જઘન્ય આપસમાં તુલ્ય હોય છે. એનાથી



પુલાકના ઉત્કૃષ્ટ પર્યવ અનંત ગુણા, એનાથી બકુશ–પ્રતિસેવનાના જઘન્ય પર્યવ અનંત ગુણા. એનાથી બકુશના ઉત્કૃષ્ટ પર્યવ અનંત ગુણા. એનાથી પ્રતિસેવનાના ઉત્કૃષ્ટ પર્યવ અનંત ગુણા. એનાથી કષાય કુશીલના ઉત્કૃષ્ટ પર્યવ અનંત ગુણા. એનાથી નિર્ગ્રન્થ સ્નાતકના અજઘન્ય અનુત્કૃષ્ટ (એક સરખા) પર્યવ અનંત ગુણા છે.

પહેલાના ચાર નિયંઠાના પર્યવ સ્વયંની અપેક્ષા અને પરસ્પરની અપેક્ષાએ પણ છટ્ઠાણ વડિયા હોય છે. છેલ્લા બે નિયંઠાના પર્યવ પરસ્પરમાં સરખા હોય છે અને ચારેયથી અનંત ગુણા હોય છે.

**સોળમું યોગ દ્વાર :–** એના બે પ્રકાર છે. (૧) સયોગી અને (૨) અયોગી સયોગીમાં ત્રણ યોગ હોય છે. અયોગીમાં એક પણ યોગ હોતો નથી.

**સતરમું ઉપયોગ દ્વાર :–** સાકાર અને અનાકાર બે ઉપયોગ છે.

**અઢારમું કષાય દ્વાર :–** ચાર કષાય અને અકષાયી.

**ઓગણીસમું લેશ્યા દ્વાર :–**સલેશી, ૬ લેશ્યા અને અલેશી.

**વીસમું પરિણામ દ્વાર :–** પરિણામના ત્રણ પ્રકાર છે– વર્ધમાન, હાયમાન, અવસ્થિત. આ ત્રણેની જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે. પાંચ નિયંઠામાં જઘન્ય સ્થિતિ ત્રણેની એક સમયની હોય છે. હાયમાન વર્ધમાનની ઉત્કૃષ્ટ સ્થિતિ અંત–મુર્હૂતની હોય છે અને અવસ્થિતની ચાર નિયંઠામાં ઉત્કૃષ્ટ સાત સમયની હોય છે. નિર્ગ્રન્થમાં અંતર્મુહૂર્તની હોય છે. સ્નાતકમાં વર્ધમાન પરિણામની જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની અને અવસ્થિત પરિણામની જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ દેશોન ક્રોડ પૂર્વની સ્થિતિ હોય છે.

**૨૧. ૨૨. ૨૩. માં દ્વાર :–** (૧) બંધ (૨) ઉદય (૩) ઉદીરણા આઠ કર્મોની અપેક્ષા હોય છે.

**ચોવીસમું ઉપસંપદા દ્વાર :–** પ્રત્યેક નિર્ગ્રન્થ પોતાની નિર્ગ્રન્થ અવસ્થાને છોડે તો કઈ કઈ અવસ્થાને પ્રાપ્ત કરે છે. તે પ્રાપ્ત કરવાના આઠ સ્થાન કહેવાયા છે. (૧) અસંયમ(૨) સંયમાસંયમ(૩ થી ૭) પાંચ નિયંઠા (૮) સિદ્ધિ. છ નિયંઠામાંથી પોતાનો એક નિયંઠો ગણ્યો નથી. કારણ કે એને તો છોડવાની પૃચ્છાનો જ જવાબ છે. આ પ્રકારે આ દ્વારમાં નિયંઠાની આપસમાં ગતિ બતાવી છે. આ નિયંઠાવાળા એક બીજામાં આવ જા કરે છે. સ્નાતક કેવળ સિદ્ધ ગતિમાં જ જાય છે. બાકી પાંચે

ય નિયંઠા કાળ ધર્મ પામવાથી અસંયમમાં જ જાય છે. આપસમાં અનંતર ક્યાં જાય છે, તે આ પ્રમાણે છે– (૧) પુલાક–કષાય કુશીલમાં. (૨) બકુશ અને પ્રતિસેવના–કષાય કુશીલ, સંયમાં સંયમ, અસંયમમાં અને બકુશ પ્રતિસેવના બન્ને પરસ્પરમાં. (૩) કષાય કુશીલ–સ્નાતક અને સિદ્ધને છોડી બધામાં જાય. નિર્ગ્રન્થ– કષાય કુશીલ અને સ્નાતકમાં જાય. સ્નાતક– સિદ્ધમાં જાય.

**પચીસમું સંજ્ઞા દ્વાર :–** ચાર સંજ્ઞા અને નો સંજ્ઞોપયુકત આ પાંચ પ્રકાર છે.

**છવ્વીસમું આહાર દ્વાર :–** આહારક, અણાહારક એમ બે પ્રકાર છે.

**સત્તાવીસમું ભવ દ્વાર :–** ઉત્કૃષ્ટ કેટલા ભવોમાં આ નિયંઠા આવી શકે છે. ચાર્ટ જુઓ.

**અઠાવીસમુંમું આકર્ષ દ્વાર :–** એક ભવ અને અનેક ભવોમાં કેટલી વાર આ નિયંઠા પ્રાપ્ત થઈ શકે છે ? ચાર્ટ જુઓ.

**ઓગણત્રીસમું કાલ દ્વાર :–** નિર્ગ્રન્થની જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ. એક જીવની અપેક્ષા અને અનેક જીવની અપેક્ષા.

**ત્રીસમું અંતર દ્વાર :–** આ બે પ્રકારથી છે. – એક જીવની અપેક્ષા અને અનેક જીવની અપેક્ષા.

**એકત્રીસમું સમુદ્ઘાત :–** સાત સમુદ્ઘાત છે.

**બત્રીસમું ક્ષેત્ર દ્વાર :–** લોકનો કયો ભાગ અવગાહન કરાય છે. પાંચ નિર્ગ્રન્થોના શરીર લોકના અસંખ્યાતમાં ભાગમાં રહે છે. કેવલીનું શરીર સમુદ્ઘાત આશ્રયી સંપૂર્ણ લોકમાં અથવા લોકના અનેક અસંખ્ય ભાગમાં અથવા અસંખ્યાતમા ભાગમાં હોય છે.

**તેત્રીસમું સ્પર્શના દ્વાર :–** ક્ષેત્રની સમાન સ્પર્શના હોય છે. કંઈક વિશેષાધિક પ્રદેશ હોય છે.

**ચોત્રીસમું ભાવ દ્વાર :–** ઉપશમ, ક્ષયોપશમ, ક્ષયિક આ ત્રણ ભાવોમાંથી કોઈ એક ભાવથી નિયંઠા થાય છે.

**પાંત્રીસમું પરિણામ દ્વાર :–** જઘન્ય ઉત્કૃષ્ટ કેટલી સંખ્યામાં નિર્ગ્રન્થ થાય છે ? એમાં પણ બે પ્રકાર છે. (૧) નવા કેટલા એક સાથે બને છે ? અને (૨) જુના બનેલા તથા નવા કુલ મળીને કેટલા હોય છે ?



**છત્રીસમું અલ્પબહુત્વ દ્વાર :–** છ નિયંઠામાંથી કોનામાં નિર્ગ્રંથ ઓછા અને કોનામાં વધારે છે ?

**છ : નિયંઠાના ૩૬ દ્વારનો ચાર્ટ :–**

**સૂચના :–** ચાર્ટમાં કોઈ નિર્દેશ સમજમાં ન આવે તો દ્વારોનું વર્ણન જે ઉપર આપવામાં આવ્યુ છે એને ધ્યાનથી વાંચીને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. તથા ચાર્ટ પછીની ટિપ્પણી(નોંધ)વાંચીને સમજવાનો પ્રયત્ન કરવો.

| દ્વાર | પુલાક | બકુશ | પ્રતિસેવના | કષાય કુશીલ | નિર્ગ્રન્થ | સ્નાતક |
|---|---|---|---|---|---|---|
| ૧ પ્રજ્ઞાપના ભેદ[૧] | જ્ઞાનાદિ ૫ | આભોગાદિ ૫ | જ્ઞાનાદિ ૫ | જ્ઞાનાદિ ૫ | પઢમ વિગેરે ૫ | ૫ ગુણ |
| ૨ વેદ ૨ | ૩ | ૩ | ૩+અવેદી | અવેદી | અવેદી | |
| ૩ રાગસરાગી | સરાગી | સરાગી | સરાગી | વીતરાગી | વીતરાગી | |
| ૪ કલ્પ[૨] | ૩ | ૪ | ૪ | ૫ | ૩ | ૩ |
| ૫ ચારિત્ર[૩] | ૨ | ૨ | ૨ | ૪ | ૧ | ૧ |
| ૬ પ્રતિસેવના[૪] | ૨ | ૧ | ૨ | અપ્રતિસેવી | = | = |
| ૭ જ્ઞાન | ૩ | ૩ | ૩ | ૪ | ૪ | ૧ |
| ૭ શ્રુત[૫-૬] | ૯ પૂર્વમાં ન્યૂન/પૂર્ણ | ૧૦ પૂર્વ | ૧૦ પૂર્વ | ૧૪ પૂર્વ | ૧૪ પૂર્વ | શ્રુત વ્યતિરિકત |
| ૮ તીર્થ | તીર્થમાં | તીર્થમાં | તીર્થમાં | બન્નેમાં | બન્નેમાં | બન્નેમાં |
| ૯ લિંગ દ્રવ્ય/ભાવ | ૩/૧ | ૩/૧ | ૩/૧ | ૩/૧ | ૩/૧ | ૩/૧ |
| ૧૦ શરીર | ૩ | ૪ | ૪ | ૫ | ૩ | ૩ |
| ૧૧ ક્ષેત્ર જન્મ | ૧ (કર્મભૂમિ) | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૧ સંહરણ | નહીં[૭] | ૨ | ૨ | ૨ | ૨ | ૨ |
| ૧૨ કાળ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ |
| ૧૨ અવ–સર્પિણી[૯] જન્મ/સદભાવ | ૩-૪ આરા ૩–૪–૫ | ૩–૪–૫ | ૩–૪–૫ | ૩–૪–૫ | ૩–૪ ૩–૪–૫ | ૩–૪ ૩–૪–૫ |
| ૧૨ ઉત્સર્પિણી/ જન્મ/સદભાવ | ૨–૩–૪/ ૩–૪ | = | = | = | = | = |

| દ્વાર | પુલાક | બકુશ | પ્રતિસેવના | કષાય કુશીલ | નિર્ગ્રન્થ | સ્નાતક |
|---|---|---|---|---|---|---|
| ૧૨ સંહરણ | × | સર્વત્ર | = | = | = | = |
| ૧૨ નો ૧(મહા ઉત્સર્પિણી[૯] જન્મ/સંહરણ | ૧/૪ વિદેહ)/ × | = પલિભાગ | = | = | = | |
| ૧૩ ગતિ | ૧ થી ૮ દેવલોક | ૧ થી ૧૨ દેવલોક | = | વૈમાનિક બધા | ૫ અણુત્તર દેવ | મોક્ષ |
| ૧૩ સ્થિતિ | ૨ પલ્ય/ ૧૮ સાગર | ૨ પલ્ય/ ૨૨ સાગર | ૨ પલ્ય ૨૨ સાગર | ૨ પલ્ય ૩૩ સાગર | ૩૩ સાગર | સાદિ અનંત |
| ૧૩ પદવી | ૪ | ૪ | ૪ | ૫ | ૧ | × |
| ૧૪ સંયમ સ્થાન | અસંખ્ય | = | = | = | ૧ | ૧ |
| ૧૪ અલ્પ બહુત્વગુણા | ૨ અસં. | ૩ = | ૪ = | ૫ = | ૧ અલ્પ | ૧ અલ્પ |
| ૧૫ પર્યવ | અનંત | = | = | = | = | = |
| ૧૫ પુલાક પર્યાવ વડિયા | છટ્ઠાણ[૧૦] ભાગ | અનંતમો | = વડિયા | છટ્ઠાણ ભાગ | અનંતમો | = |
| ૧૫ બકુશ પ્રતિસેવના પર્યવ | અનંત ગુણ | છટ્ઠાણ | = | = | અનંતમો ભાગ | = |
| ૧૫ કષાય કુશીલ | છટ્ઠાણ | = | = | = ભાગ | અનંતમો ભાગ | અનંતમો |
| ૧૫ નિર્ગ્રન્થ સ્નાતક | અનંત ગુણ | = — | = | = | સરખા | સરખા |
| ૧૫ અલ્પબહુત્વ[૧૧] | ૧/૨ | ૩/૪ | ૩/૫ | ૧/૬ | ૭ અનંત ગુણા | = |
| ૧૬ યોગ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩/અયોગી |
| ૧૭ ઉપયોગ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ |
| ૧૮ કષાય | ૪ | ૪ | ૪ | ૪,૩,૨,૧ | અકષાયી | = |
| ૧૯ લેશ્યા | ૩ | ૩ | ૩ | ૬ | ૧ | ૧/અલેશી |
| ૨૦ પરિણામ | ૩ | ૩ | ૩ | ૩ | ૨ | ૨ |



| દ્વાર | પુલાક | બકુશ | પ્રતિસેવના | કષાય કુશીલ | નિર્ગ્રન્થ | સ્નાતક |
|---|---|---|---|---|---|---|
| ૨૦ વર્ધમાન સ્થિતિ | ૧ સમય/ અંતમુર્હૂત | = | = | = | અંતમુર્હૂત | = |
| ૨૦ હાયમાન સ્થિતિ | ૧ સમય/ અંતમુર્હૂત | = | = | = | × | × |
| ૨૦ અવસ્થિત સ્થિત | ૧ સમય/ ૭ સમય | = | = | = | ૧ સમય/ અંતમુર્હૂત | અંતમુર્હૂત જ. દેશોન કરોડ પૂર્વ –ઉ. |
| ૨૧ કર્મ બંધ | ૭ | ૭–૮ | ૭–૮ | ૭–૮–૬ | ૧ | ૧/અબંધ |
| ૨૨ ઉદય (વેદન) | ૮ | ૮ | ૮ | ૮ | ૭ | ૪ |
| ૨૩ ઉદીરણા[૧૨] | ૬ | ૭,૮,૬ | ૭,૮,૬ | ૭,૮,૬,૫ | ૫,૨ | ૨/અનુદીરણ |
| ૨૪ ઉવસંપદા (ગત) સંયમ વિગેરેમાં | ૨ | ૪ | ૪ | ૬ | ૩ | મોક્ષ |
| ૨૫ સંજ્ઞા | નો સંજ્ઞો- પયુક્ત | ૫ | ૫ | ૫ | નો સંજ્ઞો પયુક્ત | = |
| ૨૬ આહાર | આહારક | = | = | = | = | બન્ને |
| ૨૭ ભવ જ/ ઉ | ૧/૩ | ૧/૮ | ૧/૮ | ૧/૮ | ૧/૩ | ૧/મોક્ષ |
| ૨૮ આકર્ષ ૧ ભવમાં | ૧/૩ વખત | ૧/અનેક સૌ વખત | = | = | ૧/૨ | ૧ |
| અનેક ભવમાં | ૨/૭ વખત | ૨/અનેક હજાર | = | = | ૨/૫ | ૧ |
| ૨૯ સ્થિતિ ૧ જીવ | અંતર્મુહૂર્ત દેશોન કરોડ પૂર્વ | ૧ સમય/ | = | = અંતર્મુહૂર્ત | ૧ સમય દેશોન કરોડ | અંત/ |
| અનેક જીવ | ૧ સમય અંતર્મુહૂર્ત | શાસ્વત | = | = | ૧ સમય/ અંતર્મુહૂર્ત | શાસ્વત |
| ૩૦ અંતર એક જીવ | જ. અંતર્મુ૦ ઉ. અર્દ્ધ પુદ્‌ગલ | = | = | = | = | × |

| દ્વાર | પુલાક | બકુશ | પ્રતિસેવના | કષાય કુશીલ | નિર્ગ્રન્થ | સ્નાતક |
|---|---|---|---|---|---|---|
| અનેક જીવ | જ. એક સમય ઉ. સંખ્ય વર્ષ | × | × | × | જ. ૧ સમય ઉ.૬ માસ | × |
| ૩૧ સમુદ્ઘાત | ૩ ક્રમશઃ | ૫ | ૫ | ૬ | × | ૧ |
| ૩૨ ક્ષેત્ર (અવગાહન) | અસંખ્યાશ લોક | = | = | = | = | સર્વ લોક આદિ અસં૦ લોક |
| ૩૩ સ્પર્શના | અસંખ્યાંશ લોક સાધિક | = | = | = | = | સર્વ લોક આદિ અસંખ્યાંશ લોક |
| ૩૪ ભાવ | ક્ષયોપશમ ભાવ | = | = | = | ૨ ભાવ | ક્ષયિક ભાવ |
| ૩૫ પરિમાણ નવા | ૦/૧/ અનેક સૌ[૧૩] | = | = | ૦/૧/ અનેક હજાર | ૦/૧/ ૧૬૨ | ૦/૧/ ૧૦૮ |
| ૩૫ નવા જુના | ૦/અનેક હજાર | અનેક સૌ કરોડ | = | અનેક હજાર કરોડ | ૦/૧/ અનેક સૌ. | અનેક કરોડ |
| ૩૬ અલ્પ બહુત્વ | ૨ સંખ્ય ગુણા | ૪ = | ૫= | ૬= | ૧ અલ્પ | ૩ સંખ્ય ગુણા |

**સૂચન :–**

**નોંધ :–** (૧) પુલાક વિગેરેના ૫–૫. પ્રકાર માટે સારાંશ ખંડ–ર જુઓ. (૨) પુલાકમાં સ્થિત, અસ્થિત અને સ્થવિર આ ત્રણ કલ્પ છે. નિર્ગ્રન્થ સ્નાતકમાં– સ્થિત, અસ્થિત અને કલ્પાતીત આ ત્રણ કલ્પ છે. જ્યાં ચાર છે, ત્યાં કલ્પાતીત નથી. (૩) જયાં બરાબર (=)નું ચિન્હ છે ત્યાં એનો અર્થ છે કે, એના પૂર્વવર્તી નિયંઠાની સમાન છે. જેમ કે પ્રતિસેવના દ્વારમાં નિર્ગ્રન્થમાં બરાબરનું ચિન્હ છે તો તે કષાય કુશીલના સરખું અપ્રતિસેવી જાણવું. આ પ્રમાણે સર્વત્ર બધા ચાર્ટમાં એમ જ સમજવું. (૪) ચારિત્ર દ્વારમાં જે પણ સંખ્યા છે તે ચારિત્ર ક્રમશઃ જાણવુ. (૫) પુલાકનું જઘન્ય શ્રુતજ્ઞાન ૯ માં પૂર્વની ત્રીજી આચાર વસ્તુ(ત્રીજો અધ્યાય)



છે. અર્થાત્ ૮ પૂર્વોનું જ્ઞાન સંપૂર્ણ અને ૯ માં પૂર્વનું અધ્યયન ચાલતું હોય એને પુલાક લબ્ધિ થઈ શકે છે. ઉત્કૃષ્ટ પૂર્ણ ૯ પૂર્વના જ્ઞાનવાળા પુલાક લબ્ધિ પ્રયોગ કરી શકે છે. નવ પૂર્વથી વધુ જ્ઞાનવાળા પુલાક લબ્ધિપ્રયોગ કરતા નથી. જો કરે તો ૯ પૂર્વથી વધારેનું જ્ઞાન ઘટીને ૯ પૂર્વમાં આવી જાય છે. (૬) બકુશ વિગેરેમાં જઘન્ય શ્રુત–અષ્ટ પ્રવચનમાતાનુ છે. ચાર્ટમાં કેવળ ઉત્કૃષ્ટ જ આપ્યુ છે. (૭) પુલાકનું સંહરણ થતું નથી. એનું તાત્પર્ય એ છે કે અકર્મ ભૂમિ અથવા અન્ય અકર્મક આરાના સ્થાન પર પુલાક લબ્ધિ સંપન્ન સાધુનું સંહરણ કરી આપે તો પણ ત્યાં લબ્ધિ પ્રયોગનો પ્રસંગ આવતો નથી. આ અપેક્ષાએ સંહરણનો નિષેધ સમજવો. પરંતુ કોઈ પુલાક લબ્ધિ સંપન્ન અણગારને ભરત ક્ષેત્રના એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં કોઈ દેવ સંહરણ કરીને મૂકે તો ત્યાં આવશ્યક થવા પર તે અણગાર પુલાક લબ્ધિનો પ્રયોગ કરી શકે છે. નિષેધ કરવાનો આશય લબ્ધિ પ્રયોગ માટેના અયોગ્ય ભરત સિવાયના અન્ય ક્ષેત્ર તથા આરાઓ છે. તેની અપેક્ષાએ જ સંહરણ આશ્રી સમજવું જોઈએ. (૮) સંહરણની અપેક્ષા "સર્વત્ર" કહેવાનો આશય છે– છએ આરા અને ચારે પલિભાગમાં મળે. (૯) નો ઉત્સર્પિણીનો અર્થ, નો ઉત્સર્પિણી નો અવસર્પિણી = મહાવિદેહક્ષેત્ર અને ૬ અકર્મ ભૂમિના ત્રણે પલિભાગ. (૧૦) છટ્ઠાણ વડિયાનો અર્થ પ્રજ્ઞાપના પદ ૫ માં આપ્યો છે. પંદરમા પર્યવ દ્વારના ચાર્ટમાં ૬ નિયંઠાની, ૬ નિયંઠાથી પર્યાયની સરખામણી અલગ અલગ બતાવી છે. 'દ્વાર' ની કોલમમાં કહેલા પુલાક વિગેરે છ એ કોલમમાં કહેલા પુલાક વિગેરેથી – એવુ સમજવુ (૧૧) પંદરમાં દ્વારમાં પર્યવનું અલ્પબહુત્વ કહ્યું છે. ત્યાં ૧/૨ નો મતલબ જઘન્ય પર્યવ/ઉત્કૃષ્ટ પર્યવ છે. અર્થાત્ પુલાકના જઘન્ય સૌથી અલ્પ છે અને ઉત્કૃષ્ટ બીજા નંબરમાં અનંતગુણા છે. ૧/૬ નો મતલબ છે કષાય કુશીલના જઘન્ય પર્યવ સૌથી અલ્પ છે તથા પુલાકના જઘન્ય સરખા છે અને ઉત્કૃષ્ટ પર્યવના અલ્પ બહુત્વમાં છટ્ઠા નંબરે છે અને અનંત ગુણ તો જાતે સમજી લેવા. આ પ્રમાણે ૩/૪ અને ૩/૫ નો મતલબ પણ સમજવો. જે ૧–૧ અથવા ૩–૩ અથવા ૭–૭ બે વખત અંક આપવામાં આવ્યા છે, એનો મતલબ છે કે તે આપસમાં સરખા છે. એના અલ્પ બહુત્વનો નંબર એક સરખો છે. (૧૨) ઉદીરણામાં ૭ કર્મ = આયુ નથી. ૬ કર્મ = વેદનીય નથી. ૫ કર્મ = મોહનીય નથી. ૨ કર્મ = નામ અને ગૌત્ર કર્મ. (૧૩) પરિણામ દ્વારમાં ૦/૧/ અનેક સૌ = આમાં શૂન્યનો મતલબ છે કે કયારેક એ નિયંઠામાં એક પણ હોતા નથી. એકનો મતલબ જઘન્ય ૧–૨–૩, અનેક સૌ નો મતલબ ઉત્કૃષ્ટ એટલા થઈ શકે છે. નવા નો

મતલબ પ્રતિપદ્યમાન= એ નિયંઠામાં નવા પ્રવેશ કરવાવાળા. નવા જુનાનો મતલબ = પૂર્વ પ્રતિપન્ન અર્થાત્ કુલ કેટલા થાય છે. નવા જુનામાં જ્યાં શૂન્ય નથી તે એટલા જ હંમેશા શાસ્વત મળે છે.

## ઉદ્દેશક : ૭

### પાંચ સંયતના ૩૬ દ્વારનો ચાર્ટ :–

| દ્વાર | સામાયિક | છેદોપસ્થાપનીય | પરિહાર વિશુદ્ધ | સૂક્ષ્મ સંપરાય | યથાખ્યાત |
|---|---|---|---|---|---|
| ૧ પ્રજ્ઞાપના | ૨ પ્રકાર | ૨ પ્રકાર | ૨ પ્રકાર | ૨ પ્રકાર | ૨–૨–૨ પ્રકાર |
| ૨ વેદ | ૩/અવેદી | ૩/અવેદી | ૨(સ્ત્રી નહીં) | અવેદી | અવેદી |
| ૩ રાગ | સરાગી | = | = | = | વીતરાગી |
| ૪ કલ્પ | ૫ | ૩ | ૩ | ૩ | ૩ |
| ૫ નિયંઠા | ૪ | ૪ | ૧ | ૧ | ૨ |
| ૬ પ્રતિસેવના | ૩ | ૩ | ૧ | ૧ | ૧ |
| ૭ જ્ઞાન | ૪ | ૪ | ૪ | ૪ | ૫ |
| શ્રુતભણે | ૧૪ પૂર્વ | = | દેશોન દશ પૂર્વ | ૧૪ પૂર્વ | ૧૪ પૂર્વ |
| ૮ તીર્થ | બન્નેમાં | તીર્થમાં | તીર્થમાં | બન્નેમાં | બન્નેમાં |
| ૯ લિંગ | ૩/૧ | ૩/૧ | ૧/૧ | ૩/૧ | ૩/૧ |
| ૧૦ શરીર | ૫ | ૫ | ૩ | ૩ | ૩ |
| ૧૧ ક્ષેત્ર(જન્મ) | ૧૫ કર્મભૂમિ | ૧૦ કર્મભૂમિ | ૧૦ કર્મભૂમિ | ૧૫ કર્મભૂમિ | ૧૫ કર્મભૂમિ |
| સંહરણ | સર્વત્ર | સર્વત્ર | × | સર્વત્ર | સર્વત્ર |
| ૧૨ કાળ | ૩ | ૨ | ૨ | ૩ | ૩ |
| અવસર્પિણી જન્મ/ સદ્ભાવ | ૩-૪-૫ આરા | ૩-૪-૫ | ૩-૪/ ૩-૪-૫ | = | = |
| ઉત્સર્પિણી જન્મ/સદ્ભાવ | ૨-૩-૪/ ૩.૪ | = | = | = | = |
| સંહરણ | સર્વત્ર | સર્વત્ર | × | સર્વત્ર | સર્વત્ર |
| નો ઉત્સર્પિણી જન્મ/સંહરણ | ૧/૪ | ×/૪ | × | ૧/૪ | ૧/૪ |



| દ્વાર | સામાયિક | છેદોપસ્થાપનીય | પરિહાર વિશુદ્ધ | સૂક્ષ્મ સંપરાય | યથાખ્યાત |
|---|---|---|---|---|---|
| ૧૩ ગતિ | વૈમાનિક બધા | = | ૮ માં દેવલોક સુધી | અણુત્તર વિમાન | અણુત્તર વિમાન |
| સ્થિતિ | ૨ પલ્ય/ ૩૩ સાગર | = | ૨ પલ્ય/ ૧૮ સાગર | ૩૩ સાગર | ૩૩ સાગર |
| પદવી | ૫ | ૫ | ૪ | ૧ | ૧ |
| ૧૪ સંયમ સ્થાન<br>અલ્પ બહુત્વ | અસંખ્ય<br>૪ અસંખ્ય ગુણા | =<br>૪= | =<br>૩= | =<br>૨= | ૧<br>૧ અલ્પ |
| ૧૫ પર્યવ | અનંત | = | = | = | = |
| ૧૫ સામાયિક | છટ્ઠાણવડિયા | = | = | અનંતમોભાગ | = |
| છેદોપસ્થા-પનીય | છટ્ઠાણવડિયા | = | = | અનંતમોભાગ | = |
| પરિહાર-વિશુદ્ધ | છટ્ઠાણવડિયા | = | = | અનંતમો ભાગ | = |
| સુક્ષ્મસંપરાય | અનંતગુણા | = | = | છટ્ઠાણવડિયા | અનંતમોભાગ |
| યથાખ્યાત | અનંતગુણા | = | = | = | સરખા |
| અલ્પબહુત્વ | ૧/૪ | ૧/૪ | ૨/૩ | ૫/૬ | ૭ અનંતગુણા |
| ૧૬ યોગ | ૩ | ૩ | ૩ | ૩ | ૩/અયોગી |
| ૧૭ ઉપયોગ | ૨ | ૨ | ૨ | ૧ | ૨ |
| ૧૮ કષાય | ૪/૩/૨ | ૪/૩/૨ | ૪ | ૧ | અકષાયી |
| ૧૯ લેશ્યા | ૬ | ૬ | ૩ | ૧ | ૧/અલેશી |
| ૨૦ પરિણામ | ૩ | ૩ | ૩ | ૨ | ૨ |
| વર્ધમાન-સ્થિતિ | ૧ સમય/ અંતમુર્હૂત | = | = | = | અંતમુર્હૂત |
| હાયમાન-સ્થિતિ | ૧ સમય/ અંતમુર્હૂત | = | = | = | × |
| અવસ્થિત-સ્થિતિ | ૧ સમય/ ૭ સમય | = | = | × | દેશોન કરોડ પૂર્વ.ઉ. અંતમુર્હૂત જ. |
| ૨૧ કર્મ બંધ | ૭-૮ | ૭-૮ | ૭-૮ | ૬ | ૧/અબંધ |

| દ્વાર | સામાયિક | છેદોપસ્થાપનીય | પરિહાર વિશુદ્ધ | સૂક્ષ્મ સંપરાય | યથાખ્યાત |
|---|---|---|---|---|---|
| ૨૨ ઉદય | ૮ | ૮ | ૮ | ૮ | ૭/૪ |
| ૨૩ ઉદીરણા | ૭-૮-૬ | ૭-૮-૬ | ૭-૮-૬ | ૬/૫ | ૫/૨/× |
| ૨૪ ઉવસંપદાગત | ૪ | ૫ | ૨ | ૪ | ૩ |
| ૨૫ સંજ્ઞા | ૫ | ૫ | ૫ | નોસંજ્ઞોપયુક્ત | નોસંજ્ઞોપયુક્ત |
| ૨૬ આહાર | ૧(આહારક) | ૧ | ૧ | ૧ | બન્ને |
| ૨૭ ભવ જ/ઉ. | ૧/૮ | ૧/૮ | ૧/૩ | ૧/૩ | ૧/૩ |
| ૨૮ આકર્ષ ૧ ભવમાં | ૧/અનેક સો | ૧/૧૨૦ | ૧/૩ | ૧/૪ | ૧/૨ |
| ૨૮ અનેક ભવમાં | ૨/અનેક હજાર | ૨/૯૬૦ | ૨/૭ | ૨/૯ | ૨/૫ |
| ૨૯ સ્થિતિ એકની | ૧ સમય/ દેશોન– કરોડપૂર્વ | = | =(૨૯ વર્ષ ઓછા | ૧ સમય/ અંતર્મુહૂર્ત | ૧ સમય/ દેશોન– કરોડપૂર્વ |
| ૨૯ સ્થિતિ અનેકોની | શાસ્વત | ૨૫૦ વર્ષ ૧/૨ ક્રો. ક્રો. સાગર | ૧૪૨ વર્ષ ૫૮ વર્ષ ઓછા બે.ક્રો.પૂર્વ | ૧ સમય/ અંતર્મુહૂર્ત | શાસ્વત |
| ૩૦ અંતર એક જીવ/ અનેક જીવ | જ.અંતર્મુ૰ ઉ.અર્દ્ધ પુદ્. /નહીં. | =/૬૩૦૦૦ વર્ષ સાધિક જ–૧૮ક્રો.ક્રો. સાગર–ઉ. | =/૮૪૦૦૦ વર્ષ સાધિક ૧૮ ક્રો.ક્રો. સાગર | =/જ.૧ સમય ઉ-૬ માસ | =/× |
| ૩૧ સમુદ્ઘાત | ૬ ક્રમશઃ | ૬ | ૩ | × | ૧ |
| ૩૨ ક્ષેત્ર (અવ ગાહન | અસંખ્યાંશ લોક | = | = | = | સર્વ લોક આદિ |
| ૩૩ ક્ષેત્ર સ્પર્શના | અસંખ્યાંશ સાધિક | = | = | = | સર્વ લોક વિગેરે |
| ૩૪ ભાવ | ક્ષયોપશમ | = | = | = | ઉપશમ-ક્ષયિક |
| ૩૫ પરિમાણ નવા | ૦/૧/ | ૦/૧/ અનેક હજાર | = અનેક સો. | ૦/૧/૧૬૨ | = |
| ૩૫ નવા જુના | અનેક હજાર કરોડ | ૦/૧/અનેક સો કરોડ ૭ | ૦/૧/અનેક હજાર | ૦/૧/ અનેક સો | અનેક કરોડ |
| ૩૬ અલ્પબહુત્વ | ૫ | ૪ | ૨ સંખ્યાત ગુણા | ૧ અલ્પ | ૩ |



**નોંધ :–** (૧) તપ કરવા વાળા અને કરેલા એમ બે ભેદ પરિહાર વિશુદ્ધિના છે. સંકિલષ્યમાન અને વિશુદ્ધયમાન(પડતા–ચઢતા) એમ બે ભેદ સૂક્ષ્મ સંપરાયના છે. યથાખ્યાતના ત્રણ પ્રકારે બે–બે ભેદ છે–(૧) ઉપશાંત મોહ, ક્ષીણ મોહ (૨) છદ્મસ્થ, કેવળી (૩) સયોગી, અયોગી.

(૨) છેદોપસ્થાપનીય અને પરિહાર વિશુદ્ધ ચારિત્રમાં અસ્થિતકલ્પ અને કલ્પાતીત બે નહીં હોવાથી ત્રણ કલ્પ છે. સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાતમાં સ્થિત, અસ્થિત અને કલ્પાતીત આ ત્રણ કલ્પ હોય છે.

(૩) સામાયિક છેદોપસ્થાપનીયમાં – મૂળ ગુણ અને ઉત્તર ગુણ પ્રતિસેવના એ બે અને ત્રીજો અપ્રતિસેવના એ ત્રણ ભેદ છે. શેષ ત્રણ ચારિત્રમાં અપ્રતિસેવી એક જ વિકલ્પ છે.

(૪) સામાયિક ચારિત્ર એક ભવમાં સેંકડો વાર આવી શકે છે. પરંતુ છેદોપ– સ્થાપનીયમાં એવું હોતું નથી. તે તો ઉત્કૃષ્ટ ૧૨૦ વાર જ આવી શકે છે. જેમાં પણ પરિહાર વિશુદ્ધથી અનેક વાર આવવુ, સામાયિકથી આવવુ અને અસંયમમાં જઈ આવવુ વિગેરે નો સમાવેશ છે. આઠ ભવની અપેક્ષા ઉત્કૃષ્ટ ૯૬૦ વાર આવે છે.

(૫) ઓગણત્રીસ (૨૯) વર્ષની ઉંમર પહેલાં પરિહાર વિશુદ્ધ ચારિત્ર ગ્રહણ કરી શકાતુ નથી. તીર્થંકરના શાસનની અપેક્ષા છેદોપસ્થાપનીયના ૨૫૦ વર્ષ જઘન્ય કાળ છે અને ઉત્કૃષ્ટ શાસન ચાલવાની અપેક્ષા અર્ધા ક્રોડાક્રોડ સાગરોપમ છે. પરિહાર વિશુદ્ધ ચારિત્રના બે પાટ પરંપરાની અપેક્ષા જઘન્ય ૧૪૨ વર્ષ થાય છે. ઉત્કૃષ્ટ બે કરોડ પૂર્વ ૫૮ વર્ષ ઓછા થાય છે.

(૬) એક જીવની અપેક્ષા અંતર (જઘન્ય અને ઉત્કૃષ્ટ) પાંચેય ચારિત્રના સરખા છે. અનેક જીવની અપેક્ષા બે ચારિત્ર શા✓ત છે. સૂક્ષ્મ સંપરાયમાં ઉત્કૃષ્ટ ૬ મહિના સુધી કોઈ થતા નથી. છેદોપસ્થાપનીય–૨૧૦૦૦ ના ત્રણ આરા (છટ્ઠો, પહેલો, બીજો) સુધી થશે નહિ. પરિહાર વિશુદ્ધ જઘન્ય ૨૧૦૦૦ વર્ષના ચાર આરાના ૮૪૦૦૦ વર્ષ (૫,૬,૧,૨ આરા) સુધી થતા નથી. ઉત્કૃષ્ટ યુગલિયા કાળના ૬ આરા સુધી થતા નથી. જેથી (૨ત્રઉત્ર૪ત્ર૪ત્રઉત્ર૨ =) ૧૮ ક્રોડાક્રોડ સાગર કાળ થઈ જાય છે.

(૭) છેદોપસ્થાપનીયમાં પૂર્વ પ્રતિપન્ન (નવા જુના) કયારેક થાય છે. કયારેક થતા નથી. ભરત, ઐરાવતમાં જ થાય છે. મહાવિદેહમાં હોતા નથી. ભરતમાં પણ કોઈ આરામાં થાય, કોઈ આરામાં થતા નથી. જ્યારે થાય છે ત્યારે જઘન્ય ૧.૨.૩.

ઉત્કૃષ્ટ અનેક સો કરોડ થઈ શકે છે. અહીં મૂળ પાઠમાં લિપિ દોષથી અથવા કોઈ કારણથી જઘન્ય ઉત્કૃષ્ટ અનેક સો કરોડ હોવાનું કહ્યુ છે. જો કે પાઠ અશુદ્ધ છે. કારણ કે જ્યારે પણ થતા નથી ત્યારે નવા એક સાથે ઉત્કૃષ્ટ અનેક સો જ ઉત્પન્ન થઈ શકે છે. ત્યારે પહેલા જ સમયમાં અનેક સો થી, અનેક સો કરોડ કેવી રીતે થઈ શકે ? એટલે નક્કી જ તે પાઠ અશુદ્ધ છે. આ સૂત્ર પ્રમાણથી જ સ્પષ્ટ છે. એટલે જઘન્ય ૧.૨.૩ અનેક સો વિગેરે માનવું જ ઉપયુક્ત છે.

(૮) પુલાક નિર્ગ્રન્થ સ્નાતક તથા પરિહાર વિશુદ્ધ સૂક્ષ્મ સંપરાય યથાખ્યાત ચારિત્ર, આ અવસર્પિણીના પાંચમાં આરામાં જન્મ લેવાવાળાને પ્રાપ્ત થવાનો સ્પષ્ટ નિષેધ કર્યો છે.

પરંતુ ઉત્સર્પિણીના બીજા આરામાં જન્મ લેનારાને આ પુલાક વિગેરે બધા થઈ શકે છે. આ બન્ને "દુખમી" આરાની વિશેષતા છે.

(૯) બાકી ટિપ્પણ, (નોંધ) સૂચનાઓ પૂર્વ નિયંઠાના ચાર્ટ અનુસાર સમજી લેવા.

**।। સંજયા નિયંઠા પ્રકરણ સમાપ્ત ।।**

**સૂચના :–** (૧) પ્રાયશ્ચિત્તના પ્રકાર, આલોચનાના પ્રકાર પ્રતિસેવનાના પ્રકાર, આલોચના પ્રાયશ્ચિત્ત કર્તા તથા પ્રાયશ્ચિત્તદાતાની યોગ્યતા વિગેરે વર્ણન નિશીથ સૂત્ર સારાંશ ખંડ–૪ના પરિશિષ્ટમાં જુઓ. (૨) તપના ભેદ પ્રભેદ અને સ્વરૂપ તથા ધ્યાન સંબંધી વિસ્તૃત વિચારણા ઔપપાતિક સૂત્ર સારાંશ ખંડ–૭માં જુઓ.

## ઉદ્દેશક : ૮–૧૨

(૧) જીવ પોતાના અધ્યવસાય અને યોગની સમ્મિશ્રણ અવસ્થાથી પરભવનો આયુષ્યબંધ કરે છે. આયુ(આયુષ્ય કર્મના દલિક) ભવ(ભવ નિમિતક અવ–ગાહનાદિ ૬ બોલ) અને સ્થિતિ(આયુષ્ય કર્મની સ્થિતિ) ના ક્ષય થવાથી જીવનું પરભવને માટે ગમન થાય છે. તે ગતિ શીઘ્રગામી હોય છે. જીવ પોતાની ઋદ્ધિ કર્મ અને પ્રયોગથી જ પરભવમાં જાય છે. આ પ્રમાણે જીવની જેમ ૨૪ દંડક, ભવી, અભવી, સમદષ્ટિનું કથન પણ સમજવું. **ઉત્કૃષ્ટ વિગ્રહ ગતિ એકેન્દ્રિયની ચાર સમય, શેષ દંડકની ત્રણ સમયની થાય છે.** આ ગતિ કૂદનાર પુરુષની ગતિના સરખી પ્લવકગતિ રૂપ હોય છે. અર્થાત્ એક સ્થાનથી ઉઠી અને સીધા તરત જ બીજા સ્થાન પર પહોંચે, આ પ્લવક ગતિ છે.

**।। શતક ૨૫/૧૨ સંપૂર્ણ ।।**



# બંધી શતક–૨૬

**૪૭ બોલની બંધી : અધિકાર :–**

આ શતકમાં અગિયાર ઉદ્દેશક છે અને અગિયાર જ દ્વાર છે. જેના ૪૭ બોલ હોય છે. કર્મ બંધ અને અબંધ સંબંધી ચાર ભંગ હોય છે. સમુચ્ચય કર્મ (પાપ કર્મ) અને આઠ કર્મ એમ ૯ ગમક છે. સમુચ્ચય જીવ અને ૨૪ દંડક એમ ૨૫ સ્થાનોની અપેક્ષા સંપૂર્ણ વર્ણન કર્યું છે.

**અગિયાર દ્વાર તથા ૪૭ બોલ :–** જીવ–૧, લેશ્યા–૮, પક્ષ–૨, દષ્ટિ–૩, અજ્ઞાન–૪, જ્ઞાન–૬, સંજ્ઞા–૫, વેદ–૫, કષાય–૬, યોગ–૫, ઉપયોગ–૨ આ કુલ–૪૭ બોલ છે.

**ક્યાં કેટલા કયા બોલ :–**

| જીવ | બોલ | વિવરણ |
|---|---|---|
| નારકીમાં | ૩૫ | ચાર લેશ્યા, ૨ જ્ઞાન, નો સંજ્ઞા, ૩ વેદ, અકષાય, અયોગ આ ૧૨ ઓછા થયા |
| ભવનપતિ વ્યંતરમાં | ૩૭ | એક લેશ્યા અને એક વેદ વધ્યા |
| જયોતિષી અને બે દેવલોક | ૩૪ | ૩૭ માં ત્રણ લેશ્યા ઓછી |
| ત્રીજાથી ગ્રૈવેયક સુધી | ૩૩ | ૩૪ માં એક વેદ ઓછું |
| પાંચ અણુત્તર વિમાન | ૨૬ | કૃષ્ણ પક્ષ, ૨ દષ્ટિ, ૪ અજ્ઞાન ઓછા ૩૩ માં |
| પૃથ્વી, પાણી, વનસ્પતિ | ૨૭ | જીવ, ૫ લેશ્યા, ૨ પક્ષ, ૧ દષ્ટિ ૩ અજ્ઞાન, ૪ સંજ્ઞા, ૨ વેદ, ૫ કષાય, ૨ યોગ, ૨ ઉપયોગ = ૨૭ |
| તેઉ વાયુ | ૨૬ | ૨૭ માં તેજો લેશ્યા ઓછી |
| ત્રણ વિકલેન્દ્રિય | ૩૧ | સમદષ્ટિ, ૩ જ્ઞાન, ૧ વચન યોગ ૨૬ માં વધ્યા. |
| તિર્યંચ પંચેન્દ્રિય | ૪૦ | અલેશી. અવેદી, અકષાયી, અયોગી, નો સંજ્ઞા, ૨ જ્ઞાન, આ ૭ ઓછા |
| મનુષ્ય | ૪૭ | બધા |

**બંધ, અબંધના ચાર ભંગ :–**

(૧) બાંધ્યુ હતું. બાંધે છે. બાંધશે. (બાંધ્યા, બાંધે, બાંધસી.)

(૨) બાંધ્યુ હતું. બાંધે છે. બાંધશે નહીં. (બાંધ્યા, બાંધે, નહીં બાંધસી)

(૩) બાંધ્યુ હતું, બાંધતા નથી, બાંધશે. (બાંધ્યા, નહીં બાંધે, બાંધસી)

(૪) બાંધ્યુ હતું, બાંધતા નથી, બાંધશે નહીં. (બાંધ્યા, નહીં બાંધે, નહીં બાંધસી.)

**કર્મોમાં બંધીના ચાર ભંગોના અસ્તિત્વ :–**

| કર્મ | પહેલો ભંગ | બીજો ભંગ | ત્રીજો ભંગ | ચોથો ભંગ |
|---|---|---|---|---|
| ૧ પાપ કર્મ મોહ કર્મમાં | અભવી વિગેરે ની અપેક્ષા | ક્ષપક શ્રેણીના ૯માં ગુણ૦સુધી | ઉપશમ શ્રેણી | ૧૨–૧૩–૧૪ ગુણસ્થાનમાં |
| ૨ જ્ઞાનવરણીય વિગેરે ૫ માં | ૧૦ મા ગુણ ના દ્વિ ચરમ સમય સુધી | ચરમ સમયમાં | અગિયારમા ગુણસ્થાનમાં | ૧૨–૧૩–૧૪ ગુણસ્થાનમાં. |
| ૩ વેદનીય કર્મ | તેરમા ગુણ દ્વિ ચરમ સમય સુધી | તેરમા ગુણ ના ચરમ સમયમાં | × | ૧૪ માં ગુણ સ્થાનમાં |
| ૪ આયુષ્ય કર્મ | અભવી વિગેરેની ની અપેક્ષા | આગલા ભવમાં | અચરમ શરીરી ૨/૩ આયુષ્ય સુધી મોક્ષ ગામી | ચરમ શરીરી અથવા મનુષ્યાયુ બાંધેલા જીવમાં |

**૪૭ બોલો પર દંડકના માધ્યમથી બંધીના ભંગ :–**

| કર્મ | જીવ | બોલ | ભંગ |
|---|---|---|---|
| મોહ કર્મ (પાપ કર્મ) | જીવ મનુષ્ય | ૨૦ (જીવ, સલેશી, શુક્લલેશી, શુક્લ પક્ષી, સમ્યગ્દષ્ટિ, ૫ જ્ઞાન, નો સંજ્ઞા, અવેદી, સકષાયી, લોભ, ૪ યોગ, ૨ ઉપયોગ= ૨૦) | ૪ |
| મોહ કર્મ (પાપ કર્મ) | – | ૩ (અલેશી, કેવલી, અયોગી) માં | ૧ (ચોથો) |
| મોહ કર્મ (પાપ કર્મ) | – | ૧ (અકષાયી) માં | ૨(૩,૪) |
| મોહ કર્મ (પાપ કર્મ) | – | ૨૩ (બાકી બોલ બધા) માં | ૨.(૧.૨) |
| મોહ કર્મ (પાપ કર્મ) | ૨૩ દંડક | યથાયોગ્ય (જેમાં જેટલા બોલ હોય એમાં) | ૨.(૧.૨) |
| પાંચ કર્મ | જીવ મનુષ્ય | ૧૮ (સકષાયી અને લોભ ઓછા ૨૦)માં | ૪ |
| પાંચ કર્મ | | ૩ (અલેશી, કેવળી અયોગી) માં | ૧(૪) |



| કર્મ | જીવ | બોલ | ભંગ |
|---|---|---|---|
| પાંચ કર્મ | | ૧ (અકષાયી) માં | ૨ (૩.૪) |
| પાંચ કર્મ | | ૨૫ (બાકી બધા) | ૨ (૧.૨) |
| પાંચ કર્મ | ૨૩ દંડક | યથા યોગ્ય બોલોમાં. | ૨. (૧.૨) |
| વેદનીય કર્મ | જીવ મનયુષ્ય | ૧૨ (જીવ, સલેશી, શુક્લલેશી, શુક્લપક્ષી, સમદષ્ટિ, સનાણી, કેવલજ્ઞાની, નો સંજ્ઞા, અવેદી, અકષાયી, બે ઉપયોગ, આ ૧૨)માં. | ૩.(૧.૨.૪) |
| | | ૨ (અલેશી, અયોગી) માં | ૧(ચૌથો) |
| | | ૩૩ બોલ. (બાકી બધા) માં | ૨ (૧.૨) |
| | ૨૩ દંડક | યથા યોગ્ય બોલોમાં | ૨ (૧.૨) |
| આયુ કર્મ | જીવ | ૧ કૃષ્ણપક્ષમાં | ૨ (૧.૩) |
| | | ૩ મિશ્ર દષ્ટિ, અવેદી, અકષાયીમાં | ૨ (૩.૪) |
| | | ૩ અલેશી, કેવલી, અયોગીમાં | ૧ (૪) |
| | | ૨ મનઃ પર્યવ, નો સંજ્ઞામાં | ૩ (૧.૩.૪) |
| | | ૩૮ (બાકી બધા) માં | ૪ ભંગ |
| આયુ | નરક દેવમાં | ૨ (કૃષ્ણ લેશી, કૃષ્ણ પક્ષી) માં | ૨ (૧.૩) |
| | | ૧ (મિશ્રદષ્ટિ) માં | ૨ (૩.૪) |
| | | બાકી બોલોમાં | ૪ ભંગ. |
| | સર્વાર્થ સિદ્ધ | યથા યોગ્ય બધામાં | ૩ (૨.૩.૪) |
| | પૃથ્વી, પાણી, વન | ૧ તેજો લેશ્યામાં | ૧ (૩) |
| | | ૧ કૃષ્ણ પક્ષમાં | ૨ (૧.૩) |
| | | ૨૫ (બાકી બધા) માં | ૪ ભંગ |
| | તેઉ વાયુ | યથા યોગ્ય (બધા) માં | ૨ (૧.૩) |
| | વિકલેન્દ્રિય | ૪ (સમદષ્ટિ ૩ જ્ઞાન) માં | ૧ (૩) |
| | | ૨૭ (બાકી બધા) | ૨ (૧.૩) |
| | તિર્યંચ પંચેન્દ્રિય | ૧ કૃષ્ણ પક્ષી | ૨ (૧.૩) |
| | | ૧ મિશ્ર દષ્ટિ | ૨ (૩.૪) |

| કર્મ | જીવ | બોલ | ભંગ |
|---|---|---|---|
| | | ૫ (સમદષ્ટિ ૪ જ્ઞાન) | ૩ (૧.૩.૪) |
| | | ૩૩ (બાકી બધા) માં | ૪ ભંગ |
| | મનુષ્ય | ૩ (અલેશી કેવલી, અયોગી) માં | ૧ (૪) |
| | | ૩ (મિશ્રદષ્ટિ, અવેદી, અકષાયી) માં | ૨ (૩.૪) |
| | | ૭ (સમદષ્ટિ, ૫ જ્ઞાન, નો સંજ્ઞા) માં | ૩ (૧.૩.૪) |
| | | ૧ (કૃષ્ણ પક્ષ) માં | ૨ (૧.૩) |
| | | ૩૩ (બાકી બોલ) માં | ૪ ભંગ |

**અનંતરોત્પન્નક વિગેરે ચારમાં બોલ :–**

| જીવ | બોલ | વિવરણ |
|---|---|---|
| નારકીમાં | ૩૨ | (મિશ્ર દષ્ટિ, ૨ યોગ ઓછા– ૩૫ માં) |
| ભવનપતિ વ્યંતર | ૩૪ | ૩૭ માં ત્રણ ઓછા |
| જ્યોતિષી ૨ દેવ | ૩૧ | ૩૪ માં ત્રણ ઓછા |
| ૩ થી ગ્રૈવયક | ૩૦ | ૩૩ માં ત્રણ ઓછા |
| ૫ અણુત્તર દેવ. | ૨૪ | ૨૬ માં બે યોગ ઓછા |
| પાંચ સ્થાવર | ૨૭/૨૬ | પૂર્વવત્ |
| ત્રણ વિકલેન્દ્રિય | ૩૦ | ૩૧ મા વચન યોગ ઓછા |
| તિર્યંચ પંચેન્દ્રિય | ૩૫ | ૪૦ માં મિશ્ર દષ્ટિ, વિભંગ, અવધિ, ૨ યોગ આ પંચ ઓછા |
| મનુષ્ય | ૩૬ | ૩ (અલેશી, કેવલી, અયોગી) ૩ (મિશ્રદષ્ટિ, અવેદી, અકષાયી) ૨ (મનઃપર્યવ નો સંજ્ઞા) ૨ યોગ, ૧ વિભંગ, આ ૧૧ ઓછા થયા ૪૭ માં |

**અનંતરોત્પન્નક વગેરેમાં બંધીના ભંગ :–**

| | | | |
|---|---|---|---|
| ૭ કર્મ | ૨૪ દંડક | યથા યોગ્ય બધા બોલોમાં | ૨ (૧. ૨) |
| આયુ કર્મ | ૨૩ દંડક | યથા યોગ્ય બધા બોલોમાં | ૧ (૩) |
| | મનુષ્ય | ૧ કૃષ્ણ પક્ષમાં | ૧ (૩) |
| | | ૩૫ બાકી બધામાં[1] | ૨ (૩–૪) |

આ રીતે અનંતરોત્પન્નક, અનંતરાવગાઢ, અનંતરાહારક અને અનંતર



પર્યાપ્તના ચાર ઉદ્દેશક પૂર્ણ થાય છે. પરમ્પરોત્પન્નક વિગેરેના ચાર ઉદ્દેશક, પહેલા ઉદ્દેશક સરખા છે. દશમા ચરમ ઉદ્દેશકનું વર્ણન પણ એ જ પ્રમાણે છે. અગિયારમાં અચરમ ઉદ્દેશકમાં– અલેશી, કેવલી, અયોગી, આ ત્રણ બોલ નથી. ૪૪ બોલ જ છે. બંધીના ભંગ ત્રણ જ છે. ચોથો ભંગ નથી, કારણ કે મોક્ષ ન જનાર જ હોય છે. એટલે સર્વાર્થ સિદ્ધની પૃચ્છા પણ નથી. ઉદ્દેશક ૨ થી ૧૧ સુધીમાં સમુચ્ચય જીવની પૃચ્છા નથી.

**અગિયાર ઉદ્દેશકનાં નામ :–**

(૧) સમુચ્ચય– ઔઘિક. (૨) અનંતર ઉત્પન્નક = પ્રથમ સમયોત્પન્ન, (૩) પરંપરા ઉત્પન્નક = બહુ સમયવર્તી (૪) અનંતરાવગાઢ = પ્રથમ સમય સ્થાન પ્રાપ્ત (૫) પરંપરાવગાઢ (૬) અનંતરાહારક = પહેલા સમયના આહારક (૭) પરંપરાહારક (૮) અનંતર પર્યાપ્તક = પ્રથમ સમયના પર્યાત્પક (૯) પરંપર પર્યાપ્તક (૧૦) ચરમ – એ જ ભાવમાં મોક્ષ જનાર અથવા એ અવસ્થા ભવમાં પુનઃ ન આવનાર (૧૧) અચરમ–અભવી, અચરમ શરીરી તથા આ ભવમાં પુનઃ આવનાર.

**ટિપ્પણ–૧ (જન્મ નપુંસકની મુક્તિ) :–** અનંતરોત્પન્નક વિગેરે ચારેય જન્મના પ્રથમ સમયવર્તી વિગેરે હોય છે. એટલે આયુ કર્મનો બંધ કરતા નથી. અને ૭ કર્મના બંધ અવશ્ય કરે છે. મનુષ્યમાં કૃષ્ણપક્ષ સિવાય બધા જીવ એ જ ભવમાં મોક્ષ જઈ શકે છે. કારણ કે એમાં આયુ બંધમાં ચોથો ભંગ કહ્યો છે. અનંતરોત્પન્નક મનુષ્યમાં વેદ ત્રણે ય કહ્યા છે. એટલે જન્મ સમયના ત્રણ વેદવાળા એ આખા જ ભવમાં આયુ બાંધે નહીં. અને મોક્ષ જાય ત્યારે ચોથો ભંગ થાય છે. એટલે ત્રણે વેદ એ જ ભવમાં મોક્ષ જઈ શકે છે. આનાથી જ જન્મ નપુંસકનું મોક્ષ જવું સિદ્ધ થાય છે.

**॥ શતક ૨૬ સંપૂર્ણ ॥**

## શતક : ૨૭

છવીસમાં શતકમાં 'કર્મ બંધ' સંબંધી જે વર્ણન ૧૧ ઉદ્દેશકોમાં કર્યું છે તે જ વર્ણન અહીંયા પણ 'કર્મ કરવા' ની અપેક્ષા સમજવુ. અહીં બંધ સિવાય સંક્રમણ વિગેરે કરણ સમજવા. અગિયાર ઉદ્દેશક પણ એ જ પ્રમાણે સમજવા.

**॥ શતક ૨૭ સંપૂર્ણ ॥**

## શતક : ૨૮

(૧) બધા જીવોએ પાપ કર્મના સમાર્જન, સંકલન, ભૂતકાળમાં તિર્યંચ

ગતિમાં કર્યા. (૨) અથવા તિર્યંચ મનુષ્યમાં (૩)તિર્યંચ નરકમાં (૪) તિર્યંચ દેવમાં કર્યા હતા. (૫) તિર્યંચ નરક મનુષ્ય (૬) તિર્યંચ નરક દેવમાં. (૭) તિર્યંચ મનુષ્ય દેવમાં કર્યા હતા. અથવા (૮) તિર્યંચ નરક દેવ મનુષ્યમાં કર્યા હતા. આ જુદા–જુદા જીવોમાં કુલ–૮ ભંગ જ થઈ શકે છે.

ઉપરોક્ત ૨૬ માં શતકમાં કહેલ ૧૧ દ્વારના ૪૭ બોલોમાંથી જયાં જે બોલ મળી શકે એમાં સમાર્જનના આઠ ભંગ કહેવા, પછી જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોના સમાર્જનની અપેક્ષા પણ આઠ ભંગ કહેવા, પછી અનંતરોત્પન્નક વિગેરે અગિયાર ઉદ્દેશામાં પણ જે બોલ હોય એમાં આઠ આઠ ભંગ કહેવા.

***નોંધ :– અહીં પ્રથમ ભંગથી એવા જીવોની સિદ્ધિ થાય છે કે જેઓ ભૂતકાલમાં અનાદિથી આજ સુધી તિર્યંચ ગતિમાં જ છે. એનાથી અવ્યવહાર રાશિનો સ્વીકાર થાય છે.***

**॥ શતક ૨૮ સંપૂર્ણ ॥**

## શતક : ૨૯

જીવ પાપ કર્મ વેદનનો પ્રારંભ અને વેદનની સમાપ્તિ સાથે પણ કરે છે અને અલગ અલગ પણ એના ચાર ભંગ બને છે.

અહીં કર્મ વેદનની પૃચ્છા ભવ સાપેક્ષ છે. એટલે જે (૧) સાથે જન્મે, સાથે મરે તે એ ભવના કર્મ વેદન સાથે પ્રારંભ કરે છે અને સાથે જ સમાપ્ત કરે છે. (૨) જે સાથે જન્મે અને અલગ અલગ મરે તો તે પ્રારંભ સાથે કરે પરંતુ સમાપ્તિ અલગ અલગ સમયમાં કરે. (૩) જો અલગ સમયમાં જન્મે અને સાથે મરે તો તે એ ભવમાં કર્મ વેદન પ્રારંભ અલગ અલગ સમયમાં કરે અને સમાપ્તિ સાથે કરે. (૪) જો અલગ સમયમાં જન્મે અને અલગ સમયમાં મરે તો તે એ ભવ સંબંધી સર્વે(બધા) કર્મ વેદન અલગ અલગ પ્રારંભ કરે અને અલગ અલગ જ સમાપ્ત કરે.

આ પ્રમાણે ૧૧ દ્વાર, ૪૭ બોલ, ૮ કર્મ, ૨૪ દંડક સંબંધી ઉપર કહેલા વર્ણનમાં આ ચારેય ભંગ કહેવા. પછી અનંતરોત્પન્નક વિગેરે ચાર ઉદ્દેશામાં બે ભંગ જ કહેવા. પરંપરોત્પન્નક વિગેરે બાકી બધા (૬) ઉદ્દેશકમાં ચાર ભંગ કહેવા. અનંતરોત્પન્નક વિગેરેમાં બધા જીવ સાથે જ જન્મે છે. અલગ સમયમાં જન્મવાનો વિકલ્પ ત્યાં હોતો નથી. એટલે ચાર ભંગ ન બનતા બે ભંગ જ બને છે.

**॥ શતક ૨૯ સંપૂર્ણ ॥**



## શતક–૩૦

**સમવસરણ અધિકાર :–**

સમવસરણથી અહીં "વાદ" સિદ્ધાંત અને વાદી કહેવાય છે. આ વાદી ચાર પ્રકારના હોય છે. (૧) ક્રિયા વાદી, (૨) અક્રિયા વાદી (૩) અજ્ઞાન વાદી (૪) વિનય વાદી. એ ચારે ય અહીં સમવસરણ સંજ્ઞાથી વર્ણિત છે.

કયાંક આ ચાર વાદિઓના ભેદ એકાંતવાદી રૂપમાં કહીને બધાને મિથ્યા–દષ્ટિ ગણ્યા છે. ત્યાં આ ચારેને ૩૬૩ ભેદ (૧૮૦ ત્ર૮૪ ત્ર૬૭ ત્ર૩૨) માને છે. પરંતુ પ્રસ્તુત પ્રકરણમાં ક્રિયા વાદીથી સમ્યગ્દષ્ટિ તથા જ્ઞાન ક્રિયાના સુમેળ–વાળા, સ્યાદ્વાદમય સમ્યગ્ સિદ્ધાંતનું ગ્રહણ કર્યુ છે. બાકી ત્રણે એકાંત– વાદી મિથ્યાદષ્ટિરૂપમાં સ્વીકાર કર્યા છે. એમાં (૧) અક્રિયાવાદી જ્ઞાન માત્રથી કલ્યાણ થવું માને છે અને ક્રિયાનો નિષેધ કરે છે. (૨) અજ્ઞાનવાદી– જ્ઞાનનું ખંડન કરે છે અને અજ્ઞાન અને શૂન્યતાથી મુક્તિ માને છે. (૩) વિનય વાદી– કેવલ વિનયથી જ મુક્તિ માને છે. જ્ઞાન, ક્રિયા બંનેનો નિષેધ કરે છે. જે કોઈને પણ જુએ, જે કોઈ પણ મળે એને પ્રણામ કરે. એટલે કેવળ નમ્રતા, વિનયથી જ કલ્યાણ થઈ જશે. જ્ઞાન ક્રિયાની મહેનત કરવી તે વ્યર્થ માને છે.

પૂર્વમાં કહેલા ૧૧ દ્વારોના ૪૭ બોલોમાં આ ચારે ય સમવસરણોમાંથી કેટલા સમવસરણ મળે છે ? કયા બોલમાં કયા સમવસરણમાં, કયા દંડકમાં કેટલી ગતિના આયુ બંધ થાય છે ? કયો બોલ ભવી અથવા અભવી છે; વિગેરે વિષયોના વર્ણન આ પ્રકરણમાં કર્યા છે.

**સમુચ્ચય જીવના સમવરણ વિગેરે :–**

| ૪૭ બોલ | સમવસરણ | આયુબંધ |
|---|---|---|
| કૃષ્ણ પક્ષી, મિથ્યાદષ્ટિ, ચાર અજ્ઞાન | ૩ | ૪ ગતિના |
| મિશ્રદષ્ટિ | ૨ અજ્ઞાન વિનય | અબંધ |
| સમ્યગ્દષ્ટિ, ચાર જ્ઞાન | ૧ ક્રિયા | ૨ દેવ, મનુષ્યના |
| ત્રણ અશુભ લેશ્યા | ૪ | ક્રિયાવાદી–મનુષ્ય/અબંધ<br>૩ સમવસરણ–૪ ગતિના |
| ત્રણ શુભ લેશ્યા | ૪ | ક્રિયા વાદી–દેવ, મનુષ્યના<br>૩, સમવસરણ–૩ ગતિના |

| | | |
|---|---|---|
| મનઃ પર્યવ જ્ઞાન નો સંજ્ઞોપયુક્ત | ૧ | વૈમાનિક દેવના |
| અવેદી, અકષાયી, અયોગી અલેશી, કેવલી | ૧ | અબંધ |
| બાકી ૨૨ બોલ | ૪ | ક્રિયા વાદી – ૨ ગતિના<br>૩ સમવસરણ–૪ ગતિના |

**૨૪ દંડકમાં સમવસરણ વિગેરે :–**

| દંડક | ૪૭ બોલ | સમવસરણ | આયુબંધ |
|---|---|---|---|
| નરક | કૃષ્ણ પક્ષી વિ. ૬ બોલ | ૩ | ૨ (મનુષ્ય તિર્યંચના) |
| નરક | મિશ્ર દષ્ટિ | ૨ | અબંધ |
| નરક | સમ્યગ્દષ્ટિ ૪ જ્ઞાન | ૧ | મનુષ્યના |
| નરક | બાકી ૨૩ બોલ | ૪ | ક્રિયાવાદી–મનુષ્યના<br>૩ સમવસરણ–બન્નેના |
| દેવ ગ્રૈવેયક સુધી | કૃષ્ણ પક્ષી વિગેરે ૬ બોલ | ૩ | મનુષ્ય તિર્યંચના |
| | મિશ્રદષ્ટિ | ૨ | અબંધ |
| | સમ્યગ્દષ્ટિ ૪ જ્ઞાન | ૧ | મનુષ્યના |
| | બાકી ૨૩ બોલ | ૪ | ક્રિયાવાદી–મનુષ્યના<br>૩ સમવસરણ બંનેના<br>નવમા દેવલોકથી આગળ<br>કેવળ મનુષ્યાયુના |
| અણુત્તર દેવ | ૨૬ બોલ | ૧ | મનુષ્યાયુ |
| ત્રણ સ્થાવર | તેજો લેશ્યા | ૨ અક્રિયા અજ્ઞાન | અબંધ |
| ત્રણ સ્થાવર | બાકી ૨૬ બોલ | ૨ અક્રિયા અજ્ઞાન | મનુષ્ય તિર્યંચ્ચ. |
| તેઉ વાયુ. | ૨૬ બોલ | ૨ અક્રિયા અજ્ઞાન | ૧ તિર્યંચ્ચ આયુ |
| વિકલેન્દ્રિય | સમ્યગ્દષ્ટિ ૩ જ્ઞાન | ૧ | અબંધ |
| વિકલેન્દ્રિય | ૨૭ બોલ (બાકી) | ૨ ઉપરવત્ | બન્ને |
| તિર્યંચ પંચેન્દ્રિય | કૃષ્ણપક્ષી વિગેરે ૬ | ૩ | ૪ (ચારે આયુ) |
| | | | |



| દંડક | ૪૭ બોલ | સમવસરણ | આયુબંધ |
|---|---|---|---|
| તિર્યંચ પંચેન્દ્રિય | મિશ્રદષ્ટિ | ૨ અજ્ઞાન વિનય | અબંધ |
| તિર્યંચ પંચેન્દ્રિય | સમ્યગ્દષ્ટિ ૪ જ્ઞાન | ૧ | વૈમાનિક દેવોના |
| તિર્યંચ પંચેન્દ્રિય | ત્રણ લેશ્યા કૃષ્ણાદિ | ૪ | ક્રિયાવાદી – અબંધ<br>૩ સમવસરણ–૪ ગતિના |
| તિર્યંચ પંચેન્દ્રિય | ત્રણ શુભ લેશ્યા | ૪ | ક્રિયાવાદી–વૈમાનિકના<br>૩ સમવસરણ–૩ ગતિના |
| તિર્યંચ પંચેન્દ્રિય | (શેષ બોલ) ૨૨ | ૪. | ક્રિયાવાદી–વૈમાનિકના<br>૩ સમવસરણ–૪ ગતિના |
| મનુષ્ય | ૧૮ બોલ | તિર્યંચ પંચેન્દ્રિય સમાન.... | |
| મનુષ્ય | મનઃ પર્યવ જ્ઞાન, નો સંજ્ઞા | ૧ | વૈમાનિકના |
| મનુષ્ય | અવેદી વિગેરે ૫ | ૧ | અબંધ |
| મનુષ્ય | બાકી ૨૨ બોલ | ૪ | ક્રિયાવાદી વૈમાનિકના<br>૩ સમવસરણ–૪ ગતિના |

**નોટ :–** ક્રિયાવાદી સમવસરણ અને મિશ્રદષ્ટિ એકાંત ભવી હોય છે. બાકી બધા બોલ ભવી, અભવી બન્ને હોય છે. એવું સર્વત્ર પૂરા શતકમાં સમજવુ. (૨) ત્રણ સમવસરણ જ્યાં કહ્યા છે ત્યાં એક ક્રિયાવાદી સમવસરણ નથી.

**અનંતરોત્પન્નક વિગેરે ચાર ઉદ્દેશક :–**

૨૬ માં શતકની સમાન ૪૭ બોલમાંથી મળવાવાળા બોલ કહેવા એ બધા બોલોમાં સમવસરણ ઉપરોકત ચાર્ટ અનુસાર જાણવા, અર્થાત્ ચાર્ટમાં કહેલા બોલોમાં મન, વચન, યોગ અને મિશ્રદષ્ટિ જ્યાં પણ છે તે કાઢી નાખવા અને બાકી બધા બોલ ચાર્ટ અનુસાર જાણવા. આયુના બધા બોલોમાં 'અબંધ' કહેવા. કારણ કે આ અનંતરોત્પન્નક વિગેરે આયુ બાંધતા નથી. પરંપરોત્પન્નક વિગેરે બાકી ૬ ઉદ્દેશક પણ પ્રથમ ઉદ્દેશકના સમાન છે. અર્થાત્ ચાર્ટની સમાન ૨૪ દંડકમાં કહેવા.

બોલ છોડવા વિગેરે ૨૬ માં શતકની સમાન ધ્યાન રાખવું અર્થાત્ પાછલા

દશે ઉદ્દેશકમાં સમુચ્ચય જીવ ન કહેતા ૨૪ દંડક જ કહેવા. અચરમ ઉદ્દેશકમાં અલેશી, કેવલી, અયોગી એમ ત્રણ બોલ કહેવા નહીં અને સર્વાર્થસિદ્ધની પૃચ્છા કરવી નહીં વિગેરે.

॥ શતક ૩૦ સંપૂર્ણ ॥

## શતક : ૩૧–૩૨

**ક્ષુલ્લક કૃતયુગ્મ :–**

(૧) જુમ્મા, યુગ્મના સ્વરૂપ શતક ૧૮, ઉદ્દેશક ૪માં તથા શતક ૨૫, ઉદ્દેશક ૩ માં બતાવ્યુ છે. ત્યાં ઔધિક યુગ્મનું જ કથન છે. અહીં એમને જ ક્ષુલ્લક યુગ્મ કહ્યા છે. આગળ શતક ૩૫ થી ૪૦ સુધીમાં મહાયુગ્મ કહ્યા છે. શતક ૧૮, ઉદ્દેશક ૪ ના વર્ણન સમાન ૪.૮.૧૨.૧૬. સંખ્યાત, અસંખ્યાત, અનંતની સંખ્યા કૃતયુગ્મ છે. ૩.૭.૧૧.૧૫. ***યાવત્*** અનંતની સંખ્યા તેઓગ = ત્રયોજયુગ્મ છે. ૨.૬.૧૦.૧૪ ***યાવત્*** અનંતની સંખ્યા દ્વાપરયુગ્મ છે. ૧.૫.૯.૧૩.***યાવત્*** અનંતની સંખ્યા કલ્યોજ યુગ્મ છે.

(૨) નારકીમાં આ ચારે ક્ષુલ્લક યુગ્મના જીવ ઉત્પન્ન થાય તો જઘન્ય ઉક્ત (ઉપર કહેલી) સંખ્યા અનુસાર અને ઉત્કૃષ્ટ અસંખ્ય ઉત્પન્ન થાય છે. ક્યાંથી આવીને ઉત્પન્ન થવાના જવાબમાં પ્રજ્ઞાપના પદ ૬ ના અનુસાર આગતિ સ્થાન કહેવા. ઉત્પન્ન થનાર જીવ શતક ૨૫, ઉદ્દેશક ૮ અનુસાર પ્લવકના જેમ આવીને ઉત્પન્ન થાય છે. તથા અધ્યવસાય યોગ નિમિત, સ્વકર્મ સ્વઋદ્ધિ વિગેરે પણ સમજવા.

(૩) આ પ્રમાણે આ સમુચ્ચય ઉદ્દેશક હોય છે. પછી નારકીમાં મળનાર ત્રણ લેશ્યામાં ઉત્પતિની ચારે યુગ્મ સંખ્યા આગતિ સ્થાનના આધારે કહેવી. જે નરકમાં જે લેશ્યા હોય છે તે કહેવી. આ ચાર ઉદ્દેશક સમુચ્ચય જીવથી થયા. એ જ રીતે પ્રમાણે ૨ પક્ષ, ૨ ભવી, ૨ દૃષ્ટિ આ ૬ થી ચાર–ચાર ઉદ્દેશક થાય છે. કુલ ૨૮ ઉદ્દેશક થયા.

(૪) એકત્રીસમાં શતકમાં ઉત્પન્ન થનારની અપેક્ષાએ સંપૂર્ણ વર્ણન છે તે જ સંપૂર્ણ વર્ણન ૩૨માં શતકમાં ઉવટ્ટણ–મરણની અપેક્ષાએ છે. પ્રજ્ઞાપના સૂત્રના છઠ્ઠા પદમાં કહેવાયેલ. ગતિ(ગત) અનુસાર ઉવટ્ટણના સ્થાનોને કહેવા.

**વિશેષ :–** સાતમી નારકીની આગતિ અને ગતિમાં દૃષ્ટિ એક જ(મિથ્યાદૃષ્ટિ) કહેવી. કારણ કે ત્યાં સમ્યગ્દૃષ્ટિ ઉપજતા મરતા નથી.



(૫) આ બન્ને શતકોમાં નરકની અપેક્ષા એ જ કથન કર્યુ છે. બાકી દંડક માટે ભલામણ પાઠ રહ્યા હશે. જે લિપિ પ્રમાદથી છૂટી ગયા સંભવ લાગે છે. એટલે નરકના સરખા બાકી ૨૩ દંડકના કથન પણ સમજવા.

જેની ઉદ્દેશક સંખ્યા આ પ્રમાણે હશે– ભવનપતિ વ્યંતરમા ૧૧ × ૫ × ૭ = ૩૮૫ × ૨ = ૭૭૦. જ્યોતિષીમાં ૨ × ૭ = ૧૪ × ૨ = ૨૮. વૈમાનિકમાં ૪ × ૭ = ૨૮ × ૨ = ૫૬. ત્રણ સ્થાવરમાં ૩ × ૫ × ૭ = ૧૦૫ ત્રલ ૩ × ૪ × ૭ = ૮૪ = ૧૮૯, તેઉ વાયુમાં ૨ × ૪ × ૭ = ૫૬ × ૨ = ૧૧૨, ત્રણ વિકલેન્દ્રિયમાં ૩ × ૪ × ૭ = ૮૪ × ૨ = ૧૬૮ તિર્યંચમાં ૭ × ૭ = ૪૯ × ૨ = ૯૮, મનુષ્યમાં = ૯૮ કુલ = ૫૬ + ૭૭૦ + ૨૮ + ૫૬ + ૧૮૯ + ૧૧૨ + ૧૬૮ + ૯૮ + ૯૮ = ૧૫૭૫ ઉદ્દેશા થયા.

(૭) પાંચ સ્થાવરમાં દૃષ્ટિ એક હોવાથી એના ૪૩ ઓછા થશે. ત્રણ વિકલેન્દ્રિયમાં, ગતમાં દૃષ્ટિ એક છે. જેનાથી ૧૨ ઓછા થયા. આમ કુલ ૫૫ ઓછા થવાથી ૧૫૭૫–૫૫ = ૧૫૨૦ ઉદ્દેશા બન્ને શતકના મળીને ૨૪ દંડકના થાય છે.

॥ શતક ૩૧–૩૨ સંપૂર્ણ ॥

## શતક : ૩૩

### એકેન્દ્રિય

(૧) આ શતકનાં ૧૨ અવાંતર શતક છે. જેમ કે– સમુચ્ચય એકેન્દ્રિય અને ત્રણ લેશ્યા. (અહીં તેજો લેશ્યા ને ગણી નથી) આ ચાર શતક થયા. બીજા ૪ ભવીના, ૪ અભવીના એમ કુલ ૧૨ શતક થયા.

(૨) છવીસમાં શતક અનુસાર આમાં પણ ૧૧–૧૧ ઉદ્દેશા થાય છે. પરંતુ અભવીના ૪ શતકમાં ચરમ, અચરમ ઉદ્દેશા નહીં હોવાથી આઠ ઉદ્દેશા ઓછા થાય છે. અર્થાત્ ૧૨ × ૧૧ = ૧૩૨ – ૮ = ૧૨૪, ઉદ્દેશા આ શતકમાં થાય છે.

(૩) એકેન્દ્રિયના કુલ ભેદ ૨૦ છે. – પાંચ સ્થાવરના સૂક્ષ્મ બાદર પર્યાપ્ત અને અપર્યાપ્ત. આ ૪–૪ ભેદ કરવાથી ૫ × ૪ = ૨૦ થયા. આ વીસ ભેદમાં આઠે કર્મની સત્તા છે. ૭ અથવા ૮ કર્મના બંધ થાય છે.

(૪) આઠ કર્મ, ૪ ઈન્દ્રિયના આવરણ અને બે વેદના આવરણ એમ કુલ ૧૪ બોલ(કર્મ) ના વેદન બતાવ્યા છે.

(૫) આ પ્રમાણે એકેન્દ્રિયના ૨૦ ભેદમાં ૮ કર્મની સત્તા, ૭–૮ કર્મ ના બંધ, ૧૪ બોલ(કર્મ)ના વેદનાનું વર્ણન થયું. આ પ્રથમ ઔધિક ઉદ્દેશો. થયો. બાકી પરંપરોત્પન્નક વિગેરેના ૯ ઉદ્દેશા કહેવા. અનંતરોત્પન્નક વિગેરેના ચાર ઉદ્દેશકમાં એકેન્દ્રિયના ભેદ ૧૦ અને કર્મ બંધ ૭ ના કહેવા, બાકી વર્ણન ઔધિક ઉદ્દેશા સમાન છે.

(૬) ૧૨ શતકના ચાર ચાર ઉદ્દેશામાં (૧૨ × ૪ = ૪૮ માં) ૧૦–૧૦ જીવના ભેદ છે. અને બાકી ૭૬ ઉદ્દેશોમાં ૨૦–૨૦ જીવના ભેદ છે. એટલે જીવના ભેદની અપેક્ષા ૧૨૪ ઉદ્દેશામાં ૨૦૦૦ આલાપક હોય છે. જેમ – ૪૮ × ૧૦ + ૭૬ × ૨૦ = ૪૮૦ + ૧૫૨૦ = ૨૦૦૦.

**॥ શતક ૩૩ સંપૂર્ણ ॥**

## શતક : ૩૪

**શ્રેણી અધિકાર :–**

(૧) આ શતકમાં પણ ઉપર કહેલા ક્રમથી ૧૨ અવાંતર શતક અને ૧૨૪ ઉદ્દેશા છે.

પૃથ્વી વિગેરે પાંચ સ્થાવરના ૨૦ ભેદના જીવ રત્ન પ્રભા પૃથ્વીના એક પૂર્વી ચરમાંતથી બીજા પશ્ચિમી ચરમાંતમાં ૨૦ ભેદોમાં ઉત્પન્ન થાય છે. આ ૨૦ × ૨૦ = ૪૦૦ આલાપક હોય છે.

(૨) પૂર્વી ચરમાંતથી પશ્ચિમ, ઉત્તર, પૂર્વ અને દક્ષિણ એમ ૪ વિકલ્પ હોય છે. આ ચાર દિશાઓથી ૧૬ વિકલ્પ થાય છે.

(૩) રત્ન પ્રભા પૃથ્વીની જેમ જ સાતે ય પૃથ્વીના ચરમાંતોથી ૨૦ જીવોના ૨૦ જીવોમાં જવાનો વિકલ્પ હોય છે.

(૪) વીસ ભેદોમાં બાદર તેઉકાયના પર્યાપ્ત અપર્યાપ્ત એ બે ભેદ અઢી દ્વીપમાં જ હોય છે. એટલે આ જીવો સંબંધી જવા આવવાના બધા આલાપક અઢી દ્વીપથી કહેવા. અર્થાત્ પૂર્વ પશ્ચિમના ચરમાંતથી ચરમાંતના ૧૮ ભેદ જ કહેવા.

(૫) જીવોના ગમનાગમન શ્રેણીયો (આકાશ માર્ગ) થી થાય છે. તે શ્રેણીયો સાત પ્રકારની છે. (૧) ઋજુ આયતા–વગર વળાંકની સીધી શ્રેણી (૨) એક વળાંક–વાળી (૩) બે વળાંકવાળી (૪) એક તરફ સ્થાવર નાળવાળી (૫) બન્ને તરફ સ્થાવર નાળવાળી (૬) ચક્રવાલ (૭) અર્ધચક્રવાલ. છેલ્લી બન્ને ગતિ કેવળ પુદ્‌ગલની જ થાય છે. ચક્રવાલ ગતિ જીવની થતી નથી.



(૧) પ્રથમ ઋજુ શ્રેણીથી જીવ અને પુદ્‌ગલ એક સમયમાં ગતિ કરે છે. (૨) એક વળાંકવાળીમાં વિગ્રહ ગતિથી જનાર જીવને બે સમય લાગે છે. (૩) બે મોડ વાળીમાં ત્રણ સમય લાગે છે. (૪) એક તરફ સ્થાવર નાળમાં જવાથી ૧–૨–૩ સમય લાગે છે. (૫) બે તરફ સ્થાવર નાળમાં જનારને ૩ અથવા ૪ સમય લાગે છે. અર્થાત્ સ્થાવર નાળમાં સમ દિશામાં ૩ સમય અને વિષમ દિશામાં ૪ સમય લાગે છે.

(૬) પૂર્વથી પશ્ચિમમાં ૧.૨.૩ સમય, પૂર્વથી પૂર્વમાં ૧.૨.૩ સમય અને પૂર્વથી ઉત્તર અથવા દક્ષિણમાં ૨.૩ સમય વિગ્રહ ગતિમાં લાગે છે. મનુષ્ય લોકથી રત્ન પ્રભા પૃથ્વીમાં જીવને જવા આવવામાં ૧.૨.૩ સમય લાગે છે.

(૭) પહેલી નરક પૃથ્વી પિંડ ની જેમ જ બીજી પૃથ્વીનું વર્ણન છે. પરંતુ અહીં મનુષ્ય ક્ષેત્રથી સંબંધિત વિગ્રહ ગતિમાં ૨.૩.૪ સમય લાગે છે. ઉપર નીચે તિરછા વિદિશા વિષમ શ્રેણીમાં ૨.૩.૪. સમય લાગે છે અને દિશા સમ શ્રેણીમાં ૧.૨.૩ સમય લાગે છે.

(૮) ત્રસ નાળથી ત્રસ નાળમાં ૧.૨.૩ સમય લાગે છે. સ્થાવર નાળથી ત્રસ નાળમાં ૧.૨.૩ સમય લાગે છે. સ્થાવર નાળથી સ્થાવર નાળમાં ૧.૨.૩ સમય લાગે છે. પરંતુ વિષમ શ્રેણીમાં અથવા વિદિશામાં અથવા વિદિશા વિષમ ઉપર નીચે તિરછામાં ૨.૩ સમય અથવા ૨.૩.૪ સમય અથવા ૩.૪ સમય લાગે છે.

(૯) નીચે સ્થાવર નાળથી ત્રસ નાળમાં થઈ બીજી તરફ ઉપર સ્થાવર નાળમાં જવામાં સમ શ્રેણીથી સમ શ્રેણી હોય તો ત્રણ સમય અને એક તરફ વિષમ વિદિશ હોય તો ઓછામાં ઓછા ચાર સમય લાગે છે. સ્થાવર નાળમાં એક તરફ જ વિદિશાનો મોડ લેવાય છે. બન્ને તરફ વળાંક લેવાની આવશ્યકતા હોતી નથી. એટલે લોકમાં સ્થાવર ત્રસ નાળમાં કયાંથી પણ જીવને કયાં પણ જવુ હોય તો ૪ સમયમાં પોતાના જન્મ સ્થાન પર જીવ પહોંચી શકે છે. પાંચ શ્રેણીઓની ગતિમાં લોકમાં જીવ અને પુદ્‌ગલને ઉત્કૃષ્ટ ૪ સમય જ પહોંચવામાં લાગે છે. આથી વધારે મોડ જીવ અજીવની ગતિમાં બનતા નથી. ત્યારે જ આખાય લોકમાં વ્યાપ્ત થનાર ભાષા વિગેરેના પુદ્‌ગલ, અચિત મહાસ્કંધ અને કેવળી સમુદ્‌ઘાતમાં આત્મ પ્રદેશોનો ૪ સમય જ લાગે છે.

(૧૦) પાંચ સમયની વિગ્રહ ગતિની કલ્પના પણ અગર કોઈ જીવ માટે કરે તો તે સિદ્ધાંત સાપેક્ષ નથી. મન કલ્પિત તથા ભ્રમ પૂર્ણ છે. કારણ કે ત્રણ સમયમાં તો

સંપૂર્ણ આત્મ પ્રદેશ પણ આખા લોકમાં વ્યાપ્ત થઈ જાય છે. કેવળ નગણ્ય સ્થાન, ખુણા, લોકાંત નિષ્કુંટ અવશેષ રહે છે. જે ચોથા સમયમાં પૂર્ણ કરાય છે. એટલે ૫ સમયની કલ્પના તો અસત્કલ્પના જ છે.

(૧૧) ચક્રવાલ અથવા અર્ધચક્રવાલ ગતિથી પણ પુદ્ગલ ગન્તવ્ય સ્થાનમાં જઈ શકે છે.

સાત પૃથ્વીની જેમ જ લોકના ચરમાંતથી ચરમાંત પણ કહેવા. એમા ૧.૨.૩.૪ અથવા ૨.૩.૪ અથવા ૩.૪ સમયની વિગ્રહ ગતિ થાય છે.

(૧૨) આ ૨૦ જીવના સ્વ સ્થાન પ્રજ્ઞાપના પદ ૨ ના અનુસાર જાણવા.

(૧૩) આ જીવોના આઠ કર્મોની સત્તા, ૭ અથવા ૮ કર્મના બંધ, ૧૪ બોલ (કર્મ)નો ઉદય, તેંત્રીસમા શતક સમાન છે. એની આગતિ–ગતિ પ્રજ્ઞાપના પદ ૬ ની અનુસાર છે. એમાં સમુદ્ઘાત ૩ તથા બાદર વાયુના પર્યાપ્તમાં ૪ છે.

(૧૪) **ઉમ્ર તથા ઉત્પન્નની ચૌભંગી :–** (૧) સરખી ઉમરવાળા અને સાથે ઉત્પન્ન. (૨) સરખી ઉમરવાળા વિષમ ઉત્પન્ન. (૩) વિષમ ઉમરવાળા સાથે ઉત્પન્ન. (૪) વિષમ ઉમર અને વિષમ ઉત્પન્ન, આ ચૌભંગી છે.

પહેલા ભંગવાળા સરખી સ્થિતિવાળા હોય છે અને સમાન ત્થા વિશેષાધિક કર્મ બંધ કરે છે. બીજા ભંગવાળા સરખી સ્થિતિવાળા હોય છે. પરંતુ કર્મ બંધ વિમાત્રામાં વિશેષાધિક કરે છે. ત્રીજા ભંગવાળા અસમાન ઉંમર– વાળા હોય છે. પરંતુ સાથમાં ઉત્પન્ન થયેલા હોવાથી સમાન તથા વિશેષાધિક કર્મ બંધ કરે છે. ચોથા ભંગવાળા અસમાન ઉંમરવાળા હોય છે અને વિમાત્રાથી વિશેષાધિક કર્મ બંધ કરે છે.

(૧૫) અનન્તરોત્પન્ન વિગેરે ચારે ઉદ્દેશાનું વર્ણન પણ ઉપર કહ્યા પ્રમાણે વિધિથી જાણવું. પરંતુ એમા ભેદ ૧૦ જ કહેવા ૨૦ નહીં. ૭ કર્મના બંધ જ કહેવા આઠ કહેવા નહીં. સમુદ્ઘાત ત્રણ જ થાય છે ચાર નહીં. ચૌભંગીના પણ બે ભંગ જ થાય છે. પહેલો બીજો. કારણ કે અનન્તરોત્પન્ન કહેલા બધા સાથમાં જ ઉત્પન્ન થાય છે. એક દિશાથી બીજી દિશામાં ઉત્પન્ન થવાના વિકલ્પો સંબંધી વર્ણન અહીં કહેવુ નહીં. કારણ કે એ મરતા નથી. પરમ્પરોત્પન્નક બન્યા પછી મરે છે.

(૧૬) પરંપરોત્પન્નક વિગેરે બાકી ૬ ઉદ્દેશામાં ઔધિકની જેમ જ સંપૂર્ણ વર્ણન જાણવું.



(૧૭) લેશ્યા ભવી અભવીના વિકલ્પથી કુલ ૧૨ અવાંતર શતક અને એના ૧૧.૧૧ તથા ૯.૯ ઉદ્દેશા ૩૩ માં શતકની જેમ જ થાય છે. વિષય વર્ણન પ્રસ્તુત પ્રકરણના ઉદ્દેશા અનુસાર જાણવા.

**॥ શતક ૩૪ સંપૂર્ણ ॥**

## શતક : ૩૫

### એકેન્દ્રિય મહાયુગ્મ :–

યુગ્મ ૪ હોય છે. એમને શતક ૩૧ માં ક્ષુલ્લક યુગ્મ કહ્યા છે. અહીં મહાયુગ્મોના વર્ણન છે. એ ૧૬ હોય છે. એક એક યુગ્મને ચારે યુગ્મોના સંયોગી ભંગ કરવાથી ૪ × ૪ = ૧૬ ભંગ થાય છે. એ ૧૬ ભંગ રૂપ યુગ્મોના નામ આ પ્રમાણે છે.

(૧) કૃતયુગ્મ કૃતયુગ્મ = ૧૬. ૩૨. ૪૮. ૬૪ વિગેરે (૨) કૃતયુગ્મ ત્ર્યોજ = ૧૯. ૩૫ વિગેરે (૩) કૃતયુગ્મ દ્વાપર = ૧૮. ૩૪ વિગેરે (૪) કૃતયુગ્મ કલ્યોજ = ૧૭. ૩૩ વિગેરે. (૫) ત્ર્યોજ કૃતયુગ્મ = ૧૨. ૨૮. ૪૪. ૬૦ વિગેરે (૬) ત્ર્યોજ ત્ર્યોજ = ૧૫. ૩૧. ૪૭. ૬૩ વિગેરે (૭) ત્ર્યોજ દ્વાપર = ૧૪. ૩૦. ૪૬. ૬૨ વિગેરે (૮) ત્ર્યોજ કલ્યોજ = ૧૩. ૨૯. ૪૫. ૬૧ વિગેરે (૯) દ્વાપર કૃતયુગ્મ = ૮. ૨૪. ૪૦. ૫૬ વિગેરે (૧૦) દ્વાપર ત્ર્યોજ ૧૧. ૨૭. ૪૩. ૫૯ વિગેરે (૧૧) દ્વાપર દ્વાપર = ૧૦. ૨૬. ૪૨. ૫૮ વિગેરે (૧૨) દ્વાપર કલ્યોજ = ૯. ૨૫. ૪૧. ૫૭ વિગેરે. (૧૩) કલ્યોજ કૃતયુગ્મ = ૪. ૨૦. ૩૬. ૫૨ વિગેરે (૧૪) કલ્યોજ ત્ર્યોજ = ૭. ૨૩. ૩૯. ૫૫ વિગેરે (૧૫) કલ્યોજ દ્વાપર = ૬. ૨૨. ૩૮. ૫૪ વિગેરે. (૧૬) કલ્યોજ કલ્યોજ = ૫. ૨૧. ૩૭. ૫૩ વિગેરે

એકેન્દ્રિય જીવ આ સોળે ય મહાયુગ્મ રૂપ ભંગોથી આવીને ઉત્પન્ન થાય છે. જેનું ૩૩ દ્વારોથી વર્ણન કરાયું છે. (૧) ઉપપાત(આગતિ) (૨) પરિમાણ (૩) અપહાર સંખ્યા (૪) અવગાહના (૫) આઠ કર્મ બંધ. (૬) વેદના (૭) ઉદય (૮) ઉદીરણા (૯) લેશ્યા (૧૦) દષ્ટિ (૧૧) જ્ઞાન (૧૨) યોગ (૧૩) ઉપયોગ (૧૪) વર્ણ (૧૫) ઉ્વાસ (૧૬) આહારક (૧૭) વિરતિ (૧૮) ક્રિયા (૧૯) બંધક (૨૦) સંજ્ઞા (૨૧) કષાય (૨૨) વેદ (૨૩) વેદ બંધ (૨૪) સન્ની (૨૫) ઇન્દ્રિય (૨૬) અનુબુધ = યુગ્મોની સ્થિતિ. જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અનંતકાલ (૨૭) કાયસંવેધ (૨૮) આહાર = ૨૮૮ પ્રકારના (૨૯) સ્થિતિ (૩૦) સમુદ્ઘાત (૩૧) મરણ (બે

પ્રકાર) (૩૨) ચ્યવન = ગતિ (૩૩) ઉપપાત = સર્વ જીવ ઉત્પન્ન.

ઉદીરણા = ૮. ૭. ૬ કર્મની. આયુ અને વેદનીયની ભજના, ત્રણેય વેદનો બંધ કરે છે. વર્ણાદિ – શરીરની અપેક્ષા ૨૦ ત્થા ૧૬, અવિરત છે. સક્રિયા છે. બાકી બધા દ્વારોના વર્ણન ઉત્પલ ઉદ્દશા વિગેરેથી જાણવું. સમુચ્ચય એકેન્દ્રિયનું વર્ણન હોવાથી કાયસંવેધ કહેવાય નહીં.

૧૬ મહાયુગ્મો પર આ ૩૩–૩૩ દ્વાર સમજવા.

આ ઔધિક ઉદ્દેશો પૂરો થયો. બાકી દશ ઉદ્દેશા બીજી જ રીતે છે. તે આ પ્રમાણે છે. (૨) પઢમ = પ્રથમ સમયોત્પન્ન (૩) અપઢમ = બાકી સમયવાળા (૪) ચરમ સમયવાળા (૫) અચરમ સમયવાળા (૬) પઢમ પઢમ (૭) પઢમ અપઢમ (૮) પઢમ ચરમ (૯) પઢમ અચરમ (૧૦) ચરમ ચરમ (૧૧) ચરમ અચરમ આ દ્વિ સંયોગી નામવાળા ઉદ્દેશામાં પહેલો શબ્દ વિવક્ષિત યુગ્મ બનવાના સમયનો સૂચક છે. બીજો શબ્દ ઉત્પત્તિના સમયનો સૂચક છે.

"પઢમ" ના બીજા ઉદ્દેશોમાં ૧૦ બોલ(દ્વાર)માં વિશેષતા હોય છે. (૧) અવગાહના જઘન્ય (૨) આયુ અબંધ (૩) આયુ અનુદીરક, ૬ અથવા ૭ ના ઉદીરક છે. (૪) નો ઉ✓ાસ નિ✓ાસવાળા છે. (૫) સપ્તવિધ બંધક જ છે. (૬) આયુષ્ય જઘન્ય (૭) અનુબંધ આયુના સમાન. (૮) સમુદ્દ્ઘાત બે હોય છે. વેદનીય કષાય (૯) મરણ નહીં. (૧૦) ચ્યવન–ગતિ નથી.

ત્રીજા અને પાંચમા ઉદ્દેશા પહેલા ઉદ્દેશા સમાન છે. બાકી બધા ઉદ્દેશા બીજા ઉદ્દેશા સમાન છે. ચોથા, આઠમાં, દશમાં ઉદ્દેશામાં દેવ ઉત્પન્ન થતા નથી અને લેશ્યા ત્રણ થાય છે.

એનુ કારણ એ છે કે પહેલો, ત્રીજો અને પાંચમો ઉદ્દેશક લગભગ સંપૂર્ણ ભવ રૂપ છે. બાકી ઉદ્દેશક એક–એક સમયની સ્થિતિવાળા છે. તેના બે વિભાગ છે. પહેલા સમયવાળા તથા ચરમ સમયવાળા. ચરમ સમયવાળા ત્રણ છે. ચોથા, આઠમા, દશમા આ એક સમયની અપેક્ષાવાળા તથા ચરમ છે. એટલે દેવોને આવવાનો નિષેધ છે. અર્થાત્ અહીં તેજોલેશ્યા ન રહેવાથી દેવત્વ ભાવને પણ ગૌણ કર્યો છે. તથા તેજો લેશ્યા અને દેવત્વ બન્નેનો નિષેધ કર્યો છે. બાકી પાંચ ઉદ્દેશક પ્રથમ સમયવર્તી એક સમયવાળા છે. જે દેવથી તત્કાળ આવેલા હોઈ શકે. તેથી એમાં દેવ અને તેજો લેશ્યાને ગૌણ કર્યા નથી. આ એક મહાયુગ્મની અપેક્ષા વર્ણન થયુ. આ પ્રમાણે ૧૬ મહાયુગ્મની અપેક્ષા એ વર્ણન જાણવુ. આ પહેલો



અંતર શતકના ૧૧ ઉદ્દેશક થયા. લેશ્યા, ભવીથી ૧૨ અંતર શતક તથા ૧૩૨ ઉદ્દેશા પૂર્વવત્ જાણવા.

**॥ શતક ૩૫ સંપૂર્ણ ॥**

## શતક : ૩૬–૩૯

### વિકલેન્દ્રિય મહાયુગ્મ :–

એકેન્દ્રિય મહાયુગ્મ શતકના ૧૨ અંતર શતક અને ૧૩૨ ઉદ્દેશાની જેમ જ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસન્ની, પંચેન્દ્રિયના આ ચાર શતકોના ૧૨–૧૨ અંતર શતક અને ૧૩૨–૧૩૨ ઉદ્દેશો છે.

અવગાહના લેશ્યા, દષ્ટિ, જ્ઞાન, યોગ, અપહાર સંખ્યા સ્થિતિ, આહાર, સમુદ્દ્ઘાત બેઇન્દ્રિય વિગેરેમાં જેટલી જેટલી હોય છે. એટલી એટલી સમજવી.

બીજા ઉદ્દેશામાં વચનયોગ વિશેષ રૂપે ઓછો થશે. બાકી વર્ણન એકેન્દ્રિયની જેમ જ છે. તથા ૧૦ ણાણતે(ફર્ક) છે. ચોથા, આઠમા, દશમા ઉદ્દેશકમાં સમ્યગદષ્ટિ અને જ્ઞાન કહેવા નહીં.

ભવી અભવીના અંતર શતકમાં સર્વ જીવ ઉત્પન્ન થઈ ચૂક્યા છે, આ બોલનું કથન કરવું નહીં. એવું ૩૫ થી ૩૯ સુધીના બધા શતકોમાં ધ્યાન રાખવુ. વિકલેન્દ્રિયોમાં સંચિટ્ઠણા–સંખ્યાતકાળ છે અને અસનીમાં અનેક કરોડ પૂર્વ છે.

**॥ શતક ૩૬–૩૯ સંપૂર્ણ ॥**

## શતક : ૪૦

### સંજ્ઞી મહાયુગ્મ :–

આ શતકમાં ૨૧ અંતર શતક છે. કારણ કે સન્ની પંચેન્દ્રિયમાં લેશ્યા ૬ છે. એટલે સમુચ્ચય જીવના ૭, ભવીના ૭ અભવીના ૭ એમ ૨૧ શતકના ૧૧–૧૧ ઉદ્દેશા હોવાથી ૨૩૧ ઉદ્દેશા છે.

૧૬ મહાયુગ્મ અને એના એક એક ઉત્પાતની અપેક્ષા ૩૩–૩૩ દ્વારોનું વર્ણન પૂર્વવત્ જાણવું. તે દ્વાર ૩૫ માં શતકમાં કહ્યા છે.

આ સન્ની શતકમાં ૧૨ મા ગુણ સ્થાન સુધી બધા સન્ની પંચેન્દ્રિય તિર્યંચ

મનુષ્ય વિગેરેનો સમાવેશ છે. એટલે કેટલાક નિમ્ન દ્વારોનું વર્ણન આ પ્રમાણે છે.

આગતિ = બધા જીવ સ્થાનોથી કર્મ બંધ = ૭ ની ભજના વેદનીયની નિયમા (૧૨ ગુણસ્થાન જ છે, એટલે). કર્મ ઉદય – ૭ ની નિયમા મોહનીયની ભજના. ઉદીરણા–૬ કર્મની ભજના. નામ, ગૌત્રની નિયમા. જ્ઞાનઃ –૪ જ્ઞાન, ૩ અજ્ઞાન. વિરતિ ત્રણે છે. ક્રિયા–સક્રિય જ છે. બંધક–સપ્ત વિધ અષ્ટવિધ, છઃ વિધ(ષડ્ વિધ) અને એક વિધ બંધક પણ છે. અબંધક નથી. સંજ્ઞા–૫, કષાય ૫ (અકષાયી) આ પ્રમાણે અવેદી સહિત ૪ વેદ છે. વેદના બંધક, અબંધક બન્ને છે. સઈન્દ્રિય છે. અનિન્દ્રિય નથી. યોગ ૩ છે. અયોગી નથી. અનુબંધ અનેક સો સાગર સાધિક છે. કાયસંવેધ–સમુચ્ચય પંચેન્દ્રિય હોવાથી કાયસંવેધ થતા નથી. એક દંડક હોય તો કાયસંવેધ હોય છે. સમુદ્‌ઘાત ૬, ગતિ–સર્વત્ર.

બીજા ઉદ્દેશામાં ૧૭ બોલોમાં તફાવત(ણાણતા) થાય છે. જેમ કે– (૧) અગગાહના–જઘન્ય હોય છે. (૨) આયુનો અબંધ, ૭ નો બંધ. (૩) વેદના–બન્ને. (૪) ઉદય આઠે કર્મનો. (૫) ઉદીરણા આયુની નહીં. વેદનીયની ભજના. બાકી ૬ નિયમા. (૬) દષ્ટિ–૨, (૭) યોગ–૧, (૮) નો ઉ✓ાસ નિ✓ાસક છે. (૯) અવિરત જ હોય છે. (૧૦) સપ્તવિધ બંધક જ છે. (૧૧) સંજ્ઞા–૪ (૧૨) કષાય–૪. (૧૩) વેદ–૩. (૧૪) અનુબંધ ૧ સમય જ. (૧૫) સ્થિતિ ૧ સમય. (૧૬) સમુદ્‌ઘાત ૨. (૧૭) ત્રણ વેદના બંધક છે. અબંધક નથી. (૧૮) મરણ નથી. (૧૯) ગતિ પણ નથી.

પહેલા, ત્રીજા, પાંચમાં, ઉદ્દેશા એક સમાન છે. બાકી આઠ ઉદ્દેશા એક સમાન છે. અર્થાત્ ચોથા, આઠમાં, દશમામાં પણ કોઈ અંતર નથી.

એક યુગ્મની જેમ જ ૧૬ યુગ્મ કહેવા. પરંતુ પરિમાણ દ્વારમાં પોત પોતાની રાશિના ભિન્ન પરિમાણ કહેવા. આ પહેલો અંતર શતક પૂરો થયો.

કૃષ્ણ લેશી અંતર શતકના પહેલા ઉદ્દેશામાં ૧૨ દ્વારમાં ફર્ક(અંતર) હોય છે. જેમ (૧) બંધ. (૨) વેદક (૩) ઉદય (૪) ઉદીરણા (૫) લેશ્યા (૬) બંધક (૭) સંજ્ઞા (૮) કષાય (૯) વેદ બંધક આ ૯ દ્વાર બેઈન્દ્રિયની જેમ જ છે. (૧૦) અવેદી નહીં ત્રણ વેદ. (૧૧.૧૨) અનુબંધ સ્થિતિ–એક સમય અને ૩૩ સાગર. બાકી દ્વાર સન્નીના પ્રથમ અંતર શતક જેવુ છે. આ બીજા અંતર શતકનો પહેલો ઉદ્દેશો થયો.

બીજા ઉદ્દેશામાં–૧૩ દ્વારમાં તફાવત (ણાણતા) હોય છે. તે પ્રથમ શતકના બીજા ઉદ્દેશા સરખા છે. એ દ્વારોના નામ (૧) અવગાહના (૨) બંધ (૩) ઉદીરણા



(૪) દષ્ટિ (૫) યોગ (૬) ✓ાસ (૭) વિરતિ. (૮) બંધક. (૯) સ્થિતિ. (૧૦) અનુબંધ (૧૧) સમુદ્‌ઘાત (૧૨) મરણ (૧૩) ગતિ.

બાકી વર્ણન પહેલા અંતર શતક જેવું છે.

કૃષ્ણ લેશ્યાની જેમ નીલ લેશ્યાનો શતક છે. પરંતુ એની સ્થિતિ અનુબંધ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ ૧૦ સાગર સાધિક છે. અહીં સાધિક સ્થિતિમાં પલ્યોપમના અસંખ્યાતમો ભાગ અધિક છે અને અનુબંધમાં અંતર્મુહૂર્ત એનાથી પણ અધિક છે. જે એમાં જ સમાવિષ્ટ છે.

કાપોતલેશ્યા શતકમાં સ્થિતિ અનુબંધ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ ત્રણ સાગર સાધિક છે. સાધિકનો અર્થ ઉપરવત્ છે.

તેજોલેશ્યાના શતકમાં સ્થિતિ અનુબંધ જઘન્ય એક સમય છે. ઉત્કૃષ્ટ ૨ સાગર સાધિક છે. બાકી વર્ણન કૃષ્ણ લેશ્યાના સમાન છે. પરંતુ એમાં નો સંજ્ઞોપ–યુક્ત પણ હોય છે. સાધિકનો અર્થ ઉપરવત્ છે.

પદ્મલેશ્યાના શતકમાં અનુબંધ ઉત્કૃષ્ટ દશ સાગર અંતર્મુહૂર્ત સાધિક છે. સ્થિતિ ઉત્કૃષ્ટ ૧૦ સાગરની જ હોય છે.

શુક્લલેશ્યાનો શતક પહેલા શતકના સમાન જ કહેવો પરંતુ શુક્લ લેશ્યાનું કથન કરવુ. સ્થિતિ ઉત્કૃષ્ટ ૩૩ સાગરની અનુબંધ ૩૩ સાગર અંતર્મુર્હૂત સાધિક કહેવું

આ પ્રમાણે સાત ભવીના શતક છે. પરંતુ સર્વ જીવ ઉત્પન્ન થવાનો દ્વાર કહેવો નહીં.

અભવીના ૯ દ્વારમા ફર્ક છે. – (૧) આગતિ–અણુત્તર વિમાન નહીં. (૨) દષ્ટિ ૧ (૩) જ્ઞાન નહીં અજ્ઞાન ૩ છે. (૪) અવિરત છે. (૫) સ્થિતિ ૧ સમય અને ૩૩ સાગર (૬) સમુદ્‌ઘાત– ૫ (૭) અનુબંધ–૧ સમય અને અનેક સો સાગર સાધિક (૮) લેશ્યા ૬ (૯) ગતિ–અણુત્તર વિમાનમાં નહીં. સર્વ જીવ ઉત્પન્ન થવાના દ્વાર ન કહેવા.

ભવી અભવીના લેશ્યા શતકોમાં સ્થિતિ ઔધિકની (૬ લેશ્યાઓના) બીજાથી સાતમાં અંતર શતકની જેમ કહેવં.

આ ૨૧ અંતર શતકના ૨૩૧ ઉદ્દેશા પૂર્ણ થયા.

**॥ શતક ૪૦ સંપૂર્ણ ॥**

# શતક : ૪૧

**રાશિ યુગ્મ :–**

આ શતકમાં અંતર શતક અને ૧૧–૧૧ ઉદ્દેશા નથી. પરંતુ કેવળ ઉદ્દેશા જ છે. (૧) સમુચ્ચય (૨) ભવી (૩) અભવી (૪) સમદૃષ્ટિ (૫) મિથ્યાદૃષ્ટિ (૬) કૃષ્ણ પક્ષી (૭) શુકલ પક્ષી– એમા ૬ લેશ્યા હોવાથી ૭–૭ ઉદ્દેશા છે. એટલે ૭ × ૭ = ૪૯ ઉદ્દેશા થયા. એને ચાર રાશિ યુગ્મથી ગુણા કરવાથી ૪૯ × ૪ = ૧૯૬ ઉદ્દેશા થાય છે.

રાશિ યુગ્મ ચાર આ પ્રમાણે છે. – (૧) કૃતયુગ્મ (૨) ત્ર્યોજ (૩) દ્વાપર (૪) કલ્યોજ. સામાન્ય યુગ્મના સરખા જ આ રાશિ યુગ્મ છે અને એની સંખ્યા પણ સામાન્ય યુગ્મ સરખી જ છે.

રાશિ યુગ્મ, કૃતયુગ્મ. નૈરયિકની આગતિ–પૂર્વવત્ (પ્રજ્ઞાપનાવત્) છે. એક સમયમાં ૪. ૮. ૧૨ ઉત્પન્ન થાય છે. સાંતર, નિરંતર બન્ને ઉત્પન્ન થાય છે. સાંતરમાં જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્ય સમયનુ અંતર હોય છે. નિરંતર જઘન્ય ૨ સમય ઉત્કૃષ્ટ અસંખ્ય સમય સુધી ઉત્પન્ન થાય છે. એક સમયમાં કોઈપણ એક યુગ્મ જ થાય છે. બીજો યુગ્મ સાથે થતો નથી. પ્લવકની ગતિથી તથા આત્મ ઋદ્ધિથી ઉત્પન્ન થાય છે. આ આત્મ અસંયમથી ઉત્પન્ન થાય છે અને અસંયમથી જ જીવે છે. અલેશી તથા સક્રિય જ થાય છે. એટલે સિદ્ધ થતા નથી.

આ પ્રમાણે ત્રેવીસ દંડક જાણવા. વનસ્પતિમાં ૪–૮ એ પ્રમાણે અનંત ઉત્પન્ન થાય છે. બાકી બધામાં અસંખ્ય ઉત્પન્ન થાય છે.

મનુષ્યમાં ઉત્કૃષ્ટ સંખ્યાતા અથવા અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. આત્મ અસંયમથી ઉત્પન્ન થાય છે. પરંતુ આત્મ અસંયમ અને આત્મ સંયમ બન્નેથી જીવે છે. આ પ્રમાણે સલેશી, અલેશી અને સક્રિય, અક્રિય બન્ને થાય છે. અક્રિય નિયમા સિદ્ધ બને છે. બાકી ભજનાથી સિદ્ધ થાય છે.

વૈમાનિક દેવ આત્મ સંયમથી પણ ઉત્પન્ન થાય છે. અસંયમથી પણ ઉત્પન્ન થાય છે. આ પહેલો ઉદ્દેશો પૂર્ણ થયો. બીજો, ત્રીજો, ચોથો ઉદ્દેશો ત્ર્યોજ, દ્વાપર, કલ્યોજ યુગ્મના રાશિ યુગ્મ છે. ઉત્પાત સંખ્યામાં અંતર છે. બાકી વર્ણન ૨૪ દંડકના પહેલા ઉદ્દેશા સરખા છે.

લેશ્યા દૃષ્ટિ વિગેરે જ્યાં જેટલી હોય એટલી એ દંડકમાં પૃચ્છા કરવી. જેથી દંડક અને જીવના બોલ ઓછા વધુ થશે. પરંતુ પ્રત્યેક લેશ્યાના ઉદ્દેશા ૪–૪ હોય છે અને ચાર સમુચ્ચય ઉદ્દેશા છે. એમ કુલ ૬ × ૪ + ૪ = ૨૮ ઉદ્દેશા



થયા. ભવીના પણ ૨૮ ઉદ્દેશા આ પ્રમાણે છે. અભવીમાં મનુષ્ય અને નરકનું કથન સરખુ છે. કેવળ ઉત્કૃષ્ટ સંખ્યાતા અસંખ્યાતાનો ફર્ક છે.

સમાગ્દૃષ્ટિનું કથન પહેલા ઉદ્દેશા સરખુ છે. ૨૮ ઉદ્દેશા ભવીના સરખા છે. મિથ્યા દૃષ્ટિનું વર્ણન અભવીની સમાન ૨૮ ઉદ્દેશામાં છે. કૃષ્ણ પક્ષના ૨૮ ઉદ્દેશા અભવી સરખા છે. શુક્લ પક્ષીના ભવી સરખા ૨૮ ઉદ્દેશા છે. આ કુલ ૨૮ × ૭ = ૧૯૬ ઉદ્દેશા પૂર્ણ થયા.

**॥ શતક : ૪૧ સંપૂર્ણ ॥**

**વિશેષ :–** શતક ૩૧ થી ૪૧ સુધી યુગ્મ, શ્રેણી, મહાયુગ્મ અને રાશિ યુગ્મના કથનની સાથે અનેક દ્વારોથી વિષયોનુ વર્ણન કર્યુ છે. તત્ત્વ વિષય એમાં વધારે પહેલા આવેલ છે. નવા તત્ત્વ પણ છે. પરંતુ પહેલાના શતકોની અપેક્ષા અગિયાર શતકમાં બહુ જ ઓછા છે. વિશેષ પદ્ધતિથી, યુગ્મ વિગેરેના અવલંબનથી, પ્રાયઃ પહેલા આવેલ વિષયોનો જ બોધ કરાવ્યો છે. એટલે એમાં વિશેષ પદ્ધતિ, શતક ઉદ્દેશાનો હિસાબ, યુગ્મ મહાયુગ્મ વિગેરેની ગણત્રી, ધ્યાન રાખીને સમજવા યોગ્ય છે. એને સમજવાથી કંઈક નવા તત્ત્વ સહજ પ્રાપ્ત થઈ શકે છે. એ આ શતકોની વિશેષતા છે.

૩૨ શતક પછી ૩૩ થી ૩૯ શતક સુધીના ૭ શતકમાં અંતર શતક ૧૨–૧૨ છે. ૪૦ માં શતકમાં ૨૧ અંતર શતક છે. ૪૧ માં શતકમાં અંતર શતક નથી. આ પ્રમાણે આ ૩૨ + (૧૨×૭) ૮૪ + ૨૧ + ૧ = ૧૩૮ કુલ શતક છે. ૪૧ મૂળ શતક છે.

ઉદ્દેશકોની સંખ્યા ૧૦. ૧૨. ૩૪. ૧૧ વિગેરે છે. બધા મળી ૧૯૨૫ કહેવાયા છે. પરંતુ ઉપલબ્ધ ૧૯૨૩ જ થાય છે. બે સંખ્યાનો લિપિ પ્રમાદ અથવા કાળ દોષથી અથવા સમજ ભ્રમથી અંતર થયું છે.

ગોશાલક વર્ણનનું શતક પંદરમું એક દિવસમાં વાંચવું જોઈએ. બાકી રહી જાય તો બીજા દિવસે આયંબિલ કરીને વાંચવું જોઈએ અને તો પણ બાકી રહી જાય તો ત્રીજે દિવસે આયંબિલ કરીને વાંચવુ જોઈએ.

*[ **નોંધ :–** વિશેષ જાણકારી માટે શ્રી ગુઢપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટથી પ્રકાશિત વિવેચન યુક્ત ભગવતી સૂત્રના પાંચ ભાગોનું, બીકાનેરથી પ્રકાશિત ભગવતી સૂત્રના થોકડાના ૯ ભાગોનું, અધ્યયન કરવું જોઈએ.]*

**ભગવતી સૂત્ર સારાંશ સંપૂર્ણ**